ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૩૭

મંગળવાર, તા. ૨૫મી માર્ચ, ૨૦૦૮
ચૈત્ર ૫, ૧૯૩૦ શાકે

થી

બુધવાર, તા. ૨૬મી માર્ચ,૨૦૦૮
ચૈત્ર ૬, ૧૯૩૦ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**બારમી ગુજરાત વિધાનસભા**

**પ્રથમ અધિવેશન**


**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

**અ નુ ક્ર મ ણિ કા**

| વિષય | પાના નંબર |
|---|---|
| **મંગળવાર, તા.૨૫મી માર્ચ, ૨૦૦૮ / ચૈત્ર ૫, ૧૯૩૦ શાકે** | |
| **પહેલી બેઠક** | |
| તારાંકિત પ્રશ્નો | ૧ - ૧૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૪ - ૪૩ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૪૪ - ૪૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ) | ૪૫ - ૬૦ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૬૧ - ૬૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(બારમો અને છેલ્લો દિવસ) | ૬૨ - ૬૩ |
| બિન સરકારી સંકલ્પો | ૬૪ - ૭૬ |
| **બીજી બેઠક** | |
| શોકદર્શક ઉલ્લેખો | ૭૭ - ૮૪ |
| માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ | ૮૫ - ૮૫ |
| **બુધવાર, તા.૨૬મી માર્ચ, ૨૦૦૮ / ચૈત્ર ૬, ૧૯૩૦ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૮૬ - ૧૦૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૦૧ - ૧૬૬ |
| આરોગ્ય મંત્રીશ્રીનું નિવેદન | ૧૬૭ - ૧૬૭ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૧૬૮ - ૧૬૮ |

**અ નુ ક્ર મ ણિ કા**


| વિષય | પાના નંબર |
|---|---|
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૬૯ - ૧૭૧ |
| ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા (સુધારા) વિધેયક,૨૦૦૮ | ૧૭૨ - ૧૮૦ |
| ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયક,૨૦૦૮ | ૧૮૧ - ૧૯૧ |
| ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક,૨૦૦૮ | ૧૯૨ - ૧૯૭ |
| ગુજરાત જિલ્લા આયોજન સમિતિ વિધેયક,૨૦૦૮ | ૧૯૮ - ૨૦૭ |
| ગુજરાત મ્યુનિસિપલ નાણા બોર્ડ અધિનિયમ,૧૯૭૯ વધુ સુધારવા બાબત વિધેયક,૨૦૦૮ | ૨૦૮ - ૨૦૯ |
| સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (બોન્ડની પરત ચૂકવણીની સત્તા આપવા બાબત) વિધેયક,૨૦૦૮ | ૨૧૦ - ૨૧૩ |
| મુંબઈ દુકાન અને સંસ્થા (ગુજરાત સુધારા) વિધેયક,૨૦૦૮ | ૨૧૪ - ૨૧૪ |
| ગુજરાત વિનિયોગ વિધેયક,૨૦૦૮ | ૨૧૫ - ૨૨૦ |
| અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો | ૨૨૧ - ૨૨૧ |
| નિયમ-૧૦૧ નો પ્રસ્તાવ | ૨૨૨ - ૨૨૯ |
| છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨) | ૨૩૦ - ૨૩૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૩૯ - ૨૪૩ |
| સભ્યશ્રીઓનું હાજરીપત્રક | ૨૪૪ - ૨૪૮ |


************

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૨૫મી માર્ચ, ૨૦૦૮**
**ચૈત્ર ૫, ૧૯૩૦ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

### વલસાડ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ગ્રાન્ટેડ કરવા બાબત

***૩૪૪૬ શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કેટલી શાળાઓને ગ્રાન્ટેડ શાળાઓ તરીકે મંજૂરી આપવામાં આવી?

**શિક્ષણ મંત્રીશ્રી:**

તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં માધ્યમિક શાળા એક અને ઉચ્ચતર માધ્યમિક શાળા એક એમ મળી કુલ બે શાળાઓને ગ્રાન્ટેડ શાળા તરીકે મંજૂરી આપવામાં આવી.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે વલસાડ જિલ્લાના પાંચ તાલુકા પૈકી કપરાડા તાલુકામાં ગ્રાન્ટેડ શાળાઓ કેટલી છે?

**શ્રી જયસિંહજી મા. ચૌહાણ** : વલસાડ જિલ્લાની અંદર ગ્રાન્ટેડ નૉન ગ્રાન્ટેડ શાળામાં માધ્યમિક શાળા એક, સરકારી ગ્રાન્ટેડ ૧૧૨, નૉન ગ્રાન્ટેડ ૫૨ એમ કુલ મળીને ૧૬૫ થાય છે. ઉચ્ચતર માધ્યમિકમાં જોઈએ તો ગ્રાન્ટેડ ૫૯ અને નૉન ગ્રાન્ટેડ ૪૫ એમ ટોટલ ૧૦૪ શાળાઓ વલસાડ જિલ્લામાં આવેલી છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : ફક્ત કપરાડા તાલુકા માટેનો મારો પ્રશ્ન છે. કપરાડા તાલુકામાં ગ્રાન્ટેડ કેટલી અને નૉન ગ્રાન્ટેડ શાળાઓ કેટલી?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : સમગ્ર જિલ્લાની માહિતી માગી છે એટલે તાલુકાવાર માહિતી નથી.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : વલસાડ જિલ્લાની માહિતી આપી છે મેં તો ફક્ત કપરાડા તાલુકાની માહિતી જ માગી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન સીમિત છે. ફક્ત કપરાડા તાલુકાની માહિતી આપો.

**શ્રી રમણલાલ ઈ. વોરા** : આદમ જૂથ માધ્યમિક શાળા ઓઝલને એક માધ્યમિક શાળા આપવામાં આવેલી છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : કપરાડા તાલુકામાં ગ્રાન્ટેડ શાળાઓ કેટલી અને નૉન ગ્રાન્ટેડ શાળાઓ કેટલી છે એ માહિતી મારે જોઈએ છે. કપરાડા અતિ પછાત તાલુકો છે. ૩૦ તાલુકા અતિ પછાત છે એમાંનો આ એક છે. ત્યાં નૉન ગ્રાન્ટેડ શાળા ચલાવી શકે તેવું કોઈ ટ્રસ્ટ નથી. તેથી ગ્રાન્ટેડ શાળાઓ કપરાડા તાલુકાને આપવા વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રીની ચિંતા એટલી જ છે કે કપરાડા તાલુકામાં ગ્રાન્ટેડ શાળાઓ કેટલી છે, ત્યાં નૉન ગ્રાન્ટેડ શાળા ચલાવી શકે તેવું કોઈ ટ્રસ્ટ નથી. જો આપની પાસે માહિતી હોય તો આપો.

**શ્રી જયસિંહજી મા. ચૌહાણ** : કપરાડા તાલુકામાં ગ્રાન્ટેડ બે શાળાઓ અને નૉન ગ્રાન્ટેડ ત્રણ એમ કુલ મળીને પાંચ શાળાઓ છે. એ પ્રમાણે વિજ્ઞાન પ્રવાહની ગ્રાન્ટેડ એક શાળા છે. ઉચ્ચતર માધ્યમિકમાં ઉત્તર બુનિયાદી ગ્રાન્ટેડ એક શાળા છે. એ રીતે કપરાડા તાલુકામાં સાત શાળાઓને માન્યતા આપેલી છે.

### ઉદ્યોગો અને સર્વિસ સેકટરોમાં વધુ રોજગારી મળે તે માટે થયેલ આયોજન

***૨૫૩૨ શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા(રખિયાલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયના વિદ્યાર્થીઓને ઉદ્યોગો અને સર્વિસ સેકટરોમાં વધુમાં વધુ રોજગાર મળે તે માટે ઉચ્ચ શિક્ષણ વિભાગ તરફથી કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને
(૨) જો હા, તો તેની વિગતો શું છે?

**શિક્ષણ મંત્રીશ્રી:**

(૧) હા, જી.
(૨) (૧) રાજયની વિવિધ યુનિવર્સિટીઓમાં નવા અભ્યાસક્રમો શરૂ કરાવવામાં આવેલ છે.
(૨) કેરિયર ડેવલપમેન્ટ સૅન્ટર તથા બી.એસ.સી. બાયોટેક્નૉલૉજીનો રોજગાર લક્ષી અભ્યાસક્રમ ચાલુ કરવામાં આવેલ છે.

(૩)"ગુજરાત નૉલેજ કૉર્પોરેશન" ની સ્થાપના કરવામાં આવી છે.

(૪)૧૦૦ જી.આઈ.ડી.સી. એસ્ટેટોમાં સબંધિત ઉદ્યોગોમાં સબંધિત ઉદ્યોગોને અનુરૂપ માનવબળ પૂરું પાડવા પૉલિટૅક્નિક એક્ષટેન્શન સેન્ટરો શરૂ કરવામાં આવનાર છે.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા** : હું આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગુજરાત નૉલેજ કૉર્પોરેશનની સ્થાપના ક્યારે કરવામાં આવી અને તેનો મુખ્ય ઉદ્દેશ શું છે? મારો બીજો પ્રશ્ન ગુજરાતના યુવાનૉને અદ્યતન ટેકનિકલ શિક્ષણ મળે તેના માટે રાજય સરકારે કોઈ પગલાં લીધાં છે કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : ગુજરાત રાજયમાં નૉલેજ કૉર્પોરેશનની સ્થાપના ૨૦૦૭માં કરવામાં આવી છે. ૨૦૦૮-૨૦૦૯થી આ કાર્યરત થશે. વાયબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમ અનુસાર સમગ્ર ગુજરાતમાં જંગી મૂડી રોકાણ આવવાને કારણે જે તે ઉદ્યોગને જે જોઈએ છે તે પ્રમાણે ઉદ્યોગની માગણી અનુરૂપ તાલીમબદ્ધ કુશળ કારીગરોનો મેન પાવર ઊભો કરવા માટે આ નૉલેજ કૉર્પોરેશનની સ્થાપના કરવામાં આવેલી છે. અદ્યતન ટેકનિકલ શિક્ષણ મળે એ માટે રાજય સરકારે ગુજરાતમાં વ્યવસાયિકોને અનુસ્નાતક અભ્યાસક્રમો માટે આઈ.આઈ.ટી. સૅન્ટરની શરૂઆત કરેલી છે. આધુનિક ઇજનેરી ક્ષેત્રમાં ટૂંકા ગાળાના અભ્યાસક્રમો જેવા કે પાઈપ એન્જિનિયરીંગ, હાઈ ટેક ઓટો મિશન, ઈન્ફરમેશન ટૅક્નૉલૉજી એવા અનેકવિધ અભ્યાસક્રમો હાથ ધરવામાં આવ્યા છે. વિશ્વબૅંક પ્રોજૅકટ કાર્યક્રમ અન્વયે કૉલેજો અને પૉલિટૅક્નિકોને અદ્યતન કરવાની એને સાધન સામગ્રી આપવાની શરૂઆત કરી છે. ૧૦૦ જેટલા જી.આઈ.ડી.સી. એક્ષટેન્શનની અંદર ઉદ્યોગોને અનુરૂપ ટેકનિકલ મેન પાવરની જરૂરિયાતોને લઈને આવા જી.આઈ.ડી.સી. એક્ષટેન્શન સેન્ટરો શરૂ કરવામાં આવનાર છે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે માંડવી તાલુકામાં કોઈ ટૅકનિકલ સ્કૂલ આવેલી નથી. તો નવી ગ્રાન્ટેડ ટૅકનિકલ શાળા શરૂ કરવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : બીજી નોટિસ આપવી પડે. આમાંથી ઉપસ્થિત થતો નથી.

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં, તેમનું સૂચન છે.

**શ્રી રમણલાલ ઈ. વોરા** : સાહેબ, એ સૂચન સ્વીકારીશું.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાજયની કઈ કઈ યુનિવર્સિટીમાં પ્લેસમેન્ટની કાર્યવાહી ચાલે છે અને તેમાં કેટલા ગ્રૅજ્યુએટ યુવાનોને રોજગારી મળી છે?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : રાજયમાં અનેકવિધ યુનિવર્સિટીઓ દ્વારા આ પ્લેસમેન્ટની કાર્યવાહી ચાલે છે. વિવિધ યુનિવર્સિટીમાં લગભગ ૩૮ જેટલા અભ્યાસક્રમો દ્વારા આ પ્લેસમેન્ટ સેન્ટરો ઉભા કરવામાં આવ્યા છે અને એ પ્લેસમેન્ટ સેન્ટરમાં જે તે જગ્યાએ ભરતી મેળાનું આયોજન કરીને પ્લેસમેન્ટ કરવામાં આવે છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું છે કે જી.આઈ.ડી.સી. એસ્ટેટોમાં પૉલિટૅક્નિક એક્ષટેન્શન સેન્ટરો શરૂ કરવામાં આવનાર છે. તો મારે જાણવું છે કે આ પૉલિટૅક્નિક એક્ષટેન્શન સેન્ટરોનું સ્વરૂપ કેવું હશે અને જી.આઈ.ડી.સી. એસ્ટેટમાં આવેલા જે ઉદ્યોગો છે એ ઉદ્યોગોનું આ પ્રકારના સેન્ટરોમાં કેવા પ્રકારનું પાર્ટીસીપેશન રાખવાનું આયોજન છે?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, જી.આઈ.ડી.સી. એક્ષટેન્શન સેન્ટરોમાં જે જી.આઈ.ડી.સી.માં જે પ્રકારના ઉદ્યોગો આવેલા છે અને એ ઉદ્યોગોને કેવા પ્રકારના કુશળ કારીગરો જોઈએ છે એ કારીગરો તૈયાર કરવા માટે સ્પેશ્યલ આ એક્ષટેન્શન સેન્ટરની શરૂઆત થઈ છે.

**પી.ટી.સી. કૉલેજોમાં આંતરિક ગુણ પ્રથા અંગે**

***૨૮૩૦ શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. રાજયમાં પી.ટી.સી. કૉલેજોમાં ઈન્ટરનલ માર્કસ આપવાની પ્રથા છે તે હકીકત સાચી છે, અને

૨. જો હા, તો આવી વ્યવસ્થાથી વિદ્યાર્થીઓનું શોષણ થાય છે તે હકીકત સાચી છે?

**શિક્ષણ મંત્રીશ્રી** :

૧. હા, જી.

૨. ના, જી.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ રાજયમાં પી.ટી.સી. કૉલેજોમાં ઈન્ટરનલ માર્કસ આપવાની પ્રથા અંગેના પ્રશ્નમાં હા કહી છે અને તેમાં વિદ્યાર્થીઓનું કોઈ શોષણ થાય છે તેના જવાબમાં ના કહી છે. છેલ્લા બનાવો જે બન્યા છે તેમાં આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વાસ્તવિકતા સમજીને જો જવાબ આપ્યો હોત તો ગૃહને પણ ખૂબ ઉપયોગી થાત અને ગુજરાતના વિદ્યાર્થીઓને પણ આપણે બચાવી શકાયા હોત. આ ઈન્ટરનલ માર્કસ મૂકવાની જે વ્યવસ્થા સંચાલકો દ્વારા છે તેમાં સરકાર દ્વારા કોઈ ફેરફાર કરવાની વિચારણા ચાલે છે કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ઈન્ટરનલ માર્કસની પ્રથા ૧૯૭૭થી અમલમાં છે અને આ અંગેના જે પણ કંઈ સુધારા-વધારા કરવા હોય તો એન.સી.આર.ટી. ભોપાલ તરફથી કરવામાં આવે છે. એટલે

રાજય સરકારે તેના જે કોઈ સુધારા હોય તો ત્યાં મોકલવાના હોય છે, એટલે ૧૯૭૭થી ચાલતી પ્રક્રિયા અન્વયે આ કાર્યવાહી ચાલે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કહે છે કે સુધારા-વધારા કરવા હોય તો રાજય સરકારે દરખાસ્ત મોકલવી જોઈએ. હું બે બાબત જાણવા માગું છું એક તો કોઈ આચાર્યો અને વિદ્યાર્થીઓ મારફત આ અંગેની ફરિયાદો મળી છે કે કેમ અને બીજું આ ઈન્ટરનલ માર્કસ પ્રથા દ્વારા વિદ્યાર્થીઓ ઉપર જે અત્યાચારો થાય છે તો આ ૧૯૭૭થી ચાલતી પ્રથા છે તે પ્રથામાં ફેરફાર કરવા માટે એન.સી.આર.ટી. ભોપાલને રાજય સરકાર કોઈ દરખાસ્ત મોકલવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : આ અંગે રાજય સરકાર આધારિત એક કૉલેજ અને સ્વનિર્ભર સાત સંસ્થાઓમાં આવી ફરિયાદો મળી છે. તેમણે કહ્યું છે તે પ્રમાણે સમયને અનુરૂપ ફેરફાર હશે તો તેના માટે જરૂર સરકારનું મન ખુલ્લું છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન આટલો જ છે કે આ પ્રકારની દરખાસ્ત તમે મોકલવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : હા, જી સાહેબ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૧૯૭૭થી ચાલતી ઈન્ટરનલ માર્કસ મૂકવાની પ્રથાના સંદર્ભમાં રાજય સરકારે કોઈ સમિતિ બનાવીને આમાં સુધારો કરવા માટેનું કોઈ આયોજન કર્યું છે કે કેમ અને જો કર્યું હોય તો એ સમિતિનું કાર્યક્ષેત્ર શું છે?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ રાજય સરકાર આ દિશામાં ગંભીરતાથી વિચારી રહી છે અને એટલા માટે તજજ્ઞોની સમિતિ બનાવી છે તેમાં ડો.મનુભાઈ ત્રિવેદીને અધ્યક્ષપદે મૂક્યા છે. એમના અધ્યક્ષપદ સિવાય ૨ મહિલા તજજ્ઞો અને ૩ પુરુષ તજજ્ઞો એમ કુલ ૬ તજજ્ઞોની સમિતિ બનાવવામાં આવી છે. આ સમિતિનું કાર્યક્ષેત્ર ૩ વિષય પૂરતું મર્યાદિત છે. જેમાં આંતરિક અને પ્રાયોગિક મૂલ્યાંકનના ગુણાંકનમાં ફેરફાર કરવા બાબત. પી.ટી.સી. કૉલેજોના છાત્રાવાસ બાબત, ત્રીજું પી.ટી.સી. કૉલેજોમાં ૧૯૭૭ની ઈન્ટર્નશીપ પ્રથા અંગે જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં આવા બનાવો રોકવા માટે આવા તજજ્ઞોની સમિતિ બનાવીને રાજય સરકાર હસ્તકની કૉલેજો, સ્વનિર્ભર કૉલેજો, અન્ય રાજયમાં જે પરિસ્થિતિ છે એનો અભ્યાસ કરીને માહિતી મંગાવીને એનો અહેવાલ રાજય સરકારને આપશે.

**શ્રીમતી વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ઈન્ટરનલ માર્ક્સની પ્રથાના કારણે મહિલા પી.ટી.સી. કૉલેજોમાં મહિલાઓનું શારીરિક શોષણ ન થાય તેના માટે રાજય સરકાર કોઈ પગલાં લેવા માગે છે કે કેમ? અને કોઈ પગલાં લેવામાં આવ્યાં છે કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ૩૫૨ કરતાં વધારે પી.ટી.સી. કૉલેજો આવેલી છે. અગાઉ કહ્યું તે પ્રમાણે ખાસ કરીને મહિલા કૉલેજ હોય એની વિશેષ જાણકારી આપવાના કારણે રાજય સરકારે જે સુધારાઓ નક્કી કર્યા છે એમાં આગામી દિવસોમાં આ મહિલા તાલીમ અને શિક્ષણ ભવનમાં મહિલા અધ્યાપકોનું પ્રતિનિધિત્વ સપ્રમાણમાં જળવાઈ રહે તે પ્રમાણેની નિમણૂક કરવી. મહિલાઓના જાતિય શોષણની ફરિયાદ હશે એ જી.સી.ઈ.આર.ટી.ના નિયામકશ્રીને કરવાની રહેશે. પ્રિન્સિપાલની ઑફિસ પાસે ફરિયાદ બૉક્સ અને છાત્રાવાસમાં મહિલાઓ રહેતી હોય છે ત્યાં પણ ફરિયાદ બૉક્સ મૂકવામાં આવશે. ૯ જેટલી મહિલા કૉલેજોમાં સિક્યોરિટીની વ્યવસ્થા કરવાનું વિચારાયું છે. ૯ જેટલી મહિલા કૉલેજોમાં અત્યારે હંગામી ધોરણે ગૃહ માતાની જગ્યાઓ છે એને કાયમી કરવાની વિચારણા કરવામાં આવી છે. રાત્રીના સમય દરમિયાન વધારાના વર્ગો અને માર્ગદર્શનની પ્રથા ચાલુ હતી એ પ્રથા બંધ કરવા માગીએ છીએ. અત્યારે એમના બદલીના સિદ્ધાંતો છે એ એન.સી.ઈ.આર.ટી. પ્રમાણે ચાલે છે એમાં સામાન્ય વહીવટ વિભાગના માર્ગદર્શક સિદ્ધાંત પ્રમાણે એ કરવામાં આવશે. આ મહિલા પી.ટી.સી. કૉલેજોમાં પ્રવાસો થતા હોય છે એ રાજયની અંદરના કરવામાં આવશે, પી.ટી.સી. કૉલેજોનું ઘનિષ્ઠ નિરીક્ષણ કરીને આ ક્ષેત્રમાં બધી જ મહિલાઓને સલામતી મળે અને એમને સારી રીતે અભ્યાસ મળે એ માટે પગલાં લીધાં છે.

## ઉદ્યોગ અને સર્વિસ સૅક્ટરોમાં વધુ રોજગારી મળે તે માટે થયેલ આયોજન

*** ૨૫૬૨ શ્રી ઉદેસિંહ પું. ઝાલા(બાયડ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયના વિદ્યાર્થીઓને ઉદ્યોગો અને સર્વિસ સૅક્ટરોમાં વધુમાં વધુ રોજગાર મળે તે માટે ઉચ્ચ શિક્ષણ વિભાગ તરફથી કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે?

**શિક્ષણ મંત્રીશ્રી** :

(૧) હા, જી.

(૨)

૧) રાજયની વિવિધ યુનિવર્સિટીઓમાં નવા અભ્યાસક્રમો શરૂ કરાવવામાં આવેલ છે.

૨) કૅરિયર ડૅવલપમૅન્ટ સૅન્ટર તથા બી.એસ.સી. બાયોટૅક્નૉલૉજીનો રોજગાર લક્ષી અભ્યાસ ક્રમ ચાલુ કરવામાં આવેલ છે.
૩) "ગુજરાત નૉલેજ કૉર્પોરેશન"ની સ્થાપના કરવામાં આવી છે.
૪) ૧૦૦ જી.આઈ.ડી.સી. એસ્ટેટોમાં સંબંધિત ઉદ્યોગોમાં સંબંધિત ઉદ્યોગોને અનુરૂપ માનવબળ પૂરું પાડવા પૉલિટૅક્નિક એક્ષટેન્શન સૅન્ટરો શરૂ કરવામાં આવનાર છે.
૫)

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આગામી ૨૦૦૮-૦૯ના બજૅટમાં રાજય સરકાર કોઈ નવી પૉલિટૅક્નિકની કૉલેજ માટેની જોગવાઈ કરી છે કે કેમ અને જો આવી કૉલેજની જોગવાઈ કરી હોય તો કેટલી બેઠકોનો વધારો થશે?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૦૯ના બજૅટમાં સાગર ખેડૂ સર્વાંગી વિકાસ પૅકેજની અંદર ૮ જેટલી નવી સરકારી પૉલિટૅક્નિક શરૂ કરવાનું રાજય સરકારે વિચાર્યું છે. રાજુલા, વેરાવળ, માંડવી, લખપત, ખંભાત, દ્વારકા, વાગરા અને ગણદેવી. આમાં ૨૦૦૯માં અંદાજિત ૨૧૬૦ બેઠકોનો વધારો થશે. દરેક કૉલેજમાં ૩-૩ ડિપ્લોમા કોર્સ શરૂ કરાશે. પરંતુ ટૅક્નૉલૉજી કાઉન્સિલની મંજૂરી મળ્યા બાદ ચોક્કસ કેટલી શીટો છે એ જાણી શકાશે.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, છેલ્લા દસ વર્ષમાં ટૅક્નીકલ સંસ્થાઓ અંગે રાજય સરકારે શું પ્રયત્નો કર્યા?

**અધ્યક્ષશ્રી** : શ્રી રાકેશભાઈ આપ ૨ મિનિટ મોડા પડ્યા એટલે આપનો પ્રશ્ન જતો રહ્યો.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે દસ વર્ષની અંદર ઘણી બધી કૉલેજો, પૉલિટૅક્નિકો અને એની સંખ્યામાં વધારો કર્યો છે. વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ વધારો કરીને લગભગ ચાર ઘણી વિદ્યાર્થીઓની સંખ્યા અને ચાર ઘણી આની કૉલેજો અને પૉલિટૅક્નિકોનો આ રાજય સરકારે વધારો કર્યો છે.

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, આ નોલેજ કોર્પોરેશનની સ્થાપના કરવામાં આવી છે તો ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા આ કોર્પોરેશનની સ્થાપના કયારે કરવામાં આવી અને એમાં એને સફળતા મળી છે કે નહીં?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત નોલેજ કોર્પોરેશનની સ્થાપના ૨૦૦૭માં થઈ, મેં અગાઉ કહ્યું એ પ્રમાણે ૨૦૦૮-૨૦૦૯માં એ કાર્યરત થશે. અને રાજય સરકારે એના માટે ૧૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરવાને કારણે આ ક્ષેત્રમાં સો ટકા સફળતા મળશે.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી પ્રશ્ન-૨ના જવાબ-૨માં કેરીયર ડેવલપમેન્ટ સેન્ટર અને બી.એસ.સી. બાયોટેકનોલોજીનો રોજગારલક્ષી જે અભ્યાસક્રમ ચાલુ કર્યો, એમાં છેલ્લા ૨ વર્ષમાં કેટલા રોજગારીને પાત્ર બન્યા?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે કોલેજ ટુ કૅરિયર કાર્યક્રમ અમલમાં મૂક્યો છે અને આ કાર્યક્રમમાં જે તે સેન્ટરોવાઈઝ ત્યાં ભરતીમેળા કરવામાં આવે છે અને આ ભરતી મેળાઓને કારણે અત્યાર સુધીમાં લગભગ ૨૭ જેટલી બહુરાષ્ટ્રીય કંપનીઓએ ૧૨૦૦ લોકોની ભરતી કરી છે. હમણાં ભુજ ખાતે નવા ૨૭૩ લોકોની ભરતી થઈ, વિદ્યાર્થીઓ આવ્યા એમાંથી ૭૩ લોકોને રોજગારી મળી છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમ કહ્યું કે આગામી ૨૦૦૮-૦૯ના વર્ષમાં નવ જેટલી કોલેજો શરૂ કરવા માટે આયોજન છે તો હું એ જાણવા માગું છું કે હાલમાં જે પૉલિટૅક્નિક અને ટેકનિકલ કોલેજો ચાલે છે એમાં ૬૨ ટકા જેટલી જગ્યાઓ ખાલી છે તો આ જગ્યાઓ વહેલી ભરાય એના માટેનું કોઈ આયોજન સાથે છે કે કેમ અને હોય તો એ જગ્યાઓ કયારથી ભરવા માગે છે?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, એમની વાત સાચી છે. જગ્યાઓ ખાલી છે અને એના માટે જી.પી.એસ.સી. દ્વારા અમે અમારા ઈન્ડેન મોકલી આપ્યા છે એમની સાથે ચર્ચા વિચારણા કરીને એના અંગેની જરૂરી ઝડપથી કાર્યવાહી કરવામાં આવે એવી પણ વિચારણા કરી છે પરંતુ આ નવા સત્ર દરમિયાન ત્યાં સુધી કદાચ આ પ્રોસેસની અંદર મોડું થાય તો રાજય સરકાર જે નિવૃત્ત કર્મચારીઓ હતા આ કર્મચારીઓની વયમર્યાદામાં ૬૫ વર્ષ સુધીની વયમર્યાદામાં જે કર્મચારીઓ ફરીથી પુનઃ: પોતાની સેવા આપવા તૈયાર હશે તો રાજય સરકાર એને પણ સ્વીકારીને આ વિદ્યાર્થીઓને નુકસાન ન થાય એ દિશામાં ચોક્કસ પગલાં લેશે.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું છે કે ગણદેવી ખાતે પણ પૉલિટૅક્નિક કોલેજ શરૂ કરવાની છે એ બદલ સૌપ્રથમ તો હું અભિનંદન પાઠવું છુ પણ મારે એ જાણવું છે કે જે ૧૦૦ જી.આઈ.ડી.સી. એસ્ટેટો છે એમાં પૉલિટૅક્નિક એક્ષટેન્શન સેન્ટરો શરૂ કરવા માગે છે સરકાર તો સરકાર કેટલા સમયમાં આવું કરવા વિચારે છે?

**શ્રી રમણલાલ વોરા** :માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એ પ્રમાણે ૧૦૦ જેટલા જી.આઈ.ડી.સી. એક્ષટેન્શન સેન્ટરો શરૂ કરવાના છે. ૨૦૦૮-૦૯ના બજૅટમાં રાજય સરકારે ૬૪ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે અને એટલા માટે ૨૦૦૮-૦૯થી આ એક્ષટેન્શન સેન્ટરો શરૂ કરવામાં આવશે.

**માછીમારોને સામાજિક સુરક્ષા આપવા માટે જૂથ વીમા યોજના**

***૩૩૦૫ શ્રી કનુભાઈ મે. ભાલાળા(વિસાવદર) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજયના માછીમારોને સામાજિક સુરક્ષા આપવાના હેતુથી જૂથ વિમા યોજના કયારથી અમલમાં છે, અને

(૨) આ યોજના હેઠળ શું સહાય ચૂકવવામાં આવે છે?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી :**

(૧) વર્ષ ૧૯૮૨-૮૩થી

(૨) રૂા. ૧,૦૦,૦૦૦/-ના વીમા કવચ માટે પ્રિમીયમની રકમ રૂા. ૩૦/- સરકારશ્રી તરફથી વીમા કંપનીને ચૂકવવામાં આવે છે જેમાં

૧. રૂા. ૫૦,૦૦૦/-ની રકમ માટે
પ્રિમિયમની રકમ પેટે
રાજય સરકાર તરફથી રૂા. ૭/-
કેન્દ્ર સરકાર તરફથી રૂા. ૭/-
-----
રૂા. ૧૪/-

૨.બાકીની રૂા. ૫૦,૦૦૦/-ની રકમ માટેના પ્રિમિયમની ૧૦૦% રકમ લાભાર્થી વતી રાજય સરકાર તરફથી વીમા કંપનીને ચૂકવવામાં આવે છે.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું આપના મારફત એ જાણવા માગું છું કે રાજયના માછીમારોને સામાજીક સુરક્ષા આપવાના હેતુથી જૂથ વિમા યોજના ૧૯૮૨-૮૩થી અમલમાં આવી એમાં હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે માછીમારી જૂથ અકસ્માત વીમા યોજના હેઠળ છેલ્લા ૩ વર્ષમાં કેટલી અરજીઓ મળી અને કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી તેમજ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી? બીજું જે અરજીઓ પડતર છે એનો કયાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૩ વર્ષમાં એક અરજી મળેલ છે અને ૫૦હજાર ચૂકવવામાં આવેલ છે. છેલ્લા ૨ વર્ષમાં ચૂકવવામાં આવેલ નથી. સભ્યશ્રીનો પ્રશ્ન છે કે કયારે ચૂકવવામાં આવશે, આ યોજના જે અગાઉ કેન્દ્ર સરકાર પુરસ્કૃત હતી અને ફીસ્કઓપ એકટ, દિલ્હી ખાતે રાજય સરકાર તરફથી ઝડપથી ચૂકવવાની રજૂઆત કરવામાં આવી છે પરંતુ મને બાકીની વિગત જણાવતાં અનંદ છે. અત્યાર સુધી કેન્દ્ર સરકારે આ યોજના માત્ર માછીમારી સહકારી મંડળીના સભાસદો પૂરતી જ મર્યાદિત રાખી હતી.હવે ગયા વર્ષે રાજ્ય સરકારે સમગ્ર માછીમારો માટે સમાવેશ કરેલ છે.

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા** : માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે આ માછીમાર જૂથ અકસ્માત યોજનાનો લાભ કોને કોને મળે છે અને સરકાર દ્વારા પ્રીમિયમ કોણ ભરે છે? છેલ્લા ત્રણ વર્ષના પ્રીમિયમ કોણે ભર્યા છે?

**શ્રી દિલીપ સંઘાણી** : કેન્દ્ર સરકારે માત્ર ૫૦ હજારની યોજના ૧૯૮૨થી શરૂ કરેલ. અગાઉ કહ્યું તેમ મંડળીઓના સભાસદ પૂરતું જ મર્યાદિત હતું. ૨૦૦૭-૦૮માં રાજ્ય સરકારે આ યોજનાને વિસ્તૃત સ્વરૂપ આપીને એક લાખ રૂપિયાના વીમાની વ્યવસ્થામાં આવરી લીધી છે. ૫૦ હજારનું પ્રીમિયમ કેન્દ્ર સરકાર ભરે છે એમાં ૫૦-૫૦ ટકાના હિસાબે ૫૦ ટકા રાજ્ય સરકાર અને ૫૦ ટકા કેન્દ્ર સરકાર ભરે છે. વધારાના ૫૦ હજાર ગયા વર્ષે ૨૦૦૭-૦૮માં કરી એક લાખના વીમાનું કવચ પૂરું પાડ્યું એમાં ૫૦ હજારનું પ્રીમિયમ રાજ્ય સરકાર પોતે ભોગવે છે અને એક લાખનું વીમા કવચ આપવામાં આવે છે. માછીમારીના ધંધા સાથે સંકળાયેલ તમામ, પછી પ્રોસેસિંગ યુનિટ હોય કે અન્ય પ્રવૃત્તિમાં સંકળાયેલા હોય એ બધા માછીમારોને લાભ આપવા માટે પ્રથમ વખત ૨૦૦૭-૦૮માં નિર્ણય લીધો છે.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે માછીમારો માટેની યોજના બરાબર છે પણ અમારા વિસ્તારના કેટલાક આદિવાસી મિત્રો પણ ફિશીંગમાં જાય છે. હવે જો એનું રજિસ્ટ્રેશન કરીએ તો કેટલીક વખત પ્રસંગ બને ત્યારે સહાય ચૂકવવામાં તકલીફ પડે છે. તો નેચરલ કેલિમિટીમાં સમાવેશ કરીને સરકાર સહાય આપવા માટે છે કે કેમ?

**શ્રી દિલીપ સંઘાણી** : સૂચન છે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૨૦૦૭-૦૮માં વીમા સુરક્ષા કવચ માછીમારોને આપવામાં આવ્યું છે એ ટોટલ કેટલા લોકોને કે કેટલી સંસ્થાઓને આપવામાં આવ્યું છે?

**શ્રી દિલીપ સંઘાણી** : અગાઉ છેલ્લે ૧૯૮૨થી છેલ્લા વર્ષ સુધી કવચમાં ૫૩૫૮૯ લોકો સંકળાયેલા હતા. રાજ્ય સરકારે તમામને આ કવચ પૂરું પાડવાનો નિર્ણય કર્યો ત્યારથી ૧,૭૨,૩૫૯ જેટલા એટલે કે અગાઉ કરતાં ત્રણ ગણા લોકોનો સમાવેશ આ કવચમાં કરવામાં આવ્યો છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આમાં અરજીઓ કેટલી આવી છે અને પડતર અરજીઓ કેટલી છે? પડતર છે એના કારણો શું છે?

**શ્રી દિલીપ સંઘાણી** : મેં અગાઉ કહ્યું તેમ ચાર અરજીમાંથી એક અરજીનું ચૂકવણું કરવામાં આવ્યું છે. ત્રણ અરજીઓ પડતર છે. ફીસ કો-ઓપ. દિલ્હી ખાતે રાજ્ય સરકારે રજૂઆત કરી છે કે ઝડપથી એનો ઉકેલ આવે.

**રાજ્યમાં તળાવો ઊંડા કરવા પાછળ ખર્ચ**

***૨૬૭૫ શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

ડિસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન રાજકોટ જિલ્લાના તાલુકાવાર કયા ગામના તળાવો ઊંડા કરવા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**કૃષિ મંત્રીશ્રી :**

ડિસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન રાજકોટ જિલ્લાના તળાવો ઊંડા કરવામાં આવેલ ગામ તળાવોની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | ગામનું નામ | ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|---|
| ૧ | મોરબી | ચકમપર | ૪.૯૮ |
| ૨ | ટંકારા | સખપર | ૨.૪૯ |
| ૩ | | કાગદડી | ૩.૧૦ |
| ૪ | | નેસડા(ખા) | ૬.૪૩ |
| ૫ | | જબલપુર | ૧.૫૦ |
| ૬ | | છતર | ૧.૩૯ |
| ૭ | ગોંડલ | મસીતાળા | ૯.૮૧ |
| ૮ | | -,,- | ૩.૫૬ |
| ૯ | ધોરાજી | મો.વાવડી | ૪.૯૫ |
| ૧૦ | | ઝાંઝનેર | ૯.૨૦ |
| ૧૧ | | -,,- | ૬.૫૦ |
| ૧૨ | | મો.વાવડી | ૫.૦૦ |
| ૧૩ | | કલાણા | ૬.૦૦ |
| ૧૪ | જા.કંડોરણા | જામકંડોરણા | ૯.૪૯ |
| ૧૫ | | બેલડા | ૫.૦૦ |
| ૧૬ | | સનાડા | ૫.૦૦ |
| ૧૭ | | સાજડીયાળી | ૭.૯૯ |
| ૧૮ | | હીરવડા | ૬.૨૦ |
| ૧૯ | | બોરીયા | ૫.૦૦ |
| ૨૦ | | રંગપર | ૩.૦૦ |
| ૨૧ | | બોરીયા | ૩.૦૦ |
| ૨૨ | પડધરી | ખજૂરડી-૨ | ૧.૭૬ |
| ૨૩ | | ખજૂરડી-૧ | ૦.૪૬ |
| ૨૪ | | કેરાળા | ૧.૮૪ |
| ૨૫ | | ના.મો.ચણોલ | ૩.૪૦ |
| ૨૬ | લોધીકા | ખીરસરા | ૧.૫૧ |
| ૨૭ | માળીયા | મોટાભેલા | ૦.૨૬ |
| ૨૮ | વાંકાનેર | પલાસડી | ૫.૦૦ |
| ૨૯ | | વાંકીયા | ૩.૭૮ |
| ૩૦ | | પી.આગાભી | ૪.૬૧ |
| ૩૧ | | તીથવા | ૫.૦૦ |
| ૩૨ | | પંચાસીયા | ૫.૮૨ |
| ૩૩ | | લાલપુર | ૨.૮૫ |
| ૩૪ | | તીથવા | ૪.૧૫ |
| ૩૫ | | રાણેકપર | ૫.૦૦ |
| ૩૬ | કોટડા સાંગાણી | નોંધણ-ચોરા | ૨.૫૦ |
| ૩૭ | જસદણ | કાસલોલીયા | ૨.૯૧ |

| ક્રમ | તાલુકો | ગામનું નામ | ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|---|
| ૩૮ | | લાલાવદર | ૩.૫૬ |
| ૩૯ | | વાપર | ૩.૪૫ |
| ૪૦ | | રૂપાવટી | ૦.૯૩ |
| ૪૧ | જેતપુર | અમરનગર | ૨.૪૦ |
| ૪૨ | | -,,- | ૨.૫૦ |
| | | કુલઃ | ૧૭૩.૨૮ |

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે તળાવો ઊંડા કરવા માટેની જે યોજના દાખલ કરી છે એ સારી વાત છે. પણ છેલ્લા કેટલાક વર્ષોથી આ યોજના દાખલ થયા પછી ખાસ મારા વિસ્તારને લગતો પ્રશ્ન એટલા માટે પૂછવા માગું છું કે ગયા વખતે બે વિભાગો મારફતે પરિપત્રો થયા. એક કૃષિ વિભાગ અને બીજો સહકાર વિભાગ. બન્ને વિભાગો તરફથી તળાવો ઊંડા કરવા માટેના પરિપત્રો થયા. કૃષિ વિભાગવાળાએ જમીન વિકાસ નિગમ મારફતે કર્યું. સહકાર વિભાગવાળાએ જે તે માર્કેટીંગ યાર્ડને પરિપત્ર કર્યો કે આટલા તળાવો તમારે ઊંડા કરવા. એમાંનાં મોટાભાગના એક જ તળાવમાં બન્ને વિભાગોએ કામ કર્યું. ખર્ચ બન્ને જગ્યાએ પડ્યો અને ખૂબ મોટા પાયે આની ગેરરીતિ થઈ. હું રાજકોટ જિલ્લામાં જામકંડોરણા તાલુકા અને જસદણ તાલુકામાં આમ બન્યું છે એની વાત કરું છું. આમાં જે બન્ને વિભાગોને કામ કર્યું હોઈ અને ગેરરીતિ થઈ હોઈ, બન્ને વિભાગોનું સંકલન કરવા અને ગેરરીતિ થઈ હોય તો તપાસ કરવા માગે છે કે કેમ?

માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન છે, આ જે તળાવો ઊંડા કરવાના છે એમાં લોકફાળા પેટે ધારાસભ્યોની ગ્રાન્ટમાંથી રકમ લેવાની હોય છે. એની રકમ લીધા પછી ત્યાં કેટલા ઘનફૂટ કે ઘનમિટરનું કામ થયું તેના કોઈ માપ લેવાતા નથી એટલે આડેધડ કામ થાય છે, એટલે ખૂબ મોટા પ્રમાણમાં આની ગેરરીતિ થાય છે તો આ તળાવો ઊંડા કરવાના ધોરણો શું છે? એ કાંઈ નિશ્ચિત કરીને પછી હવે કામગીરી સોંપવા માગો છો કે કેમ?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ માનનીય સભ્યશ્રીને જણાવું કે આ યોજના સહકાર વિભાગ તરફથી નથી. આ યોજનાના બે ભાગ જે પાડવામાં આવ્યાં છે, એમાં એક સિંચાઈ વિભાગ તરફથી અને એક જી.એલ.ડી.સી. તરફથી કરવામાં આવે છે. દસ જિલ્લાઓ છે એ જી.એલ.ડી.સી. કૃષિ વિભાગ તરફથી ઓપરેટ કરવામાં આવે છે એમાં અમદાવાદ, સુરેન્દ્રનગર,રાજકોટ, અમરેલી, જુનાગઢ, જામનગર, ગાંધીનગર, ભાવનગર, પોરબંદર અને કચ્છ છે અને બાકીના જિલ્લા સિંચાઈ વિભાગ તરફથી કરવામાં આવે છે. આમ છતાં પણ એમણે જે એક જગ્યાએ બે સરકારના વિભાગોએ જો કામ કર્યુ હોય એની મને કોઈ માહિતી સાંપડશે તો ચોક્કસ આ બાબતે તપાસ કરીને જે કાંઈ કાર્યવાહી કરવાની ઘટશે એ કરીશું. રાજ્ય સરકાર જી.એલ.ડી.સી.માં જે ગામનું તળાવ ઊંડું કરવાનું હોય એમણે ૫૦૦ રૂપિયા ભરીને અરજી કરવાની હોય છે. એ અરજી આવ્યા પછી જી.એલ.ડી.સી. એનું સરવે કરાવે અને સરવે કરાવ્યા પછી દસ ટકા લેખે ગ્રામ પંચાયતને કે દાતાને એનું એસ્ટીમેન્ટ આપે છે અને પ્રાયોરિટીના ધોરણે જે વહેલા તે પહેલા દસ ટકા જેમણે ભર્યા હોય એમને પ્રાયોરિટી આપીને એ તળાવ ઊંડું કરવામાં આવે છે.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : સાહેબ, તળાવો ઊંડા કરવાની યોજના સારી છે. આ વર્ષે આ યોજનામાં કેટલું બજેટ ફાળવ્યું છે અને ક્યારથી એનો અમલ શરૂ થવાનો છે?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં પૂરતા પ્રમાણમાં તળાવો ઊંડા કરવા માટે રાજ્ય સરકાર પાસે ફંડ છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપ જવાબ માત્ર રાજકોટ જિલ્લાનું બજેટ કેટલું છે? એ હોય તો આપો.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, નહિ, સ્પેસિફિક સવાલ રાજકોટનો છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન કુંવરજીભાઈનો રાજકોટ પૂરતો જ છે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં બે કરોડ સાઈઠ લાખ જેટલી રકમ ફાળવવામાં આવી છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જી.એલ.ડી.સી. દ્વારા વર્ષ ૨૦૦૭-૦૮માં તાલુકાવાઈઝ કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યાં? બાકી રહેલ લક્ષ્યાંક મુજબ જે તળાવો બાકી છે એ કેટલા સમયમાં પૂર્ણ કરવા માગો છો? અને ૨૦૦૮-૦૯ માં કેટલા તળાવો ઊંડા કરવાનું આયોજન છે?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં લિસ્ટ લાંબુ છે. મોરબીમાં તાલુકાવાઈઝ જો આપું તો લિસ્ટ લાંબું છે.

**અધ્યક્ષશ્રી** : નહિ, બધી વિગત માગી છે. આવતીકાલે ટેબલ ઉપર મૂકી દેજો.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હા, ટેબલ ઉપર મૂકી દઈશ.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલું આયોજન છે?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, એક કરોડ સાઈઠ લાખનું જે આયોજન છે એમાં તાલુકાવાઈઝ નથી. જિલ્લાભરમાંથી જે અરજીઓ આવે છે. વહેલા તે પહેલાના ધોરણે દસ ટકા જે પંચાયત ભરશે તેમને અગ્રતાક્રમ મુજબ પ્રાયોરિટી આપવામાં આવશે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર આ જે કામગીરી છે એ સારામાં સારી કામગીરી છે, પણ એમાં મશીનરી થોડી ઓછી છે અને છેલ્લા ચાર મહિના આ તળાવો ઊંડા કરવાના કામ ચાલે છે એ ચારના બદલે છ મહિના કરે અને મશીનરી થોડી ગુજરાત સરકાર લઈને જો નિગમને આપે તો સારામાં સારી કામગીરી થાય છે. ઘણાં બધા ધારાસભ્યોને ખબર છે કે એમણે પૈસા ફાળવ્યા હોય તો એક વર્ષે પણ વારો નથી આવતો તો મંત્રીશ્રી મશીનરી લઈને વધારે ટાઈમ આપવા માગો છો કે નહિ?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે સૂચના આપી છે એ મુજબ આ બજેટ પાસ થયા પછી પહેલી એપ્રિલથી આ કાર્યક્રમ શરૂ કરવામાં આવશે. અને ખૂટતા સાધનો ખાનગી પાસેથી લઈને પણ આ કામ ઝડપી બને એ માટે પ્રયત્ન કરવામાં આવશે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારનો પ્રશ્ન મેં પૂછ્યો હતો એટલે મારે મંત્રીશ્રીના ધ્યાન ઉપર મુકવું છે મારા વિસ્તારનું લાલાવદર ગામ છે એમાં બંને વિભાગવાળાએ કામ કર્યું છે. સહકાર વિભાગવાળાએ કામ કર્યું છે અને જમીન વિકાસ નિગમવાળાએ કામ કર્યું છે. એમાં એકમાં તો મેં લોકફાળો ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી ભરવાનો થતો હોય એ ભર્યો છે. આવું ત્રણ તાલુકામાં મારા રાજકોટ જિલ્લામાં થયેલું છે. તો જિલ્લામાં કોઈ કમિટિ નીમીને જો આ એક જ તળાવમાં બે વિભાગ મારફત કામ રિપિટ થયું હોય અને પૈસા ઉપાડાઈ ગયા હોય, ભ્રષ્ટાચાર થયો હોય તો જિલ્લાની કોઈ કમિટિ અથવા તો રાજયની કોઈ કમિટિના સભ્ય મૂકીને તપાસ કરવા માગે છે કે કેમ? અને બીજું આમાં ખાસ કરીને લોકફાળા પેટે જે ૧૦ટકા રકમ ભરવાની થતી હોય છે એ કોઈ કોન્ટ્રાકટરો, જે.સી.બી.વાળા વગેરે જ ભરી દે છે એને કારણે એની અંદર વધારે ગેરરીતિ થાય છે તો એમાં ધોરણો સુધારીને લોકફાળો ખરેખર વાસ્તવમાં ભરાય અને કામ વાસ્તવમાં થાય એને માટેની કોઈ ગાઈડલાઈન આમાંથી સુધારો કરવા માગે છે કે કેમ?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, જે એમણે પોતાની ગ્રાન્ટમાંથી ડબલ કામ થયા છે એની ઉચ્ચ અધિકારી દ્વારા તપાસ કરીશ અને જે કાર્યવાહી કરવાની થતી હશે એ કરીશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, યોજના ખરેખર ખૂબ સારી છે પરંતુ જે કોન્ટ્રાકટરો ભેગા થઈને અથવા તો જે લેભાગુ લોકો આમાંથી જોડાય છે મારી એટલી જ વિનંતી છે કે જો માનનીય મંત્રીશ્રી પોઝીટીવ એપ્રોચ રાખીને બંને પક્ષના સભ્યોની કોઈ કમિટિ કરીને અથવા તો જે કામો થયેલાં છે એમાં મોટાપાયે કોણ સંકળાયેલું છે આ પક્ષ કે તે પક્ષ નહીં, સત્ય બહાર આવે એટલા માટે કોઈ કમિટિ કરીને આની ઈન્કવાયરી થાય એવું કરવા માગીએ છીએ કે કેમ?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ જે માહિતી આવી છે તેની ઉચ્ચ અધિકારી દ્વારા તપાસ કરીશ. એમનું સૂચન છે પણ પારદર્શકતા આવે આ કામમાં એના માટે પૂરતી કાળજી લેવામાં આવશે.

## ઉમરેઠ શહેરમાં ૨૫ ચો.મી. પ્લોટની ફાળવણી

*** ૧૮૭૬ શ્રી લાલસિંહ ઉ. વડોદીયા(ઉમરેઠ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) ઉમરેઠ શહેરમાં ૨૫ ચો.મી.ના પ્લોટની જમીન મેળવવા કેટલા ઘર વિહોણાએ અરજી કરી,
(૨) તા.૩૧-૧૨-૦૭ સુધીમાં કેટલાને પ્લોટ ફાળવણીની સનદો આપવામાં આવી, અને
(૩) આપેલ સનદના પ્લોટ ઉપર કેટલા નાગરિકોએ પોતાનું ઘર બનાવ્યું?

**મહેસૂલ મંત્રીશ્રી:**

(૧) ૩૦૦
(૨) ૨૫૮
(૩) ૪૦

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે પ્લોટો ફાળવ્યા છે એ સરવે નંબર રોડથી બાજુમાં તરત નાના બાળકોને દાટવાનું એક સ્મશાન આવેલું છે, એની બાજુમાં તળપદા સમાજનું સ્મશાન છે માટે આ સરકાર આની જગ્યાએ બીજી કોઈ જગ્યાએ આ લોકોને પ્લોટ ફાળવવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીનો જે પ્રશ્ન છે એમાં ૧૯૯૨-૯૩માં આ ૩૦૦ પ્લોટની સનદ આપવામાં આવી હતી. એમાંથી થામણા ચોકડી પાસે ૪૨ આવાસો બન્યા અને જાગનાથ ભાગોળની અંદર જે ૧૫૧ પ્લોટ આપેલા એ એવી જગ્યાએ આપેલા કે જેથી આવા ગરીબ લોકો એમનું પોતાનું મકાન બનાવી જ ન શકે. પાણી ભરાઈ જાય, ખાડાટેકરાવાળી જમીન જે તે સમયે ફાળવી અને એને કારણે આ ૧૫૧ મકાનો થઈ જ ન શકયા. આટલા વર્ષો થયા તેમ છતાં અને બીજી જમીન હરીનગર વિસ્તારમાં આપી છે એમાં પણ ૬૫ મકાનો આપ્યા છે એ ઝુંપડપટ્ટી છે એની અંદર અને જે જમીન માલિકો છે, જેમની પાસે પોતાના મકાનો છે એવા અહીં ઝુંપડપટ્ટીની અંદર રહે છે. મેં અને મારા વિભાગે કલેકટરશ્રીને પરમ દિવસે જ સંદેશો આપ્યો છે કે જે જમીન ખાડા ટેકારાવાળી છે એ સમતળ કરાવી દેવામાં આવે, પુરાણ કરાવી દેવામાં આવે અને

ઝુંપડપટ્ટી જયાં છે એને ખસેડીને અને જેમના પોતાના મકાનો છે એ પોતાના મકાનોમાં જાય અને બાકીના જે છે એમને જમીન આપે અને આ કામ પૂર્ણ કરે એવો એક આદેશ એમને જારી કરવામાં આવ્યો છે. જે આટલા વર્ષોથી નથી થયું એ આ રાજય સરકાર પૂરું કરીને બતાવશે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લામાં બીજા કયા કયા શહેરોમાં કેટલા પ્લોટ ફાળવવામાં આવ્યા છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર એક જ વર્ષમાં ૧૯૯૨-૯૩માં જ ઠરાવ થયેલો હતો રાજય સરકારનો કે ૬૨ નગરપાલિકામાં ૫૦૦ પ્લોટ શહેરી ગરીબોને આપવા. ત્યારપછી કોઈ આવો ઠરાવ થયો જ નથી અને માત્ર એક જ વર્ષની અંદર આ કામગીરી પૂર્ણ કરવાની હતી પરંતુ એ પૂર્ણ ન થઈ અને આટલા વર્ષો સુધી ચાલ્યા કરી.

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્ન ઉમરેઠ પૂરતો જ મર્યાદિત છે. વાંચી જુઓ (અંતરાય)નહીં જૂનો ન હોય. ભૂગોળ બદલાઈ ગઈ.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઉમરેઠ નગર પુરતું જ છે આ.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે શહેરી ગરીબી યોજના હેઠળ ઉમરેઠ નગરપાલિકાના ગરીબોને મકાનો બાંધી આપવાનાં છે કે નહીં?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની આ યોજના દ્વારા અત્યારે આવાસો બની રહ્યા છે અને રાજ્યની ગરીબ સમૃદ્ધિ યોજના છે, એમાં ગરીબો માટેનાં મકાનો બનાવવાનું આયોજન છે. ઘ ણાં બધાં મકાનો બનાવીને આપી દેવામાં આવ્યાં છે.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ યોજના હેઠળ કેટલા સમયમાં બાકી રહેલા ૨૧૮ પ્લોટ ધારકોને મકાન મેળવવાની સરકારની યોજના છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઉમરેઠ નાગરપાલિકા આમાં સહકાર કરે અને કલેકટરશ્રીની સાથે બેસીને બે-ત્રણ મહિનાની અંદર કામ પૂર્ણ કરવામાં આવશે.

**વિદ્યાદીપ યોજના હેઠળ વીમા સહાય અંગે**

***૩૦૫૭ શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

વિદ્યાદીપ યોજના હેઠળ અકસ્માતે મૃત્યુ પામનાર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને કેટલી વીમા સહાય ચૂકવવામાં આવે છે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને રૂપિયા ૨૫,૦૦૦ તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને રૂપિયા ૫૦,૦૦૦.

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વિદ્યાદીપ સહાય હેઠળ વીમા કંપની દ્વારા દાવો નામંજૂર થવાનાં કારણો કયા છે?

**શ્રી જયસિંહજી મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, વીમા કંપની દ્વારા વિદ્યાદીપ યોજનાની અંદર નામંજૂર થવામાં એક તો વિદ્યાદીપ યોજના વીમા કંપનીને સમયસર એક માસમાં અરજી મોકલવામાં આવેલ ન હોય, સમયસર પોસ્ટમોર્ટમ રિપૉર્ટ કરાવેલ ન હોય અથવા સમયસર મર્યાદામાં અરજી રજૂ કરેલ ન હોય, વીમા કંપની ખાતે અરજી અધૂરી વિગતોવાળી હોય, મરણનો દાખલો રજૂ કરેલ ન હોય, એફ.આઈ.આર. રિપૉર્ટ રજૂ કરેલ ન હોય અને વિદ્યાર્થી જે શાળામાં ભણતો હોય તે સ્કૂલના આચાર્યશ્રીનો નિયત નમૂનામાં દાખલો ન હોય.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે યોજના દ્વારા જે અરજી કરવાની વાત છે જેમાં અરજી મોડી થઈ હોય, એફ.આઈ.આર. ની નોંધ ન હોય વગેરે, પરંતુ ખરા અર્થમાં ગામડાઓમાં બાળકોના વાલીઓને પૂરુતું જ્ઞાન ન હોવાના કારણે અમારા પડધરી તાલુકામાં બે કેસમાં ઘણાં વર્ષથી પ્રયત્ન કરું છું, આ જે નિયમો છે કે આટલા સમયમાં વીમા કંપનીએ ચૂકવવાનો નિયમ નક્કી કરવો જોઈએ. બીજું કે અરજી કરવાની કાર્યવાહી શાળાના આચાર્યને સોંપવા માગો છો કે કેમ?

**શ્રી જયસિંહજી મા. ચૌહાણ** : આ યોજનાની અંદર દાવો રજૂ કરવા માટે જે મે કહ્યું તે પ્રમાણે આટલી વસ્તુઓની જરૂર છે, છતાં પણ ગ્રામ્ય વિસ્તારની અંદર તલાટી કમ મંત્રીશ્રીનું મરણ અંગેનું પ્રમાણપત્ર જોઈએ, જ્યારે શહેરી વિસ્તાર માટે મરણનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર જોઈએ અને જે વિસ્તારની અંદર તબીબી સવલત ઉપલબ્ધ નથી અને એફ.આઈ.આર.ની નકલ ન હોય, તેવા કિસ્સામાં કંપની જાતે ચકાસણી કરીને હકારાત્મક અભિગમ અપનાવવાનો રહે છે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે આ દાવો દાખલ થાય પછી કેટલા સમયમાં સહાય ચૂકવવામાં આવે છે? બીજો પ્રશ્ન છે કે જે માનનીય મંત્રીશ્રીએ કહ્યું યોગ્યતાના ધોરણ નક્કી કરીને આ અરજીનો નિકાલ કરવામાં આવે છે. માનનીય મોહનભાઈએ કહ્યું તેમ

ગ્રામ્ય વિસ્તારમાં ખૂબ જ વિકટ સમસ્યા છે, ત્યારે પોલીસ કેસ સદંતર કાઢી નાખીને શાળાના આચાર્ય દ્વારા આ દાવો દાખલ થાય તેવી કોઈ વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

**શ્રી જયસિંહજી મા. ચૌહાણ** : મેં કહ્યું તેમ એક માસની અંદર આ વિગતો રજૂ કરવાની હોય છે અને તાત્કાલિક સહાયના ધોરણ મંજૂર કરવામાં આવતા હોય છે, છતાં પણ માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

**શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિદ્યાદીપ યોજનાનો અમલ કયારથી શરૂ કરવામાં આવ્યો છે?

**શ્રી જયસિંહજી મા. ચૌહાણ** : આ વિદ્યાદીપ યોજનાનો અમલ આમ તો ૨૬ મી જાન્યુઆરી, ૨૦૦૧ એ જ્યારે ભૂકંપ થયો એ વખતથી આ વિચાર રાજ્ય સરકારના મગજની અંદર આવ્યો. એમણે યોજના મૂકી. અત્યારે ૨૦૦૨ થી વિદ્યાદીપ યોજનાનો અમલ શરૂ થયો છે. માધ્યમિકમાં પ્રાથમિક અને આશ્રમશાળાઓના બાળકોને રૂપિયા ૨૫,૦૦૦ નો વીમો રાજ્ય સરકાર ભરે છે.

ગૃહને હું બીજું એ જણાવવા માગું છું કે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં ૨૦૦૮-૦૯થી આ યોજનાના અમલીકરણનું વિસ્તૃતીકરણ કરવામાં આવ્યું છે. નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : નયન/૧૦૦૪/૬૮૧/૨૧-જ તા.૨૫-૬-૦૭થી અકસ્માત વિમા યોજનાઓનું એકત્રીકરણ કરવામાં આવ્યું છે. ગુજરાત સામૂહિક જૂથ જનતા અકસ્માત વીમા યોજના તરીકે દાખલ થતાં વર્ષ ૨૦૦૮-૦૯ની અંદર આ યોજનાઓનું અમલીકરણ વીમા નિયામકશ્રી ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે અને ૧-૪-૨૦૦૮ થી ધોરણ ૧ થી ૭ ના વિદ્યાર્થીઓને હવે ૨૫ હજાર નહીં પણ ૫૦ હજારનું વીમા કવચ પૂરું પાડવામાં આવનાર છે અને આ માટે રાજયની પ્રાથમિક શાળાના ૮૫ લાખ વિદ્યાર્થીઓને પ્રીમિયમ પેટે ૭૨ લાખ ખર્ચ થનાર છે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ:** માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વિદ્યાદીપ યોજનાનો લાભ કૉલેજ કક્ષાના આદિવાસી વિદ્યાર્થીઓને આપવા માગો છો કે કેમ?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન અસંગત છે. કૉલેજ કક્ષાના વિદ્યાર્થીઓ માટે વીર કિનારીવાલા જૂથ યોજના દાખલ કરેલ છે અને તેની અંદર એક લાખ રૂપિયાનું વીમા કવચ પૂરું પાડવામાં આવેલ છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, ઉચ્ચ શિક્ષણ એટલે કે કૉલેજ કક્ષાએ જે યોજના છે તેમાં સ્વનિર્ભર કૉલેજોના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવે છે કે કેમ?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન પ્રાથમિક અને માધ્યમિક વિભાગનો છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે વિદ્યાર્થીઓને વીમો ચૂકવવામાં આવે છે તેમાં ઘ ણી વખત પી.એમ. રિપોર્ટ અને પોલીસનો એન્કેશમેન્ટ રિપોર્ટ તૈયાર થાય છે તેમાં વિસંગતતા ઉભી થાય છે. પોલીસ દ્વારા કોઈ વિદ્યાર્થીનું સાપ કરડવાથી મૃત્યું થયું હોય તો ડૉકટર તેનો અભિપ્રાયમાં ઝેરી જાનવર લખે છે જ્યારે પોલીસવાળા જાનવર એવો શબ્દ ઉમેરો છે જેને કારણે વીમા કંપનીવાળા બંને વચ્ચેની વિસંગતતાને કારણે વીમો ચૂકવવામાં આનાકાની કરે છે તો આની અંદર કોઈ સ્પષ્ટતા કરવા માગે છે કે કેમ? ઝેરી જાનવર, સાપ કે કોઈ આવી સ્પષ્ટતા કરવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાર્થીઓ અને વાલીઓને આર્થિક રીતે લાભ મળે તેની યોજના છે અને એટલા માટે એમણે કહ્યું એ પ્રકારના જેટલા કેસ હોય તેના માટે વિમા કંપની સાથે સીધેસીધો વાર્તાલાપ કરીને, તેમની સાથે બેઠકો કરીને આવા વિવાદાસ્પદ કેસોને ઉકેલવાની દિશામાં હકારાત્મક અભિગમ દાખવવામાં આવશે.

**ગાંધીનગરમાં સાઉથ વેસ્ટ એર કમાન્ડ માટે જમીન**

***૩૪૭૨ શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર) : માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ગાંધીનગરમાં સાઉથ વેસ્ટ એર કમાન્ડ માટે જમીન મેળવવા માટે કરેલ અરજીના અનુસંધાને કયાં અને કેટલી જમીન આપવામાં આવી, અને

(૨) આ જમીન કઈ કિંમતે આપવામાં આવી ?

**પાટનગર યોજના મંત્રીશ્રી :**

(૧) અને (૨) સાઉથ વેસ્ટ એર કમાન્ડની તા. ૨૧-૧૨-૦૬ની અરજીના અનુસંધાને પાલજ રસ્તાની પશ્ચિમ બાજુ ફાળવેલ ૭૦ એકર જમીનના બદલે પૂર્વ બાજુ ફાળવેલ ૩૦ એકર જમીનની બાજૂની લગત દક્ષિણે આવેલ ૬૦ એકર જમીન મળી કુલ-૯૦ એકર જમીન રૂા.૧૧૦૦/- પ્રતિ ચો.મી.થી બદલી આપવા સૈદ્ધાંતિક નિર્ણય કરેલ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, સાઉથ વેસ્ટ એર કમાન્ડ(સ્વાક) પહેલાં જોધપુર ખાતે કાર્યરત હતું. તેને જ્યારે ગુજરાત લાવવામાં આવ્યું ત્યારે એમને એવી ખાતરી અપાઈ હતી રક્ષા મંત્રાલયને કે તેમને ટોકન દરથી જમીન આપવામાં આવશે. આ જે જમીન તેમને આપવામાં આવી તે ઘણા લાંબા સમય સુધી પેન્ડિંગ રહી અને શરૂઆતમાં ૮૮૦૦ રૂપિયા તેમની પાસે માગવામાં આવ્યા અને રક્ષા મંત્રાલયે આ જે બીજા ઉદ્યોગ ગૃહો

છે જેને ૪૫૦ રૂપિયાથી ૫૫૦ રૂપિયે કમાણી કરવાના હેતુથી ગાંધીનગરમાં જમીન આપવામાં આવી છે. તો ૪૫૦ કે ૫૦૦ દરની પેરીટીમાં જમીન માગવામાં આવી છતાં ન આપી અને ૧૧૦૦ રૂપિયે પ્રતિ ચો.મી. આપવામાં આવી છે. તો હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ જે ઉદ્યોગગૃહો ની પેરીટીમાં જમીન આપવા માગે છે કે કેમ? રક્ષા મંત્રાલયે આપણને જે પત્ર લખ્યો છે તેમાં આપણે કોઈ ખાતરી આપી છે અને ન આપી હોય તો આપવા માગીએ છીએ કે કેમ? આપણા જે જવાનો સરહદની ચોકી કરે છે, આપણા સૌની રક્ષા કરે છે એને અને ઉદ્યોગગૃહોને જમીન આપવામાં એક ધોરણ રાખવા માગીએ છીએ કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રક્ષા મંત્રાલયને આવું કોઈ એશ્યોરન્સ આપવમાં આવ્યું હોય તો તેવી માહિતી મારી પાસે નથી. તેમની પાસે હોય તો જરૂર વિભાગને આપે. ઉદ્યોગ વિભાગને જે જમીન આપી તેની પેરીટીમાં સ્વાકને જમીન આપવા માગે છે તો પહેલાં મારે સભાગૃહને એ જણાવવું પડે કે જુદી જુદી સંસ્થાઓને જે ભાવે જમીનો આપી છે તે ધ્યાન ઉપર મૂકવા માગું છું કે ટાટા કન્સલટન્સીને ૧૧૦૦/- રૂપિયે પ્રતિ ચો.મી. ના ભાવે જમીન આપી છે. જે અહીં પણ, સ્વાકને ૧૧૦૦ રૂપિયાના ચોરસમીટરના ભાવે આપણે આપવાનો નિર્ણય કરેલો છે જીઆઈડીસીને ૧૧૦૦ રૂપિયે પર ચોરસમીટરના ભાવથી આપવામાં આવી છે જે અહીં પણ સ્વાકને ૧૧૦૦ રૂપિયે પર ચોરસમીટરના ભાવે રાજય સરકાર આપવા માગે છે. પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઑફ ઈન્ડિયા, નવી દિલ્હીને વીના મૂલ્યે કારણકે એને આરોગ્ય વિષયક કામગીરી કરવાની છે અને સેવાઓનું કામ કરવાનું છે એટલા માટે એને વિનામૂલ્યે આપી છે. સર્વ વિદ્યાલય કડીને નર્સિંગ કૉલેજ શરૂ કરવા માટે અને એ તો રાજય સરકારના નિર્ણયો છે એ પ્રમાણેના અને એટલે એને પણ વિનામૂલ્યે કન્સ્ટ્રકશનનો ભાવ જુદો અને જે બીજી જે ખુલ્લી જમીનો હોય એને એક રૂપિયે ટોકનથી આપવા માગે છે. બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સંસ્થાને ૧૧૦૦ રૂપિયે, કડવા પાટીદારને ૩૨૦૦ રૂપિયે, ગુજરાત ગોપાલક કેળવણી મંડળને ૧૧૦૦ રૂપિયે., અખિલ ગુજરાત ઠાકોર વિકાસને ૫૫૦ રૂપિયે, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ, એ રીસર્ચ કરતી સંસ્થા છે જે ભાગ્યે જ ગુજરાતમાં આવી સંસ્થાઓ આવતી હોય છે અને કામ કરતી હોય છે અને એટલા માટે એને વાર્ષિક એક રૂપિયે ટોકન ભાડે આપીએ છીએ અને સત્યમ કોમ્પ્યુટર્સને ૧૧૦૦ રૂપિયે અને ડીએલએફને ૫૦૦૦ રૂપિયે પર ચોરસમીટરના ભાવે જમીનો આપી છે. એટલે અહીં એવો કોઈ ભેદભાવ કર્યો હોય એવો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી એટલે સ્વાકને પર ચોરસમીટરે ૧૧૦૦ રૂપિયે જમીન આપવા માટે રાજય સરકારે ઑફર કરી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એટલી જ છે કે સ્વૈચ્છિક સંસ્થાની વાત હું નથી કરતો પણ રાહેજાને માટે ૫૫૦ રૂપિયે અપાય છે અને બાકીનાને ૧૧૦૦ રૂપિયે અપાય છે આ બધી જે ઔદ્યોગિક સંસ્થાઓ કમાણી કરવા માટે જમીન લે છે. જ્યારે આ આપણા જવાનો છે એ તો દેશની રક્ષા અને આપણા સૌની રક્ષા માટે છે તો એના વચ્ચે કોઈ ફરક રાખવો જોઈએ, તો એમને અને આમની વચ્ચે ફરક રાખીને રક્ષા મંત્રાલયે એવી માગણી કરી છે કે અમને ટોકન દરથી જમીન આપવામાં આવે, ઉદ્યોગ ગૃહોની પેરીટીથી નીચે તો એ સરકાર કરવા માગે છે કે કેમ ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લો પત્ર જે સ્વાકના અધ્યક્ષશ્રીનો આવ્યો છે એમણે એમની મેળે જ કહ્યું છે કે ૮૦૦ રૂપિયા પર ચોરસમીટરે અમે લેવા માટે તૈયાર છીએ.

## રાજયની પોલીટેકનીક કૉલેજોના અપગ્રેડેશન અંગે

***૩૦૬૧ શ્રી નાનુભાઈ ભ. વાનાણી (સુરત શહેર (ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયની પોલીટેકનીક કૉલેજોને અપગ્રેડ કરવાની કોઈ યોજના છે કે કેમ,
(૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ આવી કેટલી કૉલેજો અપગ્રેડ થઈ, અને
(૩) આગામી વર્ષે આ માટે શું આયોજન છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) હા, જી.
(૨) ૦૨ પોલીટેકનીક કૉલેજોને વિશ્વ બૅન્ક સહાયિત યોજના (TEQIP) અંતર્ગત અપગ્રેડ (આધુનિકરણ) કરવામાં આવી તથા ૨૦ પોલીટેકનીક કૉલેજોમાં રાજય સરકાર દ્વારા અપગ્રેડ (આધુનિકરણ) કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.
(૩) આગામી વર્ષે રાજયની તમામ સરકારી પોલીટેકનીક કૉલેજોને આધુનિકરણમાં આવરી લેવામાં આવશે.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના મારફતે હું જાણવા માગું છું કે, સરકારી પોલીટેકનીક કૉલેજો જે ૨૦ અપગ્રેડ કરી છે એ કયા કયા જિલ્લામાં આવેલી છે અને એમાં કેટલો ખર્ચ રાજય સરકારે કર્યો છે, અને આગામી વર્ષે રાજયની તમામ સરકારી પોલીટેકનીક કૉલેજોને અપગ્રેડ કરવાની છે તો એમાં કેટલો ખર્ચ રાજય સરકાર કરવા માગે છે?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુણવત્તા સુધારક કાર્યક્રમ અન્વયે વિશ્વબેંકની સહાયથી ચાર ડીગ્રી કૉલેજો અને બે પોલીટેકનીક કૉલેજોની અંદર રાજય સરકારે ૪૭ કરોડ ૯૯ લાખ રૂપિયા જેટલો કેન્દ્ર

સરકારની હસ્તકનો ખર્ચ કર્યો છે બાકી રહેતી ૧૧ સરકારી કૉલેજો અને બાકીની ૨૬ પોલીટેકનીક કૉલેજો, જે જગ્યાએ એક પણ પોલીટેકનીક કૉલેજ નથી એવા તમામ જિલ્લાઓમાં પોલીટેકનીક કૉલેજ આપવા માટે વિશ્વબૅંકની કક્ષાએ જે સવલતો પૂરી પાડવામાં આવે છે એ જ સવલતો આ ૧૧ સરકારી કૉલેજો અને ૨૬ પોલીટેકનીક કૉલેજોમાં આપવામાં આવશે અને એ અંગે ૨૦૦૯ના બજૅટની અંદર ૨૯૦.૨૨ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપશ્રી દ્વારા જાણવા માગું છું કે, માનનીય મુખ્ય મંત્રીશ્રીના પ્રયાસોથી આઈઆઈટી મુંબઈ, ચાંદખેડા ખાતે સંલગ્ન યુનિવર્સિટીની શરૂઆત કરનાર છે, તો આ યુનિવર્સિટીમાં કેટલા કોર્સની કામગીરી શરૂ થશે અને કેટલા સમયમાં આ યુનિવર્સિટી કાર્યરત થશે?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી જવાબ આપશે, અને સભ્યશ્રીને પ્રશ્ન પૂછવાનો અધિકાર છે, (અંતરાય) એક મિનિટ, આ પ્રશ્ન માનનીય સભ્યશ્રીનો સાચો છે પણ મંત્રીશ્રી જવાબ આપશે. આ પ્રશ્ન છે એ પોલીટેકનીક કૉલેજોના અપગ્રેડેશનનો પ્રશ્ન છે અને તમારો પૂરક પ્રશ્ન છે એ આઈઆઈટીનો છે, તો માનનીય મંત્રીશ્રી આપનો જવાબ પૂરક પ્રશ્નની મર્યાદામાં આપો.

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ વાત મારે કહેવાની હતી પણ અર્જુનભાઈએ મારી પહેલા કહી દીધું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે પૉલિટૅક્નિક કૉલેજોને અપગ્રેડ કરવાનો પ્રશ્ન છે એમાં જે ખર્ચ કરવાની અને પ્રોકયુરમેન્ટની સત્તા છે એ રાજય કક્ષાએ હોવાથી એનું સમયસર અમલીકરણ થતું નથી. તો એનું ડિ-સેન્ટ્રલાઈઝ કરી અને દરેક પૉલિટૅક્નિક લેવલે એનું ખર્ચ કરી શકે જેથી આ ફંડનો પૂરેપૂરો ઉપયોગ થાય તો એ પ્રકારે સરકાર નિર્ણય લેવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, જે જે સરકારી પૉલિટૅક્નિક કૉલેજો અથવા સરકારી કૉલેજોમાં જે પ્રમાણે એને જોઈતી સવલતો ખૂટે છે અથવા સાધન-સામગ્રીની જરૂરિયાત જે તે પૉલિટૅક્નિકમાં ખૂટે છે એ તમામની અંદર પૂર્તિ કરવાની જોગવાઈ આમાં કરવામાં આવેલ છે અને એટલે રૂા. ૨૯૦.૨૨ કરોડ જે તે સંસ્થાને લાભ મળે એના માટેના છે. ભલે બજૅટની જોગવાઈ અહીંયા થતી હોય પણ જે સંસ્થાને જે જોઈએ છે એ પ્રમાણે એને પૂરતી સવલતો આપવામાં આવશે.

## કન્યા કેળવણી રથયાત્રા/પ્રવેશોત્સવ અંગે

***૩૦૪૭ શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) કન્યા કેળવણી રથયાત્રા / પ્રવેશોત્સવનું આયોજન ક્યારથી થાય છે, અને આ કાર્યક્રમમાં રાજયમાં કેટલો વિસ્તાર આવરી લેવાયો છે, અને

(૨) આ કાર્યક્રમોથી છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષમાં પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેટમાં કોઈ ફેરફાર થયો છે કે કેમ?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) રાજયમાં કન્યા કેળવણી રથયાત્રાનું આયોજન વર્ષ ૨૦૦૩-૦૪ થી દર વર્ષે કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં રાજયની તમામ જિલ્લા શિક્ષણ સમિતિ તથા નગર શિક્ષણ સમિતિની શાળાઓ આવરી લેવાયેલી હતી.

(૨) આ કાર્યક્રમોથી છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષમાં પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેટમાં ઘટાડો થયેલ છે.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં કન્યા કેળવણી, રથયાત્રા તેમજ શાળા પ્રવેશોત્સવનું આયોજન ૨૦૦૩-૦૪થી દર વર્ષે કરવામાં આવે છે. તો અગાઉ આવી કોઈ યોજના હતી કે કેમ? મારો બીજો પ્રશ્ન છે કે, છેલ્લા પાંચ વર્ષમાં કેટલી કન્યાઓને. કેટલા વિજયા લક્ષ્મી બૉન્ડ અપાયા છે?

**શ્રી જયસિંહજી મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શિક્ષણમાં લોક ભાગીદારી વધારવા માટે દરેક ગામની પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ કરવામાં આવે છે અને આ કાર્યક્રમ ૧૯૯૮-૯૯થી શરૂ કરવામાં આવ્યો છે. રાજયની અંદર પ્રવેશોત્સવ, કન્યા કેળવણી રથયાત્રા કાર્યક્રમ ૨૦૦૨-૦૩માં શરૂ થયો હતો. બીજો પ્રશ્ન એમણે પૂછ્યો છે કે, અત્યાર સુધીમાં કેટલી કન્યાઓને કેટલા વિજયા લક્ષ્મી બૉન્ડ અપાયા? અત્યાર સુધીમાં ૭,૦૫,૨૩૯ કન્યાઓને ૭૦ કરોડ ૫૨ લાખ રૂપિયાના વિજયા લક્ષ્મી બૉન્ડ અપાયા છે.

**શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પ્રવેશોત્સવ દરમ્યાન ધોરણ-૧માં છેલ્લા ત્રણ વર્ષમાં રાજયમાં કેટલા બાળકો દાખલ થયા?

**શ્રી જયસિંહજી મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રવેશોત્સવ કાર્યક્રમમાં છેલ્લા ત્રણ વર્ષના આંકડા આપું તો ધોરણ-૧માં વર્ષ ૨૦૦૫-૦૬માં ૨,૩૫,૦૮૫ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે, વર્ષ ૨૦૦૬-૦૭માં ૬,૪૫,૮૪૭ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે અને વર્ષ ૨૦૦૭-૦૮માં ૫,૭૬,૬૧૮ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે. આમ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૧૪,૪૯,૨૫૦ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે.

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રવેશોત્સવ કાર્યક્રમ પાછળ રાજય સરકાર વિદ્યાર્થી દીઠ કેટલો ખર્ચ કરે છે? અને પ્રવેશોત્સવ કાર્યક્રમથી પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને રાજય સરકાર દ્વારા કોઈ શૈક્ષણિક કીટ આપવામાં આવે છે કે કેમ? એ હું જાણવા માગું છું.

**શ્રી જયસિંહજી મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રવેશોત્સવ કાર્યક્રમ એ લોક ભાગીદારીનો કાર્યક્રમ છે, છતાં પણ ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ના વર્ષમાં ૩૪૩.૪૨ લાખ અને ૨૦૦૫-૦૬માં ૬૩.૩૪ લાખ એટલે કે છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૪૦૬.૭૬ લાખનો ખર્ચ આમાં કરવામાં આવેલ છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન આ કાર્યક્રમમાં લોક સહયોગ કેટલો મળ્યો છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : છેલ્લાં ત્રણ વર્ષમાં લોકસહયોગમાં ૨૦૦૫-૦૬માં ૧,૩૪,૩૭,૧૭૭ રૂપિયા, ૨૦૦૬-૦૭ની અંદર ૪,૬૩,૫૧,૦૬૯ રૂપિયા અને ૨૦૦૭-૦૮ની અંદર ૫,૧૩,૧૨,૬૯૫ રૂપિયા એટલે કે છેલ્લાં ત્રણ વર્ષની અંદર કુલ લોકફાળો ૧૧,૧૧,૦૦,૯૪૧ રૂપિયા મળેલો છે.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવા માગું છું કે, આ યોજના ૨૦૦૩-૦૪માં શરૂ કરવામાં આવી ત્યારે ડ્રોપ આઉટ રેટ કેટલો હતો અને આ ત્રણ શૈક્ષણિક વર્ષ ચાલ્યા પછી ડ્રોપ આઉટ રેટ કેટલો ઘટયો છે અને આજે કેટલો છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષ મહોદય, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, છેલ્લાં પાંચ વર્ષની અંદર શરૂઆતમાં ૨૦૦૩-૦૪માં કુમાર અને કન્યાનો સરેરાશ ડ્રોપ આઉટ રેટ જે ૧૭.૮૩ હતો તે આજે ૨૦૦૭-૦૮ની અંદર ઘટીને ૨.૯૮ સુધી પહોંચ્યો છે, ધોરણ ૧ થી ૭ની અંદર ૨૦૦૩-૦૪માં જે ડ્રોપ આઉટ રેટ ૩૩.૭૩ હતો તે છેલ્લે ઘટીને ૨૦૦૭-૦૮માં માત્ર ૯.૮૭ રહયો છે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : સાહેબ મારો પ્રશ્ન ડ્રોપ આઉટ રેટનો હતો એ જવાબ આવી ગયો છે.

**અધ્યક્ષશ્રી** : ઓ.કે. નેકસ્ટ પ્રશ્ન ક્રમાંક-૧૫

### ઝાલોદ તાલુકામાં ડામર કામ અન્વયે મળેલ ફરિયાદ

***૨૭૧૮ શ્રી બચુભાઈ ના. કિશોરી(લીમડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) દાહોદ જિલ્લામાં ઝાલોદ તાલુકાના વાંસીયા-નેનકી રોડનું ડામર કામ ચાલુ સાલે થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ રોડનું ડામરકામ નિયત એસ્ટીમેટ મુજબ થયેલ છે કે કેમ, અને

(૩) આ કામ નબળું થયાની ફરિયાદ સરકારને મળી છે ખરી?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી**

(૧) હાજી

(૨) અને (૩) સદર રોડનું કામ નિયત એસ્ટીમેટ મુજબ થયેલ નથી તેવી રજૂઆત મળતા આ કામની તપાસ ગુણવત્તા નિયમન વિભાગને સોંપવામાં આવેલ છે.

**શ્રી બચુભાઈ ના. કિશોરીઃ** માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ કામની તપાસ ગુણવત્તા નિયમન વિભાગને સોંપવામાં આવેલ છે એટલે એથી વિશેષ કંઈ નહિ કહેતાં પણ આ કામની તપાસ થાય તે દરમિયાન સ્થાનિક ધારાસભ્યશ્રીને પણ સાથે રાખીને વિશ્વાસમાં લેવામાં આવે એવું મારું સૂચન છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : ફરિયાદમાં જે પ્રકારના મુદ્દાઓ હતા એ પ્રકારના મુદ્દાઓ આવરી લીધેલા છે અને એ પ્રમાણે જ તપાસ સોંપવામાં આવેલ છે.

### સાબરકાંઠા જિલ્લામાં કોલેજ શરૂ કરવા અંગે

***૨૭૨૪ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા (મેઘરજ) : માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તારીખ ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના આદિવાસી વિસ્તારમાં અલગ અલગ ફેકલ્ટીની કોલેજો શરૂ કરવાની વિચારણા સરકારે કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ફેકલ્ટીવાર કેટલી અને કયા કયા સ્થળે શરૂ કરવા વિચારેલ છે?

**શિક્ષણમંત્રીશ્રી**

(૧) નાજી,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : મારો પ્રશ્ન છે કે, સાબરકાંઠા જિલ્લાના આદિવાસી વિસ્તારમાં અલગ અલગ ફેકલ્ટીની કોલેજો શરૂ કરવા માગો છો કે કેમ? હું જે વિસ્તારમાંથી ચુંટાઈને આવું છું એ માલપુર તાલુકામાં આર્ટસ,

કોમર્સ કે સાયન્સ એકપણ કોલેજ નથી, મેઘરજ તાલુકામાં કોમર્સ કે સાયન્સ કોઈ કોલેજ નથી, સાબરકાંઠાના બન્ને માનનીય મંત્રીશ્રી હાજર છે એમને વિનંતી છે કે, આ વિસ્તારમાં કોલેજો માટે કંઈ વિચાર કરવા માગો છો કે કેમ?

**શ્રીમતી માયાબેન સુ. કોડનાની** : માનનીય સભ્યશ્રીની ચિંતા છે એમનો પ્રશ્ન છે કે, આદિજાતિ વિસ્તારોમાં કેટલી કોલેજો શરૂ કરવા માગો છો? હાલ સાબરકાંઠાના ૧૩ તાલુકા પૈકી ૪ તાલુકા એ આદિવાસી વિસ્તારમાં આવે છે, એમાં કુલ ૧૦ કોલેજો કાર્યરત છેજ અને આ નવા વર્ષમાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના નિયંત્રણ હેઠળના ભૌગોલિક વિસ્તારમાં આદિજાતિ વિસ્તારમાં જ ખાસ કરીને એમ.બી.એ. ઈન્ટીગ્રેટેડ તથા એમ.સી.એ, સી.એ. અને આઈ.ટી. ઈન્ટીગ્રેટેડના અભ્યાસક્રમો શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે અને જેના માટે હાલ ટોકન ૧૦ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. ઉપરાંત ડોકટર બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માધ્યમથી પણ જુદા જુદા અભ્યાસક્રમો આ આદિવાસી વિસ્તારોમાં ચલાવવામાં આવે છે.

**શ્રી અશ્વિન કોટવાલ** : આપના માધ્યમથી માનનીય મંત્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, મારા સાથી સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો કે, આદિવાસી વિસ્તારની અંદર ઘણા તાલુકા આદિવાસી વિસ્તારના છે એકેય વિસ્તારની અંદર સાયન્સ કોલેજ આવેલ નથી કોમર્સ કોલેજ પણ આવેલ નથી આદિવાસી વિદ્યાર્થીઓએ હિંમતનગર અને ઈડર પચાસ પચાસ કિલોમીટર ભણવા માટે જવું પડતું હોય છે એ માટે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, સાયન્સ કોલેજ અને કોમર્સ કોલેજ આપ ખોલવા માગો છો કે નહિ અને બીજો પ્રશ્ન મારો એ છે કે, સાબરકાંઠા જિલ્લાની અંદર ત્રણ માધ્યમિક શાળાઓ ચાલતી હતી હાઈસ્કૂલો ચાલતી હતી..

**અધ્યક્ષશ્રી** : કોલેજો પૂરતો મર્યાદિત પ્રશ્ન છે. માનનીય મંત્રીશ્રી.

**શ્રી રમણલાલ ઈ. વોરા** : સાબરકાંઠા જિલ્લામાં ચાર આદિવાસી તાલુકાઓ આવેલા છે. આદિવાસી તાલુકાઓ પૈકી ખેડબ્રહ્મા, ત્યાં ખેડબ્રહ્મા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ એક, વિજયનગર તાલુકો એમાં આર્ટસ કોલેજ અને એક સ્વનિર્ભર કોલેજ, ભીલોડાની અંદર બે આર્ટસ કોલેજ, એક આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, એક સ્વનિર્ભર બી.એડ કોલેજ, મેઘરજની અંદર, જે સવાલ પૂછયો છે એમાં સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ અને સ્વનિર્ભર બી.એડ કોલેજ.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

### (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### ઉમરગામ તાલુકામાં સાગર ખેડૂ યોજના હેઠળ ટેકનીકલ શિક્ષણ

૩૪૪૬ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઉમરગામ તાલુકામાં સાગર ખેડૂ યોજના હેઠળ ટેક્નીકલ શિક્ષણની શાળાને ચાલુ વર્ષે નવી મંજૂરી આપવા માંગો છો કે કેમ; અને<br>(૨) જો હા, તો આ અંગે કેટલી માગણીઓ આવી છે ? | (૧) અને (૨) ઉમરગામ તાલુકામાં ટેક્નીકલ શાળા ચાલુ છે. નવી મંજૂરી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

### રોજગારીની તકો વધારવા અંગે

૩૫૬૯ **શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં શિક્ષિત યુવાનોની રોજગારીની તકો વધારવા માટે ટેક્નીકલ શિક્ષણ વિભાગ થકી કોઇ કામગીરી કરવામાં આવે છે કે કેમ; અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે ? | (૨)<br>૧. ઇજનેરી અભ્યાસક્રમ કરતા વિદ્યાર્થીઓ માટે કોલેજ ટુ કેરીયર પ્રોગ્રામ ચલાવવામાં આવી રહ્યો છે.<br>૨. ગુજરાત નોલેજ કોર્પોરેશનની સ્થાપના કરવામાં આવી છે.<br>૩. ટેકનિકલ એજ્યુકેશન ક્વોલીટી ઇમ્પ્રુવમેંટ પ્રોગ્રામ હેઠળ સર્વીસ ટુ કોમ્યુનિટી એન્ડ |

ઇકોનોમી અંતર્ગત ટૂંકા ગાળાના વ્યવસાયલક્ષી તાલીમ અભ્યાસક્રમોનું આયોજન કરવામાં આવે છે.

---------

**તાપી જિલ્લામાં તાલુકાવાર રસ્તાઓ**

૩૩૦૧ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૦૭ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલા રસ્તાઓ ડામર સપાટી કરવાના બાકી છે; અને

(૨) હોટમીક્ષ થયેલા રસ્તાઓની ગુણવત્તા જળવાતી નથી તે વાત સાચી છે ?

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૦૭ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર ડામર સપાટી કરવાના બાકી રસ્તા નીચે મુજબ છે.

| તાલુકો | સંખ્યા |
|---|---|
| વ્યારા | ૨૩ |
| સોનગઢ | ૩૧ |
| ઉચ્છલ | ૯ |
| નિઝર | ૧૫ |
| વાલોડ | ૦૬ |
| કુલઃ | ૮૪ |

(૨) ના જી.

---------

**માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેબલ મંજૂરી**

૩૩૯૭ **શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેબલ મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી આદિજાતિ વિસ્તારમાં કેટલી શાળાઓને મંજૂરી આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર નીચે મુજબની માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેબલ મંજૂરી આપવામાં આવેલ છે.

| | |
|---|---|
| વર્ષ - ૨૦૦૫ | ૨૮ |
| વર્ષ - ૨૦૦૬ | ૦૦ |
| વર્ષ - ૨૦૦૭ | ૩૪ |
| **કુલ :** | **૬૨** |

(૨) તે પૈકી આદિજાતિ વિસ્તારમાં નીચે મુજબ મંજૂરી આપવામાં આવેલ છે.

| | |
|---|---|
| વર્ષ - ૨૦૦૫ | ૧૪ |
| વર્ષ - ૨૦૦૬ | ૦૦ |
| વર્ષ - ૨૦૦૭ | ૨૪ |
| **કુલ :** | **૩૮** |

**સોઇલ હેલ્થ કાર્ડના વિતરણ અંગે**

૩૦૭૭ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ખેડૂતોને તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ કેટલા સોઇલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું; અને

(૨) તે પૈકી વડોદરા જિલ્લાના તાલુકાવાર કુલ કેટલા ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) રાજ્યના ખેડૂતોને તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ ૧૬,૫૨,૮૭૯ સોઇલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું.

(૨) તે પૈકી વડોદરા જિલ્લાના તાલુકાવાર નીચે જણાવેલ વિગતે ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ છે.

| તાલુકાનું નામ | સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ |
|---|---|
| વડોદરા | ૬૭૨૮ |
| કરજણ | ૬૨૬૦ |
| સાવલી | ૯૧૩૫ |
| વાઘોડીયા | ૬૧૮૦ |

| | |
|---|---|
| વાઘોડીયા | ૬૧૮૦ |
| પાદરા | ૫૫૩૪ |
| ડભોઇ | ૭૪૪૫ |
| સંખેડા | ૯૯૯૮ |
| શિનોર | ૪૬૪૫ |
| છોટા ઉદેપુર | ૯૫૫૯ |
| નસવાડી | ૮૨૬૫ |
| જેતપુર પાવી | ૯૫૬૩ |
| ક્વાંટ | ૬૨૦૩ |
| **કુલ :** | **૮૯૫૧૫** |

**ગાંધીનગર ખાતે સરકારી આવાસો ભાડાથી ફાળવવા અંગે**

૨૭૨૧ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગરમાં આવેલા સરકારી આવાસો તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઇ કઇ સંસ્થાઓને ટોક્ન દરેથી કે પૂર્ણ ભાડાથી ફાળવવામાં આવ્યા છે; અને

(૨) તે પૈકી કઇ કઇ સંસ્થાને કઇ કઇ ટાઇપનાં મકાનો શા ભાડાથી ફાળવવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ ના તા. ૩૧-૧-૦૮ સુધીમાં સામેલ પત્રક મુજબની સંસ્થાઓને કક્ષાવાર, ભાડાના દરથી પ્રથમ વખત આવાસો ફાળવેલ છે.

(૨) ઉપરોક્ત ક્રમાંક (૧) ના જવાબમાં જણાવેલ પત્રક મુજબ.

**પત્રક**

| અ.નં. | સંસ્થાનું નામ | ફાળવેલ આવાસની કક્ષા | ભાડાનો દર |
|---|---|---|---|
| ૧ | અમી કેળવણી મંડળ | જ-૧ | આર્થિક ભાડાના દરે |
| ૨ | શ્રી રામેશ્વર એજ્યુકેશન ટ્રસ્ટ | જ | આર્થિક ભાડાના દરે |
| ૩ | જે. બી. પ્રાથમિક શાળા | ચ<br>છ<br>બી-૧<br>જ<br>જ-૨ | આર્થિક ભાડાના દરે |
| ૪ | ભોળાભાઇ પટેલ કોલેજ ઓફ બિઝનેસ એડમીનીસ્ટ્રેશન | જ-૨ | આર્થિક ભાડાના દરે |
| ૫ | ભોળાભાઇ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડી | જ | આર્થિક ભાડાના દરે |
| ૬ | સરસ્વતી વિદ્યાલય | ચ-૧<br>જ | આર્થિક ભાડાના દરે |
| ૭ | શ્રીસર્વ વિદ્યાલય, પી. ટી. સી. કોલેજ | છ | આર્થિક ભાડાના દરે |
| ૮ | એલ.ડી.આર.પી. ઇન્સ્ટીટયુટ ઓફ ટેક્નોલોજી એન્ડ રિસર્ચ | જ-૨ | આર્થિક ભાડાના દરે |
| ૯ | સ્વામિનારાયણ શિશુ વિદ્યાલય | છ | આર્થિક ભાડાના દરે |
| ૧૦ | શ્રીમતી એચ. વી. પટેલ ક્ન્યા બાલમંદિર | જ-૨ | આર્થિક ભાડાના દરે |
| ૧૧ | શ્રી ચોધરી મહિલા અધ્યાપન કોલેજ | છ | આર્થિક ભાડાના દરે |
| ૧૨ | શ્રી એસ. એસ. કોલેજ ઓફ એજ્યુકેશન | ચ<br>જ | આર્થિક ભાડાના દરે |
| ૧૩ | પી. કે ચોધરી મહિલા આર્ટસ કોલેજ | જ-૨ | આર્થિક ભાડાના દરે |
| ૧૪ | અશ્વિનભાઇ એ. પટેલ કોમર્સ કોલેજ | ચ<br>જ | આર્થિક ભાડાના દરે |
| ૧૫ | સ્વામિનારાયણ ઇન્સ્ટીટયુટ ઓફ ટેક્નોલોજી | છ | આર્થિક ભાડાના દરે |
| ૧૬ | જે. એમ. ચોધરી સાર્વજનીક ક્ન્યા વિદ્યાલય | જ-૨<br>જ | આર્થિક ભાડાના દરે |
| ૧૭ | શ્રીમતી આર. જી. પટેલ ગર્લ્સ સેકન્ડરી સ્કૂલ એન્ડ શ્રીમતી એસ. બી. પટેલ ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કુલ | છ<br>ચ-૧ | આર્થિક ભાડાના દરે |
| ૧૮ | સર્વ વિદ્યાલય પી. ટી. સી. ઇંગ્લીશ મીડીયમ કોલેજ | બી-૧<br>જ-૧ | આર્થિક ભાડાના દરે |

| અ.નં. | સંસ્થાનું નામ | ફાળવેલ આવાસની કક્ષા | ભાડાનો દર |
|---|---|---|---|
| ૧૯ | સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ | જ-૨ | આર્થિક ભાડાના દરે |
| ૨૦ | સ્વામી યોગાનંદ હાઇસ્કુલ | જ | આર્થિક ભાડાના દરે |
| ૨૧ | માઉન્ટ કાર્મેલ પ્રાથમિક શાળા | છ<br>જ-૧ | આર્થિક ભાડાના દરે |
| ૨૨ | શેઠ સી. એમ. હાઇસ્કુલ એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ | ચ<br>ચ-૧<br>જ-૨ | આર્થિક ભાડાના દરે |
| ૨૩ | શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ | ચ<br>ચ-૧<br>છ<br>બી-૧<br>જ-૨ | આર્થિક ભાડાના દરે |
| ૨૪ | ચોધરી ટેક્નીકલ ઇન્સ્ટીટયુટ | ચ-૧ | આર્થિક ભાડાના દરે |
| ૨૫ | શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા | જ | આર્થિક ભાડાના દરે |
| ૨૬ | શ્રી કે. બી. ઇન્સ્ટીટયુટ ઓફ ફાર્મસી | બી-૧ | આર્થિક ભાડાના દરે |
| ૨૭ | સેંટ ઝેવિયર્સ હાઇસ્કુલ | ચ<br>છ | આર્થિક ભાડાના દરે |
| ૨૮ | આર. એન. પટેલ પ્રાથમિક શાળા | જ | આર્થિક ભાડાના દરે |
| ૨૯ | એમ. બી. પટેલ ઇંગ્લીશ મીડીયમ સ્કૂલ | છ<br>જ | આર્થિક ભાડાના દરે |
| ૩૦ | સ્વામીનારાયણ હાઇસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ | ચ<br>છ | આર્થિક ભાડાના દરે |
| ૩૧ | જે. એમ. ચોધરી પ્રાથમિક વિદ્યાલય | ચ<br>જ | આર્થિક ભાડાના દરે |
| ૩૨ | સમર્પણ મુકબધિર શિશુ વિદ્યામંદિર | જ-૨<br>જ | આર્થિક ભાડાના દરે |
| ૩૩ | શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય | જ-૨<br>છ<br>ચ | આર્થિક ભાડાના દરે |
| ૩૪ | શેઠ હિરા લક્ષ્મી ઉચ્ચતર માધ્યમિક શાળા | જ-૧ | આર્થિક ભાડાના દરે |
| ૩૫ | વસંત કુંવરબા માધ્યમિક શાળા | જ | આર્થિક ભાડાના દરે |
| ૩૬ | શ્રી રામકૃષ્ણ પરમહંસ ટ્રસ્ટ | ઘ-૧ | આર્થિક ભાડાના દરે |
| ૩૭ | જ્યોતિ મહિલા મંડળ ઘોડિયા ઘર | ચ<br>જ | આર્થિક ભાડાના દરે |
| ૩૮ | શ્રીમતી આર. વી. સમાજપતિ ડાયરેકટરશ્રી | ચ | આર્થિક ભાડાના દરે |
| ૩૯ | વનરાજ એજ્યુ. ચેરીટેબલ ટ્રસ્ટ | જ | આર્થિક ભાડાના દરે |
| ૪૦ | સરગમ ક્લબ | ગ-૧ | આર્થિક ભાડાના દરે |
| ૪૧ | વર્ધમાન જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ | જ-૨ | આર્થિક ભાડાના દરે |
| ૪૨ | ગાંધીનગર દૂધ વપરાશ કો. ઓ. સ. મંડળી | ચ | આર્થિક ભાડાના દરે |
| ૪૩ | કચ્છ કાઠીયાવાડ સેવા સમાજ ટ્રસ્ટ | ચ | આર્થિક ભાડાના દરે |
| ૪૪ | શ્રધ્ધા કેળવણી મંડળ | ચ | આર્થિક ભાડાના દરે |
| ૪૫ | ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. | ચ<br>જ<br>ઘ | આર્થિક ભાડાના દરે<br><br>બજાર ભાડાના દરે |
| ૪૬ | તક્ષશિલા કેળવણી મંડળ, ગાંધીનગર | ચ-૧ | આર્થિક ભાડાના દરે |
| ૪૭ | પ્રેરણા વિદ્યાલય | જ-૧<br>જ-૨ | આર્થિક ભાડાના દરે |
| ૪૮ | એસ. એસ. પટેલ પી. ટી. સી. કોલેજ | જ-૧<br>છ | આર્થિક ભાડાના દરે |

**રાજકોટ શહેરમાં સાક્ષરદીપ કાર્યક્રમ**

૨૪૨૨ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ શહેરમાં નિરક્ષરતા નિવારણ માટે અભણ લોકોને અક્ષરજ્ઞાન આપવા માટે યોજાયેલા તા. ૧ થી ૧૨ જાન્યુઆરી - ૨૦૦૭ સુધીના સાક્ષરદીપ કાર્યક્રમનો કેટલા નિરક્ષરોએ લાભ લીધો, | (૧) આ સમયગાળામાં રાજકોટ શહેરમાં સાક્ષરદીપ કાર્યક્રમ યોજાયેલ ન હતો. |
| (૨) નિરક્ષરોમાંથી ભાઇઓ-બહેનો કેટલા અને કઇ ઉંમરના હતા, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સાક્ષરદીપ કાર્યક્રમ માટે શહેરમાં કેટલી જગ્યાએ વ્યવસ્થા ગોઠવાયેલ, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કુલ કેટલા સ્ટાફનો ઉપયોગ કરવામાં આવેલ ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વાગરા તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની સંખ્યા**

૨૪૭૪ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં વાગરા તાલુકામાં ધોરણ-૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની સંખ્યા તા. ૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ કેટલી છે, | (૧) એક પણ નહી. |
| (૨) એક પણ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળા ન હોવાના કારણો શા છે; અને | (૨) વિજ્ઞાન પ્રવાહ શરૂ કરવા કોઈ સંસ્થાની દરખાસ્ત મળેલ ન હોવાથી. |
| (૩) વાગરા તાલુકામાં સરકાર ગ્રાન્ટેડ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળા આપવા માંગે છે કે કેમ ? | (૩) વર્ષ ૨૦૦૮-૦૯ના અંદાજપત્રમાં જુન-૦૮થી વાગરા તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળા માટે જોગવાઈ કરેલ છે. |

--------

**વડોદરા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષણ**

૨૪૭૮ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ""બસમ"" નામી સંસ્થા ધ્વારા પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષણની તાલીમ વિદ્યાર્થીઓને આપવામાં આવી રહી છે તે હકીક્ત સાચી છે, અને | (૧) ""બસમ"" નામની સંસ્થા નહિ પરંતુ ""બ્લોસમ"" નામની સંસ્થા દ્વારા વડોદરા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષણની તાલીમ આપવામાં આવી રહી છે. |
| (૨) આ સંસ્થા સાથે જિલ્લા પ્રાથમિક શિક્ષણે ક્યા ક્યા પ્રકારના કરારો કરેલા છે ? | (૨) ""બ્લોસમ"" નામની સંસ્થાને જિલ્લા શિક્ષણ સમિતિ વડોદરાના તા. ૧૩/૭/૦૬ના ઠરાવ અનુસાર કોમ્પ્યુટર શિક્ષણ આપવા મંજુરી આપેલ છે. |

---------

**કન્યા કેળવણી રથયાત્રા અંતર્ગત પ્રવેશ**

૩૦૬૦ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કેળવણી રથયાત્રા વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન કુલ કેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે, અને | (૧) કુલ ૬,૪૫,૮૪૭ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે. |
| (૨) આ દરમ્યાન જન ભાગીદારીથી રોકડ તેમજ અન્ય દાન કેટલું મળેલ છે ? | (૨) રોકડ રૂા. ૫૭,૦૪,૩૧૭ તથા વસ્તુ સ્વરૂપે અંદાજીત રૂા. ૪,૦૬,૪૬,૭૫૨. |

---------

**પ્રાથમિક શિક્ષણમાં બી.એસ.સી., બી.એડ. શિક્ષકોની ભરતી અંગે**

૨૯૨૭ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ધોરણ-૫, ૬ અને ૭નું શિક્ષણ સુધારવા સરકારે બી.એસ.સી., બી.એડ. શિક્ષકોની ભરતી કરવાનો નિર્ણય લીધેલ તે હકીકત સાચી છે ? | ના, જી. |

---------

**સાલુજીના મુવાડામાં પ્રાથમિક શાળાના ઓરડા**

૩૫૨૫ **શ્રી ભાવસિંહ રાઠોડ (સમી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લાના ડભોડા ગામે આવેલ સાલુજીના મુવાડામાં પ્રાથમિક શાળાના ઓરડા સિન્ટેક્સના બદલે આર.સી.સી. વાળા બનાવવા માટેની માંગણી રાજ્ય સરકારને ક્યારે મળી, અને | (૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, ગાંધીનગરને તા. ૭/૭/૦૭ તથા તા. ૮/૧૦/૦૭ના રોજ મળી. |
| (૨) ઉનાળાની ગરમીમાં બાળકોને અભ્યાસમાં પડતી મુશ્કેલી નિવારવા સિન્ટેક્સના ઓરડા બનાવવા સરકારનું શું આયોજન છે ? | (૨) રાજ્ય સરકારે સને ૨૦૦૬-૦૭ના વર્ષથી પાકા ચણતરવાળા ઓરડાઓ જ બનાવવાની નીતિ અમલમાં મુકેલ છે. |

---------

**દક્ષિણ ગુજરાતનાં મત્સ્ય બંદરના વિકાસનું આયોજન**

૧૯૬૪ **શ્રીમતી ઉષાબેન ગી.પટેલ (પારડી) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દક્ષિણ ગુજરાતના વલસાડ નજીક પૂર્ણ કક્ષાના મત્સ્ય બંદર વિકસાવવાનું આયોજન છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યાં ક્યાં ? | (૨) ૧. ભદેલી જગાલાલા ૨. ઉમરગામ |

**ભરૂચ જિલ્લામાં નોન ગ્રાન્ટેબલ શાળાને ગ્રાન્ટેબલ શાળામાં મંજૂર કરવાની દરખાસ્ત**

૩૨૦૬ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નોન ગ્રાન્ટેબલ માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેબલ તરીકે મંજૂર કરવા કેટલી દરખાસ્તો રાજ્ય સરકારને મળી, | (૧) એક. |
| (૨) તે અન્વયે કઈ કઈ શાળાઓને મંજૂરી આપી, અનેએચબી-૧૧૩૦-૪ | (૨) ધી કેરવેલ હાઈસ્કુલ, મોવી, તાલુકો ઝગડીયા, જિ. ભરૂચ |
| (૩) બાકી રહેતી દરખાસ્તોને ક્યારે મંજૂરી આપવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ જિલ્લામાં ગામ તળાવો ઊંડા કરવાનું આયોજન**

>૨૧૭૪ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં કેટલા તાલુકામાં આગામી સમયમાં ગામ તળાવો ઊંડા કરવાનું આયોજન છે કે કેમ, અને | (૧) અમદાવાદ જિલ્લાના ૧૦ તાલુકામાં ગામ તળાવો ઊંડા કરવાનું આયોજન છે. |
| (૨) જો હા, તો તળાવો ઊંડા કરવાનું કામ ક્યારથી શરૂ કરવામાં આવશે. | (૨) નાણાકીય ફાળવણી થયેથી, સત્વરે. |

---------

**રાજ્યમાં અંગ્રેજી ભાષા જ્ઞાન વધારવા અંગે**

૩૦૫૫ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના યુવાનો અંગ્રેજીમાં બોલ-ચાલની ભાષાનું જ્ઞાન મેળવે તે સારુ રાજ્ય સરકારે તારીખ ૩૧-૧-૦૮ની સ્થિતિએ કોઈ યોજના વિચારેલ છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) ૧૫ થી ૩૫ વર્ષના યુવાનો અંગ્રેજીમાં બોલચાલની ભાષાનું જ્ઞાન મેળવે તે સારુ સ્કોપ SCOPE (સોસાયટી ફોર ક્રીએશન ઓફ ઓપોર્ચ્યુનીટી થ્રુ પ્રોફીસીયન્સી ઈન ઈંગ્લીંશ)ની રચના કરવામાં આવેલ છે. |

---------

**સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામે વિજ્ઞાનપ્રવાહની ઉચ્ચ માધ્યમિક શાળા ગ્રાન્ટેબલ કરવા અંગે**

૩૧૮૯ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકાર તરફથી ગ્રામ્ય વિસ્તારમાં ધો. ૧૧-૧૨ વિજ્ઞાનપ્રવાહ શરૂ કરવામાં આવે જેને ગ્રાન્ટેબલ ગણવી તેવી વારંવાર જાહેરાત કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો સાવરકુંડલા તાલુકામાં બાઢડા ગામે ધોરણ ૧૧-૧૨ વિજ્ઞાનપ્રવાહ શાળા ચાલે છે તેને ગ્રાન્ટેબલ કરવા માંગો છો કે કેમ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાના પેટાપરાને પાકા રસ્તાની સુવિધા**

૨૭૨૭ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાનાં ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાના કેટલા ગામો અને પેટાપરાઓ પાકા રસ્તાની સુવિધાથી વંચિત છે, અને

(૨) આ ગામોને પાકા રસ્તાની સુવિધા કેટલા સમયમાં પૂરી પાડવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાનાં ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાના તમામ મહેસુલી ગામો પાકા રસ્તાથી જોડાયેલ છે. જ્યારે નીચે મુજબના ૩ પરા પાકા રસ્તાની સુવિધાથી વંચિત છે.

| | પરા |
|---|---|
| ધંધુકા | - |
| બરવાળા | ૨ |
| રાણપુર | ૧ |
| **કુલ** | **૩** |

(૨) નાણાકિય ઉપલબ્ધતા અનુસાર

---------

**કચ્છ જિલ્લામાં પુલના કામ અંગે**

૨૯૯૬ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભૂજ-નાગોર-લોડાઈ રસ્તાના કિ.મી. ૫/૨ થી ૫/૬ વચ્ચે ખારી નદી પર પુલનું બાંધકામ કરવા સને ૨૦૦૧માં રૂા. ૯૯ લાખ મંજૂર કરવામાં આવેલ તે હકીકત સરકાર જાણે છે, | (૧) હા, જી. |

(૨) જો હા, તો આ પુલની કામગીરી તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે

(૩) આ કામ સત્વરે પૂર્ણ કરવા તબક્કાવાર શું આયોજન છે, અને

(૪) ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૨), (૩) અને (૪)

સ્થળ સ્થિતિને અનુરૂપ તાંત્રિક પૂર્તતા સાથેના વિગતવાર નકશા-અંદાજો તૈયાર થયે પૂરતી જોગવાઈ કરી પુલની કામગીરી હાથ ધરવા આયોજન છે.

---------

**આંગણવાડીઓના લાભાર્થીઓ માટે વિશેષ યોજના**

૩૦૭૧ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કોલગી સમિતિએ જાહેર કરેલ ૩૦ પછાત તાલુકાઓમાં આંગણવાડી લાભાર્થીઓ માટે કોઈ વિશેષ યોજના વિચારેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો ના, તો તેના કારણો શું છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**માર્ગ અને મકાન વિભાગના રસ્તાઓ માટે આદિજાતિ વિકાસ વિભાગે ફાળવેલ ગ્રાન્ટ**

૨૪૪૬ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં માર્ગ અને મકાન વિભાગના રસ્તાઓ માટે ટ્રાયબલ તાલુકાઓ માટે વર્ષવાર કેટલી રકમ ટ્રાયબલ વિભાગમાંથી ફાળવવામાં આવી,

(૨) એમાંથી ટ્રાયબલ તાલુકાઓ પ્રમાણે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) બાકીની રકમ ન ખર્ચવાનાં કારણો શા છે ?

**જવાબ**

(૧) આ ગ્રાન્ટ તાલુકાવાર નહીં પરંતુ વિભાગવાર ફાળવવામાં આવે છે.

| | |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૩૫.૧૪ કરોડ |
| ૨૦૦૬-૦૭ | ૨૪.૯૦ કરોડ |
| ૨૦૦૭-૦૮ | ૬૪.૦૨ કરોડ |
| (૩૧-૧-૦૮ અંતિત) | |

(૨)

| | |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૩૨.૯૪ કરોડ (૯૩.૭૩ ટકા) |
| ૨૦૦૬-૦૭ | ૨૪.૦૨ કરોડ (૯૬.૪૬ ટકા) |
| ૨૦૦૭-૦૮ | ૪૩.૮૦ કરોડ |
| (૩૧-૧-૦૮ અંતિત) | |

(૩) (૧) કામો પ્રગતિ હેઠળ હોઈ પ્રમાણ સર ખર્ચ થવાને કારણે તેમજ
(૨) વહીવટી પ્રક્રિયાને કારણે

**ખેડા જિલ્લામાં બિન ખેડૂતને ખેડૂત તરીકે દાખલ કરવા અંગે**

૨૯૦૫ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં ખેડૂત ન હોવા છતાં ૭-૧૨- અને ૮-અ માં ક્યા ખેડૂતોના નામ દાખલ થયા, અને | (૧) શૂન્ય |
| (૨) આ બાબતે સરકારે શા પગલાં લીધા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**મોરબી તાલુકાના શનાળા-ખાનપર રોડ પહોળો કરવા અંગે**

૨૪૨૪ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોરબી તાલુકાના શનાળા-ખાનપર રોડ બે જિલ્લાને જોડતો રસ્તો હોઇ તેને વાઇડનીંગ (પહોળો) કરી સ્ટેટને સોંપવા માગો છો કે કેમ; અને | (૧) ના, જી. |

(૨) જો હા, તો કેટલા સમયમાં સોંપવા માગો છો?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**કિસાન પથ યોજના હેઠળ ભરૂચ જિલ્લાના રસ્તાઓ**

૩૦૮૫ **શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કિસાનપથ યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮ ના આયોજનમાં ભરૂચ જિલ્લા માટે કેટલા રસ્તા કેટલી કિંમતના મંજૂર કર્યા; અને

(૨) તે ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) કિસાનપથ યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮ ના આયોજનમાં ભરૂચ જિલ્લા માટે ૧૯ રસ્તા રૂા. ૭૬૬.૨૦ લાખની કિંમતના મંજૂર કર્યા.

(૨) ૬ રસ્તાના કામ પૂર્ણ થયેલ છે. બાકીના ૧૩ રસ્તાના કામો જેમ બને તેમ ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે.

**નાયકા-ક્લોલી સાબરમતી વહેરાનો પુલ ઊંચો કરવા બાબત**

૩૫૨૪ **શ્રી જયંતભાઈ ર.પટેલ(સારસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના નાયકા-ક્લોલી રોડ પર સાબરમતી વહેરાનો પુલ ઊંચો ન બનતાં ચોમાસામાં આ વિસ્તારમાં પાણી ભરાઇ જતાં અમદાવાદ બારેજાથી સંપર્ક તૂટી જાય છે. જેથી ગામના લોકોને મેડિક્લ સારવાર અને અમદાવાદ સાથેના અન્ય વ્યવહારમાં ખૂબજ મુશ્કેલી પડે છે તો આ પુલ ઊંચો બનાવવા અંગેનું કામ મંજૂર થયેલ છે; અને

(૨) જો હા, તો શા માટે કામ શરૂ કરવામાં આવતું નથી ?

**જવાબ**

(૧) ના, હાલમાં આ પુલ ઊંચો બનાવવા અંગેનું કામ મંજૂર થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યના શહેરો માટે આપત્તિ વ્યવસ્થાપન**

૨૬૬૨ **ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યના શહેરોને આપત્તિ વ્યવસ્થાપન માટે ક્યા સાધનો પૂરા પાડવામાં આવેલ છે ?

**જવાબ**

રાજ્યના શહેરોને આપત્તિ વ્યવસ્થાપન માટે નીચે દર્શાવ્યા પ્રમાણેના સાધનો પૂરા પાડવામાં આવેલ છે.

(૧) અંડર વોટર બ્રીથીંગ એપરેટસ

(૨) હાઇડ્રોલીક રેસ્ક્યુ ટુલ્સ

(૩) ઇનફ્લેટેબલ બોટ (રબર)

(૪) એફ. આર.પી. બોટ

(૫) ઇમરજન્સી રેસ્ક્યુ કીટ લાઇફ જેકેટ, લાઇફ બોયા અને પોલી પ્રોપીલીન રોપ

(૬) રેસ્ક્યુ સ્કીડ / ટ્રેઇલર

(૭) ટેમ્પરરી ઇન્સ્ટન્ટ શેલ્ટર (સ્ટીલ ફોલ્ડીંગ ટેન્ટ)

(૮) ડીઝલ જનરેટીંગ સેટ ૫ કે. વી. એ.

(૯) અંડર વોટર સર્ચ કેમેરા

(૧૦) પોર્ટેબલ જનરેટીંગ સેટ ૨.૧ કે. વી. એ.

(૧૧) નાઇટ વિઝન ડીવાઇસ

(૧૨) રેડીયો

(૧૩) ટી. વી.

(૧૪) સેલફોન

(૧૫) રેપીડ રીસ્પોન્સ વેહીકલ

(૧૬) મીની હાઇપ્રેસર ટેન્ડર

(૧૭) ફોમ ટેન્ડર

(૧૮) ગોલ્ડન અવર રેસ્ક્યુ વાન

(૧૯) હાઇ વોલ્યુમ ટ્રેઇલર પમ્પ ૨૪૦૦૦ એલપીએમ

(૨૦) મીની હાઇ પ્રેસર ફાયર ટેન્ડર વીથ એસોસિએટેડ ઇક્વીપમેન્ટસ

(૨૧) મલ્ટી ડીસીપ્લીનરી રેસ્ક્યુ વેહીકલ વીથ એરબોટ વીથ એસોસિએટેડ ઇક્વીપમેન્ટસ

**સુરત જિલ્લાના મોરા ગામની સ્મશાન ભૂમિ ઉપર દબાણ બાબત**

૨૮૨૩ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મોરા ગામ સુરત જિલ્લા ખાતે ગામની સ્મશાનની ભૂમિ ઉપર એસ્સારે દબાણ કર્યુ છે તો સરકારે શાં પગલાં ભર્યા ?

**જવાબ**

સુરત જિલ્લાના મોરા ગામની સ્મશાન ભૂમિ પર એસ્સારે દબાણ કર્યુ નથી.

**મૃત્યુ પામેલ ખેડૂતના પરિવારની સહાય મેળવવાની અરજીઓ**

૩૩૧૯ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ આકસ્મિક રીતે મૃત્યુ પામેલ ખેડૂતોના પરિવારોની સહાય મેળવવા માટેની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) ના મંજૂર અરજીઓના કારણો શું છે, અને

**જવાબ**

(૧) ૨૩૬.

(૨) ૮૧.

(૩) યોજનાની જોગવાઈ મુજબની દાવા અરજીઓ ન હોવાથી તથા અરજદાર તરફથી સાધનિક કાગળો રજુ ન થવાના કારણે.

(૪) મંજૂર થયેલ અરજીઓના ખેડૂતોને ક્યારે સહાય ચૂકવવામાં આવશે ?

(૪) મંજૂર થયેલ દાવા અરજીઓનું ચૂકવણુ કરી દેવામાં આવેલ છે.

--------

**મહેસાણા જિલ્લામાં નાણાં પંચ યોજના હેઠળ મંજૂર કરેલ રસ્તાઓ**

૩૦૮૩ **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૧૨મા નાણાં પંચ અંતર્ગત વર્ષ ૨૦૦૭-૦૮ દરમિયાન તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં મહેસાણા જિલ્લામાં કેટલા રસ્તા કેટલી કિંમતના મંજૂર કર્યા,

(૨) આ કામગીરી હાલ ક્યા તબકકે છે, અને

(૩) ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) આ સમયગાળા દરમ્યાન એક પણ રસ્તાને મંજુરી મળેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**કિસાન પથ યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લાના રસ્તાઓ**

૩૦૮૬ **શ્રી અનિલકુમારઅ.માળી(દીઓદર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કિસાનપથ યોજના હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮ના આયોજનમાં બનાસકાંઠા જિલ્લા માટે કેટલા રસ્તા કેટલી કિંમતના મંજૂર કર્યા, અને

(૨) તે ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળ સને ૨૦૦૭-૦૮ના આયોજનમાં કુલ ૧૮ રસ્તા રૂા. ૧૪૮૫.૮૬ લાખની કિંમતના મંજૂર કર્યા.

(૨) કરારખતની સમય મર્યાદામાં પુર્ણ કરવાનું આયોજન છે.

---------

**ગારીયાધાર થી સાવરકુંડલાને જોડતો શેત્રુંજી નદીનો પુલ જર્જરીત હોવા બાબત**

૩૩૧૬ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગારીયાધાર થી સાવરકુંડલાને જોડતો શેત્રુંજી નદીનો પુલ જર્જરીત થયેલ તે હકીક્ત સાચી,

(૨) આ પુલ જર્જરીત હોવાને કારણે સતત અકસ્માતો થતા રહે છે તે સરકાર જાણે છે, અને

(૩) જો હા, તો આ પુલની રિપેરીંગની કામગીરી કરવા સરકાર શાં પગલાં લેવા માંગે છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) અને (૩)
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ટેકનિકલ શિક્ષણમાં ગુણવત્તા સુધારણા**

૩૦૬૩ **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ટેકનિકલ શિક્ષણમાં ગુણવત્તા સુધારણા માટે રાજ્ય સરકાર શું શું પ્રયત્નો કરી રહી છે ?

**જવાબ**

ટેકનિકલ શિક્ષણમાં ગુણવત્તા સુધારણા માટે રાજ્ય સરકાર નીચે મુજબ પ્રયત્ન કરી રહી છે.

૧. લેંગ્વેજ લેબોરેટરીની સ્થાપના
૨. અધ્યાપકોને ઉચ્ચ અભ્યાસ
૩. સંસ્થાઓનું એક્રેડીટેશન
૪. સંસ્થાઓ ખાતે લાઈબ્રેરી તથા પ્રયોગ શાળાઓનું આધુનિકરણ
૫. ટેક્નોલોજીકલ યુનિવર્સિટી
૬. ગુજરાત નોલેજ કોર્પોરેશન
૭. આઈ.આઈ.ટી. બોમ્બેનુ રાજ્યમાં એકમ
૮. કોલેજ ટુ કેરીયર પ્રોગ્રામ
૯. મહિલાઓની સ્વરોજગારીના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવેલ છે.

---------

## બનાસકાંઠા જિલ્લામાં શિયાળુ પાકને નુક્સાન બદલ વળતર

૨૮૨૫ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૦૮ના જાન્યુઆરી થી ૧૦ ફેબ્રુઆરી-૨૦૦૮ના સમયગાળા દરમ્યાન હિમ પ્રપાતથી બે ડીગ્રી કરતાં પણ નીચું ઉષ્ણતામાન થતાં શિયાળુ પાકોને ખૂબજ મોટા પ્રમાણમાં નુકશાન થયેલ છે તેવા ખેડૂતોનો સર્વે કરવી, નુક્સાનના આંકડા મેળવી સરકાર તાત્કાલિક કોઇ વળતર ચૂકવવા વિચારી રહેલ છે કે કેમ, | (૧) ખેતી તથા બાગાયતી પાકોમાં કોઇ નુકશાન થયેલ ન હોવાથી વળતર ચૂકવવાનો પ્રશ્ન નથી. |
| (૨) જો હા, તો તેની શું વિગતો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી. |
| (૩) જો ના, તો તેના શું કારણો છે ? | (૩) હિમપ્રપાત સમયગાળા દરમ્યાન બટાટા તેમજ શાકભાજી પાકોમાં સતત પિયત અપાયેલ હોવાથી નુક્સાન કરી શકે તેવા સંભવિત વાતાવરણનો સમયગાળો લાંબા સમય સુધી ન રહેતા કોઇ નુકશાન થયેલ નથી.<br>જ્યારે ઉભા પાકોમાં પણ હિમપ્રપાત એક દિવસથી વધુ ન રહેતા કોઇ નુકશાન થયેલ નથી. |

--------

## રાજ્યમાં કુદરતી આપત્તિઓ સામે કરાયેલ ખર્ચ

૩૫૮૫ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કુદરતી આપત્તિઓ સામે તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) રૂા. ૧૦૭૭.૩૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો. |
| (૨) આ કુદરતી આપત્તિઓ માટે કેન્દ્ર સરકાર તરફથી કેટલી મદદ મળી, અને | (૨) રૂા. ૨૯૫.૪૩૫ કરોડ. |
| (૩) આ આપત્તિઓને પહોંચી વળવા સરકાર પાસે કેટલું ભંડોળ છે ? | (૩) સને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં કુદરતી આપત્તિઓને પહોંચી વળવા રૂા. ૩૨૭.૧૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. |

---------

## અમરેલી જિલ્લા મત્સ્યબંદર વિકાસ અંગે

૩૦૪૪ **શ્રી હનુભાઈ ધોરાજીયા (લાઠી) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના મત્સ્ય બંદરનો વિકાસ કરવાનું આયોજન છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) જાફરાબાદ ખાતે રૂા. ૧૬.૬૭ કરોડના ખર્ચે મત્સ્ય બંદર વિક્સાવવાનું આયોજન છે. |

---------

## અમદાવાદ જિલ્લામાં નાણાપંચ હેઠળ મંજૂર કરેલ રસ્તાઓ

૩૦૮૪ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૧૨મા નાણાંપંચ અંતર્ગત વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં અમદાવાદ જિલ્લા માટે કેટલા રસ્તાઓ કેટલી કિંમતના મંજૂર ક્ર્યા, અને<br>(૨) આ કામગીરી હાલ ક્યા તબક્કે છે ? | (૧) અને (૨)<br>આ સમયગાળા દરમ્યાન એક પણ રસ્તાને મંજુરી મળેલ ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાધનપુર થી પાટણને જોડતા ટૂંકા રસ્તાના કામ અંગે**

૩૩૮૯ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાધનપુર થી પાટણને જોડતો ટૂંકો રસ્તો મંજૂર થયેલ કે કેમ, અને

(૨) જો હા, તો રસ્તાનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) રાધનપુર-પાટણના ટુંકા જોડાણની કુલ લંબાઇ ૫૦.૯૧ કિ.મી. પૈકી ૨૭.૧૯ કિ.મી. હયાત છે. ૧૧.૦૨ કિ.મી. માં કામગીરી પ્રગતિ હેઠળ છે જ્યારે ૧૨.૭૦ કિ.મી. લંબાઇની ખુટતી કડીની લાઇન દોરીને સૈધાન્તિક મંજુરી આપેલ છે.

(૨) આ રસ્તાની ૧૧ કિ.મી. લંબાઇમાં કામ પ્રગતિ હેઠળ છે જ્યારે બાકી રહેતી લંબાઇની વહીવટી પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ હાથ ધરવાનું આયોજન છે.

---------

**માંડવી અને બારડોલી તાલુકામાં જમીન હદની માપણી અંગે**

૩૫૫૪ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના માંડવી અને બારડોલી તાલુકાના આદિવાસી ખેડૂતોની જમીનની હદની માપણી અંગેની અરજીઓ પર સમયસર કાર્યવાહી કરવામાં આવતી નથી તે સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો આ બાબતે કેટલી અરજીઓ મળી અને તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કર્યો અને કેટલી અરજીઓ પડતર છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના માંડવી અને બારડોલી તાલુકાના આદિવાસી ખેડૂતોની જમીનની હદ માપણી અંગેની અરજીઓ પર સમયસર કાર્યવાહી કરવામાં આવે છે.

(૨) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના માંડવી અને બારડોલી તાલુકાના આદિવાસી ખેડૂતોની જમીનની હદ માપણી અંગેની મળેલ અરજીઓ અને તે પૈકી નિકાલ કરેલ અને બાકી રહેલ અરજીઓની સંખ્યા નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા | નિકાલ કરેલ અરજીઓની સંખ્યા | બાકી અરજીઓની સંખ્યા |
|---|---|---|---|
| માંડવી | ૭૫ | ૫૯ | ૧૬ |
| બારડોલી | ૨૬ | ૨૩ | ૦૩ |
| કુલ : | ૧૦૧ | ૮૨ | ૧૯ |

--------

**ગ્રાન્ટેબલ કરાયેલ માધ્યમિક શાળાઓ અંગે**

૩૦૬૬ **શ્રી અનિલકુમાર પટેલ(મહેસાણા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષમાં વર્ષવાર કેટલી માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેબલ મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી આદિજાતિ વિસ્તારમાં કેટલી શાળાઓને મંજૂરી આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષમાં વર્ષવાર નીચે મુજબની મંજૂરી આપવામાં આવી છે.

| વર્ષ | સંખ્યા |
|---|---|
| ૨૦૦૫-૨૦૦૬ | ૦૦ |
| ૨૦૦૬-૨૦૦૭ | ૦૦ |
| ૨૦૦૭-૨૦૦૮ | ૩૪ |

(૨) તે પૈકી આદિજાતિ વિસ્તારમાં ૨૪ શાળાઓને મંજૂરી આપવામાં આવી છે.

---------

**ભાવનગર જિલ્લાના એપ્રોચ રોડ રીકાર્પેટ કરવા બાબત**

૩૩૬૦ **ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાનાં મહુવા તાલુકાનાં તરેડી ગામનાં એપ્રોચ રોડમાં છેલ્લા ચૌદ વર્ષથી રિકાર્પેટ કામગીરી થવા પામેલ નથી, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧૬ રસ્તા

ભાવનગર જિલ્લામાં આવા કેટલા રોડ છે, અને

(૩) તેને રિકાર્પેટ કરવા સરકારનું શું આયોજન છે ?

(૩) એક રસ્તાનું કામ પ્રગતિમાં છે, બાકીના ૧૫ રસ્તાને રીકાર્પેટ કરવા માટે નાણાકિય ઉપલબ્ધતા અનુસાર આયોજન વિચારવામાં આવશે.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં કપાસનું ઉત્પાદન**

૨૭૧૬ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) સન ૨૦૦૭ ના વર્ષમાં રાજ્યમાં કુલ કેટલું કપાસનું ઉત્પાદન થયું, અને

(૧) અંદાજે ૮૭.૮૭ લાખ ગાંસડી.

(૨) આ ઉત્પાદન પૈકીનું સુરેન્દ્રનગર જિલ્લાનું ઉત્પાદન કેટલું ?

(૨) અંદાજે ૧૦.૭૬ લાખ ગાંસડી.

---------

**કન્યા કેળવણી નિધિની રચના**

૩૩૧૦ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) કન્યા કેળવણીને ઉત્તેજન આપવા માટે રાજ્ય સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં શા પગલાં લીધા,

(૧) કન્યા કેળવણીને ઉત્તેજન આપવા નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

| **પ્રાથમિક શાળાઓમાં ભણતી કન્યાઓ માટે** |
|---|
| * કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશ મહોત્સવ કાર્યક્રમનું આયોજન |
| * માન. મુખ્ય મંત્રીશ્રીની કન્યા કેળવણી નિધિની રચના |
| * વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના |
| * કન્યાઓ માટે અલગથી સેનીટેશન સુવિધા |
| **માધ્યમિક શાળાઓમાં ભણતી કન્યાઓ માટે** |
| * વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના |
| * કન્યાઓ માટે ૩૯ માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવેલ છે. |

(૨) સરકારે કન્યા કેળવણી નિધિની રચના કરેલ છે કે કેમ, અને

(૨) માન. મુખ્ય મંત્રીશ્રીની કન્યા કેળવણી નિધિની રચના કરવામાં આવેલ છે.

(૩) આ નિધિમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ કેટલું ભંડોળ મળેલ છે ?

(૩) રૂા. ૧૪,૮૨,૯૬,૫૮૪.

---------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં ગોચરની જમીન મેળવવાની અરજીઓ**

૩૫૪૬ શ્રી અમરસિંહ રા. વસાવા(દેડિયાપાડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં ગોચરની જમીનો મેળવવા માટે કેટલી એજન્સીઓએ સન-૨૦૦૬ થી ૨૦૦૭ સુધીમાં અરજીઓ કરેલ છે; અને

(૧)

| | જિલ્લો | અરજી કરનાર એજન્સીઓની સંખ્યા | અરજીઓની સંખ્યા |
|---|---|---|---|
| (૧) | ભરૂચ | ૬ | ૧૫ |
| (૨) | નર્મદા | ૧ | ૧ |
| | કુલ | ૭ | ૧૬ |

(૨) કેટલી અરજીઓનો નિકાલ કરેલ છે ?

(૨)

| | જિલ્લો | નિકાલ કરેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| (૧) | ભરૂચ | ૧૦ |
| (૨) | નર્મદા | -- |
| | કુલ | ૧૦ |

--------

**કચ્છ જિલ્લામાં નિરાધાર વિધવા બહેનોને સહાય**

૩૫૦૫ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ નિરાધાર વિધવા બહેનોને નિયમ અનુસાર અપાતી સહાય નિયમિત મળતી નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ત્રણ મહીના કરતાં વધુ મોડી સહાય ચૂકવવાનાં કારણો શું; અને

(૩) જો ના, તો છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ નિરાધાર વિધવા બહેનોની સહાય માટે નિર્ધારીત રકમની ગ્રાન્ટ ક્યારે ક્યારે છૂટી કરાઈ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ નિરાધાર વિધવા બહેનોને સહાય માટે નિર્ધારિત રકમની છુટી કરેલ ગ્રાન્ટનું પત્રક નીચે મુજબ છે.

પત્રક

| | માંગણી નં. ૧૦૬ પ્લાન | માંગણી નં. ૯૫ પ્લાન | માંગણી નં. ૯૬ પ્લાન |
|---|---|---|---|
| | (જનરલ) | અનુસૂચિતજાતિ | અનુસૂચિત જનજાતિ |
| | તારીખ | તારીખ | તારીખ |
| ૧ | ૧૫-૧-૨૦૦૫ | ૨૭-૧-૨૦૦૫ | ૨૫-૧--૨૦૦૫ |
| ૨ | ૨૪-૩--૨૦૦૫ | ૨૨-૨-૨૦૦૫ | ૧૧-૩-૨૦૦૫ |
| ૩ | ૨૪-૩-૨૦૦૫ | ૧૧-૩-૨૦૦૫ | ૨૫-૪-૨૦૦૫ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૪ | ૨૪-૩-૨૦૦૫ | ૨૫-૪-૨૦૦૫ | ૧-૬-૨૦૦૫ |
| ૫ | ૧૬-૪-૨૦૦૫ | ૨-૬-૨૦૦૫ | ૨-૭-૨૦૦૫ |
| ૬ | ૧-૬-૨૦૦૫ | ૫-૭-૨૦૦૫ | ૨૫-૭-૨૦૦૫ |
| ૭ | ૨૭-૬-૨૦૦૫ | ૧૮-૭-૨૦૦૫ | ૨૪-૮-૨૦૦૫ |
| ૮ | ૧૧-૭-૨૦૦૫ | ૧-૯-૨૦૦૫ | ૧૬-૯-૨૦૦૫ |
| ૯ | ૧૦-૮-૨૦૦૫ | ૧૯-૯-૨૦૦૫ | ૧૪-૧૦-૨૦૦૫ |
| ૧૦ | ૧૨-૯-૨૦૦૫ | ૧૫-૧૦-૨૦૦૫ | ૧૯-૧૧-૨૦૦૫ |
| ૧૧ | ૧૪-૧૦-૨૦૦૫ | ૨૨-૧૧-૨૦૦૫ | ૨૨-૧૨-૨૦૦૫ |
| ૧૨ | ૯-૯-૨૦૦૫ | ૨૨-૧૨-૨૦૦૫ | ૧૭-૧૦-૨૦૦૫ |
| ૧૩ | ૨૯-૧૦-૨૦૦૫ | | |
| ૧૪ | ૧૫-૧૨-૨૦૦૫ | | |
| વર્ષ ૨૦૦૬ | | | |
| ૧ | ૨૭-૨-૨૦૦૬ | ૨૪-૨-૨૦૦૬ | ૩૧-૧-૨૦૦૬ |
| ૨ | ૧૭-૩-૨૦૦૬ | ૧૭-૪-૨૦૦૬<br>૫-૬-૨૦૦૬ | ૧૫-૪-૨૦૦૬ |
| ૩ | ૧૫-૪-૨૦૦૬ | ૧-૭-૨૦૦૬ | ૧-૬-૨૦૦૬ |
| ૪ | ૩૦-૫-૨૦૦૬ | ૨૬-૭-૨૦૦૬ | ૩૧-૭-૨૦૦૬ |
| ૫ | ૩૦-૬-૨૦૦૬ | ૧૧-૧૦-૨૦૦૬ | ૨૧-૧૧-૨૦૦૬ |
| ૬ | ૨૫-૭-૨૦૦૬ | | |
| ૭ | ૩-૧૦-૨૦૦૬ | | |
| વર્ષ ૨૦૦૭ | | | |
| ૧ | ૪-૧-૨૦૦૭ | ૧૦-૧-૨૦૦૭ | ૧૬-૪-૨૦૦૭ |
| ૨ | ૪-૧-૨૦૦૭ | ૨૩-૩-૨૦૦૭ | ૨૦-૭-૨૦૦૭ |
| ૩ | ૧૬-૩-૨૦૦૭ | ૧૬-૪-૨૦૦૭ | ૨૪-૧૦-૨૦૦૭ |
| ૪ | ૩૦-૩-૨૦૦૭ | ૬-૭-૨૦૦૭ | ૨૦-૧૧-૨૦૦૭ |
| ૫ | ૪-૪-૨૦૦૭ | ૨૪-૧૦-૨૦૦૭ | |
| ૬ | ૬-૭-૨૦૦૭ | ૨૧-૧૧-૨૦૦૭ | |
| ૭ | ૮-૧૦-૨૦૦૭ | | |
| ૮ | ૨૦-૧૧-૨૦૦૭ | | |

---------

**સર્વ શિક્ષા અભિયાન હેઠળ વોટર હાર્વેસ્ટીંગના કામ**

૩૩૦૯ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમ્યાન તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત રેઈન વોટર હાર્વેસ્ટીંગના કેટલા કામો હાથ ધરવામાં આવ્યા હતા, | (૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૦૬-૦૭ માં કુલ ૧૯૮ અને વર્ષ ૨૦૦૭-૦૮માં કુલ ૨૨૧ રેઈન વોટર હાર્વેસ્ટીંગના કામો હાથ ધરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, | (૨) વર્ષ ૨૦૦૬-૦૭માં ૧૯૮ પૈકી તમામ કામો તેમજ વર્ષ ૨૦૦૭-૦૮માં ૨૨૧ પૈકી ૧૩૫ રેઈન વોટર હાર્વેસ્ટીંગના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. |
| (૩) કેટલા કામો પૂર્ણ કરવાના બાકી છે; અને | (૩) વર્ષ ૨૦૦૬-૦૭માં એક પણ નહીં અને વર્ષ ૨૦૦૭-૦૮માં ૨૨૧ પૈકી ૮૬ રેઈન વોટર હાર્વેસ્ટીંગના કામો પ્રગતિમાં છે. |
| (૪) બાકી કામો પૂર્ણ કરવાનું શું આયોજન છે? | (૪) પ્રગતિમાં રહેલ ૮૬ કામો પૈકી ૮૧ કામો ૩૧-૦૩-૨૦૦૮ સુધીમાં તેમજ ૫ કામો ૩૦-૦૪-૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**મહેસૂલ વિભાગના ઠરાવો, પરિપત્રોને સંકલિત કરવા અંગે**

૩૦૪૬ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વહીવટી સુધારણાના ભાગ રૂપે મહેસૂલ વિભાગ દ્વારા તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઠરાવો/પરિપત્રોને સંકલિત કરવાનું આયોજન થયું હતું કે કેમ; અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા ઠરાવો/પરિપત્રો સંકલિત કરવામાં આવેલા છે ? | (૨) બે |

---------

**પંચમહાલ જિલ્લામાં ઘરવિહોણા ખેતમજૂરોને પ્લોટ આપવા બાબત.**

૨૪૮૧ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)પંચમહાલ જિલ્લામાં આવેલ ગામતળમાં ઘરવિહોણા ખેત મજૂરોને પ્લોટ બેઠી કિંમતે અને હરાજીથી આપવાની જોગવાઈ હાલમાં ચાલુ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે મુજબ ખેતમજૂરોને લાભ અપાય છે કે કેમ, | (૨) હા, જી. માગણી હોય તો લાભ અપાય છે. |
| (૩) જો ના, તો ગામતળમાં ધનિક લોકોને ઉંચુ પ્રિમિયમ લઈ પ્લોટ અપાય છે કે કેમ, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) સરકાર આ ખેત મજૂરોને ઘરથાળના પ્લોટ મળે તેવું આયોજન કરવા વિચારે છે; અને | (૪) જોગવાઈ ચાલુ હોઈ આયોજન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) જો હા, તો કેટલા સમયમાં? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વડોદરા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ**

૩૫૫૯ **શ્રી મોહસિંહ છો.રાઠવા(જેતપુર પાવી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ તાલુકાવાર કેટલી આંગણવાડીનાં કેન્દ્રો ચાલે છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કુલ-૨૨૮૩ આંગણવાડી કેન્દ્રો ચાલે છે. |

| અ. નં. | ઘટકનું નામ | કાર્યાન્વિત આંગણવાડી કેન્દ્ર |
|---|---|---|
| ૧ | છોટા-ઉદેપુર-૧ | ૧૮૪ |
| ૨ | વડોદરા (અર્બન-૧) | ૧૭૭ |
| ૩ | નસવાડી | ૧૪૨ |
| ૪ | ડભોઈ | ૧૯૦ |
| ૫ | પાવી-જેતપુર | ૨૦૪ |
| ૬ | શિનોર | ૮૩ |
| ૭ | સંખેડા | ૧૦૨ |
| ૮ | વડોદરા(રૂરલ-૧) | ૧૨૩ |
| ૯ | કરજણ | ૧૨૫ |
| ૧૦ | સાવલી | ૨૦૯ |
| ૧૧ | પાદરા | ૨૨૦ |
| ૧૨ | વડોદરા (અર્બન-૨) | ૧૨૦ |
| ૧૩ | વાઘોડીયા | ૧૧૬ |
| ૧૪ | છોટાઉદેપુર-૨ (ક્વાંટ) | ૧૬૬ |
| ૧૫ | વડોદરા (રૂરલ-૨) | ૧૨૨ |
| | કુલ : | ૨૨૮૩ |

(૨) તે પેકી જેતપુર-પાવી, ક્વાંટ, છોટાઉદેપુર, નસવાડી અને એ તાલુકાઓમાં કેટલી આંગણવાડી કાર્યકરો (બહેનો) ની જગ્યા ભરવાની બાકી છે ?

(૨) નીચે મુજબ જગાઓ ખાલી છે.

| તાલુકાનું નામ | શહેરની સ્થાનિક ખાલી જગા | તાલુકામાં ખાલી જગા | કુલ |
|---|---|---|---|
| જેતપુર-પાવી | ૦ | ૩ | ૩ |
| ક્વાંટ | ૧ | ૬ | ૭ |
| છોટાઉદેપુર | ૨ | ૧૭ | ૧૯ |
| નસવાડી | ૦ | ૮ | ૮ |
| કુલ : | ૩ | ૩૪ | ૩૭ |

--------

## નાના માછીમારોને ફાળવવામાં આવતું કેરોસીન

૨૪૬૨ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાળા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં નાના માછીમારોને ફાળવવામાં આવતું કેરોસીનનું પ્રમાણ કેટલું છે, અને

(૨) આવા નાના માછીમારોને ફાળવાતા કેરોસીનમાં સરકાર વધારો કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) માસિક ૧૨૦૦ કીલોલીટર.

(૨) હાલમાં વિચારણા હેઠળ નથી.

---------

## દાંડીયાત્રાના એતિહાસિક માર્ગ અંગે

૩૫૮૮ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાંડી યાત્રા એતિહાસિક માર્ગની મંજૂરી ક્યારે આપવામાં આવેલ છે, અને

(૨) આ માર્ગની લંબાઈ કેટલી છે ?

**જવાબ**

(૧) ભારત સરકારશ્રીના ભૂતળ પરિવહન મંત્રાલયના તા. ૧-૬-૨૦૦૬ના ગેઝેટથી અમદાવાદ દાંડી હેરીટેજ રૂટને રા. ધો. માર્ગ નં. ૨૨૮ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) આ માર્ગની લંબાઈ ૩૮૬.૦૪ કી. મી. છે.

---------

## રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧ થી ૭ ના પાઠ્ય પુસ્તકો આપવાનો ખર્ચ

૩૨૩૯ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધોરણ ૧ થી ૭ના પાઠ્ય પુસ્તકો મફ્ત આપવાનો ખર્ચ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલો થયો છે, અને

(૨) આવા પાઠ્ય પુસ્તકો બજારમાં ખુલ્લેઆમ વેચાય છે તે અટકાવવા સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૬-૦૭ -રૂા. ૩૭,૫૨,૨૩,૬૩૧
વર્ષ ૨૦૦૭-૦૮ -રૂા. ૪૮,૧૦,૨૩,૪૯૯

(૨) સરકારે નીચે મુજબના પગલાં લીધેલ છે.

- ટાઈટલ કવર ઉપર ""રાજ્ય સરકારશ્રીની વિનામૂલ્ય યોજના હેઠળનું પુસ્તક"" એવું મુદ્રણ કરવામાં આવેલ છે.
- કિંમતવાળાં પાઠ્યપુસ્તકો અને વિનામૂલ્ય યોજના

હેઠળના પાઠ્યપુસ્તકોના ટાઈટલ કવરની ડીઝાઈન અલગ તેયાર કરવામાં આવેલ છે.

- વિના મૂલ્ય યોજનાનાં પાઠ્યપુસ્તકોના ટાઈટલ કવરના પીઠ ભાગ ઉપર પટ્ટા મૂક્વામાં આવેલા છે.
- વિનામૂલ્ય યોજના હેઠળના પાઠ્યપુસ્તકોના વિતરણ માટે આવક અને જાવક રજીસ્ટર તાલુકા, પગારકેન્દ્ર શાળા અને શાળા ક્ક્ષાએ નિભાવવા તેમજ કેળવણી નીરીક્ષકો/ સુપરવાઈઝરોને શાળાની મુલાકાત વખતે તેની ચકાસણી કરવાની સૂચના આપવામાં આવેલ છે.
- આવક અને જાવક રજીસ્ટરમાં નોંધ કરી જવાબદાર કર્મચારી/વ્યક્તિની સહી મેળવી લેવાની સૂચના આપવામાં આવેલ છે.
- દરેક બાળકને પાઠ્યપુસ્તકો મળી જાય અને વિનામૂલ્ય યોજનાનાં પાઠ્યપુસ્તકો કોઈ જગ્યાએ બજારમાં ન વેચાય તેની તકેદારી રાખવા કેળવણી નિરીક્ષકોને સૂચના આપવા તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને જણાવવામાં આવેલ છે.

---------

**બાયડ તાલુકામાં ખાનગી/સરકારી કોલેજના આયોજન અંગે**

૩૩૮૯ **શ્રી ઉદેસિંહ પું.ઝાલા (બાયડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બાયડ તાલુકામાં હજુ સુધી કોઈ કોલેજ ખાનગી ક્ક્ષાએ સરકારી ક્ક્ષાએ અસ્તિત્વમાં નથી એ બાબત સરકાર જાણે છે કે કેમ, અને | (૧) બાયડ તાલુકામાં સ્વનિર્ભર બે બી.એડ. કોલેજો અને એક ફાર્મસી કોલેજ અસ્તિત્વમાં છે સરકારી કોલેજ નથી. |
| (૨) જો હા, તો સરકાર બાયડ તાલુકામાં કોલેજ શરૂ કરવા વિચારે છે કે કેમ, અને તે અંગે શું આયોજન છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**હાઇકોર્ટના ચુકાદા મુજબ મદદનીશ ઇજનેર અને અધિક મદદનીશ ઇજનેરને બઢતી**

૩૩૦૨ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) માર્ગ અને મકાન વિભાગ હેઠળ નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા હેઠળ મદદનીશ ઈજનેર અને અધિક મદદનીશ ઈજનેરને નાયબ કાર્યપાલક ઈજનેરની બઢતી બેકલોગમાંથી ભરવાના હુકમો થયેલ છે તે હકીકત સાચી છે; અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેનો અમલ રાજ્ય સરકારે કરેલ છે કે કેમ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

૬૭

**કોલગી સમિતિએ જાહેર કરેલ અતિ પછાત તાલુકાઓમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ**

૩૫૭૬ **શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| કોલગી સમિતિએ જાહેર કરેલા ૩૦ અતિ પછાત તાલુકાઓમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ કરવા સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવ્યું છે ? | કોલગી સમિતિએ જાહેર કરેલા ૩૦ અતિ પછાત તાલુકાઓમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ કરવા નીચે મુજબ આયોજન કરેલ છે. |

- ❖ બી.પી.એલ. હેઠળના કુટુંબો અને ૩૫ ટકા થી ઓછો સાક્ષરતા દર હોય તેવા ગામોની કન્યાઓ માટે વિદ્યાલક્ષ્મી બોન્ડની યોજના.
- ❖ શાળાઓમાં કોમ્પ્યુટર સહાય.
- ❖ અતિ પછાત તાલુકાઓમાં નવી શાળાઓ.
- ❖ આદિજાતિ વિસ્તાર હેઠળના અતિ પછાત તાલુકાઓમાં અનુસૂચિત જનજાતિના તેજસ્વી બાળકોને શહેર વિસ્તારની સારી શાળામાં પ્રવેશ અને હોસ્ટેલની સુવિધા.
- ❖ શાળાઓમાં પ્રયોગશાળા સહાય.
- ❖ શાળાઓમાં લાયબ્રેરી સહાય.
- ❖ શાળાઓમાં સેનીટેશન સહાય.
- ❖ શાળાઓમાં ડી.ટી.એચ. જોડાણ અને ટેલીવિઝન સહાય.

## રાજકોટ જિલ્લામાં ભારે વરસાદના કારણે ઈસમોના થયેલ મૃત્યુ

૩૪૪૩ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૭-૦૮ના વર્ષ દરમ્યાન ભારે વરસાદના કારણે રાજકોટ જિલ્લાના તાલુકાદીઠ પૂરમાં તણાઇ જવાથી કે કુદરતી વિજળી પડવાથી કેટલા ઇસમોના મૃત્યુ થયા,

**જવાબ**

(૧) પત્રક-"અ" મુજબ.

**રાજકોટ જિલ્લામાં ભારે વરસાદના કારણે ઇસમોના થયેલ મૃત્યુની તાલુકાવાર વિગત દર્શાવતું પત્રક.**

| અ. નં. | તાલુકાનું નામ | પુરમાં તણાઇ જવાથી મૃત્યુ | કુદરતી વિજળી પડવાથી મૃત્યુ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | માળીયા મીયાણા | ૦ | ૦ | ૦ |
| ૨ | મોરબી | ૦ | ૧ | ૧ |
| ૩ | વાંકાનેર | ૧ | ૦ | ૧ |
| ૪ | ટંકારા | ૨ | ૦ | ૨ |
| ૫ | પડધરી | ૦ | ૦ | ૦ |
| ૬ | રાજકોટ | ૯ | ૨ | ૧૧ |
| ૭ | જસદણ | ૦ | ૨ | ૨ |
| ૮ | કોટડા સાંગાણી | ૦ | ૦ | ૦ |
| ૯ | લોધીકા | ૦ | ૦ | ૦ |
| ૧૦ | ગોંડલ | ૪ | ૧ | ૫ |
| ૧૧ | જેતપુર | ૧ | ૦ | ૧ |
| ૧૨ | ધોરાજી | ૧ | ૦ | ૧ |
| ૧૩ | ઉપલેટા | ૦ | ૧ | ૧ |
| ૧૪ | જામકંડોરણા | ૧ | ૦ | ૧ |
| | કુલ : | ૧૯ | ૭ | ૨૬ |

(૨) તે પૈકી તાલુકાદીઠ કેટલા વારસદારોને કેટલી સહાય ચૂકવવામાં આવી; અને

(૨) પત્રક-"બ" મુજબ.

**રાજકોટ જિલ્લામાં ભારે વરસાદના કારણે ઇસમોના થયેલ મૃત્યુમાં વારસદારોને ચુકવવામાં આવેલ સહાયની તાલુકાવાર વિગત દર્શાવતું પત્રક.**

| અ.નં. | તાલુકાનું નામ | તાલુકા દીઠ વારસદારોની સંખ્યા | વારસદારોને ચુકવવામાં આવેલ સહાય (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | માળીયા મીયાણા | ૦ | ૦.૦૦ |
| ૨ | મોરબી | ૧ | ૧.૦૦ |
| ૩ | વાંકાનેર | ૧ | ૧.૦૦ |
| ૪ | ટંકારા | ૨ | ૨.૦૦ |
| ૫ | પડધરી | ૦ | ૦.૦૦ |
| ૬ | રાજકોટ | ૧૧ | ૧૧.૦૦ |
| ૭ | જસદણ | ૨ | ૨.૦૦ |
| ૮ | કોટડા સાંગાણી | ૦ | ૦.૦૦ |
| ૯ | લોધીકા | ૦ | ૦.૦૦ |
| ૧૦ | ગોંડલ | ૫ | ૫.૦૦ |
| ૧૧ | જેતપુર | ૧ | ૧.૦૦ |
| ૧૨ | ધોરાજી | ૧ | ૧.૦૦ |
| ૧૩ | ઉપલેટા | ૧ | ૧.૦૦ |
| ૧૪ | જામકંડોરણા | ૧ | ૧.૦૦ |
| | કુલ : | ૨૬ | ૨૬.૦૦ |

(૩) કેટલા વારસદારોને સહાય ચૂકવવાની બાકી છે અને તેના કારણો શા છે ?

(૩) કોઇ સહાય ચુકવવાની બાકી નથી.

---------

**સરકારી પોલિટેકનીક અને સરકારી એન્જિનિયરીંગમાં મંજૂર થયેલ શૈક્ષણિક જગ્યાઓ**

૩૪૭૪ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પોલિટેકનીક અને સરકારી એન્જિનિયરીંગ કોલેજોમાં મંજૂર થયેલ શૈક્ષણિક સેટઅપની સામે કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી ખાલી છે; અને

(૧) **સરકારી પોલિટેકનીક**

| સંવર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | ભરાયેલી જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| આચાર્ય | ૨૫ | ૬ | ૧૯ |
| ખાતાના વડા | ૯૪ | ૪૨ | ૫૨ |
| વ્યાખ્યાતા | ૧૨૩૦ | ૮૬૪ | ૩૬૬ |
| કુલ : | ૧૩૪૯ | ૯૧૨ | ૪૩૭ |

**સરકારી ઈજનેરી કોલેજ**

| | | | |
|---|---|---|---|
| આચાર્ય | ૧૪ | ૫ | ૯ |
| પ્રાધ્યાપક | ૯૬ | ૩૩ | ૬૩ |
| સહા. પ્રાધ્યાપક | ૧૬૮ | ૮૭ | ૮૧ |
| વ્યાખ્યાતા | ૫૪૩ | ૨૯૭ | ૨૪૬ |
| કુલ : | ૮૨૧ | ૪૨૨ | ૩૯૯ |

(૨) આ જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે અને કેટલા સમયમાં આ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે ?

(૨) સીધી ભરતીથી ભરવાપાત્ર જગ્યાઓ માટે પ્રક્રિયા ગુજરાત જાહેર સેવા આયોગ સાથે કાર્યરત છે.

- બઢતીથી ભરવાપાત્ર જગ્યાઓ માટે વિભાગ કક્ષાએ પ્રક્રિયા ચાલુ છે.

**દાહોદ જિલ્લામાં જમીન માપણી**

૨૭૨૦ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ તાલુકાવાર અને વર્ષવાર છેલ્લા ત્રણ વર્ષમાં જમીન માપણી માટે કુલ કેટલી અરજીઓ આવી; અને

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ તાલુકાવાર અને વર્ષવાર છેલ્લા ત્રણ વર્ષમાં જમીન માપણી માટે આવેલ અરજીઓની સંખ્યા નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | તા. ૧-૧-૦૫ થી તા.૩૧-૧૨-૦૫ | તા. ૧-૧-૦૬ થી તારીખ ૩૧-૧૨-૦૬ | તા. ૧-૧-૦૭ થી તા. ૩૧-૧૨-૦૭ |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૬૪ | ૧૩૩ | ૧૩૦ |
| ૨ | ગરબાડા | ૨૫ | ૨૭ | ૩૨ |
| ૩ | ઝાલોદ | ૮૧ | ૯૦ | ૭૩ |
| ૪ | ફતેપુરા | ૨૮ | ૩૦ | ૫૦ |
| ૫ | લીમખેડા | ૪૬ | ૫૦ | ૫૩ |
| ૬ | ધાનપુર | ૨૮ | ૩૦ | ૫૩ |
| ૭ | દેવગઢ-બારીયા | ૭૬ | ૫૬ | ૬૨ |
| | કુલ : | ૩૪૮ | ૪૧૬ | ૪૫૩ |

(૨) આ પેકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ?

(૨) આ પૈકી કુલ-૧૧૧૦ અરજીઓને નિકાલ કરવામાં આવેલ છે.

---------

## દહેગામ-બાયડ રોડ ઉપર બ્રીજના કામ અંગે

૨૭૨૫ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ દહેગામ-બાયડ રોડ પર આંબલીયારા ગામે (બાયડ) સ્થળે માજુમ નદી ઉપર બ્રીજ ગત ચોમાસા દરમ્યાન તૂટી ગયેલ છે કે કેમ,

(૨) જો, હા, તો કેટલો તૂટી ગયેલ છે અને અંદાજે કેટલી રકમનું નુકસાન છે, અને

(૩) વિભાગ ધ્વારા તે અંગે શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. અને તે ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) હા, જી
અંશતઃ તુટી ગયેલ છે.

(૨) એક પીયર અને બે સ્પાન સંપુર્ણ તુટેલ છે. અન્ય બે પીયરને ભારે નુકશાન થયેલ છે. અંદાજે રૂા. ૧૨૮.૩૦ લાખનું નુકશાન થયેલ છે.

(૩) વહીવટી પ્રક્રિયા પુર્ણ કરી તા. ૧૫-૨-૦૮થી કામગીરી શરૂ કરવા કરાર કરેલ છે. ડીસમેન્ટલીંગ અને પાયાનું કામ પ્રગતિ હેઠળ છે.

## વડોદરા જિલ્લામાં નાણાપંચ હેઠળ મંજૂર કરેલ રસ્તાઓ

૩૦૮૨ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૧૨મા નાણાપંચ અંતર્ગત વર્ષ ૨૦૦૭-૦૮ દરમિયાન તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં વડોદરા જિલ્લા માટે કેટલા રસ્તા કેટલી કિંમતના મંજૂર કર્યા,

(૨) આ કામગીરી હાલ ક્યા તબક્કે છે, અને

(૩) તે ક્યારે પૂર્ણ થશે?

**જવાબ**

(૧), (૨) અને (૩) આ સમયગાળા દરમ્યાન એક પણ રસ્તાને મંજૂરી મળેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## ભરૂચ જિલ્લામાં પશુ દવાખાનાઓની સંખ્યા

૨૪૭૫ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)તા.૩૧મીડિસેમ્બર,૨૦૦૭નીસ્થિતિએભરૂચ જિલ્લામાં પશુ દવાખાનાઓની સંખ્યા તાલુકાવાર કેટલી છે,

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | પશુ દવાખાનાઓની સંખ્યા |
|---|---|---|
| ૧. | ભરૂચ | ૧ |
| ૨. | અંકલેશ્વર | ૧ |
| ૩ | હાંસોટ | ૧ |
| ૪ | વાગરા | ૧ |
| ૫. | જંબુસર | ૨ |

| | | |
|---|---|---|
| ૫. | જંબુસર | ૨ |
| ૬ | આમોદ | ૧ |
| ૭ | ઝગડીયા | ૨ |
| ૮ | વાલીયા | ૨ |
| | **કુલ :** | **૧૧** |

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ સામે સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨)

| અ.નં. | સંવર્ગનું નામ | મંજુર થયેલ જગ્યા | ખાલી જગ્યા | ખાલી જગ્યાનું સ્થળ | કેટલાં સમયથી ખાલી છે? |
|---|---|---|---|---|---|
| ૧. | પશુ ચિકિત્સા અધિકારી | ૧૧ | ૪ | ટંકારી બંદર | ૧-૬-૨૦૦૦ થી |
| | | | | આમોદ | ૩-૧૧-૦૬ થી |
| | | | | ઝઘડીયા | ૬-૧-૦૫ થી |
| | | | | વાલીયા | ૧-૪-૨૦૦૦ થી |
| ૨ | ડ્રેસર | ૧૧ | ૩ | જંબુસર | ૨૪-૧-૦૧ થી |
| | | | | ઉમલ્લા | ૧૯-૧૨-૦૫ થી |
| | | | | ચાસવડ | ૧૯-૧૨-૦૫ થી |
| | | | | | |
| ૩. | પટાવાળા એટેન્ડન્ટ | ૧૪ | ૧ | જંબુસર | ૧-૭-૦૧ થી |

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે?

(૩) જેમ બને તેમ જલદીથી

---------

**વડોદરા જિલ્લામાં કલમ ૭૦ ઓ ના કેસો**

૨૪૭૯ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વડોદરા જિલ્લામાં તાલુકાવાર ગણોતધારા ૪૨-૪૩ ની પ્રતિબંધિત શરતની જમીન સરકારનું પ્રીમીયમ ભર્યા વગર જમીન મહેસૂલી કાયદાની કલમ ૭૦ઓ મુજબ એક રૂપિયો દંડ લઈને જુની શરતમાં ફેરવવાના કેટલા હુકમો છેલ્લા બે વર્ષમાં કર્યા છે?

**જવાબ**

૫ (પાંચ)
તમામ કેસો વાઘોડિયા તાલુકાના છે.

---------

**પાટણ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રો**

૩૫૨૭ **શ્રી ભાવસિંહ રાઠોડ(સમી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રો ચાલે છે,

**જવાબ**

(૧) કુલ ૧૧૬૪ આંગણવાડી કેન્દ્રો ચાલે છે.

| અ.નં. | તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| (૧) | સમી | ૧૭૦ |
| (૨) | હારીજ | ૯૦ |
| (૩) | ચાણસ્મા | ૧૪૭ |
| (૪) | સિધ્ધપુર | ૧૬૭ |
| (૫) | પાટણ | ૩૬૨ |
| (૬) | રાધનપુર | ૧૧૫ |
| (૭) | સાંતલપુર | ૧૧૩ |
| | કુલ .... | ૧૧૬૪ |

(૨) તાલુકો સમી અને હારીજમાં કેટલા આંગણવાડી કેન્દ્રો ઉપર બાલસેવિકા બહેનોની નિમણૂક કરવાની બાકી છે, અને

(૨) સમી તાલુકામાં--૧
હારીજ તાલુકામાં--૦

(૩) કેટલા સમયમાં જગ્યા ભરવા સરકાર વિચારે છે?

(૩) જ્યાં નિમણૂક કરવાની બાકી છે તેની ભરતી માટે પ્રતિક્ષા યાદી તૈયાર કરી જગ્યા ભરવાનું આયોજન કરેલ છે. જગ્યા ભરવાની વિચારણા ચાલુ છે અને શક્ય તેટલાં વહેલાં ભરવાનું થશે.

---------

**સર્વ શિક્ષા અભિયાન માટે ફાળવેલ રકમ**

૩૨૦૭ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮માં તા. ૩૧/૧/૨૦૦૮ સુધીમાં કેન્દ્ર સરકારે સર્વ શિક્ષા અભિયાન માટે રાજ્યને કેટલી રકમ ફાળવી, અને

(૨) આ ફાળવેલ રકમ પેકી વર્ષવાર ભરૂચ જિલ્લામાં તાલુકાવાર તે અન્વયે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧)

| **નાણાંકીય વર્ષ** | **ભારત સરકારે ફાળવેલ રકમ રૂા. લાખમાં** |
|---|---|
| ૨૦૦૬-૦૭ | રૂા. ૧૪૮૦૬.૯૭ |
| ૨૦૦૭-૦૮ (૩૧.૦૧.૦૮ સુધી) | ૨૨૦૭૯.૫૫ |

(૨) માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારશ્રી ધ્વારા નિયત થયેલ નાણાકીય નિયમો મુજબ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત જિલ્લાવાર બજેટ ભારત સરકારને રજૂ કરવામાં આવે છે તેમજ ફાળવવામાં આવતી ગ્રાન્ટના હિસાબો જિલ્લાવાર નિભાવવામાં આવે છે, તાલુકાવાર નિભાવવામાં આવતા નથી. ભરૂચ જિલ્લામાં વર્ષવાર થયેલ કુલ ખર્ચ નીચે મુજબ છે.

| **વર્ષ** | **રૂા. લાખમાં** |
|---|---|
| ૨૦૦૬-૦૭ | રૂા. ૧૦૭૯.૨૪ |
| ૨૦૦૭-૦૮ (૩૧.૦૧.૦૮ સુધી) | ૭૧૫.૦૦ |

--------

**એન્જિનીયરીંગ કોલેજોની બેઠકો વધારવા અંગે**

૩૦૬૫ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષમાં વર્ષવાર રાજ્યની એન્જિનીયરીંગ કોલેજોની બેઠકોમાં કેટલો વધારો કરવામાં આવ્યો; અને

(૨) ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રે છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષમાં નવા ક્યા ક્યા કોર્સ ચાલુ કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) રાજ્યમાં છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષમાં વર્ષવાર એન્જિનીયરીંગ કોલેજોની બેઠકોમાં નીચે મુજબ વધારો કરવામાં આવ્યો.

| **વર્ષ** | **બેઠકો** |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૩૦૦ |
| ૨૦૦૬-૦૭ | ૧૪૬૯ |
| ૨૦૦૭-૦૮ | ૧૧૭૦ |
| કુલ : | ૨૯૩૯ |

(૨)

| **ડીગ્રી ઈજનેરી** | **શરૂ થયાનું વર્ષ** |
|---|---|
| ૧. મરીન ઈજનેરી | ૨૦૦૭ |
| **ડીપ્લોમા ઈજનેરી** | |
| ૧. એન્વાયરમેંટલ ઈજનેરી | ૨૦૦૭ |
| ૨. ટ્રાન્સપોર્ટેશન ઈજનેરી | ૨૦૦૭ |
| ૩. બાયોમેડીકલ ઈજનેરી | ૨૦૦૭ |
| ૪. હોટલ મેનેજમેન્ટ એન્ડ કેટરીંગ ટેક્નોલોજી | ૨૦૦૫ |

---------

**૬૦-૪૦ % ની નીતિ મુજબ શાળાઓ ગ્રાન્ટેબલ કરવા અંગે**

૩૧૯૦ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સમગ્ર રાજ્યમાં ૬૦-૪૦ % ની નીતિ મુજબ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ગ્રાન્ટવાળી કરવા સરકારે જાહેરાત કરી છે તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) શિક્ષણ વિભાગના તા. ૩૦-૬-૧૯૯૯ ના ઠરાવથી અનુદાનમાં સહાયનું ધોરણ ૬૦-૪૦% રાખવામાં આવેલ હતું. રાજ્ય સરકાર તરફથી તા. ૧૦-૧૦-૨૦૦૭ ના ઠરાવથી ૧૦૦% અનુદાનનું ધોરણ રાખવાનું નક્કી કરવામાં આવેલ છે. આ નીતિનો

| | |
|---|---|
| | અમલ જુન-૨૦૦૮ કરવામાં આવનાર છે. |
| (૨) જો હા, તો તેની અમલવારી સરકાર ક્યારથી કરવા માંગે છે ? | (૨) ઉપર મુજબ. |

---------

**ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં પ્રાથમિક શાળાના ઓરડાની ઘટ**

૨૭૨૮ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં તા. ૩૧/૧/૦૮ની સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાની ઘટ છે, | (૧) ૫૪ શાળાઓમાં ૧૨૩ ઓરડાઓની ઘટ છે. |
| (૨) વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલા ઓરડા બનાવવાનું આયોજન છે; અને | (૨) નીચે મુજબ ઓરડાઓ બનાવવાનું આયોજન છે.<br>વર્ષ ૨૦૦૭-૦૮ ૪૪ ઓરડા<br>વર્ષ ૨૦૦૮-૦૯ ૭૯ ઓરડા<br>**કુલ : ૧૨૩ ઓરડા** |
| (૩) બાકી રહેતા ઓરડા કેટલા સમયમાં બનાવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**માછીમારો માટે અકસ્માત જૂથ વીમા યોજના**

૩૩૦૪ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) માછીમારો માટેની અકસ્માત જૂથ વીમા યોજના હેઠળ કેન્દ્ર સરકાર ઉપરાંત રાજ્ય સરકાર કોઈ વધારાની સહાય ચૂકવે છે તે વાત સાચી છે; અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે કેટલી ? | (૨) આ યોજના હેઠળ રૂા. ૧,૦૦,૦૦૦/-ના વીમા કવચનો લાભ લાભાર્થીને મળે છે.<br>આ વીમા કવચ માટે પ્રિમિયમની રકમ રૂા. ૩૦/- સરકારશ્રી તરફથી વીમા કંપનીને ચૂકવવામાં આવે છે જેમાં--<br>૧. રૂા. ૫૦,૦૦૦/-ની રકમ માટે પ્રિમિયમની રકમ પેટે<br>રાજ્ય સરકાર તરફથી રૂા. ૭/-<br>કેન્દ્ર સરકાર તરફથી રૂા. ૭/-<br>કુલ : રૂા. ૧૪/-<br>૨. બાકીની રકમ રૂા. ૫૦,૦૦૦/-ના પ્રિમિયમની ૧૦૦% રકમ લાભાર્થી વતી રાજ્ય સરકારશ્રી તરફથી વીમા કંપનીને ચૂકવવામાં આવે છે. |

---------

**કન્યા કેળવણી રથયાત્રા**

૩૩૧૪ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં કન્યા કેળવણી રથયાત્રા વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન કુલ કેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે; અને | (૧) કુલ ૬,૪૫,૮૪૭ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે. |
| (૨) આ દરમ્યાન જન ભાગીદારીથી રોકડ તેમજ અન્ય દાન કેટલું મળેલ છે ? | (૨) રોકડ રૂા. ૫૭,૦૪,૩૧૭ તથા વસ્તુ સ્વરૂપે અંદાજીત રૂા. ૪,૦૬,૪૬,૭૫૨ |

--------

**કન્યા શાળાઓ અને કોલેજોમાં સ્ટાફની ભરતી અંગે**

૨૮૩૨ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં સરકારી કન્યાશાળા, કન્યા-કોલેજો અને સ્વનિર્ભર મહિલા પી.ટી.સી. કોલેજોમાં મહિલા શિક્ષકોની ૧૦૦ ટકા ભરતી કરવા સરકારે શી કાર્યવાહી કરી છે ? | મહિલા શિક્ષકોની ૧૦૦ ટકા ભરતી કરવા નિયમોમાં કોઈ જોગવાઈ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**પડધરી તાલુકાના સરપદડ ગામ પાસે મોટો બ્રીજ બનાવવા અંગે**

૨૪૨૬ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના સરપદડ ગામ પાસે ડોડી નદી પર બેઠા પુલના બદલે માઈનોર મોટો બ્રીજ બનાવવાની માંગણી હોઈ કરવા માગો છો કે કેમ; અને | (૧) હાલમાં કોઈ આયોજન નથી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવેલ છે અને ક્યા તબક્કે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**માછીમારો માટે જૂથ વીમા યોજના**

૩૩૦૬ **ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન માછીમારો માટેની અકસ્માત જૂથ વીમા યોજના હેઠળ માછીમારો પાસેથી ક્યા દરે પ્રિમીયમ વસૂલ કરવામાં આવે છે; અને | (૧) માછીમારો પાસેથી પ્રિમીયમ વસૂલ કરવામાં આવતુ નથી. |
| (૨) તેઓને કેટલી રકમની વીમા સુરક્ષા મળે છે ? | (૨) રૂા. ૧,૦૦,૦૦૦/- |

---------

**એસ્સાર કંપનીએ ખેડૂતોને આપેલ જમીન વળતર**

૨૮૨૪ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ સુરત હજીરા વિસ્તારમાં આવેલ એસ્સાર કંપનીએ કબજે કરેલ ખેડૂતોની જમીનનું વળતર કેટલું આપ્યું હતું; અને | (૧) રૂા. ૫૩,૦૬,૫૯,૭૬૧/- |
| (૨) કેટલું ચૂકવવાનું બાકી છે ? | (૨) રૂા. ૯૫,૩૭,૦૭,૨૮૦/- |

---------

**ધ્રોળ, જોડિયા અને જામનગર તાલુકામાં રસ્તાઓને ડામર કરવા બાબત**

૩૩૨૦ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૭-૦૮માં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ જામનગર જિલ્લાના ધ્રોળ, જોડીયા અને જામનગર તાલુકામાં કેટલા ગામોના રસ્તાઓ ડામર સપાટીથી જોડવામાં આવ્યા, | (૧) શૂન્ય |
| (૨) કેટલા ગામોના રસ્તાઓને ડામરકામ કરવાનું બાકી છે, અને | (૨) ૬ ગામો |
| (૩) તેમાં કેટલો ખર્ચ થયો ? | (૩) શૂન્ય |

--------

## રાજ્યમાં ટેક્નોલોજી યુનિવર્સિટી અંગે

૩૫૭૩ **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ટેક્નોલોજી યુનિવર્સિટીની રચના કરવામાં આવી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ રચના પાછળનો સરકારનો શું આશય છે ? | (૨)<br>૧. હાલમાં દરેક યુનિવર્સિટી સાથે જોડાયેલી તાંત્રિક કોલેજો માટે યુનિવર્સિટી દીઠ અલગ અભ્યાસક્રમો પરીક્ષાની તારીખો, પરીણામની તારીખો તથા ડીગ્રી અલગ રીતે અપાય છે. જે આ યુનિવર્સિટીના નિયંત્રણ હેઠળ આવતા એકવાક્યતા જળવાઈ રહેશે.<br>૨. બદલાતા સંજોગોની જરૂરિયાત ધ્યાનમાં લઈ અભ્યાસક્રમોમાં તાત્કાલિક ફેરફાર કરી શકાશે અને તેનો અમલ પણ ત્વરિત કરી શકાશે.<br>૩. વિજ્ઞાન, ઈજનેરી, ટેક્નોલોજી, મેનેજમેન્ટ તેમજ પર્યાવરણના જ્ઞાનના વિકાસ દ્વારા માનવજીવનના ઉચ્ચ જીવનધોરણો સ્થાપવા અને ઈજનેરી/ટેક્નોલોજીને લગતો વિકાસ તથા તેના વિવિધ ક્ષેત્રે ઉપયોગ કરવો.<br>૪. એપ્લાઈડ સાયન્સ, ઈજનેરી તથા ટેક્નોલોજીમાં ઉચ્ચ ગુણવત્તા કેન્દ્રો તથા સંસ્થાઓની સ્થાપના કરવી. |

---------

## ગુજરાતમાં નકલી બિયારણના કિસ્સા

૩૫૮૭ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નકલી બિયારણના કેટલા કિસ્સા તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ બન્યા, | (૧) કુલ - ૪ કિસ્સા |
| (૨) તે અન્વયે કેટલી વ્યક્તિઓ પકડાઈ અને તેમની સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) કુલ - ૮ વ્યક્તિ પકડાયેલ છે. તે તમામ વ્યક્તિ સામે એફ.આઈ.આર. નોંધાવેલ છે. |
| (૩) નકલી બિયારણ પકડવા માટે સરકાર પાસે શું આયોજન છે ? | (૩) રાજ્યમાં નકલી બિયારણ પકડવા માટે ગુણવત્તા નિયંત્રણ તંત્ર કાર્યરત છે. જેમાં રાજ્ય કક્ષાએ ખેતી નિયામકશ્રીની સીધી દેખરેખ નીચે નાયબ ખેતી નિયામક (ગુ. નિ.) અને મદદનીશ ખેતી નિયામક (વીજીલન્સ) વિભાગીય કક્ષાએ સંયુક્ત ખેતી નિયામક (વિસ્તરણ), જિલ્લા કક્ષાએ નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) અને તાલુકા કક્ષાએ ખેતીવાડી અધિકારી કાયદાકીય ફરજો બજાવે છે. તદઉપરાંત રાજ્યના ખેડૂતોને ખેડૂત શિબિરોમાં, કૃષિ મહોત્સવમાં, વર્તમાન પત્રો અને ટીવી માધ્યમ દ્વારા બિયારણ ખરીદતી વખતે સાવચેતી રાખવા માર્ગદર્શન આપવામાં આવે છે. |

---------

**માંડવી તાલુકામાં ક્વોરીની પ્રવૃત્તિને કારણે ગોચરની જમીનમાં ચરિયાણમાં ઘટાડો**

૨૭૩૭ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના માંડવી તાલુકાના આદિવાસી ગ્રામ્ય વિસ્તારોમાં ક્વોરીની પ્રવૃત્તિને કારણે પશુધન માટે ગોચરની જમીનમાં ચરિયાણનો ઘટાડો થઈ રહ્યો છે, તે સરકારના ધ્યાન પર છે, અને | (૧) માંડવી તાલુકાની અરેઠ ગામની કુલ હેકટર ૪-૨૯-૮૨ ચો. મી. જમીન સને ૧૯૬૭ અને ૧૯૬૮માં તેમજ મધરકુઈ ગામની જમીન ૧૯૮૦માં ક્વોરી માટે લીઝથી ફાળવવામાં આવી હતી જે વખતો વખત રીન્યુ થયેલ હોઈ હાલ ચાલુ રહેલ છે. પરંતુ ત્યાર બાદ માંડવી તાલુકાની વધુ કોઈ ગોચર જમીનો ક્વોરીની પ્રવૃત્તિ માટે ફાળવવામાં આવેલ નથી. જેથી પશુધન માટે ગોચરણની જમીનમાં ચરિયાણનો ઘટાડો થઈ રહ્યાનો પ્રશ્ન જ નથી. |
| (૨) જો હા, તો આ ગોચરની જમીનોમાં ઘટાડો ન થાય તે માટે સરકાર શાં પગલાં લેવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**મહુવા તાલુકામાં મહેસૂલી જમીનના હક્ક પત્રકોની નોંધની અરજીઓ**

૩૩૬૧ **ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં મહેસૂલી જમીનના હક્ક પત્રકે (નમૂના નં. ૬માં) નોંધ પાડવાની અરજીઓ પેન્ડીંગ છે. | (૧) ૩૪૧ |
| (૨) આ અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે, અને | (૨) વહીવટી કારણો |
| (૩) આ પડતર અરજીઓનો નિકાલ કેટલા સમયમાં થશે ? | (૩) આ પડતર અરજીઓ અંગે નોંધ પાડી દેવામાં આવેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ઈજનેરી/ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ અંગે**

૩૫૭૭ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ઈનજેરી/ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશની પ્રક્રિયામાં વિલંબ થાય છે તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ વિલંબ નિવારી પ્રવેશમાં સરળીકરણ કરવાનું સરકાર વિચારે છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો તેની વિગતો શી છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**સુત્રાપાડા-ઉબરી પાટીયા રોડ ઉપર સરસ્વતી નદીના પુલ અંગે**

૨૪૮૩ **ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના સુત્રાપાડા ઉબરી પાટીયાથી પસાર થતો ઉબરી જગ્યા મોરાસા રોડ ઉપર સરસ્વતી નદીનો પુલ મંજૂર થયેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ક્યારે મંજૂર કરવામાં આવ્યો, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ તે અન્વયે કાર્યવાહી ક્યા તબક્કે છે ? | |

---------

**રાજ્યમાં વિશ્રામગૃહોની સુવિધા**

૩૫૮૯ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ રાજ્યમાં કેટલા તાલુકામાં વિશ્રામગૃહોની સુવિધા નથી,

(૨) સુવિધા વંચિત તાલુકાઓમાં વિશ્રામગૃહ બનાવવા સરકાર માગે છે કે કેમ, અને

(૩) છેલ્લા બે વર્ષમાં કેટલા વિશ્રામગૃહો મંજૂર કરવામાં આવ્યા?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ ૧૧૮ તાલુકા મથકોએ વિશ્રામગૃહની સુવિધા નથી.

(૨) જે તાલુકા મથકે સ્ટેટ હસ્તકના વિશ્રામગૃહ/અતિથિગૃહ ન હોય ત્યાં મહદ અંશે પંચાયત હસ્તકના આરામગૃહ છે. જિલ્લા મથકોએ ખૂટતા વિશ્રામગૃહ બાંધવાનું આયોજન વિચારેલ છે. જ્યારે તાલુકા મથકોએ વિશ્રામગૃહ બાંધવાનું હાલ આયોજન નથી.

(૩) તાલુકા મથકે વિશ્રામગૃહ બાંધવા છેલ્લા બે વર્ષમાં (૧૫-૩-૦૬ બાદ) મંજુરી આપવામાં આવી નથી.

---------

**જસદણ તાલુકામાં લાગુ જમીન ફાળવવાની મળેલ અરજીઓ**

૩૪૪૪ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં જસદણ તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન લાગુ જમીન મેળવવા સાંથણી જમીન મેળવવા કે કૂવા ધોરીયા માટે બે ગુઠા જમીન મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકીની કેટલી અરજીઓ માન્ય રાખી મંજૂર કરવામાં આવી, અને

(૩) બાકી અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે?

**જવાબ**

(૧) લાગુ જમીન માટે-૨૦ અરજીઓ,
સાંથણી જમીન માટે-૧૨૧ અરજીઓ,
કૂવા ધોરીયા માટે-૮૬ અરજીઓ.

(૨) લાગુ જમીનની -૦ અરજી,
સાંથણી જમીન માટેની-૧૭ અરજી,
કૂવા ધોરીયા માટેની-૫૮ અરજી.

(૩) એક પણ અરજી બાકી નથી માટે નિકાલના સમયનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બાકી અરજીઓ નામંજૂર થયેલ હોવાથી આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સાબરકાંઠા જિલ્લામાં ૭/૧૨ ના દસ્તાવેજોમાં ભૂલો સુધારવા અંગે**

૨૭૨૯ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખેડૂતોના ૭/૧૨ સહિતના દસ્તાવેજો કોમ્પ્યુટરાઈઝ કરાયા બાદ તેમાં રહી જવા પામેલ ભૂલો સુધારવા તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી માંગણી આવી.

(૨) લાંબા સમયથી આ ભૂલો ન સુધારવાના કારણો શા છે, અને

(૩) કેટલા સમયમાં ભૂલો સુધારવામાં આવશે?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ માંગણીઓ આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ભૂલો સુધારવા મળેલ માગણીની સંખ્યા |
|---|---|---|
| ૧. | હિંમતનગર | ૧૯૫ |
| ૨. | ઈડર | ૪૬ |
| ૩. | વડાલી | ૩૧૯ |
| ૪. | ખેડબ્રહ્મા | ૨ |
| ૫. | વિજયનગર | ૧૯૮ |
| ૬. | ભિલોડા | ૨૪૭ |
| ૭. | મોડાસા | ૧૭૮ |
| ૮. | મેઘરજ | ૧૮૫ |
| ૯. | માલપુર | ૧૫ |
| ૧૦. | ધનસુરા | ૩૭૪ |
| ૧૧. | બાયડ | ૧૩૧ |
| ૧૨. | પ્રાંતિજ | ૭૮ |
| ૧૩. | તલોદ | ૨૨૪ |
| | **કુલ...** | **૨૧૯૨** |

(૨) ૧૯૯૩ અરજીઓમાં સુધારા હુકમ બહાર પાડેલ છે. બાકી ૧૯૯ અરજીઓમાં રેકર્ડથી ખાતરી કરી સુધારા હુકમ બહાર પાડવાની કાર્યવાહી ચાલુ છે.

(૩) અસલ રેકર્ડ સાથે ચકાસણી કર્યા બાદ જરૂરી હુકમો કરી ક્ષતિ સુધારવાની કામગીરી વહેલી તકે પુર્ણ કરવામાં આવશે.

**ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ**

૨૭૨૯ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લાના ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની ઘટ છે,

(૨) આ ઘટ ક્યારથી છે, અને

(૩) કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવામાં આવશે?

**જવાબ**

(૧) ૪૭ પ્રાથમિક શાળાઓમાં ૭૬ શિક્ષકોની ઘટ છે.

(૨) જુલાઈ-૨૦૦૭થી

(૩) જેમ બને તેમ જલ્દી.

--------

**રાજ્યના શહેરોના આપત્તિ વ્યવસ્થાપન સાધનો**

૩૩૨૭ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યના શહેરોની આપત્તિ વ્યવસ્થાપન માટે ક્યા સાધનો પૂરી પાડવામાં આવેલ છે, અને

(૨) ક્યા ક્યા સ્થળોએ આ સાધનોથી શહેરોને અદ્યતન સુવિધાઓ પૂરા પાડી?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યના શહેરોની આપત્તિ વ્યવસ્થાપન માટે (૧) અંડર વોટર બ્રીથીંગ ઓપરેટસ (૨) હાઈડ્રોલીક રેસ્ક્યુ ટુલ્સ (૩) ઈનફ્લેટેબલ બોટ (રબર) (૪) એફ.આર.પી. બોટ (૫) રેસ્ક્યુ કીટ જેમાં લાઈફ જેકેટ, લાઈફ બોયા અને પોલી પ્રોપીલીન રોપ (૬) રેપીડ રીસ્પોન્સ વેહીકલ (૭) રેસ્ક્યુ સ્કીડ/ટ્રેઈલર (૮) ટેમ્પરરી ઈન્સ્ટન્ટ શેલ્ટર (૯) ડીઝલ જનરેટીંગ સેટ ૫.૧ કે.વી.એ. (૧૦) અંડર વોટર સર્ચ કેમેરા (૧૧) પોર્ટેબલ જનરેટીંગ સેટ ૨.૧ કે.વી.એ. (૧૨) નાઈટ વિઝન ડીવાઈસ (૧૩) રેડીઓ (૧૪) ટી.વી. (૧૫) સેલફોન (૧૬) મીની હાઈપ્રેસર ટેન્ડર (૧૭) ફોમ ટેન્ડર (૧૮) ગોલ્ડન અવર રેસ્ક્યુ વાન જેવા સાધનો પૂરા પાડવામાં આવેલ છે.

(૨) આ સાધનો પૈકી કેટલાક સાધનો તેની ઉપયોગીતા ધ્યાને લઈ જિલ્લા કક્ષાએ કલેકટરશ્રીઓને તેમજ કેટલાક સાધનો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, જુનાગઢ, ભાવનગર જેવી બચાવ અને રાહતમાં ઉપયોગી કામગીરી બજાવતી મહાનગરપાલિકાઓને તેમજ એસ.આર.પી.એફ.ને પૂરા પાડેલ છે.

---------

**ખેડા જિલ્લામાં આંગણવાડીઓના મકાનો અંગે**

૨૮૩૩ શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૨) આ આંગણવાડીઓ પોતાના મકાનમાં કેટલી ચાલે છે, ભાડાના મકાનમાં કેટલી ચાલે છે, અને

**જવાબ**

(૧)

| | |
|---|---|
| માતર | ૧૪૫ |
| બાલાસિનોર | ૧૨૦ |
| ઠાસરા | ૨૮૮ |
| મહેમદાવાદ | ૨૦૫ |
| કપડવંજ | ૨૧૨ |
| કઠલાલ | ૧૭૪ |
| નડીયાદ | ૩૨૩ |
| મહુધા | ૧૩૭ |
| ખેડા | ૧૧૯ |
| વિરપુર | ૯૩ |
| **કુલ** | **૧૮૧૬** |

(૨) પોતાના મકાનમાં -- ૬૫૯
ભાડાના મકાનમા -- ૩૩૧

(૩) ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓ પોતાનું મકાન બનાવી શકે તે માટે સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ?

(૩) હા, જી. સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં રૂા. ૪૦.૦૦ કરોડની બજેટમાં જોગવાઈ કરવામાં આવે છે.

---------

**મહુવા તાલુકાની સહકારી મંડળીઓની માન્યતા રદ કરવા બાબત**

૩૩૬૨**ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લા રજિસ્ટ્રાર ધ્વારા ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાની કેટલી સહકારી મંડળીઓની માન્યતા રદ કરવામાં આવી, અને

(૨) કેટલી નવી સહકારી મંડળીઓને માન્યતા આપવામાં આવી?

**જવાબ**

(૧) ૪ (ચાર)

(૨) ૩ (ત્રણ)

---------

**વેરાવળ તાલુકામાં રસ્તા પર આવેલ નદીઓના કોઝવે મંજૂર કરવા અંગે**

૨૪૮૪ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાળા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગત સાલે ભારે પૂરના કારણે જૂનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકામાં કેટલા ગામડાઓના રસ્તા ઉપર આવેલ નદીઓના કોઝવે-નાળા-પુલીયા કે બ્રિજ સંપૂર્ણપણે ધોવાઈ ગયેલ છે, અને

(૨) તે અન્વયે સંપૂર્ણપણે ધોવાઈ ગયેલ કેટલા બ્રિજ તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં મંજૂર થયેલ છે?

**જવાબ**

(૧) ગત સાલે ભારે પૂરના કારણે જૂનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકાના ગામડાઓના રસ્તા ઉપર આવેલ નદીઓના કોઝવે-નાળા-પુલીયા કે બ્રિજ સંપૂર્ણપણે ધોવાઈ ગયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**આણંદ જિલ્લામાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની દરખાસ્તો**

૩૫૯૦ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની કેટલી દરખાસ્તો તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી છે,

(૨) તે પૈકી કેટલી દરખાસ્તોને મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી દરખાસ્તો પડતર અને કેટલા સમયમાં તેનો નિકાલ કરવામાં આવશે?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળેલ દરખાસ્તો |
|---|---|---|
| ૧ | આણંદ | ૫૯૨ |
| ૨ | ઉમરેઠ | ૩૪૧ |
| ૩ | આંકલાવ | ૧૦૭ |
| ૪ | બોરસદ | ૬૦૫ |
| ૫ | પેટલાદ | ૯૪૫ |
| ૬ | સોજીત્રા | ૭૨ |
| ૭ | ખંભાત | ૧૦૫૦ |
| ૮ | તારાપુર | ૨૨ |
| | કુલ... | ૩૭૩૪ |

(૨) ઉક્ત તમામ ૩૭૩૪ દરખાસ્તો મંજૂર કરવામાં આવી,

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## પ્રશ્ન પૂછવાના અધિકાર અંગે

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપની પાસેથી માર્ગદર્શન મેળવવા માટે ઉભો થયો છું. પ્રશ્ન નં.૧૦ ઉપર આણંદનો પ્રશ્ન હતો, માનનીય સભ્યશ્રી લાલસિંહ વડોદિયાનો પ્રશ્ન હતો. અગાઉના વર્ષોની અંદર પણ ગૃહની અંદર મેં મારી ફરજ બે-બે વખત બજાવી છે. બીજા તાલુકાની અંદર બીજા તાલુકાનો સભ્ય પ્રશ્ન ના પૂછી શકે એવું આપે કહ્યું. મેં મારા દંડકશ્રીને પૂછ્યું કે આવી કોઈ પૉલિસી નક્કી થયેલી છે ? તો ના પાડી. હું એવું માનું છું કે, ધારાસભ્ય તે તેના વિસ્તાર પૂરતો ધારાસભ્ય નથી આખા રાજયનો ધારાસભ્ય બને છે ત્યારે ધારાસભ્યના હક્ક ઉપર તરાપ લાગતી હોય અને કાપ મૂકાતો હોય એવું મને લાગે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ હું સમજી શકું છું આપને, સ્પીકરને લગતી બાબત છે પણ સભ્યશ્રીની જે લાગણી છે એ એટલા પૂરતી છે આપ જિલ્લાના સભ્યશ્રીઓને પ્રાયોરિટિ મળે પણ તે સિવાય ઘ ણાં સિનિયર સભ્યશ્રીઓ હોય છે, ઘણાંએ વિભાગ સંભાળ્યો હોય છે એટલે તે ના જ પૂછી શકે તેના બદલે જો એવી પ્રથા રાખીએ કે જિલ્લાને પ્રાયોરિટિ મળ્યા પછી બીજા સિનિયર સભ્યશ્રીઓ કે બીજા સભ્યશ્રીઓની લાગણી હોય, મહત્ત્વની બાબત હોય તો તેમને પણ ચાન્સ મળે એવી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર અધ્યક્ષના અધિકારની બાબત હોવા છતાં તેની પણ ચર્ચા એટલા માટે કરવા માગું છું કે સ્પષ્ટતા થાય. એમણે કહ્યું કે, હું જ્યારે ધારાસભ્ય ન હતો ત્યારે મેં આ સભાગૃહને એટલે કે ગુજરાત રાજયમાં વિધાનસભાની સ્થાપના થઈ ત્યારથી ૧૯૭૫ સુધી પ્રેક્ષક ગેલેરીમાં નિયમિત બેસતો અને તે વખતે લેઉવા સાહેબ, પાલેજવાલા સાહેબ ત્યારથી શરૂ કરીને જ્યારથી આ સભાગૃહમાં બેસતો થયો ત્યારે શ્રી નટવરલાલ શાહ સાહેબ અધ્યક્ષ હતા ત્યારે એક પ્રણાલિકા હતી કે વિસ્તારના ધારાસભ્ય તે પ્રશ્ન પૂછે અને તે ચૂસ્તપણે પળાતી હતી. આપણે તે પ્રયોગાત્મક રીતે લીધી. તેનો ફાયદો એક એ થયો કે આજે આપણે ૧૬ પ્રશ્નો સુધી જઈ શક્યા છીએ. આ પ્રણાલિકા પાછળનો હેતુ એ છે કે, જિલ્લાના ધારાસભ્ય તે પોતાના વિસ્તારને વધુ જાણે છે. જે પ્રશ્ન ઉપર શ્રી રામસિંહભાઈએ પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે તે પ્રશ્ન માત્ર ઉમરેઠ નગરના પ્લોટો અંગેનો હતો એટલે લાલસિંહભાઈ સિવાય બાકીના સભ્યોને તેની પૂરી વિગતોની ખબર હોય પણ નહીં અને એટલા માટે આપ જે કહો છો શ્રી રામસિંહભાઈ, જો આ મર્યાદા રાખીશું તો તેનો ફાયદો સભાગૃહને થવાનો છે અને થયો જ છે. આપણે ૨૬ પ્રશ્નો સુધી ગયા છીએ તેનું કારણ આ જ છે અને દરેક ધારાસભ્યશ્રી અહીંયા આવે છે ત્યારે એક કલાકની મર્યાદાની અંદર તેનો પોતાનો પ્રશ્ન આવે તે દરેક ધારાસભ્યશ્રીઓને લાગે છે કે મારો પૂછાયેલા પ્રશ્ન આવે. જેમ માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ કહ્યું કે ધારાસભ્યશ્રીનો અધિકાર છે, તો ધારાસભ્યનો એ પણ અભિગમ રહે છે કે મારો પૂછાયેલા પ્રશ્ન તે સભાગૃહમાં ચર્ચાય. તારાંકિત પ્રશ્ન તરીકે ચર્ચાય. એટલે વધારે પ્રશ્નો, વધારે ધારાસભ્યો તરફથી આપણે લઈએ તે વધારે અનુરૂપ છે, તેમણે બીજી વાત કરી કે આણંદ અને ખેડા જો હું આ મર્યાદાઓને એક વખત ઓળંગવાની શરૂઆત કરું કે આ સિનિયર છે તો સિનિયર અને જૂનિયરનો ભેદ આપણે સભ્ય તરીકે રાખી શકાય નહીં, એટલા માટે જ્યારે જ્યારે આપના તરફથી કોઈ પણ પ્રશ્નની અંદર જિલ્લાનો હોય ત્યારે વિપક્ષના નેતા કે દંડકશ્રી ઉભા થાય છે તે એ પ્રશ્નની અંદર હું ના નથી પાડતો. એટલે મને લાગે છે કે મારો આ નિર્ણય સભાગૃહના બહુમય સભ્યાના લાભાર્થે નીવડ્યો છે અને પ્રયોગ એક સફળ થયો છે અને એટલે તે સફળ પ્રયોગને આપણે આગળ વધારવામાં તમે જે સહયોગ આપ્યો છે તેની પણ હું નોંધ લઉં છું. નેકસ્ટ. (અંતરાય) મેં કહ્યું તેમાં ધારાસભ્યના હક્કમાં તરાપ નથી. મારું રૂલિંગ બહુ સ્પષ્ટ છે કે ધારાસભ્યે પૂછાયેલા પ્રશ્નો વધુમાં વધુ પૂછાય તે ધારાસભ્યશ્રીની ઇચ્છા હોય છે અને વધારે ધારાસભ્યશ્રી સુધી ના જવું હોય તો એ બીજા ધારાસભ્યશ્રીઓ જેણે પૂછેલો છે તેનો પ્રશ્ન કેવી રીતે આવે તે જોવાની જવાબદારી મારી રહે છે અને એટલા માટે હું ધારાસભ્યના હક્ક ઉપર તરાપ નથી મારતો. હું જરા પણ સમાધાન તેમની જે વાત અને શબ્દો છે એટલે કરવા માગતો નથી. આ અંગે કોઈ તરાપ મૂકવા માગતો નથી. આ સભાગૃહની અંદર જે સભ્યો આવે છે એમના પ્રશ્ન પૂછવાના અધિકારને રક્ષણ આપવું એ મારી જવાબદારી છે. નેકસ્ટ.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યોને પ્રશ્ન પૂછવા પર કાપ મૂકેલો છે એનાથી અમને અન્યાય થાય છે અને એટલે હું વોકઆઉટ કરું છું.

**(આ તબકકે માનનીય સભ્યશ્રી રામસિંહ પરમાર સભાત્યાગ કરી ગયા. )**

# મંત્રીશ્રીનું નિવેદન

### શહીદ સૈનિકોની યાદમાં પ્રાથમિક શાળાઓના નામાભિધાન કરવા બાબત.

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૪૪ હેઠળ નીચે મુજબ નિવેદન કરું છું.

ભારત દેશને સ્વતંત્રતા મળ્યા પછી પડોશી રાષ્ટ્રો સાથે ત્રણ જેટલા યુદ્ધો થયા છે. છેલ્લે કારગીલ યુદ્ધમાં ભારતના નવજવાનોને કારણે આપણા દેશને ઝળહળતી ફતેહ મળી છે. આજે ફકત ભારત જ નહીં, પણ સમગ્ર વિશ્વ આતંકવાદની સમસ્યાનો સામનો કરી રહ્યું છે ત્યારે અને આ દેશના સીમાડા ઉપર તેમજ દેશના કેટલાક રાજયોમાં પણ આતંકવાદ અને નકસલવાદી પ્રવૃત્તિઓ થઈ રહી છે ત્યારે ભારતના વીર જવાનોને આતંકવાદ સામેની લડતમાં અનેક વખત શહીદી વહોરવી પડે છે.

માભોમની રક્ષા કાજે પોતાની જાતનું બલિદાન આપનારા વીર જવાનો પૈકી ઘણા જવાનો ગુજરાતના પણ છે કે જેમણે આતંકવાદીઓ સામે શૂરવીરતાપૂર્વક લડતા લડતા શહીદી વહોરી છે. ગુજરાતના આવા શહીદ વીર જવાનોને સમગ્ર રાષ્ટ્રમાંથી સન્માન મળે, તે ઉપરાંત ખાસ કરીને તેમનો જયાં જન્મ થયો છે તેવા તેમના માદરે વતનના ગામમાં પણ તેમની યાદ કાયમી ધોરણે જળવાઈ રહે અને દેશના ભાવિ નાગરિકો એવા વિદ્યાર્થીઓ પણ તેમની શહીદીમાંથી પ્રેરણા મેળવે તે હેતુથી આ વીર શહીદોએ જયાં પ્રાથમિક શિક્ષણ લીધું હોય તેવી તેમના વતનના ગામની પ્રાથમિક શાળા સાથે તેમનું નામાભિધાન કરીને કારગીલના યુદ્ધ બાદ મા ભોમની રક્ષા ખાતર શહીદી વહોરનાર ગુજરાતના ૨૮ જેટલા વીર સપૂતોને સાચી શ્રદ્ધાંજલિ આપવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

**માગણી ક્રમાંક: ૧૧**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ સેવાને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૪,૩૪,૭૦,૦૦૦ ની માગણી ક્રમાંક: ૧૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૧૨**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ) સેવાને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૭,૩૯,૩૦,૦૦૦ ની માગણી ક્રમાંક: ૧૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૧૩**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શકિત પરિયોજનાઓ સેવાને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨૨,૩૨,૭૬,૦૧,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૩,૮૭,૪૯,૭૧,૦૦૦ની માગણી ક્રમાંક: ૧૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૧૪**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને લગતું અન્ય ખર્ચ સેવાને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૯૫,૫૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂા. ૮,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક ૧૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરવામાં આવી.**

**માહિતી અને પ્રસારણ વિભાગ**

**માગણી નંબર ૫૩**

**શ્રી જયનારાયણ ન. વ્યાસ (માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રસારણ સેવાને લગતી માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૭૩,૭૦,૦૦૦/- ની માગણી ક્રમાંક ૫૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૫૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરવામાં આવી.**

**માગણી નંબર ૫૪**

**શ્રી જયનારાયણ ન. વ્યાસ (માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હુંમાહિતી અને પ્રચાર સેવાને લગતી માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૪૫,૭૦,૪૦,૦૦૦/- ની માગણી ક્રમાંક ૫૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૫૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કા. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરવામાં આવી.**

**વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ**

**માગણી નંબર ૮૯**

**ડૉ. માયાબેન સુ.કોડનાની (રાજય કક્ષાના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી સેવાને લગતી વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૨૦,૧૯,૨૫,૦૦૦/- ની માગણી ક્રમાંક ૮૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૮૯ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૮-૨૦૦૯ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી મંગળવાર, તા.૨૫/૩/૨૦૦૮(બારમા અને છેલ્લા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ. નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**<br>**માગણી નં. ૧૧** | |
| ૧. | ૩૪૫૧-સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-ઉર્જા....વિભાગ<br>રૂા. ૧,૩૪,૭૦,૦૦૦ પા.નં. ૨૬ | ૧૦૦ | વીજ નિયમન પંચ સમક્ષ વીજ ભાવ વધારા અંગે અસરકારક રજૂઆત કરી વીજ ભાવ વધારો થતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| *૨. | --"-- | ૧૦૦ | ખેડૂતોને વીજળી કનેકશનોના એસ્ટીમેન્ટ અપાયા પછી પણ વીજ કનેકશન આપવામાં થતો અસહય વિલંબ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩. | --"-- | ૧૦૦ | ઘરવપરાશના વીજ બીલમાં રૂા.૧૦ સામાન્ય ખર્ચ પેટે ખોટી રીતે વસૂલાત કરાતાં અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ હળપતિ |
| *૪. | --"-- | ૧૦૦ | અધિકારીઓની વીજ નિયમન પંચ સાથેની સાંઠગાંઠને કારણે આમ જનતા ઉપર પડતો ભાવ વધારો દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૫. | --"-- | ૧૦૦ | છત્તીસગઢ ખાતેના નવા વિજમથકની કામગીરીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિતકુમાર ચાવડા |
| | | | **માગણી નં. ૧૨** | |
| ૬. | ૨૦૪૫-ચીજ વસુતઓ...શુલ્ક<br>૧૦૩-વસૂલાત...શુલ્ક<br>૦૧-વીજળી...નિરીક્ષક<br>રૂા. ૭,૩૯,૩૦,૦૦૦<br>પા.નં. ૬ થી ૧૧ | ૧૦૦ | ગ્રાહકોને પોતાના વીજ મીટરો નાખવા દેવા અંગેની સૂચનાનું કડક પાલન કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૭. | --"-- | ૧૦૦ | મોટા ઉદ્યોગો અને નાના વીજ ગ્રાહકોના વીજ બીલની વસૂલાતમાં થતો ભેદભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજીભાઈ પટેલ |
| *૮. | --"-- | ૧૦૦ | ઘરવપરાશના વીજ ગ્રાહકોને વીજ શુલ્કમાંથી માફી આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૯. | --"-- | ૧૦૦ | બજારમાં હલકી ગુણવત્તા વાળી ટયુબલાઈટોનું વેચાણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૦. | --"-- | ૧૦૦ | જર્જરીત વીજ વાયરોથી પશુઓના થતા મોત અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ |
| | | | **માગણી નં. ૧૩** | |
| *૧૧. | ૨૮૦૧-વીજળી શકિત<br>૮૦-સામાન્ય<br>૧૦૧-વિદ્યુત બોર્ડને સહાય<br>રૂા. ૧૧,૦૦,૦૦,૦૦,૦૦૦<br>પા.નં. ૧૪ | ૧૦૦ | ઘરવપરાશના વીજ ગ્રાહકોના ભોગે ઉદ્યોગોને વીજળીમાં અપાતી રાહતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૧૨. | ૨૮૦૧-વીજળી શકિત<br>૮૦-સામાન્ય<br>૧૦૧-વિદ્યુત બોર્ડને સહાય<br>રૂા. ૧૧,૦૦,૦૦,૦૦,૦૦૦<br>પા.નં. ૧૪ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં વારંવાર વીજ પુરવઠો ખોરવાતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૩. | --"-- | ૧૦૦ | ખેડૂતોને વીજ કનેકશનો આપવામાં થતો વિલંબ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જગદીશભાઈ ઠાકોર |
| *૧૪. | --"-- | ૧૦૦ | વીજ કંપની ધ્વારા વીજળી મીટરોની ચકાસણી તટસ્થતાથી કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૫. | --"-- | ૧૦૦ | ઘરવપરાશના વીજ ગ્રાહકોને અગાઉ આપવામાં આવતી ૨૦૦ યુનીટ સુધી ૨૫ ટકા રાહત પુનઃ ચાલુ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદુભાઈ ડાભી |
| ૧૬. | --"-- | ૧૦૦ | વીજ ઉત્પાદન માટે કોલસાની ખરીદીમાં ચાલતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીભાઈ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | પટેલ |
| ૧૭. | --"-- | ૧૦૦ | યાંત્રીક ખામીવાળા મીટરો માટે ગ્રાહકો પાસેથી વસૂલાતો દંડ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૧૮. | --"-- | ૧૦૦ | વીજ ચોરીના દરોડાઓમાં નિર્દોષ ગ્રાહકોને ભોગ બનતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૧૯. | --"-- | ૧૦૦ | ઉંચા વીજ દરો લેવાતા હોવા છતાં વીજ કંપનીને ખોટ કરતી રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૨૦. | --"-- | ૧૦૦ | વીજ બોર્ડને કરોડો રૂપિયાની સહાય અને માફી આપવા છતાં તેને ખોટ કરતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ખુમાનસિંહ ચૌહાણ |
| | | | **માગણી નં. ૧૪** | |
| ૨૧. | ૨૮૫૨-ઉદ્યોગો<br>૦૪-પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગ<br>રૂા. ૯૫,૫૦,૦૦૦ પા.નં. ૨૪ | ૧૦૦ | ક્રિષ્ના, તાપી અને ગોદાવરી ખાતે મળી આવેલ તેલ ગેસના ભંડારોની કામગીરી વેગવંતી બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈકબાલ પટેલ |
| *૨૨. | --"-- | ૧૦૦ | સરકાર પાસેથી સસ્તા દરે ઘરપરાશનો ગેસ ખરીદતી ખાનગી કંપની ધ્વારા વારંવાર કરાતો ભાવ વધારો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૨૩. | --"-- | ૧૦૦ | ધોળકા ખાતે મળી આવેલ ક્રુડ-ગેસની કામગીરીને વેગવંતી બનાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | | **માહિતી અને પ્રસારણ વિભાગ**<br>**માગણી નં. ૫૩** | |
| ૨૪. | ૨૦૫૨-સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-માહિતી...વિભાગ<br>રૂા. ૬૯,૩૦,૦૦૦ પા.નં. ૧૩-૧૪ | ૧૦૦ | સરકારી વાહનોનો થતો દુરુપયોગ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરુભાઈ ભીલ |
| ૨૫. | --"-- | ૧૦૦ | જિલ્લા કક્ષાની કચેરીઓ ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શંકરભાઈ વાઘેલા |
| ૨૬. | --"-- | ૧૦૦ | પ્રકાશનો ધ્વારા પ્રજાને સરકારી કામગીરીનો વાસ્તવિક ચિતાર આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૨૭. | --"-- | ૧૦૦ | ફોટાઓના રોલની ખરીદીમાં ચાલતી ગેરરીતિઓ અટકાવવામાં તથા તેમાં કરકસર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જગદીશભાઈ ઠાકોર |
| ૨૮. | --"-- | ૧૦૦ | કચેરીમાં થતા બિન જરુરી ખર્ચાઓ ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જોધાજી ઠાકોર |
| *૨૯. | ૨૦૫૨-સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-માહિતી...વિભાગ<br>રૂા. ૬૯,૩૦,૦૦૦ પા.નં. ૧૩-૧૪ | ૧૦૦ | અધિકારી/કર્મચારીઓની ડેપ્યુટેશનની નિમણૂકોમાં ચાલતી ગેરરીતિના કારણે કામગીરીને થતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | | **માગણી નં. ૫૪** | |
| ૩૦. | ૨૨૨૦-માહિતી પ્રચાર<br>૦૧-ચલચિત્રો<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-માહિતી...કચેરી<br>રૂા. ૧૩,૫૬,૦૦,૦૦૦ પા.નં. ૧૮-૧૯ | ૧૦૦ | અખબારોને જાહેરાતો આપવામાં ચાલતો ભેદભાવ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| *૩૧. | --"-- | ૧૦૦ | પ્રજાના પ્રશ્નોને યોગ્ય પ્રસિધ્ધિ આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૩૨. | --"-- | ૧૦૦ | પત્રકારોને એક્રેડીટેશન કાર્ડ આપવામાં ચાલતી ભેદભાવ ભરી નીતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૩૩. | ૨૨૨૦-માહિતી અને પ્રચાર<br>૬૦-અન્ય<br>૧૧૦-પ્રકાશનો<br>૦૧-મુદ્રિત...પ્રચાર | ૧૦૦ | પ્રકાશનોનું યોગ્ય વિતરણ કરવામાં તંત્રની ઉદાસીનતા | |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂા. ૩૦,૩૦,૦૦૦ પા.નં. ૩૦-૩૧ | | | |
| **વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ**<br>**માગણી નં. ૮૯** | | | | |
| ૩૪. | ૨૦૫૨-સચિવાલય....સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-એસ.ટી.પી.-૧૨<br>વિજ્ઞાન....વિભાગ<br>રૂા. ૧૯,૩૧,૨૮,૦૦૦ પા.નં. ૫ | ૧૦૦ | એનઆઈસીના સર્વર પર રહેલ ઓફિસીયલ એન્ટીવાયરસ સોફ્ટવેરની સમસ્યા દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | ડાં. અનિલ જોષીયારા |
| ૩૫. | --"-- | ૧૦૦ | જીસ્વાન નેટવર્કની બેન્ડ વીડથ વધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૩૬. | --"-- | ૧૦૦ | વિભાગની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |
| *૩૭. | --"-- | ૧૦૦ | દરેક વિભાગોને ફાળવેલા કોમ્પ્યુટરોમાંથી વિકૃત વેબસાઈટો તાકીદે બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૮. | --"-- | ૧૦૦ | વાયરસને કારણે વારંવાર કોમ્પ્યુટર સેવાઓ ખોરવાતી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાવકુભાઈ ઉંધાડ |
| ૩૯. | --"-- | ૧૦૦ | મંત્રીશ્રીઓ - વિરોધપક્ષના નેતાશ્રી - સચિવશ્રીઓ - કલેકટર- ડી.એસ.પી.ને લગતી વેબસાઈટને અદ્યતન રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી. કે. રાઉલજી |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## સભાગૃહનો સમય લંબાવવા તેમજ ગિલોટીન અંગે

**અધ્યક્ષશ્રી** : અનુદાન માટેની માગણીઓ ઉપરની ચર્ચાઓ અને મતદાનનો આજે છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની પહેલી બેઠકનો સમય સવારના ૮-૩૦ વાગ્યાનો ઠરાવેલ છે. વિધાનસભાના નિયમોના નિયમ ૨૨૮(૨) મુજબ સભાગૃહની બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલાં અનુદાન માટેની માગણીઓ ઉપરની સઘળી ચર્ચા પૂરી કરવાની થાય, પરંતુ આજે બિન-સરકારી સંકલ્પો પણ હાથ ધરવાના હોઈ નિયમ ૨૩૯ મુજબ મને મળેલી સત્તાની રૂએ નિયમ ૨૨૮(૨) માં છૂટછાટ મૂકીને સવારે ૧૧-૦૦ કલાકે અનુદાન માટેની સઘળી ચર્ચા પૂરી કરવાની ઠરાવું તે પહેલાં મારી પાસે આજના દિવસની પ્રથમ બેઠકનો સમય એક કલાક વધારવા બન્ને દંડકશ્રીઓની વિનંતી છે જેનો હું સ્વીકાર કરું છું અને એટલે છૂટછાટ મૂકીને એક કલાક એટલે કે ૧૧-૪૫ વાગ્યે અનુદાન માટેની માગણીઓની સઘળી ચર્ચા પૂરી કરવાનું હું ઠરાવું છું અને ત્યારબાદ જે માગણીઓ ઉપરની ચર્ચા ચાલતી હશે તે અને બાકીની બધી માગણીઓ સભાગૃહના મત માટે રજૂ થશે.

મારે એક બીજી પણ જાહેરાત કરવાની છે કે પછી તુરત જ બીજી બેઠક આપણે ૨-૦૦ વાગ્યે રાખી છે. હવે આ બેઠકનો સમય એક કલાક વધવાને કારણે બીજી બેઠકનો સમય પણ ૨-૦૦ વાગ્યાના બદલે ૩-૦૦ વાગ્યાનો કરું છું. હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા કરવમાં આવશે.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ) (ક્રમશઃ)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ ( વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં સૌરાષ્ટ્રમાં એવું કહેવાય છે કે અણ આવડત ભરેલા લોકો હોય તે ખાળે ડુચા દે અને દરવાજા મોકળા રાખે, કોઈ આતંકવાદીને પકડવાના હોય તેવી રીતે નાના માણસોના મીટર ચેકિંગ માટે થઈને ફોજ ઉતારવામાં આવે, નાના માણસ પર મોટો દંડો, અને જયાં પાવર જનરેશન થાય છે, ત્યાં આપ દરવાજા મોકળા રાખો, પાનન્ધ્રો ખાતેના યુનિટ-૧ અને ૨, એના રીનોવેશન અને મોર્ડનાઈઝેશન માટેનું ટેન્ડર બહાર પડયું, ૧૨૦ કરોડ અને ૮૬ લાખ રૂપિયાનું કામ, આ ૧૨૦ કરોડ અને ૮૬ લાખ રૂપિયાનું કામ એલ. એન્ડ ટી. ને આપી દેવામાં આવ્યું, ટેકનિકલી કવોલીફાઈડ ન થતી હોય તેવી કંપનીને આપે ૧૨૦ કરોડ અને ૮૬ લાખ રૂપિયાનું કામ આપ્યું, આપના અપાયેલા કામ પછી જે રીનોવેશન અને મોર્ડનાઈઝેશન થવું જોઈએ એ બરાબર થયું નહીં, આ હું નથી કહેતોં, માહિતી અધિકાર નીચે મેળવેલી માહિતીમાં ૨૪ એન્જિનિયરો, જે આપના ઓપરેશન યુનિટ વન એન્ડ ટુ કન્ટ્રોલ રૂમ ખાતે કામ કરે છે એ લખીને ચીફ એન્જિનિયરને મોકલે છે, કે આપનું આર. એન્ડ એમ. નું કામ એ ખોટું થયું છે, ખરાબ થયું છે. અને એના કારણે લોસીસ કેવા આવે છે, યુનિટ-૧ ૯૮ વખત ટ્રીપ થયું, એક વખત યુનિટ ટ્રીપ થાય, અને માત્ર જો બે કલાક મીનીમમ છે, દોઢ થી બે કલાક બંધ રહે તો જે લોસીસ આવે છે, કારણ કે એમાં એલ.ડી. ઓ. વાપરીને ચાલુ કરવું પડે ઓઈલ વપરાય અને જનરેશન લોસીસ આવે, પાંચ લાખ રૂપિયા એક ટ્રીપીંગમાં આપણને લોસ આવે, માત્ર યુનિટ એક ૯૮ વખત ટ્રીપ થયું, આ હું નથી કહેતોં, આપના ૨૪ એન્જિનિયરો લેખિત આપે છે. આપની પાસે કોપી ન હોય, તો આની ઝેરોક્ષ પણ હું મંત્રીશ્રીને પહોંચાડીશ, કે આપના એન્જિનિયરોની શું ફરિયાદ છે, શું આપ આટલા બધા ઉદ્યોગપતિઓ પર વરસી પડવા માગો છો? કે ન કવોલિફાઈડ હોય તેને ૧૨૦ કરોડ ૯૬ લાખનું કામ આપી દો, અને પરિણામે પરિસ્થિતિ શું થાય? અને પછી પાછું આને સક્ષમ બનાવવા કોને દબાવવાના? પેલા નાના માણસોને દબાવવાના, માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ થાય, માનનીય મંત્રીશ્રી જે વિસ્તારમાંથી આવે છે, બોટાદ વલ્લભીપુરમાં સગવડતાઓ આપો આપ, આનંદ થાય, પરંતુ એક દંડે તો રાખો, આપ એ તો જુઓ કે કેટલા કનેકશનો, કેટલા ગ્રાહકોએ કેટલા સબ સ્ટેશનો બોટાદ અને વલ્લભીપુરમાં છે અને બીજે કેટલા છે, હું બિરદાવું, આપ ત્યાં આપો તેનો વાંધો નથી, પણ બધે એક દંડ આપનો રાખો, એક સરખું વર્તન રાખો.

જે પરિસ્થિતિ ગુજરાતમાં સર્જાણી છે, દસમી પંચવર્ષિય યોજનામાં એમ કહેવાયું કે પાંચ હજાર મેગાવોટની વિદ્યુત ક્ષમતા વધારવાની છે, આપે કેટલી વધારી? ૮૦૪ મેગાવોટ, અને એમાં પણ કેન્દ્રિય હિસ્સો ૭૧૪ મેગાટનો, આ પંચ વર્ષિય યોજનામાં આપે ૬૮ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવાનો હતો, આપે કેટલા ખર્ચ્યા? ૩૬ હજાર કરોડ રૂપિયા, આપણે તો નંબર વન છીએ, ઓરિસ્સા અને આસામ જેવા રાજયો, જયાં વીજળી વગરના ઘરો ઓરિસ્સામાં ૨૧ ટકા, આસામમાં ૨૩ ટકા, પરંતુ ગુજરાતમાં ૩૫ ટકા. જે પરિસ્થિતિ ગુજરાતમાં આ વિભાગ દ્વારા ઉભી થાય છે, તત્કાળ યોજના ખેડૂતોના વીજ કનેકશન માટેની આવી હતી, ફોર્મ ભરાયેલી અરજીઓ પેન્ડિંગ છે, અરે આપ નવું ન આપો તો કંઈ નહીં, પણ કમસે કમ જૂનો બેકલોગ તો પૂરો કરો, જૂની જે અરજીઓ પડી છે તેને તો આપો, મીટર વગરના વીજ જોડાણ લેવા માટે વર્ષોથી જેમની અરજીઓ પેન્ડિંગ છે, ૧૨, ૧૪ કે ૧૫ વર્ષથી, તેને વીજ જોડાણ તો આપ આપો. આપ વાયબ્રાન્ટ બનો પાંચ કરોડપતિઓ માટે વાંધો નથી, પરંતુ બહુધા કરોડો ખેતી ઉપર નભે છે એના વીજ જોડાણની ચિંતા કરવી પડે. સરકારનો નિર્ણય હતો અને આજે પણ અમલમાં છે. દા.ત. હું ખેડૂત છું મારી જમીન છે એના તળમાં પાણી નથી પરંતુ દોઢ કિલોમીટર કે કિલોમીટર દૂર સરકારી ખરાબાની જમીન પડી છે. એમાં હું બોર કરું છું, પાઈપ લાઈન નાખીને પાણી લઈ જઉં તો મને બે ગુંઠા સરકારી જમીન મળે. માનનીય મંત્રીશ્રીને હું સ્પેસિફિક એક દાખલો આપવા માગું છું. આ બે ગુંઠા કરદેજ ગામમાં આપવામાં આવી બોર કે કૂવો કરીને પાણી લેવા. એ ખેડૂતને બીજી જમીન છે. બે ગુંઠામાં એ બોર કરે છે, પાણી મળે છે, લાઈન નાખવા માટે રેલવે મંજૂરી આપે છે. પોતાના જૂના વીજ જોડાણને નવી જગ્યાએ ફેરવવા માટે અરજી કરે છે ત્યારે લેખિતમાં આપનો વિભાગ એ ખેડૂતને જણાવે છે કે તમને આ વીજ જોડાણ ન ફેરવી આપીએ. શા માટે કારણ કે તમારી જમીન માત્ર બે જ ગુંઠા છે. બે ગુંઠામાં તમને વીજ જોડાણ ન ફેરવી આપીએ. એ ખેડૂતનું નામ છે હકુભાઈ મીઠાભાઈ કુહાડિયા. સ્પેસિફિક નામ જોઈને માનનીય મંત્રીશ્રી તપાસ કરાવડાવે. ખેડૂતો માટે શું આપણા આવા ધોરણો નથી અને લેખિતમાં ડૅપ્યુટી એન્જિનિયર જવાબ આપે છે. પેલો ખેડૂત કહે છે કે આ સરકારની નીતિ છે એ પ્રમાણે બે ગુંઠા જ જમીન મળે ત્યાંથી પાઈપ લાઈન નાખીને પાણી લઈ જવાનું છે પરંતુ આજ સુધી એને જોડાણ ફેરવી આપવામાં આવ્યું નથી.

માહિતી અને પ્રસારણ વિભાગની પણ આજે માગણી છે. માહિતી અને પ્રસારણ વિભાગમાં મારે દુ:ખ સાથે કહેવું પડે કે આ માહિતી અને પ્રસારણમાં લોકોને માહિતી પૂરી પડાતી નથી. હાથમાં મેગેઝીન લઈએ તો એવું લાગે કે માખણ મારવા માટેની એક વ્યકિતની પ્રસિદ્ધિ માટે અંક છપાય છે. એ અંકમાં ખૂબ જ ભૂલો ભરેલી છે, કામ કરનાર લોકોની એવી તો સીબીડી ભેગી કરેલી છે કે એ જો સામાન્ય છાપામાં હોય અને આવી ભૂલ કરે તો એને પત્રકાર તરીકે કાઢી મૂકવામાં આવે. આ બીજું તો ઠીક આ વિધાનસભાના ખાલી ૧૮૨ ધારાસભ્યો છીએ અમે લેખિત માહિતી ઇલૅક્શન કમિશનને અને અહીંયા વિધાનસભાને આપીએ છીએ. અમારા નામ અને અમારો બાયોડેટા તો સરખો છાપતાં શીખે? એમાં પણ ભગા અને નાના નહિ એવા મોટા કે મને ખબર નથી માનનીય મંત્રીશ્રી પાસે તો કામનો બોજો ઘણો છે. હું આપની મારફત વિનંતી કરું કે ક્યારેક એને વાંચી જૂએ, ક્યારેક તો એના ઉપર નજર ફેરવે. એક વ્યકિતએ માહિતી અધિકાર કાયદા નીચે અરજી કરી કે આ છેલ્લા પાંચ અંકમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના કેટલા ફોટાઓ છે. જવાબ મોકલ્યો કે આ સાથે અમે પાંચેય અંક મોકલીએ છીએ તમે ગણી લેજો કારણ કે અમને ગણીને કહેતાં શરમ થાય છે. આનો લેખિત જવાબ મારી પાસે છે. મેં એક અધિકારીને ફોન કર્યો ત્યારે એમણે કહ્યું કે સાહેબ શું કરીએ અમારી મજબૂરી છે ગણતા અમને પણ શરમ આવે છે. આ ગુજરાતનો અંક છપાવવા માટે સ્પેસિફિક ધોરણો નક્કી થાય છે. એકજ માણસને કોન્ટ્રેકટ આપવાની ડિઝાઇન બને છે. શરત મુકાય છે કે તમારી પાસે ૫૦ હજાર નકલો છપાવવાનો અનુભવ હોય તો જ તમને કોન્ટ્રાકટ મળે. હું સવાલ કરું છું કે ગુજરાતમાં છે કોઈ એવું મેગેઝીન કે જેની ૫૦ હજાર નકલો હોય, સ્વાભાવિક છે કે બીજું કોઈ ટેકનિકલ બીડમાં આવી જ ન શકે. આપની શરત હોય કે છેલ્લા ત્રણ વર્ષમાં જેનું ૭.૫ કરોડનું ટર્ન ઓવર દર વરસે હોય એજ માણસ કોમ્પીટેશનમાં ભાગ લઈ શકે. પરિણામે શું થાય કે એકજ માણસ આવે છે. એ માણસ કોણ કે જે માણસે ખેડૂત પોથીમાં ભ્રષ્ટ્રાચાર ગોટાળા કરેલા એના લીધે એને બ્લૅક લિસ્ટ કરેલ. એ કોર્ટમાં ગયા કોર્ટે એને ન માન્ય રાખ્યા એના સરકારે કાપેલા પૈસા વાજબી ઠેરવ્યા એવા બ્લૅક લિસ્ટેડ એકજ માણસને ગુજરાતના અંકો છાપવા માટેનો ઑર્ડર આપી દેવામાં આવે. એ માણસ પોતાના પ્રેસમાં ન છાપે કારણ કે એની પાસે ક્ષમતા નથી. એ બીજે છપાવે, કાગળ સરકાર આપે છે, બીજે છપાવે છે અને વચ્ચેની લાખો રૂપિયાની મલાઈ ખાઈ જાય છે. ફેર કોમ્પીટીશન કરવામાં આપને વાંધો શું છે? આપ જો એલ. એન્ડ ટી.ને ટેકનિકલ બીડ વગર ત્યાં આપી શકો છો તો અહીં ગુજરાતનો અંક છપાવવા માટે શું આખા ગુજરાતમાં એક માણસ સિવાય બીજો કોઈ ટેકનિકલી કવોલિફાઈડ ન થાય એવા પ્રકારની વ્યવસ્થા ગોઠવતા આપણને શરમ ન આવે? શું આપણે આ કરવા અહીં બેઠાં છીએ? આ રીતે ચાલે તો એમ કહી શકાય કે હું કરોડોમાં ખાઉં છું અને બીજાંને સુખનો રોટલો ખાવા દેતો નથી. આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાયન્સ અને ટેકનોલોજીની વાતમાં આપણે આંકડાઓ જોઈએ તો, આપણે શું કરવા માગીએ છીએ? આપે આયોજનના ખર્ચા અને આયોજન બહારના ખર્ચાઓનું પ્રમાણ જોયું છે ખરું? આનાથી વિકાસ

નહીં થાય. મારા અન્ય સભ્યશ્રીઓ પણ ચર્ચામાં ભાગ લેવાના છે માટે હું વધારે વાત નહીં કરતા આજના સમયની મર્યાદામાં આ જે ભ્રષ્ટાચારથી ચાલતું ખદબદતું તંત્ર છે તેને વ્યવસ્થિત કર્યા વગર આટલી મોટી માગણીઓ મંજૂર કરવાથી ભ્રષ્ટાચારને વેગ મળવાનો છે, માટે હું આ માગણીઓને સમર્થન આપી શકતો નથી.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ તથા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા એ વિકાસ માટે પાયાની જરૂરિયાત છે. જો જીવનમાંથી ઉર્જા નીકળે તો બાકી પ્રગતિ માટેના માપદંડો બદલાઈ જાય. આજે એ જ ગુજરાત છે, આજથી માત્ર પાંચ વર્ષ પહેલાંના ગુજરાતની કલ્પના કરીએ, ગુજરાતના ગામડાંની કલ્પના કરીએ તો ૨૪ કલાક વીજળીની તો કોઈ કલ્પના કરી શકતું નહોતું. જયોતિગ્રામ યોજનાના આધારે, જયોતિગ્રામ યોજના ગામડાંમાં આવી જેના આધારે ગુજરાતનું ગામડું જે પ્રમાણે બેઠું થયું. શાને કારણે થઈ શકયું? ઉર્જાને કારણે. એક ઉર્જા આવતાની સાથે બાકીના બધા માધ્યમોમાં ચેતન આવતું હોય છે. એ શિક્ષણની વાત હોય, રોજગારીની વાત હોય, માનવ જીવનની વાત હોય. ઉર્જા ખૂબ મહત્વની ભૂમિકામાં હતી અને ગુજરાતે આખા હિંદુસ્તાનમાં એક નવી પહેલ કરી છે. જયોતિગ્રામ યોજના રાજય સરકારની ઈચ્છાશકિતનું પ્રદર્શન કરે છે. નવી ઉર્જા ડેવલપ કરવા માટે બિનપરંપરાગત ઉર્જા માટેનો રાજય સરકારે જે વિચાર કર્યો છે, જેનું આયોજન કર્યું છે. વેસ્ટલેન્ડમાં ઉર્જા ઉગાડવા માટે વેસ્ટલેન્ડમાં પ્લાન્ટેશન કરીને તેનું વધારાનું નકામું લાકડું હોય, જેનો બળતણમાં ઉપયોગ કરીને ત્યાંથી ઉર્જા પેદા કરવી. રાજય સરકારે એ પણ આયોજન કર્યું છે. પવન આધારિત ઉર્જા અને સૌર આધારિત ઉર્જાનું પણ રાજય સરકારે મોટું નેટવર્ક ચાલુ કર્યું છે. આવનારા સમયમાં ગુજરાત એ હિંદુસ્તાનમાં જયારે અગ્ર હરોળનું રાજય બની રહયું છે. ઔદ્યોગિક વિકાસ હોય, એગ્રીકલ્ચરનો વિકાસ હોય એ તમામ દિશામાં રાજય સરકારે આગોતરું આયોજન કરીને નવું વિદ્યુત ઉત્પાદન કરવાની કામગીરી હાથ ઉપર લીધી છે. રાજય સરકારને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું. ૧૧મી પંચવર્ષીય યોજના અંતર્ગત ૨૦૦૭થી ૨૦૧૨ના વર્ષ સુધી ૫૦૦ લાખના ખર્ચે ૧૪,૦૦૦ લાભાર્થીઓને નવા વીજળીકરણ માટેનું આયોજન કર્યું છે. તેના માટે પણ આ વિભાગની માગણીને સમર્થન આપવું જોઈએ. વંચિત એવા વિસ્તારો અને ખાસ કરીને ખાસ અંગભૂત યોજના અંતર્ગત જે લોકો વંચિત રહી ગયા છે તેમના ઘર સુધી વીજળી પહોંચે જે ૫૦ વર્ષમાં આપણે પહોંચાડી શકયા નથી તેના માટેનું આયોજન રાજય સરકારે કર્યું છે. તેના માટે રાજય સરકારની આ માગણીને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં એક વાત માહિતી અને પ્રસારણ વિભાગની આવતી હોય, તેમાં પણ પીળું કપડું દેખાતું હોય. અને કેટલાકને શું થાય એ સમજી શકાય છે. પરંતુ મારે એ કહેવું છે કે, કપડાનો કલર દેખાય છે કે આંખનો કલર એ પોતે અંદર જુએ તો ખબર પડે. એ જ ગુજરાતના અંકની વાત છે. હું દસમા ધોરણમાં ભણતો હતો ત્યારે દસ રૂપિયાનું લવાજમ હતું. એની નકલો કેટલી હતી? કોણ વાંચતું હતું? માત્ર રાજય સરકારની જ રોજગારી માટેની જાહેરાતો એની અંદર આવતી. એના કારણે જેમને રોજગારી મેળવવાની હોય એ દસ રૂપિયાનું કે પાંચ રૂપિયાનું લવાજમ ભરીને આ અંક મંગાવતા. આ અંક જૂજ સંખ્યામાં વેચાતો હતો. કોના ફોટા ગમે છે અને કોના નથી ગમતા એ તો પ્રજાએ નક્કી કરવું પડે. જે ફોટો કદાચ અખબારની અંદર હશે એના કરતાં વધારે જે ફોટો પ્રજાના દિલની અંદર બેસી ગયો હોય એ કેવી રીતે દૂર કરી શકાય? આમના જ ફોટા આવે છે, આમના જ ફોટા આવે છે. એમના જેવું કામ કરો તો ભવિષ્યમાં આપણે એ દિશાની અંદર વિચારી શકીએ. મારે તો એ વાત કરવી છે કે, આ ગુજરાતનો અંક એ પહેલાં કેવી સ્થિતિની અંદર હતો? કેટલી કૉપીઓ એની નીકળતી? કોઈ પ્રાઇવેટ અખબાર ચાલતું હોય એના કરતાં વધારે સારી સ્થિતિમાં આજે ગુજરાતનો અંક છપાઈ રહ્યો છે. આમાંથી ગુજરાત સરકારની માહિતી મળી રહે છે. માત્ર રાજય સરકારની માહિતી નહીં, કોઈપણ વ્યકિત, બહારના પૉલિટિક્સની સાથે લેવાદેવા નથી એવા કેટલા મોટા પ્રમાણમાં લવાજમ ભરે છે? એનો આંકડો કેટલો છે? એનાથી એની આવક કેટલી ઊભી થઈ છે? એ આંકડો જોવામાં આવે તો એના ઉપરથી ગુજરાતના અંકની લોકપ્રિયતા કેટલી છે એનું આપણે આકલન કરી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે જ્ઞાન અને માહિતીનો આ જમાનો છે, ઈન્ફર્મેશન અને નૉલેજનો જમાનો છે ત્યારે સાયન્સ અને ટૅક્નૉલૉજીની બાબતમાં આપણે પાછળ રહીએ તો હું માનું છું કે, કોઈપણ રીતે આગળ વધી શકીએ નહીં. એક શસ્ત્રોનો જમાનો હતો. જ્યારે જેની પાસે શસ્ત્રો વધારે હોય એ શકિતશાળી ગણાતો. એ વ્યકિત, સમાજ કે રાષ્ટ્ર હોય. અત્યારે જેની ઈકોનોમી સાઉન્ડ વધારે હોય એ વ્યકિત, સમાજ કે રાષ્ટ્ર વધારે સક્ષમ ગણાય છે.આવતી કાલ આવી રહી છે જ્ઞાન અને માહિતી, ઈન્ફર્મેશન અને નૉલેજની. એક સમયની અંદર ગુજરાત સરકારે ચારેબાજૂથી જ્ઞાનના ઉપાસક બનીને જ્ઞાનની દિશામાં દુનિયાને ગુજરાત નેતૃત્વ આપે એ દિશામાં આગળ વધવા માટેનો પ્રયત્ન કર્યો છે એના માટે અભિનંદન આપું છું. ખાસ કરીને સાયન્સ અને ટૅક્નૉલૉજી વિભાગ દ્વારા બાયોટૅક્નૉલૉજી પ્રભાગ, સાયન્સ અને ટૅક્નૉલૉજી પ્રભાગની રચના કરી છે. વાઈબ્રન્ટ ગુજરાત આઈ.ટી. સમિટ ૨૦૦૭માં ૧૫૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે. આ વિભાગની માગણીઓને હું હૃદયપૂર્વક ટેકો આપું છું.

**શ્રી સી.કે. રાઉલજી (ગોધરા)** : માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, માહિતી અને પ્રસારણ તથા વિજ્ઞાન અને પ્રાદ્યૌગિકી વિભાગના મંત્રીશ્રીઓ માગણીઓ લઈને આ ગૃહમાં આવ્યા છે એમાં મારા બે-ત્રણ સૂચનો

કરવા માગું છું. (અંતરાય) અમને પાંચ મિનિટનો સમય મળે છે એ બહુ ઓછો છે. અમારે જે વાત કરવાની હોય એ આ પાંચ મિનિટમાં જ કરવાની હોય છે. માનનીય સિનિયર મંત્રીશ્રીઓ આ રીતે ભાગ લેતા હોય અને આમને સામને વાતો કરતા હોય તો અમારે પાંચ મિનિટના સમયમાં જે વાત કરવાની હોય એ થતી નથી. હું રાજકીય અવલોકનોમાં પડવા માગતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આમ છતાં છેલ્લા ૧૫-૨૦ દિવસથી આ ગૃહમાં ચર્ચાઓ સાંભળી રહ્યો છું ત્યારે જ્યારે જ્યારે આ ગૃહમાં હું ચૂંટાઈને આવું છું ત્યારે હંમેશાં છ મહિના -બાર મહિનામાં સરકાર બદલાય છે અગર તો એનું પરિવર્તન થાય છે. એનો દાખલો એટલા માટે આપું છું કે,

**અધ્યક્ષશ્રી** : શ્રી સી.કે. તમે શુકનિયાળ છો એવું અમે માનતા હતા.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, મેં ગઈ કાલે રાત્રે બહુ શાંતિથી અભ્યાસ કર્યો. કારણ કે, જેમ જેમ સત્તાના વર્ષો વધતા જાય છે એમ એમ ગરીબોની લાગણી, ખેડૂતોની લાગણીનો સત્તાધીશોને ખ્યાલ આવતો નથી. એનો દાખલો આપું. ૨૦૦૬-૦૭ની અંદર ખેતી વિષયક પ્રશુલ્ક વળતર ૭૪૧ કરોડ ૨૭ લાખ અને ૩ હજાર હતું. ૨૦૦૭-૦૮માં ૫૭૬ અને ૮૭ લાખ હતું. ૨૦૦૮ આ ચાલુ સાલે ખેતી વિષયક પ્રશુલ્ક વળતર ૫૨૩ કરોડ અને ૦૪ લાખ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ૩ વર્ષથી અંદર આ ખેડૂતોની સરકાર છે એમ કહે છે, તો મારે આપના મારફત એટલું કહેવું છે કે મંત્રીશ્રી આ વખતે પ્રશુલ્ક વળતર ખેડૂતો વિષયક વીજ જોડાણ માટે ૩ વર્ષમાં ૧૬૪ ગણો ઘ ટાડો કર્યો છે. આ ખેડૂતોની લાગણીવાળી સરકાર છે એટલા માટે કહુ છું. હું એક એ પણ કહેવા માગું છું કે ભલે મુખ્ય કેનાલ, નર્મદા કેનાલ સૌરાષ્ટ્ર કચ્છ સુધી જાય પણ આજે અમારો પંચમહાલ, દાહોદ, રાજપીપળાથી માંડીને છેક પૂર્વપટ્ટીના આદિવાસી વિસ્તારો ( અંતરાય) હું જે કંઈ કહેવા માગું છું સાંભળો, આ વીજળીની વાત કરું છું.. કે સાહેબ કૂવા આધારીત જે લોકો ખેતી કરે છે કૂવા આધારીત, આજે પણ ૯૬ની સાલની થ્રીફેઈઝ લાઈનના ગુજરાતના કેટલાય કૂવા ઉપરના કનેકશનો લાઈનની અરજીઓ પેન્ડિંગ છે. આજે પણ એનું કનેકશન મળતું નથી. આજે ૧૨૫૩૦ મેગાવોટની વપરાશની માગણી છે એની સામે રાજય સરકાર પાસે ૯૪૧૦ મેગાવોટની ક્ષમતા છે. મારે આપના મારફત કહેવું છે કે આજે પણ ૩૫૯૯ મેગાવોટની ઘટ છે. દિવસ દિવસે વસ્તી વધતી જાય છે. વીજ જોડાણો ૯૬થી મળતા નથી. મારો મુખ્ય પ્રશ્ન એ છે કે નર્મદાના કેનાલનું ખેડૂતોને પાણી મળે, મને એનો આનંદ છે પણ અમારા પૂર્વ વિભાગના જે કંઈ જિલ્લાઓ છે, તાલુકા છે એમાં બીજા જિલ્લાઓની અંદર, બીજા રાજયોની અંદર સિંગલ ફેઈઝ કનેકશન, દોઢની મોટર, બે હોર્સ પાવરનું કનેકશન જો અપાય તો નાના ખેડૂતોને આજે બે એકર ત્રણ એકર જમીન હોય તો પોતાના ખેતરની અંદર શાકભાજી વાવી શકે. કારણ કે હું એક ખેડૂતનો દીકરો છું એટલા માટે મારી લાગણી આપના મારફત માનનીય મંત્રીશ્રીને પહોંચાડવા માગું છું કે આવા જે વિસ્તારોની અંદર કે જ્યાં કૂવાથી સિંચાઇ થતી હોય ત્યાં દોઢ હોર્સ પાવર, બે હોર્સ પાવરનું વીજ કનેકશન અપાય તો નાના અને મધ્યમ ખેડૂતોને આ મોટામાં મોટો લાભ થાય છે એવું મારું આપના મારફત સૂચન છે તો આ માટે પણ આપ માનનીય મંત્રીશ્રી જો આ સૂચન સ્વીકારો તો નાના ખેડૂતો પણ સુખી થાય અને ખેડૂતલક્ષી સરકારના દિલને છેલ્લે એટલી જ વાત કહીશ કે કેન્દ્ર સરકાર તરફથી પણ રાજીવ ગાંધી ગ્રામીણ યોજના વીજળીકરણ હું જરૂર કહીશ કે કેન્દ્ર સરકારે ક્રુડ અને ઓઈલ રોયલ્ટીના ડિસેમ્બર ૨૦૦૭ સુધી ૧૪૩૨ કરોડ અને ૩૨ લાખ, ૧હજાર કરોડની રોયલ્ટી મળી છે. આજે એની સામે શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં ઝુંપડપટ્ટીની યોજના અને વીજળીકરણની યોજનાએ કેન્દ્ર સરકારની છે. રાજીવ ગાંધી ગ્રામીણ યોજના પણ કેન્દ્ર સરકારની છે. ૧૪૩૨ કરોડ જેટલી સહાય એની સામે ગુજરાત સરકાર આ શહેરી અને ગ્રામીણ ક્ષેત્રના ઝૂંપડાવાસી માટે ૩૦ કરોડ રૂપિયાની સબસીડીની આ વર્ષે જોગવાઈ કરી છે. જ્યારે કેન્દ્ર સરકાર આટલી સહાય આપતી હોય ત્યારે રાજય સરકારે પણ આમાં કંઈક વિચારવું જોઈએ. કૃષિ વીજ જોડાણની વાત કરીશ તો દરેક જિલ્લાની અંદર કેટલી અરજીઓ પેન્ડિંગ છે અને એની સિનિયોરીટી મુજબ એનું જોડાણ આપે એવી પણ મારી આ પ્રસંગે લાગણી છે. આ ક્ષમતામાં વધારો કરે કારણ કે ૩ વર્ષની અંદર ખાલી ૧૧૧ ધુવારણ ગેસ વપરાશના વીજળીકરણ માટેનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આજે ૩૫૯૯ મેગાવોટની વીજળીની ઘટ છે તો એમાં પણ વધારો કરે એવી મારી લાગણી છે.

**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ એમના વિભાગની અને બીજા મંત્રીશ્રીઓ એમના વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. સરકાર ૧૮હજાર ગામડામાં થ્રીફેઈઝ લાઈટ મળે છે એમ સંતોષ જરૂર લેતી હશે પણ મારે મંત્રીશ્રીને સાહેબ જણાવવું છે કે આ જયોતિગ્રામ યોજના ચાલુ કરી તો ગામડાના ખેડૂતની શું હાલત છે એ જરા એમના અધિકારીઓને મોકલીને જરા તપાસ કરાવે. પહેલા પરિસ્થિતિ એ હતી કે ગામડામાં જે ખેડૂતો હતા એ ખેડૂતો પોતાની બે એકર-ત્રણ એકર જમીન હતી, નાના અને સીમાંત ખેડૂતો એ સાહેબ ખેતી કરી શકતા હતા. આજે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. ગઈ અગિયારમી વિધાનસભામાં અમારા ગૃહના ભા.જ.પ. અને કોંગ્રેસના તમામ ધારાસભ્યશ્રીઓએ માગણી કરી હતી કે આ સિંગલ ફેઈઝ જે છે એને રેગ્યુલરાઈઝ કરી આપો, સરકારને રેવન્યુ મળશે પણ એમને ટિકિટ સુદ્ધા ના મળી, એ જે પોતાની વ્યાજબી માગણી, પોતાના વિસ્તારના પ્રશ્નોની વ્યાજબી માગણી જો કોઈ રજૂ કરે અને એને ટિકિટ સુદ્ધા ના મળે આ પરિસ્થિતિ પેદા થઈ એટલે મારી તો

મંત્રીશ્રીને વિનંતી છે કે અમારા જે ગામડાઓ છે, જે ખેડૂતો છે એમને પોતાની જમીન પીવડાવી શકે એવું કંઈક આયોજન કરો, આ ગૃહમાં કંઈક આપ જાહેરાત એવી કરો કે એમને કંઈક કનેકશન મળે. અત્યારે બહુ ખરાબ પરિસ્થિતિ છે. અત્યારે ઘઉં બળી ગયા એમનેમ અને રોજ દરોડા પાડે એના લીધે પરિસ્થિતિ ખૂબ વણસી ગઈ છે. સરકારે હમણાં જ ગૃહમાં જાહેરાત કરી હતી કે માઈક્રો ઈરીગેશન સિસ્ટિમ ચાલે છે એના લીધે લાઈટનું કનેકશન મળશે. એટલે મેં ત્યાં ગામડામાં આ માઈક્રો ઈરીગેશન સિસ્ટમની વાત કરી અને ગામડાનો અભણ માણસ જાણે અને સમજે ત્યાં તો સ્કીમ બંધ થઈ ગઈ. અધિકારીઓ કહે છે કે આ સ્કીમ બંધ થઈ ગઈ છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં તપાસ કરાવો.

બીજું ડાર્ક ઝોનની પદ્ધતિ, અમારે ઈડર તાલુકાનો વિસ્તાર છે ત્યાં ગુહાઈ ડૅમ આવેલો છે. આ ડૅમમાં પાણી ઉપર છે પણ સરકાર કહે છે કે તળ નીચે ગયા છે એટલે કનૅક્શન મળતા નથી. ઈડર તાલુકાના મારા વિસ્તારના માણસોને ખેતી કેવી રીતે કરવી એ જ સમજાતું નથી. કનૅક્શન મેળવવું હોય તો અત્યારે એમ કહે છે કે પાણી પુરવઠા વિભાગનો દાખલો લઈ આવો તો કનૅક્શન મળે. આવી સિસ્ટમમાં ફેરફાર કરવામાં આવે એવી વિનંતી છે. માનનીય અધ્યક્ષશ્રી, હેલ્પરની સંખ્યા જુદા જુદા વિસ્તારોમાં જુદી જુદી હોય છે. મારી વિનંતી છે કે અગાઉ પણ એમની સાથે ચર્ચા થઈ ગયેલ છે, આ અંગે સમીક્ષા કરવામાં આવે કે કયા વિસ્તારમાં કેટલા હેલ્પર છે. પરિસ્થિતિ એવી થાય છે કે જ્યારે ફોલ્ટ થાય છે ત્યારે અઠવાડિયા કે મહિના સુધી કોઈ જતા નથી. આમાં ફેરફાર કરી હેલ્પરની સંખ્યા વધારવામાં આવે એવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઊર્જા વિભાગના અધિકારીઓ રિટાયર્ડ થતા હોય છે એમને પાછા રાખવામાં આવે છે. નવા અધિકારીઓ ઉપર આમને વિશ્વાસ નથી. જૂના અધિકારીઓ સરકારના વખાણ કરવા સિવાય કોઈ કામ કરતા નથી. મને એનો કડવો અનુભવ છે. મારી વિનંતી છે કે ભલે તમે એને એક્સટેન્શન આપો એનો વાંધો નથી. પણ એ લોકો પોતાના પક્ષનો માણસ હોય એને જીતાડવા માટે ચૂંટણીમાં પણ કૂદી પડે છે. તો આના માટે મંત્રીશ્રી ચિંતા કરે એવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે માહિતી અને પ્રસારણ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એમાં પણ જે પ્રજાના કલ્યાણની યોજનાઓ છે એ યોજનાઓ પ્રજા સુધી પહોંચવી જોઈએ. યોજના તો ઠીક છે પણ યોજનાના ફોર્મ પણ મળી શકતા નથી. ત્યારે મારી મંત્રીશ્રીને આ બાબતે વિનંતી છે. જે જિલ્લા કેન્દ્રો સાથે સંલગ્ન બનાવવાની કામગીરી છે એ હું વખાણું છું. એ કામગીરીથી તાલુકા લેવલે સારો ફાયદો થશે પણ તાલુકા લેવલે એનું માધ્યમ સુધારવાની જરૂર લાગે છે.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા)** : માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા વિભાગના મંત્રીશ્રી માગણી ક્રમાંક: ૧૧, ૧૨, ૧૩, ૧૪ જે લઈને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે ઊર્જા શબ્દ યાદ કરીએ તો આપણી ભારતીય સંસ્કૃત્તિમાં ઊર્જા સાથે મા ગાયત્રી યાદ આવે છે. વેદમાતા મા ગાયત્રીની સાધના કરીએ તો કેટલી ઊર્જા મળે છે? એ ઊર્જાથી આપણે માનસિક અને શારીરિક કેટલીક શક્તિઓ પ્રાપ્ત કરીએ છીએ. મા ગાયત્રીના વરદાનથી આ રાજ્યની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય ઊર્જા મંત્રીશ્રી ઉપર એની કૃપા ઊતરી છે. એના કારણે સમગ્ર ગુજરાત આજે ઊર્જાથી એટલું સમૃદ્ધ બન્યું છે કે સામાન્યમાં સામાન્ય ઝુંપડપટ્ટીમાં વસતો માણસ આજે ઊર્જાથી સમૃદ્ધ બનવા માંડ્યો છે. આજે વાત કરીએ છીએ ત્યારે અઠવાડિયા અગાઉ હોળીનો ઉત્સવ હતો ત્યારે દ્વારિકામાં અમારા મિત્રો ફરવા ગયા. ત્યાંથી બેટ દ્વારિકા ગયા હતા. ત્યાં ગયા પછી એમને ખ્યાલ આવ્યો કે બેટ દ્વારિકામાં વર્ષોથી લાઈટ ન હતી. આજે ત્યાં ૨૪ કલાક લાઈટ મળે છે.ખરેખર આ ઊર્જા મંત્રીશ્રીને ધન્યવાદ આપવા જોઈએ. ચારે બાજુ પાણી છે અને વચ્ચે ટાપુ છે અને બેટ દ્વારિકા આપણી સંસ્કૃત્તિનું યાત્રાધામ છે ત્યાં ૨૪ કલાક લાઈટ મળવાના કારણે લોકોને ત્યાં રાતવાસો કરવાની ઈચ્છા થાય છે. પોતાનો ધર્મ-નિયમ કરવા દ્વારિકામાં રાત્રિ રોકાય તો લાગે કે ખરા અર્થમાં સગવડ વધી છે. મરીન કેબલ દ્વારા સાગરમાં આ વ્યવસ્થા કરી અને બેટ દ્વારિકાને ઝળહળતું બનાવ્યું છે. એના માટે હું આ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા વિભાગની કામગીરી છે એમાં વિરોધ પક્ષના લોકો ભલે કહે પરંતુ મનમાં એ પણ સમજે છે કે આજે જ્યોતિગ્રામ યોજનાથી કેટલો લાભ થયો છે. આજે ગામડાંમાં ૮ કલાક સતત ક્વોલિટી પાવર મળે છે. વર્ષમાં ત્રણ-ત્રણ પાકો લેવામાં આવે છે. આજે ગામડાંનો ખેડૂત સમૃદ્ધ થયો હોય તો આ જ્યોતિગ્રામ યોજનાના કારણે થયો છે. હીરાઘસુઓ ગામડાંથી બહાર જતા હતા, આજે એ લોકો પોતે ગામડે જ હીરા મગાવીને પોતાનો નાનો ગૃહઉદ્યોગ ચલાવી શકે એ પ્રકારે જ્યોતિગ્રામ યોજનાનો લાભ મળે છે. આ જ પ્રકારે વીજ કરની અંદર કેટલીક રાહતો પણ એને આપી છે. જે સામાન્ય રીતે છેલ્લા પાંચ વર્ષમાં તમામ કક્ષાના ગ્રાહકોને વીજકરમાં એક હજાર કરોડની રાહતો આ સરકાર દ્વારા આપવામાં આવી છે. દરિયા કાંઠાનો જે વિસ્તાર છે, સાહેબ, સાગરખેડુ જે દરિયાઈ પટ્ટીમાં છે. ૧૬૦૦ કિલોમિટરનો દરિયા કિનારામાં ૨૦૦૭-૦૮ દરમ્યાન દરિયા કાંઠાના વિસ્તારમાં ૬૬ કે.વી.ના ૧૦ જેટલા સબસ્ટેશનો ઊભા કરવામાં આવ્યાં છે અને એનું આયોજન પણ ૨૦૦૮માં કમ્પ્લીટ થઈ જશે આ ઊર્જા વિભાગની સિદ્ધિ છે. એ સિવાય ગ્રાહક સુવિધા કેન્દ્ર એમાં ચારેય વીજ કંપનીઓ છે એમાં ૩૭ જેટલા ગ્રાહકોને સુવિધા કેન્દ્રો આપ્યાં છે, એની અંદર સામાન્યમાં સામાન્ય ગ્રાહક પોતાની નાની મોટી

ફરિયાદ લઈને જાય છે તેનો તુરતજ નિકાલ થાય આ પ્રકારની ઊર્જા મંત્રીશ્રી જે કાંઈ માગણીઓ લઈને આવ્યા છે એને હું સમર્થન આપું છે.

સાથે સાથે માહિતી અને પ્રસારણ વિભાગની માગણી આવી છે. વિરોધપક્ષના માનનીય નેતાશ્રી તો ખૂબ અભ્યાસુ છે, વાંચન પ્રિય છે. પરંતુ ગુજરાતનો અંક જોઈએ અને જોયાં પછી જે શંકરભાઈએ વાત કરી પાંચ-સાત વર્ષ પહેલા ગુજરાત પાક્ષિક જે રીતે આવતું હતું એ ગુજરાત પાક્ષિક પસ્તીમાં જતું હતું. આજે ગુજરાત પાક્ષિક દેશમાં નહિ, પરદેશમાં જાય છે. જ્યાં ગુજરાતી છે ત્યાં ગુજરાત પાક્ષિક વંચાય છે અને ગુજરાત પાક્ષિક વાંચીને ગુજરાતના સર્વાંગી વિકાસની એક ઝાંખી થાય છે અને એટલા માટે તો આજે વાયબ્રન્ટ ગુજરાતમાં દેશ-વિદેશથી જો લોકો આવતા હોય તો એ આવવાનું માધ્યમ ગુજરાત પાક્ષિક છે. આ પ્રકારની જે માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેને મારું સમર્થન આપી મારી વાત પૂરી કરું છે.

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ (કાલુપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા અને માહિતી ખાતાના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યાં છે એમાં મારાં વિચારો રજૂ કરું છું.

સાહેબ, ખાસ કરીને મારે અમદાવાદ વિષે જ કહેવું છે. અમદાવાદની અંદર આ જે ઈલેકિટ્રક કંપની છે એ બહુજ ગ્રાહકોને તકલીફ પહોંચાડે છે અને બેહદ નાણા વસૂલ કરી એમને સજા આપે છે અને એક માનસિક ટેન્શન આપે છે. દા.ત. ૧૯૯૮ની અંદર, ૧૯૯૮થી લઈને ૨૦૦૦ સુધી જે કમિશનની મંજૂરી લેવાની હોય છે એ મંજૂરી લીધી નથી. એમને ૨૦૦૨માં કમિશનની મંજૂરી મળી છે. એ દરમ્યાન અમદાવાદ શહેરના ૧૩૦૦ ગ્રાહકો છે ઈલેકિટ્રકસિટીના એની અંદર ૧૫૦૦ કરોડ રૂપિયા એ લોકોએ વસૂલ કરેલા છે એ હજુ તો નથી આપતા અને બીજું મધ્યમવર્ગ અને ગરીબને ચોરીના બહાને હેરાન કરે છે. લાખોપતિ, કરોડપતિ અને કારખાનેદારોને કોઈ જાતે વીજીલન્સ હેરાન કરતું નથી. ખાસ કરીને કોટ વિસ્તારના જે ગ્રાહકો છે એને હેરાન પરેશાન કરી નાખે છે. સૌથી મેઈન વાત તો એ છે કે જે મિટર આપણે બજારમાંથી ખરીદી કરીને લગાડવાના હોય છે એ કંપની જોરજુલમ કરીને, તકલીફ આપીને લોકોને મિટર માટે દબાણ કરે છે અને દર મહિને ૩૦ રૂપિયા ભાડું લે છે. ઘણી કંપનીઓ મિટર બનાવે છે, એક નથી અનેક કંપનીઓ છે તો સરકારે સ્પેશ્યલ મંજૂરી આપવી જોઈએ કે જે ગ્રાહકે જ્યાંથી લાઈટ લે છે અને મિટર લેવાનું હોય તો એ ગમે ત્યાંથી મિટર લઈ શકે છે. બીજું ખાસ કરીને આ બી.યુ. પરમીશન વગર લાઈટો આપે છે, મોટા મોટા કોમ્પ્લેક્ષના હજુ તો પ્લાનેય મંજૂર ના થયા હોય તે પહેલા આપી દે છે. ગરીબ પ્રજા, મધ્યમવર્ગની ચાલીઓમાં રહેતા લોકોને હેરાન પરેશાન કરી નાખે છે અને એ લોકોને લાઈટ આપતા નથી પણ સરકારે એ લોકોને દબાણ કરે કેમ કે એ સરકાર ઉપર છે. ઈલેકિટ્રસિટીની અમદાવાદ શહેરમાં ઘ ણી કંપનીઓની લાઈટના પરવાના માગવાની માગણી છે. જે પ્રકારે ઈલેકિટ્રકની દુનિયાની અંદર કેટલાય ઈન્સ્ટ્રુમેન્ટસ સસ્તા થઈ ગયા છે. લાઈટ માટે આજે અમદાવાદમાં એકજ કંપનીને ઈજારો આપે એ કેવી રીતે બની શકે? ઘણી કંપનીઓ છે જેવી કે રિલાયન્સ, એલ. એન. ટી., બિરલા એ કંપનીઓ પરવાના લેવા તૈયાર છે, પણ અહીંયા એક ને એક કંપની જોરજુલમ કરી નાખે છે. એની સાથે સાથે સુરતમાં પણ એ જ કંપની છે તો સુરતમાં પણ હવે જમાનો બદલાયો છે. ઘણી કંપનીઓ પરવાના માગે છે એના માટે બીજી કંપનીઓને આ ઈજારો આપવો જોઈએ.

સાહેબ, જ્યારે પણ વીજીલન્સ અમદાવાદ શહેરમાં કોઈ વિસ્તારની અંદર રેડ પાડે છે ત્યારે એના માણસો મિટર લઈ જાય છે. મોટા પાયે દરેક ઘરમાં, ફ્લેટમાં, બંગલામાં જઈને ચેક કરે છે એની સાથે ત્યાં પોલીસના માણસો હોય છે. એ બહાર હોય છે અંદર આવતા નથી. ઘરમાં માં, બેટી હોય અને લાઈટ ખાતાવાળા ત્યાં જઈ અને એમ કહે કે આ એ.સી. છે, આ હીટર છે, આ કોમ્પ્યુટર છે એ બધું લિસ્ટ બનાવે છે અને એ લિસ્ટ બનાવીને અને દસ ગણી પેનલ્ટી લઈને બાર મહિના કે બે વર્ષ એમના ચાર્જમાં જે આવતું હોય એ ચાર્જ વસૂલ કરી અને એમને માનસિક રીતે ત્રાસ આપે છે એમની કોઈ અદાલત નથી. ફિલ્મી દુનિયામાં તો સી.સી.અદાલત હોય છે, ગેંગ લીડરોની તો અદાલત હોય છે. તો આપણી સરકારની અંદર, લોકશાહીની અંદર આ એક અદાલત એમની પોતાની ચાલે છે સાહેબ. ઈલેકટ્રીસીટીની. સરકારે એની અંદર વચ્ચે પડી ભદ્રમાં કે ઘીકાંટામાં ગમે ત્યાં અદાલત બનાવવી જોઈએ અને ઈલેકટ્રીસીટીના કોઈપણ કેસ હોય તો એ અદાલતમાં ચાલવા જોઈએ. જયારે પણ કોઈ ઘરાક ઉપર ફરિયાદ કરવાની હોય છે ત્યારે એક જ પોલિસ સ્ટેશન નકકી કરેલું છે. એ સાબરમતી પોલીસ સ્ટેશન. આપણો કાયદો છે કે જે વિસ્તારમાં લાઈટ ચોરીમાં પકડાય એ વિસ્તારના પોલિસ સ્ટેશનમાં ફરિયાદ કરવી જોઈએ. પણ આવું નથી. આ અંધેરી નગરી કઈ રીતે ચાલશે? સાહેબ, તમે બદલો. ખાસ હું ઊર્જા મંત્રીને કહું છું કે તમે એમાં હસ્તક્ષેપ કરીને એના ત્યાં ઈલેકટ્રીસીટીના જે પ્રોબ્લેમો છે, જે પ્રશ્નો છે એને તમે હલ કરો.

બીજું, આ માહિતી અને પ્રસારણ ખાતાની વાત કરું. આ જે એક્રેલેશન કાર્ડ આવે છે એ દર વર્ષે રીન્યુ કરવામાં આવે છે. નાના અખબારો છે, બીજા પેપરો છે એના માટે એ કાર્ડ દર વર્ષે રીન્યુ કરવામાં આવે છે તો એના માટે પાંચ વર્ષની મુદત કરવી જોઈએ. દર વર્ષે એમાં બે -ત્રણ મહિના તો ધકકાના જ જાય છે. સરકારના કામોની અંદર ૨-૩ મહિના ધકકાના જાય એટલે બીજા છ મહિનાની અંદર એને રીન્યુ કરાવવું પડે. બીજું, નાના નાના અખબારોને જાહેરાત નથી આપતા. મોટા અખબારોને આપો છો એમાં અમને કોઈ વાંધો પણ નથી પણ જે નાના અખબારો છે, જે નાના પેપરો છે એને પણ જાહેરાત આપવી જોઈએ એવી મારી વિનંતી.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ (બાલાસિનોર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઊર્જા, પેટ્રોકેમિકલ્સ જે માગણી લઈને આવ્યા છે ૧૧, ૧૨, ૧૩, ૧૪ અને માહિતી પ્રસારણની પણ માગણીઓ લઈને આવ્યા છે ત્યારે મારા વિચારો વ્યકત કરું છું. ભા.જ.પા. સરકારે જાહેર કરેલું કે ૧૬ કલાક વીજળી આપીશું. ગરજ મટીને વૈદ્ય વેરી એવું થયું છે. આજે ૬ જ કલાક વીજળી મળે છે ખેડૂતોને અને ૬ કલાક વીજળી મળે છે ત્યારે એમાં ૨-૩ વખત તો ટ્રીપ આવતી હોય છે એટલે ખેતરમાં પાણી પહોંચે, ન પહોંચે અને ત્યાં વીજળી જતી રહે છે. આને લીધે ખેડૂતો ઘણી મુશ્કેલી અનુભવે છે. ગુજરાતમાં એવા ઘણા વિસ્તારો છે કે જયાં કેનાલો જતી નથી, જયાં સિંચાઈની સગવડો નથી. એવા સુકા વિસ્તારો ગુજરાતની અંદર આવેલા છે. આવા વિસ્તારોની અંદર એક કે બેનું જો કનેકશન આપવામાં આવે તો ચોકકસ એવા સુકા વિસ્તારોની અંદર ખાસ કિસ્સામાં કનેકશન આપવામાં આવે એવી માનનીય વીજ મંત્રીશ્રીને મારી નમ્ર વિનંતી છે. એની પૉલિસી બનાવવી જોઈએ કે જેથી સુકા વિસ્તારની અંદર ખેડૂતો એક કે બેની મોટર હોય અને બે ચાર વીઘા એને જમીન હોય તો ખેડૂત સુખી થઈ શકે. અહીંયા ઉદ્યોગપતિઓને ગમે તેટલી વીજળી જોઈએ તો મળે છે પણ સામાન્ય, નાના સીમાંત ખેડૂતોને ૧૯૯૬થી નામો નોંધાયેલા છે તેમછતાં હજુ સુધી વીજળી મળી નથી. અહીંયા તત્કાલ યોજનાની વાત સરકારે જાહેર કરેલી. તત્કાલ યોજનામાં પણ ચાર-ચાર વર્ષથી ગુજરાતના ખેડૂતો રાહ જોઈને બેઠેલા છે. જયોતિગ્રામની વાત કરી. જયોતિ ગ્રામ એક સારી બાબત છે. અહિંયા ધારાસભ્યશ્રી શંકરભાઈ કહેતાં હતા કે પ્રકાશ એ વિકાસની એક બાબત છે તો આજે ગામડાંઓની અંદર સીમ વિસ્તાર હોય છે, છેવાડાના વિસ્તાર હોય છે અને એની અંદર જયોતિગ્રામનું કામ થયું નથી. ઝુંપડપટ્ટીનું જે વીજળીકરણ કરવાનું છે એમાં જે ડેપ્યુટી એન્જીનીયર હોય છે એ સમયસર એસ્ટીમેટ બનાવતા નથી. તાલુકા પંચાયતના જે વિકાસ અધિકારી હોય છે એની સાથે સંકલન કરતા નથી અને આ માટે ઝુંપડપટ્ટીવાળાનું વીજળીકરણ જલદી થવું જોઈએ એ વીજળીકરણ જલદી થતું નથી. અહિંયા જે પંચાયત દીઠ ત્રણ થાંભલા આપવાની વાત હતી. ગામડાંની અંદર એ ત્રણ થાંભલા આપવામાં આવે તો જે ગરીબ, સામાન્ય માણસ રહી ગયા હોય એને વીજળીકરણનો લાભ મળે. ગામડાંની અંદર જે ટ્રાન્સફોર્મર હોય છે એ ટ્રાન્સફોર્મર ઘણીવખત બળી જતાં હોય છે અને એના લીધે ગામડાની અંદર ૧૫ દિવસ, મહિના સુધી અંધારપટ છવાયેલો રહેતો હોય છે. ગામડાની અંદર મીટર એવા હોય છે કે અભણ માણસ, ગરીબ માણસનું એમનું મીટર બગડેલું, ખરાબ હોય છે, (સમય સૂચક ઘંટડી) એના લીધે ઘણું મોટું બિલ આવતું હોય છે. ગામડાની અંદર જે પંચાયતની અંદર વાયરમેન, હેલ્પર મૂકવાની વાત છે. વધારે વરસાદ, વાવાઝોડું હોય ત્યારે અકસ્માત થતા હોય છે, ત્યારે એવા સમયે જો વાયરમેન, હેલ્પરને મોબાઈલ ફોન આપવામાં આવે તો ચોક્કસ તેમની કોઈને કોઈ રીતે મદદ મળી શકે. અહીયા પી.ડી.સી. કનૅક્શનની વાત થઈ. પહેલા ૧૯૯૬ થી ખેડૂતો રાહ જોતા હોય છે. ખેડૂતોને સરળતાથી આ વીજ કનૅક્શનનો લાભ આપવામાં આવે તે ખૂબ જરૂરી છે.

**ડૉ. માયાબેન સુ.કોડનાની (રાજય કક્ષાના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી વિભાગ માનનીય મુખ્યમંત્રીશ્રી હસ્તકના વિભાગની માગણીનો જવાબ આપતા હું ખૂબ ખૂબ આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી ક્ષેત્રે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતને જે ગૌરવ અપાવ્યું છે, વાઈબ્રન્ટ બનાવ્યું છે અને જે એવોર્ડ અપાવ્યા છે, એનાથી હું મારા વક્તવ્યની શરૂઆત કરવા માગું છું. ૨૦૦૧ માં ૧ એવોર્ડ, ૨૦૦૨ માં ૨ એવોર્ડ, ૨૦૦૩ માં ૩ એવોર્ડ, ૨૦૦૫ માં ૫ એવોર્ડ, ૨૦૦૬ માં ૬ એવોર્ડ, ૨૦૦૭ માં ૭ એવોર્ડ અને ૨૦૦૮ ની શરૂઆતના હજુ ત્રણ જ મહિના થયા છે અને ૩ એવોર્ડ સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી ક્ષેત્રે આ ગુજરાતને પ્રાપ્ત થાય છે. છેલ્લો એવોર્ડ હમણાં ૨૧મી માર્ચ ૩ દિવસ પહેલા જે ક્રોસ ચેલેન્જ ૨૦૦૮ નવી દિલ્હી ખાતે રૂરલ એમ્પાવરમેન્ટ ક્ષેત્રે ઈફેક્ટિવ અમલીકરણ માટે ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ ક્ષેત્રે મળ્યો. ગુજરાતના ૧૩૬૯૩ ગામડાને બ્રોડ બૅન્ડથી કનેક્ટ કરવામાં આવ્યા. આ ૧૩૬૯૩ ગામો એ વિશ્વ ગ્રામ બન્યા. આખા વિશ્વ સાથે જોડાયા એનું ગૌરવ અનુભવું છું. ગ્લોબલાઈઝેશનનો સમય છે. ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી એ વિકાસનું ખૂબ મોટું પરિબળ બન્યું છે. આ સદી એ જ્ઞાનની સદી છે, વિકાસની સદી છે અને જ્ઞાનના માધ્યમથી ગુજરાતનો વિકાસ અને ગુજરાતના માધ્યમથી દેશનો વિકાસ શકય બન્યો છે. કોઈપણ દેશ બૌધિક સમાજમાં પરિવર્તિત થયો છે કે નહિ, તે એના આધારે નક્કી થશે કે જ્યારે ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજીનો ઉદ્યોગ, કૃષિ, આરોગ્ય જેવા ક્ષેત્રોમાં જ્ઞાનનો કેટલો ઉપયોગ થયો છે તે આપણે નક્કી કરી શકીશું.

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## પ્રવચનમાં થયેલ શબ્દના ઉલ્લેખ અંગે

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે કે માનનીય મંત્રીશ્રીએ એમના પ્રવચનમાં ગુજરાતના માધ્યમથી દેશનો વિકાસ થયો છે, તે વાત વ્યાજબી નથી.

**અધ્યક્ષશ્રી** : આપનો પૉઈન્ટ ઑફ ઑર્ડર નથી. મંત્રીશ્રીને જે જવાબ આપવો હોય તે પોતાની સ્વતંત્રતા છે. અને આપ સિનિયર મેમ્બર છો. આ પ્રકારનો પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો ન કરો.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : ગુજરાત એ વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે. એ એન્જિન અમે એવું નથી કહેતાં કે ભાજપે બનાવ્યું છે, પણ ગુજરાતની સાડા પાંચ કરોડની જનતાએ બનાવ્યું છે એમાં તમે પણ આવી ગયા.

એનું ગૌરવ લો ને. ગુજરાત વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે. આમાં કેન્દ્રની સંસ્થાઓ પણ કાર્યરત છે. પી.આર. એલ., ઈસરો, સેપ્ટ, ઈન્ડિયન કાઉન્સિલ ફૉર એગ્રીકલ્ચર રિસર્ચ જેવી સંસ્થાઓ આ ગુજરાતમાં કાર્યરત છે. સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજીનો જુદો વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. ગુજરાત ઈન્ફોર્મેટિકસ લિ., ગુજરાત કાઉન્સિલ ઑફ સાયન્સ સિટી, ગુજરાત કાઉન્સિલ ઑફ સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી, ભાસ્કરાચાર્ય ઈન્સ્ટિટ્યૂટ ઑફ સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓઈન્ફોર્મેટિકસ, ગુજરાત સ્ટેટ બાયો ટૅક્નૉલૉજી મિશન, ઈન્સ્ટિટ્યૂટ ઑફ સિસ્મોલોજી રિસર્ચ જેવી સંસ્થાઓ આ સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી વિભાગ દ્વારા કાર્યરત છે. ઈન્ફર્મેશન એન્ડ ટૅક્નૉલૉજી એ ગુજરાતનું ગૌરવવંતુ પરિબળ બન્યું છે. નેશનલ ઈ-ગવર્નન્સ પ્લાન હેઠળ સ્ટેટ વાઈડ એરિયા નૅટવર્ક, સ્ટેટ ડેટા સૅન્ટર જેવા અગત્યના હિસ્સાઓ અમલમાં આવી રહ્યા છે. સચિવાલય ઈન્ટીગ્રેટેડ કોમ્યુનિકેશન નૅટવર્ક ગુજરાતની સરકારી કચેરીઓમાં વોઈસ કોમ્યુનિકેશન નૅટવર્ક છે અને આમાં મોટા ભાગની કચેરીઓ કૃષિ ભવનો, પોલીસ ભવનો, ઉદ્યોગ ભવનો, એમ.એસ. બિલ્ડિંગ, સિવિલ હોસ્પિટલને સાંકળી લેવામાં આવ્યા છે અને ૭૫૩૨ વોઈસ કનૅક્શન પૂરા પાડવામાં આવે છે. આના કારણે કોમ્યુનિકેશન ઝડપી તો બન્યું જ છે. સુંદર બન્યું છે અને કરકસર યુક્ત બન્યું છે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. માનનીય મંત્રીશ્રી આપનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ ૧૦-૩૦ થી ૧૧-૦૦ કલાક**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

**ડૉ. માયાબેન સુ. કોડનાની (ક્રમશઃ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું જીસ્વાન, ગુજરાત સ્ટેટ વાઈડ એરીયા નૅટવર્કની વાત કરતી હતી. જે એશિયા પેસિફીકનું પ્રથમ સ્થાન ધરાવતું ઈન્ટ્રાનેટ ઈન્ટરનેટ નૅટવર્ક છે. જે ઈ-ગવર્નન્સનું બેકબોન છે. રાજયના તમામ ૨૬ જિલ્લા, ૨૨૫ તાલુકાઓ અને હવે મેં જે કહ્યું એમ ૧૩૬૯૩ ગામડાઓને જોડીને આ નૅટવર્ક કાર્યરત છે. કુલ ૩૫૦૦ કચેરીઓને આમાં સાંકળી લેવામાં આવેલ છે. ભારત સરકારની ટીમે હમણાં આની મુલાકાત લીધી હતી અને આ જીસ્વાનની સેવાઓને બિરદાવી. રાજયમાં જિલ્લાઓને એકબીજા સાથે જીસ્વાનથી સાંકળી લેવા માટે મેશ ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરવામાં આવે છે અને તેને સુદ્રઢ બનાવવામાં આવે છે. જીસ્વાન પરનો લોડ ઘટાડવા માટે જુદા જુદા મીની ડેટા સેન્ટર્સ ઉભા કરવામાં આવ્યા છે અને તેને અપગ્રેડ કરવા માટે જી.એન.એફ.સી.ને કામગીરી સોંપવામાં આવી છે અને તે માટે ૧૨૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે. ૨૧૮ જેટલી વેબ સાઈટો સફળતાપૂર્વક કામ કરે છે અને જીસ્વાન એ ગુજરાતના અંતરિયાળ વિસ્તારમાં કામ કરવા માટે પહેલાં મોબાઈલ જી-સેટની ખરીદી કરી હતી અને આ જી-સેટ બ્રાન્ડનું કેયુ બૅન્ડમાં અપગ્રેડ કરવા માટે આ વર્ષે ૨૧ લાખની જોગવાઈ કરવામાં આવી છે. મોટા પાયા પર ઈલેકટ્રોનિક ડેટા ઉપલબ્ધ કરાવવા માટે અને ડેટાને સાચવવા માટે નીક જે હૈદરાબાદની કંપની છે તેને બીઝનૅસ કનેકટીવીટીના ભાગરૂપે પ્રથમ તબક્કામાં ડીઝાસ્ટર રિકવરી માટે એક આખી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. એક જ એકસેસ પૉઈન્ટથી નાગરિકોને સુવિદ્યા મળી રહે તે માટે ઈ ડેટા બેંક પ્રોજૅકટ હેઠળ કામગીરી હાથ ધરવામાં આવી છે. સરકારના બધા વિભાગોને પોતાના વિભાગ માટે ત્રણ ટકા બજૅટ તે ઈ-ગવર્નન્સ માટે ફાળવવા માટે સૂચના આપવામાં આવી છે. ઈન્ફોર્મેશન ટૅક્નૉલૉજીના અમલીકરણ તથા ઈ-ગવર્નન્સના વિકાસ માટે હાર્ડવેર, સોફટવેરની આવશ્યકતા માટે રૂપિયા પાંચ લાખની જોગવાઈ કરવામાં આવી છે. બેકઅપ સિસ્ટમ અને વાઈરસથી રક્ષણ આપવા માટે અને ફાયરવોલની સગવડ કરવા માટે ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૧૩૨૬ લાખની જોગવાઈ કરવામાં આવી છે. માનવબળ ઉભું કરવા માટે કારણકે મેન પાવર વગર ઈન્ર્ફોમેશન ટૅક્નૉલૉજીનો વિકાસ શકય નથી. મેનપાવર ઉભું કરવા માટે કૉલેજ ટુ કૅરિયર પ્રોગ્રામની શરૂઆત કરી છે. જેના આધારે જ્ઞાન અને કૌશલ્ય વિકાસ કરવાનો મુખ્ય હેતુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટ્રેડ અને ટૅક્નૉલૉજીની સાથે ઈન્ર્ફોમેશન ટૅક્નૉલૉજીને જરૂરી મેનપાવર ઉપલબ્ધ કરવા માટે માઈક્રોસોફટ અને ટી.સી.એસ. જેવી નામાંકિત ઈન્ર્ફોમેશન ટૅક્નૉલૉજી કંપનીઓના અનુભવી એકસપર્ટ તેમને ટ્રેનિંગ આપશે અને જાવા, ડોટનેટ, સી પ્લસ, સી પ્લસ પ્લસ, એસ્કયુએલની તાલીમ બાઈસેગ દ્વારા પણ આપવામાં આવશે. સેટકોમના માધ્યમથી ઈ-લર્નિંગથી ઈનોવેટીવ ઉપયોગ કરીને, અત્યાર સુધીમાં કુલ ૨૭૯૮ વિદ્યાર્થીઓ કવોલિફાય થયા છે અને આ કાર્યક્રમ હેઠળ ૧૨૫ કરતાં વધારે ફેકલ્ટીઓને તાલીમબદ્ધ કરવામાં આવી છે. ગુજરાત ઈન્ફરમેટીક લિમિટેડ અને આઈ.બી.એમ. જેવી સંસ્થાઓ દ્વારા ટૅક્નૉલૉજીના ક્ષેત્રમાં માનવબળ તૈયાર કરવા માટે રાજય સરકારે ઈનવાઈડ પ્રોજૅકટ હાથ ધર્યો હતો અને ૨૦૦૫ ની સફળતાને જોઈને ૨૦૦૬માં કુલ ૪૪ જેટલી એન્જિનિયરીંગ અને એમ.સી.એ. કોલેજની કુલ ૨૭૨ ટીમોએ ભાગ લીધો અને ૧૮૩૨ વિદ્યાર્થીઓની ૫૫૬ જેટલી ટીમોને માર્ગદર્શન આપ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે ઈનવાઈડ પ્રોજૅકટ થયો તેની સફળતાથી પ્રેરાઈને ધી ગ્રેટ માઈન્ડ ચેલેન્જ પ્રોગ્રામ ફોકસ કરવામાં આવ્યો અને જેને આખા દેશભરમાં લાગુ કરવાનો વિચાર કરવામાં આવી રહ્યો છે. રાજય સરકારના જે કુલ એક લાખથી પણ વધારે કોમર્સ ગ્રૅજ્યુએટો દર વર્ષે બહાર પડે છે તેમની નેટ ટેસ્ટ લેવાનું નક્કી કર્યુ છે અને બી.પી.ઓ. ક્ષેત્રમાં વધારેમાં વધારે માનવબળ ઉભું કરવા માટે એક નોલેજ કૉર્પોરેશનની સ્થાપના કરવામાં આવી છે. ૧લી ડિસૅમ્બર ૨૦૦૬ની આઈ.ટી. સમિટ થયું અને વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ થયું તેમાં કુલ ૨૨ જેટલી નામાંકિત કંપનીઓએ એમ.ઓ.યુ કર્યા અને ૧૫૫૬૧ કરોડના એમ.ઓ.યુ. થયા. એમાં

ટી.સી.એસ., સત્યમ જેવી કંપનીઓએ ગુજરાતમાં ઈન્વેસ્ટમેન્ટની ખાતરી આપી અને એમણે પણ એમ ગણાવ્યું કે ગુજરાત એ આઈ.ટી. ક્ષેત્રમાં દેશભરનું બીજું ડેસ્ટીનેશન છે. આના માધ્યમથી સાડા ત્રણ લાખ જેટલી માનવ રોજગારી ઉભી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, (સમયસૂચક ઘંટડી) ગાંધીનગર- અમદાવાદને knowleddge corridore તરીકે વિકસાવવાનો વિચાર કરવામાં આવ્યો છે અને STPI ના માટે આખા ગુજરાતમાં એક સમતોલ વિકાસ થાય એના માટે સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર ખાતે પણ શોફટવેર ટૅક્નૉલૉજીના પાર્ક ઊભા કરવામાં આવશે. એક્ષ્પોર્ટની વાત કરું તો ૫૨૭.૭૩ કરોડ જેટલું એક્ષ્પોર્ટ ગુજરાતમાં થયું છે અને STPI software માં પણ ૧૦,૦૦૦ જેટલા માનવ રોજગારી આપણે ઉપલબ્ધ કરાવી શક્યા છીએ. સાયન્સ સીટી એ ખૂબ મહત્ત્વનું આંતરરાષ્ટ્રિય કક્ષાનું જ્ઞાન સાથે ગમ્મત અને બાળકોમાં વિજ્ઞાનનું પ્રોત્સાહન મળી શકે એટલા માટે સાયન્સ સીટી ઊભું કરવામાં આવ્યું છે. એના માટે Imaginative exhibits mines and experiments, working models,This virtual reality activities જેવા અને 3D dimentional IMAX Theatre જેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે અને હવે એક Hollowspace નામનું નવું પૅવેલિયન પણ ખુલ્લુ મૂકવામાં આવશે. ભાષ્કારાચાર્ય Bhaskaracharya Institute of Space Aplication and Geophysical Informatics પણ Edusat ના માધ્યમથી distance learning નું ખૂબ સુંદર કામ કરે છે, જુદા જુદા વિભાગોના નકશાઓ આ BISAG દ્વારા ઊભા કરવામાં આવે છે. આવી રીતે સાયન્સ અને ટૅક્નૉલૉજી વિભાગ એ આ ગ્લોબલાઈઝેશનના સમયમાં કદમથી કદમ મિલાવીને આગળ વધી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂકંપના ક્ષેત્રે રાજય સરકારે ઇન્સ્ટિટ્યૂટ ઑફ સીસ્મોલોજી રીસર્ચની પણ સ્થાપના કરી છે, State Biology Mission, Biotechnology Mission એ ખૂબ અગત્યનો વિભાગ છે અને બાયોટેકનોલોજી ઈન્ફરમેશન ટૅક્નૉલૉજીના ક્ષેત્રમાં ગુજરાતમાં ૩૦ાા ટકાનો ગ્રોથ બતાવે છે. B૨ Mission ઊભું કરવા પાછળનો ઉદ્દેશ ગુજરાતને વિકાસની ક્ષિતિજો તરફ લઈ જવાનો છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી વિભાગની જે માગણીઓ હું આ સભાગૃહમાં લઈને આવી છું ત્યારે સભાગૃહના માનનીય સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે, સર્વાનુમતે આ માગણીનો સ્વીકાર કરવામાં આવે.

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આપ બેસી જાઓ, નો પૉઈન્ટ ઑફ ઑર્ડર..

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈ કાલે આપશ્રીએ એક અવલોકન કરેલું કે કોઈપણ સભ્યશ્રી સરકારની ટીકા કરે એણે માનનીય મંત્રીશ્રી જવાબ આપે ત્યારે ગૃહમાં હાજર રહેવું જોઈએ, આજે ટીકાઓ કરીને, ગંભીર આક્ષેપો કરીને સભ્યશ્રીઓ ગૃહમાં હાજર નથી.

**અધ્યક્ષશ્રી** : એ જરૂરી નથી અને માનનીય મંત્રીશ્રી, આપ તો સિનિયર છો, હું કોઈપણ સભ્યશ્રીને ગૃહમાં હાજર રહેવાની ફરજ ના પાડી શકું, મારું અવલોકન હતું પણ હું કોઈને ફરજ ના પાડી શકું, હવે ચર્ચાને આગળ જવા દો. વગર કારણના પૉઈન્ટ ઑફ ઑર્ડરની અંદર સમય બગાડવો પડે તે મને યોગ્ય લાગતું નથી.

**શ્રી જયનારાયણ ન. વ્યાસ ( માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગની માગણીઓ ઉપર જે માનનીય સભ્યશ્રીઓએ અને તેમાં પણ ખાસ કરીને વિપક્ષના નેતાશ્રીએ જે અવલોકનો કર્યા છે એમાં કેટલાંક રચનાત્મક સૂચનો પણ થયાં છે અને એ માટે હું માનનીય સભ્યશ્રીઓનો આભારી છું.

માનનીય અધ્યક્ષશ્રી, ક્યારેક કોઈક વસ્તુ સફળ થાય છે એનું ઉદાહરણ શોધવું હોય કે દાખલો શોધવો હોય તો હમેશાં એની કેટલી ઈર્ષા કરવામાં આવે છે તેના પરથી મળે છે. ગુજરાત પાક્ષિક અને એના વિશેના અવલોકનો જે રીતે કરવામાં આવ્યાં અને જે રીતે એક વાત તો બિલકુલ નિશ્ચિત રીતે ફલિત થાય છે કે This magazine has made its marks even on the minds of the Opposition. Sir.

માનનીય અધ્યક્ષશ્રી, જે વાત કરવામાં આવી કે ફોટા છપાય છે, વરરાજા હોય તો જાન નીકળે તો વરરાજાની જ નીકળે, ઘોડા ઉપર તો વરરાજા જ બેઠા હોય, તો રાજયના વિકાસની જ્યારે વાત કરવામાં આવે ત્યારે માનનીય મુખ્ય મંત્રીશ્રીના ફોટા નહીં છપાય તો, અને અગાઉના માનનીય મુખ્ય મંત્રીશ્રીઓના પણ ફોટા છપાતા હતા, મધ્યાહ્ન ભોજનની યોજના હોય અને એમાં પીરસતા હોય એવા ફોટા પણ છપાયા છે એટલે અત્યારે માનનીય મુખ્ય મંત્રીશ્રીના ફોટા છપાય છે અને અગાઉ નહોતા છપાતા એ વાત નથી પણ મારે મારા સાથી પક્ષના મિત્રોને કહેવું છે કે, એમણે બહુ ચિંતા કરવાની જરૂર નથી, મારી પાસે આ ગુજરાતના બધા જ અંક છે છેલ્લા આઠ અંક, અને આઠેઆઠ અંકમાં વિરોક્ષપક્ષના વડાપ્રધાનશ્રીથી માંડીને અનેક નેતાશ્રીઓના, માનનીય વિરોધક્ષના નેતાશ્રી સમેત ફોટા છપાય છે. પાક્ષિક હોય, મેગેઝીન હોય તો એમાં ફોટા છપાય અને છપાય એ પણ આપણી ચિંતાનો વિષય બને તો મને લાગે છે કે આત્મવલોકન કરવું જોઈએ. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ એક શબ્દ વાપર્યો સી.બી.ડી. તો હું ક્યારનો ડિકશનરીમાં એ શબ્દ શોધવાનો પ્રયત્ન કરતો હતો કારણ કે આ સી.બી.ડી. શું છે? આ પાક્ષિકમાં કઈ રીતે આ શબ્દ આવે એ સમજાતું ન હતું મને, પછી વિચાર કરતા કરતા લાગ્યું કે વિરોધ પક્ષના નેતાશ્રી ખૂબ જ વિચક્ષણ બુદ્ધિ ધરાવતા રાજપુરુષ છે એમણે આ સી.બી.ડી. શબ્દ એટલા

માટે વાપર્યો હશે કે, એમનો કહેવાનો ભાવાર્થ એવો હશે કે કમિટેડ ટુ બૈઝિક ડેવલપમેન્ટ. એટલે કે, મૂળભૂત રીતે જે ટીમ એક બૈઝિક ડેવલપમેન્ટ માટે કામ કરી રહી છે. કારણ કે મને ખ્યાલ છે કે વિરોધ પક્ષના નેતા છે પત્રકાર મિત્રો માટે આ સી.બી.ડી. શબ્દ ન વાપરે. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, પોઈન્ટ ઓફ કલેરિફિકેશન. આવી પરિસ્થિતિ થાય ત્યારે માનનીય જયનારાયણભાઈ તો સિનિયર સભ્ય છે. પોઈન્ટ ઓફ કલેરિફિકેશન આપણે ત્યાં સિસ્ટમ છે. પોઈન્ટ ઓફ કલેરિફિકેશન કરીને મારી પાસે કલેરિફાઈ કરાવે. એમનું મનગમતું અર્થઘટન તેઓ ન કરી શકે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર નથી અને હું એને પોઈન્ટ ઓફ ઓર્ડર તરીકે સ્વીકારતો નથી. માનનીય મંત્રીશ્રીને જવાબ આપવાનો અધિકાર છે. આપે જે શબ્દો વાપર્યા છે એનું અર્થઘટન એમણે જે કર્યું છે એ કરવાનો એમનો અધિકાર છે. એ પોઝિટિવલી લે છે એ શબ્દને. (અંતરાય) આઈ એમ સોરી

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આ મારું અર્થઘટન હતું, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીના મનમાં બીજું હશે એ મને ખ્યાલ ન હતો. પણ હું હંમેશા પૉઝિટીવ વિચારવાવાળો માણસ છું એટલે મેં આ વાત કરી. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ ગુજરાત પાક્ષિકના ટેન્ડરની વાત કરી, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીને અને એમના પક્ષના સિનિયર સભ્યશ્રીઓને સુવિદિત છે કે, કોઈ પણ કામ માટેના ટેન્ડરો મંગાવવામાં આવે ત્યારે એ માટેના નિર્ધારિત માપદંડો નક્કી થાય છે. આ એક એવું પ્રકાશન છે કે જેનું સરકયુલેશન ગુજરાતીમાં પ્રકાશિત થતા કોઈ પણ સાપ્તાહિકના સરકયુલેશન કરતા વધારે છે. પહેલા ૧૨ હજાર નકલો છપાતી હતી. ૩ હજાર નકલ કોમ્પ્લીમેન્ટરી જતી હતી, ૯ હજાર નકલો મફતના ભાવે એને પોસ્ટ કરી દેવામાં આવતી હતી. એના કરતાં ૨ લાખ કરતાં વધારે નકલોનો ફેલાવો ધરાવતું આ મેગેઝીન છે અને એની સરખામણીમાં આજે ગુજરાતી ભાષામાં પ્રકાશિત થતું કોઈ પણ સામાયિક આ પ્રકારનું સરકયુલેશન ધરાવતું નથી અને એટલા માટે એની છપાઈ અને એના માટેનો જે ખર્ચ છે એને અનુરૂપ ગજા પ્રમાણે ગાતર કરવાનું હોય જે પ્રમાણેનો ખર્ચ હોય, જે પ્રમાણેની કામગીરી કરવાની હોય તે પ્રમાણેના સ્પેસિફિકેશન નક્કી થાય છે. પી.ડબલ્યુ.ડી.માં પણ કેટેગરી-એ, કેટેગરી-બી એ બધી માનનીય અર્જુનભાઈને તો ખ્યાલ છે કે કઈ રીતે રજીસ્ટ્રેશન મળતા હોય છે કોન્ટ્રાકટરોને. આ પ્રકારના રજીસ્ટ્રેશન લેવા માટેનો એક ક્રાઈટેરિયા નક્કી કરવામાં આવ્યો કે ૧૨ કરોડનું આ કામ છે તો સાડા સાત કરોડ રૂપિયા સુધીનું ઓછામાં ઓછું કામ જેણે કર્યું હોય તેને ટેન્ડર ભરવા દેવું જેથી સક્ષમતાથી માણસ કામ કરી શકે. હવે આ એક નિર્ધારિત માપદંડ હતો. એ નિર્ધારિત માપદંડ પ્રમાણે ટેન્ડર ન આવે અને નિર્ધારિત માપદંડ અડસટે નક્કી કરવામાં આવ્યો ન હતો. ગુજરાત પાક્ષિક માટે ટેન્ડરની શરતોની એક આંતર વિભાગીય સમિતિ છે આ સમિતિએ ધારા ધોરણો નક્કી કર્યા હતા અને એ ધારા ધોરણો મુજબ ઈ-ટેન્ડરીંગ દ્વારા આ ટેન્ડરની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. મારે માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીને કહેવું છે કે, આપ જેવું ધારો છો એવી કોઈ વાત આમાં છુપાવવાની છે નહીં. ટેન્ડર એક આવ્યું હોય તો પણ ગણતરીમાં લેવાય છે. ભૂતકાળમાં વગર ટેન્ડરે કામો અપાયાં છે. એવું નથી કર્યું અને આ એક ટેન્ડર આવ્યું હતું એટલે એ ટેન્ડર રિજેકટ કરીને ફરીથી ટેન્ડર મંગાવવાનો નિર્ણય કર્યો છે. એટલે માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીના મનમાં જેવું છે એવું સરકારની કામગીરીમાં નથી કયાંય, અમે પારદર્શકતાપૂર્વકની કામગીરી કરી છે અને પારદર્શકતાપૂર્વકની કામગીરી કરીને સિંગલ ટેન્ડર આવ્યું હતું માટે સિંગલ ટેન્ડર રિજેકટ કરીને ફરીથી ટેન્ડરો મંગાવવામાં આવ્યા છે. અને મારી તો માનનીય વિરોધ પક્ષના નેતાને આપના થકી વિનંતી છે કે, સક્ષમ પ્રિન્ટર્સ હોય અને આ કામગીરી કરી શકે એવા વ્યકિતઓ હોય તો એમને આ ટેન્ડર ભરવા માટે મોટિવેટ કરે. We will be happy to consider them. એટલે આમાં કંઈ છૂપાવવાની કે પારદર્શકતા નહિ જાળવવાની કોઈ વાત નથી. ગુજરાત પાક્ષિકમાં લબ્ધપ્રતિષ્ઠિત લેખકોના લેખો પણ પ્રસિદ્ધ થાય છે. માનનીય શ્રી ગુણવંતભાઈ શાહ, દોલતભાઈ ભટ્ટ, જય વસાવડા, વિષ્ણુ પંડ્યા, આ બધા જ ગુજરાતમાં પુષ્કળ વંચાતા, લબ્ધપ્રતિષ્ઠિત કલમસ્વામીઓ છે અને એમની ક્ષમતા બાબતમાં હું માનું છું ત્યાંસુધી વિરોધપક્ષના નેતાશ્રીને પણ કોઈ કહેવાપણું નહિ હોય અને એ રીતે જોઈએ તો ગુજરાત પાક્ષિક એક એવા સ્તરે પહોંચેલું છે કે જેમાં ગુજરાતી તરીકે આપણે ગૌરવ લેવું જોઈએ કે આપણું પોતાનું એક પાક્ષિક અને એનો આટલા મોટા પાયા પર ફેલાવો થાય અને આમ છતાંય પેઈડ સબસ્ક્રાઈબર્સ છે, કોમ્પ્લીમેન્ટરી કોપી તો બે લાખ ઉપરની નકલોનો ફેલાવો થવા છતાં પણ ત્રણ થી ચાર હજાર જ આપવામાં આવે છે. પહેલાં બાર હજાર હતી ત્યારે પણ ત્રણ હજાર કોમ્પ્લીમેન્ટરી કોપી અપાતી હતી. અત્યારે બે લાખ ઉપર છે તોય ત્રણ થી ચાર હજારથી વધારે કોમ્પ્લીમેન્ટરી નકલો નથી જતી. It is a paid subscription. અને એ વંચાય છે એનું આપણને ગુજરાતીઓને ગુજરાતી તરીકેનું ગૌરવ હોવું જોઈએ. પણ અહીંયા તો પરિસ્થિતિ એવી છે, હવે તો એટલી બધી આપણામાં સંકુચિતતા આવી ગઈ છે કે કયાંક ગુજરાત તરીકે, ગુજરાતીના ગૌરવની પણ કોઈ વાત આ ગૃહમાં થાય તો પણ વાંધો લેવાય.. નહિ ગુજરાતનો દેશના વિકાસમાં ફાળો નથી અને આપણે આપણા માટે ગૌરવ નહિ લઈએ તો કોણ કોના માટે ગૌરવ લેવાનું છે. We are definitely proud of the State, sir.અને આ ગુજરાતનો ફાળો, આ આપણે કહીએ છીએ તેવું નથી દેશના પ્લાનિંગ કમિશને એન્ડોર્સ કર્યુ છે કે ગુજરાત આજે આ દેશના વિકાસનું ગ્રોથ એન્જિન છે અને એને આપવામાં આવેલા લક્ષ્યાંકો ગુજરાતે પસાર કર્યા છે. And therefore we should

be legitimately proud of the State and great people of Gujarat, sir. ત્યારપછીની જે વાત છે કે આપણે આ ગુજરાત પાક્ષિકની બાબતમાં જે કંઈ ઉલ્લેખો થયાં એના તો મેં જવાબો આપ્યા છે.

માનનીય ધારાસભ્યશ્રી ફારૂકભાઈએ જણાવ્યું કે, આપણે પત્રકાર મિત્રોના એક્રિડિએશન કાર્ડ દર વર્ષે રિન્યુ કરીએ છીએ એના બદલે પાંચ વર્ષના આપવા જોઈએ. આપી શકાય એ નીતિ વિષયક નિર્ણય છે એમનું સૂચન છે. એ બાબતે સંપૂર્ણપણે ગંભીરતાથી વિચારવાની અમારી તૈયારી છે. પણ એક વર્ષના એટલા માટે આપવામાં આવે છે કે અત્યારે પત્રકાર જગતમાં there is a tremendous upward mobilisation. પત્રકાર જગતમાં કયારેય ન હોય એટલી સરસ તકો અને એટલી બધી અત્યારે શકયતાઓ ઉભી થઈ છે કે પત્રકાર મિત્રો એક જગ્યાએથી બીજી જગ્યાએ પોતે પોતાનું કામ બદલતા રહે છે અને એવા સંયોગોમાં એમને આ પ્રકારની પધ્ધતિમાં સરળતા રહે છે અને આમ છતાંય માનનીય ફારૂકભાઈએ જે વાત કહી છે એને અમે ગંભીરતાપૂર્વક વિચારીશું. ડોકટર અનિલભાઈ જોષીયારાનો હું આભારી છું કે એમણે કલ્યાણ યોજનાઓનો પ્રચાર કરવાની વાત કરી અને એની વિવિધ વિગતો આ મેગેઝીનના માધ્યમ થકી અમે આપીએ છીએ અને હજી પણ હું માનનીય સભ્યશ્રીને આપના થકી વિનંતી કરું છું કે જો કંઈ ખૂટતું લાગે તો અમારું ધ્યાન દોરશે તો એને સુધારી લેવાની અને વધારે વિગતો આપવાની અમારી તૈયારી છે. જમાનો ટેકનોલોજીનો છે. એલવીન ટફલરે એવું કહયું છે કે, The coming age is going to be that of technology. આવનાર સમય એ ટેકનોલોજીનો સમય રહેવાનો છે જે લોકો ટેકનોલોજીને અપનાવશે તે પ્રગતિ કરશે અને જે લોકો ટેકનોલોજીને નહિ અપનાવે તે લોકો ડાયનોસોરની માફક કાળની ગત્તામાં વિલિન થઈ જશે. મારે આપના થકી મારા સાથી પક્ષના મિત્રોને વિનંતી કરવી છે કે, હવે તો ટેકનોલોજીની સાથે ચાલો, તમે કાપ દરખાસ્તો મૂકો એનો વાંધો નથી પણ ફોટોગ્રાફીમાં હવે રોલ નથી વપરાતા. હવે ડીઝીટલ ફોટોગ્રાફી આવી ગઈ છે અને એવા સમયે એવી કાપ દરખાસ્ત મૂકવી કે "સરકારી તંત્ર દ્વારા ફોટાઓના રોલની ખરીદીમાં ચાલતી ગેરરીતિઓ અટકાવવા માટે" અને તે પણ મારા ખૂબ અભ્યાસુ મિત્ર અને વિરોધપક્ષના દંડકશ્રી મૂકે કે "ફોટાઓના રોલની ખરીદીમાં ભ્રષ્ટાચાર થાય છે" ફોટાઓમાં રોલ વપરાતા જ નથી અત્યારે અને રોલ ખરીદવાનો પ્રશ્ન ઉભો થતો નથી. અત્યારે જે ડીઝીટલ કેમેરાઓ દ્વારા ફોટા પાડવામાં આવે છે. તેમાં વપરાતાં નથી અને છતાં પણ જ્યાં સુધી ખાતાને લાગે વળગે છે ત્યાં સુધી ખાતું પોતે જે કામગીરી કરે છે તેની ખરીદીને લગતી જ વાત છે અને હું વિશ્ર્વાસપૂર્વક કહું છું કે ખાતાની કામગીરીને લાગે વળગે છે ત્યાં સુધી રોલની ખરીદીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કોઈની પાસે જોબવર્ક કરાવવામાં આવતું હોય અથવા તો ક્યાંક એકલ દોકલ કોઈ પત્રકાર મિત્ર અથવા તો કોઈ ફોટોગ્રાફર પાસેથી ફોટોગ્રાફીનું એસાઈનમેન્ટ કરાવવામાં આવતું હોય અને એ રોલ ખરીદતાં હોય તો માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીને ખબર છે કે તે માહિતી ખાતા દ્વારા રોલ ખરીદીને નથી આપવામાં આવતાં That is their individual decision. How can we prevent them ? એટલે આ જે મુદ્દો છે કાપ દરખાસ્તનો મને લાગે છે કે ટૅક્નૉલૉજીની સાથે આપણે ચાલીએ તો આ મુદ્દો ઉપસ્થિત થતો નથી. કેટલીક બાબતો સ્વયં વિરોધાભાસી છે વિરોધ પક્ષ અને આંતરિક વિરોધાભાસી બાબતો. મને લાગે છે આજકાલ કંઈક પ્રાસ મળતી બાબત થઈ ગઈ છે કારણકે એક તરફ આવી કાપ દરખાસ્ત આવે છે કે કચેરીમાં થતાં બિન જરૂરી ખર્ચ ઉપર અંકુશ રાખવામાં અમારી નિષ્ફળતા છે અને બીજી બાજુ એવી કાપ દરખાસ્ત આવે છે કે અધિકારીઓ અને કર્મચારીઓની ડેપ્યુટેશનની નિમણૂકમાં ગેરરીતિ ચાલે છે. પૂરતાં કર્મચારી કે અધિકારી છે નહીં, જગ્યાઓ ખાલી છે તેવા સમયે આ પ્રકારની નિમણૂંકોમાં ગેરરીતિઓ ચાલે. સરકારી તંત્રમાં જ્યાં બિલકુલ નિર્દિષ્ટ ધારા-ધોરણો હોય તો એ પ્રકારના કોઈ દાખલાં હોય તો ચોક્કસ રીતે અમે તપાસી લઈશું અને તેમાં કોઈ ગેરરીતિ ચાલતી નથી એવું મારું નમ્ર મંતવ્ય છે. અખબારોમાં જાહેર ખબરો આપવામાં ભેદભાવ રાખવામાં આવે છે. આ વાત પણ હકીકતો સાથે સુસંગત નથી. જે કંઈ જાહેર ખબરોની નીતિ છે તે મુજબ જે જાહેર ખબરની પેનલ ઉપર જે અખબારને મૂકવામાં આવે તે અખબાર જે તે પેનલ ઉપર હોય તે પ્રમાણે તેના ક્રમાનુસાર તે જાહેર ખબર આપવામાં આવે છે. તેના માટેના નિર્દિષ્ટ ધારા-ધોરણો છે અને તે નિર્દિષ્ટ ધારા ધોરણો પ્રમાણે જ્યારે જ્યારે જે કોઈ અખબારનો પેનલમાં ટન આવે તે પ્રમાણેની જાહેર ખબર આપવામાં આવે છે. હવે એક બાજુ જાહેર ખબર ઉપર નિયંત્રણ મૂકવાની વાત કરવાની અને બીજી બાજુ કાપ દરખાસ્ત એવી લઈ આવવાની કે પ્રજાના પ્રશ્નોને યોગ્ય પ્રસિદ્ધિ આપવામાં તંત્રની નિષ્ફળતા. સાહેબ, દરિયામાં પડો તો પણ તકલીફ, ખીણમાં પડો તો પણ તકલીફ. જાહેર ખબર આપો તો કહે તમે પ્રસિદ્ધિ કરો છો. જાહેર ખબર નથી આપતાં તો કહે તમે જાહેર ખબર નથી આપતાં. એટલે આ ક્યાંક કોક જગ્યાએ જે સ્પષ્ટતાનો અભાવ, જે સુસંગત વિચારસરણી હોવી જોઈએ પણ તેમાં હું મારા સાથી પક્ષોને દોષ નથી આપતો કારણકે જ્યારે પાણી, કેરોસીન, પેટ્રોલ, ડિઝલ આ બધાનું મિશ્રણ કરીને પ્યાલામાં ભરીએ ત્યારે લેહરો જેમ જુદા હોય તે પ્રમાણેના સ્તર જુદા રહે. આ બધું મિશ્રણ છે સાહેબ તે સંયોજન બનવાનું નથી અને એટલા માટે તેમની વિચારસરણીમાં આ પ્રકારની વિસંગતતા જોવા મળે છે અને એટલે મારે ઘણું બધું કહી શકાય તેમ છે કારણકે માહિતી પ્રસારણ વિભાગ સારી કામગીરી કરી રહ્યું છે. તેને લગતી પૉઝિટીવ બાબતો અંગેની વાત કરવાનો તો મને જવાબ આપવાનો સમય જ નથી મળ્યો. ઈ ન્યૂઝ લેટરથી માંડીને ટેકનોલોજી આધારિત અનેક કામો આ વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યાં છે. વિભાગ સરસ મજાની કામગીરી કરી રહ્યો છે. કોઈ ભેદભાવ વગરની કામગીરી કરી રહ્યો છે. આપણું પાક્ષિક સરસ મજાનો ફેલાવો ધરાવે છે. આપ પણ જો તેમાં લેખો લખવા માંગતા હો તો અને પ્રસિદ્ધ કરતાં રચનાત્મક

સૂચનો અને લેખો હશે તો આનંદ થશે એવા સંયોગોમાં હું આ સન્માનીય ગૃહ સમક્ષ માહિતી અને પ્રસારણ વિભાગની જે માગણીઓ લઈને આવ્યો છું તે માગણીઓ, કાપ દરખાસ્તો એક સદ્ભાવનાના પ્રતીક રૂપે પાછી ખેંચે અને માગણી મંજૂર કરવામાં આવે એવા મારા અનુરોધ સાથે મારી આ વાત પૂરી કરું છું.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણીઓ લઈને હું આ વિધાનસભા ગૃહમાં આવ્યો છું. ત્યારે ઘણા બધા સભ્યશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા છે. વિરોધ પક્ષના નેતાશ્રીએ ઘણી બધી વાતો કરી. હું જોતો આવ્યો છું કે ઘણી બધી માગણીઓ ઉપર પોતે ઓપનીંગ કરતાં આવ્યાં છે અને આજે પણ તેમણે ઓપનીંગ કર્યુ ત્યારે મને વિશ્વાસ હતો કે ઉર્જા વિભાગને ઘણાં સારાં સૂચનો કરશે. પણ જે કંઈ તેમણે વાતો કરી તે સત્યથી સાવ જુદી છે. તેમણે સારો એવો સમય પાનેન્ધ્રો પર આપ્યો અને એટલી બધી હાઉસમાં વાત કરવામાં આવી કે પાનેન્ધ્રોની અંદર ખૂબ મોટો ભ્રષ્ટાચાર થયો અને પાનેન્ધ્રો ખલાસ થઈ ગયું આવી બધી વાતો કરી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા હાઉસમાં થોડી માહિતી આપવી છે. પાનંધ્રોની અંદર આર.એન્ડ એમ. એકટીવીટીઝ કરવામાં આવી. આર.એન્ડ એમ. એકટીવીટીઝના પહેલાનો પ્લાન્ટ લોડ ફેકટર યુનિટ નંબર એકનો ૩૦.૬ ટકા હતો અને યુનિટ નંબર ૨નો ૨૬.૬૩ ટકા હતો. આ એનો પ્લાન્ટ લોડ ફેકટર રીનોવેશન મોર્ડનાઈઝેશન કર્યા પહેલાનો હતો. ૨૦૦૭માં આ વિભાગનું યુનિટ નંબર વન સો ટકા ૮૩ દિવસ સુધી ચાલ્યું છે. ૧૦૦ ટકા પ્લાન્ટ લોડ ફેકટર પર સળંગ ૮૩ દિવસ. અને ૯૫ ટકા પ્લાન્ટ લોડ ફેકટર ઉપર ૧૨૫ દિવસ ચાલ્યું છે. એનું એવરેજ ૭૫.૭ પી.એલ.એફ. થયો છે. એટલે ૩૦ ટકાથી ૭૫.૭ ટકા પી.એલ.એફ. આ એનો સુધારો છે. એવી જ રીતે યુનિટ નંબર ટુ. ૨૬.૬૩ ટકા ચાલતું હતું એ ૭૭ ટકા ચાલતું થયું અને એ પણ આર.એન્ડ એમ.ના કારણે.

માનનીય અધ્યક્ષશ્રી, આક્ષેપો તો કેવા કર્યા? એલ.એન્ડ ટી. કંપની દુનિયાની સૌથી ખરાબ કંપની ના હોય. એની પાસે કોઈ ટેકનોલોજી જ ના હોય. એને કામ જ ખોટું આપી દીધું હોય. માનનીય અધ્યક્ષશ્રી, એલ.એન્ડ ટી. કંપની આખા દેશની સૌથી સારી એન્જીનીયરીંગ કંપની છે. અને વધારે વાત કરું. કેન્દ્ર સરકાર અને રાજય સરકાર, અનેક રાજય સરકાર એલ.એન્ડ ટી.ને એન્જીનીયરીંગ વર્કસની અંદર ઘણાબધા કોન્ટ્રેકટસ આપતા જાય છે. વાત રહી પારદર્શિતાની. વિરોધ પક્ષના નેતાશ્રીએ શું કીધું? ટેકનિકલ કવોલિફિકેશન વગર આપવામાં આવ્યું. આટલો મોટો આક્ષેપ આ હાઉસની અંદર વિરોધ પક્ષના નેતા કરે? માનનીય અધ્યક્ષશ્રી, મારે એમને જાણ કરવી છે કે ઓપન ટેન્ડર દ્વારા પ્રોસેસ કરવામાં આવ્યું હતું અને ટેન્ડરની પ્રક્રિયામાં ટેકનિકલ પ્રક્રિયા પસાર કરી છે. પ્રાઈસ બીડની પ્રક્રિયામાંથી પસાર કર્યુ છે અને પછી એલ.એન્ડ ટી.ને આપવામાં આવ્યું છે. આ કંઈ પોરબંદરની કન્સ્ટ્રકશન કંપની નથી. એમને આપ્યું હોય તો સમજયા. માનનીય અધ્યક્ષશ્રી, એલ.એન્ડ ટી. ને આ પ્રાઈસ બીડમાંથી પસાર કરીને અમે કોન્ટ્રેટક આપ્યો છે અને એની સફળતા મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવો બીજો આક્ષેપ કર્યો. એમણે કીધું કે અણઆવડત, અણઆવડત. અને મારા પર તો એવો આક્ષેપ કર્યો કે ભાવનગરમાં બોટાદમાં જ બધા સબ સ્ટેશન આપી દીધા હોય. ખેડૂતોને ગુણવત્તાવાળી વીજળી મળે એના માટે આપણે ગ્રામીણ વિસ્તારમાં સબ સ્ટેશન વધાર્યા. જયારથી ગુજરાતની સ્થાપના થઈ ત્યારથી કોંગ્રેસે રાજ કર્યુ છે. વાર્ષિક ૧૫, ૧૭, ૧૮, ૨૦ સબ સ્ટેશનો આપતા હતા. એનાથી વધારે આપતા નહોતા. ગુણવત્તાવાળી વીજળી મળે એના માટે આ રાજય સરકારે મેં ગઈ વખતે હાઉસમાં કીધું હતું કે આ વર્ષે હું ૫૦ નો લક્ષ્યાંક કરું છું. મને કહેતાં આનંદ થાય છે કે આ માર્ચ મહિનો ચાલે છે. ૪૩ના કામ સંપૂર્ણપણે પૂરાં થઈ ગયા છે. અને ૯ના કામો ૯૫ ટકા સિવિલ વર્કસ પૂરું થઈ ગયું છે અને મને વિભાગે ખાતરી આપી છે અને અમે એપ્રિલ ૩૦મી સુધીમાં આ કામ પૂરું કરીશું. આ વર્ષે આ લક્ષ્યાંક ૫૦થી વધારીને ૬૦નો કર્યો છે. લક્ષ્યાંક ૬૦ કર્યો એની અંદર કોસ્ટલ બેલ્ટ પણ છે. ટ્રાયબલ બેલ્ટ પણ છે. આ બધા જ બેલ્ટો આવે છે. અને ભાવનગર જિલ્લાની અંદર જયારે કોંગ્રેસ આવી ને. વિરોધ પક્ષના નેતાશ્રી મંત્રીશ્રી પણ રહ્યાં છે. જયારે કોંગ્રેસનું રાજ હતું ત્યારે. કોંગ્રેસના સમયની અંદર ૯૫ સુધીમાં ભાવનગર જિલ્લામાં માત્ર ૨૦ સબ સ્ટેશન થયા. ૧૯૯૫ની સાલ સુધીમાં એટલે કે ૧૯૬૦થી કે જયારથી થાય ત્યારથી ૧૯૯૫ સુધીમાં માત્ર ૨૦. મને કહેતાં આનંદ થાય છે કે આપનો જિલ્લો જયાં આપણે જન્મ લીધો છે, એ જિલ્લાને મેં છેલ્લા ૫ વર્ષમાં ૨૦ સબ સ્ટેશન આપ્યાં છે, છેલ્લા ૫ વર્ષમાં ૨૦ આપ્યાં છે. મને જણાવતાં આનંદ થાય છે કે હમણાં જે આક્ષેપ કર્યો ને, ૯ સબ સ્ટેશનો આ બજેટમાં મંજૂર કરાવ્યા છે અને એની અંદર ગઢડામાં ૧, ઉમરાળા ૧, મહુવા ૧, પાલીતાણા ૨, ભાવનગર સીટી એરિયામાં ૧, ગારિયાધાર ૧, તળાજા ૧ અને વલ્લભીપુર ૧. બોટાદ તાલુકાનો સમાવેશ નથી. આ આક્ષેપ જે કરો તો જરા માહિતી તો સાચી રાખો. કમનસીબી એ છે કે અડધી માહિતી લઈને ઓપનીંગ કરવા નીકળીએ.

માનનીય અધ્યક્ષશ્રી, તેમનો ત્રીજો આક્ષેપ છે કે ૧૦ મી પંચવર્ષીય યોજનામાં નવું એડિશન જ થયું નથી. તો મારે કહેવું છે કે આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ તા. ૨૮-૫-૨૦૦૭ ના રોજ રાજયોના મુખ્યમંત્રીશ્રીઓની એક બેઠક રાખી હતી ઉર્જા વિભાગ માટેની અને એ મિટિંગની મિનિટસમાં લખ્યું છે કે 'દસમી પંચવર્ષીય યોજનામાં મહત્વનાં રાજયો જેણે વીજ શકિત સ્થાપિત કરેલ છે તેમાં ગુજરાતનું સ્થાન ૧૮૭૮ મેગાવોટ સાથે સૌથી પ્રથમ છે, બીજું સ્થાન ૭૫૫ મેગાવોટ સાથે રાજસ્થાનનું છે, મહારાષ્ટ્ર ૨૫૦ મેગાવોટ, આંધ્રપ્રદેશ ૬૬૦ મેગાવોટ, તામીલનાડુ

૩૭૪ મેગાવોટ, કર્ણાટકની ૫૦૦ મેગાવોટ છે', તો હવે આમાં અણઆવડત કોની? આ અણઆવડતની વાત કરું તો આ વિધાનસભાગૃહને હું એટલી બધી માહિતી આપી શકું કે ચોકકસપણે એમ થાય કે ના ગુજરાતના ઉર્જા વિભાગે ખૂબ સારી રીતે કામગીરી કરી છે. એડિશનલ કેપેસિટીની વાત કરીએ તો ૧૧મી પંચવર્ષીય યોજનામાં ૧૧૧૬૪ મેગાવોટ વીજળીની સ્થાપના કરવાનું આયોજન કર્યુ છે અને એમાંથી મોટાભાગના કામના વર્કસ કોન્ટ્રેકટ અપાઈ ગયા છે, એલ.ઓ.ઈ. અપાઈ ગયા છે અને મોટાભાગનાં કામ શરૂ પણ થઈ ગયાં છે. ૨૦૦૮-૦૯ માં ૧૩૭૫ મેગાવોટનું કામ ચાલુ થવાનું છે. એટલે આ પ્રમાણે એડવાન્સમાં, હું દરેક વિષય ઉપર વાત કરતો નથી, પરંતુ બધી જ માહિતી જોઈએ તો રાજયના દરેક ખૂણે ખૂણે એમાં પીપાવાવ, ધુવારણ, ભાવનગર કે ઉત્તરાણ હાય એ દરેક ક્ષેત્રમાં આપણે જુદી રીતે ગોઠવણી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પી.એલ.એફ. એટલે કે જનરેશનની સારામાં સારી કામગીરી પ્લાન્ટ લોડ ફેકટરની કહેવામાં આવે છે એ આ વર્ષે રાજયના ઈતિહાસમાં કયારેય પણ પી.એલ.એફ. પહોંચ્યો નથી એટલો આ ૨૦૦૭-૦૮ ના વર્ષમાં પહોંચ્યો છે. અત્યારસુધીમાં પી.એલ.એફ. ૭૯ પોઈન્ટ ઉપર પહોંચ્યો છે અને આવતા અઠવાડિયામાં અમને વિશ્વાસ છે કે પહેલી વખત આ પ્લાન્ટ લોડ ફેકટર ૮૦ ટકાએ પહોંચાડીશું. આ સરકારની કંપનીઓ રાજયના ઈતિહાસમાં જયારથી રાજયની સ્થાપના કરવામાં આવી છે ત્યારથી ૭૨ ટકાથી વધારે કયારેય વધ્યું નથી અને આટલો મોટો વધારો અમે લોકોએ એના કારણે આ ૨૦૦ કરોડ યુનિટનું વધારે ઉત્પાદન કર્યુ અને એના કારણે આપણે અત્યારે ઉર્જાની માગણી પૂરી કરી શકીએ છીએ. આવતા દિવસોમાં રાજયને સંપૂર્ણપણે વીજળી મળે એના માટે રાજય, કેન્દ્ર સરકાર અને ખાનગી કંપનીઓ આ ત્રણેયને કોમ્બિનેશન કરીને ૨૧ હજાર મેગાવોટ આપવા માગીએ છીએ અને મને વિધાનસભાને કહેતાં ગૌરવ થાય છે કે અમે ફયુઅલ સિકયુરિટી પણ રાખી છે અને અમે કોલસાની માઈન્સ પણ રાખી છે કે જેના કારણે એમાં અમને કોલસો પણ મળી શકે . અમે લોકોએ લાંબાગાળાનો ગેસનો કોન્ટ્રેકટ કર્યો અને આવતા દિવસોમાં અમને એમાં સહકાર મળે અને લોંગ ટર્મ કોન્ટ્રેકટ મળે તો રાજય સરકાર ત્રીજું ટરમિનલ નાંખવા તૈયાર છે. અમને મદદ જોઈએ છે કેન્દ્ર સરકારની કે અમે લાંબાગાળાનો કોન્ટ્રેકટ કર્યો હોય તો એમાં નીતિ બદલીને કેન્દ્ર સરકારની કોઈ રૂકાવટ ન આવે એ મદદ અમારે જોઈએ છે.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક ક્ષેત્રમાં આજની તારીખમાં ઉર્જા વિભાગે ઘણીબધી કામગીરી કરે છે.વિષય છે કે છેલ્લા ઘણા સમયથી કેન્દ્ર સરકારની પોતાની નીતિના કારણે ગુજરાતની પ્રજાને હેરાનગતિ થાય છે અને ગુજરાત સરકારને નુકસાન થાય છે. હું આજે કહું છું કે છેલ્લા ચાર વર્ષમાં યુ.પી.એ. સરકાર જયારથી આવી ત્યારથી ઓછામાં ઓછું ઉર્જા વિભાગને કેન્દ્ર સરકારની નીતિના કારણે ૨૦૦૦ કરોડ રૂપિયાનો ફટકો પડયો છે અને હું માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને વિનંતી કરું છું કે આ ૨ હજાર કરોડ (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ સારી પધ્ધતિ થઈ હોત (અંતરાય)

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## કેન્દ્ર સરકારની ટીકા કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ( વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે, માનનીય અધ્યક્ષશ્રી, આપે પણ નિર્ણય આપ્યો છે અને ભૂતકાળના નિર્ણયો પણ છે, કેન્દ્ર સરકારની ટીકાનો જવાબ કેન્દ્ર સરકાર અહીંયા આપી શકે નહીં, એથી એમના શબ્દો રેકોર્ડમાંથી દૂર થવા જોઈએ, અનેક સ્પષ્ટ આદેશો છે, આ ગૃહનો સમય બચાવવા માટે હું એ આદેશો વાંચતો નથી, માનનીય અધ્યક્ષશ્રી, આપ પણ જાણો છો અને કેન્દ્ર સરકાર તરફથી એમને અન્યાય થયો હોય તો નામદાર સુપ્રીમ કોર્ટમાં જાય કે અમને ન્યાય આપો. પણ ગૃહની અંદર આ ટીકા નથી થઈ શકતી, માટે આપના ન્યાયની અપેક્ષા રાખું છું.

**શ્રી અમિત શાહ (રાજયકક્ષાના સંસદીય બાતોના મંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે જવાબ આપતા હતા એમાં એમણે એવું કહ્યું છે કે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે જવાબ આપતા હતા એ જવાબની અંદર એમણે સ્પષ્ટ શબ્દો વાપર્યા છે કે કેન્દ્ર સરકારની નીતિના કારણે ગુજરાતના ઉર્જા વિભાગને ૨૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. આ હકીકત લક્ષી વાત છે, આમાં કોઈ ટીકા ટિપ્પણ નથી થતી, અને જો નુકસાન થયું હોય તો કહી શકાય, અને નુકસાન ન કરાવવું હોય તો નીતિઓ બદલવી પડે, નીતિઓ બદલવાની જગ્યાએ અહીં ફકત ઉપરાણું લેવાથી કોઈ ફરક પડે, નુકસાન થયું છે તે હકીકત છે અને કઈ રીતે થયું છે તે સાંભળવું હોય તો વિગત આપવા માનનીય મંત્રીશ્રી તૈયાર છે. ૨૦૦૦ કરોડનું નુકસાન કઈ રીતે થયું તેની વિગતો આપવા તૈયાર છે.

**અધ્યક્ષશ્રી** : હું મારું રૂલિંગ રિઝર્વ રાખું છું. બન્ને પક્ષની વિગતો જોઈ અને પછી આવતી કાલે રૂલિંગ આપીશ.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષોથી અન એલોકેટેડ પાવર આપણને મળતો હતો. અન એલોકેટેડ પાવર આપણને મળતો હતો એ સૌથી સસ્તો ૧ રૂપિયો અને ૬૭ પૈસામાં મળતો હતો. મહારાષ્ટ્રની અંદર વીજળીની શોર્ટેઝ થઈ, શીંદેજી કેન્દ્રમાં ઉર્જા મંત્રી બન્યા તેના ટૂંક સમયમા આપણો ગુજરાતનો અન એલોકેટેડ પાવર લઈ અને મહારાષ્ટ્રને આપ્યો, ૨૧૦ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સભાગૃહની અંદર માનનીય મંત્રીશ્રીએ શું જવાબ આપવો, . (અંતરાય) (ઘોંઘાટ) આઈ એમ ઓન માય લેગ, માનનીય શકિતસિંહજી, હું ઉભો છું, મને મારું ઓબ્જરવેશન કહી દેવા દો, પછી આપને જે લાગે તે કહી શકો છો, ઓર્ડર, ઓર્ડર, (અંતરાય) એમણે શું કહેવું, માનનીય મંત્રીશ્રીએ શું કહેવું, (અંતરાય) (ઘોંઘાટ) માનનીય મંત્રીશ્રીએ શું કહેવું તેની આપ ફરજ નહીં પાડી શકો, હકીકત લક્ષી જેટલી વાત છે, જેટલી હકીકતો છે એ હું જોઈ જઈશ, મેં કહ્યું છે. (અંતરાય) હકીકત લક્ષી કેટલું છે અને ટીકાત્મક કેટલું છે તે બન્ને વચ્ચે લક્ષ્મણ રેખા છે.

**શ્રી શકિતસિંહ ગોહિલ** : જો આ જ પ્રથા રાખવાની છે, તો એન.ડી.એ. સરકારની રોજ અમે વાત લાવીશું.

**અધ્યક્ષશ્રી** : હકીકત લક્ષી વાત કેટલી છે અને ટીકાત્મક કેટલી છે તે બન્નેની વચ્ચે ભેદરેખા છે, એ ભેદરેખા જોઈને હું આવતી કાલે મારું જજમેન્ટ આપીશ. માનનીય મંત્રીશ્રી આગળ ચલાવો.(અંતરાય)

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ) (ક્રમશઃ)

**શ્રી સૌરભ પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, આ અનએલોકેટડ પાવર કયારે આપવામાં આવે છે, આ અનએલોકેટેડ પાવર ન મળ્યો, એટલે રાજય સરકારે મોંઘા ભાવની વીજળી ખરીદીને ખેડૂતોને આપી. છે. જો આ પાવર મળ્યો હોત તો મોંઘા ભાવની વીજળી ખરીદવાનો વિષય ન આવ્યો હોત, માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે ગેસની વાત કરું તો પુલીંગ ઓફ ગેસ ગણો, કે પછી ગેસની નીતિમાં ફેરફારની વાત કરીએ તો એટલું જ નુકસાન થયું છે, હું આપને કહું કે વીજળીના ભાવ વધારાની વાતો કરીએ છીએ, આ વીજળીના ભાવ વધારા માટે આ વર્ષે કોલસાના ફ્રેટ, કોલસાનું ભાડું, આ બધાને કારણે ૭૩૫ કરોડ રૂપિયાનો વધારો થયો છે, કોલસાના ભાવમાં વધારો ૧૧૬ કરોડ, રોયલ્ટીમાં ૪૦ કરોડ,

**અધ્યક્ષશ્રી** : હું વિપક્ષના નેતાશ્રીને અનુરોધ કરું છું કે આપને સભાત્યાગ કરવો હોય તો આપને અધિકાર છે પરંતુ ગૃહની અંદર માનનીય મંત્રીશ્રીનો જવાબ સાંભળવાની આપની ફરજ બને છે. (અંતરાય) આપ બોલ્યા ત્યારે મેં એમને બોલવા નથી દીધા, એમને જરા પણ નથી કહેવા દીધું તેથી જવાબ સાંભળવાની આપની જવાબદારી બને છે. (અંતરાય) મેં કહ્યું છે કે હકીકતલક્ષી હશે તો એ કહેવાનો માનનીય મંત્રીશ્રીને અધિકાર છે. ટીકાત્મક હશે એટલો ભાગ જોઈને હું કહીશ પરંતુ એમ કહેવું કે મંત્રીશ્રી આ પ્રકારનો જવાબ આપે, આ વિષયનો જ જવાબ આપે અને એ રીતે હાઉસને બાનમાં લેવાની વાત સ્વીકારી શકાશે નહિ. આપને મંત્રીશ્રીની વાત ન સાંભળવી હોય તો આપ સભાત્યાગ કરીને જઈ શકો છો. હું વિરોધપક્ષને વિનંતી કરું છું કે આપને મંત્રીશ્રીનું પ્રવચન ન સાંભળવું હોય (અંતરાય) આપ કહો એ પ્રમાણે જ જવાબ આપે, એવી કોઈને પણ અધ્યક્ષ ફરજ ન પાડી શકે કે આ સભાગૃહના કોઈ સભ્યશ્રી ન કહી શકે, મંત્રીશ્રી આ પ્રમાણે જ જવાબ આપે, આ વિષય ઉપર જ જવાબ આપે. આ અંગેના અગાઉ રૂલિંગ આપેલાં છે. આપે આ બધા રૂલિંગોનો અભ્યાસ કરેલો છે. આપ સંસદીય બાબતોને ખૂબ વરેલા છો એટલે આપને અનુરોધ કરું છું, બાકી અનુરોધ ન કરેત (અંતરાય) તમારા પક્ષના સભ્યશ્રીઓને કહો કે બેસી જાય અને પછી આપ આપની લાગણી વ્યક્ત કરી શકો છો. (અંતરાય) માનનીય મંત્રીશ્રી, આપ આપનું પ્રવચન ચાલુ રાખો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી....

**અધ્યક્ષશ્રી** :માનનીય મોહંમદ ફારુક શેખ, આ સભાગૃહ છે. માનનીય મંત્રીશ્રી આપ જવાબ ચાલુ રાખો.

**શ્રી સૌરભ પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી...

**અધ્યક્ષશ્રી** : હું માનનીય મોહંમદ ફારુક શેખને નેઈમ કરું છું. એમણે પોતાનું સ્થાન છોડીને જે પ્રકારનો વર્તાવ કર્યો છે. એ બદલ હું એમને નેઈમ કરું છું.

## માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

### સભ્યશ્રીને સસ્પેન્ડ કરવા અંગે

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી મોહંમદ ફારુક શેખને આજના દિવસના કામકાજ પૂરતા ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : માનનીય મોહંમદ ફારુક શેખ આપ સભાગૃહની બહાર જાવ. સારજન્ટ એમને બહાર લઈ જાવ.

(આ તબક્કે માનનીય સભ્યશ્રી મોહંમદ ફારુક શેખને સલામતી દળના સભ્યો દ્વારા બહાર લઈ જવામાં આવ્યા)

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ) (ક્રમશઃ)

**શ્રી સૌરભ પટેલ (રાજયકક્ષાના ઉર્જામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, કોલસાના ભાવ વધારાને કારણે રાજય સરકારને ૭૩૫ કરોડ રૂપિયાનો વાર્ષિક વધારો થયો છે. એની અંદર બેઝિક કોલસામાં વધારો થયો છે, રેલવે ફ્લેટમાં વધારો થયો છે, વેગન એલોકેશનમાં વધારો થયો છે. આ બધા જ વધારાના કારણે ૭૩૫ કરોડ રૂપિયાનો વધારો થયો છે.

એવી રીતે ગેસની અંદર પૂલીંગ પ્રાઈઝમાં ગેસની અંદર પી. એન્ડ ટી. ના કોન્ટ્રેકટો આ બંને જૂઓ અને ચોથું કોલસો માનનીય બાજપાઈજીના વખતમાં નજીકમાંથી મળતો હતો એ ઓછો કરી નાખ્યો એ બધાને કારણે કુલ બધું મળીને ઓછામાં ઓછુ બે હજાર કરોડ રૂપિયાનું રાજય સરકારની કંપનીને નુકસાન થયું છે.

આર.જી.જી.વાયની વાત કરી. સભ્યશ્રીઓને માહિતી મળે એટલા માટે આ વાત કરી રહ્યો છું. આર.જી.જી.વાય.માં કોન્ટ્રેકટ એવો છે કે રાજય સરકારે ગામડાંને ઓછામાં ઓછી ત્રણ થી આઠ કલાક વીજળી આપવી. આ કેન્દ્રના કૉન્ટ્રૅક્ટમાં છ કલાકથી આઠ કલાક જ અપાવી. આ તમારો કેન્દ્રનો કૉન્ટ્રૅક્ટ છે અને અમારે માત્ર ત્રણ જ જિલ્લામાં આર.જી.જી.વાય. છે. બાકીના જિલ્લામાં ગુજરાત સરકારે પોતાના ખર્ચે ૨૪ કલાક વીજળી આપવા માટે ઘેર ઘેર કનૅક્શન આપ્યા છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપનું પ્રવચન એક મિનિટમાં પૂરું કરો.

(વિરોધપક્ષના માનનીય સભ્યશ્રીઓ દ્વારા ' ખેડૂતોને વીજળી આપો' ના સતત સૂત્રોચ્ચાર ચાલુ)

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે વાત કરીએ..(સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપનું પ્રવચન એક મિનિટમાં પૂરું કરો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ.પી.ડી.આર.પી.ની સ્કીમ છે તેમાં ૫૦૫ કરોડ રૂપિયા લેવાના બાકી નીકળે છે. કેન્દ્રને ઈન્સેન્ટીવ તરીકે મળ્યા છે. અને આ રૂપિયા ક્યારના બાકી છે? ૨૦૦૪-૦૫ના અને કહે છે કે આ વર્ષે તમને આપી દઈશું. લેખિત કાગળ આપે છે. આ અણઆવડત છે કોની? આ અણઆવડતના કારણે ગુજરાતની પ્રજા હેરાન થાય છે. અણઆવડત આ કેન્દ્ર સરકારની નીતિ છે. તેની અણઆવડતના કારણે.

**કાપદરખાસ્ત ક્રમાંક-૧, ૩, ૫, ૬, ૭, ૧૦, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૪, ૩૫, ૩૬, ૩૮ અને ૩૯ મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

(વિરોધપક્ષના માનનીય સભ્યશ્રીઓ દ્વારા ' ખેડૂતોને વીજળી આપો' ના સતત સૂત્રોચ્ચાર ચાલુ)

**અધ્યક્ષશ્રી** : આપ નીચે બેસીને હા કહેશો તો જ ગણાશે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, હા કહેતી વખતે આપે શાંતિથી બેસવું જ પડે. નહીં તો તેને ગણતરીમાં કેવી રીતે લેવાય? નહીં, નહીં..(સતત અંતરાય)

**માગણી ક્રમાંક-૧૧, ૧૨, ૧૩, ૧૪, ૫૩, ૫૪ અને ૮૯ મત ઉપર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

## ગિલોટીન થયેલી માગણીઓ

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૮-૦૯ના વાર્ષિક નાણાકીય પત્રકમાં કુલ ૧૦૬ માગણીઓ સમાવિષ્ટ છે. આમાંથી ૫૪ માગણીઓ આ ગૃહમાં ચર્ચા દ્વારા પસાર ગઈ ગયેલ છે. બાકીની ૫૨ માગણીઓ પૈકી ૨ માગણીઓ બિન મતપાત્ર હોવાથી તે સિવાયની ૫૦ માગણીઓ હું ગિલોટીનથી મત માટે રજૂ કરું છું, જેનો માગણી ક્રમાંક નીચે મુજબ છે.

(વિરોધપક્ષના માનનીય સભ્યશ્રીઓ દ્વારા ' બંધ કરો, બંધ કરો, ગપ્પા મારવાનું બંધ કરો' ના સતત સૂત્રોચ્ચાર ચાલુ)

**શ્રી વજુભાઈ વાળા** : હવે તો બેસો, આ ગિલોટીન આવ્યું, શું બંધ કરો, બંધ કરો. માનનીય અધ્યક્ષશ્રી, ક્રમમાં ૧, ૩, ૭, ૧૦, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૫, ૫૬, ૫૮, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૫, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૯૦, ૯૧, ૯૩, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૦૩, ૧૦૪, ૧૦૬ આ માગણીઓ માનનીય સભ્યશ્રીઓ સર્વાનુમતે મંજૂર કરે એવી હું આપના મારફત વિનંતી કરું છું.

માગણી ક્રમાંક-૧, ૩, ૭, ૧૦, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૫, ૫૬, ૫૮, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૫, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૯૦, ૯૧, ૯૩, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૦૩, ૧૦૪, ૧૦૬ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક-૧, ૩, ૭, ૧૦, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૫, ૫૬, ૫૮, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૫, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૯૦,

૯૧, ૯૩, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૦૩, ૧૦૪, ૧૦૬ મત ઉપર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

" બંધ કરો બંધ કરો, ગપ્પાં મારવાનું બંધ કરો." સતત સૂત્રોચ્ચાર

**અધ્યક્ષશ્રી** : હવે હું રાજય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંક-૩૬ અને ૩૭ મત માટે મૂકીશ.

**માગણી ક્રમાંક-૩૬ અને ૩૭ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

# બિન સરકારી સંકલ્પો

**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે,

"ગુજરાત સહકારી પ્રવૃત્તિઓમાં સમગ્ર રાષ્ટ્રમાં અગ્રિમ સ્થાન ધરાવે છે. ગુજરાત સરકાર દ્વારા સમાજના અનેક ક્ષેત્રોમાં મહિલા ઉત્થાન તથા મહિલા કલ્યાણ માટે અનેક પગલાંઓ લેવામાં આવી રહ્યાં છે. રાજયની મહિલાઓને સહકારી પ્રવૃત્તિઓમાં સહભાગી બનાવવાની બાબતે સરકાર સક્રિય વિચારણા કરી રહી છે. તેને આ સભાગૃહ આવકારે છે અને તે દિશામાં આગળ વધી સહકારી મંડળીઓના સંચાલક મંડળમાં મહિલાઓ માટે આરક્ષણ રાખવા જરૂરી જોગવાઈ કરવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે."

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના વહીવટમાં પણ મહિલાઓ ભાગીદાર બને તે માટે રાજય સરકારે ગુજરાત પંચાયત અધિનિયમ, ગુજરાત નગરપાલિકા અધિનિયમ અને મહાનગરપાલિકા અધિનિયમમાં સુધારો કરીને મહિલાઓને ૩૩ ટકા આરક્ષણ આપવાની જોગવાઈ કરેલી છે. તે ઉપરાંત રાજય સરકારની ભરતીઓમાં પણ મહિલાઓ માટે અનામતની જોગવાઈ કરેલી છે. એ રીતે રાજયના સ્થાનિક વહીવટમાં મહિલાઓ અસરકારક રીતે પ્રતિનિધિત્વ કરવા આગળ આવી રહી છે ત્યારે રાજયની સહકારી પ્રવૃત્તિઓના વહીવટમાં પણ મહિલાઓ સામેલ થાય અને પોતાનું યોગદાન આપે તે માટે સરકાર કટિબદ્ધ છે. દેશના સર્વાંગી વિકાસ અને વહીવટમાં મહિલાઓનો ફાળો નોંધનીય છે. પંચાયત, મહાનગરપાલિકા, નગરપાલિકા, સંસદ અને વિધાનસભાઓમાં આજે મહિલાઓ સારા પ્રમાણમાં પ્રતિનિધિત્વ કરીને ઉત્તમ પ્રકારનું યોગદાન આપી રહેલ છે. ત્યારે રાજયની સહકારી પ્રવૃત્તિ આર્થિક અને સામાજિક ક્ષેત્રે આગવું પ્રદાન કરી રહેલ છે અને તેમાં મહિલાઓનો ફાળો ઘણો મોટો હોવા છતાં આ પ્રવૃત્તિમાં મહિલાઓના યોગદાનની વાસ્તવિકતા હજુ સમાજ સમક્ષ રજૂ થઈ નથી. તેનો દાખલો લઈએ તો દૂધ ઉત્પાદન તેમજ પશુપાલનની સમગ્ર પ્રવૃત્તિ મહિલાઓ દ્વારા થાય છે. સવારે વહેલા ઊઠીને દૂધ દોહવાથી માંડીને મંડળીમાં દૂધ ભરાવા સુધીની સમગ્ર કાર્યવાહી મહિલાઓ કરે છે. એ રીતે જોઈએ તો ખેતીના વ્યવસાયમાં પણ ખેતર, દાડીયા, મજૂરોને યોગ્ય માર્ગદર્શન, બપોરનું ભોજન તેમજ ખેતીના કામમાં મહત્ત્વની મદદ મહિલા ઓ કરે છે. એ ઉપરાંત સમગ્ર ઘરનો આર્થિક વહીવટ મહિલા સંભાળે છે અને કરકસરપૂર્વકનો વહીવટ કરી પોતે કરેલી બચતના નાણા કુટુંબના આકસ્મિક સમયે મહિલા પૂરા પાડે છે. છતાં આવા મહત્ત્વના પ્રદાનનો યશ મહિલાને મળતો નથી અને કેટલીક વખત મહિલાઓએ શોષણનો ભોગ પણ બનવું પડે છે. આ સ્થિતિમાંથી મહિલાઓને બહાર લાવવા હશે તો મહિલાઓને સુશિક્ષિત બનાવવી પડશે તેમજ પોતે જે ક્ષેત્રમાં યોગદાન આપે છે તે ક્ષેત્રનો પૂરો યશ મહિલાઓને જ મળે એ દિશામાં સંગીન પ્રયાસો કરવાની આવશ્યકતા છે. રાજયમાં આજે ૬૦,૮૮૬ વિવિધ પ્રકારની સહકારી મંડળીઓ કાર્યરત છે અને તેના કુલ સભાસદો ૧,૪૯,૩૫,૨૮૫ છે. તે પૈકી મહિલા સભાસદો ૧૧,૪૫,૪૮૧ છે. જે કુલ સભાસદોના ૭.૮૬ ટકા છે જે જોતા જણાય છે કે મહિલાઓનો સભાસદ થવાનો હિસ્સો ઘણો જ ઓછો છે. રાજયની વિવિધ પ્રકારની સહકારી મંડળીઓ છે.

**અધ્યક્ષશ્રી** : બીજા સભ્યોના નામ પણ બાકી છે અને મંત્રીશ્રીએ જવાબ પણ આપવાનો છે. એટલે એક મિનિટમાં પૂરું કરો.

**શ્રી શંભુજી ઠાકોર** : આ સંખ્યામાં વધારો થાય અને મહિલાઓ હજુ પણ સહકારી ક્ષેત્રે વધુ પ્રદાન કરે તે દિશામાં પ્રયાસો કરવા માટે રાજય સરકારે તા: ૨૦-૧૨-૯૭ના રોજ વટહુકમ બહાર પાડી અને અગિયાર સભ્યોની વ્યવસ્થાપક કમિટિ હોય તેવી સહકારી સંસ્થાઓની વ્યવસ્થાપક કમિટિમાં એક મહિલાની અનામત બેઠક અને અગિયારથી વધુ રાજયોની વ્યવસ્થાપક સમિતિ હોય તેમાં બે મહિલા અનામતની બેઠકની જોગવાઈ કરેલ હતી પરંતુ વહીવટી કારણસર આ વટહુકમને કાયદાનું સ્વરૂપ ન મળી શકવાને કારણે આ વટહુકમ કાયદાના સ્વરૂપમાં પરિવર્તન થઈ શક્યો ન હતો. હાલની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરીએ તો રાજયમાં ડેરી ક્ષેત્રમાં ૧૧૦૭ કુલ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓનું સંપૂર્ણત: મહિલાઓ દ્વારા સંચાલન કરવામાં આવે છે જ્યારે અન્ય સહકારી સંસ્થાઓ જે મહિલાઓ સંચાલિત કુલ ૨૬૩ છે જે પ્રમાણ ઘણું જ ઓછું છે. રાજય સરકારે મહિલાઓના વિકાસ માટે નારી ગૌરવ નીતિની જાહેરાત કરી. સને ૨૦૦૬ના વર્ષમાં કરેલ છે અને તેમાં મહિલા વિકાસ માટેના વિવિધ ક્ષેત્રમાં કાર્યવાહી હાથ ધરાઈ રહી છે ત્યારે રાજયની ૬૦ હજાર ઉપરાંત સહકારી સંસ્થાઓમાં મહિલાઓને પ્રતિનિધિત્વ

આપવા અંગેનો સંકલ્પ સરકાર આવકારે અને તે દિશામાં આગળ વધવા માટે સરકાર સમર્થન આપે એ માટે આ સંકલ્પ રજૂ કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી શંભુજી ઠાકોર જે સંકલ્પ લાવ્યા છે એને હું મારું સમર્થન આપું છું. સહકારી પ્રવૃત્તિઓમાં મહિલાઓ યોગ્ય રીતે પ્રતિનિધિત્વ કરી શકે એ ખૂબ જરૂરી છે. રાજય સરકાર આ દિશાની અંદર સક્રિય છે પરંતુ એનું અમલીકરણ થઈ શકતું નથી એ બાબત ખૂબ દુ:ખદ છે. સહકારી પ્રવૃત્તિના આપણા ગુજરાતના જાણીતા અને આ ક્ષેત્રમાં પીઢ આગેવાન સદ્‌ગત આત્મારામભાઈ પટેલે જે સહકારી પ્રવૃત્તિનો મુસદ્દો જે ઘડેલો અને એની અંદર મહિલાઓને યોગ્ય પ્રતિનિધિત્વ મળે એવો સમાવેશ કરેલો, એ મુસદ્દાનો અભ્યાસ કરી અને સુપૂર્ણપણે એનો સ્વીકાર કરવામાં આવે તો માનનીય શંભુજી ઠાકોરનો પ્રસ્તાવ જે છે એને ન્યાય આપી શકાશે એવો આપના મારફતે હું આ ગૃહમાં મારા વિચાર વ્યકત કરું છું. દેશની મહિલાઓનું, દેશની સ્વાતંત્ર લડતમાં અને દેશની આઝાદી પછી મહિલાઓનું પ્રદાન એ ખૂબ જ અગ્રણી તરીકે રહ્યું છે. આપણા ગુજરાતે તો એની અંદર જે મંથન ચલચિત્ર હતું અને એની અંદર દૂધની શ્વેતક્રાંતિ હતી એની અંદર મહિલાઓ દ્વારા આ શ્વેતક્રાંતિને સફળ બનાવી શકાઈ. પરંતુ આ મંડળીઓમાં પણ મહિલાઓને પ્રતિનિધિત્વ નહિવત હોય એ સાવ નરી હકીકત છે. એટલે આજે ન્યાય આપવા માટે માનનીય શંભુજી ઠાકોર જે સંકલ્પ લાવ્યા છે એનો સરકાર સ્વીકાર કરે અને એની ખાતરી આપે. ખાતરી આપતી વખતે આત્મારામભાઈ પટેલનો જે મુસદ્દો હતો અને એમાં મહિલાઓને યોગ્ય પ્રતિનિધિત્વ આપવા એમણે સમાવેશ કરેલા મુદ્દાઓનો સમાવેશ કરે એવી માનનીય મંત્રીશ્રી ખાતરી આપે એટલી વાત કરી મારું સ્થાન લઉં છું.

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા (ભાણવડ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના સભ્યશ્રી શંભુજીભાઈ જે બિન સરકારી સંકલ્પ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય સભ્યશ્રી શંભુજીભાઈ જે રીતે વાત કરતા હતા એમાં ૬૦ હજાર જેટલી સહકારી મંડળીઓ આપણા રાજ્યમાં છે. ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંક છે એમાં મહિલાઓને પ્રતિનિધિત્વ આપીને નિર્ણય પ્રક્રિયામાં ભાગીદાર બનાવવાનો જે આ બિન સરકારી સંકલ્પ છે એમાં સભ્ય સંખ્યા લગભગ દોઢ કરોડ જેવી છે. એમાંથી ૧૧ લાખ મહિલા સભ્યો છે. સહકારી મંડળીઓની અત્યારે ૫૪૭૦ વ્યવસ્થાપક કમિટીઓ છે એમાં સભ્ય છે. એ ખૂબ જ ઓછી સંખ્યા છે. જ્યાં જ્યાં મહિલાઓને પ્રતિનિધિત્વ મળ્યું છે એ મહાનગરપાલિકા હોય, નગરપાલિકા હોય, જિલ્લા કે તાલુકા પંચાયત હોય, ત્યાં ખૂબ સરસ રીતે એની જવાબદારી મહિલાઓએ સંભાળીને નિર્ણયમાં ભાગીદાર થવાથી મહિલાઓની ભાગીદારીના કારણે આ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ખૂબ સારા પરિણામો આપણે જોઈ રહ્યા છીએ. આપણા દેશની લોકસભા અને આપણી વિધાનસભામાં પણ આપણે જોયું છે કે જ્યાં જ્યાં મહિલાઓ પ્રતિનિધિત્વ કરે છે ત્યાં ખૂબ સરસ રીતે વહીવટમાં ભાગીદાર થઈ છે. અત્યારે કેટલીક દૂધ મંડળીઓ એવી છે કે જે લગભગ ૧૧૦૭ જેટલી દૂધ મંડળીઓનો સંપૂર્ણ વહીવટ મહિલાઓના હાથમાં છે. ૨૬૩ જેટલી વિવિધ પ્રકારની સહકારી મંડળીઓ છે એનો સંપૂર્ણ વહીવટ મહિલાઓ કરે છે. આજે સમરસ ગ્રામની યોજના થઈ એના કારણે રાજ્યના અનેક ગામો એવા છે કે ગ્રામ પંચાયતમાં તમામે તમામ મહિલાઓ ગ્રામ પંચાયતનું સંચાલન કરતી હોય છે. ૨૦૦૬માં નારી ગૌરવ નીતિમાં જે વાત કહેવામાં આવી છે અને સરકારે સ્વીકારી છે એ ક્ષેત્રમાં પણ કામ થયું છે. આવા સંજોગોમાં માનનીય સભ્યશ્રી શંભુજીભાઈએ બિન સરકારી સંકલ્પમાં વાત કરી છે કે ૬૦ હજાર જેટલી મંડળીઓ અને એનાથી આગળ વધીને જે ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંકો છે એમાં પણ મહિલાઓને પ્રતિનિધિત્વ મળે એના માટે જે કાંઈ કહ્યું કે, ૧૯૯૭માં વટહૂકમથી અનામત આપવા માટેની વાત કરેલ છે. કાયદાનું સ્વરૂપ કોઈને કોઈ કારણસર ત્યારે ન મળ્યું, એમાં આગળ વધવાની જરૂર છે. આ વિભાગના મંત્રીશ્રી છે એ પોતે અમરેલી મધ્યસ્થ ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંકના ચેરમેન છે અને પોતે ત્યાં મને ખ્યાલ છે ત્યાં સુધી મહિલાઓને એમાં નિર્ણય પ્રક્રિયામાં ભાગીદાર બનાવીને એવો અભિગમ અપનાવ્યો છે ત્યારે એને પૂરેપૂરું સમર્થન આપું છું અને આ બાબતે સરકાર આગળ વધે એવી વિનંતી કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી શંભુજી ઠાકોર છે એ ખૂબ આવકારદાયક સંકલ્પ લઈને આપણી વચ્ચે આવ્યા છે. સહકારી ક્ષેત્રમાં ગુજરાતે માત્ર આ દેશને નહિ, પરંતુ સમગ્ર વિશ્વને રાહ દેખાડે એવી પ્રગતિ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે પ્રવૃત્તિ થઈ એના પાયાની અંદર, આ પ્રવૃત્તિને વરેલા જે લોકો હતા એના કારણે એક નવી તરાહ, નવો ટેન્ડ ઊભો થયો અને એ ટેન્ડને કારણે ગુજરાતે તો વિકાસ કર્યો. પરંતુ સમગ્ર રાષ્ટ્રમાં પણ એનો ખૂબ નમૂનેદાર વિકાસ થયો અને આ જે આપણા સંચાલકો એવા હતા કે સંપૂર્ણ રીતે આ પ્રવૃત્તિને વરેલા હતા અને છેવાડાના માનવીને કેમ એનો ફાયદો થાય એના માટેના એમણે પ્રયાસો કર્યા અને એના કારણેજ જે છેવાડાના લોકો હતા એનું શસસ્તીકરણ થયું અને આ સહકારી પ્રવૃત્તિની અંદર લાખો લોકો જોડાયા અને આ સહકારી પ્રવૃત્તિનું યોગદાન આ ગુજરાતના વિકાસની અંદર અનન્ય કહી શકાય એ પ્રકારનું રહ્યું હતું. મહિલાઓના શસસ્તીકરણની વાત આવે છે ત્યારે જે દૂધની ક્રાંતિ થઈ અને દૂધની અંદર ભલે સંચાલન કદાચ પુરુષોના હાથમાં હશે. પરંતુ આ પ્રવૃત્તિના વિકાસની અંદર, દૂધની પ્રવૃત્તિની અંદર સૌથી વધારે જો કોઈનો ફાળો હોય તો એ મહિલાનો ફાળો રહ્યો છે અને આજે એમ કહેવામાં આવે છે કે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતની અંદર જ્યાં આ પ્રવૃત્તિનો વિકાસ થયો છે ત્યાં જો આ દૂધની પ્રવૃત્તિ વિકસી ના હોત તો અર્ધભૂખમરા જેવી દશા આ વિસ્તારની

હોત. આ પ્રવૃત્તિએ આર્થિક રીતે ફાળો આપ્યો છે એટલું જ નહિ પણ સાચા અર્થમાં જે મહિલાઓનું શસસ્તીકરણ છે એ શસસ્તીકરણની અંદર પણ સૌથી વધારે ફાળો આ પ્રવૃત્તિએ આપ્યો છે. એટલે એટલા માટે આ પણ એક શસસ્તીકરણની દિશાની અંદર એક આગળ લઈ જનારું કદમ છે અને એ શસસ્તીકરણનો અનુભવ આપણે કર્યો છે, પણ થોડા સમયથી આપણે બધાએ એવું નિરીક્ષણ કર્યુ છે કે શસસ્તીકરણ મહિલાઓનું કે એના સભાસદોના બદલે દ ણાં લોકો એવા છે કે સ્વશસસ્તીકરણ થાય છે અને એ સ્વશસસ્તીકરણના દાખલાઓ આપણે જોયા છે. સહકારી પ્રવૃત્તિ છે એનો ફાયદો છેવાડાના માનવી સુધી પહોંચવો જોઈએ. આપણી ડેરીઓએ શસસ્તીકરણ કોનું કર્યુ? ડેરીઓએ શસસ્તીકરણ કર્યુ મહિલાઓનું, છેવાડાના લોકોનું. અત્યારે કેવું થાય છે? પોતાના ઘરનો રંગ ભગવો કરે કે પોતાના કપડાં છે એ ભગવા કલરના પહેરે એનો કોઈ વાંધો નહિ પણ માત્ર અને માત્ર કોઈને ખૂશ કરવા માટે થઈને કોઈ સહકારી પ્રવૃત્તિઓના જે મકાનો હોય એનો કલર ભગવો કરી નાંખે એ કેટલા અંશે વાજબી? માનનીય મંત્રીશ્રીએ ખાતરી આપી છે કે બરોડા ડેરીની અંદર આવી ઘટના બની છે એની એમ જરૂરથી તપાસ કરાવીશું. પોતાની વિચારધારા કયાંય ઠોકી બેસાડવાનો કયાંય (અંતરાય) મેં દિલીપભાઈ આપનું ઈન્ટરવ્યું ટી.વી.ની અંદર સાંભળ્યો હતો એના આધારે કહું છું. એટલે પોતાના ઘરનો કલર ફેરવી નાંખે વાંધો નહિ પણ આપણે કલર ફેરવવો છે મહિલાઓના ચહેરાનો કે જે મહિલા છે એ લાચાર છે એ લાચારીમાંથી બહાર આવે. કોઈ સહકારી પ્રવૃત્તિ સારી ચાલતી હોય, પરંતુ પોતાના વિચારોને અનુકૂળ ના આવે એટલા માટે એને તોડી નાંખવી અને પોતાના કબજામાં લેવી એ વાત વાજબી નથી. પોતે એ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હોય અને એ પ્રવૃત્તિમાં રસ લે એ કોઈ વાંધો નથી, પણ એની સાથે કાંઈ ન્હાવા નીચોવાનો સંબંધ ના હોય છતાં એક હજાર કરોડનો બીઝનેસ કરે છે એ સહકારી પ્રવૃત્તિનો કબજો મારે લેવો છે એ વાત બરાબર નથી. હું આપના મારફત માનનીય સહકાર મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે જરૂરથી આ કાયદો લઈ આવે અને એ કાયદાની અંદર મહિલાઓનું ખરેખરા અર્થમાં શસસ્તીકરણ થાય એટલા માટે માત્ર એના ડિરેકટર બોર્ડમાં નહિ પરંતુ એમના જે કર્મચારીઓ, અધિકારીઓ છે એની અંદર પણ એનો અમલ થાય. એટલું જ નહીં આ જે રિઝર્વેશન મહિલાઓ માટે રખાય અથવા બીજું રખાય એમાં એસ.સી., એસ.ટી.ઓ.બી.સી.ના પ્રતિનિધિઓને પણ એમાં પૂરું સ્થાન મળે એવી જોગવાઈ કરે અને આ બીલ લઈને ભવિષ્યમાં સરકાર આવશે તો કોંગ્રેસ પક્ષ એને ટેકો આપશે એવી ખાતરી સાથે આ સંકલ્પમાં હું મારો સૂર પૂરાવું છું.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના માનનીય સભ્યશ્રી શંભુજી ઠાકોર જે સંકલ્પ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું બોલવા માટે ઉભો થયો છું. સમાજ જીવનમાં મહિલાઓનો ૫૦ટકા હિસ્સો છે અને જો એ ૫૦ટકા હિસ્સો વિકાસથી કોઈને કોઈ રીતે અલિપ્ત રહી જાય તો હું માનું છું કે માત્ર મહિલાઓનો વિકાસ ન થાય એટલું જ નહીં પરંતુ રાજયની બાકીની બધી પ્રવૃત્તિઓને પણ અન્યાય થયો ગણાશે. બહેનોને જયારે જયારે મોકો આપ્યો છે એમણે પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે. મેડિકલ ફિલ્ડની અંદર બહેનો આગળ આવી, એમને મોકો મળ્યો. શ્રેષ્ઠતા સાબિત કરી. શિક્ષણના ક્ષેત્રની અંદર ૫૦ટકાથી વધારે શિક્ષણનું કામ બહેનોએ સંભાળ્યું છે, સારી રીતે કરી રહ્યા છે. રાજનીતિની અંદર રાજયના મુખ્યમંત્રી તરીકે પણ બહેનોએ સારો વહીવટ કર્યો છે ત્યારે તાલુકા કે જિલ્લા પંચાયતની અંદર પણ બહેનોને મોકો આપ્યો ત્યારે એમણે શ્રેષ્ઠતા સાબિત કરી છે. ત્યારે સહકારનું જે કામ, વિશાળ આખું ફલક છે એની અંદર જો મહિલાઓને પ્રતિનિધિત્વ આપવામાં આવે તો હું માનું છું કે માત્ર મહિલાઓ પોતે આ નિર્ણયની અંદર ભાગીદાર બનશે એટલું જ નહીં પરંતુ સહકારી પ્રવૃત્તિની અંદર પણ સારો વેગ આવશે, એનો વિકાસ થશે. સહકારી પ્રવૃત્તિની અંદર ૧૨૭૯૨ જેટલી પ્રાથમિક દૂધ સહકારી મંડળીઓ છે. માત્ર જિલ્લા દૂધ સંઘ એની અંદર જ સહભાગીકરણ થાય એટલું જ નહીં એની મંડળી સુધી સહભાગીકરણ થાય. ભેંસની સારસંભાળ રાખવાનું કામ મહિલાઓ કરે છે. દૂધ દોહવાનું કામ મહિલાઓ કરે છે, દૂધ ભરાવાનું કામ મહિલાઓ કરે છે. પરંતુ એના વહીવટની અંદર જો એની મંડળીની અંદર ભાગીદારી ન હોય તો હું માનું છું કે કંઈક કચાશ રહી ગઈ કહેવાય. ચીવટથી કામ કરવાનો સ્વભાવ બહેનોનો સહજ રીતે રહેલો છે ત્યારે પ્રાથમિક મંડળીથી કરી દૂધ સંઘ સુધીમાં પણ બહેનોની ભાગીદારી થાય તો બહુ મોટું કામ થયેલું ગણાશે. સેવા સહકારી મંડળીઓ ૭૯૫૭ જેટલી પ્રાથમિક સેવા સહકારી મંડળીઓ છે. ૧૮ જેટલી જિલ્લા સહકારી બેંકો છે. બહેનોને કરકસરનો સ્વભાવ હું માનું છું કે જીનેટીક મળેલો છે. એ કરકસરના સ્વભાવને કારણે જો બહેનોને આ સહકારી મંડળીઓની અંદર અને જિલ્લા સહકારી બેંકોની અંદર પ્રતિનિધિત્વ મળે તો આ સહકારી પ્રવૃત્તિને એક નવોઓપ મળશે. (સમયસૂચક ઘંટડી) સાહેબ, ત્રણ મિનિટ થઈ છે.

**અધ્યક્ષશ્રી** : મને ખબર છે. ૩૮ મિનિટ આ બાજુ છે અને હજુ મંત્રીશ્રીનો જવાબ છે અને હજુ આ બાજુના બે સભ્યો બોલવાના બાકી છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારું તો એટલું જ કહેવાનું છે કે બહેનોને જો મોકો મળે તો " જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે" બહેનોનું જો આની અંદર સહભાગીકરણ કરશું તો માત્ર મહિલાઓનું સશકિતકરણ થશે એટલું જ નહીં પણ આ સહકારી પ્રવૃત્તિઓનું પણ સશકિતકરણ થશે. હું આનંદ અને ગૌરવ અનુભવું છું એ બાબતનું કે રાજયના સહકાર મંત્રીશ્રી એમણે પોતાની બેંકની અંદર બહેનોનું જે સહભાગીકરણ કર્યું છે અને એ જયારે રાજયના સહકાર મંત્રીશ્રી તરીકે છે ત્યારે બહેનોનું સહભાગીકરણ આ સહકારી પ્રવૃત્તિની અંદર પણ કરશે એવી મને શ્રદ્ધા છે. આ સંકલ્પને મારું સમર્થન આપું છું.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ (રાજકોટ-૧)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી શંભુજી ઠાકોર જે સંકલ્પ લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે અને મારી વાત કરવા માટે ઊભો થયો છું. સમાજના ૫૦ટકાના હિસ્સાની વાત થઈ કે લગભગ ૫૦ટકા હિસ્સો મહિલાઓનો છે. આપણે ઘરના કોઈપણ પ્રસંગની અંદર, સગાઈનો પ્રસંગ હોય, લગ્નનો પ્રસંગ હોય કે ઘરનો કોઈ માઠો પ્રસંગ હોય આ તમામ પ્રસંગની અંદર મોખરાનું સ્થાન મોખરાનું કામ કરતી હોય તો એ મહિલા છે એટલા જ માટે શાસ્ત્રોમાં એમ કહેવાયું છે કે જયાં જયાં નારીનું સન્માન અને પૂજા થાય છે ત્યાં ત્યાં દેવતાનો વાસ છે. મને કહેતાં આનંદ થાય છે કે સહકારી ક્ષેત્રની અંદર પણ જો મહિલાઓને યોગ્ય સ્થાન મળશે, તો આવતા દિવસોમાં સહકારી ક્ષેત્રની અંદર જે આ કેટલાક વિપક્ષી મિત્રોએ વેદના વ્યક્ત કરી છે. આ ક્ષેત્રની અંદર પણ કેટલીક ત્રૃટિઓ છે, એ ત્રૃટિઓમાં પણ સારું થશે. મારા રાજકોટ જિલ્લાની વાત કરું તો સહકારી ક્ષેત્રમાં અમારે ત્યાં કહેવત છે કે નાના માણસની મોટી બૅન્ક અને મોટા માણસની બાપની બૅન્ક. આ ક્ષેત્રની અંદર જો મહિલાઓનો પ્રવેશ થશે અને સારી મહિલાઓ સ્થાન ઉપર આવશે તો મને ચોક્કસ ખાતરી છે કે આ જે ત્રૃટિઓ છે તેમાં ચોક્કસ સુધારો થશે. આજે જ્યારે સહકારી ક્ષેત્રની અંદર એક સશક્તિકરણ માટેની અને સહકારી ક્ષેત્રના વિકાસ માટેની પ્રો. વૈદ્યનાથન કમિટીની રચના સ્વીકારી છે. એની જે સમિતિની વાત સ્વીકારીને ગુજરાત સરકારે જે પહેલ કરી છે, ત્યારે આ સહકારી મંડળીઓની અંદર પણ ગુજરાત સરકાર જ્યાં વિધેયક મારફત મહિલાઓને સ્થાન આપશે તો મને ચોક્કસ ખાતરી છે કે આવતા દિવસોમાં આ મંડળી અત્યારે આપણે સવારની અંદર મોર્નિંગ વોક કરતા હોઈએ ત્યારે ગાંધીનગરમાં જોઈતા હોઈશું કે મોટા ભાગની ટોળાબંધ મહિલાઓ હાથમાં દાંતરડું અને કપડું લઈને નીકળતી હોય છે એ ઢોરોના ચારા માટે, ઘરે ભેંસ, ગાય બાંધે છે, એના ચારા માટે નીકળે છે અને આ પશુઓનું પાલન આ મહિલાઓ કરે છે. એટલા માટે અમૂલ ડેરીની જાહેરાત આવે છે કે ૧૬ લાખ મહિલાઓ દ્વારા કરોડો લિટર દૂધ આ મહિલાઓ એકત્ર કરે છે, એના કારણે આજે ડેરી સમૃદ્ધ અને સશક્ત બની છે. આ જે પ્રસ્તાવ લઈને માનનીય સભ્યશ્રી શંભુજી ઠાકોર લઈને આવ્યા છે, તેને સમર્થન આપું છું.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર (ઠાસરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી શંભુજી ઠાકોરજી સહકારી પ્રવૃત્તિની અંદર મહિલા કલ્યાણ માટેનું સ્થાન આપવા માટેનો જે સંકલ્પ લઈને આવ્યા છે. ખરેખર એ સંકલ્પને હું આવકારું છું. ગૃહની અંદર મોટા ભાગના સભ્યો જે બોલે છે, તેમણે બહેનોના હિતની વાત કરી છે. હું ચોક્કસપણે કહીશ કે ગૃહની અંદર પત્નીના બધા પતિઓ અહીયા બેઠેલા છે. બધા મહિલાઓની ચિંતા કરતા હોય, બંને બાજુના બધા સભ્યો, તો હું માનું છું કે ખરેખર બહુ સારું છે.

**અધ્યક્ષશ્રી :** અમે જાણીએ છીએ કે ચંપાબેન તમારી વધારે ચિંતા કરે છે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : ખરેખર મહિલાઓ જે દૂધના ધંધાની અંદર મહેનત અને મજૂરી કરે છે, એના કારણે રાજ્યની અંદર દૂધ મંડળીનો ખૂબ જ વિકાસ થયો છે. દૂધ ઉત્પાદન વધ્યું છે. અમૂલની વાત કરીશ તો. અમે પહેલેથી અમારી બોર્ડની અંદર બે બહેનો ફરજિયાત લઈએ છીએ. ખેડા જિલ્લાની અંદર મહિલાઓની મંડળીને પ્રાયોરિટી આપીએ છીએ. પુરુષો જો મહિલા મંડળી બનાવે, ગ્રામ લેવલે તો મહિલા મંડળીને અગ્રીમતા આપીએ છીએ, જેના કારણે મહિલાઓનો જે ધંધો છે કે સવારથી ઊઠીને સાંજ સુધી ભેંસોને ઘાસ આપવાનો, દૂધ દોહીને દૂધ મંડળી સુધી મોકલવાનું કામ મહિલાઓ કરતી હોય છે. મહિલાઓ માટે આમાં કાયદો લાવીને ફરજિયાત રીતે દરેક સંઘની અંદર ગ્રામ્ય લેવલે મંડળીની અંદર બે-ત્રણ, પાંચ મહિલાઓને સ્થાન આપવાનો કાયદો સરકાર લાવે તેવું સૂચન કરું છું. અહીયા ઘણી બધી વાતો થઈ, એ પ્રમાણે મહિલાઓની ૫૦ ટકા વસ્તી છે. જ્યારે ૫૦ ટકા વસ્તી મહિલાઓની હોય ત્યારે મહિલાઓની ચિંતા કરવી જોઈએ. જો કે અમે બહુ ચિંતા કરેલી છે. ટોપ લેવલ ઉપર મહિલાઓને સ્થાન આપ્યું છે, એના કારણે હું માનું છું ત્યાં સુધી મહિલાઓને એક બે જગ્યાએ સહકારી સંસ્થાની અંદર બીજી રીતે સ્થાન આપવું જોઈએ, કારણ કે ૫૦ ટકા વસ્તી એમની છે, એમનું પ્રાધાન્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ખરેખર જે સંકલ્પ લઈને આવ્યા છે ત્યારે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આના માટે કાયદો લાવીને અને મને યાદ છે અગાઉના વર્ષોમાં એક વખત કાયદો આવ્યો હતો. પરિપત્ર થયો હતો. દરેક સંઘોમાં થયો હતો કે બે મહિલાઓનો ફરજિયાત દરેક કમિટીમાં સમાવેશ કરવો. પણ એક યા બીજા કારણે આ પરિપત્ર પાછો ખેંચાયો. છતાં અમે તેનો અમલ ચાલુ રાખ્યો છે. બીજા સંઘોમાં અને બીજી મંડળીઓમાં તેનો અમલ ન થયો તો આના અમલ માટે હું માનનીય મંત્રીશ્રીને ફરીવાર વિનંતી કરું છું.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી શંભુજી ઠાકોર સહકારી ક્ષેત્રે મહિલાઓ માટે અનામત બેઠકોની જોગવાઈ કરવા માટેનો જે બિનસહકારી સંકલ્પ લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.[•] (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx)

માનનીય અધ્યક્ષશ્રી, સ્વરાજય સંસ્થાઓના વહીવટમાં પણ મહિલાઓ ભાગીદાર બને તે માટે રાજય સરકારે મહિલાઓને ૩૩ ટકા આરક્ષણ આપવાની જોગવાઈ કરેલી છે. મહિલાઓ રાજયના સ્થાનિક વહીવટમાં પણ અસરકારક પ્રતિનિધિત્વ કરી રહી છે ત્યારે મને કહેવાનું મન થાય છે કે હું પણ એક અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોર્પોરેટર તરીકે કામ કરી રહી છું અને માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ નીચે જ્યારે મને આ

[•] (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

વિધાનસભાના સભાગૃહમાં એક સભ્ય તરીકેનું પ્રતિનિધિત્વ મળ્યું છે તેથી મને ગૌરવ થાય છે કે આવા માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અમને અહીંયાં કાર્ય કરવાની સફળતા પ્રાપ્ત થાય તેવા આ સભાગૃહને મારી વિનંતી છે અને અમને સૌને સાથ સહકાર નવા સભ્યો તરીકે બધા આપે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે રાજયની સહકારી પ્રવૃત્તિના વહીવટમાં મહિલાઓ સામેલ થાય અને પોતાનું યોગદાન આપે તે માટે સરકાર પગલાં લેવા કટિબદ્ધ છે. ગુજરાત રાજયની સહકારી પ્રવૃત્તિ સંપૂર્ણ લોકશાહી રીતે ચાલતી ભારતની બેનમૂન પ્રવૃત્તિ છે. બીજા રાજયના લોકો પણ પોતાના રાજયને ગુજરાત રાજયની સહકારી પ્રવૃત્તિનો દાખલો આપે છે. ગુજરાત રાજય સહકારી ક્ષેત્રે દેશમાં પ્રથમ સ્થાન ધરાવે છે. સમગ્ર સમાજે એ સ્વીકારવું જ પડશે કે જે ક્ષેત્રમાં મહિલાઓએ ઝંપલાવ્યું છે તે દરેક ક્ષેત્રોએ સિદ્ધિ મેળવી છે. રાજયની સરકારે મહિલા સશક્ત અને એજયુકેટેડ બને અને તેમનો સર્વાંગી વિકાસ થાય તે દિશામાં ખૂબ પ્રોત્સાહિત કાર્યો કર્યા છે. ત્યારે બીજા કોઈ રાજયમાં થાય કે ન થાય પણ ગુજરાત રાજય સહકારી ક્ષેત્રે મહિલા અનામત થશે તેવો મને વિશ્વાસ છે. દેશના આર્થિક વિકાસ અને વહીવટમાં મહિલાઓનો ફાળો નોંધનીય છે. રાજયની સહકારી પ્રવૃત્તિ આર્થિક અને સામાજિક ક્ષેત્રે આગવું પ્રદાન કરી રહી છે અને તેમાં મહિલાઓનો ફાળો ઘણો મોટો હોવા છતાં આ પ્રવૃત્તિઓમાં મહિલાઓના યોગદાનની વાસ્તવિકતાનો દાખલો લઈએ તો દૂધ ઉત્પાદન તેમજ પશુપાલનની સમગ્ર પ્રવૃત્તિ મહિલા દ્વારા થાય છે. સવારે વહેલા ઉઠીને દૂધ દોહવાથી માંડીને મંડળીમાં દૂધ ભરાવવા સુધીની સમગ્ર પ્રવૃત્તિ મહિલાઓ કરતી હોય છે. ત્યારે ખેતીના વ્યવસાયમાં પણ ખેતરમાં મહત્વની મદદ મહિલાઓ કરતી હોય છે. આ ઉપરાંત સમગ્ર ઘરનો વહીવટ આર્થિક જ્યારે મહિલાઓ સંભાળે છે અને કરકસરપૂર્વક વહીવટ સંભાળી ઘરમાં આર્થિક આકસ્મિક પ્રસંગો બનતા હોય છે તો આવા પ્રસંગોમાં મહિલાઓ પોતાનો ફાળો આપતી હોય છે. જે મારા સાથી સભ્યશ્રી સહકારી ક્ષેત્રે મહિલાઓ માટેનો બિનસરકારી સંકલ્પ લઈને આવ્યા છે તેને સમર્થન આપું છું.

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી શંભુજી ઠાકોર આ સભાગૃહના સભ્ય સહકારી ક્ષેત્રોમાં મહિલાઓ અનામત માટેનો જે સંકલ્પ લઈને આવ્યા છે અને તેમાં એમની જે ભાવના છે તે ભાવના સાથે આ સભાગૃહના આઠ જેટલા માનનીય સભ્યશ્રીઓએ તેમની ભાવનાને સમર્થન આપ્યું છે. આ ભાવનાની હું કદર કરું છું. મોટાભાગના ભાઈઓએ ભાગ લીધો અને બધા જ ભાઈઓએ આ વાતને સમર્થન જે રીતે આપ્યું છે એ બેનો પ્રત્યેની આ દેશની સંસ્કૃત્તિ અને સંસ્કારનું પ્રતિબિંધ પાડે છે. આપણા રાજયમાં બેનો પ્રત્યે સંસ્કૃત્તિ અને સંસ્કારની વાતો વર્ષોથી ચાલે છે, વાસ્તવિકતા અને એનું અમલીકરણ કેટલા અંશે અને કેવી રીતે થયું એ માત્ર સહકારી ક્ષેત્રમાં મહિલાઓને અનામત આપવાથી પૂરતું નહીં થઈ જાય, શિક્ષણ એ ખૂબ જ મહત્ત્વની વાત છે અને આપણે સૌ જાણીએ છીએ કે, ગુજરાતમાં જે શિક્ષણનો સાક્ષરતા દર જે છે ૮૦.૫ ટકા છે એમાં મહિલાઓ માટે શિક્ષણ દર ૫૮.૬ ટકા છે, શિક્ષણનો દર આજથી કે આ વર્ષથી નહીં પણ વર્ષોથી જે શિક્ષણ આપવાની પધ્ધતિના આધારે એમનું શિક્ષણ ઊંચું આવે અને એટલા માટે માનનીય નરેન્દ્રભાઈ મોદીએ મહિલાઓને શિક્ષણ આપવા માટે પૂરતું પ્રાધાન્ય આપવા માટે કોઈપણ મહિલા પોતાના સ્થાનથી, ગામથી જે સ્થળ સુધી શિક્ષણ લેવા જાય એને એસટી બસમાં વિનામૂલ્યે પાસ કાઢીને સુવિધા આપીને મહિલાઓને મહત્ત્વ આપ્યું છે.

એટલું જ નહીં પણ ભૂતકાળમાં જે પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેઈટ હતો એ ૩૪ ટકા જેટલો હતો પણ પ્રથમ વખત રાજય સરકારે ઉચ્ચકક્ષાના અધિકારીઓ, માનનીય મંત્રીશ્રીઓને જયાં શિક્ષણનો ડ્રોપ આઉટ રેઈટ વીસ ટકા કરતાં ઊંચો હતો એવા વિસ્તારોમાં પ્રાધાન્ય આપીને ત્યાં જઈને બેનોમાં શિક્ષણનું સ્તર ઊંચું આવે તે માટે જે પ્રયાસો હાથ ધર્યા એના કારણે ૩૪ ટકા ડ્રોપ આઉટ રેઈટ હતો એનાથી ઘટાડીને આજે ત્રણ ટકા જેટલો ડ્રોપ આઉટ રેઈટ કરી શક્યા છીએ એટલે આ સરકાર મહિલાઓ માટે ખૂબ જ આદર ભાવથી કામ કરી રહી છે.

માત્ર એટલું જ નહીં પણ દર હજાર પુરુષે ૯૨૦ જેટલું જે મહિલા પ્રમાણ ઘટીને નીચે લાગ્યું ત્યારે પણ સ્ત્રીભૃણ હત્યા અટકાવવા માટે કડક રીતે રાજય સરકારે કામગીરી હાથ ધરીને મહિલાઓને સન્માન આપવાનો પ્રયાસ જે કર્યો છે એની નોંધ સમગ્ર રાજયોએ અને દેશની જનતા લઈ રહી છે.

અહીયાં મારા અગાઉ જે દૂધ સહકારી મંડળીઓથી માંડીને અલગ અલગ જગ્યાઓમાં સહકારી ક્ષેત્રમાં અને અન્ય જગ્યાએ કામ મહિલાઓ જે કરે છે એના ઉલ્લેખો કરવામાં આવ્યા છે. આજે જે પરિસ્થિતિનું નિર્માણ મહિલાઓને માટે અનામત આપવાની વાત માનનીય સભ્યશ્રી લઈને આવ્યા છે એના માટે અગાઉ પણ સરકારે બે વખત પ્રયત્ન કર્યા છે તા. ૧૪-૧૦-૯૭ અને ૨૦-૧૨-૯૭ના રોજ વટહુકમ લાવીને મહિલા અનામતની જોગવાઈઓ કરવાનો પ્રયત્ન કરવામાં આવે પણ સંજોગોવસાત્ આ વટહુકમને સભાગૃહમાં નહી લાવી શકવાના કારણે આ કાયદો બની શક્યો નથી પણ રાજય સરકારે પ્રથમ વખત ખેતીની જમીનમાં ખૂબ જ મહિલાઓનું માલિકીનું અલ્પ પ્રમાણ છે અને અન્ય મિલકતોમાં પણ મહિલાઓના નામે ખરીદી બોજ ઓછા પ્રમાણમાં થતી પણ આ રાજય સરકારે મહિલાઓને મહત્વ આપવા માટે રજિસ્ટ્રેશન ફીમાંથી મુકિત આપી અને એના કારણે મહિલાઓના નામે મિલકતોના રજિસ્ટ્રેશનની જે શરૂઆત થઈ, પહેલાંના વર્ષોમાં એક વર્ષમાં માત્ર ૧૦,૦૦૦ જેટલા જ મિલકત ખરીદીના દસ્તાવેજો બનતા જે છેલ્લાં એક વર્ષમાં ચાર લાખ ચાલીસ હજાર જેટલા મહિલાઓના નામે દસ્તાવેજો બન્યા અને આના કારણે રાજય સરકારે ૧૦૫ કરોડ રૂપિયાની રકમ ગુમાવી છે એમ કહું તો વ્યાજબી નથી પણ મહિલાઓને પ્રાધાન્ય આપવા માટે આ રકમ જતી કરી છે, માત્ર આવકનો મોહ નહિ મહિલાઓને સન્માન કેવી રીતે આપવું એ આ રાજય સરકાર સારી રીતે સમજે છે. મહિલાઓના ગૌરવ માટે ૨૦૦૬ના વર્ષમાં

નારી ગૌરવ નીતિ, મહિલાઓ વિવિધ ક્ષેત્રોમાં પ્રગતિ કરી શકે એના માટે પ્રયાસો કર્યા છે. રાજયમાં ૧૫ નાગરિક બેન્કો ફકત મહિલાઓ દ્વારા જ ચાલે છે અને એ રચવામાં આવી છે અને એના સભાસદો એક લાખ બાવન હજાર કરતાં વધારે છે. આમ છતાં પણ મહિલાઓનું પ્રતિનિધિત્વ પૂરતા પ્રમાણમાં નથી. રાજય સરકાર મહિલાઓને પ્રાધાન્ય આપવા માગે છે. એના મુળમાં જ આ સભાગૃહમાં નવી સરકારની રચના થઈ પછી બે જ દિવસમાં જયારે વિધાનસભાનું સત્ર મળ્યું ત્યારે પણ જે કાયદો સુધારવામાં આવ્યો આ કાયદામાં સેલ્ફ એમ્પલોઈડ વુમન્સ ગૃપ, મોટાભાગના બહેનો એમાં કામ કરીને પોતાની રોજગારી મેળવે છે આ બહેનોનું સેલ્ફ એમ્પલોઈડ વુમન્સ ગૃપ સહકારી કાયદા પ્રમાણે કોઈ બેન્ક કે સહકારી મંડળીમાં સભાસદ બની શકતા નહોતા પણ કાયદો સુધારીને હવે આ સખી મંડળો કે આ સેલ્ફ એમ્પલોઈડ વુમન્સ ગૃપ. જે તે મંડળીમાં સભાસદ બની શકે એ માટેની જોગવાઈ કરવામાં આવી હતી. જેથી બહેનોને ખૂબજ મોટું પ્રાધાન્ય મળે છે. રાજયમાં આજે ૬૦૮૮૬ જેટલી વિવિધ પ્રકારની મંડળીઓ કામ કરી રહી છે અને એના સભાસદો આશરે ૧,૪૯,૩૫,૨૮૫ જેટલા લગભગ થવા જાય છે એના પ્રમાણમાં મહિલા સભાસદો માત્ર ૧૧,૪૫,૪૮૧ જેવા છે એટલે કે માત્રને માત્ર ૭.૭ ટકા જેટલા આશરે મહિલા સભાસદો છે અને આવા અલ્પ સંખ્યા હોવાના કારણે મહિલાઓને પૂરતું પ્રાધાન્ય આપવાની સરકારની ભાવના હોવા છતાં પણ આ કાયદો તાત્કાલિક સુધારવામાં આવે તો જયારે પ્રતિનિધિત્વ જ મંડળીઓમાં કે અન્ય ક્ષેત્રોમાં નથી તો એને કારોબારીમાં કે સંચાલક મંડળમાં કેટલું પ્રાધાન્ય આપી શકાય એટલે આનુષાંગિક બધા જ પાસાઓ વિચારીને મહિલાઓનું પ્રતિનિધિત્વ સહકારી ક્ષેત્રોમાં વધુમાં વધુ આવે એવા પ્રયાસો, એના શિક્ષણના ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે આર્થિક ક્ષેત્રે વધુમાં વધુ આગળ આવે એવા પ્રયાસો કરીને આની વ્યાપક ચર્ચા થાય અને સહકારી ક્ષેત્રમાં આગેવાનો સાથે ઉચ્ચ કક્ષાએ ચર્ચાઓ કરીને આ દિશામાં વિચારી શકાય એટલા માટે આજની આ ચર્ચાના આધારે અગાઉ પણ સહકારી કાઉન્સીલમાં આ ચર્ચાઓ, મુદ્દાઓ બન્યા છે. અહીંયા કેટલીક વાતો મારા મુખે નહિ સમજી શકવાના કારણે માનનીય અર્જુનભાઈએ મૂકી કે ભગવા કલર અંગે હું કાર્યવાહી કરીશ. મને જયારે પત્રકાર તરફથી પૂછવામાં આવ્યું ત્યારે માત્ર આ અંગે હું સભ્યશ્રીને પૂછીશ એમ મેં જણાવ્યું હતું, ભગવા કલરથી ભડકવાની જરૂર નથી. ભગવો કલર રાજયની જનતાએ સ્વીકારેલો છે. તો કલર સાથે શું લેવા દેવા. પ્રવૃત્તિ સાથે લેવા દેવી હોવી જોઈએ. પ્રવૃત્તિ સારી થતી હોય એના માટે જોવું જોઈએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, અર્જુનભાઈ પ્લોઝ સીટ ડાઉન.

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી** માનનીય અધ્યક્ષશ્રી, મારે કોનું રક્ષણ કયાં થાય છે એમાં પડવું નથી. રક્ષણ કોનું કયાં થાય છે એની વાત માનનીય ભૂતપૂર્વ વિરોધ પક્ષના નેતા કરી રહ્યા હતા, ત્યારે મારે કહેવું જોઈએ કે રાજયમાં અને દેશમાં કેટલાય રાજકીય સંમેલનો થતા હોય છે. વર્ષો પહેલા બાળપણમાં હું પણ રાજકીય રીતે પાર્ટીમાં કામ કરતો હતો પણ અને રાજકીય સંમેલન થાય અને રેડ એલર્ટના વિસ્તારમાં પોતાના ઘરને તાળા મારીને પોતાના ઘરની બહાર ન નીકળી શકે એનું રક્ષણ કરવું પડે એવા કિસ્સાઓ આ દેશમાં નોંધાયેલા છે. કોનું રક્ષણ કરવું પડે મને લાગે છે કે એની ચર્ચા અહીંયા કરવી જરૂરી નથી. માટે મને આ બાબતમાં બોલવાની ફરજ ના પાડે. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ આપને બોલવાની તક હતી એ વખતે આપને જે કહેવું હોય એ કહી શક્યા હોત. હવે આપ માનનીય મંત્રીશ્રી બોલે છે ત્યારે ચર્ચામાં વચ્ચે ઉભા થઈ જાવ એ યોગ્ય નથી. માનનીય મંત્રીશ્રી, આપ પણ રાજકીય અવલોકનો કર્યા વગર જે ભાવથી આ પ્રસ્તાવ આવ્યો છે એ ભાવને આગળ લઈ જાવ અને આપની વાત ઝડપથી પૂરી કરો.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે દેશની વાત નથી કરવી પણ રાજયમાં બહેનો આ સભાસદમાં આવવા માટે થઈને ટિકિટ લેવા માટે થઈને કયા પક્ષમાંથી કયો પક્ષ સન્માન કરે છે? આ સભાગૃહમાં જે રીતે સન્માન ભારતીય જનતા પાર્ટી તરફથી આપવામાં આવે છે. બીજી પાર્ટીમાં તો બહેનો ટિકિટ લેવા તૈયાર નથી થતી એવી સ્થિતિનું નિર્માણ લોકોએ કર્યું છે. એવા સંસ્કાર ઉભા કર્યા છે ત્યારે એવી સ્થિતિમાં અમને સલાહ આપવાનું બંધ કરે. માનનીય સભ્યશ્રીની ભાવના સાથે સંમત થાઉં છું અને એમની ભાવનાની કદર કરું છું અને હું વિનંતી કરું છું માનનીય સભ્યશ્રીને કે તેઓ પોતાનો સંકલ્પ પાછો ખેંચી લે.

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય સભાગૃહના માનનીય સભ્યશ્રીઓએ મારા સંકલ્પને સમર્થન આપ્યું છે તે માટે હું તેમનો આભાર માનું છું અને માનનીય મંત્રીશ્રી પણ મારા સંકલ્પની ભાવના સાથે સંમત થયા છે ત્યારે હું આ સન્માનીય ગૃહને વિનંતી કરું છું કે, મને મારો સંકલ્પ પાછો ખેંચી લેવાની પરવાનગી આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ પાછો ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી** : સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

**ટપક સિંચાઈની પદ્ધતિનો ઉપયોગ કરવા અંગે**

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ(વડોદરા (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું.

"માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ દેશને પ્રગતિનો રાહ ચીંધનારું રાજય છે. રાજયમાં ખેતીનો વિકાસ અન્ય રાજયોની સરખામણીમાં ઘણો થયો છે. છતાં રાજયના ખેડૂતો વધુ સારું કૃષિ ઉત્પાદન મેળવવા માટે સિંચાઈની નવી પદ્ધતિનો ઉપયોગ કરે તે પણ જરૂરી છે. ગુજરાતમાં દક્ષિણ ગુજરાત સિવાયના અન્ય વિસ્તારો એટલે કે, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાત એ પાણીની ખેંચ અનુભવતા વિસ્તારો છે. ઉત્તર ગુજરાતમાં તો ખેડૂતોને ૮૦૦ થી ૧૦૦૦ ફૂટ જેટલી ઉંડાઈથી પાણી ખેંચવું પડે છે. જેના કારણે પાણીના તળ વર્ષો વર્ષ નીચા જાય છે. રાજયમાં નર્મદા સહિત સિંચાઈની તમામ યોજનાઓ પૂર્ણ થયા બાદ પણ, ૫૦ ટકાથી વધારે વિસ્તારોમાં ખેતી વરસાદના પાણી ઉપર આધારિત રહેવાની છે. વર્ષો વર્ષ વધતા જતા વાવેતરની સાથે સાથે અનિયમિત અને અપૂરતા વરસાદને કારણે પાણીના તળ ખૂબ ઊંડા જઈ રહ્યા છે ત્યારે, પાણીની બચત એ ખૂબ મહત્ત્વની બાબત બની છે. ખેડૂતો વર્ષોથી ઢાળિયા પદ્ધતિ દ્વારા સિંચાઈ કરી ખેતીનું ઉત્પાદન મેળવે છે. સિંચાઈની આ પદ્ધતિમાં ફેરફાર થાય તથા પાણીની બચત થાય અને ખેડૂતો પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરે, તે હેતુસર ટપક સિંચાઈ પદ્ધતિ (માઈક્રો ઈરિગેશન સિસ્ટમ) દ્વારા ખેતી થાય તે જરૂરી છે. આમ કરવાથી ખેતીનું વધુ સારું ઉત્પાદન મેળવી શકશે અને રાજયના ખેડૂતો વધુ સમૃદ્ધ બનશે. તેથી ખેડૂતો પાણીની બચતનું મહત્ત્વ સમજે અને સિંચાઈની આ નવી પદ્ધતિ અપનાવવા માટે તેઓમાં જાગૃતિ આવે તે હેતુસર જરૂરી પ્રબંધ કરવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે."

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સભાગૃહમાં ટપક સિંચાઈ માટેનો જે સંકલ્પ રજૂ કરવાનો મને મોકો મળ્યો છે પણ હું યાદ કરાવું એટલા માટે કે ઘણી વખત માણસના હૈયે હોય તે હોઠે આવે અને એટલા માટે મારે એ વાત યાદ કરાવવી છે કે અગિયારમી વિધાનસભામાં આ જ ગૃહમાં ૧૨મી માર્ચે મને આવો જ એક મોકો મળ્યો હતો અને તે પણ પાંચ શકિતઓ આપણી જે છે તેમાંની એક શકિત જે જળ શકિત છે, તેના દ્વારા જળ ક્રાંતિ માટેનો જળ સંકલ્પ મૂકવાનો મને અહીંયા મોકો મળેલો અને તેમાં હું માનું છું આ ગૃહમાં ૫૦ જેટલાં ધારાસભ્યશ્રીઓએ આને અનુમોદન આપેલું અને તે વખતે જે મેં રજૂઆત કરેલી કે ૨૦૧૦ સુધીમાં જળ ક્રાંતિ થાય અને કંઈક અને કંઈક આ સભાગૃહ પગલાં ભરે અને આજે જ્યારે અમે નીકળીએ છીએ કોઈ પણ જગ્યાએ ત્યારે આજે જોઈએ છીએ જ્યાં અને ત્યાં જે જગ્યાએ ઉપર જે તે વખતની રજૂઆત હતી નદીઓનું સંકલન થાય, નદીઓમાં પાણી વહે, એકબીજી નદીઓને જોવામાં આવે પણ તે બધું જોયા પછી આજે પણ એક એવો પ્રસંગ ઉભો થયો કે આજે મને એક આ જગ્યા ઉપર એક મોકો મળ્યો છે કે પાણીનો વ્યય, વાણી અને પાણી બન્નેનો વ્યય જેને સંયમમાં રાખીને વાપરવામાં આવે તો સારું છે. તેનો વ્યય ના થાય, દૂર ઉપયોગ ના થાય અને તેના માટેનો સંકલ્પ રજૂ કરવાની વાત અહીંયા કરી રહ્યો છું.

ગુજરાતમાં છેલ્લાં છ વર્ષમાં ખેડૂતોની મૂળભૂત સમસ્યાનું સાચું નિદાન કરી સમગ્ર દેશને સમસ્યાના ઉકેલની દિશા ચીંધી છે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ. હું એટલા માટે આ વાત કરું છું કે ઉપયોગ થવો જોઈએ તો સીધો ખેડૂત સુધી થવો જોઈએ ફક્ત અને ફક્ત જાહેરાત જ નહીં પણ જે ગુજરાતના મુખ્યમંત્રીની દીર્ઘ દ્રષ્ટિ અને લાંબાગાળાના આયોજનના આધારે જે કૃષિ અર્થતંત્રને સમૃદ્ધ બનાવવા માટે કૃષિ સંસ્કૃતિ અને કૃષિ વિજ્ઞાનનો જે સમન્વય કર્યો છે તે સમન્વયના આધારે ખેતીને સમૃદ્ધ બનાવવા પાણીની જરૂરિયાતનો જે સમજીને જળ સંચય અને જળ વ્યવસ્થાપનમાં ભાર મૂકીને ગુજરાતના મુખ્યમંત્રીએ જે આખી યોજના ગયા વખતે પણ તેની જાહેરાત કરી ટપક પદ્ધતિની અને આ એક સૂક્ષ્મ પિયત પદ્ધતિ યોજના આ ગુજરાતની એક આગવી પહેલ છે અને આગવી પહેલમાં આ ગુજરાતના મુખ્યમંત્રીએ જ્યારે વાયબ્રન્ટ ગુજરાતની છેલ્લી બેઠકનું સમાપન હતું ૧૩-૧-૨૦૦૫નાં રોજ ત્યારે તે સૂક્ષ્મ પિયતની રાજય વ્યાપી વધારો થાય અને તેમાં જે સુસંગતતા હતી, જે વિવિધ યોજનાઓ હતી પણ તેમાં જોગવાઈ એક સરખી ના હોવાને કારણે અસમાનતા અને વિસંગતતાને નિવારીને અને તેની અંદર કેવી રીતે નાના ખેડૂતોને અને પાણીનો બચાવ કેવી રીતે થાય તેને માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના જાહેર સાહસો જે છે જી.એસ.એફ.સી., જી.એન.એફ.સી. અને જી.આઈ.આઈ.સી. તેના સંયુકતપણે એક આખી ગુજરાત ગ્રીન રેવન્યુ કંપનીની સ્થાપના કરી અને તે વાયબ્રન્ટ ગુજરાતના ૨૦૦૫ની બેઠકમાં આ સંસ્થા કામ કરશે તેની જાહેરાત કરી અને તેનો લાભ, તેની પ્રગતિ થઈ તે ગુજરાતમાં જોવા મળે છે. માઈક્રો ઈરીગેશન સિસ્ટમથી જે ગુજરાત સરકારે ૯-૫-૦૫ના રોજ જે એક પરિપત્ર બહાર પાડ્યો અને આના આધારે ગુજરાતના નાના ખેડૂત હોય, મોટા ખેડૂત હોય મારે એટલા માટે વાત કરવી છે. ખાલી રાજકીય વાત થાય છે. મારે રાજકીય વાત નથી કરવી. કેન્દ્ર સરકારના પુરસ્કાર છે, તેની યોજના છે તેને પણ આ સરકારે અંદર સાંકળી લીધી છે પણ તેની મર્યાદા કેટલી પાંચ હેકટરની. તેની વધુમાં વધુ નાણાંકીય મર્યાદા કેટલી તો કહે ૨૮,૮૦૦. જ્યારે અત્યારે આના માટેની યોજના વાયબ્રન્ટ ગુજરાતની જાહેરાત ગુજરાતના મુખ્યમંત્રીએ કરી છે અને તેને માટે આખી જે ગ્રીન

રેવન્યુ કંપની બનાવી છે તે કંપની મારફતે ૫૦ ટકાની સબસીડી, ૪૫ ટકાની લોનની અને ૫ હજાર રૂપિયા ભરવાના આ આખી યોજના કરી છે. કોઈ પણ ખેડૂતને તેનો લાભ મળે આમાં એવી જોગવાઈ છે કે કોઈ પણ લાભ મોટો ખેડૂત હોય તો પણ તેને તેની મર્યાદામાં ટપક પદ્ધતિનો લાભ મળે એવી રીતનું આયોજન, આગવું આયોજન ગુજરાત સરકારે જ્યારે પાણીનાં બચાવ માટે કર્યુ છે ત્યારે સ્વભાવિકપણે ગયા વર્ષના ૨૦૦૫-૦૬ બજેટમાં ૨૦૦ કરોડ રૂપિયા રાજય સરકારે તેના માટે ફાળવેલ અને તેમાંથી ૧૪૯ કરોડ વપરાયા છે. જ્યારે તેની સામે કેન્દ્ર સરકારના ૧૨૯ કરોડની જે વાત હતી તેમાં (સમય સૂચક ઘંટડી) એક મિનિટમાં હું મારી વાત પૂરી કરું છું. આમાં જે ફાયદા થવાના છે અમારો રસ એટલા માટે છે કે હું ફક્ત ખેતીની જમીન સાથે જ સંકળાયેલો છું. મારો કોઈ બીઝનૅસ કે વ્યવસાય નથી. આ મારો નાનપણનો વિષય છે અને પાણી જ્યારે જ્યારે હું જોઉં છું ત્યારે મને એવું લાગે છે કે એક દિવસ આ જળ ક્રાંતિ થવાની છે. એ જળ ક્રાંતિ ના થાય તેના માટે આ જે સંકલ્પ છે.તેમાં પાકનાં ઉત્પાદનમાં ૨૫ થી ૭૦ ટકાનો આપણને લાભ થાય છે. વીજળીના વપરાશમાં બચત થાય અને ઓછી વીજળી વપરાય, બીજા લોકોને પણ એનો ઉપયોગ કરીને એના આધારે વીજળી આપી શકાય. એ જ રીતે ખાતરનો વ્યય જે ખેતરમાં થતો હતો એનો પણ ૩૦ ટકાથી વધારે ફાયદો થાય તેમ છે. ખેડૂતોને જયારે અસંખ્ય જાતના ફાયદા આને લીધે થતા હોવાને કારણે અહીંયા સમયની મર્યાદા હોવાને કારણે વિશેષ વાત નહીં કહેતાં આ સંકલ્પ જે હું લઈને આવ્યો છું, તેને માનનીય સભ્યશ્રીઓ અનુમોદન આપે અને મંત્રીશ્રી એ અંગે આગળ પ્રગતિ કરે તેવી વિનંતી સાથે વિરમું છું.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા(ચકલાસી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ઉપેન્દ્રસિંહ ગોહિલ જે સંકલ્પ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વમાં અને ભારતમાં આજે નહીં તો આવતીકાલે પાણીની સમસ્યા ઉભી થવાની છે. ગુજરાત એ ખેતીપ્રધાન રાજય છે. ઘણી સારી પ્રગતિ થઈ છે. હરિયાળી ક્રાંતિ પણ લાવ્યા છીએ. પરંતુ કેટલાક એવા વિસ્તારો છે કે જયાં પાણીની અછત છે. જયારે પાણીની અછત હોય ત્યારે ખેડૂતો જો ટપક પદ્ધતિ આવકારે તો પાણીની બચત થઈ શકે અને બીજા ખેડૂતો એનો લાભ લઈ શકે, પરંતુ જયારથી આ ટપક પદ્ધતિ આવી છે ત્યારથી મોટા ખેડૂતો એનો લાભ લઈ શકે છે. નાના અને સીમાંત ખેડૂતો એનો લાભ લઈ શકતા નથી. ત્યારે આ સરકાર નાના અને સીમાંત ખેડૂતો તરફ દ્રષ્ટિ રાખીને જે સબસિડી આપવામાં આવે છે એ સબસિડી નાના અને સીમાંત ખેડૂતોને વધારે પ્રમાણમાં આપવામાં આવે તો તેઓ આજે વધારે સુખી થઈ શકે તેમ છે. કારણ કે ખેતીની આબાદી માટે રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ, સુધારેલા બીજ, પાણીની વ્યવસ્થા એ બધું હોવાને કારણે ખેતીમાં ઉત્પાદન ખેડૂતો કંઈક સૂખી થયા છે. પરંતુ જયારે જયારે અનાવૃષ્ટિ થાય ત્યારે નાના અને સીમાંત ખેડૂતો મુશ્કેલીમાં મૂકાય છે. આથી નાના અને સીમાંત ખેડૂતો મુશ્કેલીમાં ન મૂકાય એ માટે ટપક પદ્ધતિ અપનાવવાની તેમને ફરજ પાડવામાં આવે કે આમાં તમને આટલી સબસિડી અને પૈસા આપવામાં આવશે. જેથી નાના અને સીમાંત ખેડૂતો સુખી થઈ શકશે.

ટપક પદ્ધતિમાં જે સાધનો જે કંપનીના આપવામાં આવે છે એ કંપનીના એ સાધનોમાં કોઈ દિવસ આપણે તપાસ કરતા નથી. એની પાઈપો હોય, એના નળ હોય, એની મશીનરી હોય એ બધું હલકા પ્રકારનું ઘણી જગ્યાએ વપરાય છે. નાના અને સીમાંત ખેડૂતોને ખબર પડતી નથી. એ તો ફકત એમ સમજે છે કે આ સરકારે સબસિડી આપી અને એણે આ યોજના અપનાવી. તો નાના અને સીમાંત ખેડૂતો પાયમાલ ન થાય એ માટે એની પણ દૃષ્ટિ અને તપાસ રાખવી પડશે કે જેથી એને મદદ કરવા માગીએ છીએ. એ કંપનીની પણ ચકાસણી કરવી જોઈએ કે ખરેખર આપણી આખી પદ્ધતિ જે છે એ પ્રમાણે એ કામ કરે છે કે કેમ. એ પ્રમાણે જો એ કામ ન કરતા હોય તો એને ફરજ પાડવી ન જોઈએ. આપણે બીજી નવી કંપની પાસેથી માલ ખરીદવો જોઈએ. ત્યારે વધારેને વધારે ખેતીની આબાદી વધારવી હશે તો નાના અને સીમાંત ખેડૂતોને ધ્યાનમાં રાખીને વધારે ને વધારે ટપક પદ્ધતિના ઉપયોગના કરે, કેમ કે આજે નહીં તો આવતીકાલે જયારે પાણીની સમસ્યા ઉભી થવાની છે. અહીંયા આપણે ઘણી એવી યોજનાઓ કરી છે. નાના તળાવ, મોટા તળાવ, આડબંધ, ચેકડેમ, પરકોલેશન ટેંક, કૂવા, નાના કૂવા, પાતાળ કૂવા. બહુ એવી વ્યવસ્થાઓ કરી છે. પણ જે પેલો નાનો અને સીમાંત ખેડૂત નથી કરી શકયો એને આ ટપક પદ્ધતિ અપનાવવા માટે આપણે જો વધારે ને વધારે બળ આપીશું તો મને લાગે છે કે આવતીકાલે હરિયાળી ક્રાંતિમાં વધારે હરિયાળી ક્રાંતિ આપણે કરી શકીશું, જેથી આ સંકલ્પ આ સરકાર સ્વીકારે એટલા શબ્દો સાથે વિરમું છું.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ (મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહના માનનીય સભ્યશ્રી ઉપેન્દ્રસિંહજીભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે એ મારી દ્રષ્ટિએ સમગ્ર રાજય માટે ખૂબ જ હિતકારી સંકલ્પ છે. હું માનું છું કે આ માઈક્રો ઈરિગેશનનો જ માત્ર સંકલ્પ નથી, પરંતુ એ બ્રોર્ડર રેન્જમાં વોટર મેનેજમેન્ટ છે, પાણી એ એક અમૂલ્ય રિસોર્સિસ છે અને એનું સૂચારું વ્યવસ્થાપન થાય એ જોવાની જરૂરિયાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણું ગુજરાત રાજય ભૌગોલિક રીતે વિશિષ્ઠ સ્થાન ધરાવે છે. આપણા દક્ષિણ ગુજરાતમાં આપણી પાસે સમગ્ર ગુજરાતમાં અવેલેબલ પાણીનો ખૂબ મોટો જથ્થો એટલે કે ૭૦ ટકા કરતાં પણ વધારે જથ્થો એ દક્ષિણ ગુજરાત પાસે છે જયારે આપણી પાસે ઉત્તર ગુજરાત,સૌરાષ્ટ્ર અને કચ્છ એ એવા વિસ્તારો છે કે જયાં સિંચાઈ અને પીવાના પાણી માટે સતત અછત આપણે ભોગવી રહયા છીએ. આજે જયારે પાણી ખેડૂતો સુધી પહોંચાડવા માટે પણ વીજળીની જરૂરિયાત પડે છે ત્યારે વીજળી અને પાણી બન્ને જે અમૂલ્ય રિસોર્સિસ છે

એને સાચા અર્થમાં કેવી રીતે બચાવી શકાય એ પણ જોવું જોઈશે. વીજળી પણ બચે અને પાણી પણ બચે એનો ઉપાય આ માઈક્રો ઈરિગેશન સિસ્ટમમાં છે. ત્રણ વર્ષ પહેલાં જયારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જયારે ગુજરાતનાં જાહેર સાહસો જીએસએફસી, જીએનએફસી વગેરેનું જે ટર્નરોર્ન થયું અને એની નફાકારકતામાં વધારો થયો એ વધારાનો ઉપયોગ રાજયની પ્રજાના હિત માટે કયાં કરવો એની ઈન્ફોર્મલ ચર્ચામાં આ બધી વાત ચર્ચાઈ ત્યારે હું પણ ત્યાં ઉપસ્થિત હતો ત્યારે આ ૧૫૦૦ કરોડ રૂપિયાનું આયોજન આ ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપનીની સ્થાપના દ્વારા પાણીનો આ ખેડૂતો સુધી લાભ મળે એના માટેનું આયોજન આ બેઠકમાં નકકી થયું હતું ત્યારે હું માનું છું કે આ આખી બાબતને એક વ્યાપક સ્વરૂપ આપીને સમગ્ર રાજયના ખાસ કરીને પાણીની અછતવાળા વિસ્તારોમાં એનો વ્યાપક પ્રમાણમાં ફેલાવો કેમ થાય એનો એક માસ્ટર પ્લાન પણ કરવાની જરૂરિયાત છે. એટલા માટે કે આ અત્યારે માત્ર ખડૂતોને એકમ ગણીને ખેડૂતોની જે આ સબસિડીની યોજના બનાવી છે અને એનો એમને લાભ આપવામાં આવે છે. હું માનું છું કે આનો વિસ્તાર કરીને એના માટે બ્લોક બનાવીને ૨૫૦ હેકટર, ૫૦૦ હેકટર કે ૧૦૦૦ હેકટર એવા બ્લોક બનાવીને જે કોઈપણ કો-ઓપરેટિવ સોસાયટી મારફતે કે ખેડૂત મંડળી મારફતે એક એક યુનિટને ૫-૫ કરોડ રૂપિયાની સબસિડીનું આયોજન કરવામાં આવે. એક હજાર હેકટરે આપણે ૫૦ હજાર રૂપિયા સબસિડી આપીએ છીએ તો એ રીતે ૫ કરોડ રૂપિયાની સબસિડી જો એક હજાર બ્લોક માટે આપવામાં આવે તો હું માનું છું કે જેમ વીજળી અને ગેસની ગ્રીડ સિસ્ટમ હોય છે એમ આ વોટર ગ્રીડ સિસ્ટમ ઈરિગેશન માટે કરવામાં આવે અને જે ગામો ૧૦૦ ટકા માઈક્રો ઈરિગેશન સિસ્ટમમાં જાય, જે તાલુકો સો ટકા માઈક્રો ઈરિગેશન સિસ્ટમમાં જાય, જે જિલ્લો સો ટકા માઈક્રો ઈરિગેશન સિસ્ટમમાં જાય અને એને પ્રાયોગાત્મક રીતે ઉત્તર ગુજરાતમાં ખાસ કરીને મહેસાણા જેવા જિલ્લામાં કે જયાં વીજળીનો ખર્ચ વધારે આવે છે અને સરકારને વીજળીની બહુ મોટી સબસિડીનો બોજો પડે છે એ સબસિડીનો બોજો ઘટાડવો હોય તો એક જિલ્લાને એકમ તરીકે લઈને આ કરી શકાય તેમ છે. એવી રીતે સૌરાષ્ટ્રના એવા પછાત જિલ્લાને કે જે પાણીનો અછતવાળો વિસ્તાર છે એને ઈયર માર્ક કરીને એનું પણ આયોજન ત્યાં કરવામાં આવે તો હું માનું છું કે ૫-૧૦ વર્ષમાં આપણે આ માઈક્રો ઈરિગેશન સિસ્ટમ છે એ સ્પ્રીંકલર સિસ્ટમ અને ડ્રિપ ઈરિગેશન સિસ્ટમ છે તેમાં આજે આપણે ત્રણ જ વર્ષમા ૮૦ હજાર હેકટર કરતાં પણ વધારે જમીનને આવરી લઈ શકયા છીએ ત્યારે બાકીનો વિસ્તાર છે અને ખાસ કરીને ઈઝરાયેલ પધ્ધતિ કે ઈઝરાયેલ જેવા વિસ્તારમાં ઓછા પાણીએ ખૂબ મોટા પાક થાય છે અને હમણાં આપણે ત્યાં ૧૧૬ ની નોટિસ અને પ્રશ્નો આવ્યા કે આપણે ત્યાં અછતના બદલે ડુંગળી અને બટાકાની ઉપજ ૨ ગણી થઈ ગઈ છે એવા પ્રશ્નો આવે ત્યારે આ માઈક્રો ઈરિગેશન સિસ્ટમ દ્વારા સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતો આ કામગીરીમાં વધારે આગળ આવે એ માટે રાજય સરકાર જે કાંઈ પગલાં ભરે એ ઈચ્છનીય છે. એટલે હું આ સંકલ્પને મારું સમર્થન કરીને વિરમું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ઉપેન્દ્રસિંહજી ગોહિલ, જે સંકલ્પ લઈને આવ્યા છે એને મારું સમર્થન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ૫૦ ટકા સિંચાઈની ક્ષમતા, એ કમાન્ડ એરિયા સુધી જાય, બાકીની બધી સિસ્ટમ જે છે એ વૈકલ્પિક વ્યવસ્થા કરવા માટેની વાત હંમેશા આપણે કરીએ છીએ, કચ્છ જેવા વિસ્તારો કે જયાં નર્મદા યોજના આવશે પછી પણ અમારો વિસ્તાર ૧૦ ટકા પણ સિંચાઈ શકિતને નહીં પહોંચી શકે, ગુજરાતમાં પણ આપણે નર્મદા આવશે પછી ૩૪ ટકાએ પહોંચવાના છીએ, ત્યારે માઈક્રો ઈરિગેશન સિસ્ટમ, ડ્રિપ ઈરિગેશન સિસ્ટમની ખૂબ આવશ્યકતા છે અને એટલા માટે જયારે ૨૦૦૬-૦૭ના બજેટમાં આ દરખાસ્ત આવેલી ત્યારે મેં તે વખતના ખેતીવાડી મંત્રીશ્રીને સમર્થન આપેલું, ત્યારે ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ૧૫૦ કરોડ રૂપિયાની આ માગણી લઈને આવેલા ત્યારે સમર્થન આપેલું અને તેના સમર્થનમાં માનનીય અનિલભાઈએ કહ્યું તે પ્રમાણે આપણી બે ફર્ટિલાઈઝર કંપની, ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર અને ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કોરપોરેશન વડોદરા, આ બન્ને કંપનીઓને ૧૫૦૦ કરોડ રૂપિયાની મૂડી ઉભી કરવાની, અને તેના માટે ગુજરાતના સિંચાઈ વિભાગે પણ ૩૦-૩૦ કરોડ રૂપિયાની મૂડી એમાં આપેલી, પણ એ વર્ષે એ મૂડી ખર્ચી શકાઈ નહીં એનો શેર ફાળો, અને આજે પણ આ ડ્રિપ ઈરિગેશનની પદ્ધતિ છે તેનો વ્યાપ ખૂબ મર્યાદિત છે અને સિંચાઈ મંત્રીશ્રી આજે આનો જવાબ આપવાના છે ત્યારે અમે આને ખૂબ જ સમર્થન આપીએ છીએ, પણ આ જે સબસિડી છે તેનું ધોવાણ થઈ જાય છે કારણ કે ડ્રિપ સિસ્ટમ સપ્લાય કરવા વાળા જે સપ્લાયરો છે તે ડ્રિપ સિસ્ટમનાં એટલા બધા ઉંચા ભાવો લેતા હોય છે કે જેથી કરીને સબસિડીનો કોઈ લાભ સીધો એ વાપરનારાઓને મળતો નથી. એને ૫૦-૪૫ અને ૫, એમાં ૪૫ ટકા લોન હોય છે અને ૫ ટકા એમને પોતાના ખર્ચવાના હોય છે અને આ સિસ્ટમ એ બેસાડે પછી થોડાક દિવસમાં આ સિસ્ટમ ચોકપ થઈ જાય છે પાણીની કવોલિટીના કારણે અને એમાં ક્ષાર જામી જાય છે અને આ નકામી પાઈપોના ઢગલા છે તે પછી સ્ક્રેપમાં નાખવા પડે છે. એટલા માટે સારી ગુણવત્તા વાળી પાઈપો આ કંપનીઓ બનાવે, કાં તો બહારથી લાવવામાં આવે, વચ્ચે કંઈક સ્પેનથી પણ કોઈએ આવી પાઈપો ઈમ્પોર્ટ કરેલી અને એ ફળ-ઝાડની ખેતી માટે થઈ અને ખૂબ સારી પાઈપ લાઈનો હતી એ જાણીતું છે, તો એના ઉપર અભ્યાસ કરીને ડ્રિપ સિસ્ટમ છે તેનો વ્યાપ વધારવામાં આવે અને એ માટે આ ગૃહના તમામ સભ્યો એકમતે છે, પાણીનો બચાવ થતો હોય તો કોને ન ગમે, જળ એ જીવન છે, અને ખેતી માટે થઈને હમણાં સિંચાઈ મંત્રીશ્રીએ મને એક જવાબ આપેલો કમાન્ડ એરિયાનો, કચ્છમાં કમાન્ડ એરિયા ૯૦૦૦ હેકટરમાં વધ્યો છે, પણ એમાંનો કમાન્ડ એરિયા એટલે ધોરીયા સુધી પાણી પહોંચે તેને કમાન્ડ એરિયા કહેવાય, તમે બંધારા કે બીજી

કોઈ સિસ્ટમ છે તેમાં તો લીફટ કરીને પાણી લઈ જવું પડે અને ઉધવહનું જે ખર્ચ આવે છે તે ખર્ચ જો બચાવવું હોય તો આવી ડ્રિપ સિસ્ટમ હોય તો તેમાં ખેડૂતો ઓછા ખર્ચે ખેત ઉત્પાદન મેળવી શકે, એટલા માટે માનનીય ઉપેન્દ્ર સિંહજીનો જે પ્રસ્તાવ આવ્યો છે, સંકલ્પ આવ્યો છે તેને હૃદય પૂર્વકનું હું સમર્થન આપું છું.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા (ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી ઉપેન્દ્રસિંહ ગોહિલ જે સંકલ્પ લઈને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું, અત્યારે ગુજરાતની જે ખેતીની પદ્ધતિ છે તે પદ્ધતિની અંદર ઉત્તરોત્તર સિંચાઈમાં કેમ વધારો થાય તેના માટે રાજય સરકારના જે પ્રયત્નો છે તેમાં સિંચાઈ પદ્ધતિ હોય, ડ્રિપ ઈરિગેશન હોય કે ફૂવારા પદ્ધતિ હોય તેના કારણે આપણે સૌ જાણીએ છીએ કે પિયતમાં ઉત્તરોત્તર ઘણો વધારો થાય છે. આના કારણે ગુજરાતની રાજય સરકારે ૧૩-૧-૨૦૦૫ના રોજ પરિપત્ર બહાર પાડી અને ગુજરાતની ત્રણ એજન્સીઓની નોડલ એજન્સી તરીકે સ્થાપના કરી, આ ગુજરાતમાં ખેડૂતો આ પદ્ધતિ જો અપનાવવા માગતા હોય તો તેને ૫૦ હજાર રૂપિયા સુધીની સબસિડી, ૪૫ ટકા લોન, અને ૫ ટકા ફકત ખેડૂતોએ પોતાના રોકવાના, આના કારણે ગુજરાતમાં હમણાં જેમ બાબુભાઈએ વાત કરી, કે બંધારામાં જે પાણી ભર્યુ હોય. આ પાણીને લિફ્ટ કરીને આ પદ્ધતિ દ્વારા ખેડૂતો ખેતરની અંદર પાય તો ખર્ચમાં ઘણી રાહત રહે છે. ખાતરમાં આ પદ્ધતિથી ઘણો ફરક પડે છે. આના કારણે ગુજરાતની અંદર હાલની કેનાલ સિસ્ટમ છે આ તમામ કેનાલોને લિફ્ટ ઈરિગેશનમાં કન્વર્ડ કરવામાં આવે તો ગુજરાતમાં હાલમાં પિયત ક્ષમતા છે એના કરતાં ડબલ ક્ષમતા થઈ શકે તેવી ધારણા છે. આના કારણે કૃષિ ઉત્પાદન દર વરસે વધતું જાય છે એની અંદર સીધો ડબલ વધારો થઈ શકે તેવી ગુજરાતના ખેડૂતમાં શકિત છે. આપણી પાસે પાણીની ઉપલબ્ધતા છે અત્યારે માર્ચ મહિનામાં પહેલા કોઈપણ નદીમાં કે ચેકડેમમાં પાણી જોવા મળતું નહોતું. આજે નદીઓની અંદર જુઓ આજી નદીનો દાખલો આપું તો ૪૫ કિલોમીટરના વિસ્તારમાં ચેકડેમો પાણીથી ભર્યા છે. આ ચેકડેમોના કારણે લિફ્ટ ઈરિગેશન કરી ખેડૂતો માઈક્રો ઈરિગેશન પદ્ધતિ અપનાવીને પાણી પાય તો મબલખ ઉત્પાદન થઈ શકે અને ખર્ચ ઘટે. ગુજરાતમાં ૭-૮ ફેબ્રુઆરી સુધીમાં ૫૩૦૦૦ હેકટરમાં સ્પ્રીંકલર સિસ્ટમ અને ૩૧૧૯૨ હેકટરમાં ફુવારા સિસ્ટમ એમ કુલ મળીને ૮૫૫૧૩ હેકટરમાં આ પદ્ધતિથી પિયત થાય છે. પરંતુ ગુજરાતના તમામ વિસ્તારોમાં માનનીય અનિલભાઈએ વાત કરી એ મુજબ કોઈપણ તાલુકાને બ્લૉક જાહેર કરીને નોડેલ એજન્સી તરીકે આખા તાલુકાની તમામ જમીનમાં આ પદ્ધતિ અપનાવવામાં આવે તો ગુજરાતના ખેડૂતને જબરજસ્ત ફાયદો થાય તેમ છે.

મારું બીજું એક સૂચન છે. માનનીય બાબુભાઈએ વાત કરી એ મુજબ આપણા બોરના પાણીની અંદર ક્ષાર હોવાને કારણે એની નૉઝલો બંધ થઈ જાય છે. તો ખરા અર્થમાં ખેડૂતને પોતાની પદ્ધતિ પ્રમાણે એ માલ મટિરિયલ પોતે ખરીદે અને એ પોતે આખી સ્પ્રીંકલર પદ્ધતિ ખેતરમાં તૈયાર કરે, બીજી એજન્સીઓ કરતાં સસ્તુ થતું હોય તો આવી ખેડૂતોને છૂટ આપવામાં આવે તો ખેડૂત નવી પદ્ધતિ પ્રમાણે આ સિસ્ટમ ગોઠવી શકે અને સરકારને પણ ખર્ચમાં રાહત રહે.

માનનીય ઉપેન્દ્રસિંહજી આ સંકલ્પ લઈને સભાગૃહમાં આવ્યા છે જે ગુજરાતના ખેડૂતોના હિતમાં છે એને ખાસ મારું અનુમોદન આપું છું અને ગુજરાતમાં આ પદ્ધતિ સૌ સ્વીકારે તેવી મંત્રીશ્રીને વિનંતી કરું છું.

**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ઉપેન્દ્રસિંહજી જે સંકલ્પ લઈને આવ્યા છે એને મારું સમર્થન કરું છું અને કેટલાંક મારાં સૂચનો પણ કરું છું.

આ સભાગૃહમાં માનનીય સભ્યશ્રીઓએ ચિંતા વ્યક્ત કરી. ગુજરાતમાં કેટલાક વિસ્તારમાં પાણીની ખેંચ છે. ઉત્તર ગુજરાતમાં ૮૦૦ થી ૧૦૦૦ ફૂટની ઊંડાઈએ પાણી ગયું છે. રાજયની તમામ સિંચાઇ યોજનાઓ અને નર્મદા પૂર્ણ કરીએ તો પણ ૫૦ ટકા વિસ્તારને વરસાદી ખેતી ઉપર રહેવું પડે તેમ છે. બીજી બાજુ પાણીના તળ ઊંડાં ગયાં છે ત્યારે બધા વિકલ્પો જેવા કે પાણીનો બચાવ કરવો, પાણીનો સંગ્રહ કરવો, પાણીની યોગ્ય વહેંચણી અને સિંચાઇ માટે ટપક પદ્ધતિથી સિંચાઇ થાય એના માટે ખૂબ મોટું બજૅટ ફળવાય તેવી હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. પાણીનો બચાવ પણ કરવો પડશે. માનનીય મોહનભાઈએ વાત કરી એમ ચેકડેમોથી પાણીની થોડીક સુવિધા મળી છે. જે ચેકડેમો ફિઝિબિલિટી મજબૂત ન બન્યા હોય ચેકડેમો ખતમ થઈ ગયા હોય. મારા દહેગામ તાલુકાની વાત કરું તો ૮૦ ટકા વિસ્તારમાં ૨૦૦ ફૂટ નીચે પાણી છે અને માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીએ ૮૦૦, ૧૦૦૦ કે ૧૫૦૦ ફૂટના બોર કર્યા છે. પેટાળમાં પાણી છે કે નહિ એની તપાસ કરીને પછી આ કરવું જોઈએ ત્યારે મેશ્વો, વાત્રક અને ખારી નદી અમને મળતી હોય ત્યારે વધારે નહિ પરંતુ બે-ત્રણ ચેકડેમો એક નદીમાં થઈ જાય તો ૨૦૦ ફૂટે તળ છે એ સચવાઈ રહે તેવું સમગ્ર ગુજરાતમાં આયોજન કરવું પડશે.

ટપક સિંચાઇ પદ્ધતિની શિબિરો કયાં થવી જોઈએ કે જ્યાં ખેડૂતો આ બાબતથી જાગૃત નથી તેવા વિસ્તારોને પસંદ કરવા જોઈએ. આ પ્રમાણે થશે તો એનો યોગ્ય પ્રતિસાદ મળી શકેશે. આ બાબતમાં જે કંઈ બજૅટ ફાળવવાનું થાય એ વધારેમાં વધારે ફાળવણી થાય, અહીંયા ખેડ્રતોની ચિંતા કરવામાં આવી, પાણીની ચિંતા કરવામાં આવી આ અંગે મેં મારાં સૂચનો રજૂ કર્યા છે.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ઉપેન્દ્રસિંહ ગોહિલ જે સંકલ્પ લઈને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું. આપણો દેશ ખેતી પ્રધાન દેશ છે અને ગુજરાત રાજય પણ ખેતીપ્રધાન રાજય છે. આપણાં રાજયમાં ૭૦ ટકા લોકો ખેતી કરે છે અને ૩૦ ટકા બીજો વ્યવસાય કરે છે. આપણાં રાજયમાં ૭૦ ટકા ખેતીમાં વધુ પડતા નાના અને સિમાન્ત ખેડૂતો હોય છે. થોડા ઘણાં ૩૦ ટકા મોટા

ખેડૂતો હોય છે. નાના અને સિમાન્ત ખેડૂતોને પાણી માટે આપત્તિ પડે છે એવી મોટા ખેડૂતોને પડતી નથી. મોટા ખેડૂતો અને નાના ખેડૂતો માટે શું કરવું જોઈએ કે આ રાજયમાં નાના ખેડૂતો માટે કનેકશનો અપાતા નથી. કોંગ્રેસના રાજયમાં કનેકશનો અપાતા હતા ખેતી માટે, પણ આ રાજયમાં બંધ કરી દીધા. કેશુબાપા વખતે અપાતા હતા પણ આ રાજયમાં સમૂળા કનેકશન આપવાનું બંધ કરી દીધું. તો ખેતી માટે વીજ કનેકશનો આપવા મારી ખાસ ભલામણ છે. ટપક પદ્ધતિ તો જ થશે, ટપક પદ્ધતિ વીજ કનેકશન વગર કયાંથી થવાની? વાતો કરીએ છીએ કે ટપક પદ્ધતિ કરો, પણ ટપક પદ્ધતિ કરવી હશે તો વીજ કનેકશન આપવું પડશે. નાના અને સિમાન્ત ખેડૂતોને વધુ પ્રોત્સાહિત કરવા પડશે. કારણ કે એ લોકોને મોટા ખેડૂતો પાણી આપે, ના આપે એવું કરે છે. ટપક પદ્ધતિ કરવી હોય તો પણ ન થઈ શકે. તેની માહિતી આપવી પડે. આપણી પાસે જિલ્લામાં ખેતીવાડી ખાતુ છે. કોંગ્રેસના સમયમાં સક્રિય હતું. અત્યારે સક્રિય નથી. તો સક્રિય કરો. ખેતીમાં અત્યારે ખેડૂતોને નુકસાન થાય છે. એ કઈ રીતે થાય છે તે પણ જોવું જોઈએ. આમ તો મોટી મોટી વાતો કરો છો કે આમ કરી દીધું, તેમ કરી દીધું. પણ એ કરવાનો કશો અર્થ નથી. વાતો કરો છો પણ તેનો અમલ થવો જોઈએ. અમલ થાય તો ખરું કહેવાય. અમે છીએ. અમે વાતોનો અમલ કરીએ છીએ તો લોકો ચૂંટે છે. નહીં તો કાઢી મૂકે. એટલે તમારે વાતનો અમલ કરવો જોઈએ. ખેતી એક ફેકટરી છે. બધી ફેકટરી બંધ પડે પણ આ ફેકટરી બંધ ન પડે. અનુભવે જોઈએ. નાના ખેડૂતોને અનુભવ નથી. આપણી પાસે ખેતીવાડી ખાતુ છે તેને કહો કે ખેડૂતોને આ રીતે સમજાવે તો ટપક પદ્ધતિ સારામાં સારી વાત છે. તેનાથી ખર્ચ ઓછું થાય, ખેતી સારી થાય અને પાકમાં નફો થાય. માટે ખેતીમાં ટપક પદ્ધતિ અપનાવવી જોઈએ. તેના માટે બહુ ફેરા ખવડાવે છે. ટપક પદ્ધતિ કરવી હોય તો તેના માટે કાગળો કરવા હોય તો ખેડૂતો ધક્કા ખાય છે. ગામડાંમાં અભણ ખેડૂતો હોય, ભણેલા-ગણેલા હોતા નથી. આ બધો ભણેલા-ગણેલા લાભ ઉઠાવે પણ અભણ ખેડૂતો લાભ ઉઠાવી શકતા નથી. માટે આને માહિતગાર કરવા જોઈએ. આ સંકલ્પને હું ટેકો આપું છું.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ (વિસનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનનીય ગૃહ સમક્ષ સભ્યશ્રી ઉપેન્દ્રભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપીને મારા વિચારો વ્યક્ત કરું છું. આજે આ ગૃહમાં માઈક્રો ઈરીગેશનનો સંકલ્પ રજૂ થાય છે ત્યારે આ બાબતમાં આપણી સરકાર દ્વારા સન-૨૦૦૫-૦૬થી આ બાબતે પગરણ માંડી દીધેલ છે. ત્યારે માનનીય સભ્યશ્રીએ સંકલ્પ રજૂ કર્યો છે તેને આંદોલન સ્વરૂપે ગુજરાતની પ્રજામાં પ્રસરાવીને દ્રઢ કરીએ. સમયની થોડી મર્યાદા હોવાથી હું કેટલાક સૂચનો જ રજૂ કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં આ પદ્ધતિ હેઠળ સબસિડીનું ધોરણ કિંમતના ૫૦ ટકા અથવા તો ૫૦,૦૦૦ પ્રતિ હેકટર બન્નેમાંથી જે ઓછું હોય તે મળવાપાત્ર થાય છે. પરંતુ હાલમાં હેકટર દીઠ સૂક્ષ્મ પિયત પદ્ધતિમાં સાંકડે પાટલે, નેરો સ્પેસીંગ વાવેતર કરવામાં આવતા શાકભાજી, કપાસ, દિવેલા વગેરેમાં હેકટર દીઠ એક લાખથી વધુ એટલે કે રૂપિયા ૧.૪૦ લાખ સુધીનો ખર્ચ થાય છે. જેથી આવા ગુજરાતના મુખ્યત્વે પાકો માટે સેટ વસાવવાનો ૯૦,૦૦૦ જેટલો હેકટરે ખર્ચ ભરવો પડે છે. તે ખેડૂતોને મોંઘો પડે છે. આ બાબતમાં વિચારણા કરવામાં આવે તથા જી.જી.આર.સી. તા. ૧૧-૬-૦૭ના હુકમથી સુક્ષ્મ પિયત પદ્ધતિ અપનાવવા ખેડૂતોએ સંપમાં સબસિડી આપવાનો નિર્ણય કરેલ છે, પરંતુ સબસિડીના ધોરણોમાં કોઈ ફેરફાર કરેલ નથી. આથી હેકટર દીઠ આ સેટ એક લાખથી વધુ ખર્ચ થાય છે તેવા કિસ્સામાં સબસિડીનો લાભ સંપ માટે મળતો નથી. આથી પાણીના સંપની સબસિડી ડ્રિપના ઘટકથી અલગ તારવી અલગ ધોરણે પાણીના સંપ માટે સબસિડી નક્કી કરવી જોઈએ તેવી ખેડૂતોની આશા છે. આ પદ્ધતિનો વ્યાપ વધુ વિસ્તરે, ખેડૂતોને તાંત્રિક માર્ગદર્શન મળે. મુશ્કેલીઓ દૂર કરવા સારું ખેતીવાડી બાગાયત ખાતાના વિસ્તરણ મહેકમનો ઉપયોગ થાય તો વિસ્તરણનો વ્યાપ વધારવાથી ઉત્પાદન વધારવામાં લાભ મળશે. આ દબાણ પદ્ધતિ હેઠળ લીકેજ, સફાઈ કયા પાકમાં કેટલા ડ્રિપર ચલાવવા, રાસાયણિક ખાતરો, પ્રવાહી, ફર્ટીગેશન ક્યારે કેટલા આપવા, એસિડ ટ્રિટમેંન્ટ, રીપેરીંગ વગેરેની કૃષિ યુનિવર્સિટીની ભલામણો મુજબની માહિતી કૃષિ પુસ્તિકા જીજીઆરસીએ દરેક સેટ વસાવનાર ખેડૂતોને આપે એવી વ્યવસ્થા ઉપયોગી થશે. ટ્રાય પાર્ટી અંગ્રેજીમાં ઘણું લાંબુ છે. મોટા ભાગના ખેડૂતો અંગ્રેજી જાણતા નથી. પારદર્શક એગ્રીમેંન્ટ જરૂરી છે. આ મારા થોડા નમ્ર સૂચનો છે એ માનનીય મંત્રીશ્રી ધ્યાને લઈ ગુજરાતની અંદર આ સંકલ્પને દ્રઢ કરે એવું મારું મંત્રીશ્રીને નમ્ર નિવેદન છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી.. માનનીય મંત્રીશ્રી આપ ટૂંકો જવાબ આપવામાં કુશળ છો. એટલે જવાબ ટૂંકો આપશો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (પાણી પુરવઠા, જળસંપત્તિ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ઉપેન્દ્રસિંહજી ગોહીલ આજે ગુજરાતના ખેડૂતો માટે એક ખૂબ અગત્યનો સંકલ્પ લઈને સન્માનનીય સભાગૃહમાં આવ્યા છે અને આ સભાગૃહના માનનીય સભ્યશ્રીઓએ પણ આ સંકલ્પને સમર્થન આપ્યું છે, અનુમોદન આપ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જાણીએ છીએ કે, ગુજરાત એક એવો ભૌગોલિક વિસ્તાર ધરાવતું રાજય છે કે જ્યાં પાણીની અછત એ હંમેશાં જુદી જુદી રીતે વર્તાતી રહેતી હોય છે. ગુજરાતની ખેતી, ઉદ્યોગ, પીવાના પાણીની જરૂરિયાત, અન્ય ઉપયોગ માટેના પાણીની જરૂરિયાત એની સામે પાણીની ઉપલબ્ધિ એ આપણને મર્યાદિત મળી છે. ગઈકાલે જ આ સભાગૃહમાં મારા જળસંપત્તિ વિભાગની બજેટની માગણી વખતે કહ્યું હતું તેમ દક્ષિણ ગુજરાત ૭૧ ટકા, સૌરાષ્ટ્ર ૧૭ ટકા, ઉત્તર ગુજરાત ૧૦ ટકા અને કચ્છ ૨ ટકા પાણીની ઉપલબ્ધિ ધરાવે છે. ત્યારે

સ્વાભાવિક આવા સંજોગોની અંદર ગુજરાતના ખેડૂતો માટે, ગુજરાતની ખેતીલાયક જમીન માટે અને ગુજરાતના ખેડૂતો જે ખેતી કરે છે એ પોષણક્ષમ થાય અને આપણી પાસે મર્યાદિત પાણી છે એ મર્યાદિત પાણીને ખૂબ વધુ વિસ્તારમાં ખેતી માટે ઉપયોગ કરી શકીએ એના માટેની જો કોઈ સારામાં સારી પદ્ધતિ અત્યારે હોય તો આ ટપક સિંચાઇ યોજના ખૂબ અગત્યની અને ઉપયોગ છે. આપણે ત્યાં અત્યાર સુધી ખેડૂતોની ખેતી કરવાની પદ્ધતિ એ ફલો ઈરીગેશન, વેરા પદ્ધતિ, ખેતરના ઢાળિયાનો દરવાજો ખોલી અથવા ટ્યુબવેલ ચાલુ કરી અને પાણી આવી જાય અથવા તો ડૅમના વિસ્તારનો કમાન્ડ એરિયા હોય તો પાણીનો બેફામ ઉપયોગ, જરૂરિયાત સિવાયનું અનેકગણું પાણી વહી જાય.. ખેડૂતો એમ સમજે છે કે, જેટલું પાણી જમીનમાં ઊતરે એટલી આવક વધારે થાય, ઊપજ વધારે થાય આ અવૈજ્ઞાનિક સમજ હતી એ અવૈજ્ઞાનિક સમજમાંથી વર્ષોના પ્રયત્નો પછી આપણે ખેડૂતોને એમાંથી બહાર લાવ્યા છીએ. રાજય સરકારે એક દ્રઢ નિશ્ચય કર્યો છે. હું આપને કહીશ અને સભાગૃહને પણ કહીશ કે, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખૂબ જૂની વાત નથી. પણ ૨૦૦૫માં જ ગુજરાતની જે ફર્ટિલાઈઝર કંપનીઓ છે એ ગુજરાત સરકારની માલિકીની છે એનો જે મોટા પ્રમાણમાં નફો થાય એ નફો સરકાર પોતે ડિવિડન્ડ તરીકે લઈ લે અને બીજી રીતે વાપરી નાખે, એના કરતાં ખેડૂતોને ખાતર વેચી જે કંપનીઓએ નફો કર્યો છે એ નફાનો ખેડૂતો માટે જ ઉપયોગ કરવામાં આવે એવી ઉદાર ભાવનાથી આ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીની તા.૯-૫-૨૦૦૫ના રોજ સ્થાપના કરવામાં આવી અને ૧૫૦૦ કરોડ રૂપિયા જેવી માતબર રકમ એમાં મૂડી તરીકે મૂકી અને ગુજરાતમાં નહીં પણ ભારતમાં કોઈ રાજયે કદી ન કર્યું હોય એવું આયોજન ખેડૂતોને ૫૦ ટકા સબસીડિ, ૪૫ ટકાની ઉદાર હળવા વ્યાજની લોન, અને ખેડૂતનો ફાળો ફક્ત ૫ ટકા એ રીતે ટપક સિંચાઇ યોજનાનો વ્યાપ વધારવા માટે આ યોજના અમલમાં મૂકવામાં આવી છે. માનનીય સભ્યશ્રી અનિલભાઈએ ખૂબ સાચું કહ્યું છે કે એકલું પાણી નહીં પાણીની સાથે વીજળી એ પણ ખૂબ મોંઘું આમાં વપરાતું એક એકમ છે. પાણીની બચત જેટલી આપણે કરીએ એટલી વીજળીની બચત કરવી પણ રાજય માટે જરૂરી છે કારણ કે વીજળીના ઉત્પાદનમાં પણ મોટા પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરવો પડે છે. આજે રાજયની અંદર ૪ રૂપિયાની આજુબાજુ વીજળીના યુનિટનો પડતર ભાવ છે અને રાજય સરકાર રાજયના લાખો ખેડૂતોને ૪૫ પૈસાથી માંડીને ૭૫ પૈસા સુધી ખેડૂતોને વીજળી આપે છે અને દર વર્ષે ૨ હજાર કરોડ રૂપિયાની વીજળીમાં સબસીડી ગુજરાતના ખેડૂતોને રાજય સરકાર આપે છે. ૨ હજાર કરોડ દર વર્ષે વાપરે જેવા, ભૂગર્ભના પાણી ઉલેચે જેવા અને નવી નવી જમીનને જો આપણે સિંચાઈમાં ના આવરી લઈએ તો આવનારું ભવિષ્ય એ ખેતી માટે આપણું ખૂબ બિહામણું ચિત્ર થાય એવું છે. ઉત્તર ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છ એને વધુ વિસ્તારમાં જો આપણે આવરી લેવો હોય, આપણા હયાત પાણીને આપણે સારી રીતે વધુ લોકોને વધુ જમીનને ઉપયોગમાં લેવી હોય તો ટપક સિંચાઈ જો આપણે અમલમાં મૂકીએ તો ૪૦ થી ૫૦ ટકા આપોઆપ જેટલા પાણીથી આપણે ફલો ઈરીગેશન કરીએ છીએ એને જો આપણે ટપક સિંચાઈમાં કન્વર્ટ કરીએ તો ૪૦ થી ૫૦ ટકા વધુ જમીનને આપણે ઈરીગેશન નીચે, સિંચાઈ નીચે આવરી શકીએ અને જે ખેડૂતોને અત્યારે સિંચાઈનું પાણી નથી મળતું, ખાનગી ટયુબવેલોથી તળાવોથી કે ડેમથી કે નર્મદાથી એને આપણે લાભ આપી શકીએ એટલે રાજય સરકારે આના માટે ખૂબ સુંદર આયોજનો પણ કર્યા છે. અત્યાર સુધીમાં આપને હું માહિતી આપું તો ૮૧,૫૧૩ હેકટરને ફકત ૩ વર્ષની અંદર હજી તો યોજના શરૂ થઈ છે. માનનીય સભ્યશ્રીઓએ જે ચિંતા વ્યકત કરી એ સાચી છે કે ખેડૂતો ઓછી જાણકારી ધરાવતા હોય, ખેડૂતો પ્રણાલિકાગત, પરંપરાગત ખેતી કરવામાં માનતા હોય તો નવો જે આ વૈજ્ઞાનિક અભિગમ છે એના તરફ ખેડૂતોને વધુ પ્રોત્સાહિત કરવા માટે, વધુ આકર્ષવા માટે એક મોટી ઝુંબેશ, પ્રજાકીય ઝુંબેશ, જનજાગૃતિની ઝુંબેશ એ શરૂ કરવી અને ખેડૂત સુધી પહોંચાડવી. કે તમે ટપક સિંચાઈનો લાભ લો, તમને લાભ થશે, રાજયને લાભ થશે અને વધુ ખેડૂતો સમૃદ્ધ થશે, આપણું ભૂગર્ભ જળ આપણે બચાવી શકીશું. આપણી મોંઘી વીજળી આપણે બચાવી શકીશું. આ બધું જ આપણે ખેડૂતોને વધુ પહોંચાડવા માટે રાજય સરકાર અને આપસૌને પણ, તમામ માનનીય ધારાસભ્યશ્રીઓને મારી વિનંતી છે કે આપ આપના વિસ્તારમાં આપ આના માટે સેમીનાર કરો તો અમે રાજય સરકાર તરફથી મદદ કરશુ. નિષ્ણાતોને મોકલી આપીશું. કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોને પણ મોકલી આપીશું. કૃષિ મહોત્સવ દરમિયાન પણ ખેડૂતો સુધી આ વાત વધુ સારી રીતે સરળતાથી વ્યાપક રીતે પહોંચે, માનનીય ઋષિભાઈએ એક સુંદર સૂચન કર્યુ કે અંગ્રેજીમાં આ બધું સાહિત્ય હોય છે, હું તપાસી લઈશ, અંગ્રેજીના બદલે ગુજરાતીમાં, આપણી માતૃભાષામાં આ સાહિત્ય ચોક્કસ હોવું જોઈએ એ હું સ્વીકારું છું. એના માટે પણ આપણે ચોક્કસ કાર્યવાહી કરીશું. માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં પાછલા ૩ વર્ષમાં ૨૩૪ કરોડ રૂપિયા આમાં આપણે વાપર્યા છે. સહેજ હું સરખામણી એટલા માટે કરવા માગું છું કે આપણે કઈ તરફ જઈ રહ્યા છીએ એ માનનીય સભ્યોને ખ્યાલ આવે. જ્યારે અમે ૨૦૦૫માં આ યોજના ચાલુ કરી એના અગાઉના ૧૪ વર્ષનો જો સરવાળો કરીએ તો ૧૪ વર્ષમાં ફક્ત ૫૭૮૮૫ હેકટર જમીનને આપણે ટપક સિંચાઈ યોજનામાં આપણે આવરી શકયા હતા, ૧૪ વર્ષોમાં. જ્યારે એની સામે ફક્ત ૩ વર્ષમાં ૮૧,૫૧૩ હેકટર જમીનને આપણે આમાં આવરી છે. પાણી વીજળીની બચતની સાથે આમાં ખેડૂતોને ખેતરમાં મજૂરી કામ જે છે લેબર એનો પણ બચાવ થાય છે કારણ કે આ એક વખત સિસ્ટમ બેસાડયા પછી એની પાછળનો ખર્ચ એ પ્રમાણમાં મર્યાદિત આવે છે. ખેડૂતોને ખેતી માટે જે મેન પાવરનો ઉપયોગ કરવો પડતો, મજૂરોનો ઉપયોગ કરવો પડતો, ખેતમજૂરોનો ઉપયોગ કરવો પડતો એમાં પણ ખેડૂતોને આના કારણે બચત થાય છે. નીંદામણ પણ આમાં ઓછું આવે છે. જે ખેડૂતો દવાઓ અને ફર્ટિલાઈઝર વાપરે છે એ છોડના મૂળ સુધી પહોંચાડવામાં આ ટપક સિંચાઈ ખૂબ

વૈજ્ઞાનિક પદ્ધતિ છે. તમે મોટા એરિયામાં પાણી સ્પ્રેડ કરેલ હોય અને દવા નાખો, ખાતર નાખો તો મૂળિયા સુધી ન પહોંચે અને અન્ય જગ્યાએ ખાતર અને દવા બિન જરૂરી રીતે નકામી જતી રહે છે. આપણે જાણીએ છીએ કે ખેતીની દવાઓ ખૂબ મોંઘી આવે છે. પણ ખેડૂતો અજાણતા એનો દુરુપયોગ કરી દે છે અને આમાં ખેડૂતોના કરોડો રૂપિયા બિન જરૂરી વપરાઈ જાય છે. જો ટપક સિંચાઈનો ઉપયોગ કરવામાં આવે તો ખાતર અને દવાઓ મૂળ સુધી પહોંચે અને એમાં ખેડૂતોને ઘણી બચત થાય છે. તમામ રીતે જોઈએ તો કોઈ એવા પાસા નથી કે જેમાં નુકસાન થતું હોય. આ તમામ પાસાઓમાં ફાયદો થાય છે. આ વર્ષે આ યોજના માટે ૧૮૫ કરોડ રૂપિયાની રાજ્ય સરકારે બજૅટમાં ફાળવણી કરી છે. એનાથી લગભગ ૭૫ હજાર હેકટર વધારાની જમીન અને ૪૦ હજાર ખેડૂતોને લાભ આપીશું. માનનીય સભ્યશ્રી બાબુભાઈ અને અન્ય સભ્યશ્રીઓએ થોડી ચિંતા વ્યક્ત કરી કે ખેડૂતો જાળવણી કરી શકતા નથી. ખારાશ આવી જાય છે. શંકરભાઈએ પણ કહ્યું કે પરટીક્યુલર થોડી કંપનીઓને એજન્સી આપી છે. એ વાત સાચી નથી. અત્યારે જે કંપનીઓ એજન્સી તરીકે નક્કી કરી છે એમાં ૩૧ સપ્લાયરો જુદા જુદા ક્વોલિફિકેશનમાંથી પસાર થયેલા ક્વોલિટી એકમ આપે એવું કર્યું છે. અને આપણે એ પણ જોગવાઈ કરી છે કે આ કંપનીઓ જ્યારે ખેતરમાં યુનિટ બેસાડે તો એની પાંચ વર્ષ સુધી દેખરેખ રાખવાની જવાબદારી કંપનીના સપ્લાયરની આવી જાય છે. એટલે મેન્ટેનન્સનો ખર્ચ ખેડૂતોએ કરવો પડતો નથી. અગાઉ પાઈપની, ખારાશ આવી જવાની, ભંગારમાં નાખી દેવાની વાત હશે, અગાઉ હશે પણ અત્યારે ઈઝરાયલ પેટર્ન ઉપર સારી ક્વોલિટીની ડ્રિપ ઈરીગેશનની સિસ્ટમ ખેડૂતોને ઉપલબ્ધ થાય એ માટે અમે કાર્યવાહી કરી છે. હું દરેક માનનીય સભ્યશ્રીને વિનંતી કરું છું કે આપના વિસ્તારમાં ખેડૂતોને આપ પણ પ્રોત્સાહિત કરો. માનનીય ઉપેન્દ્રસિંહના આ સંકલ્પને સમગ્ર હાઉસે, સત્તાધારી પક્ષ કે વિપક્ષ એવું નહીં પણ ગુજરાતના હિત માટેની આવનાર ભવિષ્યની મોટામાં મોટી કામગીરી છે, એમાં સભાગૃહના તમામ ધારાસભ્યશ્રીઓએ સમર્થન આપ્યું છે. આથી બધા સભ્યશ્રીઓની લાગણી ધ્યાનમાં રાખી સરકાર તરફથી અમે આ સંકલ્પનો સ્વીકાર કરીએ છીએ અને આ સંકલ્પ પ્રમાણે આપણે સૌ આ પદ્ધતિને વ્યાપક સ્વરૂપમાં ખેડૂતો સુધી, પ્રજા સુધી પહોંચાડી અને મોટો ફાયદો લઈએ તો આવનાર દિવસોમાં ખેતી માટે, પાણી બચાવવા માટે, વીજળી બચાવવા માટે અને આવનારી પેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે, પાણી આપણે પ્રોડ્યુશ કરી શકવાના નથી. કુદરતે આપેલું પાણી જ છે એ આવનાર પેઢી માટે પણ કામગીરી કરી શકીએ. આ કરવા માટે ઐતિહાસિક જે સંકલ્પ નક્કી કર્યો છે એ સ્વીકારીએ છીએ અને આપ સૌ જ્યાં પણ કોઈ જરૂરિયાત હોય, સૂચન હોય તો ચોક્કસ સરકારનું ધ્યાન દોરજો. અમે તમામ રીતે આમાં સહભાગી થવા આપને ખાતરી આપીએ છીએ.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના માનવંતા સભ્યશ્રી શંકરભાઈ વાઘેલા, અનિલભાઈ પટેલ, બાબુભાઈ શાહ, મોહનભાઈ કુંડારિયા, જગદીશભાઈ ઠાકોર, નટવરસિંહજી ઠાકોર, ઋષિકેશભાઈ પટેલ આ સૌએ અનુમોદન આપીને સમર્થન આપ્યું છે. સાથોસાથ માનનીય સિંચાઈ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે આ સંકલ્પનો સંપૂર્ણ સ્વીકાર કર્યો છે એ બદલ હું સર્વેનો ખૂબ ખૂબ હૃદયપૂર્વક આભાર માનું છું.

**પ્રશ્ન (બિન સરકારી સંકલ્પ) મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### દોષારોપણયુકત ઉલ્લેખો દૂર કરવા અંગે

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે કે ગઈકાલ તા. ૨૪-૩-૨૦૦૮ નાં રોજ માગણીઓ પરની ચર્ચાના જવાબ આપતી વખતે માનનીય જળસંપત્તિ મંત્રીશ્રીએ અર્જુનભાઈ મોઢવાડિયાને સંબંધિત કેટલાક દોષારોપણયુકત ઉલ્લેખો કર્યા હતા. આપણા નિયમોની જોગવાઈ મુજબ કોઈપણ વ્યકિત કે સભ્યની સામે આવા ઉલ્લેખો કરી શકાતા નથી. તેથી હું તેવા ઉલ્લેખો ગઈકાલની કાર્યવાહીમાંથી હું દૂર કરું છું.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧-૨૬ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૩-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર,તા. ૨૫ મી માર્ચ, ૨૦૦૮**
**ચૈત્ર ૫, ૧૯૩૦ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૩-૦૦ વાગ્યે ફરી મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી, અશોક ભટ્ટ અધ્યક્ષ સ્થાને**

# શોકદર્શક ઉલ્લેખો

## ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રી ધીરૂભાઈ સ્વરૂપચંદ શાહના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (સભાગૃહના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રી ધીરૂભાઈ સ્વરૂપચંદ શાહનું તારીખ ૧૮મી માર્ચ, ૨૦૦૮ના રોજ ૫૫ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી શાહનો જન્મ ૧૮મી ડિસેમ્બર, ૧૯૫૨ ના રોજ કચ્છ જીલ્લાના રાપર તાલુકાના બેલા ગામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી શાહે બી.કોમ, એલ.એલ.બી. સુધી અભ્યાસ કર્યો હતો અને વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી શાહે ગાંધીધામ નગરપાલિકાના પ્રમુખ તેમજ નગરપાલિકામાં વિરોધપક્ષના નેતા તરીકે સેવાઓ આપી હતી. ગુજરાતની તમામ નગરપાલિકાની સંયુકત સંસ્થા "ગુજરાત નગરપાલિકા" ના સતત આઠ વર્ષ સુધી ઉપપ્રમુખપદે રહી પ્રસંશનીય કામગીરી કરી હતી. વિદ્યાર્થી કાળ દરમિયાન જુદીજુદી શાળા-કોલેજોમાં પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી જેવા હોદ્દાઓ સંભાળ્યા હતા. રાજયકક્ષાની શાળાકીય રેડિયો નાટિકા સ્પર્ધામાં તેઓશ્રીએ "શ્રેષ્ઠ પાત્ર" નો એવોર્ડ મેળવ્યો હતો. તેઓશ્રી રમતગમતની પ્રવૃત્તિ તેમજ એન.સી.સી. તથા એન.એસ.એસ. સાથે સંકળાયેલા રહયા હતા. સ્વર્ગસ્થશ્રી શાહે રોટરી, જૈન મિત્ર મંડળ, યુવા કેન્દ્ર, નૌજવાન મંડળ, ગાંધીધામ બાર એસોસીએશન, બાર લાઈબ્રેરી ટ્રસ્ટ જેવી અનેક શૈક્ષણિક, ધાર્મિક તથા સામાજિક સંસ્થાઓમાં પ્રમુખ તથા અન્ય હોદ્દાઓ સંભાળ્યા હતા. તેઓશ્રી લોકસાહિત્ય, લોકકલા, લોકસંગીત, નાટક વગેરે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા હતા અને શ્રેષ્ઠ વકતાનું અનેકવાર પારિતોષિક પ્રાપ્ત કર્યું હતું. તેઓશ્રી જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓ, ટ્રસ્ટો તથા જીવદયાની પ્રવૃત્તિ કરતી સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાયેલા રહયા હતા. તેઓશ્રીને ઈન્ડિયન ઈન્ટરનેશનલ ફ્રેન્ડશીપ સોસાયટી દ્વારા "ગ્લોરી ઓફ ઈન્ડિયા- ૧૯૯૮" નો એવોર્ડ પણ આપવામાં આવ્યો હતો. સ્વર્ગસ્થશ્રી શાહ દસમી ગુજરાત વિધાનસભામાં રાપર મતવિસ્તારમાંથી ચૂંટાઈ આવ્યા હતા અને તા.૧૯-૩-૧૯૮૮ થી ૨૬-૧૨-૨૦૦૨ સુધી વિધાનસભાના અધ્યક્ષ તરીકે નોંધપાત્ર સેવાઓ આપી હતી. તેઓશ્રીએ ગુજરાત રાજય નાણાપંચના અધ્યક્ષ તરીકે પણ સેવાઓ આપી હતી. સ્વર્ગસ્થશ્રી શાહને વાંચન, સંગીત, પ્રવાસ, રમતગમત અને જનસંપર્કનો શોખ હતો અને અભ્યાસ લેખો તથા શાયરી, ગીત અને કવિતાઓનું લેખનકાર્ય જેવી સાહિત્યિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહ્યા હતા. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ ધીરૂભાઈ શાહના શોકદર્શક ઉલ્લેખો માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે અહીં કર્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું. માનનીય અધ્યક્ષશ્રી, એવું કહેવાય છે કે

" જબ આયે જગમેં તુમ, જગ હસે તુમ રોએ,
ઐસી કરની કર ચલો કે જાઓ જગ સે, તુમ હસો જગ રોએ"

માનનીય અધ્યક્ષશ્રી, જેનો જન્મ થયો છે એ સૌએ એક દિવસ જવાનું છે. માણસના કર્તવ્ય છે એ ચિરંજીવી રહેતા હોય છે. સ્વર્ગસ્થ ધીરૂભાઈએ એક ઉમદા વ્યકિતત્વ આ સમાજમાં જીવીને એક ચીલો પાડીને ગયા. પક્ષાપક્ષીથી પર રહીને, પ્રેમપૂર્વક એમનો વ્યવહાર અને એ વ્યવહાર જેનો સીધો પરિચય મને પણ રહયો છે. સરકીટ હાઉસના રૂમમાં કયાંક હોઈએ, અધ્યક્ષ તરીકે બીજી બધી બાબતોને બાજુએ મૂકીને સીધા સામેથી મળવા આવે કે તમે અહીંયા હતા મને ખબર પડી એટલે હું બે વાત કરવા આવ્યો છું. એમની જે ચિંતાઓ આ ગૃહના અધ્યક્ષ તરીકે અને સમાજ જીવનની એ હંમેશા આવતા દિવસોમાં યાદ રહેવાની છે. ગ્લોરી ઑફ ઈન્ડિયાના ૧૯૯૯ ના એવોર્ડથી એમને નવાજવામાં આવ્યા હતા. અધ્યક્ષ તરીકે બિનહરીફ ચૂંટાયા પછી કૉમન વેલ્થ પાર્લામેન્ટરી એસોસીએશનમાં એલિઝાબેથ- ૨ ના સુવર્ણ જયંતિ સમારોહમાં આપણા આ ગૃહનું એમણે પ્રતિનિધિત્વ કર્યુ. એમની જે ચર્ચાઓ અને વાતચીતની વાતો પણ એમણે અનેક માનનીય સભ્યશ્રીઓ સાથે વાગોળી હતી. વિધાનસભામાં માત્ર જવાબદાર કોઈને ગણવા એવું નહિ, સુમેળ કેમ રહે અને એ માટે એક દિવસના ઉપવાસ પણ સ્વ. ધીરૂભાઈએ કરીને અને આ સમય દરમ્યાન જ્યારે વાત પણ થઈ તો દોષારોપણ કોઈ પક્ષ ઉપર કરવાના બદલે સિસ્ટમ માટેની ચિંતા, સામા પક્ષની કોઈ ભૂલ હોય તો તેની વાત કે હું જ્યાંથી આવું છું ત્યાં પણ આ વાત છે, તેની પણ મને ચિંતા છે એ ઉમદા વ્યક્તિત્વ કે જેણે કોડ ઑફ કન્ડકટ હોવી જોઈએ. વીધીન ધ હાઉસ. ગૃહની અંદર એના માટેની ચિંતા રાષ્ટ્રીય

સ્તરે થાય એનું જો નિમિત હોય તો સ્વ. ધીરૂભાઈના ઉપવાસ હતા. સ્વ. ધીરૂભાઈએ જે પુસ્તક લખેલ છે. વ્હેન આઈ સ્પીક. બ્રિટનની જૂની જે પ્રણાલિકાઓ એના ઉપરથી શબ્દ આવ્યો સ્પીકર. હુ કેન સ્પીક ટુ ધ ક્વિન. એ આમ ન બોલે, માત્ર સાંભળ્યા જ કરે, પરંતુ એ સત્તાને કહી શકે હુ કેન સ્પીક ધી પાવર. એ સ્પીકર એ પરિભાષામાં સ્વ. ધીરૂભાઈએ ખૂબ ઉમદા કહી શકાય તેવું જીવન જીવ્યા છે. હું ઈશ્વરને પ્રાર્થના કરું કે એમના જે સકારાત્મક અને પૉઝિટિવ સંસ્કારો આપણા સૌ ઉપર આ ગૃહમાં ઉતરે અને એમના આત્માને ચિર શાંતિ પ્રાપ્ત થાય. એમના પરિવારજનો ઉપર જે દુઃખ આવી પડેલ છે, એને ઈશ્વર સહન કરવાની શક્તિ અર્પે એ જ શબ્દ સાથે શોકાંજલિ અર્પીને વિરમું છું.

**શ્રી મંગળદાસ મા. પટેલ (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના કેટલાક સભ્યશ્રીએ એવાં કાર્યો કર્યા છે, એના માટે હંમેશાં આપણને ગૌરવ છે. એમાંના એક હતા ધીરૂભાઈ. ધીરૂભાઈએ પૂરા પાંચ વર્ષ આ ગૃહનું સંચાલન કર્યુ છે. આ ગૃહ એટલે લોકશાહીનું મંદિર અને લોકશાહીના મંદિરમાં પૂજારી બનીને સારી સેવા કરી અને આપણે જોયું કે એમણે જે સેવા કરી એ અનન્ય સેવા હતી. એ સેવાને આજે પણ બધા મિત્રો યાદ કરે છે ધીરૂભાઈના બેબીના લગ્ન હતા. લગ્નનો વિદાય સમારોહ હતો. વિદાયની છેલ્લી ઘડીએ એમને સહેજ કોમાની અસર થઈ. મને આજે યાદ છે કે એમની દીકરીના વિદાયના એક કલાક પહેલા મને મારા વતનમાં ટેલિફોન કર્યો હતો. હું લગ્નમાં આવી શક્યો ન હતો. મેં એમને કહ્યું કે ધીરૂભાઈ મારી બેબીના પણ લગ્ન છે અને આજે વિદાય આપવાની છે. આપણી બંને બેબીઓની આપણે એકી સાથે વિદાય આપીશું. આપ શાંતિથી વિદાય આપશો, હું પણ શાંતિથી વિદાય આપીશ, પણ નવાઈની વાત એ છે કે એક કલાક પછી મેં સાંભળ્યું કે એ કોમામાં સરી પડ્યા હતા. દવાખાને ગયા છતાં કોઈ પરિણામ ન આવ્યું, એટલું જ નહિ આ સરકારે એ સારા થાય એના માટે આ દેશમાં એક્સ્પર્ટ હતા, એ એક્સ્પર્ટના ઓપિનિયન લઈને એમને સાજા કરવાની કોશિશ કરી, પણ સફળતા ન મળી.

મને ખબર છે કે ધીરૂભાઈ પાસે સી.પી.એ. કૉમન વેલ્થ પાર્લામેન્ટરી એસોસીએશનની કોઈપણ મીટિંગમાં કોઈપણ બાબતમાં સહજ પણે ભાગ લેતા અને વિષયની સુંદર રજૂઆત કરતા કે એમણે જે વિષયની વાત કરી હોય તે તરત સામી વ્યક્તિને ખબર પડી જતી અને તેનો ખ્યાલ આવી જતો. આવા ધીરૂભાઈ આજે આપણી વચ્ચે નથી. આપણને બધાને જાણીને નવાઈ લાગે કે એક વ્યકિત સ્પીકર થાય અને સ્પીકર થયા પછી પોતાની પત્ની વનિતાદેવીને ગ્રેજ્યુએટ બનાવે, તેમને વકીલાતનો ધંધો શિખવાડવાની કોશિશ કરે આ જાતનું કાર્ય ભાગ્યે જ કોઈ માણસ જાહેર જીવનમાં પડયો હોય તે કરી શકે અને તેમણે તે કરી બતાવ્યું. તે ઉપરાંત આપણે જોઈએ તો ખ્યાલ આવશે કે ધીરૂભાઈ છે તે ગાંધીધામની અંદર ૧૯૮૩-૮૪ની અંદર સૌથી પહેલાં રાજકારણમાં પ્રવેશ્યા, ત્યાં જીત્યા, નગરપાલિકામાં જીત્યા અને નગરપાલિકામાં વિરોધપક્ષના નેતા બન્યા. ત્યારબાદ થોડા વર્ષો બાદ કામ કરીને તેના પ્રમુખ બની શક્યા. છેવટે ૧૯૯૮માં દસમી વિધાનસભામાં પોતે રાપરની સીટ પરથી ચૂંટાયા અને ગુજરાત વિધાનસભામાં એમણે પ્રવેશ કર્યો. જુઓ તો ખરા, કેવું છે? પહેલી જ વાર વિધાનસભામાં આવવું અને તે આવ્યા પછી સ્પીકરની પોસ્ટ અધ્યક્ષની પોસ્ટ પહેલા જ વર્ષે મળે એવા બનાવ ભાગ્યે જ બને અને બનાવ બન્યો અને તેના પછી તેમણે સુંદર કામગીરી કરી, એક અનુભવી માણસ હોય તે પ્રકારની કામગીરી હતી અને તે પ્રકારની કામગીરી કરીને આજે આપણને યાદ રહી ગયા છે. ધીરૂભાઈએ લાંબો સમય મૃત્યુ સામે સંઘર્ષ કર્યો. ૧૧૨૦ દિવસ મૃત્યુ સામે લડતા રહ્યા, સંઘર્ષ કરતા રહ્યા અને છેલ્લે આપણી વચ્ચેથી વિદાય થયા. એમણે જે કામગીરી છે તે આપણને હંમેશાં યાદ રહેશે. ધીરૂભાઈના કુટુંબીજનો ઉપર દુઃખનો મોટો પહાડ તૂટી પડયો છે તેની અંદર આપ અમારો સંદેશો આપના મારફતે તેમના કુટુંબીજનોને પહોંચે તેટલી વાત કરી મારી વાત પૂરી કરું છું.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહના નેતા અને ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ સ્વ.ધીરૂભાઈ શાહના અવસાન અંગેનો શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે અને તેમાં ઘણા સન્માનનીય સભ્યોએ ભાગ લઈને લાગણી વ્યક્ત કરી છે તેમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં સ્વ.ધીરૂભાઈ શાહને ૧૯૯૮માં સૌથી નાની વયે એટલે કે ૪૫-૪૬ વર્ષની ઉંમરે સ્પીકર બનવાનું એક સદ્દભાગ્ય પ્રાપ્ત થયું હતું. માણસ કેટલું જીવ્યો તે અગત્યનું નથી પણ કેવું જીવ્યો તે અગત્યનું છે. સ્વ.ધીરૂભાઈ આ ગૃહમાં સંસદીય કારકિર્દી ભલે પાંચ વર્ષ પૂરતી સીમિત રહી હોય એ ટૂંકા ગાળામાં પણ જે છાપ એમણે એમની દક્ષતા, કુશાગ્ર બુદ્ધિ અને ગૃહના સંચાલન થકી ઉભી કરી તે નિર્વિવાદપણે તેઓશ્રીની ઉચ્ચ પ્રતિભા અને ક્ષમતા પ્રસ્થાપિત કરે છે. વતનને કારણે સામાજિક પ્રસંગોએ, ચૂંટણીના અને પક્ષના પ્રચારાર્થે કચ્છ જવાનું થતું હોઈ અને ૧૯૮૩માં જ્યારે ગાંધીધામ નગરપાલિકાની ચૂંટણી હતી ત્યારે હું પણ ગાંધીધામ ગયો હતો. એક અઠવાડિયું ધીરૂભાઈના ઘરે જ રોકાયો હતો અને સ્વ.ધીરૂભાઈના ઘેર તેઓશ્રી અને તેમના સહધર્માચારીણી બહેનશ્રી વનિતાબેનનું આતિથ્ય માણવાનો મને મોકો મળેલ તે હજુ સુધી મારા મનમાં તેની છાપ તાજી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સહજભાવે આત્મીયતા અને સહદયતાથી કોઈપણ વ્યકિતને પોતાના ગુણાનુંવાદી કરી દેવાનો સ્વ. ધીરૂભાઈમાં એક અદ્દભૂત ગુણ હતો. ગૃહમાં પણ તેઓશ્રીના અધ્યક્ષશ્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન મંત્રી તરીકે કામ કરવાનો મને મોકો મળ્યો એ મારા માટે એક સુખદ અનુભવ છે અને જે હંમેશાં યાદ રહેશે.

વિરોધપક્ષના નેતા માનનીય શકિતસિંહજીએ જે પંકિતઓ ટાંકી કે "જબ તુ આયે જગતમે, જગ હસે તુ રોએ, કરણી એસી કર ચલો, તુ હસે જગ રોએ" આ પંકિતઓને પોતાના ધૂપસળી સમાન પ્રમાણમાં અત્યંત ટૂંકા અર્થસભર જીવનમાં સ્વ. ધીરૂભાઈએ સાચી ઠેરવી હતી, તેમનો સાલસ અને પ્રેમાળ સ્વભાવ અને આત્મીયતાને યાદ કરીએ તો તેઓ પોતાની પાછળ મારા જેવા અનેક પ્રશંસકોને શોકગ્રસ્ત અવસ્થામાં મૂકી ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. ધીરૂભાઈ ૧૧૫૨ દિવસ કોમામાં રહ્યા અને આ સમય દરમિયાન એમની ખડેપગે સેવા કરીને તેમના સમગ્ર કુટુંબે ભારતીય સંસ્કૃત્તિનો એક આદર્શ નમૂનો પૂરો પાડ્યો છે. આપણે સતી સાવિત્રીની પતિભકિતને યાદ કરીએ છીએ. સત્યવાન સાવિત્રીની આ જોડીને યાદ કરાવી જાય એવી કર્તવ્યપરાયણતા બેનશ્રી વનીતાબેને આ સમગ્ર સમય દરમિયાન દાખવીને એક આદર્શ પતિ નારી કેવી હોય તેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ પળે તેમની કર્તવ્યનિષ્ઠા સહધર્મચારિણી તરીકેની સેવાને બિરદાવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરું છું કે સદ્‌ગતના આત્માને ચિર શાંતિ અર્પે અને તેમના કુટુંબીજનોને આ આઘાત સહન કરવાની શકિત આપે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતાશ્રી માનનીય નરેન્દ્રભાઈ પૂર્વ અધ્યક્ષશ્રી સદ્‌ગત ધીરૂભાઈ શાહને અંજલિ આપતો જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જેમાં સમર્થન આપ્યું છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સદ્‌ગત ધીરૂભાઈ શાહ સાથેના ત્રણ દાયકા કરતાં વધારે સમયની મારી નિકટતા રહી છે. હંમેશાં સામા પૂરે ચાલીને એ સફળતા મેળવનાર વ્યકિતત્વ હતા, એ ગાંધીધામ નગરપાલિકાના પ્રમુખ તરીકે હોય કે રાપરની વિધાનસભામાં, એ સામા પૂરે ચાલીને હંમેશાં પાર કરવાનું એ સામર્થ્ય ધરાવતા હતા. અત્યંત કુશાગ્રબુદ્ધિ અને સાહિત્ય જગત સાથેનો એમનો સંપર્ક અને દશમી વિધાનસભાના અધ્યક્ષપદે. એ જે સંભારણાં મૂકતા ગયા છે એ વખતના ગૃહના સભ્યશ્રીઓને અને એમની સાથેના ડૅપ્યુટી સ્પીકર અપક્ષ ધારાસભ્યશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી અને એમની જોડી એક બીજાને પૂરક બનતી અને વિધાનસભાની અંદર એ સભ્યોને પણ હંમેશાં ખૂબ સારી રીતે સાચવતા.

કચ્છના એક અન્ય પૂર્વ સ્પીકર શ્રી કુંદનલાલ ધોળકિયાએ પણ એમને અંજલિ આપતાં કહેલું અને અનેક સંભારણાં વાગોળતા હોય, અમે એક ગુરૂના અમે બે શિષ્યો હતા. અમારા ઉપર આચાર્ય વિજય કલાપૂર્ણ સૂરીસ્વરજી મહારાજની નિશ્રામાં અને અનેક વખત અનેક કાર્યક્રમોમાં મળવાનું થાય, સામસામે લડતા હોઈએ પણ એવું કયારેય અમને લાગ્યું નહતું અને હંમેશાં કૌટુંબિક ભાવના સાથે એક બીજાના પ્રસંગોમાં અમે ઉપસ્થિત રહીએ અને એ જ પ્રેમાળતાથી અને ૧૧૦૦થી વધારે દિવસ કરતાં એમની જે જીવન સાથેનો સંઘર્ષ ખેલ્યો અને એની અંદર એમના પરિવારે જે સેવા કરીને તે અનન્ય છે. સ્વ. ધીરૂભાઈ શાહ સાથે એક સંભારણું એટલા માટે કે જૈન સમાજ હંમેશાં ખાસ કરીને કચ્છનો જૈન સમાજ, અમે જે ગુરુની વાત કરી, આચાર્ય વિજયકલાપૂર્ણ સૂરીશ્વર મહારાજનો દેહત્યાગ કેશવરાવ રાજસ્થાનમાં થયો, અગ્નિદાહ જો ત્યાં દેવાય તો તીર્થક્ષેત્ર એ ત્યાં બને પણ એમણે શંખેશ્વરમાં આ નશ્વર દેહને લાવીને અગ્નિદાહ માટે કેશવરાવ રાજસ્થાનના મિત્રોને પણ સમજાવી શક્યા અને આવું એમનું જે દાયિત્વ અને એને કારણે કચ્છના ગુજરાતી જૈન સમાજ પણ એમના પ્રત્યે હંમેશાં યાદગીરીની ભાવના રાખે એવું એ વ્યકિતત્વ હતું, આજે મોટું તીર્થક્ષેત્ર ગુરુમંદિરનું ત્યાં શંખેશ્વરમાં જે બની ગયું અને આ બધું એમના કાર્યક્ષેત્રની અંદર અને વિધાનસભાની અંદર એમના જે નિર્ણયો એમની કાર્યવાહી એ બધાને યાદ હોય.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ વિપક્ષના નેતાશ્રીએ આંતરરાષ્ટ્રિય જે આપણું કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસીએશનની બેઠકોની શ્રી મંગળદાસભાઈ પણ જે વાતો કહી એ વાતો તો સદેહ એ રૅકૉર્ડ પર રહેશે પણ એક આ વ્યકિતત્વ જે હતું એ કચ્છના જાહેરજીવનની અંદર એક તેજસ્વી તારલા જેવા હતા અને હંમેશાં બધાની સાથેની મિત્રતા. ગાધીધામ શહેરના નગરપતિ તરીકે ગુજરાતભરના નગરપાલિકા વિસ્તારની અંદર સ્વ. ધીરૂભાઈનું નામ હંમેશાં રહેશે કારણ કે કૉન્ફરન્સમાં મળતા હોય તો હંમેશાં એક આગવી પ્રતિભા એમણે ઊભી કરેલી. સદ્‌ગત ધીરૂભાઈના આત્માને અંજલિ અર્પવા રાપર મત વિસ્તારમાંથી પણ અનેક મિત્રો એમની અંતિમ યાત્રામાં આવેલા. એટલું જ કહેવાય કે, 'જાનાર તો જાતા રહ્યાં સદ્‌ગુણ એના સાંભરે' એટલું જ કહી સદ્‌ગતના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા ચિર શાંતિ અર્પે એવી હું પ્રાર્થના કરું છું. એમના પરિવારજનો પર આવી પડેલ આઘાત સહન કરવાની પરમ કૃપાળુ શકિત આપે.

**ડૉ. નીમાબેન ભા. આચાર્ય (ભા.જ.પ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક ઠરાવ લઈને આવ્યા છે એવા સ્વર્ગસ્થ શ્રી ધીરૂભાઈ શાહ એ અમારા ગામના જ ગાંધીધામનાં જ. ૩૮ વર્ષ અમે સાથે રહ્યાં રાજકીય રીતે સામાજિક પ્રવૃત્તિમાં, ધાર્મિક પ્રવૃત્તિમાં બધા જ પ્રસંગોમાં સાથે રહેનારા એવા ધીરૂભાઈ જૈન ધર્મના સંસ્કારો સાથે જૈન ધર્મના સિદ્ધાંતો સાથે જીવદયાના ક્ષેત્રમાં ખૂબ સારી કામગીરી કરી અને જૈન સમાજમાં એક પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. સમગ્ર જૈન સમાજ - માત્ર કચ્છનો જ જૈન સમાજ નહીં, સમગ્ર ગુજરાત અને આખા દેશના જૈન સમાજમાં એક સારામાં સારી પ્રતિષ્ઠા એમણે પ્રસ્થાપિત કરી હતી. આ ગૃહમાં જ્યારે તેઓની અધ્યક્ષ તરીકે નિમણૂક થઈ ત્યારે તેઓએ સૌથી પહેલા એ વાત કરી કે, આ વિધાનસભા

સચિવાલયમાં નોનવેજ નહીં આપવામાં આવે. આવી વાત કરનારા અને સિદ્ધાંતોનું કડક પાલન કરનારા જૈન ધર્મના સિદ્ધાંતોને આગળ રાખીને કામ કરનારી વ્યકિત કયારેય પણ કોઈને ઠેસ ન પહોંચે પોતાની વાણી અને વર્તન એવું સરસ કે દરેક વ્યકિતના એ પ્રિય થઈને રહ્યા, અને જ્યાં જાય ત્યાં એમની આગવી પ્રતિષ્ઠાના દર્શન થાય. પોતે પોતાની સ્વમહેનતે અને પુરુષાર્થથી આગળ આવ્યા અને આ ગૃહની પ્રતિષ્ઠા એમણે વધારી અને જે પ્રણાલી પ્રસ્થાપિત કરી તે હંમેશ માટે યાદ રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, એમને જ્યારે દીકરીની વિદાય સમયે કાર્ડિયાક એરેસ્ટ થયો. દીકરીને વિદાય આપે છે એની માથે હાથ મૂકે છે અને એને અચાનક કાડિયાર્ક એરેસ્ટ થતા એમના જમાઈ પણ ડોકટર હતા એટલે એમણે તુરત જ કાર્ડિયાક મસાજ આપી અને શ્રી ધીરૂભાઈને તાત્કાલિક બાજુની હોસ્પિટલમાં શિફટ કરવામાં આવ્યા અને ખૂબ જ સારવાર કરવામાં આવી. તમામ નિષ્ણાતોએ આવીને એમને મહેનત કરી. વિજ્ઞાન જગતમાં, મેડિકલ જગતમાં જે કાંઈ શકય હોય એ તમામ સુવિધાઓ અને તમામ સારવાર આપવામાં આવી, પરંતુ ૧૧૨૦ દિવસ તેઓ કોમામાં રહ્યા. એ કોમા દરમ્યાન એમના પરિવારે જે સેવા કરી એ મને લાગે છે કે એનો જોટો જોવા નહીં મળે. વનિતાબેનનો દ્રઢ નિશ્ચય અને જબરજસ્ત આત્મ વિશ્વાસ અને જે નિષ્ઠાથી એમણે સેવા કરી. એના સમગ્ર પરિવારે ખડે પગે રહીને એમના વચન ઉપર એની વાત ઉપર બરાબર સમગ્ર પરિવાર સાથે રહ્યો અને આટલા બધા દિવસ એવી સેવા કરી કે અમે અવારનવાર ત્યાં જઈને જોઈએ તો કયારેય કયાંય ધીરૂભાઈના શરીર ઉપર કોઈ ખરોચ જોવા ન મળે. એટલી સરસ રીતે એમની સારવાર કરી કે તૈયાર કરીને ચશ્મા પહેરાવીને સુવડાવે એ પણ ન ભૂલે. એમની ગરિમા જળવાય એનું ખાસ ધ્યાન રાખવામાં આવતું. એ અધ્યક્ષ તરીકે પોતે હતા એની ગરિમા જળવાય એવી રીતે ઘરની અંદર પણ સારવાર આપવામાં આવી, એવી સંભાળ લેવામાં આવી. જ્યારે હું ડોકટર છું ત્યારે હું તો એમની ફૅમિલી ડોકટર હતી. ૩૮ વર્ષ સુધી એમના ફૅમિલી ડોકટર તરીકે મેં એમના પરિવાર સાથે કામ કરેલું. એટલે જ્યારે પણ હું અહીંયા આવું ત્યારે આખો પરિવાર મને ફોન કરે કે બહેન તમે ગયા હતા તો તમને કેવું લાગ્યું, કાંઈ ફરક લાગ્યો કે નહીં? હું જ્યારે એમ કહું કે ભાઈ, ઘણો ફરક લાગે છે. હું જાઉં એટલે એમના ઘરના મને એમ કહે કે બોલાવોને ધીરૂભાઈને એટલે હું બૂમ પાડીને બોલાવું એટલે એ આંખ ખોલીને પટપટ કરે અને આમ હોઠ ફફડાવે બોલવા માટે અને એ વખતે જે આનંદ એમના પત્નીના મોઢા ઉપર જેવા મળે એ ખરેખર આપણે યાદ કરીએ તો આપણા રૂંવાડાં ઉભા થઈ જાય. એવા વાતાવરણની અંદર એટલો પરિવાર રાજી થાય જ્યારે આપણે કહીએ કે હવે તો મને લાગે છે કે થોડાક દિવસમાં સારું થઈ જશે એવું થતું. એ પરિવારની મારે એક બીજી વાત કરવી છે. જ્યારે તેઓ નાણાંપંચના અધ્યક્ષ હતા અને તેઓ કોમામાં ગયા, એમનો ટેન્યોર પૂરો થતો હતો અને સરકારે નક્કી કર્યુ કે એમને ફરી- રિપિટ કરવા. ત્યારે એમના પરિવારે જઈ અને લખીને આપ્યું કે એ બીમાર છે, કોમામાં છે, અમે તમને હાથ જોડીને પ્રાર્થના કરીએ છીએ કે તમે એમને રિપિટ ના કરો, એમની સારવાર કરવા માટે અમારો પરિવાર સક્ષમ છે, મને લાગે છે કે આ ગૃહની અંદર આવી વાત અને આવો દાખલો એ ખરેખર બધાના માટે ખૂબજ જોરદાર, આપણે કહીએને કે દાખલો લેવા જેવી વસ્તુ છે, કે આવું રાજકારણની અંદર કોઈ કરી શકે ખરું? આવા રાજકીય લાભ જે લોકો લેતા હોય છે એને માટે પણ આ એક જાણવા જેવી વાત છે, આવા તો અનેક ઉદાહરણો ધીરૂભાઈના જીવનમાં અમે રોજબરોજ જોયેલા છે, આવા એક સિદ્ધાંતવાદી વ્યકિત, એક દૃઢ મનોબળવાળી વ્યકિત, પ્રતિભાશાળી વ્યકિતત્વ અને જ્યાં જાય ત્યાં લોકોમાં પ્રિય થઈ જાય, કારણકે એવી મધુરવાણી સાથે પોતે વાત કરે, મિલનસાર સ્વભાવ અને કહેતા કે 'વિવાદ નહિ પણ સંવાદ' આ રીતે ધીરૂભાઈ ખૂબ સુંદર જીવન જીવ્યા, હું મારા તરફથી આ પરિવાર પર આવી પડેલી આફતને સહન કરવાની પ્રભુ શકિત આપે એ સંદેશા સાથે અસ્તુ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (ભા.રા.કો.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે અને અમારા નેતાએ જેમાં સૂર પૂરાવ્યો છે એવા સ્વ. ધીરૂભાઈ શાહ, એક વખત આ ગૃહનું અધ્યક્ષપદ સંભાળતા હતા અને જે રીતે અગાઉના વક્તાઓએ વાત કરી એ પ્રમાણે, પહેલી વખત આ ગૃહમાં ચૂંટાયા અને આવીને આ ગૃહનું અધ્યક્ષપદ મેળવ્યું, રેર ઘટના હોય છે, સામાન્ય રીતે અધ્યક્ષપદની જગ્યા ઉપર ઢળતી ઉંમર હોય, ખૂબ લાંબો અનુભવ હોય એ પછી જ એ જગ્યા ઉપર પસંદ થતા હોય છે. પણ સ્વ. ધીરૂભાઈમાં એવી જન્મજાત મેચ્યોરિટિ અને જન્મજાત સાલસતા, ઉદારતા આ બધા ગુણો એનામાં હતા એટલે પહેલી વખત ચૂંટાયા, પહેલી વખત ચૂંટાઈને સીધા અધ્યક્ષપદ પરની એમને જવાબદારી અપાય અને લોકો યાદ કરે એ રીતે એ જવાબદારી એમણે સંભાળી અને જ્યારે વિદાય થઈ ત્યારે પણ ખૂબ નાની ઉંમરમાં ગયા. આ ગૃહમાં હતા એ વખતે મને એ લાભ નહોતો મળ્યો પણ એમના સંભારણા અનેક લોકો એમની સાથે પરિચયમાં આવનાર લોકોએ કહ્યા છે, અને ખાસ કરીને એમની જે ઉદારતા હતા અને સાલસતા હતી અને સંવાદ પ્રસ્થાપિત કરવાની જે આવડત હતી એને દરેક વખતે યાદ કરે છે. એમણે વ્યકિતગત જીવનમાં પણ અનેક સેવાઓ ત્યાં કરી છે, જે લોકો ગાંધીધામ ગયા છે એ બધાને એમની સેવાઓ કઈ પ્રકારની હતી એનો પરિચય તુરંત સાંપડે છે, ધીરૂભાઈને છેલ્લે મારે પણ એવા પ્રસંગે મળવાનું થયું કે જેને આજે યાદ કરવો પડે છે. ધીરૂભાઈ અને એમના પત્ની વનિતાબેન, એમની દીકરી જેના લગ્ન થવાના હતા એનું આમંત્રણ આપવા અને આગ્રહ કરવા માટે મારી પાસે આવ્યાં, મારો પરિચય નહોતો પણ એટલો આગ્રહ હતો એમનો કે લગ્નમાં આવવું જ, પણ કંઈક વિધિનું નિર્માણ એવું લખાયું હશે કે જે લગ્નનું આમંત્રણ આપવા માટે ઘરે ઘરે ગયા હતા એ જ એક જિંદગીનો જે લહાવો કહેવાય, એ લહાવો લીધા પછી એ

કુદરતના ઘરનું આમંત્રણ પણ એમને એ વખતે મળી ગયું હશે પણ મૃત્યુ સામે પણ ખૂબ ઝઝૂમ્યા, છેલ્લા શ્વાસ સુધી, છેલ્લા કલાક સુધી અને એના પછી આપણા બધાની વચ્ચેથી એમણે વિદાય લીધી છે. આપણા સૌને એ વાતનું દુઃખ છે પણ સૌથી વિશેષ તો જે પરિવાર એમની સાથે જોડાયેલો હતો, એમનો વ્યકિતગત પરિવાર, એમના ધર્મપત્ની અને એમનો બીજો બૃહદ પરિવાર..ખૂબ આશાઓ હતી ધીરૂભાઈ પાસે. આપણાં સૌની પણ મોટી અપેક્ષાઓ હતી કે ધીરૂભાઈ હજુ ઘણી આગળ પ્રગતિ કરી શકશે. પણ અકાળે કુદરતે તેમને આપણી વચ્ચેથી લઈ લીધાં છે તે પ્રસંગે પરમ કૃપાળું પરમાત્મા તેમના આત્માને સદ્‌ગતિ આપે અને તેમના પરિવારજનો ઉપર જે દુઃખ આવી પડ્યું છે તે સહન કરવાની શકિત અર્પે અને આ ગૃહની લાગણી આપ તેમના પરિવારજનો સુધી પહોંચાડો એવી હું આપને વિનંતી કરું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી આ જે આ વિધાનસભા ગૃહના સ્વર્ગસ્થ અધ્યક્ષ અને ભારતીય જનતા પક્ષના એક કર્મનિષ્ઠ આગેવાન એવા સ્વર્ગસ્થ ધીરૂભાઈ શાહના અવસાન પ્રસંગે જે શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે, તેમાં મારું અનુમોદન આપું છું.

સ્વર્ગસ્થ ધીરૂભાઈ સાથે તેઓશ્રી જ્યારે ગાંધીધામ નગરપાલિકાના સભ્ય હતા ત્યારથી મારે સંબંધ હતો. તે વખતે હું પણ કડી નગરપાલિકાનો સભ્ય હતો અને તેમણે ગુજરાત નગરપાલિકા પરિષદનું એક અધિવેશન ગાંધીધામ બોલાવેલું અને તે પ્રસંગે અમે ત્યાં બધા ગયેલાં. પરિચય નવો નવો પણ તેમણે જે પ્રેમથી ગુજરાતમાંથી આવેલાં તમામ નગરપાલિકાના પ્રમુખશ્રીઓ, પરિષદના સભ્યશ્રીઓનું ઉમળકાભેર સ્વાગત કર્યુ. ગાંધીધામનો પરિચય કરાવ્યો, આતિથ્ય કરાવ્યું અને ત્યારથી અમારો જે સંબંધ છે તે અવિરત વિકસ્યો. તેઓશ્રી જ્યારે આ સન્માનીય ગૃહના અધ્યક્ષપદે વરાયા તે વખતે પણ અહીંયા ધારાસભ્ય તરીકે, મંત્રી તરીકે હું જવાબદારી સંભાળતો હતો. કચ્છના ધરતીકંપ વખતની તેમની કામગીરી તે વખતે હું માર્ગ મકાન મંત્રી હતો. કચ્છની ધરતીકંપની, પુનઃવસવાટની કામગીરી, કાટમાળ ખસેડવાની કામગીરી તે સતત કચ્છ સાથે હું જોડાયેલો હતો. તે વખતે સ્વ.ધીરૂભાઈ આ વિધાનસભા ગૃહના અધ્યક્ષ હતા. પરંતુ અધ્યક્ષના હોદ્દાને પોતાની પ્રજા માટે, પોતાના વિસ્તારમાં આવેલી આપત્તિ માટે હોદ્દાને મોટો નહીં ગણતાં એક સામાન્ય કાર્યકર તરીકે, ધારાસભ્ય તરીકે, લોક સેવક તરીકે તેમણે સતત તંબુમાં રહી, તૂટેલી સરકારી ઓફિસોમાં કાર્યરત રહી સતત પ્રજાને સેવા કરવાનું, પુનઃવસવાટ કરવાનું જે કામ તેમણે હાથ ઉપર ઉપાડેલું અને રાત-દિવસના ઉજાગરા તે વખતે ત્યાં કોઈની સગવડતા સચવાતી નહીં, કોઈને બેસવાની જગ્યા નહીં એવા સમયમાં તેમણે ખૂબ સુંદર કામગીરી કચ્છ માટે, તેમના વિસ્તારના નાગરિકો માટે અને અસરગ્રસ્તો માટે કરેલી તેનો હું સાક્ષી છું. સ્વ.ધીરૂભાઈને કુદરતે જે શકિત બક્ષેલી તેમાં તેમની વાકછટા, તેમનું બુદ્ધિચાતુર્ય તેમની તેજસ્વિતા મને યાદ છે. આ સભાગૃહમાં કોઈ પણ પ્રસંગ હોય, કોઈ સભ્ય કોઈ વાત ટાંકે કોઈ કાવ્યની પંકિત કે કોઈ શેર શાયરી કહે તો તેનો જવાબ પણ એવી રીતે અધ્યક્ષશ્રી આ હાઉસમાં આપતા હતા તે તેમની વિદ્વવતા તે છલકાતી હતી. ગુજરાતના જે સારામાં સારા પ્રતિષ્ઠિત વક્તાઓ ગણાય તેમાં તેમની ગણના થતી હતી અને ખૂબ નિષ્ઠાવાન રીતે તેમણે આ ગૃહનું તટસ્થતાથી સંચાલન કરેલું અને ખૂબ નાની ઉંમરે જે તેમણે પ્રતિષ્ઠા મેળવી, જે નામના મેળવી અને એક તટસ્થ સ્પીકર તરીકે તેમણે જે કામગીરી કરી તેમના આપણે સૌ સાક્ષી છીએ. ખૂબ નાની વયે જયારે એમની રાજકીય કારકીર્દિ ખૂબ આગળ વધવાની તક હતી, કચ્છમાંથી નીકળીને સમગ્ર ગુજરાતના એક આગેવાન તરીકે પ્રસ્થાપિત થવાની એમની ઉંમર હતી એવા સમયે ભગવાને આપણા વચ્ચેથી એમને લઈ લીધા છે. એમના પરિવારે જે સેવા કરી એ તો માનનીય સભ્યશ્રીએ કહ્યું તેમ આપણે સાક્ષી છીએ અને જે પ્રમાણે એમને આયોજન પંચના, નાણા પંચના અધ્યક્ષ તરીકે આગળ રહી શકાય એવી એમની વ્યવસ્થા હતી. એ વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીને એમના પરિવારે જે રીતે માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે સામેથી કહ્યું કે તેઓ અત્યારે કોમામાં છે. કામ કરવાની સ્થિતિમાં કે જવાબદારી સંભાળવાની સ્થિતિમાં નથી, માટે તેમને હોદ્દા પરથી મૂકત કરો. એવી જે એક પ્રમાણિક્તા અને નિષ્ઠા, સંસ્કારી પરિવારની ભાવના એમણે ખરેખર કરી બતાવી છે. એમને હું શ્રદ્ધાંજલિ આપું છું અને એમના પરિવારને ભગવાન આ દુઃખ સહન કરવાની શકિત આપે એવી આપના થકી પ્રાર્થના કરું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના નેતા સ્વર્ગસ્થ પૂર્વ અધ્યક્ષ માનનીય શ્રી ધીરૂભાઈ શાહના દુઃખદ અવસાન નિમિત્તે જે શોકસંદેશ લઈને આવ્યા છે અને અન્ય માનનીય સભ્યશ્રીઓએ જે પોતાની લાગણી વ્યકત કરી છે, તેમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધીરૂભાઈ શાહ આ સન્માનનીય ગૃહના અધ્યક્ષ હતા ત્યારે આ ગૃહમાં મને મંત્રી તરીકે અને આ ગૃહના સભ્ય તરીકે કામ કરવાનો મોકો મળ્યો છે. ત્યારપછી પણ ગત લોકસભાની ચૂંટણી સમયે પક્ષના પ્રવકતા તરીકે મારી સાથે સતત જોડાયેલા રહીને કામ કરવાની જે અમને તક મળી, એમાં અમારી જે એકબીજા માટેની લાગણી અને સન્માન હતું એમાં વધારે વૃદ્ધિ અને એ સંબંધ ગાઢ મિત્રતામાં પરિણમ્યો હતો. અમારા શોખ કંઈક અંશે સરખા, એટલે વાતના મુદ્દા પણ સાહિત્યથી માંડીને ડિબેટ સુધીના અનેક મુદ્દા અને એમની સાથેના કોલેજના મિત્રો અને અમારા મિત્રોના વર્તુળમાં ઘણાબધા એવા સાથીઓ હતા કે જે સામાન્ય વર્તુળમાં આવતા હતા. તો એ રીતે એમના નજદીકથી પરિચયમાં આવવાની તક મને મળી હતી. આ ગૃહમાં કયારેય કોઈ સભ્યશ્રી સારું બોલે ત્યારે અચૂકપણે માનનીય ધીરૂભાઈ શાહની ચીઠ્ઠી આવી જ હોય કે આપ સારું બોલ્યા. આપના મુદ્દા મને ગમ્યા. માત્ર અધ્યક્ષ તરીકેની કામગીરી નહીં, પણ સતત સાતત્યપૂર્ણ જોડાણની ભાવના

આ ગૃહના દરેક સન્માનનીય સભ્યો સાથે તેઓ જાળવતા હતા. આવા જીવંત સ્પીકર માનનીય ધીરૂભાઈ શાહ હતા એવું મારું નમ્ર મંતવ્ય છે.

સ્વર્ગસ્થ ધીરૂભાઈ શાહ આમ જોઈએ તો પ્રણાલિકાઓના માણસ હતા અને આમ જોઈએ તો પ્રગતિશીલ વિચારસરણીના માનસના એ વારસ હતા. આ વિધાનસભામાં ઘણીબધી એવી સવલતો છે કે જે આજે માનનીય સ્વર્ગસ્થ ધીરૂભાઈ શાહના નામ સાથે સાંકળી શકાય તેમ છે. લોંજમાં ધારાસભ્યો માટેની સવલતથી માંડીને આ ગૃહની સવલતોને નવો ઓપ આપવાનું કામ, આ ગૃહમાં વીડીયોગ્રાફી થાય એ પ્રકારની પરિસ્થિતિ અને એ માટેની માન્યતા આપવાનું કામ એવી અનેક પહેલ એમના પ્રગતિશીલ કાર્યકાળ દરમયાન આ સન્માનનીય ગૃહે જોઈ છે અને એ માટેનો યશ હંમેશા સારું તે સ્વીકારવું અને તેને સ્વીકારીને જે કામગીરી થઈ શકે તેમાં સૌને સાથે લઈને ચાલવું એવો એમનો સ્વભાવ અને નીતિ હતી, એને આપી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, એક ખૂબ જ લાગણીશીલ વ્યકિતત્વ સાહિત્યના નાતે તેમનું હતું. એમાં કોઈ શક નથી. સાથોસાથ મેં એ પણ જોયું છે કે સિદ્ધાંતની વાત આવે, કોઈ મુદ્દા પર નિર્ણય કે નિશ્ચયથી વાત કરવાની વાત આવે ત્યારે ધીરૂભાઈ શાહને ખૂબ જ તટસ્થતાપૂર્વક પણ, ખૂબ જ તટસ્થતાપૂર્વક અને ખૂબ જ દૃઢ મનોબળ સાથે નિર્ણય લેતા પણ મેં જોયા છે અને હું એમ માનું છું કે સહજતાપૂર્વક સાચું છે એ કહેવું અને જે નિર્ણય પોતાના મનમાં યોગ્ય લાગે અને જેના માટે પોતે માનતા હોય કે આ મારી માન્યતા છે એ પ્રમાણે નિર્ણય લેવો એ પણ તેમની વિશેષતા હતી. આમ જોઈએ તો ૧૯૫૨ માં તેમનો જન્મ થયો હતો એટલે આ તેમની કારકિર્દીનો મધ્યાહ્નનો સમય ગણાય અને એવા સમયે જયારે ઘણીબધી અપેક્ષાઓ તેમના સાથીઓની પણ હોય, ઘણીબધી અપેક્ષાઓ તેમના વિસ્તારના માણસોની હોય, ઘણીબધી અપેક્ષાઓ ગુજરાતની જનતાની પણ હોય, એવા સમયે એક અતિ મંગલ પ્રસંગે આવી ઘટના બની, આમ તો દીકરી માટે એક કહેવાય છે કે દીકરી એ કાળજાનો કટકો છે અને એને સાસરે વળાવવાનો પ્રસંગ આમ તો કવિ ઝવેરચંદ મેધાણીએ કહયું છે કે ગમે તેવો સિંહના હ્દયવાળો બાપ હોય તો એના હ્દયમાં કંપારી લાવી દે અને આંખમાં પાણી લાવી દે એવો સંવેદનશીલ એ પ્રસંગ હોય છે. કદાચ આ સંવેદનશીલતા જ અને કવિ કલાપીએ કહયું છે કે, "જે પોસતું એ મારતું એવો ક્રમ દીસે કુદરતનો" એટલે આ જ સંવેદનશીલતા જેના એ વારસ હતા, કદાચ આ જ સંવેદનશીલતા તેમનો દીકરી પ્રત્યેનો પ્રેમ હતો અને એ એક આધારરૂપ બની ગયો એવું મારું માનવું છે અને એના કારણે અત્યંત જેને કહેવાય કે કારકિર્દીની દ્રષ્ટિએ ચરમસીમાએ પહોંચવાની તૈયારીમાં હતા એવા સમયે તેમણે આ દુનિયા ઉપરથી વિદાય લીધી છે ત્યારે માણસ કેટલું જીવ્યો એ અગત્યનું નથી, પણ માણસ કેવું જીવ્યો એ અગત્યનું છે અને એ માટેની કવિ વર્ડઝવર્થની પંકિતઓ મને યાદ આવે છે. અને એમણે સરસ વાત કરી છે કે,

The Lily of a day was fairer far in May though it falls and dies that night
It was plant and flower of light In small proportions we just beauties see
And are Short measured life may Perfect be.

એક ખરેખર ટૂંકું, પરંતુ અર્થસભર, ખૂબ જ પ્રેમાળ અને ખૂબ જ હૂંફાળું અને ખૂબજ જીવંત જીવન જીવીને માનનીય ધીરૂભાઈએ આ દુનિયા ઉપરથી વિદાય લીધી છે ત્યારે આપણને તો એમની ખોટ સાલવાની જ છે, પરંતુ તેમના કુટુંબીજનો ઉપર જે ખોટ પડી છે એ કયારેય પૂરાવાની નથી. ત્યારે આવા દુ:ખના પ્રસંગે તેમના કુંટુંબને પણ હું મારી સંવેદના પાઠવું છું અને સ્વ. ધીરૂભાઈના આત્માને પ્રભુ શાંતિ અર્પે એવી પ્રાર્થના કરું છું.

**શ્રી વાસણભાઈ ગો. આહિર (ભા.જ.પ)**: માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં હું પણ મારો સૂર પૂરાવું છું અને તેને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધીરૂભાઈ શાહ સાથે ૧૯૮૦ થી જયારથી હું મારા ગામનો સરપંચ બન્યો ત્યારથી એ નગરપાલિકાના સદસ્ય હતા અને ત્યારથી કરીને આજ દિવસ સુધી તેમની સાથે રહેવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું. મારા પૂર્વ સભ્યશ્રીઓએ પણ વાત કરી એ પ્રમાણે તેઓ એક ખૂબ જ જીંદાદિલ માણસ હતા, પથ્થરમાંથી પાણી કાઢવું એ તેમની એક હોબી હતી અને એ વખતથી નગરપાલિકામાં વિરોધપક્ષના નેતાશ્રી તરીકે એક સમગ્ર અંજાર મત વિસ્તારમાં એક જાંબાઝ કાર્યકર્તા તરીકે રહીને હંમેશાં આગળ વધતા હતા. તેમની રાહબરી હેઠળ ત્રણેક વખત પાર્ટીના કાર્ય અર્થે જવાનું થયું હતું. માત્ર કચ્છ કે ગુજરાતમાં નહીં, પરંતુ રાજસ્થાન જવાનું થયું હતું, કોઈ પ્રચાર માટે જવાની વાત હોય, કોઈ પાંજરાપોળ માટે કે ગૌશાળા માટેનો ફાળો કરવા માટે મુંબઈ જવાની વાત હોય તો એના માટે કોઈ જીવદયાની પ્રવૃત્તિમાં તેમણે કોઈ દિવસ પાછી પાની કરી નથી. ૧૯૯૮માં એમની સાથે ધારાસભ્ય તરીકે ચૂંટાયો હતો. તેઓશ્રી રાપરમાંથી અને હું અંજારમાંથી ચૂંટાયો હતો ત્યારે ૫ વર્ષ દરમ્યાન માનનીય અધ્યક્ષશ્રી તરીકે તેમની સાથે રહેવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું. માનનીય સભ્યશ્રીઓએ કહયું તેમ આ ગૃહને અનેકવિધ નવો ઓપ અને નવી રીતભાત, સભ્યશ્રીઓનું સન્માન, પ્રોટોકોલ, ડિસિપ્લીન આ બધું જ એક અધ્યક્ષશ્રી તરીકે એમણે અહીંયાં મેન્ટેઈન કર્યુ હતું. સામાન્ય રીતે ગામડાંમાં એમનું અવનવું જીવન હતું, ગામડાંમાં જાય ત્યારે એકદમ છેવાડાના ગામડાંમાં, દલિત સમાજ સુધી જતા હોય, અને ગરીબ માણસ સુધી જતા હોય ત્યારે એ ગરીબ માણસની સાથે ઓત પ્રોત થઈ અને જમીન ઉપર બેસીને એ ગામની ચર્ચાઓ, એ

ગામનાં વિકાસની વાતો કરતા. સ્વર્ગસ્થ ધીરૂભાઈ માટે આપણે બધા આજે શોક ઠરાવ કરીએ છીએ, પણ ગઈ કાલે લોકસભાના વિરોધ પક્ષના નેતા આદરણીય અડવાણીજી પણ એમના ઘરે ગાંધીધામ ખાતે આવી અને સ્વર્ગસ્થ ધીરૂભાઈને ત્યાં આવી અને શ્રદ્ધાંજલિ આપી હતી. આવું જવલ્લે જ જોવા મળતું હોય છે અને એમણે જે કમાણી કરી, એમણે જીવનમાં જે કંઈ પોતાની આગવી આભા ઉભી કરી, એ આપણે સૌ જોઈ શકીએ છીએ, મારા પૂર્વ સભ્યશ્રીઓએ કહ્યું તેમ તેઓ જયારે નાણા પંચના અધ્યક્ષ હતા અને એમનો કાર્યકાળ પૂરો થયો ત્યારે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ એમને રિપિટ કરવા માટેની વાત કરી ત્યારે એમના પૂજય પિતાશ્રી આદરણીય સ્વરુપચંદ બાપાએ, વનિતા બેન, તેમના ભાઈ સુરેશભાઈ અને અરૂણ ભાઈ, એમનો દીકરો હીરેન બધાએ સાથે મળીને એમ કહ્યું કે ના, આપ જે અમારા માટે લાગણી બતાવો છો તે સાચી, પણ અમારા ઉપર ભગવાન શ્રી મહાવીરની કૃપા છે અમે આવી મેડિકલ સેવાઓ અથવા આવું કંઈ લેવા માગતા નથી, ધીરૂભાઈએ જે કંઈ કમાણી કરી છે તે અમારા માટેનું ભાથું છે, આવા બનાવો ખૂબ જ આ કલીકાલ જુગમાં ઓછા જોવા મળે છે, ત્યારે એમને વારસામાં પણ આવા સંસ્કારો મળ્યા હતા. એટલે આટલી એમની આગવી પ્રતિભા ઉભી કરી શકયા છે. સ્વર્ગસ્થ ધીરૂભાઈને આપણે સૌ નતમસ્તકે શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ અને એમના કુટુંબીજનો ઉપર આવી પડેલ આફત સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા મુરલીધર, એમને શકિત આપે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ.

**શ્રી રમેશ વ. મહેશ્વરી (મુંદ્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના નેતા અને ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી, ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રી ધીરૂભાઈ શાહનો શોક દર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે, એમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ધીરૂભાઈ શાહ કચ્છ જિલ્લાના રાપર તાલુકાના છેવાડાના ગામ બેલાના રહેવાસી હતા, ત્યાં તેમનો જન્મ થયો, પ્રાથમિક શિક્ષણ મેળવ્યા બાદ બી.કોમ કરીને ગાંધીધામમાં તેઓએ એક ધારા શાસ્ત્રી તરીકેનું કામ શરૂ કર્યુ, ગાંધીધામમાં જ પોતાનું જાહેર જીવન શરૂ થયું હતું, નગરપાલિકામાં ઈલેકશન લડીને, નગરપાલિકામાં કયારેક સત્તામાં અને કયારેક વિરોધ પક્ષમાં કામ કરીને, ગાંધીધામ કંડલા કોમ્પ્લેકસ, એ એવું શહેર છે કે જયાં રાજયના અને ભારતના દરેક લોકો વસવાટ કરે છે. એ વસવાટ કરતા લોકોની વચ્ચે ગાંધીધામને વિકાસ તરફ માનનીય ધીરૂભાઈ લઈ ગયા છે. એને કયારેય ગાંધીધામ પણ ભૂલશે નહીં, સાથે સાથે રાષ્ટ્રીય કક્ષાની જેટલી પણ સંસ્થાઓ હશે એમાં એવી કોઈ સંસ્થા નહીં હોય કે જેમા ધીરૂભાઈ મેમ્બર નહીં હોય, જયારે રાપર તાલુકાની અંદર વિધાનસભા લડયા ત્યારે એ લડીને પ્રથમ વખત વિધાનસભા ગૃહમાં આવ્યા અને એમને વિધાનસભાના અધ્યક્ષ તરીકેની જવાબદારી સોંપવામાં આવી, તે જવાબદારીમાં તેઓએ નિષ્ઠાથી, નિષ્પક્ષ રહીને પોતાનું સંચાલન કર્યુ, તે આખું ગુજરાત નહીં દરેક વિધાનસભા, એનાથી નવ વિધાનસભામાં એની નોંધ થઈ, ધીરૂભાઈએ વિધાનસભામાં સંચાલન કર્યુ એ ભવ્ય હતું, સાથે સાથે ગુજરાતના વિકાસ માટે અને વધુ કહીશ કે કચ્છના ભૂકંપ વિષે માનનીય ફકીરભાઈ અને નીતિનભાઈએ વાત કરી છે, ત્યારે ભૂકંપ વખતે પણ એમણે પુષ્કળ મહેનત કરી હતી, આ કચ્છ બેઠું થયું છે એમાં પણ ધીરૂભાઈનો વધુમાં વધુ સહયોગ છે. અમે એક સપુત, એક સેનાપતિ ગુમાવ્યો છે. કારણ કે દસ વર્ષ સુધી એક કાર્યકર્તા તરીકે મેં એમની નીચે કામ કર્યુ હતું, કયારેક ભૂલ થાય તો કાન પકડી લેતા હતા અને કયારેક પીઠ થાબડીને શાબાશી પણ આપતા હતા. એમના પરિવાર જનો ઉપર આ દુ:ખ આવ્યું છે તે દુ:ખ સહન કરવાની પ્રભુ શકિત અર્પે તેવી શ્રદ્ધાંજલિ અર્પું છું.

**શ્રી રાકેશ શાહ (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના નેતાશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઈને ગૃહમાં આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું.

સ્વ. ધીરૂભાઈ શાહનું ૫૫ વર્ષની વયે દુ:ખદ અવસાન થયું છે. સ્નાતક તથા એલ.એલ.બી.નો અભ્યાસ પૂર્ણ કરી તેઓએ વકીલાતને વ્યવસાય બનાવ્યો હતો. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક તરીકે એના સંસ્કાર અને જૈન પરિવારમાં જન્મેલા ધીરૂભાઈએ ખૂબ જ નાની વયે સક્રિય રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. શરૂઆતમાં ગાંધીધામ નગરપાલિકાના વિરોધપક્ષના નેતાથી માંડીને આ સભાગૃહના સન્માનનીય અધ્યક્ષ અને છેલ્લે રાજયના નાણા પંચના અધ્યક્ષની જવાબદારી પણ તેમણે નિભાવી હતી.

શિક્ષણ ક્ષેત્રે કામ કરતાની સાથે રમત ગમત અને કૉલેજ કાળ દરમિયાન એન.એસ. એસ અને એન.સી.સી. જેવી પ્રવૃત્તિ સાથે પણ સંકળાયેલા હતા. ભારતીય જનતા પાર્ટીના સંગઠનમાં વિવિધ જવાબદારીઓ પણ તેમણે સંભાળી હતી. સામાજિક ક્ષેત્રે તેમની આગવી પ્રતિભા હતી. શૈક્ષણિક ક્ષેત્ર અને ધાર્મિક ક્ષેત્રને તેમના અવસાનથી મોટી ખોટ પડી છે. પ્રભાવી વ્યકિતત્વ, શ્રેષ્ઠ વક્તા તથા ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે અપૂર્વ લોકચાહના તેઓએ મેળવી હતી. તેમનું કાર્યક્ષેત્ર કચ્છ હતું. કચ્છમાં સૌના તે લોકપ્રિય હતા છેલ્લા થોડા સમયથી અમદાવાદને કાર્યક્ષેત્ર બનાવ્યું હતું એલિસબ્રીજમાં નિવાસસ્થાન હોવાથી મારો એમની સાથે સીધો સંપર્ક હતો. જૈન શાસનના કામોમાં સદાય અગ્રેસર રહેતા હતા, એવા કામોમાં હું પણ તેમની સાથે સાક્ષી હતો. એ જીવદયાના કે અહિંસાના કાર્યો હોય એ કામો માટે તેઓ સદાય તત્પર રહેતા. જૈન શાસનના પૂજ્ય ગુરુભગવંતો સાથેનો એમનો સીધો સંપર્ક એના કારણે જૈન શાસનમાં જ્યારે જ્યારે પણ જરૂર પડે ત્યારે પોતે ઊભા રહે અને શાસનના કામો પૂર્ણ કરાવતા હતા. એમના પરિવારમાં સુખદ પ્રસંગની પૂર્ણાહુતિ પછી અચાનક આવી પડેલી બિમારી અને ત્રણ વર્ષથી પણ વધુ સમય બીમાર રહીને તેમનું અવસાન થયું છે. તેમના અવસાનથી ભારતીય જનતા પાર્ટીના સક્રિય કાર્યકર્તા પરિપક્વ નેતા,

શ્રેષ્ઠ વક્તા તેમજ જૈન સમાજે એક મોભી ગુમાવ્યો છે એમની ન પૂરાય તેવી ખોટ પડી છે. હું પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરુ છું કે તેમના પરિવાર પર આવી પડેલી આપત્તિ સહન કરવાની શકિત અર્પે. અસ્તુ.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતાશ્રી જે શોક ઠરાવ લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

રાજકીય જીવનમાં સબંધો તો બને છે પરંતુ મેં તો મારા મોટા ભાઈ ગુમાવ્યા છે. નાનપણથી રાજકારણમાં આંગળી પકડી અને મને જાહેર જીવનમાં લઈ આવનાર વ્યકિત હોય તો એ મારા મોટાભાઈ ધીરૂભાઈ હતા. મેં તો મારા મોભી ગુમાવ્યા છે. ગમે તેવી આફતો આવી પડે, ગમે તે સમયે કયાંય સંકટ પડેલ હોય ધીરૂભાઈ તરત જ સંદેશો આપે કે કયાંય પણ ગભરાતો નહિ. જાહેર જીવનની અંદર મારા માટે તો મોટી ખોટ આવી છે.

વનિતા બહેને ધીરૂભાઈનું અવસાન થયું એના ચાર દિવસ પહેલા અમે બેઠા હતા ત્યારે કહ્યું હતું એ શબ્દો મને યાદ આવે છે. મને એમણે કહ્યું હતું કે જયંતિભાઈ, તારા ભાઈ સો ટકા ઊભા થશે અને પ્રભુ પાસે જે માગવાનું છે એ બધું માગી મારે જે અર્પણ કરવાનું હોય એ અર્પણ કરીને તારા ભાઈ ઊભા થશે એ શબ્દો મને આજે પણ યાદ છે પણ કુદરતના ઘર આગળ કયારેય કોઈનું ચાલ્યું નથી. મને ઘણાં પ્રસંગો યાદ આવે છે. જીવદયાપ્રેમી એ ધીરૂભાઈ કચ્છના ખૂણે-ખૂણે, ગામડે -ગામડે ફરેલા અને દરેક ગામડાંમાં હું તેમનો નાનો ભાઈ થઈને તેમના ભેગો રહેલો. એક ગામમાં અમે નીકળ્યા ત્યારે કોઈક એક ટ્રકે ગાયને ટક્કર મારી હતી. ગાય તરફડીયા ખાતી હતી. પોતે અધ્યક્ષ હતા. ગાડી ઉભી રાખી. ચાર કલાક સુધીની જહેમત અને એ ગાયને પાંજરાપોળમાં પહોંચાડી દવા કરવા સુધી પ્રવાસ કાર્યક્રમ હતો એ પડતો મૂક્યો કે કંઈ પણ થાય પણ આ જીવ બચવો જોઈએ અને મને લાગે છે કે ધીરૂભાઈના ગયા પછી માણસ તો ભલે આપણે સ્વાર્થ માટે કદાચ રડતા હોઈએ પણ આ અબોલ પશુ પણ રડ્યા હશે. કચ્છે એક મોભી અને એક સારા નેતા ગુમાવ્યા છે. કારણ કે અમને આશા હતી કે કચ્છનો આ સપૂત એ રાજય કક્ષાએ ગયા છે ત્યારે કચ્છ માટે, જે છેવાડાનું કચ્છ છે તેના માટે ગમે તે કરી અને કચ્છને સિંગાપોર બનાવવાનું સ્વપ્ન ધીરૂભાઈનું હતું ત્યારે અમે સૌ કચ્છી ભાઈઓ અત્યારે અનાથ અવસ્થામાં છીએ. કારણ કે ધીરૂભાઈ એ કચ્છના છેવાડાના માનવ અને ગરીબોના બેલી હતા. મને યાદ છે એવા કેટલા બધા ગરીબ ભાઈઓ એવા હશે જેમના ઘરે ધીરૂભાઈનો રોટલો જતો હોય. એ ધીરૂભાઈને ખબર હોય, કાં લેનાર ભાઈને ખબર હોય. આવા દિલદાર મારા ભાઈ અમે ગુમાવ્યા છે. ત્યારે કુટુંબ ઉપર આવી પડેલી આફત ખરેખર સહન થાય એવી નથી. પણ આવેલી આફતને પ્રભૂ અમને સૌને સહન કરવાની શકિત આપે એવી જ મારી પ્રાર્થના અને શ્રદ્ધાંજલિ છે.

**અધ્યક્ષશ્રી** : આ ગૃહના નેતા જે શોકપ્રસ્તાવ લાવ્યા છે એ આપણા સૌના અધ્યક્ષ, મિત્ર, સ્વજન. હજી મેં મારી કચેરીમાં તેમની તસ્વીરની નીચે સ્વ. લખ્યું નથી. આ ગૃહમાં ૧૯મી માર્ચ-૧૯૯૮ના દિવસે તેમણે જ્યારે પદ ગ્રહણ કર્યું ત્યારે આપ સૌમાંથી ઘણાં લોકો સાક્ષી હશે ત્યારે તેમણે ગૃહ માટે જે શબ્દો વાપર્યા હતા તેમણે આ ગૃહમાં થયેલી ચર્ચા માટે રવિન્દ્રનાથ ટાગોરે ગીતાંજલિમાં કહેલી વાત યાદ આવે છે where words come from out of the days truth. સત્ય જ્યાં ઉંડાણપૂર્વક આવવું જોઈએ એવી જગ્યાની આ વાત છે. એવા સ્થળની વાત જ્યારે રવિન્દ્રનાથ ટાગોરે કરી છે ત્યારે મને લાગે છે કે મારું માનવું છે કે આ સભાગૃહ એ સ્થાન છે કે જ્યાં સત્ય ઉંડાણપૂર્વક સમક્ષ આવવું જોઈએ, ગુજરાતની પ્રજા જે એક મીટ માંડીને બેઠી છે તેને આપણે સૌ સાથે મળીને સહકારપૂર્વક આ સભાગૃહમાં ઘડાયેલા કાયદાઓ, પસાર થયેલા વિધેયકો, ચર્ચાયેલી બાબતો, ચર્ચાઓ એ આ ગૃહની ગરિમા જળવાય તેવી હોવી જોઈએ. મને લાગે છે કે ભારતમાં અધ્યક્ષપદ સંભાળ્યા પછી કોઈએ કોઈ ગૃહના માટે, વિધાનસભા ગૃહ માટે અથવા તો લોકશાહીના મંદિર માટે આવું ચિંતન કર્યું હોય તેવું ચિંતન કરનારા ચિંતક શ્રી ધીરૂભાઈ હતા. સંસદીય પ્રણાલિકાઓના ચિંતક તરીકે, લોકશાહીના રખેવાળ તરીકે, તેમને જુઓ કે સ્વર્ગીય દિનદયાળ ઉપાધ્યાયના આદર્શો જીવનમાં ઉતારનાર કાર્યકર્તા તરીકે જુઓ, પરિવારના એક સ્વજન તરીકે જુઓ તો ક્યાંક લખ્યું નવલકથાનારૂપે "દીકરી મારો વહાલનો દરિયો" કોઈ કવિએ દીકરીના વિદાય ગીતો લખ્યા, કોઈ લોકગીત ગાનારે આંખને આંસુડાએ દીકરીને વિદાય આપતા ગીતો લખ્યા પણ કવિ, શાયરી રચનાર માણસ ધીરૂભાઈએ ગીત લખ્યું નહીં, કવિતા લખી નહીં, નવલકથા લખી નહીં પણ પોતે દીકરી મારો વહાલનો દરિયો એ નવલકથાનું છેલ્લું પ્રકરણ બન્યા. હું અને આપ સૌ ગૃહના નેતા સૌએ અનેક સ્વજનોએ એ આશાએ તબીબી સારવાર થતી હતી, ત્યારે ગયા અને ત્યાર પછી મૅડિકલ ટર્મીનોલોજીમાં એમ કહીએ કે કોમામાં જતા રહ્યા, અધ્યાત્મ ચિંતનને માનનાર એમ કહે કે ધીરૂભાઈ સમાધિમાં હતા. અહીંયાં ઉલ્લેખ પણ થયો. શ્રી ફકીરભાઈએ કર્યો. એમણે એમ કહ્યું કે સત્યવાન સાવિત્રીની કથા તો આપણે સાંભળી હતીને, કોઈ ચલચિત્રની અંદર જોયું, કથા આપણા જીવનનો એક આદર્શ હતી. જો સાવિત્રી ધારે તો સત્યવાનને પાછો લઈ આવે પણ અહીંયાં વનિતાભાભીએ યમરાજાને કહી દીધું કે હું સાચવીશ. એમના કુટુંબ ઉપર આવી પડેલી આપત્તિઓના સમયે આપણા સૌનો સંદેશો આશ્વાસનરૂપ બનશે. આપણા સૌના માટે એમણે આ ગૃહ વિશે કહેલી વાત અને આ ગૃહ વિશે કરેલું ચિંતન એ માર્ગદર્શક બનશે. આ સંદેશો એમના કુટુંબીજનોને મોકલી આપીશું. હું વિનંતી કરીશ સૌને આપણે આપણા સ્થાન ઉપર ઊભા થઈશું.

**(બે મિનિટ મૌન બાદ)** ઓમ શાંતિ, શાંતિ. સભાગૃહની આ લાગણી સદ્‌ગતના કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે.

# માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

**બેઠકનું કામકાજ મુલતવી રાખવા અંગે**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ ધીરૂભાઈ શાહના અવસાનના માનમાં આપણી પરંપરા અનુસાર આજની બેઠકની કાર્યવાહી મુલતવી રાખવાનો પ્રસ્તાવ મૂકું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સંસદીય બાબતોના મંત્રીશ્રીએ મૂકેલા પ્રસ્તાવને હું સમર્થન આપું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : આપણે સૌ સર્વાનુમતે સભાગૃહનું કાર્ય બંધ રાખીશું.

**સભાગૃહનું કામકાજ મંગળવાર તા. ૨૫મી માર્ચ ૨૦૦૮ના રોજ સાંજના ૪-૦૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૨૬મી માર્ચ ૨૦૦૮ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૨૬મી માર્ચ,૨૦૦૮**
**ચૈત્ર ૬, ૧૯૩૦ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**મહુવા તાલુકાના દરિયા કિનારે આવેલ ભવાની મંદિરનો યાત્રાધામ તરીકેનો વિકાસ**

***૩૩૬૩ ડૉ. કનુભાઈ વા. કળસરીયા (મહુવા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભાવનગર જિલ્લામાં મહુવા તાલુકાના દરિયા કિનારે આવેલ ભવાની મંદિરને યાત્રાધામ તરીકે વિકસાવવા માટે સરકારનું શું આયોજન છે, અને

(૨) જો આયોજન હોય તો કાર્યવાહી કયા તબક્કે છે?

**યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી :**

(૧) રાજય સરકાર હસ્તકના દેવસ્થાનોમાં યાત્રાધામમાં ભવાની મંદિરનો સમાવેશ થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મહુવા તાલુકાનું એક ખૂબ જ પવિત્ર એવું આ ભવાની યાત્રાધામ છે. મારે તેના માટે પ્રશ્ન ઉપર જતાં પહેલાં બે શબ્દો કહેવા એટલા માટે જરૂરી છે કે દરિયા કિનારે સરસ મજાનો પાંચ કિલોમીટર લંબાઈની ચોપાટી ધરાવતો બીચ અને તેના કિનારાનું આ મંદિર અને પાંચેક હજાર વર્ષ પહેલાં કૃષ્ણ ભગવાન રૂક્ષ્મણીનું હરણ કરીને પછી ત્યાં આવ્યા હતા અને કહેવાય છે કે મીંઢળ છોડવા માટે ત્યાં આવ્યા હતા.

**અધ્યક્ષશ્રી** : અત્યારે શું કરવું છે તેની વાત કરીએ.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા** : તેની સાથે સાથે મારે એ કહેવું છે કે મારા લગ્ન પછી પણ ત્રીજા દિવસે મીંઢળ છોડવા માટે, અમારે ત્યાં રિવાજ છે એટલે જવું પડે છે, જવાય છે અને સારી વાત છે, પણ હાલમાં તેના જે રસ્તાઓ છે. યાત્રાળુઓની સંખ્યાનું પ્રમાણ ખૂબ વધ્યું છે પણ રસ્તાઓ એકદમ બિસ્માર છે અને તેનું કારણ છે, જળ સંપત્તિ મંત્રીશ્રી પણ અહીં ઉપસ્થિત છે ત્યારે એ મંદિર નિકોલ બંધારા અને માલણ બંધારા બન્નેની બરાબર વચ્ચે આવે છે અને તેના કારણે રસ્તાઓ બન્ને બાજુથી ડૂબમાં જાય છે અને બન્ને બાજુએ એ રસ્તાઓ છે તેમાં બંધારાનું કામ પૂર્ણ ન થતાં વિલંબ થઈ રહ્યો છે તો માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રીને વિનંતી કરું છું અને કહેવા માગું છું કે આ રસ્તાઓ સંકલન કરીને વહેલી તકે પૂર્ણ કરવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : આ સ્થળનો ધાર્મિક મહિમા તો છે જ, પણ માનનીય સભ્યશ્રીની લાગણીઓ પણ તેની સાથે જોડાયેલી છે એટલે તેનો વિકાસ થાય તે માટેનો અમે પ્રયત્ન કર્યો છે. માનનીય સભ્યશ્રીની મુખ્ય લાગણી રસ્તા માટેની છે. અત્યાર સુધીમાં બાકીના કામ જે પૂરાં કર્યા છે, પીવાના પાણી માટેનું કામ પૂરું કર્યું છે. બાંકડા, વન કુટિર માટેનું કામ પૂરું કર્યું છે. સ્થાયી કચરાપેટી, પે એન્ડ યુઝ ટોયલેટ, સોલાર લાઈટ માટેના કામો પૂરા કર્યા છે. ભવાની મંદિર-મહુવા શહેરને જોડતા રસ્તા માટે ૧૦ લાખ રૂપિયા મંજૂર કર્યા છે અને તેમાંથી ૫ લાખ રૂપિયા ગ્રાન્ટ છૂટી કરેલ છે. જેમાં હજુ સુધી કોઈ ખર્ચ થયો નથી અને પ્રવાસીઓની સુવિધામાં વધારો કરવા માટે વધારાના રૂપિયા ૨ લાખ પણ મંજૂર કરવામાં આવેલ છે. એટલે આ કામગીરી હમણાં ગ્રાન્ટ છૂટી કરી છે એટલે માનનીય સભ્યશ્રીની લાગણી ધ્યાનમાં રાખીને વહેલામાં વહેલી તકે શરૂ થાય તે માટેનું આયોજન અમે કરીશું.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં અનેક યાત્રાધામો આવ્યા છે. એ પૈકી મારા મતવિસ્તારમાં એવા ત્રણેક..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન મહુવા પૂરતો મર્યાદિત છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : હું એટલા પૂરતું કહું છું. તેમાં એક છે ગંગાસતી અને પાનબાઈનું સમઢીયાળા..

**અધ્યક્ષશ્રી** : હું આપને કહું છું કે મહુવા પૂરતા, આ પ્રશ્નમાં મર્યાદિત રહો. આપને આપના વિસ્તાર માટે અલગ પ્રશ્ન પૂછવાનો હતો એ તક ગઈ.

**શ્રી આત્મારામ મ. પરમાર** : યાત્રાધામ છે એટલા પૂરતું. આ યાત્રાધામમાં જે આયોજન છે એ આયોજનની જે રજૂઆત થાય છે તેના આધારે સરકાર આનો પવિત્ર યાત્રાધામમાં સમાવેશ કરવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારના યાત્રાધામ અંગેના નિયમો છે તેમાં છ પવિત્ર યાત્રાધામોનો સમાવેશ કરેલ છે. બાકીના ૩૩૯ મંદિર જે જાગીર ટ્રસ્ટો છે તેનો સમાવેશ કરેલો છે. એટલે આ મર્યાદામાં રહીને સરકારશ્રી આ યાત્રાધામના વિકાસ માટે કાર્યરત છે. આ પ્રશ્ન માત્ર મહુવાના ભવાની મંદિર પૂરતો મર્યાદિત છે એટલે બાકીની વિગતો માનનીય સભ્યશ્રી આપશે તો ગુણવત્તા અનુસાર તેને તપાસી જઈશું.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ૧૦ લાખ રૂપિયા ફાળવ્યા, ૫ લાખ રૂપિયા રીલીઝ કરી દીધા એ બદલ હૃદયથી અભિનંદન આપું છું, આ યાત્રાધામના બે રસ્તાઓ છે. એક મહુવામાં થઈને માલણ ઉપર થઈને ૧૪૦૦ એકરના કૃષિના ખૂબ જ સુંદર ફાર્મની અંદર થઈને જાય છે. બીજો રસ્તો એ ભાવનગર હાઈવેથી સીધેસીધો જાય છે અને પહેલો રસ્તો એ માલણ બંધારામાં થઈને જાય અને બીજો રસ્તો નિકોલ બંધારામાં થઈને જાય, તો એ બન્ને રસ્તા માટે અલગથી સૂચના કરવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : હાલ એક રસ્તાથી એપ્રોચ આપવાનો પ્રયત્ન કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ મંદિરે મર્યાદિત સમયે જ જનમેદની ઊમટે છે. એટલે એને લક્ષમાં રાખીને ખર્ચની મર્યાદામાં આગળ જતાં ભવિષ્યમાં એ પ્રમાણેનો વિકાસ થશે તો માનનીય સભ્યશ્રીનું સૂચન ધ્યાનમાં રાખીશું.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રીની શ્રદ્ધાનો સ્વીકાર કર્યો છે એટલે વાંધો નથી.

**જુનાગઢ જિલ્લાના લાંછડી નાની સિંચાઇ યોજનાનો છલતીનો પાળો ફરીથી મજબૂત બનાવવા**

***૨૮૪૩ શ્રી ભગવાનભાઈ ધા. બારડ (તાલાળા)** : **માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જુનાગઢ જિલ્લાના માળિયા-હાટીના તાલુકાના લાંછડી ગામે આવેલ દેવકા નદી ઉપરની લાંછડી નાની સિંચાઇ યોજનાનો છલતીનો પાળો ભારે વરસાદના કારણે ધોવાઈ જતાં નુકસાન થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ પાળો ફરીથી મજબૂત બનાવવા માટે હાલ કયા તબક્કે કાર્યવાહી ચાલે છે, અને

(૩) ખેડૂતોને પાણીના ભરાવાથી આપેલ વૈકલ્પિક રસ્તાનો બ્રિજ પણ ધોવાણ થયેલ છે તે નવો બનાવવા સરકારે શી કાર્યવાહી કરી?

**જળસંપતિ મંત્રીશ્રી** :

(૧) ના જી,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) કૉઝવે ધોવાણ થયેલ છે. લો લેવલ કૉઝવેની જગ્યાએ હાઈ લેવલ પુલ બનાવવા ચકાસણી હેઠળ છે.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પહેલા પ્રશ્નના જવાબમાં ક્યાંક ગેરસમજ ઊભી થઈ હોય એવું લાગે છે. છલતીનો જે પાળો એમાં જે ડૅમનું ઓવર ફ્લોનું પાણી આવે છે એ પાળા પછી વધારાના ઓવર ફ્લોના પાણી માટે આગળ બીજો પાળો બનાવેલ છે. એ પાળો સંપૂર્ણપણે ધોવાઈ ગયો છે અને એ ધોવાઈ ગયા પછી એની બાજુની જમીનના ખેતરની અંદર જે પેલા ખાતેદાર ૩ ભાઈઓનું ખેતર આવેલ છે. એ પાળાના તમામ પથ્થરો એની લગભગ ૨૨ વીઘા ખેતરમાં ૨ ફૂટથી ૭ ફૂટ સુધી આજની તારીખે પડ્યા છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આ પાળો વહેલી તકે થાય અને ખેડૂતના ખેતરમાં જે પથ્થરો પડ્યા છે એ પથ્થરો કાઢવા માટે જે જે વિભાગને લગતું હોય એ વિભાગ સાથે કાર્યવાહી કરવામાં આવે અને આ પથ્થરો ત્યાંથી ખસેડવામાં આવે. કારણ કે, આજની તારીખ સુધી એમાં ખેતી થઈ શકતી નથી અને આ ૩ ભાઈઓનો પરિવાર છે એ ખૂબ ગરીબ પરિવાર છે અને એના માટે માનનીય મંત્રીશ્રી વહેલામાં વહેલી તકે નિર્ણય કરીને અને એની અંદર ખેડૂતોની કોઈપણ જરૂરિયાત ઊભી થાય તો એની અંદર યોગદાન આપવાની મારી પણ તૈયારી છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભારે વરસાદને કારણે મુખ્ય છલતી બંધનું જે પાણી ઓવર ફ્લો થાય છે એ નદીના બહારના વિસ્તારમાં થઈને નીકળે છે એને ડાયવર્ટ કરીને નદીના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે ટેઈન ચેનલ બનાવેલ છે અને એ ટેઈન ચેનલનો ૭૫૦ મીટરનો ભાગ ભારે વરસાદના કારણે ધોવાયો છે એ વાત સાચી છે અને સભ્યશ્રીએ કહ્યું તે પ્રમાણે બાજુની ખાનગી ખેડૂતની જમીનને ખૂબ નુકસાન થયું છે. એ લગભગ ૫ હેકટરથી વધુ જમીન છે એ વાત સાચી છે. આ બન્ને પાળાની દુરસ્તી કરવાનું કામ સરકારે અને વિભાગે મંજૂર કર્યું છે. જે ટૂંક સમયમાં ચાલુ કરી આ ચોમાસા પહેલાં પૂરું થાય તેવું આયોજન કર્યું છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો લાછડી નાની સિંચાઇ યોજના મારા મત વિસ્તારના છેવાડા ઉપરની સિંચાઇ યોજના છે. જેમાં છેલ્લા ૨ વર્ષથી પાણી ભરાય છે અને લગભગ સાતથી આઠ ગામોને એનાથી ફાયદો થાય છે અને એના માટે સરકારને અભિનંદન આપું છું સાથે સાથે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, જે જમીન એકવાયર થયેલ હતી અને જે શ્રી કનુભાઈનો પ્રશ્ન હતો એવો જ આ પ્રશ્ન છે. એને અડીને મંદિર આવેલ હતું અને એ ડૂબમાં ગયેલ હતું. મંદિર ઉપર બનાવવામાં આવેલ છે. એની જમીન એકવાયર્ડ થવાથી પૈસા આવેલ છે એ બૅન્કમાં જમા છે તો સરકાર મધ્યસ્થી થઈને યોગ્ય વળતર મળે એવું કરવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે રજૂઆત કરી એ આ પ્રશ્નના વ્યાપમાં નહીં આવવાના કારણે મારી પાસે માહિતી નથી. માનનીય સભ્યશ્રીની લાગણી સ્વીકારી સમગ્ર બાબત તપાસી લઈશું અને જે શકય હશે એમાં મદદરૂપ થઈશું.

## રાધનપુર શહેરમાં પુરની સ્થિતિમાં વરસાદી વહેણનું પાણી

***૩૩૯૦ શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાધનપુર શહેરમાં પુરની સ્થિતિમાં વરસાદી વહેણનું પાણી આવતું અટકાવવા અને વરસાદી પાણીના નિકાલ માટે સરકાર કોઈ આયોજન કરવા માગે છે કે કેમ, અને

(૨) જો હા, તો શું આયોજન છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી** :

(૧) અને (૨) હા જી. હયાત સ્કોટ કેનાલમાં મરામત અને સુધારણાના કામો હાથ ધરવામાં આવેલ છે. તથા ભીલોટ કેનાલના ઓફટેક ઉપર રેગ્યુલેટર બનાવવાની બાબત તાંત્રિક અભ્યાસ હેઠળ છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તાર રાધનપુર નગર પાસેની બનાસ નદીમાં પસાર થતી સ્કોટ કેનાલ છે અને આ રાધનપુર તળાવને ભરવા માટે હતી. રાધનપુર નગરથી ૩ કિલોમીટર સુધીની નજીકના વિસ્તારમાં જે કેનાલ છે એ બહુ ખરાબ સ્થિતિમાં હોવાના કારણે વારંવાર તૂટી જવાના કારણે બનાસ નદીનું પાણીનું આખું વહેણ રાધનપુર નગરમાં આવી ગયું છે. એ સંજોગોમાં ૩ કિલોમીટર સુધીની જે સ્કોટ કેનાલ છે એની પાકી કરવા માગો છો કે કેમ? અને બીજું તળાવ ભરાઈ ગયા પછી ત્યાં આગળ દરવાજા મૂકીને પાણીને રોકવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી શંકરભાઈ ચૌધરીની રજૂઆત અને લાગણી રાધનપુર શહેરમાં જયારે ગયા વર્ષે ભારે વરસાદ થયો. આમ તો રાધનપુર શહેરની વરસાદની વાર્ષિક એવરેજ ૧૫ થી ૨૦ ઈંચની છે પરંતુ ગયા વર્ષે ૭૬ ઈંચ વરસાદ થયો અને એમાં ૫ કલાકમાં ૧૪ ઈંચ વરસાદ થયો એના કારણે જે ભારે પૂર આવ્યું અને જે આ રાજાશાહી વખતની, માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણેની જે સ્કોટ કેનાલ છે એ રાધનપુર ગામનું તળાવ અને આજુબાજુના ગામના તળાવો ભરવા માટે જૂના વખતનું રાજાશાહી વખતનું એક આયોજન છે, જયારે બનાસનદીમાં ભારે વરસાદથી પૂર આવે ત્યાં પાણીનું લેવલ ઊંચું આવે તો આપોઆપ આ પાણી આ સ્કોટ કેનાલ મારફતે જુદા જુદા તળાવો અને જૂદી જૂદી કેનાલો મારફત ભરવાનું આયોજન છે. અત્યાર સુધી ઓછો અને માફકસરનો વરસાદ થવાને કારણે આ સિસ્ટમ બરાબર ચાલતી હતી પણ હવે જયારે ભારે વરસાદ થવા માંડયા છે અને ગુજરાતમાં વર્ષોથી દુષ્કાળ પડવાની સ્થિતિ ભુલાઈ ગઈ છે એવા સમયે આને વ્યવસ્થિત કરવા માટે માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે અમે કેનાલમાં રેગ્યુલેટીંગ ગેટ બેસાડવાનું મંજૂર કર્યુ છે. જરૂર પડે કેનાલની રીસર્ફેસીંગ અને રીસ્ટ્રકચરીંગનું કામ પણ અમે કરીશું અને રાધનપુર શહેરમાં પાણી ના પેસે હાઈવે ઉપર બ્લોક ના જાય, ટ્રાફીક જામ ન થાય એ માટે શકય તે કાર્યવાહી કરીશું.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પોઝીટીવ વિષય લીધો એના માટે આભાર પણ મારે એ જાણવું છે કે માત્ર ૧૦૦ દિવસ ચોમાસાને બાકી છે, હજી ત્યાં આગળ એક તગારું ભરીને માટી એમાંથી નીકળી નથી અને આખું પાકું કામ કરવું પડે એમ છે અને સાથે દરવાજો પણ મૂકવો પડે એમ છે તો આ સંજોગોમાં આવતા ચોમાસામાં પણ ગામને પાણીની અંદર ન રહેવું પડે એના માટે ઝડપી નાણાકીય જોગવાઈ કરીને આવતા ચોમાસા પહેલા આ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૩૦ લાખ રૂપિયાની બજેટ જોગવાઈ કરી દીધી છે અને એના જે ડીઝાઈન સર્કલમાં એચ.આર.ની અને સી.આર.ની ડીઝાઈનનું કામ ચાલુ છે અને લગભગ ચોમાસા પહેલા કામ પતી જશે એવું આયોજન કરીશું.

## આણંદ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની જરૂરિયાત

***૩૬૧૧ શ્રી અમિતકુમાર અ. ચાવડા (બોરસદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નવા શરૂ કરવા માટેના નિયમાનુસાર આણંદ જિલ્લામાં કેટલા સી.એચ.સી. અને પી.એચ.સી.ની જરૂરિયાત છે,

(૨) તે પૈકી તા:૩૧/૧/૦૮ની સ્થિતિએ કેટલા કાર્યરત છે, અને

(૩) કેટલી દરખાસ્તો પેન્ડીંગ છે?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) ૧૨ (બાર) સી.એચ.સી. અને ૪૧ (એકતાલીસ) પી.એચ.સી.ની જરૂરિયાત છે.

(૨) ૧૦(દસ) સી.એચ.સી. અને ૪૩ (તેતાલીસ) પી.એચ.સી. કાર્યરત છે.

(૩) એક પણ નહીં.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નવું સી.એચ.સી. શરૂ કરવાના ધોરણો શા છે? અમારા જિલ્લામાં જે ૨ સી.એચ.સી.ની ઘટ છે એ કયા કયા તાલુકામાં છે અને નવા સી.એચ.સી. કેન્દ્રો શરૂ કરવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, જે ધોરણો છે એ મુજબ ૧૯૯૧ની ગ્રામ્ય વસ્તીના ધોરણે દર ૧ લાખની વસ્તીએ એક સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવાનું ધોરણ છે જયારે આદિજાતી વિસ્તારમાં દર

૨૦હજાર અને બીનઆદિજાતી વિસ્તારમાં દર ૩૦હજારની ગ્રામ્ય વસ્તીએ એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવાનું ધોરણ છે. સમગ્રતયા જિલ્લાની વસ્તીને લક્ષ્યમાં રાખીને એના વસ્તી ઉપરથી આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવતા હોય છે એટલે ૧૯૯૧ની વસ્તીની ગણતરી મુજબ મળવાપાત્ર ૧૨ સામૂહિક આરોગ્ય કેન્દ્રો થાય તેના સામે ૧૦ મંજૂર થયેલા છે અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૪૧ થાય તેના સામે ૪૪ મંજૂર થયેલા છે એટલે બે સામૂહિક આરોગ્ય કેન્દ્ર મળવાપાત્ર ૧૯૯૧ના વસ્તીના ધોરણે થાય અને માનનીય સભ્યશ્રીનું જે સૂચન છે કે નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો શરૂ કરવાની કોઈ વિચારણા છે કે કેમ તો જયારે સમગ્રતયા આનું આયોજન હાથ ધરવામાં આવશે ત્યારે માનનીય સભ્યશ્રીની જે પણ ભલામણ હશે એને વિચારણામાં લઈને યોગ્ય તે કાર્યવાહી કરીશું.

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવા માગું છું કે જે આ ૫૩ દવાખાના ત્યાં ચાલે છે એમાં કેટલા ડૉકટરોની જગ્યાઓ ખાલી છે તે તાત્કાલિક પૂરવા માગે છે કે કેમ? કારણ કે ગરીબમાં ગરીબ માણસો ત્યાં લાભ લેતા હોય છે અને એમની સેવા થતી હોય છે અને આ દવાખાના અપગ્રેડ કરવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, ડૉકટરોની ઘટનો પ્રશ્ન આમાંથી ઉપસ્થિત થતો નથી એના માટે અલગ નોટિસ જોઈશે પણ અગાઉ કહ્યું તે પ્રમાણે જે કંઈ અમારી પાસે પબ્લિક સર્વિસ કમિશનમાંથી ડૉકટરોની યાદી આવી છે એમાંથી ૩૧મી મે સુધીમાં શકય તેટલી નિમણૂકો કરી દેવાનો અમારો પ્રયાસ છે. આયુર્વેદિક ડૉકટર માટે પણ અત્યારે એના ઈન્ટરવ્યુ ચાલે છે અને એ નિમણૂંકો પણ બને ત્યાં સુધી જૂન મહિનાની શરૂઆત પહેલા થઈ જાય તેવો અમારો પ્રયાસ છે. એટલે એવી અપેક્ષા છે કે મહદ્અંશે જે ખાલી જગ્યાઓ છે એ ભરવાનો પ્રયત્ન કર્યો છે અને એમાં સફળતા મળે તેવી શક્યતાઓ છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ**: માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે જાણવા માગું છું કે ખંભાત સી.એચ.સી. છે એનું મહેકમ ખૂબ વધારે હતું. ક્લાસ વન ઑફિસર હતા, બર્ન્સ વૉર્ડ હતો, ગાયનેક વીંગ હતી પણ આ બધાને ડીગ્રેડ કરીને આજે ખંભાત સૅન્ટરમાં બે ડૉકટરથી ચલાવવામાં આવે છે. આના કારણે લોકોને ખૂબ જ તકલીફ પડે છે. આને ફરીથી અપગ્રેડ કરીને સારી સ્થિતિમાં કરવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ**: ખંભાતને લાગે વળગે છે ત્યાં સુધી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ત્યાં મંજૂર થયેલ છે અને કાર્યરત છે. એને અપગ્રેડ કરવાનો સવાલ નથી. માનનીય સભ્યશ્રીની લાગણી મને લાગે છે કે કે જે ખાલી જગ્યાઓ છે એ ભરીને જે વિભાગો અત્યારે બંધ છે એ વિભાગો ચાલુ કરાવવા પૂરતી છે. માનનીય સભ્યશ્રીની સાથે રહીને જે કાંઈ કાર્યવાહી આગળ કરવાની થશે એ આયોજન મુજબ ચોક્કસ કરીશું.

**શ્રી અંબાલાલ આ. રોહિત** : મારા તારાપુર તાલુકામાં એક જ સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખેડા અને તારાપુર એમ બે જગ્યાએ સરકાર તરફથી મંજૂર કરવાનો કાગળ મળ્યો છે પણ ત્યાં બિલ્ડીંગ કે મકાન તૈયાર ન હોઈ તે બન્ને જગ્યાએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર શરૂ થઈ શક્યા નથી. આ અંગે સરકાર પોતે મકાન બનાવીને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય સભ્યશ્રીની વાત સાચી છે. આણંદ જિલ્લાના બુધેજ તાલુકો તારાપુર ખાતેનું પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ૨૦૦૩-૦૪ના વર્ષમાં મંજૂર થયેલ પણ બુધેજ તરફથી પૂરતી સુવિધાવાળું મકાન ગ્રામ પંચાયત તરફથી ઉપલબ્ધ ન થવાથી આ આરોગ્ય કેન્દ્ર શરૂ થઈ શકેલ નથી. જિલ્લા પંચાયત દ્વારા આ આરોગ્ય કેન્દ્રને અન્યત્ર નહીં ખસેડવાનો સર્વાનુમતે ઠરાવ થયેલ છે. અહીં મકાન ઉપલબ્ધ નથી એ સંજોગોમાં આ કામગીરી શરૂ થઈ શકી નથી. પણ આયોજન પ્રમાણે નાણાકીય ઉપલબ્ધતા જોઈને જમીન ઉપલબ્ધ હશે તો નવું મકાન સરકાર પોતે બાંધે એ પ્રકારની વિચારણા કરી શકાય અને એ ધ્યાનમાં લઈશું.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા**: માનનીય મંત્રીશ્રીએ કહ્યું એ મુજબ ૧૯૯૧ની વસતિના ધોરણે આ સી.એચ.સી. કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. આજે ૧૭ વર્ષનો સમય થયો, વસતિ ખૂબ વધી છે. ખાસ કરીને અમારા બોરસદ અને આંકલાવ તાલુકાઓ મહીકાંઠાના પછાત તાલુકાઓ છે. બે તાલુકામાં ૧૦૦ ગામો વચ્ચે બે સી.એચ.સી. જ છે. તો હયાત પી.એચ.સી. ને સી.એચ.સી.માં અપગ્રેડ કરવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : બે સી.એચ.સી.ની જિલ્લામાં ઘટ છે એટલે એ બે સી.એચ.સી.ની ઘટ કઈ રીતે પૂરી કરવી એ આયોજનનો વિષય છે. ચોક્કસ સભ્યશ્રીની લાગણી લક્ષમાં રાખીને એનું આયોજન વિચારીશું. વસતિને લાગે વળગે છે ત્યાં સુધી આ ધારા ધોરણો ભારત સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ છે અને ભારત સરકાર દ્વારા અનેક બીજી યોજનાઓ પણ એની નીચે કરી છે. આથી આ ધારા ધોરણ અમને આપવામાં આવ્યા છે એ ધારા ધોરણના નિર્દેશ પ્રમાણે અમે ચાલીએ છીએ. શક્ય તેટલી વહેલી બે સૅન્ટરની ઘટ છે એ પૂરાય તેવા પ્રયત્નો કરીશું.

**ઉકાઈ ડૅમમાંથી કાઢવામાં આવેલ હાઈ લેવલ કેનાલના ટેન્ડર**

***૩૫૭૮ શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ (બારડોલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) ઉકાઈ ડેમમાંથી કાઢવામાં આવી રહેલ હાઈ લેવલ કેનાલના સંદર્ભમાં સંબંધિત ખાતા/કચેરીઓ દ્વારા તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા ટેન્ડરો, કેટલી રકમના અને કઈ કઈ કામગીરી માટે પ્રસિદ્ધ કરવામાં આવ્યા,

(૨) આ ટેન્ડરો ક્યારે ક્યારે પ્રસિદ્ધ કરવામાં આવ્યા અને તેમાં દર્શાવેલ કામગીરીઓ અને હાલમાં કયા તબક્કામાં છે, અને

(૩) પ્રસિદ્ધ થયેલા ટેન્ડરો મુજબ કામગીરી ન થયેલ હોય તો તેનાં કારણો કયાં છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં કુલ અંદાજીત કિંમત રૂા. ૨૮.૩૦ કરોડના કુલ ૯ કામોના ટેન્ડરો ઉકાઈ પૂર્ણા હાઈ લેવલ કેનાલના માટી કામ, અસ્તર કામ તથા સ્ટ્રકચર માટે પ્રસિદ્ધ કરવામાં આવ્યા.

(૨) આ ટેન્ડરો તા. ૨૬-૦૮-૦૫, તા. ૫-૧૨-૦૫, તા. ૧૨-૬-૦૭ અને તા. ૧૫-૧૧-૦૭ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવ્યા. જેના કામો પ્રગતિ હેઠળ છે.

(૩) હાથ ધરેલ કામગીરીનો પ્રકાર ટેન્ડરો મુજબ હોઈ પ્રશ્ન રહેતો નથી.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ૨૩ કિલોમિટરથી ૩૬ કિલોમિટર વચ્ચેની કામગીરી કયા તબક્કામાં છે અને સ્ટ્રકચરના કેટલા કામો થયેલ છે. મારો બીજો પ્રશ્ન છે કે આ કેનાલ માટે વ્હેર-૨ યોજના વિભાગ દ્વારા તા. ૨૯-૧૧-૨૦૦૫ના રોજ રૂપિયા ૫,૨૩,૩૬,૦૦૦ના ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવેલ તેનો મારા પ્રશ્નના જવાબમાં કોઈ ઉલ્લેખ નથી તો તેની સ્પષ્ટતા કરવા માગો છો કે કેમ? મારો ત્રીજો પ્રશ્ન છે મારા ત્રીજા પ્રશ્નની કામગીરી કયા તબક્કામાં છે અને તેની વિગત માગી છે તેની સ્પષ્ટ માહિતી આપવા માગો છો કે કેમ?ટેન્ડર મુજબની કામગીરી ના થઈ હોય તો તે માટે કયા અધિકારી જવાબદાર છે અને આ અધિકારી સામે કોઈ પગલાં લેવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઉકાઈ ડેમમાંથી હાઈલેવલ કેનાલ રાજ્ય સરકારે આદિવાસી વિસ્તારના આદિવાસી ખેડૂતભાઈઓને ઉકાઈનું જે પાણી અત્યાર સુધી નહોતું મળતું એ પાણી આપવા માટે કેનાલ મંજૂર કરી એનું કામો ચાલુ કરાવ્યાં અને આ કેનાલોના કામો પૂરાં થતાં સોનગઢ અને વ્યારા તાલુકાની લગભગ ૧૩૦૦૦ હેકટર જમીનને સિંચાઈના પાણીનો આ લાભ મળશે. આ જુદા જુદા પ્રકારના કામો થાય (અંતરાય) એમણે ચાર પ્રશ્નો પૂછ્યા છે એટલે ચારેયના જવાબ એક સાથે આપું છું જોષીયારાજી.

**અધ્યક્ષશ્રી** : ભેગા જ આપી દો. માનનીય મંત્રીશ્રીએ સ્કૂલના આચાર્ય છે, એટલે એમણે દસ પ્રશ્ન પૂછવાના.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ કામોના જુદા જુદા પ્રમાણે, ટેકનિકલ પ્રમાણે ભાગ પાડ્યા છે. હેડ રેગ્યલેટરનું કામ છે, કેનાલોના ખોદકામ છે, કેનાલ ઉપરનું સ્ટ્રકચરનું કામ છે અને વિવિધ પ્રકારની આઠ એજન્સીઓને કુલ નવ કામો આપવામાં આવ્યાં છે, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો કે ૨૬ થી ૩૮ કિલોમિટરનું કામ એ કયાં તબક્કે છે તો કેનાલનું ખોદકામ અને સ્ટ્રકચરના કામો ચાલુ છે.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઉકાઈ ડેમ આજથી ૩૫-૪૦ વર્ષ પહેલા આ ડેમની કામગીરી પૂર્ણ થયેલ ત્યારે દક્ષિણ ગુજરાતમાં એક-બે સુગર ફેકટરીઓ હતી. આજે દક્ષિણ ગુજરાતમાં સુગર ફેકટરીઓ વધવાના કારણે શેરડીનો ક્રોપ અને ડાંગરની ખેતીના કારણે જે પાણીની તકલીફ પડે છે એમાં હાલમાં જે કેનાલની કેપેસિટી છે એ વધારવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઉકાઈ ડેમ એ ગુજરાતનો મોટામાં મોટો ડેમ છે. એના ઈરિગેશનથી સુરત જિલ્લો અને આજુબાજુના વિસ્તારોમાં ખૂબ મોટા પ્રમાણમાં સિંચાઈ ઉપલબ્ધ થવાના કારણે ત્યાંનો મુખ્ય પાક પેર્ટન એ શેરડી છે અને શેરડીના વાવેતરમાં અને શેરડીના માટે પૂરતા જથ્થામાં ત્યાં પાણીનો ઉપયોગ થાય છે એટલે એ ડેમનું પાણી વધુ વિસ્તારને આવરી લેવા માટે અગાઉના વર્ષોમાં અમે જે કાચી કેનાલો હતી એનું કામ, લાઈનિંગ કેનાલનું કામ કર્યુ અને લાઈનિંગ કેનાલ થવાના કારણે ઈરિગેશનમાં વધારો થયો. બીજા પણ નહેર સુધારણાના કામો જરૂરિયાત પ્રમાણે, બજેટ પ્રમાણે અમે તબક્કાવાર હાથ ઉપર લઈએ છીએ અને ઉકાઈનો પૂરો કમાન્ડ પૂરી ક્ષમતાથી પાણી મળે એ માટે આયોજન કર્યુ છે અને એમાં જે શક્ય હશે એ વહેલામાં વહેલી તકે અમે કરીશું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, બે ટેન્ડરો છે એ ૨૬-૮-૨૦૦૫ અને ૫-૧૨-૨૦૦૫ આ બંને ટેન્ડરોના વર્ક ઓર્ડર ક્યારે અપાયા અને કેટલી સમય મર્યાદામાં આ કામ પૂર્ણ કરવાના હતા?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ટેન્ડરો જે બહાર પાડ્યા, એક ૨૬મીએ બહાર પાડ્યું, એક પાંચમીએ બહાર પાડ્યું, એક ૧૨મીએ બહાર પાડ્યું, એક ૧૫મીએ બહાર પાડ્યું. એ ટેન્ડરો જે બહાર પાડવામાં આવ્યાં છે એનુંપ્રમાણે ૨૩-૧-૨૦૦૬ નાં રોજ એક ટેન્ડર બહાર પડ્યું. બીજું ૨-૨-૨૦૦૬ નાં રોજ બહાર પાડ્યું, ત્રીજું ટેન્ડર ૪-૨-૨૦૦૬ નાં રોજ મંજૂર કરીને વર્ક ઓર્ડર આપ્યાં. ચોથું ૧૭-૩-૨૦૦૬ નાં રોજ કર્યુ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહિ, પહેલા બે ટેન્ડરના વર્ક ઓર્ડરની તારીખ આપો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ કામો પૂર્ણ કરવાની જુદા જુદા તબક્કા પ્રમાણે, પહેલા કેનાલના કામો થાય. સાહેબ, પેરરલ કામગીરી ચાલુ છે અને ૨૦૦૯ સુધીમાં આ કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે ઉકાઈ ડેમમાંથી કાઢવામાં આવેલ હાઈ લેવલ કેનાલનું જે કામ ચાલી રહ્યું છે એમાં કુલ કેટલો ખર્ચ થશે અને આ યોજનાથી કેટલા હેકટરને સિંચાઈનો લાભ મળશે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૫૧ કિલોમીટર લાંબી આ કેનાલ છે અને આ પહાડી વિસ્તાર છે, પથરાળ વિસ્તાર છે. ઘણી જગ્યાએ બ્લાસ્ટીંગ કરીને કામ કરવું પડે છે. ૫૧ કિલોમીટરની મેઈન કેનાલ પૂર્ણા નદી સુધી અને પૂર્ણાથી પણ અંબિકા નદી સુધીનો બીજો વધારાનો વિસ્તાર આવરી લેવા માટે ૧૦ કિલોમીટરની કેનાલ આ તમામ કામો, અત્યાર સુધી જે કામ થયા છે એ ૪૨કરોડ રૂપિયાનું આયોજન છે.

**શ્રી કિશોર વાંકાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવા માગું છું કે એમણે જે કુલ ૯ ટેન્ડરો આપ્યા છે એ કઈ કઈ એજન્સીને આપ્યા છે અને ૨૦૦૯ સુધીમાં કામ પૂરું કરવાનું કહે છે એટલે દરેક કામ ૨૦૦૯ સુધીમાં પૂરું થશે કે અલગ અલગ સમયમર્યાદામાં કામ પૂરું કરવાનું છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે ટેન્ડરો આપ્યા છે એ એજન્સીઓમાં એક આદિત્ય કન્સ્ટ્રકશન કંપની છે, એક નિયતિ કન્સ્ટ્રકશન કંપની છે, એક પી.એમ.ચપલકર કંપની છે, એક પી.એચ.,પટેલ ઈન્ફ્રાસ્ટ્રકચર છે અને એક કિસાન ઈન્ફ્રાસ્ટ્રકચર છે. ૨૦૦૮ થી માંડીને ૨૦૦૯ સુધીમાં જુદા જુદા કોન્ટ્રાકટરોને કામ પૂર્ણ કરવાની સમયમર્યાદા છે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને સિંચાઈ આપવાની વાત છે એટલે અમારા આદિવાસી ખેડૂતો માટે આનંદની વાત છે પણ ૩૦૫ ફુટ લેવલથી ૦૨૭નહેર જે કાઢવામાં આવી અને ત્યાંથી પછી ૩૦૧ ફુટની કરી દેવામાં આવી એટલે ઉંડાઈ વધારી દેવામાં આવી તેના કારણે ખેડૂતોને સીધું પાણી મળવાનું હતું તે મળી શકવાનું નથી અને બીજી વાત કે આ જે ખેડૂતોની જે નહેરમાં જમીન ગઈ છે એના સંપાદનના નાણા ખેડૂતોને અડધા ચૂકવવામાં આવ્યા છે અને અડધા પૈસા જે બાકી હતા તેમાંથી વાહનની ખરીદી કરવામાં આવેલ છે. તો વાહનો ખરીદી શકાય કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો માનનીય સભ્યશ્રીએ કહ્યું કે જમીન સંપાદનની કિંમતમાંથી વાહનની ખરીદી કરવામાં આવી એ તદ્દન સત્યથી વેગળું છે, બિલકુલ ગેરરસ્તે દોરનાર માહિતી છે.

**અધ્યક્ષશ્રી** : જે સત્ય હોય તે તમે કહો. ટીકામાં શું કરવા પડો છો?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : એમ નહીં પણ સાહેબ, એ આક્ષેપ કરે તો મારે જવાબ તો આપવો પડેને?

**અધ્યક્ષશ્રી** : જવાબ આપો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : એમને જયાંથી માહિતી મળી છે એ ખોટી માહિતી છે. જમીન સંપાદનની કાર્યવાહી ડેપ્યુટી કલેકટર મારફત થાય છે. જે જમીન સંપાદન કરવાની થાય, એની જે કિંમત થાય, તે એના હવાલે મૂકી અને ત્યાંથી રકમ ફાળવવાની હોય છે અને બીજું એમણે જે પહેલો પ્રશ્ન કર્યો કે કેનાલને નીચી કરી દેવામાં આવી છે. અગાઉ પણ આ ગૃહમાં મેં માનનીય સભ્યશ્રીઓને કહ્યું છે કે સરકારે નીતિ બનાવી છે કે જયાં સુધી ટેકનિકલ શકય હોય ત્યાં સુધી ફલો ઈરીગેશનની નવી કેનાલો નહીં બનાવવી અને ઊંડી કેનાલો બનાવવી, લિફ્ટ ઈરીગેશન કરવું જેથી પાણીનો કરકસરભર્યો ઉપયોગ ખેડૂતો કરે. પાણીનો બગાડ ન થાય માટે લિફ્ટ ઈરીગેશનની જોગવાઈ પ્રમાણે ટૅક્નીકલ રીતે એ ઉંડી કેનાલ બનાવવામાં આવી છે.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ઉકાઈ ડાબા કાંઠાનો જે કમાન્ડ એરિયા છે તે અમારા નવસારી જિલ્લાના ગંઢડીઢાળકુવાના છેવાડાના વિસ્તારમાં મેંઢોણમાઈનોર તરીકે જાણીતું છે પણ મારો વર્ષોનો અનુભવ છે કે ૧૩ પોઈન્ટ છે અને ત્યાં સુધી પૂરતા પ્રમાણમાં પાણી પહોંચી શકતું નથી. આ કાંઠા વિસ્તાર હોઈ અને ખારાપાટમાં થઈને પસાર થતો હોઈ એને જો પાણીની સુવિધા આપવામાં આવે તો કાંઠા વિસ્તારના પાણીના પ્રશ્નને ખૂબ સારી રીતે આપણે ઉકેલી શકીશું તો સરકાર એ મેંઢણમાઈનોરને અદ્યતન કરીને એમાં કોઈ સુધારાવધારા કરવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની રજૂઆત અને લાગણી બિલકુલ સાચી છે. મોટાભાગની સિંચાઈ યોજનાઓમાં આગળના ખેડૂતો કેનાલના આગળના ભાગમાં આવતા ખેડૂતો જે રીતે પાણીનો વપરાશ કરે છે એના કારણે નીચાણના છેવાડાના વિસ્તારના ખેડૂતોને પૂરતું પાણી મળી રહેતું નથી. એમાં કાંપ આવી જવાથી, ઝાડવા ઉગી જવાથી વગેરે કારણથી ફલો ધીમો પડી જાય છે.એટલે અમારો સતત પ્રયત્ન છે કે ખેડૂતો મર્યાદિત જરૂરિયાત પૂરતું પાણી વાપરે. આખા કમાન્ડ વિસ્તારના ખેડૂતોને પાણી મળી રહે, તે માટે પોતાની સમજ શક્તિથી પાણીનો વપરાશ કરે. ઝાડી, ઝાંખરા, કેનાલ સુધારાની જરૂરિયાત છે, તે અમે બજેટમાં જોગવાઈ મુજબ તબક્કાવાર હાથ ઉપર લેતા રહીએ છીએ.

**સ્વજલધારા યોજના હેઠળ ભારત સરકારની ગ્રાન્ટ**

***૩૦૮૭ શ્રી ઉદેસિંહ પું. ઝાલા (બાયડ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) સ્વજલધારા યોજના અંતર્ગત ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાનાં કામો શરૂ કરવા માટે ભારત સરકાર તરફથી પૂરતી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો ના, તો તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ રાજ્ય સરકારે શું પ્રયત્નો કર્યા છે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :**

(૧) ના જી, વર્ષ ૨૦૦૭-૨૦૦૮ થી આ યોજના ભારત સરકારે બંધ કરેલ છે.

(૨) સ્વજલધારા કાર્યક્રમ ડિસેમ્બર-૨૦૦૨ થી અમલમાં આવેલ, ત્યારબાદ આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮થી કોઈ નવિન યોજનાઓ માટે ભારત સરકાર ફંડ ફાળવણી નહિ કરે તેવો નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકારે યોજના બંધ કરતા રાજય સરકારે પોતાના બજેટમાંથી ૨૦૦૪-૦૫ થી સૅકટર રિફોર્મ (રાજય) યોજના અમલમાં મૂકી છે. આ માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૪-૦૫ થી ૨૦૦૭-૦૮ સુધીમાં રૂપિયા ૨૨,૭૧૬.૩૩ લાખનું ફંડ ફાળવેલ છે.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સ્વજલધારા યોજના કેન્દ્ર સરકારે બંધ કરી અને એની ખોટ પૂરી કરવા માટે રાજ્ય સરકારે પોતાના બજેટમાંથી સૅકટર રિફોર્મ યોજના અમલમાં મૂકી. આ સૅકટર રિફોર્મ યોજનાના કયા કયા ધોરણો છે અને કેન્દ્ર સરકાર તેમાં આર્થિક સહાય કરે છે કે કેમ? બીજો પ્રશ્ન કયા કયા જિલ્લામાં આ યોજનાનો વધુ લાભ મળ્યો?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી હું કહીશ તો ઘણા માનનીય સભ્યશ્રીઓને નહિ ગમે, પણ કેન્દ્રમાં એન.ડી.એ. સરકાર હતી, ત્યારે શ્રી અટલબિહારી વાજપેયીના જન્મ દિવસે ૨૫મી ડિસેમ્બરે આખા દેશ માટે પીવાના શુદ્ધ પાણી માટેની લોકોની ઉપલબ્ધતા વધે તે માટે ભારત સરકારે સ્વજલધારા નામની યોજના શરૂ કરી હતી અને આમાં ગુજરાત સહિત આખા દેશના તમામ રાજયો આવરી લીધા હતા. ત્યાર પછી સરકાર બદલાઈ. યુ.પી.એ. સરકાર આવી. અગાઉની આ લોકપ્રિય પ્રજાની ઉપયોગી યોજના ગયા વર્ષે બંધ કરી દીધી અને રાજ્ય સરકારને એમાંથી જે ફાળો મળતો હતો, ગ્રાન્ટ મળતી હતી તે બંધ થઈ ગઈ, પણ મને જણાવતા આનંદ થાય છે કે રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ગયા વર્ષે એવો નિર્ણય કર્યો કે ભલે ભારત સરકારે ગામડાના લોકોને પીવાના પાણીની જરૂરિયાત માટે ગ્રાન્ટ આપવાનું બંધ કર્યુ હોય, પણ ગુજરાત સરકાર એ પોતાના બજેટમાંથી, સ્વભંડોળમાંથી ચાલુ રાખશે અને એ રીતે જ્યારે આ યોજના ચાલુ હતી, ત્યારે પણ ભારત સરકારની ગ્રાન્ટની સાથે આપણા રાજય સરકારની જોગવાઈ મુજબ પણ બજેટ આપણે ઉમેરતા હતા. ભારત સરકારે યોજના બંધ કરી, ત્યારે આપણા બજેટમાં જોગવાઈ ઉમેરીને વધારે કરી અને સમગ્ર ગુજરાતના તમામ વિસ્તારો માટે આ યોજના અત્યારે અમલમાં છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર દ્વારા રાજય સરકારને દરેક યોજનામાં અન્યાય થાય છે, પણ આ તો પીવાના પાણી માટેની છેવાડાના માણસ માટેની યોજના હતી.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ફરી પૂછો અને સીધો પૂછો.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : કેન્દ્ર સરકારે આ યોજના બંધ કર્યા પછી રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને આ યોજના ચાલુ કરવા માટે પત્રવ્યવહાર કર્યો છે કે કેમ? કેન્દ્ર સરકારની ના સમજના કારણે યોજના બંધ થઈ તો ગુજરાત સરકાર કેન્દ્ર સરકાર સાથે પત્રવ્યવહાર કરી ચાલુ કરવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના જરૂરી હતી, લોકો માટે ઉપયોગી હતી, એટલા માટે ભારત સરકારમાં ગુજરાત સરકાર તરફથી અવાર-નવાર રજૂઆતો કરવામાં આવેલ છે અને જ્યારે દેશના સર્વ મુખ્યમંત્રીશ્રીઓની વડાપ્રધાનની અધ્યક્ષતામાં વર્ષે એક વાર મીટિંગ થાય છે, તો એ વાર્ષિક મીટિંગમાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ બાબતમાં રજૂઆત કરેલ છે અને કેન્દ્ર સરકારે જે જવાબ આપ્યો એ એવી રીતનો જવાબ આપ્યો છે કે અન્ય રાજ્ય જે આમાં પોતાનો ફાળો જોડી શકતા નથી. એના કારણે બીજા રાજ્યોએ કહ્યું કે અમને આ યોજના અનુકૂળ આવતી નથી. અમે મેચિંગ ગ્રાન્ટ જોડી શકતા નથી.

ગુજરાત એક આર્થિક રીતે સદ્ધર રાજય છે. તે મેચીંગ ગ્રાન્ટ જોડી શકે પણ બીજા રાજયો જોડી શકતા નથી. તો તમે તમારા પોતાના બજૅટમાંથી ઇચ્છો તો આ યોજના આગળ વધારો તેવો લેખિત જવાબ કેન્દ્ર સરકારનો ગુજરાત સરકાર ઉપર છે.

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગુજરાત સરકારે સૅકટર રિફોર્મ યોજના બનાવી ખૂબ સારી વાત છે. પણ આમાં ૧૦ ટકા લોકફાળો ગામ લોકોએ ભરવાનો થતો હોય તો આના બદલે ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ દસ ટકા સ્વીકારવા માગે છે કે કેમ? બીજું કે જે સ્વજલધારા યોજના હતી તેમાં જે કામો મંજૂર થયેલા હતા અને હવે આ યોજના કેન્દ્ર સરકારે બંધ કરી છે તો આ જે અધૂરા કામો છે તે ગુજરાત સરકાર સંભાળીને પૂરા કરશે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બે પ્રશ્નો પૂછયા છે. એક તો આમાં ૯૦:૧૦, ૧૦ ટકા લોકફાળો, જયાં જયાં પીવાના પાણી માટે ટાંકી હોય, પાઈપલાઈન હોય, સ્ટેન્ડપોસ્ટ હોય, ધોબીઘાટ હોય, જે પણ પ્રકારના ગામને અનુકૂળ અને જરૂરિયાતના કામ હોય, પીવાના પાણીના સોર્સ ઉભા કરવા

હોય, તળાવ કરવા હોય, ચેકડેમ બનાવવા હોય અને પાણીના આવરા ગામને મળતા હોય તેને સ્ટ્રેન્થન કરવા હોય તો તે બધી જોગવાઈ આમાં છે. ૯૦ ટકા રાજય સરકાર આપે છે ૧૦ ટકા લોકફાળો છે. જે એમણે માનનીય સભ્યશ્રીએ કહયું ધારાસભ્ય ફંડ આમાં આપી શકાય કે કેમ? આ આયોજનને લગતો વિષય છે એટલે એનો જવાબ સ્વાભાવિક છે હું નહીં આપી શકું. બીજું સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો કે જે કામો અધૂરા છે તે અધૂરા કામો જે હાથ ઉપર લેવાયેલા છે, મંજૂર થયેલા છે તે પણ આપણે કરી રહયા છીએ અને નવા કામો આપણે તેમાં ઉમેરી પણ રહયા છીએ.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ સ્વજલધારા યોજના જે વાસ્મો દ્વારા કરવામાં આવતી હતી તો આ વાસ્મોમાં ભારત સરકારનું કોન્ટ્રીબ્યુશન ખરું કે કેમ? તેની જગ્યાએ આ જે વૈકલ્પિક યોજના અત્યારે ભારત સરકારે મૂકી છે કે સેકટર રિફોર્મ સ્કીમ એમાં આ યોજનાનો સમાવેશ થઈ ગયો છે કે કેમ? એટલું જાણવું છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ સૅકટર રિફોર્મની વાત કરી. મુકેશભાઈ સાંભળો તો ખરા ભાઈ, આ સ્વજલધારા યોજના એન.ડી.એ.ની સરકારે અમલમાં મૂકી હતી તે પહેલાં દેશમાં પ્રાયોગિક ધોરણે સૅકટર રિફોર્મ યોજના અમલમાં મૂકી હતી. મુકેશભાઈ સૅકટર રિફોર્મ યોજના પણ એન.ડી.એ. સરકારની હતી. સૅકટર રિફોર્મ યોજના પત્યા પછી તેની સફળતા જોઈ અને માનનીય બાજપાઈજીએ સ્વજલધારા યોજના મૂકી હતી. યુ.પી.એ. સરકારે સેકટર રિફોર્મ નામની કોઈ યોજના મૂકી નથી. બીજું મને જણાવતાં એ પણ આનંદ થાય છે કે વાસ્મો સંસ્થા જે ઉભી કરી પીવાના પાણીની વ્યવસ્થા ઉભી કરવા ભારત સરકારની કે રાજય સરકારની જે ગ્રાન્ટો ઉપલબ્ધ થાય તેને લોકભાગીદારીથી આગળ વધારવા માટે વાસ્મો નામની જે સંસ્થા ઉભી કરી તે પણ આખા દેશની અંદર ફકત ગુજરાત સરકારે આવી સંસ્થા ઉભી કરી છે અને અત્યારે વાસ્મો દ્વારા કામો ચાલે છે, વાસ્મોની કામગીરી ચાલુ જ છે અને કોઈ યોજના તેની પાસેથી લીધી નથી અને તેની કાર્યવાહી ચાલુ છે.

### માનસરોવર યાત્રામાં યાત્રાળુઓને મળવાપાત્ર રકમ

***૨૮૪૨ શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર (મહુધા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) ૨૦૦૬ અને ૨૦૦૭ના વર્ષમાં રાજયમાંથી કૈલાસ માનસરોવર યાત્રામાં કેટલા યાત્રાળુઓએ ભાગ લીધો,

(૨) આ યાત્રાળુઓને મળવાપાત્ર રૂપિયા ૨૦,૦૦૦-૦૦ની રકમ રાજય સરકાર કેટલા યાત્રાળુઓને ચૂકવી,

(૩) જો આવી રકમ ન ચૂકવાઈ હોય તો, તેના કારણો શાં છે, અને

(૪) કેટલા સમયમાં તે ચૂકવવામાં આવશે?

**યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી :**

(૧) ૨૦૦૬ અને ૨૦૦૭માં રાજયમાંથી કૈલાસ માનસરોવર યાત્રામાં અનુક્રમે ૧૮૯ અને ૧૯૬ યાત્રિકોએ ભાગ લીધો.

(૨) (૩) અને (૪) આ યાત્રિકોને મળવાપાત્ર આર્થિક સહાય ટૂંક સમયમાં ચૂકવી આપવામાં આવશે.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આ આપણા સામી પાટલી બેઠેલા સાથી મિત્રો પાટલી થપથપાવવામાં બહુ માહીર છે. આ યાત્રાળુઓને બે વર્ષથી રકમ મળી નથી તો કયારે આપવા માગો છો? બીજું કે આ જે યાત્રાળુ જાય તે યાત્રાળુઓને એડવાન્સ રકમ આપવા માગો છો કે કેમ? અને તેમાં રકમમાં વધારો કરવા માગો છો કે કેમ? આપ તો હિન્દુઓનું બહુ ખેંચો છો તો આ બધું કરવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ ન. વ્યાસ**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની જે વાત છે તે પ્રમાણે ૨૦૦૬-૦૭ના માનસરોવર યાત્રીઓને ચૂકવવાના પૈસા બાકી છે અને નિરંજનભાઈ તેમાં શેઈમ શેઈમનો સવાલ નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય સભ્યશ્રીઓને કહેવું છે કે, આ યાત્રાળુઓને ચૂકવવાના થતા પૈસા એને સરકાર કોઈ ચૂકવણી કે રાહત કે સબસિડી એ રીતે જોતી નથી. આ એક અતિ પવિત્ર યાત્રા છે અને એના યાત્રિકોને ચેક મોકલી આપીએ તો એ યોગ્ય ન લાગે અને અત્યાર સુધીમાં ચૂંટણીના કારણે આચાર સંહિતા હતી એટલે જો આ પવિત્ર કાર્યક્રમ પણ કર્યો હોત પણ આ ભાવના સાથે જોડાયેલો કાર્યક્રમ છે, ત્યારે માનનીય સભ્યશ્રીઓને મારે કહેવું છે કે, માન સરોવર યાત્રા એ દરેક હિન્દુ સંસ્કૃતિમાં માનતી વ્યકિત માટે જીવનની એક ચરમસીમાએ લઈ જતી યાત્રાની અનુભૂતિ છે અને એની યાત્રાએ જઈને જે લોકો આવે છે એને આ ચેક પોસ્ટમાં મોકલી આપીએ એ અમને એમની ભાવનાને ઠેસ પહોંચાડવા જેવું લાગે છે અને એટલા માટે આ રકમ નથી અને ફરીથી માનનીય સભ્યશ્રીઓને હું કહેવા માગું છું કે, આને રકમ તરીકે ન જુએ, આ રકમ નથી, આ સરકારશ્રી એમની ભાવનાઓનું અભિવાદન કરવા માગે છે એ રીતે આ સમગ્ર બાબતને લેવી જોઈએ અને એટલા માટે અમે આ ચૂકવણી કરવા માટેની અમારી તૈયારી આજે પણ છે અને વહેલામાં વહેલીતકે આ પૈસા ચૂકવવા માટે સરકારની તૈયારી છે પણ એ માટે અમે આ યાત્રાએ જે જઈને આવ્યા છે, જે ધન્યભાગી યાત્રાળુઓ છે જે માનસરોવરના દર્શનથી પવિત્ર થવાય એ યાત્રાએ જઈને જે યાત્રાળુઓ આવ્યા છે એમના દર્શન કરી પવિત્ર થઈને એમને રૂબરૂમાં અમે અભિવાદન કરવા માગીએ છીએ અને એટલા માટે આ વિલંબ થયો છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬ના નાણાં બાકી છે, સંસ્કૃતિનો કોઈનો ઈજારો નથી, જે યાત્રા કરીને આવ્યા હોય એના ઘરે દર્શન કરવા પહોંચી જવું જોઈએ, પોલીટીક્લ માઈલેજ લેવા માટે પરટીકયુલર વ્યકિતના હાથે અપાવીને ઉત્સવ કરવા માટે વિલંબ થાય છે એ વિલંબ કરવાના બદલે તાત્કાલિક આ નાણાં ૨૦૦૦૦ રૂપિયા મળતા હોય એ યાત્રા કરવા ગયેલા માણસને એ સમયે જરૂર હોય, ૨૦૦૮માં નહીં, તો તાત્કાલિક ચૂકવાય. વ્યકિત પ્રસિદ્ધિ પ્રશંસામાંથી બહાર નીકળીને ચૂકવાય, (અંતરાય) માનનીય મંત્રીશ્રીએ બહુ લાંબું પ્રવચન કર્યુ અને એમણે ભૂમિકા બાંધી એમાંથી આ પ્રશ્ન ઊભો થયો છે. (અંતરાય) હજુ તો ચાર મિનિટ થઈ છે..

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ, પ્રશ્નની ચર્ચાની અગત્યતા હું સમજું છું અને પૂરતો સમય આપીશ પણ મારી સૌને વિનંતી છે કે પ્રશ્નનો હાર્દ, પ્રશ્નની પવિત્રતા એમાંથી સ્પષ્ટપણે કહી શકો, માત્ર દોષારોપણ થતા હોયને એ તમે રોકી શકો છો એટલું કરો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એ છે કે, ૨૦૦૬ના નાણાં આપણે ૨૦૦૮માં આવ્યા ત્યાં સુધી ચૂકવી નથી શક્યા, આ નાણાં તાત્કાલિક એમને ઘરે બેઠાં એમના ઘરે જઈને સન્માન કરીને, દર્શન કરીને આપી શકાય, એ કયાં સુધીમાં કરવા માગો છો ?

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાને કેટલીક હકીકતો હું એમને આપવા માગું છું, પણ એમની જે ગેરસમજ કદાચ હોય, હું નથી માનતો પણ સમજપૂર્વકની ગેરસમજ દૂર કરી શકાતી નથી, પણ જે વાત છે તે વાત આ છે કે ૨૦૦૬ની સાલ છે એટલે એના નાણાં ચૂકવવાનો સમય ૨૦૦૭ આવે અને એ સમયે ચૂંટણીની આચાર સંહિતા હતી. તા. ૫-૯-૦૬, પાંચમી સપ્ટેમ્બર, ૨૦૦૬ને હજુ બે વર્ષ નથી થયાં. ૫-૯-૦૬ના રોજ છેલ્લી ચૂકવણી કરવા માટેનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો અને ૨૦૦૫ના ૧૭૪ યાત્રિકોનું અભિવાદન કરીને આ પૈસા આપ્યા છે. આ વખતે પણ આ કરી શકાયું હોત પણ એ વખતે જો કર્યું હોત તો ઇલૅક્શનની આચાર સંહિતાના અમલના કારણે નહીં કરી શકાયું હોત અને ત્યાર પછી આ વિધાનસભાનું સત્ર આવ્યું એટલે એમાં વિલંબ થયો છે. એક નાની વાત મારે એમને કહેવી છે કે, રાજયના મુખ્યમંત્રીશ્રીના હાથે કોઈને નાનું અમથું વળતર આપવાનું હોય, (અંતરાય) એમાં સફર થવાની વાત જ નથી. ફોટા તો મુખ્યમંત્રી હોય એના પડે એમાં કાંઈ નવું નથી. સાહેબ, મને ખબર નથી પડતી કે, વિરોધ પક્ષના માનનીય સભ્યશ્રીઓને ફોટો ફોબિયા થયો છે કે શું? ફોટો જુએ છે અને ભડકે છે એટલે આમાં જો એક નાનો ચેક કોઈને આપવાનો હોય તો એવો આપણે આગ્રહ રાખીએ કે મુખ્યમંત્રીશ્રી કેમ જાતે જઈને ન આપે? કોઈ લઠ્ઠાકાંડમાં મરણ થયા હોય ત્યારે તમે અપેક્ષા રાખો કે મુખ્યમંત્રીશ્રી જઈને આપે અને યાત્રાળુઓને મુખ્યમંત્રીશ્રી જઈને નહીં આપે તો કોણ આપવાનું છે? We would like to honour him at the highest level.

**શ્રી રજનીકાંત સો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ કૈલાસ માન સરોવર યાત્રા એ પ્રત્યેક શિવ ભક્ત માટે અનન્ય અને ખૂબ ધન્યતા અનુભવાય એવી યાત્રા છે ત્યારે માનનીય મંત્રીશ્રી જણાવવાની કૃપા કરે કે, આ યાત્રા ખૂબ ખર્ચાળ છે, જોખમી છે આવા યાત્રિકોને વીમાનું કવચ પૂરું પડાય છે કે કેમ, અને જો ન પડાતું હોય તો આવનારા સમયમાં એ પૂરું પાડવામાં આવશે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની વાત સાચી છે જોખમી યાત્રા છે અને એટલા માટે આ યાત્રામાં આકસ્મિક સંજોગોમાં કોઈ મૃત્યુ પામે તો ગુજરાત સરકારે એક લાખનું વીમાનું કવચ પૂરું પાડેલું છે.

## સામૂહિક આરોગ્ય કેન્દ્રનું મંજૂર કરેલુ મહેકમ

***૨૮૩૬ શ્રી રણછોડભાઈ ક. મેર (ધંધુકા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાના કયા કયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, જિલ્લા પંચાયત સંચાલિત દવાખાના મિડવાઈફ સબસેન્ટરો, મેલેરિયા સહિતના અન્ય આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ કેટલું છે, અને

(૨) હાજર મહેકમ કેટલું છે, આ જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૩) આ જગ્યાઓ ન ભરવાના કારણો શાં છે, અને કેટલા સમયમાં ભરવામાં આવશે?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) મંજૂર મહેકમ

| તાલુકાનું નામ | સા.આ. કેન્દ્ર | પ્રા.આ. કેન્દ્ર | મીડ વાઈફ સબ સેન્ટર | મેલેરીયા વિભાગ | જિ. પંચાયત સંચાલિત આયુર્વેદીક દવાખાના તથા અન્ય |
|---|---|---|---|---|---|
| ધંધુકા | સા.આ. કે. | ધોલેરા-૬ | ૭ | ૪ | અડવાળા-૧ |
| | ધંધુકા-૫૦ | ભડીયાદ-૬ | ૭ | ૭ | સાંઢીડા-૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | પીપળી-૬ | ૭ | ૩ | ઓતારીયા-૧ |
| | પી.પી. યુનીટ-૯ | વાગડ-૬ | ૧૧ | ૭ | - |
| બરવાળા | | બરવાળા-૬ | ૮ | ૬ | - |
| | | ભીમનાથ-૬ | ૫ | ૫ | - |
| રાણપુર | સા.આ. કેન્દ્ર રાણપુર-૨૭ | જાળીલા-૬ | ૧૪ | ૯ | સુંદરીયાળા-૧<br>ઉચડી-૧ |

(૨) હાજર મહેકમ

| તાલુકાનું નામ | સા.આ.કેન્દ્ર | પ્રા.આ. કેન્દ્ર | મીડ વાઈફ સબ સેન્ટર | મેલેરીયા વિભાગ | જિ. પંચાયત સંચાલિત આયુર્વેદીક દવાખાના તથા અન્ય |
|---|---|---|---|---|---|
| ધંધુકા | સા.આ.કે. | ધોલેરા-૧ | ૭ | ૨ | અડવાળા-૦ |
| | ધંધુકા-૨૬ | ભડીયાદ-૨ | ૭ | ૩ | સાંઢીડા-૦ |
| | | પીપળી-૩ | ૭ | ૩ | ઓતારીયા-૦ |
| | પી.પી. યુનીટ-૧ | વાગડ-૩ | ૧૧ | ૫ | - |
| બરવાળા | | બરવાળા-૩ | ૮ | ૪ | - |
| | | ભીમનાથ-૪ | ૫ | ૩ | - |
| રાણપુર | સા.આ. કેન્દ્ર રાણપુર-૧૩ | જાળીલા-૪ | ૧૪ | ૫ | સુંદરીયાળા-૦<br>ઉચડી-૧ |

જગ્યાઓ ક્યારથી ખાલી છે, તે અંગેના પત્રક અ. અ-૧, બ, ક, સામેલ છે.

**પત્રક-અ**

ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાના સામૂહિક
આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | સંવર્ગનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | સામુહિક આરોગ્ય કેન્દ્રો | |
|---|---|---|---|---|
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૩ | ૪-૫-૦૪, ૧-૧૧-૦૬ | ૨૮-૨-૯૦ |
| ૨ | ઓર્થોપેડીક સર્જન | ૧ | ૨૦-૧૧-૯૯ | - |
| ૩ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૧ | - | ૨૬-૧૨-૦૭ |
| ૪ | એક્સ-રે ટેક્નીશીયન | ૧ | - | ૬-૭-૦૫ |
| ૫ | જુની. ફાર્માસીસ્ટ | ૧ | ૨૮-૧૨-૦૭ | - |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | સ્ટાફનર્સ | ૮ | ૧૬-૬૦૬ થી (૫) | ૨૧-૭-૦૬, ૧૦-૫-૦૭, ૨૭-૮-૦૭ |
| ૭ | સીનીયર ક્લાર્ક | ૧ | ૨૫-૧૨-૦૭ | - |
| ૮ | વોર્ડ સરવન્ટ | ૯ | ૬-૧૧-૯૯ થી (૮) | ૧૯૯૮ થી |
| ૯ | સ્વીપર | ૩ | ૭-૧૯૯૮(૨) | ૪-૧૦-૦૭ |
| ૧૦ | ડ્રેસર | ૧ | ૩૧-૧૧-૯૯ | - |
| ૧૧ | આયા | ૧ | - | ૩-૧૧-૦૪ |
| ૧૧ | પાર્ટ ટાઈમ સ્વીપર | ૨ | - | ૧૯૮૯થી (૨) |
| ૧૨ | પાર્ટ ટાઈમ ચોકીદાર | ૨ | - | ૨-૮-૦૫, ૨૨-૧૦-૦૫ |
| ૧૩ | સીનીયર આસીસ્ટન્ટ | ૨ | ૧૫-૨-૦૭ | ૧-૪-૦૫ તબદીલ |
| ૧૪ | જુનીયર ક્લાર્ક | ૧ | ૨૭-૨-૦૪ | - |
| ૧૫ | હેડનર્સ | ૧ | ૧૯-૯-૦૭ | - |

પત્રક-અ (૧)

સામૂહિક આરોગ્ય કેન્દ્ર ધંધુકા, પી.પી. યુનીટ વર્ગ-૧થી ૪ની વિગત દર્શાવતુ પત્રક

| અ.નં. | સંવર્ગનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | પી.પી.યુનીટ, ધંધુકા |
|---|---|---|---|
| ૧ | ગાયનેકોલોજીસ્ટ વર્ગ-૧ | ૧ | ૩૧-૧૦-૦૧ |
| ૨ | બાળ રોગ નિષ્ણાંત વર્ગ-૧ | ૧ | ૨૦-૧૧-૯૯ |
| ૩ | લેબોરેટરી ટેક્નીશીયન | ૧ | ૧-૬-૦૭ |
| ૪ | એ.એન.એમ. | ૧ | ૩૦-૧૨-૦૫ |
| ૫ | હેલ્થ વીઝીટર | ૧ | ૩૦-૬-૦૨ |
| ૬ | ફિલ્ડ વર્કર | ૧ | ૧૯૮૯ થી |
| ૭ | સીનીયર ક્લાર્ક | ૧ | ૧૬-૬-૯૬ |
| ૮ | ઓટી એટેન્ડેન્ટ | ૧ | ૧૫-૨-૯૭ |

પત્રક-બ

ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ખાલી જગ્યાની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | સંવર્ગનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | ધંધુકા | | | | બરવાળા | | રાણપુર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ધોલેરા | ભડીયાદ | પીપળી | વાગડ | બરવાળા | ભીમનાથ | જાળીયા |
| ૧ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૧ | - | ૨-૯-૦૬ | - | - | - | - | - |
| ૨ | લેબોરેટરી ટેક્નીશીયન | ૧ | ૧૮-૮-૦૭ | - | - | - | - | - | - |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ફાર્માસીસ્ટ | ૨ | ૨૭-૧૨-૦૪ | ૨૦-૧૧-૦૧ | - | - | - | - | - |
| ૪ | ડ્રાઈવર | ૭ | ૧૧-૪-૯૪ | ૧-૪-૯૮ | ૧-૬-૯૦ | ૧-૬-૦૪ | ૧-૪-૯૫ | ૧-૧૧-૯૪ | ૧-૬-૮૯ |
| ૫ | વોર્ડ સરવન્ટ | ૬ | ૪-૩-૦૪ | - | ૧-૬-૦૪ | ૧-૬-૦૪ | ૧-૪-૯૫ | ૧-૪-૦૩ | ૧-૧૧-૦૭ |
| ૬ | આયા | ૫ | ૧-૫-૯૭ | ૧-૬--૯૦ | ૧-૬-૦૪ | ૧-૬-૦૪ | ૧-૪-૯૫ | - | - |

પત્રક-ક

ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાના મિડવાઈફ સબ સૅન્ટર/મેલેરિયા/જિલ્લા પંચાયત સંચાલિત આયુર્વેદ દવાખાના/અન્ય આરોગ્ય કેન્દ્રોમાની ખાલી જગ્યાની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | સંવર્ગનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | ધંધુકા | | | | બરવાળા | | રાણપુર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ધોલેરા | ભડીયાદ | પીપળી | વાગડ | બરવાળા | ભીમનાથ | જાળીયા |
| **મેલેરીયા** | | | | | | | | | |
| ૧ | મેલેરીયા સવેલન્સ ઈન્સ્પેક્ટર | ૫ | ૩૦-૧-૦૭ | ૨૯-૨-૦૫ | - | - | ૩૦-૪-૦૨ | ૩૧-૮-૯૧ | ૩૦-૬-૯૯ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૨ | લેબોરેટરી ટેક્નીશીયન | ૦ | - | - | - | - | - | - | - |
| ૩ | મલ્ટી પરપઝ હેલ્થ વર્કર (પુરૂષ) | ૧૧ | ૧-૭-૯૪ | ૩૧-૫-૯૨<br>૩૦-૯-૯૪<br>૧૭-૧૦-૯૫ | - | ૩૦-૯-૯૪<br>૧-૭-૯૫ | ૫-૨-૦૬ | ૩૦-૯-૯૪ | ૩૧-૩-૯૦<br>૩-૫-૯૫<br>૭-૨-૦૬ |
| **જિલ્લા પંચાયત સંચાલિત તથા અન્ય આયુર્વેદ દવાખાના** | | | | | | | | | |
| | | | અડવાળ | સાઢીડા | ઓતારીયા | - | - | - | સુંદરીયાણા |
| ૧ | મેડીક્લ ઓફીસર, વર્ગ-૨ | ૪ | ૧૧-૨૦૦૬ | ૧૯૯૨ | ૯-૨૦૦૭ | - | - | - | ૨૦૦૨થી |

**નોંધ: મિડવાઈફ સબ સૅન્ટરમાં કોઈ જગ્યા ખાલી નથી.**

(૩) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ ન થવાથી યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ.

**શ્રી રણછોડભાઈ ક. મેર** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ધંધુકા તાલુકામાં જે હોસ્પિટલમાં ૧૯૯૦થી જગ્યાઓ ખાલી થતી રહી છે આ જગ્યાઓ ગરીબ પ્રજાના હિતાર્થે ભરવી જોઈએ પણ આપણે ભરી શક્યા નથી ત્યારે મારે એ જાણવું છે. આ જગ્યાઓ ખરેખર કેટલા સમયમાં ભરવામાં આવશે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો જે ખ્યાલ છે કે ૧૯૯૦થી આ જગ્યાઓ ખાલી છે એ હકીકતો સાથે સુસંગત નથી. અધિક્ષકની જગ્યા ૨૦૦૪થી ખાલી છે, સિનિયર આસિસ્ટન્ટની ૨૦૦૭થી ખાલી છે, સિનિયર કલાર્કની જગ્યા ૨૦૦૭થી ખાલી છે, હેડ નર્સની ૨૦૦૭થી ખાલી છે, ફાર્માસિસ્ટની ૨૦૦૭થી ખાલી છે અને એ એક એક જગ્યાઓ ખાલી છે. એટલે એક જગ્યા ભરેલી છે એક ખાલી છે. અમૂક જગ્યાઓ જ્યાં સુધી ડૉકટરોને લાગે-વળગે છે ત્યાં સુધી ઉપલબ્ધિ માટે મેં અગાઉ પણ આ સન્માનીય ગૃહને કહ્યું છે કે, અમે અત્યારે રિક્રુટમેન્ટ આયુર્વેદિક ડૉકટરોના અને હોમિયોપેથીક ડૉકટરોનું અત્યારે ચાલે છે અને જી.પી.એસ.સી. પાસેથી અમને એમ.બી.બી.એસ. વર્ગ-૨ ડૉકટરો માટેનું લિસ્ટ મળ્યું છે એ મુજબ ડૉકટરોની જગ્યા વર્ગ-૨ને લાગે વળગે છે ત્યાં સુધી વહેલામાં વહેલીતકે ભરવાનો અમારો પ્રયત્ન છે. વર્ગ-૧ની જગ્યા ભરવા બાબતમાં અમારી મુશ્કેલીઓ છે. અને એ મુશ્કેલીઓ છે એટલે વર્ગ-૧ની જગ્યાઓ નથી ભરી શકાતી અને એમાં વોક-ઈન ઈન્ટવ્યુ પણ રાખીએ છીએ અને માગે ત્યાં આપવાની અમારી તૈયારી છે. પણ પૂરતી સંખ્યામાં પોસ્ટ ગ્રૅજ્યુએટ ક્વૉલિફિકેશનવાળા ડોકટર્સ ઉપલબ્ધ નથી એટલે આ પરિસ્થિતિ થાય છે. અને એ પરિસ્થિતિનો અંશતઃ ઉકેલ પણ અમે શોધી કાઢ્યો છે. ચિરંજીવ યોજના નીચે ઈન્સ્ટીટયુશનલાઈઝ ડિલવરી થાય તે માટે ખાનગી નર્સિંગ હોમમાં પણ જો પ્રસૂતા બહેનને લઈ જઈને સુવાવડ કરાવવામાં આવે તો ગરીબીની રેખા નીચે જીવતી બહેનો માટે આ એક સવલત વધારાની ઉપલબ્ધ કરી છે. કારણ કે, બહેનો માટેની આ પ્રાથમિક જરૂરિયાત છે અને અન્ય કિસ્સાઓમાં પણ પ્રાઈવેટ પબ્લિક પાર્ટનરશીપના ધોરણે શું થઈ શકે તે અંગેની અત્યારે મોડેલ વિચારણામાં લેવા માગીએ છીએ અને કયાંય પણ માનનીય સભ્યશ્રીઓને કોઈને પણ કોઈ પોસ્ટ ગ્રૅજ્યુએટ ક્વૉલિફિકેશનવાળા ડૉકટરને જો સરકારી નોકરીમાં જોડાવવું છે એવો કંઈ ખ્યાલ હોય તો એને તરત નિમણૂંક આપવા માટેની અમારી તૈયારી અને પ્રયત્ન રહેશે.

## પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આયુર્વેદિક ડૉક્ટરની નિમણૂંક

***૩૪૪૯ શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજયમાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મૅડિકલ ઑફિસરો તરીકે આયુર્વેદિક ડૉકટરોની ફિક્સ પગારથી નિમણૂંકો કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આયુર્વેદિક ડૉકટરો, એલોપથીક દવાઓ વાપરી શકતા નથી છતાં નિમણૂંકો કરવાના કારણો શા છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી**

(૧) હાજી,

(૨) નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત આયુષ સ્કીમ હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે વધારાના કરાર આધારિત આયુર્વેદ તબીબોને મૂકવામાં આવેલ છે. તેઓને આયુર્વેદ દવાઓ પૂરી પાડવામાં આવેલ છે, જેથી આયુર્વેદિક સારવાર આપી શકશે, ઉપરાંત તેઓ રાષ્ટ્રીય કાર્યક્રમોના અમલીકરણમાં મદદરૂપ થઈ શકે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે ખૂબ દુઃખ સાથે કહેવું પડે છે કે, જે માહિતી અપાઈ છે એ બિલકુલ સત્યથી વેગળી અપાઈ છે. મારા મિત્રો ઘણા ગ્રામ્ય વિસ્તારના છે એટલે હું સાચી હકીકત એમના ધ્યાને મૂકવા માગું છું. મારા જવાબ-૨ ની અંદર લખેલું છે કે, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે વધારાના કરાર આધારિત આયુર્વેદ તબીબોને મૂકવામાં આવે છે. આની પહેલાં પણ મેં માનનીય મંત્રીશ્રીના ધ્યાન પર મૂકેલું કે જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે એની અંદર આજે પણ જિલ્લા પંચાયત મારફતે દવાઓ અપાય છે એ એલોપથી દવાઓ અપાય છે. જે ડૉકટરો મૂકાય છે એ આયુર્વેદ ડૉકટરો મૂકાય છે પી.એચ.સી.ની અંદર, એ કાયદાથી વિરુદ્ધ છે, એમને જ્યારે ઑર્ડર આપવામાં આવે છે ત્યારે સ્પષ્ટ અંદર લખવામાં આવે છે કે, તમે આ એલોપથી દવા વાપરી શકશો નહિ. છતાંય પી.એચ.સી.ની અંદર ગ્રામ્ય વિસ્તારમાં આ આયુર્વેદ ડૉકટરો મૂકાય છે. એની દવાઓ બધી જ એલોપથીની છે મેં જાતે આ દવાખાનાની મુલાકાત લીધેલી છે અને ત્યારપછી હું માનનીય મંત્રીશ્રીના ધ્યાન પર એ વાત મૂકવા માગું છું કે, ખરેખર ગ્રામ્ય વિસ્તારના લોકોને આપણે એનું મોં બાંધીને મારવાની આ પ્રવૃત્તિ શરૂ થઈ છે એના કરતાં ત્યાં બે જગ્યાઓ ઊભી કરો. પી.એચ.સી.ની અંદર એક આયુર્વેદિક ડૉકટર રહે અને બીજા એની સાથે એમ.બી.બી.એસ. એટલે મૅડિકલ ઑફિસર રહે. આમ બે જગ્યાઓ ઊભી થાય તો આ સારવાર થઈ શકે. આ તો ફક્ત આપણે જગ્યાઓ ભરવા પૂરતી જ ભરીએ છીએ. હું માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે, એક તો પી.એચ.સી.ની અંદર આપણે આયુર્વેદિક ડૉકટરો મૂકીએ છીએ ત્યાં આયુર્વેદની દવાઓ અપાતી નથી કાં તો દવાઓ અપાય અને એના માટે એક અલગથી જગ્યા ઊભી કરીને સારવાર માટેની જોગવાઈ કરવા માગો છો કે કેમ, બીજું, જે ગ્રામ્ય વિસ્તારની અંદર મોટાભાગના પી.એચ.સી. અને સી.એચ.સી. બન્નેની અંદર કાં તો સ્ટાફ નર્સની ખાલી જગ્યાઓ હોય છે, કાં તો મેલેરિયા માટેનો સ્ટાફ હોય છે એની જગ્યાઓ ખાલી હોય છે એ જગ્યાઓ પણ ભરાતી નથી. સમજ્યા કે એમ.બી.બી.એસ. ડૉકટરની જગ્યા ન મળે પણ બાકીની જગ્યાઓ પર ભરાતી નથી. જે જગ્યાઓ પી.એચ.સી.ની અંદર ખાલી છે એ વહેલીતકે આયુર્વેદ ડૉકટરો સિવાયની જગ્યાઓ ભરવા માગે છે કે કેમ અને જે આયુર્વેદિક ડૉકટરો છે એના નિમણૂંક ઑર્ડરમાં જે શરત મૂકેલી છે એમાં કોઈ બાંધછોડ કરવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ ચાર મુદ્દાઓ એમના પ્રશ્નમાંથી ઉપસ્થિત થાય છે. મુદ્દો પહેલો, જેનો જવાબ સરળ છે કે આયુર્વેદિક ડૉકટરોને એલોપથી તરીકેની પ્રૅક્ટિસ કરવા દેવા માટેની મંજૂરી સરકાર આપવા માગે છે કે નહિ તો જવાબ સ્પષ્ટ ના છે. એ આપી શકાય નહિ અને એ કાયદાની જોગવાઈઓ મુજબ થઈ શકે પણ નહિ. સાથે સાથે એ વાત પણ હું માનનીય સભ્યશ્રીને કહેવા માગું છું કે, એમનું એ અવલોકન પણ સાચું છે કે, ૪૩૯ જગ્યાઓ જ્યાં આયુર્વેદિક ડૉકટરો મૂકવામાં આવ્યા છે ત્યાં એલોપથીના ડૉકટરોની જગ્યા ખાલી છે. માનનીય સભ્યશ્રીની એ વાત સાચી છે અને એ વાત સાચી છે ત્યારે એની સાથે હું મારી બીજી વાતને જોડવા માગું છું અને જે મેં અગાઉ પણ કહી છે કે, જે અમને ભરતી માટેનું લિસ્ટ મળ્યું છે એની અત્યારે ચકાસણી અને એના માટેની તપાસની વિગતો હાથ ધરાઈ રહી છે અને ત્યાં એમ.બી.બી.એસ. ડૉકટરો શકય તેટલી જગ્યાઓમાં ૩૧ મે પહેલાં મૂકવાનો અમારો પ્રયત્ન છે અને રહેશે. એટલે એ જગ્યાઓમાં જ્યાં આયુર્વેદિક ડૉકટરો છે અને એમાં એલોપથીક ડૉકટરની જગ્યા ખાલી છે ત્યાં શકય તેટલી બનતી ત્વરાએ એ જગ્યા ભરાય તે માટેનો અમારો પ્રયત્ન રહેશે અને એ પ્રયત્નના બાદ હું માનનીય સભ્યશ્રીને ત્રીજી વાત કહેવા માગું છું કે, બે પ્રકારની જવાબદારી ડૉકટરોની હોય છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના દવાખાનામાં જ્યાં મૅડિકલ ઑફિસર રજા પર હોય એ ખાલી જગ્યાના કારણે પ્રિવેન્ટીવ વર્ક તેમજ વહિવટી કામગીરીમાં મુશ્કેલી હોય તો સંબંધિત વિભાગીય મુખ્ય નિયામક અથવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સાથે પરામર્શમાં રહીને એલોપથીક કયોરિટિવ સિવાયની તમામ પ્રકારની પ્રિવેન્ટીવ અને પ્રમોટીવ કામગીરી તો આયુર્વેદિક ડૉકટરો કરી જ શકે છે. Nobody prevents him from taking up the promotive and preventive work as far as the Ayurvedic doctors are concerned. એટલે મેલેરિયા નાબૂદી યોજના, માતૃ બાળ કલ્યાણ કાર્યક્રમ, immunisation, કુટુંબ કલ્યાણ

કાર્યક્રમ, રક્તપિત્ત નિવારણ કાર્યક્રમ, અતિસાર નિયંત્રણ તથા અન્ય ચેપી રોગ નિયંત્રણ કાર્યક્રમ, પોષણ કાર્યક્રમ, અંધત્વ નિવારણ કાર્યક્રમ વિગેરે રાષ્ટ્રીય કાર્યક્રમોમાં ફરજ બજાવતાં કર્મચારીઓ જેવા કે મલ્ટીપર્પસ આરોગ્ય વર્કર, હેલ્થ visitor ANM, Ophthalmic Assistant Leprosy Worker ટી.બી.સુપરવાઈઝર આ બધાની માફક આરોગ્ય ખાતા સાથે જોડાયેલાં આયુર્વેદિક ડોકટરોનું પણ preventive કામ માટે અને curative કામ માટે એમ બે વિભાગમાં કહીએ તો curative પાર્ટ પર તે દવાઓ નથી લખી શકતાં પણ preventive કામગીરી કરવા માટેની કામગીરી તે કરે છે. તે ઉપરાંત They have also been trained and they are permitted that in the event of emergency where there is a danger to the life of a person. તો તેને બાટલો ચડાવવો હોય તો તે કરી શકે છે. એટલે મારું એટલું જ કહેવાનું છે કે અમારો પ્રયત્ન છે અને આયુર્વેદિક ડોકટરોની જગ્યાએ એમ.બી.બી.એસ.ડોકટરની જગ્યા ખાલી હોય ત્યાં મૂકવા જોઈએ તે વાત સાથે હું પૂરેપૂરો સંમત છું. પણ અત્યારે ના મામા છે તેના કરતાં કાણામામા અડધો કામ કરે છે તે અત્યારે આપણે આપ્યાં છે અને બાકીની કામગીરી વહેલી તકે પૂરી થાય તેના માટેની વ્યવસ્થા કરીશું.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરજીભાઈ બાવળીયાને દુ:ખ હતું મને આનંદ છે..

**અધ્યક્ષશ્રી** : આપને આનંદ હોય તો સીધો પ્રશ્ન પૂછો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, કેટલાય દવાખાના ડોકટરો વિનાના ખાલી છે ત્યારે અને ડોકટરોની માનસિકતા ગામડાંઓમાં જવાની નથી ત્યારે મારે એક સૂચન કરવું છે કે જે રીતે આયુર્વેદિક ડોકટરોને નિમણૂક કરવામાં આવે છે તે રીતે નવી જે ફેકલ્ટી છે હોમીયોપેથીક તેમાંથી પણ અનેક ડોકટરો બહાર નીકળા છે ત્યારે આ હોમીયોપેથીક ડોકટરોને ગ્રામ્ય વિસ્તારોમાં ખાસ નિમણૂક આપવા સરકાર માગે છે કે કેમ ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારનો એક વિભાગ ચાલે છે માનનીય આત્મારામભાઈની ચિંતા છેક દિલ્હી સુધી પહોંચી છે. ભારત સરકારે એક આયુષ કરીને વિભાગ ચાલુ કર્યો છે અને હોમીયોપેથીક ડોકટરોનો અત્યારે ભરતીનો કાર્યક્રમ ચાલી રહ્યો છે એટલે હોમીયોપેથીક ડોકટરોની જે જગ્યાઓ હશે તે ભરવા માટેની કામગીરી અમે વિભાગ દ્વારા હાથમાં લીધી છે અને તે શકય તેટલી વહેલી ત્વરાએ ભરાય અને જે તે મૂકવા પાત્ર હોય ત્યાં હોમીયોપેથીક ડોકટર મૂકાય તે માટેની કામગીરી અત્યારે હાથ ઉપર છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, આયુર્વેદિક ડોકટરો જે નિમણૂક થાય તે એલોપેથી દવા વાપરી શકે નહીં. તો તેમાંથી એક પ્રશ્ન ઉભો તે થાય છે કે ગ્રામ્ય વિસ્તારની અંદર જે આયુર્વેદ ડોકટરો અને હોમીયોપેથી ડોકટરો છે તે એલોપેથી દવાઓ આપે છે તો રાજય સરકાર તેને માટે કોઈ પગલાં લેવા માગે છે કે કેમ? બીજું માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે જે ૪૨૯ જેવી જગ્યાઓ છે આયુર્વેદિક ડોકટરોથી ભરવામાં આવી છે. હવે તે જગ્યા જે છે પીએચસીની ભરાયેલી દેખાશે. રેકર્ડ ઉપર ભરાયેલી દેખાશે હવે ત્યાં એમ.બી.બી.એસ.ડોકટરની બીજી કદાચ પસંદગી થાય તો પણ તેનાં બીજાને ત્યાં મૂકી શકશે નહીં તો તેને માટેની કોઈ જોગવાઈ કરવા માગે છે કે કેમ ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં બે જગ્યા હોય આયુર્વેદિક ડોકટરની હોય અને એલોપેથીક ડોકટરની પણ હોય પહેલી વાત અને બીજું એવી કોઈ જગ્યા કે જ્યાં એક જ જગ્યા હશે અને ભરાઈ ગઈ હોય તો તેને બદલી કરીને તેની જગ્યાએ મૂકીશું. આ સરળ વાત છે, વહીવટી પ્રક્રિયાનો ભાગ છે. ત્યાર પછીની બીજી વાત છે આયુર્વેદિક ડોકટર એલોપેથી દવાઓ નહીં આપી શકે અને તે પ્રકારનું પ્રિસ્ક્રિપ્સન ના લખી શકાય તે હકીકત છે અને તે પ્રમાણેની કોઈ માહિતી માનનીય સભ્યશ્રી પાસે હોય તો માહિતી આપે તો તે અંગે આપણે તપાસ કરાવી લઈશું.

### જામનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટેની કામગીરી

***૩૧૬૩ શ્રીમતી વસુબેન ત્રિવેદી (જામનગર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લામાં સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમિયાન તા.૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે શું કામગીરી હાથ ધરવામાં આવી, અને

(૨) આ માટે છેલ્લાં બે વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ રાજય સરકારે કેટલી ગ્રાન્ટ આપી અને તે માટે જિલ્લા તંત્રએ કેટલો ખર્ચ કર્યો ?

**પ્રવાસન મંત્રીશ્રી**

(૧) જામનગર જિલ્લામાં સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમિયાન તા.૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે હાથ ધરેલ કામગીરીની વિગતો અનુક્રમે પત્રક-૧ અને પત્રક ૨ મુજબ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ રાજય સરકારે રૂા.૩૧૫.૦૦ લાખ ગ્રાન્ટ આપી છે અને જિલ્લા તંત્રએ રૂા.૧૪૩.૮૬ લાખનો ખર્ચ કરેલ છે.

## પત્રક-૧

## જામનગર જિલ્લામાં સને ૨૦૦૬-૨૦૦૭ ના પ્રવાસન સ્થળોની કામોની વિગતો

| ક્રમ | પ્રવાસન સ્થળનું નામ | કામની વિગત |
|---|---|---|
| ૧ | ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર તા. ભાણવડ | બાલક્રિડાંગણ, ચેન્જરૂમ, સાઈનબોર્ડ, રેલીંગ/ફ્લોરીંગ |
| ૨ | શનિ મંદિર, હાથલા, તા. ભાણવડ | ફ્લોર પેવીંગ, સાઈન બોર્ડ, ઘાટ પગથિયા, સી.સી. રોડ |
| ૩ | મોજે હાથલા, તા. ભાણવડ | તળાવ ઉંડુ કરવાનું કામ |
| ૪ | બાલાચડી બીચ મોજે, બાલાચડી, તા. જોડીયા | રેસ્ટ હટસ નંગ-૬, રેઈનબસેરાની બાજુમાં કમ્પાઉન્ડ વોલ, લેવલીંગ તથા સફાઈ કામ, બીચ ઉપર ગ્રાઉન્ડ લેવલીંગ તથા સફાઈ |
| ૫ | પીંડતારક કુંડ, મોજે, પીંડારા | પીંડારા ગામથી પીંડતારક કુંડ સુધીનો રસ્તા રીપેરીંગ |
| ૬ | મોટીગોપ, તા. જામજોધપુર | મંદિર સુધી જવા માટે પગથીયા તથા રેલીંગ |
| ૭ | ગોપ મંદિર (મોટીગોપ) | ગોપડુંગરથી તળેથી ટોચ ઉપર જવા માટે ૮૦૦ મીટરના રસ્તાનું કામ |
| ૮ | બેટ દ્વારકા, તા. દ્વારકા | પરીક્મા માર્ગમાં સી. સી. રોડ, બેઠકથી ગુરૂદ્વારા થી તુલસી ચોરા સી.સી.રોડ, હાજીકીરમાણી પીરની દરગા પાસે સી.સી. રોડ, તુલસી ચોરાથી કેશવરાયના મંદિર સુધી સી.સી. રોડ, મંદિરથી હનુમાન દાંડી સુધી ડામર રોડ બનાવવાનું કામ. |
| ૯ | સીવરાજપુર બીચ, તા. દ્વારકા | બીચ સુધીના જવા માટેનો રસ્તો બનાવવા બાબત |
| ૧૦ | પીંડતારક કુંડ, મોજે પીંડારા | પીંડારા તળાવ રીપેરીંગ |
| ૧૧ | મોડપર કીલ્લો, મોડપર, તા. ભાણવડ | મોડપર કીલ્લા સુધી જવા માટેના ટ્રેકનું રીપેરીંગ |
| ૧૨ | ગુલાબસાગર તળાવ, તા. ભાણવડ | ગુલાબસાગર તળાવના રોડ તથા રેલીંગ બનાવવા બાબત |
| ૧૩ | બાલાચડી બીચ, મોજે બાલાચડી, તા. જોડીયા | ટેકરી ઉપર પગથિયા તથા રેલીંગ |
| ૧૪ | બેટ દ્વારકા, તા. દ્વારકા | જેટીની મંદિર સુધીના રસ્તા ઉપર પી.વી.સી. રોડ તેયાર કરવા |
| ૧૫ | સાઈન બોર્ડ | હાઈવે પર સાઈન બોર્ડ મુકવા |
| ૧૬ | ઉમિયા મંદિર, સિંદસર, તા. જામજોધપુર | સિંદસર ખાતે પંચવટી ગાર્ડનમાં બાલ ક્રિડાંગણ સાધનો |
| ૧૭ | સસોઈડેમ, તા. લાલપુર | સેનીટેશન, પીવાના પાણી, કેમ્પ, સ્ટોર રૂમ, પાર્કિંગ વગેરેની સુવિધા |
| ૧૮ | મોડપર કિલ્લો મોજે મોડપર, તા. ભાણવડ | મોડપર પીકઅપ સ્ટેન્ડ પર વન કુટીર |
| ૧૯ | ઘુમલી, તા. ભાણવડ | ઘુમલી મોખાણ રોડ ઉપર વન કુટીર |
| ૨૦ | હર્ષદ મંદિર, તા. કલ્યાણપુર | હર્ષદ મંદિર પાસે સોડીયમ લાઈટ મુકવા બાબત |
| ૨૧ | ઉમીયા મંદિર, સિદસર | નદીકાંઠા સી.સી. રોડ ઉપર ઈલેક્ટ્રીક પોલ તથા લાઈટીંગ |
| ૨૨ | ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી, જામનગર | મેડીકો ટુરીઝમ હેઠળ પંચકર્મ કન્સલ્ટેશન કમ સારવાર યુનિટ |
| ૨૩ | નરારા ટાપુ, તા. ખંભાળીયા | ડબલ લેયર ફેબ્રીક્સ દરવાજા, મચ્છર નેટ, ગ્રાઉન્ડ સીડ, હેમર કીટ, એમ.એસ. ફોલ્ડીંગ કોલ સાથેના ટેન્ટ નંગ. ૧૦ની, ખરીદી સાઈનીંગ બોર્ડ નંગ-૧૦, ટેલીસ્કોપ નંગ-૧૦, |
| ૨૪ | ખીજડીયા પક્ષી, અભ્યારણ, જામનગર | ડબલ લેયર ફેબ્રીક્સ દરવાજા, મચ્છર નેટ, ગ્રાઉન્ડ સીડ, હેમર કીટ, એમ.એસ. ફોલ્ડીંગ કોલ સાથેના ટેન્ટ નંગ. ૧૦ની, ખરીદી સાઈનીંગ બોર્ડ નંગ-૧૦, ટેલીસ્કોપ નંગ-૧૦, મોડલ ઓફ હારમની ઓફ બર્ડસ, ઈન્ટર પ્રીટેશન સેન્ટરમાં ટ્રાન્સ લાઈટ, ઈન્ટરપ્રીટેશન સેન્ટરમાં પક્ષીઓ તથા તેમના માઈગ્રેશન રૂટ અંગેના અલગ અલગ ચાર્ટ |
| ૨૫ | દ્વારકા શહેર | દ્વારકા ખાતે જોધામાણેક ચોકથી ગોમતીઘાટ સુધી સી.સી.રોડ, સનસેટ પોઈન્ટ ખાતે સ્ટ્રીટ લાઈટ, બ્રહ્મકુંડ વોટર સરક્યુલર સીસ્ટમ, કડલાસ કુંડ, હરિકુંડ |
| ૨૬ | દ્વારકા શહેર | બાલક્રિડાંગણના સાધનો |

## પત્રક-૨

## જામનગર જિલ્લામાં સને ૨૦૦૭-૨૦૦૮ ના પ્રવાસન સ્થળોની કામોની વિગતો

| ક્રમ | કામની વિગત |
|---|---|
| ૧ | લેવટરી બ્લોક, હાથલા, તા. ભાણવડ |
| ૨ | લેવટરી બ્લોક, ભાણવડ, તા. ભાણવડ |
| ૩ | સ્ટેટ હાઈવેથી મંદિર સુધી રસ્તો, સપડા, જામનગર |
| ૪ | ચોર્યાસી ધુણાથી ત્રિકા સાહેબની જગ્યા સુધી મેટલ રોડ |
| ૫ | હાજી, કિરમાણી દરગાહની પદતતાલ સુધી રોડ |
| ૬ | પીલગીમેજ રોડ, હનુમાન, દાંડી બેટદ્વારકા તા. દ્વારકા |
| ૭ | પીલગીમેજ રોડ, હનુમાન, દાંડી બેટદ્વારકા તા. દ્વારકા |
| ૮ | પીલગ્રીમેજ રોડ, સલિયા, બાડા જામનગર |
| ૯ | પીલગ્રીમેજ રોડ, સપડા જામનગર |
| ૧૦ | પીલગ્રીમેજ રોડ, તા. ભાણવડ |
| ૧૧ | પીલગ્રીમેજ રોડ, હાથલા, ભાણવડ |
| ૫૦. | માંડવી શહેરના વીન્ડફાર્મ પાસે ટ્રી પ્લાન્ટેશનનું આયોજન જેમાં દરિયા કિનારે ઉછેરી શકાય તેવા વૃક્ષોને ટ્રી ગાર્ડ સાથે વાવેતર તથા ઉછેરવાની કામગીરી, માંડવી તાલુકો |
| ૫૧. | માંડવી શહેરના વીન્ડફાર્મ પાસે સીટીંગ એરેજમેન્ટ - અંતર્ગત દરિયા કિનારાના બીચ પર અધ્યયન ફાઈબર રોડની બેઠક વ્યવસ્થા, માંડવી તાલુકો |
| ૫૨. | માંડવી શહેરના વીન્ડફાર્મ પાસે લાઈટીંગ વ્યવસ્થા દરિયા કિનારે સુંદર દશ્ય જોઈ શકાય તે માટે બીચ પર ૩૦.૦૦ મીટર ઉંચા લાઈટીંગ પોસ્ટ ગોઠવવાની કામગીરી, માંડવી તાલુકો |
| ૫૩. | માંડવી શહેરના વીન્ડફાર્મ પાસે પીવાની પાણી માટે વોટર કુલરની વ્યવસ્થા, માંડવી તાલુકો |
| ૫૪. | માંડવી શહેરના વીન્ડફાર્મ પાસે પ્લે ગ્રાઉન્ડ અંતર્ગત બાળકોના રમતગમતના સાધનો ગોઠવવાની કામગીરી, માંડવી તાલુકો |
| ૫૫. | દેશલપર વાંઢાય રામકુંડની વાવ સુધારવાનું કામ, ભુજ તાલુકો |
| ૫૬. | માધાપર પાસે આવેલ ગંગેશ્વર મંદિર પાસે બાંકડા અને બોર, ભુજ તાલુકો |
| ૫૭. | નારાયણ સરોવર ખાતે સનસેટ પોઈન્ટ, પાણીની લાઈન અને રોડ, લખપત તાલુકો |
| ૫૮. | માતાનામઢ ગામે ચાચરકુંડ પાસે બગીચો, પગદંડી, નેચરલ લેન્ડ સ્કેપીંગ, ફાઉન્ડેશન, લખપત તાલુકો |
| ૫૯. | પીંગલેશ્વર પાસે સોલર સ્ટ્રીટ લાઈટ, અબડાસા તાલુકો |
| ૬૦. | ધોળાવીરા ફોસીલ્સને રક્ષીત કરવા માટે કાંટાની વાડ, ભચાઉ તાલુકો |
| ૬૧. | ધોળાવીરા મુકામે ઈન્ટર પ્રીટીશન સેન્ટર ખાતે લાઈટ, ટોયલેટબ્લોક, સાઈન બોર્ડ અને બગીચો બનાવવા માટે, ભચાઉ તાલુકો |
| ૬૨. | રાપર મધ્યે ત્રિકમસાહેબની જગ્યાએ પે એન્ડ યુઝ જાહેર શૌચાલય (૫.૦૦ લાખ), અન્ડર ગ્રાઉન્ડ પાણીની ટાંકી (૦.૫૦ લાખ) તથા સોલાર લાઈટીંગ નંગ-૪ (૧.૦૦ લાખ), રાપર તાલુકો |
| ૬૩. | ચિત્રોડ મધ્યે ત્રિકમસાહેબની જગ્યાએ જાહેર શૌચાલય (૨.૫૦ લાખ), પાણીની ટાંકી (૧.૫૦ લાખ) તથા પીવાના પાણીનો બોર (૨.૦૦ લાખ) તથા પ્રાંગણમાં સીમેન્ટનું ગ્રાઉન્ડ (૨.૨૦ લાખ) |

---------

## રાજ્યમાં દવાના ઉત્પાદકો

૩૧૮૩ **શ્રી આત્મારામ મ.પરમાર (ગઢડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** | |
|---|---|---|
| (૧) રાજ્યમાં દવાના કેટલા ઉત્પાદકો છે, અને | (૧) ૩૨૩૫ | |
| | પોતાનું ઉત્પાદન ધરાવતા એકમ | ૧૩૪૯ |
| | લોનપરવાનેદારો | ૧૮૮૬ |

(૨) તે પૈકી જી.એમ.પી. કોમ્પ્લાયન્સ ધરાવતા કેટલા એકમો છે તથા ડબલ્યુ. એચ. ઓ. જી.એમ.પી. ધરાવતા કેટલા એકમો છે.

(૨)

| | |
|---|---|
| જી.એમ.પી. કોમ્પ્લાયન્સ ધરાવતા એકમો | ૧૦૦૨ |
| ડબલ્યુ.એચ.ઓ.જી.એમ.પી. ધરાવતા એકમો | ૩૧૮ |

---------

**રાજ્યમાં થયેલ એમ.ઓ.યુ.**

૧૬૮૫ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ડીસેમ્બર-૨૦૦૭ ની સ્થિતિએ નવરાત્રી મહોત્સવ અને પતંગ મહોત્સવ દ્વારા કેટલા રૂપિયાના એમ.ઓ.યુ. સાઈન થયા,

(૨) સરકારને આ બન્ને મહોત્સવ પાછળ કેટલો ખર્ચ કરવો પડયો,

(૩) એમ.ઓ.યુ. થયેલ હોય તે અંતર્ગત કેટલા ઉદ્યોગો કાર્યરત થયા, અને

(૪) આના લીધે કેટલા બેરોજગારોને ઉદ્યોગોમાં નોકરી મળી ?

**જવાબ**

(૧) રાજ્યમાં ડીસેમ્બર-૨૦૦૭ ની સ્થિતિએ નવરાત્રી મહોત્સવ અને પતંગ મહોત્સવ દરમ્યાન એમ.ઓ.યુ. સાઈન કરવામાં આવતા નથી.

(૨) સરકારે આ બંને મહોત્સવ પાછળ નીચે મુજબ ખર્ચ કરવો પડ્યો છે.

| | |
|---|---|
| આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ, ૨૦૦૭ | ૩૫૮.૬૩ |
| વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવ, ૨૦૦૭ | ૦.૦૦ |
| કુલ ખર્ચ : | ૩૫૮.૬૩ (અંકે રૂપિયા ત્રણસો અઠ્ઠાવન લાખ ત્રેસઠ હજાર પુરા) |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યમાં સરકારી આયુર્વેદ દવાખાનામાં દવાનો પુરવઠો**

૩૧૮૫ **શ્રી અનિલકુમાર પટેલ(મહેસાણા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં આવેલ સરકારી આયુર્વેદિક દવાખાનાઓમાં દવાઓનો પુરવઠો નિયમિત રીતે પુરો પાડવા સરકારે તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તે પાછળ કેટલો ખર્ચ ક્ર્યો ?

**જવાબ**

(૧) હા, જી.

રાજ્યની સરકારી આયુર્વેદ ફાર્મસી રાજપીપળા તથા વડોદરા તેમજ સરકારી વનસ્પતિ એકત્રિકરણ કેન્દ્રો તથા સરકાર માન્ય ફાર્મસી ગુજરાત આયુર્વેદિક વિકાસ મંડળ ફાર્મસી તેમજ ડાંગ જિલ્લા આયુર્વેદ સહકારી ફાર્મસી મારફતે દવાઓનું ઉત્પાદન કરી સરકારી આયુર્વેદ દવાખાનાઓ અને હોસ્પિટલોને તેમની જરૂરિયાત મુજબની દવાઓનો પુરવઠો નિયમિત રીતે પુરો પાડવાનું સરકારશ્રી દ્વારા આયોજન કરવામાં આવેલ છે તેમજ ભારત સરકારની સહાય મેળવી રાજ્યની સરકારી આયુર્વેદ ફાર્મસી રાજપીપળા તથા વડોદરાનું G.M.P. ના નોર્મ્સ મુજબ આધુનિકરણ કરી ઓષધોના ઉત્પાદનમાં વધારો કરવામાં આવેલ છે તથા ભારત સરકારની સહાય દ્વારા પણ દવાઓ સરકારી દવાખાનાઓને પૂરી પાડવામાં આવે છે.

(૨) તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી આયુર્વેદ દવાઓ પાછળ રૂા. ૭ કરોડ ૨૧ લાખનો ખર્ચ કરેલ છે.

---------

## જૂનાગઢ જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટેની કામગીરી

૩૧૬૫ **શ્રી લવજીભાઈ ઠા.રાજાણી (માળીયા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે શું કામગીરી હાથ ધરવામાં આવી; અને

(૨) આ માટે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ આપી છે અને તે માટે જિલ્લા તંત્રએ કેટલો ખર્ચ કર્યો ?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે કુલ-૨૯ કામો હાથ ધરવામાં આવેલ છે. જેની વિગતો અનુક્રમે પત્રક - ૧ અને પત્રક-૨ મુજબ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ રાજ્ય સરકારે રૂા. ૪૧૫.૦૦ લાખ ગ્રાન્ટ આપી છે અને જિલ્લા તંત્રએ રૂા. ૨૯૭.૨૬ લાખનો ખર્ચ કરેલ છે.

**પત્રક - ૧**

**જૂનાગઢ જિલ્લામાં સને ૨૦૦૬-૦૭ ના પ્રવાસન સ્થળોના કામની વિગત**

| ક્રમ | પ્રવાસન સ્થળનું નામ | કામની વિગત |
|---|---|---|
| ૧. | અંબાજી | ફોક્સ સાઇડ |
| ૨. | ઝફર મેદાન | ફોક્સ સાઇડ |
| ૩. | વાંસોજ | બર્ડ સેન્ચ્યુરી |
| ૪. | ખડીયા | જૈવિક વિવિધતા તથા પ્રાકૃતિક શિક્ષણ કેન્દ્ર |
| ૫. | એટ અક્ષયગઢ | ટૂરીસ્ટ એમિનીટીસ |
| ૬. | જામવાળા | ટૂરીસ્ટ એમિનીટીસ |
| ૭. | અહેમદપુર માંડવી | ટૂરીસ્ટ એમિનીટીસ |
| ૮. | બિલખા | ટૂરીસ્ટ એમિનીટીસ |
| ૯. | ઉપર કોટ | ટૂરીસ્ટ એમિનીટીસ |
| ૧૦. | સરસાઇ | ટૂરીસ્ટ એમિનીટીસ |
| ૧૧. | અજાબ | ટૂરીસ્ટ એમિનીટીસ |
| ૧૨. | તલાલા | ટૂરીસ્ટ એમિનીટીસ |
| ૧૩. | ગુપ્ત પ્રયાગ | ટૂરીસ્ટ એમિનીટીસ |
| ૧૪. | ખોરાસા | ટૂરીસ્ટ એમિનીટીસ |
| ૧૫. | ઓપેરા હાઉસ | રીનોવેશન |
| ૧૬. | પેવે. બિલ્ડીંગ | રીનોવેશન |
| ૧૭. | ફેન્સીંગ | હયાતવાયર ફેન્સીંગની કામગીરી |
| ૧૮. | પ્રાંચી | ટૂરીસ્ટ એમિનીટીસ |
| ૧૯. | વાંકીયા ડુંગર રોડ | કામગીરી |
| ૨૦. | દેલવાડા પ્રયાગ રોડ | પ્રયાગ રોડ |
| ૨૧. | સુદર્શન તળાવ | ડેવલપમેન્ટ |
| ૨૨. | રેસ્ટ હાઉસ | રીનોવેશનના કામો |
| ૨૩. | ગાંઠીલા | ટોઇલેટ બ્લોક |
| ૨૪. | ઉપરકોટ | ઇન્ટરનલ રોડ |

**પત્રક-૨**

**જૂનાગઢ જિલ્લામાં સને ૨૦૦૭-૦૮ ના પ્રવાસન સ્થળોના કામની વિગત**

| ક્રમ | પ્રવાસન સ્થળનું નામ | કામની વિગત |
|---|---|---|
| ૧. | ગુપ્ત પ્રયાગ | પ્રવાસી માટે સુવિધા |
| ૨. | ખોરાસા | પ્રવાસીઓ માટે સુવિધા |
| ૩. | ગાંઠીલા | ટોઇલેટ બ્લોક |
| ૪. | જામનગર મહાપાલીકા | વિકાસના કામો |
| ૫. | સોમનાથ | ચોપાટી વિકાસ |

---------

## હેન્ડપંપના રીપેરીંગનો ખર્ચ

૨૪૫૮ **શ્રી તુષારસિંહ ક.મહારાઉલ (દેવગઢ બારિયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવગઢ બારીઆ તાલુકામાં તા. ૩૧-૦૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષોથી હેન્ડપંપ રીપેરીંગની કામગીરી કઇ એજન્સી દ્વારા કરાવવામાં આવે છે; અને | (૧) તા. ૩૧-૦૧-૦૬ થી તા. ૩૦-૦૪-૦૭ સુધી શ્રી એમ. એ. બુટ્ટા, ગોધરા જિ. પંચમહાલ દ્વારા તથા તા. ૦૧-૦૫-૦૭ બાદ ૪૭ ગામોના હેન્ડપંપ રીપેરીંગની કામગીરી સબંધિત ગ્રામ પંચાયત મારફતે અને બાકીના ગામોમાં શ્રી એમ. એ. બુટ્ટા, ગોધરા જિ. પંચમહાલ દ્વારા કરાવવામાં આવે છે. |
| (૨) આ કામ માટે કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૧૧.૭૦ લાખ |

---------

## રાજ્યમાં ચાલતા સિન્થેટીક દુધનું વેચાણ

૩૧૮૨ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા(રખિયાલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સિન્થેટીક દુધનું વેચાણ ચાલી રહ્યું છે તે સરકાર જાણે છે; અને | (૧) રાજ્યમાં સિન્થેટીક દુધનું વેચાણ થતું હોય તેવો એકપણ કિસ્સો સરકારના ધ્યાને આવેલ નથી. |
| (૨) જો હા, તો સરકારે આ અંગે શાં પગલાં લીધા કે લેવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## સુરતમાં ભારે પુરના કારણે રોગચાળો અટકાવવા ખરીદેલ જંતુનાશક દવાઓ

૩૨૪૪ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત શહેરમાં આવેલ ભારે પૂરના કારણે રોગચાળો અટકાવવા કેટલી રકમની જંતુનાશક દવાઓની ખરીદી કરી છંટકાવ કરવામાં આવ્યો, અને | (૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત શહેરમાં ભારે પુર આવેલ ના હોઇ આ હેતુ માટે જંતુનાશક દવાઓ ખરીદવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) આવી જંતુનાશક દવાની ખરીદી અને છંટકાવવામાં ગેરરીતિ થઇ છે તેવી કેટલી ફરીયાદો મળી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## શહેરી ગરીબો માટે વ્યક્તિગત શૌચાલયોના નિર્માણ કાર્યનું આયોજન

૩૧૮૦ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં શહેરી ગરીબો માટે રાજ્ય સરકારે વ્યક્તિગત શૌચાલયોનું નિર્માણ કાર્યનું આયોજન થયેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં કેટલા વ્યક્તિગત શૌચાલયોનું નિર્માણ કાર્ય પૂર્ણ થયેલ છે; અને | (૨) તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં કુલ-૭૬,૮૮૩ વ્યક્તિગત શૌચાલયોનું નિર્માણ કાર્ય પૂર્ણ થયેલ છે. |
| (૩) હજી વધારે કેટલા વ્યક્તિગત શૌચાલયોનું નિર્માણ કાર્ય હાથ પર લેવામાં આવનાર છે ? | (૩) ૪૦,૫૪૧ વ્યક્તિગત શૌચાલયોનું નિર્માણ કાર્ય હાથ પર લેવામાં આવેલ છે. |

---------

## અકસ્માત / આત્મહત્યાની સારવાર ફી

૩૪૦૧ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં અકસ્માતોમાં ઈજા થઈ હોય, આત્મહત્યામાં મહિલાઓ સારવાર હેઠળ હોય, ખેડુતો જેઓએ આત્મહત્યા કરી હોય અને તેઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ હોય તો તેમની સારવાર ફી માં માફીની પધ્ધતિ અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો ના, તો કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો એનો અમલ થાય છે કે કેમ ? | (૩) હા, જી. |

---------

## પાવાગઢ અને ચાણોદને યાત્રાધામ તરીકે વિકસાવવા બાબત

૩૫૮૧ **શ્રી મોહસિંહ છો.રાઠવા(જેતપુર પાવી) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) યાત્રાધામ પાવાગઢ અને ચાણોદને વિકસાવવા રાજ્ય સરકારે તા. ૩૧/૧/૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું શું પ્રયત્નો કર્યા, | (૧) યાત્રાધામ પાવાગઢ અને ચાણોદનો રાજ્ય સરકાર હસ્તક્ના પવિત્ર યાત્રાધામ કે દેવસ્થાનો (મંદિરો)ની યાદીમાં સમાવેશ થયેલ નથી. |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) યાત્રાધામ ચાણોદનો વિકાસ પ્લાન ક્યારે મંજૂર કરવામાં આવ્યો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## પાટણ જિલ્લાના સાંતલપુર, સમી, હારીજ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરોની ઘટ

૩૫૩૨ **શ્રી ભાવસિંહ રાઠોડ (સમી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લાના અંતરીયાળ સાંતલપુર, સમી અને હારીજ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ઉપર એમ.બી.બી.એસ. ડોકટરોની તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) પાટણ જિલ્લાના અંતરીયાળ સાંતલપુર, સમી અને હારીજ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ઉપર એમ.બી.બી.એસ. ડોકટરોની તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કુલ ૨ જ્ગ્યાઓ નીચેની વિગતે ખાલી છે.

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જ્ગ્યા |
|---|---|---|
| ૧. | સાંતલપુર | ૦ |
| ૨. | સમી | ૧ |
| ૩. | હારીજ | ૧ |
| | **કુલ...** | **૨** |

**પ્રશ્ન**

(૨) આ ખાલી જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરવા સરકાર વિચારે છે ?

**જવાબ**

(૨) આ ખાલી જ્ગ્યાઓ વહેલી તકે ભરવામાં આવશે. દરમ્યાન વૈકલ્પિક વ્યવસ્થા રૂપે હાલ આયુર્વેદ તબીબી અધિકારીને કરાર આધારિત નિમણૂંક આપી ખાલી જ્ગ્યાઓ ભરવામાં આવેલ છે.

---------

## સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મુળી તાલુકાના સી.એચ.સી., પી.એચ.સી. અને જિલ્લા પંચાયત સંચાલિત દવાખાના, મીડવાઈફ સબ સેન્ટરો, મેલેરિયાનું મહેકમ

૩૬૦૮ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા(હળવદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મુળી તાલુકામાં ક્યા ક્યા સામુહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, જિલ્લા સંચાલિત દવાખાના, મીડવાઈફ સબ સેન્ટરો, મેલેરિયા સહિતના અન્ય આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ કેટલું છે,

(૧) **મંજૂર મહેકમ**

| તાલુકો | સામુહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | મીડ વાઈફ સબ સેન્ટર | મેલેરિયા વિભાગ | આયુર્વેદ ડીસ્પેન્સરી |
|---|---|---|---|---|---|
| હળવદ | હળવદ-૨૭ | મયુર-નગર-૯ | ૬ | ૧ | રણમલ પુર-૧ |
| | | માથક-૯ | ૭ | -- | સુસવાવ-૧ |
| | | ટીકરરણ-૯ | ૮ | -- | સાપકડા-૧ |
| મુળી | મુળી-૨૭ | ટીકરપર-૯ | ૬ | ૧ | લીયા-૧ |
| | | સરા-૯ | ૫ | -- | સરલા-૧ |
| | | વગડીયા-૯ | ૫ | ૧ | -- |

(૨) હાજર મહેકમ કેટલું છે,

| તાલુકો | સામુહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | મીડ વાઈફ સબ સેન્ટર | મેલેરિયા વિભાગ | આયુર્વેદ ડીસ્પેન્સરી |
|---|---|---|---|---|---|
| હળવદ | હળવદ-૧૮ | મયુર-નગર-૨ | ૫ | -- | રણમલ પુર-૦ |
| | | માથક-૨ | ૫ | -- | સુસવાવ-૦ |
| | | ટીકરરણ-૪ | ૫ | -- | સાપકડા-૦ |
| મુળી | મુળી-૧૮ | ટીકરપર-૩ | ૬ | ૧ | લીયા-૦ |
| | | સરા-૩ | ૫ | -- | સરલા-૦ |
| | | વગડીયા-૧ | ૫ | ૧ | -- |

(૩) આ જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૩) સામુહિક આરોગ્ય કેન્દ્રો પત્રક-અ
પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પત્રક-બ
સબ સેન્ટર/મેલેરિયા/આયુર્વેદિક પત્રક-ક

(૪) આ જગ્યાઓ ન ભરવાના કારણો શાં છે, અને

(૪) વર્ગ-૩ની ફીડર કેડરમાં કર્મચારી ઉપલબ્ધ ન થવાથી તેમજ લાયકાત ધરાવતા ઉમેદવારો ન મળવાના કારણે

(૫) કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૫) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ.

**પત્રક-અ**

**હળવદ અને મુળી તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્રની ખાલી જ્ગ્યાની વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | સંવર્ગનું નામ | ખાલી જ્ગ્યાની સંખ્યા | સામુહિક આરોગ્ય કેન્દ્રોના નામ | |
|---|---|---|---|---|
| | | | હળવદ | મુળી |
| | | | કઈ તારીખથી ખાલી | કઈ તારીખથી ખાલી |
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૨ | ૨૫/૫/૨૦૦૦ | ૧૫/૨/૦૧ |
| ૨ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૧ | -- | ૩૧/૮/૦૬ |
| ૩ | લેબોરેટરી ટેક્નીશીયન | ૧ | ૧૦/૬/૦૪ | -- |
| ૪ | સ્ટાફનર્સ | ૪ | ૮/૬/૦૬<br>૩૧/૫/૦૭ | ૧૨/૯/૦૬<br>૯/૫/૦૪ |
| ૫ | સીનીયર ક્લાર્ક | ૨ | ૧૮/૮/૦૩ | ૫/૭/૦૨ |
| ૬ | ઓપ્થલ્મીક આસીસ્ટન્ટ | ૨ | ૩૧/૫/૦૭ | ૩/૭/૦૬ |
| ૭ | પટાવાળા | ૧ | -- | ૧૩/૧૨/૦૬ |
| ૮ | વોર્ડ સરવન્ટ | ૧ | -- | ૧૦/૪/૦૪ |
| ૯ | ડ્રેસર | ૨ | ૧૫/૩/૮૮ | ૧/૪/૮૯ |
| ૧૦ | પાર્ટ ટાઈમ સ્વીપર | ૨ | ૪/૭/૦૧ (૨) | -- |

**પત્રક-બ**

**હળવદ અને મુળી તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ખાલી જગ્યાની વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | સંવર્ગનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના નામ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | હળવદ | | | મુળી | | |
| | | | મયુરનગર | માથક | ટીકર રણ | ટીકર પર | સરા | વગડીયા |
| ૧ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૧ | -- | -- | -- | -- | ૧-૬-૦૭ | -- |
| ૨ | લેબોરેટરી ટેક્નીશીયન | ૩ | ૨૯-૭-૦૩ | -- | -- | ૧-૧-૦૫ | -- | ૧૫-૯-૦૫ |
| ૩ | ફાર્માસીસ્ટ | ૨ | -- | ૧-૪-૦૫ | -- | -- | -- | ૧૫-૯-૦૫ |
| ૪ | ડ્રાઇવર | ૪ | ૨૦૦૪ | ૩૦-૪-૦૬ | ૧-૪-૦૨ | -- | -- | ૧૫-૯-૦૫ |
| ૫ | વોર્ડ સરવન્ટ | ૬ | ૧-૩-૯૫ | ૧-૩-૯૫ | ૧-૩-૯૫ | ૧-૩-૯૫ | ૧-૩-૯૫ | ૧૫-૯-૦૫ |
| ૬ | આયા | ૫ | ૧-૩-૯૫ | ૧-૩-૯૫ | -- | ૧-૩-૯૫ | ૧-૩-૯૫ | ૧૫-૯-૦૫ |
| ૭ | પાર્ટ ટાઇમ સ્વીપર | ૧૨ | ૧-૩-૯૫(૨) | ૧-૩-૯૫(૨) | ૧-૩-૯૫(૨) | ૧-૩-૯૫(૨) | ૧-૩-૯૫(૨) | ૧૫-૯-૦૫(૨) |

**નોંધ** :- ઉક્ત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતેની સીનીયર ક્લાર્કની (૬) જગ્યાઓ બ્લોક કચેરી ખાતે તા. ૧-૪-૦૫થી તબદીલ કરેલ છે.

**પત્રક-ક**

**હળવદ અને મુળી તાલુકાના સબ સેન્ટર/મેલેરીયા/જિલ્લા પંચાયત આયુર્વેદ/અન્ય દવાખાનાની ખાલી જગ્યાની વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | સંવર્ગનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | સબ સેન્ટર | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | હળવદ | | | મુળી | | |
| | | | મયુરનગર | માથક | ટીકર રણ | ટીકર પર | સરા | વગડીયા |
| ૧ | ફીમેલ હેલ્થ વર્કસ | ૬ | ૧૨-૨-૦૭ | ૧૨-૧૦-૦૭<br>૧૨-૧૧-૦૭ | ૧-૧-૦૫<br>૧-૭-૦૫<br>૨૮-૭-૦૬ | -- | -- | -- |
| **મેલેરીયા** | | | | | | | | |
| ૧ | મેલેરીયા સર્વેલન્સ ઇન્સ્પેક્ટર | ૧ | ૩૧-૧-૦૪ | -- | -- | -- | -- | -- |
| **આયુર્વેદિક વિભાગ** | | | | | | | | |
| | | | રણમલપર | સુસવાવ | સાપકડા | લીયા | સરલા | |
| ૧ | આયુર્વેદિક તબીબી અધિકારી | ૫ | ૧/૨૦૦૫ | ૨/૨૦૦૨ | ૯/૨૦૦૬ | ૧૧/૨૦૦૬ | ૮/૨૦૦૭ | |

---------

## કિશોરીઓમાં લોહતત્વની ખામી

**૨૨૦૪ શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કિશોરીઓમાં રહેલ લોહતત્વની ખામીના નિવારણ માટે સરકારે કોઇ પગલાં લીધેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગત શી છે ? | (૨) રાજ્યમાં કિશોરીઓની લોહતત્વની ઉણપ દુર કરવા માટે એડોલેસેન્ટ ગર્લ્સ એનીમિયા ક્ન્ટ્રોલ પ્રોગ્રામ રાજ્યની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ચાલે છે. આ કાર્યક્રમ અંતર્ગત શાળામાં અભ્યાસ કરતી ૧૦૦૩૫૫૪ બાળાઓને આવરી લેવામાં આવેલ છે. |

---------

## ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા પ્રોજેક્ટોની ગ્રાંટ

**૩૩૪૧ શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા સન ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમ્યાન તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં ડાકોર યાત્રાધામ માટે ક્યા વિકાસકામો, પ્રોજેક્ટોને કેટલી રકમની ગ્રાંટ ફાળવવામાં આવી,

(૨) આ પ્રોજેક્ટોના કામકાજો ક્યા તબક્કે છે; અને

(૩) અત્યાર સુધીમાં આ પ્રોજેક્ટોનો કેટલો ખર્ચ થયો છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

**પત્રક - અ**

| વર્ષ | કામનું નામ | ફાળવેલ ગ્રાન્ટની રકમ (રૂા. લાખમાં) | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) | કામ પૂર્ણ/ પ્રગતિમાં |
|---|---|---|---|---|
| ૨૦૦૬-૦૭ ૨૦૦૭-૦૮ (તા. ૩૧-૧-૦૮ સુધીમા) | (૧) ગોમતીઘાટ પર છત્રી (૨) હાઇમાસ્ટ ઇલે.પોલ (૩) કાસ્ટ આયર્ન બેંચીઝ | રૂા. ૩૧.૩૩ | રૂા. ૩૧.૩૩ | પૂર્ણ |
| . | (૪) ગોમતીઘાટ સુધારણા ભાગ-૨ | રૂા. ૧૧૩.૯૧ | રૂા. ૧૦૮ | પ્રગતિમાં |

---------

## નેશનલ રૂરલ હેલ્થ મિશનને ફાળવેલ ગ્રાન્ટ

**૩૫૦૮ શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત તારીખ : ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલી ગ્રાન્ટ મળી ?

**જવાબ**

નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત તારીખ : ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યને નીચે મુજબ ગ્રાન્ટ મળેલ છે.

| વર્ષ | મળેલ ગ્રાન્ટ |
|---|---|
| ૨૦૦૬-૦૭ | રૂા. ૯૩,૬૨,૮૦,૦૦૦/ |
| ૨૦૦૭-૦૮ | રૂા. ૯૯,૭૬,૦૦,૦૦૦ |

**ચોટીલાના ચામુંડા માતાના મંદિરને યાત્રાધામ પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બાબત**

૩૬૦૬ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલાના પ્રસિધ્ધ યાત્રાધામ ચામુંડા માતાના મંદિરને રાજ્યના પ્રવાસન તેમજ યાત્રાધામ તરીકે વિક્સાવવા સરકાર ૨૦૦૭-૦૮ ના નાણાકીય વર્ષમાં આયોજન છે,

(૨) જો હા, તો ક્યારથી; અને

(૩) જો ના, તો તેને પ્રવાસન સ્થળ તરીકે ન વિક્સાવવાનાં કારણો શું છે?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ માટેનું આયોજન આવતાં નાણાક્યિ વર્ષ ૨૦૦૮-૦૯માં કરવાનું હોવાથી.

---------

**અમદાવાદ જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટેની કામગીરી**

૩૧૭૨ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે શું કામગીરી હાથ ધરવામાં આવી; અને

(૨) આ માટે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ આપી છે અને તે માટે જિલ્લા તંત્રએ કેટલો ખર્ચ ક્ર્યો ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે કુલ - ૨૦ કામો હાથ ધરવામાં આવેલ છે. જેની વિગતો અનુક્રમે પત્રક - ૧ અને પત્રક - ૨ મુજબ છે.

(૨) આ માટે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ ક્લેકટરશ્રીને નીચે મુજબની ગ્રાન્ટ ફાળવેલ છે.

| અ. નં. | વર્ષ | આપેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૦૬-૦૭ | ૩૦૦ લાખ | ૨૨૫.૭૮ લાખ |
| ૨ | ૦૭-૦૮ | ૧૨૦ લાખ | |

**પત્રક - ૧**

**અમદાવાદ જિલ્લામાં સને ૨૦૦૬-૦૭ માં પ્રવાસન સ્થળોના કામની વિગત**

| ક્રમ | પ્રવાસન સ્થળનું નામ | કામની વિગત |
|---|---|---|
| ૧. | લોથલ | હેરીટેજ શેડની કામગીરી |
| ૨. | નળ સરોવર | શોપીંગ સેન્ટરના બાંધકામ માટે |
| ૩. | નળસરોવર | પ્રવાસીઓ માટે કેનાલ ઉંડી પહોળી કરાવવા તથા પથ્થરનું પીચીંગ કરાવવા |
| ૪. | નળ સરોવર | સંકુલની પાણી પુરવઠા યોજના માટે |
| ૫. | લોથલ | પાણી પુરવઠા યોજના તથા મ્યુઝીયમ માટે |
| ૬. | લોથલ | લોથલ ખાતે રોડ બનાવવાનો પ્રોજેક્ટ |
| ૭. | ભડીયાદ | ભડીયાદ તથા ફેદરા પચ્છમ ગ્રાફ એપ્રોચ રોડ |
| ૮. | લોથલ | ટોઇલેટ બ્લોક તથા વોટર રૂમની કામગીરી |
| ૯. | નળ સરોવર | નળસરોવર રોડની સાઇડ ઉપર નવીનીકરણ કામગીરી |
| ૧૦. | નળ સરોવર | સંકુલની ચેક પોસ્ટ તથા બેટ ઉપર વનીકરણની કામગીરી |
| ૧૧. | સંતશ્રી સવેયાનાથની જગ્યા, ઝાંઝરકા | પ્રવાસીઓ માટે યાત્રી સંકુલ હોલ તથા સુવિધા પૂર્ણ આવાસ તેમજ રસ્તા અને પાણીની વ્યવસ્થા માટે |
| ૧૨. | મુનસર તળાવ | તળાવના વિકાસ માટે |
| ૧૩. | મુનસર તલાવ, તા. વીરમગામ | રોડ-રસ્તાની કામગીરી |
| ૧૪. | મહીયા બસ સ્ટેન્ડ | બસ સ્ટેન્ડના વિકાસ માટે સી. સી. રોડ |
| ૧૫. | ભડીયાદ પીર, તા. ધંધુકા | રોડ પહોળો કરવાની કામગીરી |
| ૧૬. | વીરમગામ બસ સ્ટેન્ડ | બસ સ્ટેન્ડના વિકાસની કામગીરી |

**પત્રક - ૨**

**અમદાવાદ જિલ્લામાં સને ૨૦૦૭-૦૮ માં પ્રવાસન સ્થળોના કામની વિગત**

| ક્રમ | પ્રવાસન સ્થળનું નામ | કામની વિગત |
|---|---|---|
| ૧. | નળ સરોવર | વીરાંજલી વન માટે |
| ૨. | ઝાંઝરકા | કોમ્યુનીટી હોલ બનાવવા અંગે |
| ૩. | ભડીયાદ | એપ્રોચ રોડ બનાવવા અંગે |
| ૪. | ધોળાસર | તળાવ ખાતે પ્રવાસીઓની સુવિધા |

---------

**માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને આરોગ્ય ચકાસણી**

૩૦૬૪ **શ્રી મેઘજી ડા. કણઝારીયા(ખંભાળીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને આરોગ્ય ચકાસણી માટે સરકારે કોઇ યોજના વિચારેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજવામાં આવેલ. આ ચકાસણી દરમ્યાન જરૂર જણાયેલ બાળકોને સ્થળ પર સારવાર તેમજ ગંભીર બિમારીવાળા બાળકોને તજજ્ઞો દ્વારા તપાસવામાં આવેલ, તદ્ઉપરાંત જે બાળકોને હ્નદય, કિડની કે કેન્સરની બિમારી જણાય તેઓને આ અંગેની ખાસ હોસ્પિટલોમાં સારવાર આપવામાં આવે છે. ઉપરાંત જો જરૂરીયાત ઉપસ્થિત થાય તો રાજ્ય બહાર સારવાર માટે પણ મંજૂરી આપવામાં આવે છે. |

---------

**દાહોદ જિલ્લામાં એતિહાસિક વાવોની સફાઈની કામગીરી**

૩૩૪૭ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં એતિહાસિક વાવોની સફાઈની કામગીરી સરકારે હાથ ધરી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી વાવની કામગીરી પૂર્ણ થઈ ? | (૨) વીસ (૨૦) |

---------

**સ્ત્રી ભૃણ હત્યા નાબુદ**

૩૦૬૯ **જયોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્ત્રી ભૃણ હત્યા નાબુદ કરવા જનજાગૃતી અંગે સરકારે પગલાં લીધેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) વિગતો નીચે પ્રમાણે છે.<br>- સ્ત્રી ભૃણ હત્યા અટકાવવા અંગેના ધી પી.સી. એન્ડ પીએનડીટી એક્ટ-૧૯૯૪ નો કડક રીતે અમલ કરેલ છે.<br>- ધી પી.સી. એન્ડ પીએનડીટી એક્ટ-૧૯૯૪ હેઠળ અત્યાર સુધીમાં ૨૯૨૨ સંસ્થાઓને રજીસ્ટર્ડ કરેલ છે.<br>- ૧૪૭ સોનોગ્રાફી મશીનો સીલ કરેલ છે.<br>- ૭૯ સામે કોર્ટ કેસ કરેલ છે.<br>- ૧૭ સામે હાઈકોર્ટ કેસ કરેલ છે જે પૈકી ૧૭ |

કેસ હાઈકોર્ટમાં છે.
- ૨ સ્ટીંગ ઓપરેશન કરેલ છે.
- લોકોમાં જનજાગૃતી લાવવા રાજ્યમાં ""બેટી બચાવો"" અભિયાન શરૂ કરેલ છે.
- મોટા પાયે સેમીનાર, વર્કશોપ, લોકમેળાવડા, યાત્રાઓ યોજવામાં આવેલ છે.
- પ્રિન્ટ મીડીયા, ઈલેક્ટ્રોનીક્સ મીડીયા અને રેડીયો દ્વારા પ્રચાર-પ્રસાર કરેલ છે.
- સરકારના ઉક્ત પ્રયત્નોથી રાજ્યના ૪૩ અતિ સંવેદન શીલ તાલુકામાંથી ૨૬ તાલુકાઓમાં જાતિ પ્રમાણ દરમાં સુધારો જોવા મળેલ છે.
- સને ૨૦૦૪-૦૫ માં રાજ્યનો જન્મ સમયનો જાતિ પ્રમાણ દર ૮૨૪ હતો અને ૨૦૦૫-૦૬માં જાતિ પ્રમાણ દર ૮૪૬ હતો જે સુધારીને સને ૨૦૦૬-૦૭માં જાતિ પ્રમાણ દર ૮૭૦ થયેલ છે.

---------

**આરોગ્યને લગતા કિંમતી સાધનોના ભાવ કરાર**

૩૩૪૯ **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આરોગ્યને લગતા ક્યા ક્યા કિંમતી સાધનોના ભાવ કરાર ચાલુ વર્ષે કરવામાં આવેલ છે, અને

(૨) ક્યા સાધનો ખરીદ કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર દ્વારા ચાલુ વર્ષે તા. ૨૯-૨-૨૦૦૮ સુધીમાં કુલ ૨૪ સાધનોના ભાવ કરાર કરવામાં આવેલ છે.

પત્રક- અ મુજબ

(૨) મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર દ્વારા ચાલુ વર્ષે તા. ૨૯-૨-૨૦૦૮ સુધીમાં કુલ ૪૧ સાધનો ખરીદ કરવામાં આવ્યા.

પત્રક- બ મુજબ

**પત્રક-અ**

**આ તંત્ર દ્વારા ચાલુ વર્ષે તા. ૨૯-૦૨-૨૦૦૮ સુધીમાં નીચે જણાવ્યા મુજબના સાધનોના ભાવકરાર કરવામાં આવેલ છે.**

| અનુ. નં. | આઈટમનું નામ |
|---|---|
| (૧) | સીલીંગ શેડોલેસ લાઈટ |
| (૨) | પ્લાસ્ટીક બેગ (૭૦% જથ્થા માટે) |
| (૩) | પ્લાસ્ટીક બેગ (૩૦% જથ્થા માટે) |
| (૪) | સર્જીકલ બ્લેડ વીથ આઈ.એસ.આઈ. માર્ક (૭૦% જથ્થા માટે) |
| (૫) | સર્જીકલ બ્લેડ વીથ આઈ.એસ.આઈ. માર્ક (૩૦% જથ્થા માટે) |
| (૬) | રબ્બર શીંટીંગ (૧૧૦૦ એમ.એમ. X ૩૦ મીટર) |
| (૭) | લેબર ટેબલ વીથ એસેસરીઝ |
| (૮) | રીસક્સીટરેટર સેટ (એડલ્ટ) |
| (૯) | ઓક્સીજન કોન્સન્ટ્રેટર |
| (૧૦) | ટેસ્ટ ટ્યુબ્સ |
| (૧૧) | પ્લાસ્ટીક સ્પુટમ કન્ટેઈનર |
| (૧૨) | વેક્યુમાઈઝડ બ્લડ કલેક્શન સીસ્ટમ |
| (૧૩) | ઓટો રીફ્રેક્ટોમીટર પોર્ટેબલ ટાઈપ |
| (૧૪) | વેક્યુમાઈઝડ બ્લડ કલેક્શન સીસ્ટમ |
| (૧૫) | સ્લાઈડ બોક્ષ |
| (૧૬) | ઓલ ગ્લાસ હાઈપોડર્મીક ઈન્ટરચેન્જેબલ સીરીજ વીથ આઈ.એસ.આઈ. માર્ક |
| (૧૭) | લંબર પંક્ચર નીડલ |
| (૧૮) | માઈક્રોસ્લાઈડ વીથ આઈ.એસ.આઈ. માર્ક (૭૦% જથ્થા માટે) |

| અનુ. નં. | આઈટમનું નામ |
|---|---|
| (૧૯) | માઈક્રોસ્લાઈડ વીથ આઈ.એસ.આઈ. માર્ક (૩૦% જથ્થા માટે) |
| (૨૦) | બાયનોક્યુલર ઈન્ડાયરેક્ટ ઓપ્થોલ્મોસ્કોપ વીથ લેન્સ |
| (૨૧) | માઈનોર ઓપરેશન ટેબલ (હાઈડ્રોલીક) |
| (૨૨) | ડીજીટલ ડેન્ટલ એક્ષ-રે મશીન |
| (૨૩) | ઓટોપ્સી ટેબલ |
| (૨૪) | બેડ સાઈડ સ્ક્રીન |

**પત્રક-બ**

**આ તંત્ર દ્વારા ચાલુ વર્ષે તા. ૨૯-૦૨-૨૦૦૮ સુધીમાં નીચે જણાવ્યા મુજબના સાધનો ખરીદ કરવામાં આવેલ છે.**

| અનુ. નં. | આઈટમનું નામ |
|---|---|
| (૧) | ટીટેનીયમ કેટ્રેક્ટ સેટ |
| (૨) | વોર્ડક્સ ઈન્વેલીડ વ્હીલ ચેર |
| | સ્ટ્રેચર ટ્રોલી ફુલ્લી એસ.એસ. વીથ રીમુવેબલ એલ્યુમીનીયમ ટોપ સપોર્ટ વીથ સલાઈન રોડ |
| (૩) | મલ્ટીસ્લાઈસ સી.ટી. સ્કેન |
| (૪) | ઓપ્થોલ્મીક ચેર યુનિટ |
| (૫) | ફ્લેશ ઓટોક્લેવ |
| (૬) | ડેન્ટલ ચેર વીથ યુનિટ |
| (૭) | સ્કીન સર્જીકલ ટ્રીટમેન્ટ ચેર |
| (૮) | અર્ગોન ગ્રીન લેઝર |
| (૯) | એસ્પીરેટર કીટ |
| (૧૦) | ઓપરેટીંગ માઈક્રોસ્કોપ વીથ ઓબ્ઝર્વેશન સાઈડ ચેનલ એન્ડ સીસીડી કેમેરા |
| (૧૧) | ૫૦૦ એમ.એ. એક્ષ-રે મશીન |
| (૧૨) | કોમ્પ્યુટરાઈઝડ સ્ટ્રેસ ટેસ્ટ સીસ્ટમ |
| (૧૩) | પલ્સ્ડ ઈલેક્ટ્રો મેગ્નેટીક્સ એનર્જી |
| (૧૪) | વીડીયો ગેસ્ટ્રોસ્કોપ (અપર જીઆઈ સ્કોપ) |
| (૧૫) | બ્લડ ક્લેકશન મોનીટર |
| (૧૬) | વીડીયો બ્રોન્ચોસ્કોપ |
| (૧૭) | ઈલેક્ટ્રીક ઓપરેશન ટેબલ |
| (૧૮) | પોર્ટેબલ બ્લેક એન્ડ વ્હાઈટ અલ્ટ્રાસાઉન્ડ સ્કેનર |
| (૧૯) | ડીજીટલ થેરાપી લેઝર વીથ સ્કેનર |
| (૨૦) | અલ્ટ્રાવાયોલેટ લેમ્પ |
| (૨૧) | ઈલેક્ટ્રોકોટરી (અન્ડર વોટર કટીંગ સર્જીકલ ડાયાથર્મી યુનિટ) |
| (૨૨) | આર્થોસ્કોપ વીથ કેમેરા એન્ડ લાઈટ સોર્સ |
| (૨૩) | લેપ્રોફ્લેટર |
| (૨૪) | ઓટો એનાલાઈઝર |
| (૨૫) | કોમ્પ્યુટરાઈઝડ ફીઝીયોગ્રાફ |
| (૨૬) | ઈ.એમ.જી. મશીન |
| (૨૭) | અલ્ટ્રાસાઉન્ડ મશીન વીથ ઓબ્ડોમીનલ એન્ડ ટ્રાન્સવેજીનલ પ્રોબ |
| (૨૮) | એ. બી. સ્કેન |
| (૨૯) | ટ્રાયલ લેન્સ (એડલ્ટ/ચાઈલ્ડ) |
| (૩૦) | વીઝન ટેસ્ટીંગ ડ્રમ |
| (૩૧) | કેટ્રેક્ટ સેટ |
| (૩૨) | ઓપ્થોલ્મીક ચેર યુનિટ (આર.ઓ.) |
| (૩૩) | કોમ્પ્યુટરાઈઝડ ઈવોકડ પોટેન્શીયલ ઈ.એમ.જી. એન્ડ એન.સી.વી. રેકોર્ડીંગ મશીન |
| (૩૪) | કેપ્નોગ્રાફ |

| અનુ. નં. | આઈટમનું નામ |
|---|---|
| (૩૫) | હાઈડ્રોલીક ઓપરેશન ટેબલ (હાઈડ્રોલીક) |
| (૩૬) | ઓપરેશન ટેબલ (મોટોરાઈઝડ) |
| (૩૭) | સાયનોપ્ટોફોર |
| (૩૮) | કેરેટોમીટર |
| (૩૯) | લેન્સ મીટર |
| (૪૦) | સ્લીટ લેમ્પ વીથ સીસીટીવી એટેચમેન્ટ |
| (૪૧) | ફ્લેશ ઓટોક્લેવ (આર.ઓ.) |

---------

**સુજલામ સુફલામ કેનાલ પર ક્રોસ કરતા વાહનવ્યવહાર બંધ થવા બાબત**

૨૮૪૧ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુજલામ સુફલામ કેનાલ ઉપર લુણાવાડા તાલુકાના ઝુકરાલી ગામે કેનાલો ક્રોસ કરતા પુલના કારણે વાહનવ્યવહાર બંધ થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો પુલ અને રસ્તા સુધારવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે, અને

(૩) હાથ ધરવામાં આવ્યું ન હોય તો સરકાર ક્યારે આ કામ હાથ ધરવા માંગે છે અને કેટલા સમયમાં ?

**જવાબ**

(૧) અને (૨),

પુલના બાંધકામ દરમ્યાન એપ્રોચની પહોળાઈ વધારવાના તબક્કે ફક્ત એસ.ટી. વાહનવ્યવહાર બંધ હતો. એપ્રોચનું કામ પુર્ણ થયેલ છે. વાહનવ્યવહાર માટે મુશ્કેલી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આદિજાતિ વિસ્તારમાં નાની સિંચાઈમાં ચેકડેમ બનાવવા બાબત**

૨૪૬૬ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ): માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૭ સુધીમાં આદિજાતિ વિસ્તારમાં નાની સિંચાઈ સદરે કેટલા ચેકડેમ બનાવવામાં આવેલ છે, અને

(૨) આ ચેકડેમથી કેટલા હેક્ટર જમીનને સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં આદિજાતિ વિસ્તારમાં વર્ષ ૨૦૦૭ના અંત સુધીમાં જળસંપત્તિ વિભાગ દ્વારા કુલ ૧૪,૮૦૦ ચેકડેમ બનાવવામાં આવેલ છે.

(૨) ઉપરોક્ત ચેકડેમથી આશરે ૭૨,૭૧૦ હેક્ટર જમીનને પ્રત્યક્ષ / પરોક્ષ રીતે સિંચાઈનો લાભ મળશે.

---------

**બહુચરાજી યાત્રાધામના વિકાસ કામો માટે સહાય**

૩૧૬૯ **શ્રીમતી જશોદાબેન ચ.પરમાર(જોટાણા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમ્યાન તારીખ ૩૧-૧-૨૦૦૮ સુધીમાં બહુચરાજી યાત્રાધામ માટે ક્યા વિકાસ કામો, પ્રોજેક્ટોને કેટલી રકમની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી,

(૨) આ પ્રોજેક્ટોના કામકાજો હાલ ક્યા તબક્કે છે, અને

(૩) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ આ પ્રોજેક્ટોનો કેટલો ખર્ચો કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) શૂન્ય

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા જિલ્લાના દિયોદર તથા ભાભર તાલુકાના ગામોને નર્મદા કેનાલનો લાભ**

૨૯૦૭ **શ્રી અનિલકુમારઅ.માળી(દીઓદર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના દિયોદર તથા ભાભોર તાલુકાના કેટલા ગામોને નર્મદા કેનાલ દ્વારા પીવાના પાણીનો લાભ મળનાર છે,

**જવાબ**

(૧) દિયોદર તાલુકાના તમામ ૭૧ ગામો તથા ભાભોર તાલુકાના તમામ ૫૩ ગામોને.

(૨) આ અંગેની કામગીરી કેટલા ગામોમાં પૂર્ણ થઈ ગયેલ છે, અને

(૨) કામગીરી હવે શરૂ કરવામાં આવશે.

(૩) બાકી રહેલ ગામોમાં ક્યાં સુધીમાં આ કાર્ય પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૩) નાણાકિય જોગવાઈ અનુસાર ક્રમશઃ પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**વડોદરા જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટેની કામગીરી**

૩૧૭૪ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે શું કામગીરી હાથ ધરવામાં આવી, અને

(૨) આ માટે છેલ્લા બે વર્ષમાં તારીખ ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ આપી છે અને તે માટે જિલ્લા તંત્રએ કેટલો ખર્ચ કર્યો ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે કુલ-૨૨ કામો હાથ ધરવામાં આવેલ છે. જેની વિગતો અનુક્રમે પત્રક-૧ અને પત્રક-૨ મુજબ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ રાજ્ય સરકારે રૂા. ૪૨૦.૦૦ લાખ ગ્રાન્ટ આપી છે અને જિલ્લા તંત્રએ રૂા. ૨૦૭.૦૩ લાખનો ખર્ચ કરેલ છે.

**પત્રક-૧**

**વર્ષ ૨૦૦૬-૦૭**

| ક્રમ | પ્રવાસન સ્થળનું નામ | કામની વિગત |
|---|---|---|
| ૧. | ડભોઈ | સર્વિસ રોડ ટુ વિલેજ, વઢવાણા ટુ રેસ્ટ હાઉસ એપ્રોચ રોડ, સર્વિસ રોડ, સી સીમળીયા ટુ વઢવાણા |
| ૨. | ડભોઈ | ઈન્ટરપ્રિટેશન મટેરીયલ એન્ડ ઈક્વીપમેન્ટ, ટોઈલેટ ફેસીલીટી, આઉટડોર ઈન્ટરપ્રિટેશન પોન્ડ વીથ બર્ડ મોડલ ઈન ટુરીસ્ટ કોમ્પ્લેક્ષ, સ્મોલ લાઈબ્રેરી, ડેવલપમેન્ટ ઓફ સ્મોલ પ્રોજેક્સન, અધર ટુરીસ્ટ ફેસેલીટી, વીલેઝ ટ્રેઈલ |
| ૩. | નર્મદા દર્શન, માલસર, શિનોર | માલસર મુકામે નર્મદા તટે સ્નાનઘાટ બનાવવાનું કામ, કપડા બદલવા માટે શેડ બનાવવાનું કામ, સત્યનારાયણ મંદિર નર્મદા નદી સુધી આર.સી.સી. રોડ કામ |
| ૪. | જાગનાથ મંદિર, છોટા ઉદેપુર | કન્સ્ટ્રક્ટીંગ આર.સી.સી. રોડ ફ્રોમ સ્ટેટ હાઈવે ટુ જાગનાથ ટેમ્પલ |
| ૫. | અનસુયા માતા મંદિર, મુ. ઝાઝડ | ઈમ્પ્રુવમેન્ટ ટુ બરકાલ કોલોની |
| ૬. | હાફેશ્વર મંદિર, તા. ક્વાંટા | વિશ્રામ કુટીર |
| ૭. | બળીયાદેવ મંદિર, તા. વડોદરા | શેડ ૬ નંગ, ફાઉન્ટેન, કોન્ક્રેન્ટ પાવમેન્ટ, ફુટબ્રીજ નંગ. ૨, પેવેઈડ એરીયા |
| ૮. | વડોદરા જીલ્લો | પ્રવાસન સ્થળના અંતર દર્શાવતા બોર્ડ |
| ૯. | ચણોદ, તા. ડભોઈ | પાંચ સીટેડ ટોઈલેટ / બાથ સીસ્ટમ તથા ડ્રેસીંગ રૂમનું બાંધકામ |
| ૧૦. | કરનાળી, ડભોઈ | સાત સીટેડ સુલભ ટોઈલેટ / બાથ |
| ૧૧. | હનુમાનજી મંદિર, નસવાડી | મંદિરથી ડામરરોડ સુધી આર.સી.સી. રોડ તથા મંદિર પ્રોટેક્સન માટે પ્રોટેક્ટીવ વોલ |
| ૧૨. | ચણોદ, તા. ડભોઈ | નર્મદા નદીના ઘાટ સુધી આર.સી.સી. રોડ |
| ૧૩. | અનસુંયા માતા મંદિર, મુ. ઝાંઝડ | યાત્રીઓ માટે જમવા તથા આરામ કરવા માટેની સુવિધા માટેનો આર.સી.સી. રોડ |
| ૧૪. | માલસર | ૧૦-સીટેડ કોમ્યુનીટી ટોઈલેટ |
| ૧૫. | ઝંડ હનુમાન મંદિર, સંખેડા | ૧૦-સીટેડ કોમ્યુનીટી ટોઈલેટ |
| ૧૬. | હાફેશ્વર, તા. ક્વાંટ | ૧૦-સીટેડ કોમ્યુનીટી ટોઈલેટ |
| ૧૭. | કુસુમ સાગર તળાવ, છોટા ઉદેપુર | પ્રોવાઈડીંગ એન્ડ ફીક્સીંગ આર.સી.સી. બેન્ચ સાથે ગ્લેઝ ટાઈલ્સ ચીપ્સ અને વાઈટ સીમેન્ટ |

**પત્રક-૨**
**વર્ષ ૨૦૦૭-૦૮**

| ક્રમ | પ્રવાસન સ્થળનું નામ અને વિકાસની વિગત |
|---|---|
| ૧ | ૨ |
| ૧. | હનુમાનજી મંદિર, નસવાડી, તા. નસવાડી<br>પીવાના પાણીની વ્યવસ્થા, જમવા માટે શેડ, પ્રવાસીઓ માટે વિશ્રામ સ્થળ |
| ૨. | હાફેશ્વર, તા. ક્વાંટ<br>(૧) કડીપાણીથી હાફેશ્વર રસ્તાનું કામ<br>(૨) હાફેશ્વર નર્મદા નદી તટે હોડીઘાટ |
| ૩. | અંબાજી મંદિર, નસવાડી, તા. નસવાડી<br>પીવાના પાણીની સુવિધા માટે ટ્યુબવેલ, પીવાના પાણી માટે સ્ટોરેજ ટેન્ક, મંદિર ફરતે કંમ્પાઉન્ડ વોલ, પ્રવાસીઓને બેસવા માટે બગીચો, પ્રવાસીઓને જમવા માટે ઓપન કીચન શેડ |
| ૪. | મોટકારલ, તા. કરજણ<br>ગેટ, કંમ્પાઉન્ડ વોલ, સંડાસ બાથરૂમ, બાગ બગીચો, બાકડા |
| ૫. | હાથણી માતા મંદિર, માખણીયો ડુંગર જેતપુર પાવી<br>રાયપુર થી હાથપગલાં તરફ જતો રસ્તો આશરે (૨ કિ.મી.) પીવાના પાણીની સુવિધા, કોમ્યુનીટી હોલ તથા કીચન શેડ |

---------

**બોરસદ અને આંક્લાવ તાલુકાના કાંઠા વિસ્તારના ગામોમાં પીવાનું પાણી**

૩૧૭૭ **શ્રી પંકજકુમાર દેસાઈ (નડિયાદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બોરસદ અને આંક્લાવ તાલુકાના કાંઠા વિસ્તારના ગામોમાં પાણી પીવા લાયક નથી તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ શું આયોજન કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પાણીમાં ગુણવત્તાની અસરવાળા કુલ ૪૨ ગામો પૈકી ૨૪ ગામોનાં કામો પૂર્ણ કરેલ છે તથા બાકી રહેતા ૧૮ ગામોના કામો વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું બાંધકામ**

૩૧૯૧ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા તાલુકાનાં આંબરડી મુકામે પ્રાથમિક હેલ્થ સેન્ટર નવું બાંધવામાં આવેલ છે તે હકિક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તેનો ઉપયોગ કરવામાં આવતો નથી તેના શું કારણો છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) નવા મકાનનો ઉપયોગ શરૂ કરવામાં આવેલ છે.

---------

**વડોદરા શહેરમાં ""નુરમ"" યોજના હેઠળનાં મકાનો**

૩૫૯૪ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા શહેરમાં છેલા બે વર્ષમાં ""નુરમ"" યોજના હેઠળ કેટલા મકાનો તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) વડોદરા શહેરમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં ભારત સરકારની સેન્ટ્રલ સેન્કશનીંગ એન્ડ મોનીટરીંગ કમિટી (CS & MC) દ્વારા તા. ૮-૧-૦૭ થી ૬૬૬૮ મકાનો બાંધવાનો D.P.R. (ડીટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટ)

(૨) આ મકાનો બનાવવા માટેની કામગીરી હાલ ક્યા તબક્કે છે, અને

મંજુર કરવામાં આવેલ છે.

(૨) જે.એન.એન.યુ.આર.એમ. યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર, ગુજરાત સરકાર, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન તથા લાભાર્થીના સંયુક્ત ભંડોળથી બનનાર મકાનો માટે મંજુર થયેલ પ્રથમ તબક્કામાં ૬૬૬૮ મકાનોને કુલ પાંચ પેકેજમાં વિભાજીત કરવામાં આવેલ છે. જે પૈકી કુલ ૫૩૮૮ મકાનોની બાંધકામની કામગીરી વિવિધ તબક્કે વિવિધ સ્થળે ચાલુ છે.

(૩) આ મકાનો લાભાર્થીઓને કેટલા સમયમાં આપવામાં આવશે?

(૩) આ મકાનો લાભાર્થીઓને આવાસ તેમજ તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની કામગીરી પૂર્ણ થયા બાદ ફાળવવામાં આવશે.

---------

**બનાસકાંઠા જિલ્લાના ગામોમાં નર્મદા કેનાલમાંથી પાણી આપવાનું આયોજન**

૩૧૭૬ **શ્રી ઋષિકેશ ગ.પટેલ(વિસનગર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા ૨ વર્ષમાં નર્મદા કેનાલ આધારિત પાઈપ લાઈન દ્વારા બનાસકાંઠા જિલ્લાના ગામોમાં પાણી આપવાનું શું આયોજન છે,

(૨) સરકાર ધ્વારા ઉપરોક્ત કામ માટે તારીખ ૩૧-૧-૦૮ સુધીમાં કેટલી વહીવટી મંજુરી આપી, અને

(૩) આ અંગે છેલ્લા બે વર્ષમાં બજેટમાં તારીખ ૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલી જોગવાઈ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) નર્મદા મુખ્ય કેનાલમાંથી ત્રણ ઉદ્વહન પાઈપ લાઈન મારફતે બનાસકાંઠા જિલ્લાના જળાશયમાં પાણી નાખવાનું આયોજન વિચારાયેલ છે.

(૨) અને (૩)

પાઈપ લાઈનની કન્સલટન્સી માટે ટેન્ડરો માંગવામાં આવેલ છે, જેનો અહેવાલ આખરી થયેથી વહીવટી મંજુરી આપવાનું આયોજન છે. વર્ષ ૨૦૦૬-૦૭માં નર્મદા આધારિત બધીજ પાઈપ લાઈનો માટે સંયુક્ત જોગવાઈ રૂા. ૩૪૫.૬૩ કરોડ હતી તથા વર્ષ ૨૦૦૭-૦૮માં બનાસકાંઠા જિલ્લાની પાઈપ લાઈન માટે રૂા. ૩૩ કરોડની જોગવાઈ છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટેની કામગીરી**

૩૧૭૦ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ(પાલનપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે શું કામગીરી હાથ ધરવામાં આવી, અને

(૨) આ માટે છેલ્લા બે વર્ષમાં તારીખ ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ આપી છે અને તે માટે જિલ્લા તંત્રએ કેટલો ખર્ચ કર્યો?

**જવાબ**

(૧) સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમા પ્રવાસન સ્થળોના વિકાસ માટે કુલ - ૩૨ કામો કરવામાં આવ્યા જે પત્રક-૧માં દર્શાવેલ છે.

(૨) આ માટે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કલેકટરશ્રીને રૂા. ૩૧૫ લાખ ગ્રાન્ટ ફાળવેલ છે. તે સામે તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ રૂા. ૧૫૦ લાખ ખર્ચ થયેલ છે.

**પત્રક-૧**

**વર્ષ ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાં પ્રવાસન ક્ષેત્રે થયેલ કામગીરીની વિગત**

| અ.નં. | કરેલ કામગીરીની વિગત |
|---|---|
| ૧. | રીછડીયા મહાદેવ એપ્રોચ રોડ, અંબાજી |
| ૨. | અંબાજી માંગલ્ય વન-એપ્રોચ રોડ, અંબાજી |
| ૩. | માંગલ્ય વન-ગાર્ડન બ્રીજ બનાવવાનું કામ, અંબાજી |
| ૪. | જાસોર હિલ ખાતે પગથીયા કરવાનું કામ, જાસોર |
| ૫. | કેદારનાથ ઓટલા- ૪, જાસોર |

| અ.નં. | કરેલ કામગીરીની વિગત |
|---|---|
| ૬. | કેદારનાથ રેલીંગ, જાસોર |
| ૭. | કેદારનાથ રેલીંગ, જાસોર |
| ૮. | ઈકબાલગઢ-બાલુન્દ્રા કેદારનાથ રોડ જાસોર ફોરેસ્ટના રેસ્ટ હાઉસના તળેટીના પગથીયા સુધીના રસ્તાનું કામ, જાસોર |
| ૯. | કેદારનાથ વન કુટીર-૨, જાસોર |
| ૧૦. | પ્રવાસન સાઈનેજ બોર્ડ, જાસોર |
| ૧૧. | બાલારામ મુકામે પાતાળકુવાનું કામ, બાલારામ |
| ૧૨. | બાલારામ એપ્રોચ રોડ, બાલારામ |
| ૧૩. | સ્ટ્રેન્થનીંગ ચેકડેમ બાલારામ પેલેસ, બાલારામ |
| ૧૪. | સ્ટ્રેન્થનીંગ ચેકડેમ બાલારામ પેલેસ, બાલારામ |
| ૧૫. | રીમુવીંગ સીલ્ટેસન ચેકડેમ, બાલારામ |
| ૧૬. | હાથીદ્રા મુકામે પગથીયાનું કામ |
| ૧૭. | હાથીદ્રા ગંગેશ્વર મહાદેવ પ્રોટેક્શન વોલ |
| ૧૮. | હાથીદ્રા ગંગેશ્વર સટ્રીટ લાઈનનું કામ |
| ૧૯. | દાંતીવાડા ડેમ, સાઈટ ઉપર અદ્યતન પાર્ક |
| ૨૦. | ભાકોદર તા. દાંતાવાડા ગામે પીવાના પાણીનું કામ |
| ૨૧. | પાલનપુર પાતાળેશ્વર મહાદેવ ક્ર્તીસ્થંભ ચોકમાં હાઈમાસ્ટ ફ્લર્ડ લાઈટ ટાવર |
| ૨૨. | મજાદર જમીન તળની ટાંકી તથા પાઈપ લાઈન |
| ૨૩. | મજાદર  રામદેવપીર મંદિરની પ્રોટેક્શનલ વોલ |
| ૨૪. | રીનોવેશન એન્ડ લેન્ડસ્કેપીંગ ઓફ ચમનબાગ, પાલનપુર |
| ૨૫. | ક્ર્તીસ્થંભની આજુબાજુના વિસ્તારનું બ્યુટીફીકેશન અને વિકાસ, પાલનપુર સીટી |
| ૨૬. | ૧૨ હજાર લિટર ક્ષમતાની ૫  મીટર ઉંચી ટાંકી, બજોઠીયા |
| ૨૭. | લાખણેચીમાતા ૨.૯૦ એમ.એમ. ડાયા મીટર પીવીસી પાઈપ લાઈન, ૧૮૦૦ મીટર લાંબી બાજોઠીયા |
| ૨૮. | મેઘાઈ માતાનું મંદિર, સોમપુર |
| ૨૯. | ચામુંડા ૪ સ્ટેન્ડ પોસ્ટ-૧, બાજોઠીયા |
| ૩૦. | બાલારામ મુકામે બગીચો બનાવવાનું કામ |
| ૩૧. | બાલારામ મુકામે ન્હાવાનો ઘાટ બનાવવાનું કામ |
| ૩૨. | સ્ટેટ હાઈવેથી બાલારામ સુધીનો એપ્રોચ રોડ બનાવવાનું કામ |

---------

**જામગનર જિલ્લાની અધુરી સિંચાઈ યોજના**

૩૬૦૪ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ જામનગર જિલ્લાની અધુરી સિંચાઈ યોજનાઓ કેટલી, | (૧) ૨૦ (વીસ) |
| (૨) તે કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૨) સંબંધિત યોજનાની જમીન સંપાદન અને પુનઃવસનની કામગીરી પુર્ણ થયે યોજનાના બાકી કામો હાથ ધરી પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) હાલ જે અધુરી યોજનાઓ છે તેની પાછળ સરકારે કેટલો ખર્ચ કરેલ છે? | (૩) રૂા. ૩૬૧.૫૯ કરોડ. |

---------

**પાણી પુરવઠા બોર્ડ દ્વારા બાબરા-વડીયાના ગામોમાં નર્મદાનું પાણી**

૩૫૪૯ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ બાબરા-વડીયા તાલુકાના ગામોમાં નર્મદા આધારિત પાણી પુરવઠા યોજના દ્વારા પાણી કેટલા ગામોને આપવામાં આવે છે. | (૧) બાબરા તાલુકામાં ૩૫ ગામોમાં નર્મદા આધારિત પાણી પુરવઠા યોજના દ્વારા પાણી આપવામાં આવે છે, જ્યારે વડીયા તાલુકાના ગામોમાં સ્થાનિક સોર્સ |

(૨) બાકીના ગામોને પાણી નહી આપવાના કારણો શાં છે, અને

(૩) બાકીના ગામોને ક્યારે પાણી આપવામાં આવશે?

દ્વારા પુરતું પીવાનું પાણી ઉપલબ્ધ છે.

(૨) સ્થાનિક સોર્સ દ્વારા પુરતુ પીવાનું પાણી ઉપલબ્ધ હોવાના કારણે.

(૩) નર્મદા આધારિત યોજના માટે પાઈપ લાઈનનું કામ પૂર્ણ થયેલ છે. ગામોની માંગણી આવ્યે, જરૂરિયાત અનુસાર પાણી પુરવઠો ક્રમશઃ શરૂ કરવામાં આવશે.

---------

**ક્ષાર નિયંત્રણ માટે દરિયાઇ વિસ્તારમાં જોડીયા તાલુકામાં યોજનાઓ મંજૂર કરવા**

૩૩૩૦ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ ક્ષાર નિયંત્રણ માટે જોડીયા તાલુકામાં દરિયાઇ વિસ્તારમાં કેટલી અને કઇ કઇ યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે ?

**જવાબ**

ક્ષાર નિયંત્રણ માટે

(૧) બાલંભા બંધારા (૨) ખીરી ભરતી નિયંત્રક (૩) દાઢિયારી પુનઃપ્રભરણ જળાશય (૪) હડીયાણા બંધારા (૫) જોડીયા-૩ ભરતી નિયંત્રક (કુન્નડ ચેકડેમ) (૬) જાંબુડા થી ખીરી વિસ્તરણ નહેર (૭) ઉન્ડ પુનઃપ્રભરણ જળાશય અને (૮) બાલંભા બંધારા રેડીયલ કેનાલ આમ આઠ યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે.

---------

**વ્યારા જિલ્લામાં તાલુકાવાર ચેકડેમો**

૩૩૩૮ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ વ્યારા જિલ્લામાં તાલુકાવાર કેટલા ચેકડેમો છે, અને

**જવાબ**

(૧) જળસંપત્તિ વિભાગ હેઠળના ચેકડેમોની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | સંખ્યા |
|---|---|
| વ્યારા | ૧૭૧ |
| સોનગઢ | ૧૧૦ |
| નિઝર | ૭૧ |
| **તાલુકો** | **સંખ્યા** |
| વાલોડ | ૫૪ |
| ઉચ્છલ | ૫૨ |
| **કુલ...** | **૪૫૮** |

(૨) આ ચેકડેમો પૈકી કેટલામાં ઉનાળા દરમ્યાન પાણી રહે છે કે કેમ ?

(૨) ચેકડેમોમાં ઉનાળા દરમ્યાન પાણી રહેવાનો આધાર ચોમાસા દરમ્યાન થતો વરસાદ, પાણીના વપરાશ વગેરે ઉપર રહે છે.

---------

**ભરૂચ જિલ્લામાં પ્રવાસન સ્થળોનો વિકાસ**

૩૨૯૫ **શ્રી દુષ્યંતભાઈ ૨.પટેલ(ભરૂચ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમ્યાન તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે શું કામગીરી હાથ ધરવામાં આવી, અને

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમ્યાન તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે કુલ-૨૦ કામો હાથ ધરવામાં આવેલ છે. જેની વિગતો પત્રક-અ અને પત્રક-બ મુજબ છે.

(૨) આ માટે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ આપી છે અને તે માટે

(૨) આ માટે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કલેક્ટરશ્રીને રૂા. ૩૧૫

| | |
|---|---|
| જિલ્લા તંત્રએ કેટલો ખર્ચ કર્યો ? | લાખ ગ્રાન્ટ ફાળવેલ છે. તે સામે તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ રૂા. ૧૫૦ લાખ ખર્ચ થયેલ છે. |

**પત્રક-અ**

**(અ) ભરૂચ જિલ્લાના સને ૨૦૦૬-૦૭ના પ્રવાસન સ્થળની વિગત**

| ક્રમ | પ્રવાસન સ્થળનું નામ | કામની વિગત |
|---|---|---|
| ૧ | કબીરવડ, ભરૂચ | ઓપન ઓડીટોરીયમ |
| ૨ | કબીરવડ, ભરૂચ | નર્મદા નદીમાંથી પંપીંગ કરીને અંડર ગ્રાઉન્ડ પાઇપ લાઇન દ્વારા એન્જીન થકી પાણીની વ્યવસ્થા ઉભી કરવા પાઇપ લાઇન. |
| ૩ | કબીરવડ, ભરૂચ | ગાર્ડન, બાંકડા તેમજ રમતગમતના સાધનો બેસાડવા |
| ૪ | કબીરવડ, ભરૂચ | સ્નાનઘાટ પાસે પ્રવાઇડીંગ ગાર્ડન ઓન રીવર બેંક ઓફ નર્મદા એટ વીલેઝ |
| ૫ | કબીરવડ, ભરૂચ | શુક્લ તીર્થ મુકામે સ્નાનઘાટ |
| ૬ | કબીરવડ, ભરૂચ | નદીના કિનારે સંરક્ષણ દિવાલ |
| ૭ | કબીરવડ, ભરૂચ | કન્સ્ટ્રીંગ ઓવારા ક્રમ પ્લેટફોર્મ ઓન બેન્ક ઓફ રીવર નર્મદા ઓન કબીરવડ સાઇટ એટ વિલેજ, મંગલેશ્વર |
| ૮ | સ્તંભેશ્વર મહાદેવ મંદિર, કંબોઇ, જાંબુસર | સ્નાનઘાટ બનાવવા |
| ૯ | સ્તંભેશ્વર મહાદેવ મંદિર, કંબોઇ, જાંબુસર | સ્નાનઘાટ પાસે ટોઇલેટ, રીફ્રેસ રૂમ |
| ૧૦ | કડીયા ડુંગર, પાંડવગુફા, ઝગડીયા | વનકુટીર-૨, સાઇડ રેલીંગ હેન્ડપંપ |
| ૧૧ | રતનપોર, તા. ઝઘડીયા | વનકુટીર-૪, મોટરપંપ હાઉસ, શિબિર માટે રોડ, વનકેડી ટોઇલેટ, કીચન સ્ટોર |
| ૧૨ | આલીયાબેટ, તા. વાઘરા | વનતલાવડી-૮, રતન તલાવડીમાં પાણી લાવવું, પીવીસી પાઇપ લાઇન પાણીના સંગ્રહ માટે ટાંકી, વૉચટાવર-૩ |
| ૧૩ | નિલકંઠેશ્વર મહાદેવ મંદિર, ઝાડેશ્વર | કન્સ્ટ્રકટીંગ ઓવારા ક્રમ પ્લેટ ફોર્મ ઓન બેંક ઓફ રીવર નર્મદા નીયર નિલકંઠેશ્વર મહાદેવ મંદિર એટ વિલેઝ ઝાડેશ્વર |
| ૧૪ | નિલકંઠેશ્વર મહાદેવ મંદિર, ઝાડેશ્વર | કન્સ્ટ્રીક્ટ એ પ્રોટેકશન વોલ એન્ડ વાઇડનીંગ ઓફ એક્ઝીસ્ટીંગ ઓવારા ઓન નર્મદા રીવર એટ નિલકંઠેશ્વર મહાદેવ, ઝાડેશ્વર |
| ૧૫ | જિલ્લાના પ્રવાસન સ્થળોના સાઇન બોર્ડ | પ્રવાસન સ્થળોના સાઇન બોર્ડ |

**પત્રક-બ**

**(બ) ભરૂચ જિલ્લાના સને ૨૦૦૭-૦૮ના પ્રવાસન સ્થળની વિગત**

| ક્રમ | પ્રવાસન સ્થળનું નામ | કામની વિગત |
|---|---|---|
| ૧ | સ્તંભેશ્વર મંદિર, કંબોઇ | મંદિરમાં જવાના રસ્તાની બાજુમાં સંરક્ષણ દિવાલનું કામ |
| ૨ | ભાડભુત, ભરૂચ | રસ્તો પહોળો કરવા, પગથીયાવાળો ઓવારો તથા જેટીની મરામત સુધારણા |
| ૩ | કબીરવડ, ભરૂચ | ગાર્ડનમાં પાણીની સુવિધા માટે બોર, મોટર, સ્ટ્રીટ લાઇટ, માટી પુરાણનું કામ |
| ૪ | રતનપોર | સિમેન્ટ બાંકડા બેન્ચ સાથે બેઠક-૧૦ સેટ |
| ૫ | બલદવા, ઝઘડીયા | લેડીઝ, જેન્સ ટોઇલેટ, હેન્ડ પંપ-૧ વગેરે |

---------

**કેલાસ માન સરોવર યાત્રામાં યાત્રાળુઓને મળવાપાત્ર રકમ**

૨૮૪૯ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૬ અને ૨૦૦૭ના વર્ષમાં રાજ્યમાંથી કેલાસ માનસરોવર યાત્રામાં કેટલા યાત્રાળુઓએ ભાગ લીધો,

(૨) આ યાત્રાળુઓને મળવાપાત્ર રૂા. ૨૦,૦૦૦-૦૦ની રકમ રાજ્ય સરકારે કેટલા યાત્રાળુઓને ચૂકવી,

(૩) જો આવી રકમ ન ચૂકવાઇ હોય તો, તેના કારણો શાં છે, અને

(૪) કેટલા સમયમાં તે ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૬ અને ૨૦૦૭માં રાજ્યમાંથી કેલાસ માન સરોવર યાત્રામાં અનુક્મે ૧૮૯ યાત્રિકો અને ૧૯૬ યાત્રિકોએ ભાગ લીધો.

(૨), (૩) અને (૪)

આ યાત્રિકોને મળવાપાત્ર આર્થિક સહાય ટૂંક સમયમાં ચૂકવી આપવામાં આવશે.

---------

**ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા પ્રોજેક્ટોની ગ્રાંટ**

૩૩૨૯ **શ્રી બાબુભાઈ જે.દેસાઈ#>(કાંકરેજ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા સન ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં અંબાજી યાત્રાધામ માટે ક્યા ક્યા વિકાસ કામો, પ્રોજેક્ટોને કેટલી રકમની ગ્રાંટ મંજૂર કરવામાં આવી,

(૨) આ પ્રોજેક્ટોના કામકાજો ક્યા તબક્કે છે, અને

(૩) અત્યાર સુધીમાં આ પ્રોજેક્ટોનો કેટલો ખર્ચ થયો છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | કામનું નામ | રકમ રૂા. |
|---|---|---|
| ૨૦૦૬-૦૭<br>૨૦૦૭-૦૮<br>(તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં) | માન સરોવર | રૂા. ૧૦૨/- લાખ |

(૨) ""માન સરોવર"" વિકાસ કાર્ય પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ રૂા. ૧૨૯/- લાખનો થવા પામેલ છે.

વધારાનો ખર્ચ અંબાજી ટેમ્પલ ટ્રસ્ટ ફંડમાંથી કરવામાં આવેલ છે.

---------

**વનબંધુ કલ્યાણ યોજનામાં ભિલોડા તાલુકામાં નાની, મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓ**

૩૫૯૮ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ વર્ષ ૨૦૦૭-૦૮ માં નાની સિંચાઈ, મધ્યમ અને મોટી સિંચાઈ હેડ હેઠળ વનબંધુ કલ્યાણ પેકેજ યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં સિંચાઈ માટે કુલ કેટલી યોજનાઓ બનાવવામાં આવી,

(૨) એની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) આ યોજનાથી કુલ કેટલા હેક્ટર વિસ્તારને પિયત થાય છે અથવા થવાનું છે ?

**જવાબ**

(૧) ૧૬ ચેકડેમ તથા ૨૫ તળાવો.

(૨) રૂા. ૧૨૨.૧૩ લાખ.

(૩) ૩૪૦ હેક્ટર વિસ્તારને ભૂગર્ભ જળ રિચાર્જનો લાભ મળશે.

---------

## પ્રવાસન ઉદ્યોગના પ્રોત્સાહન માટે આયોજન

૩૦૦૯ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહન મળે તે માટે તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

રાજ્યમાં પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહન મળે તે માટે રાજ્ય સરકારે તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરેલ આયોજન, કાર્ય યોજના અને કામગીરીની વિગતો નીચે મુજબ છે.

૧ રાજ્યમાં નવી હોટલ સ્થાપવા અને હેરીટેઝ હોટલ શરૂ કરવા માટે પ્રોત્સાહન યોજનાઓ શરૂ કરવામાં આવી અને તે પૈકી પ્રવાસન પ્રોત્સાહન યોજના, ૨૦૦૬ ને તા. ૩૦-૬-૦૭ સુધી લંબાવવામાં આવી.

૨ મેડીકલ ટુરીઝમ પોલીસી, ઈકો ટુરીઝમ પોલીસી જાહેર કરવામાં આવી.

૩ રૂા. ૭૮ કરોડના ખર્ચે ૫૩૯ કિ.મી.ના પ્રવાસી પથ તેયાર કરવામાં આવેલ છે અને જિલ્લાઓમાં પ્રવાસન સ્થળોની આંતર માળખાકીય સુવિધા માટે છેલ્લા બે વર્ષમાં કુલ ૮૦ કરોડની ગ્રાન્ટ જીલ્લા તંત્રને મંજુર કરી છે.

૪ રાજ્યમાં સો પ્રથમવાર પ્રવાસન ક્ષેત્રે ૨૦૦૬-૦૭માં રૂા. ૧૦૦ કરોડ અને પવિત્ર યાત્રાધામ દેવસ્થાન ક્ષેત્રે રૂા. ૪.૪૮ કરોડની આયોજિત જોગવાઈ કરવામાં આવી. અને આ જોગવાઈ ૨૦૦૭-૦૮ માં પણ ચાલુ રાખવામાં આવી.

૫ ૨૦૦૬-૦૭ના વર્ષમાં આ અંગેની કાર્ય યોજના તૈયાર કરી સમગ્ર વર્ષ દરમ્યાન તમામ વિભાગો, જિલ્લા તંત્રો અને જન ભાગીદારીથી કુલ ૨૬ તહેવારો પૈકી ૨૪ તહેવારોની રાજ્ય કક્ષાએથી ભવ્યતાથી અને પરંપરાગત ઉજવણી કરવામાં આવી. આ રીતે પ્રસંગ આધારિત પ્રવાસનની આગવી પરંપરા ઉભી કરવામાં આવી.

૬ કેપેસીટી બિલ્ડીંગના ભાગ રૂપે ૬૨૮ સ્થાનિક પ્રવાસી ગાઈડોને, ૩૪ રીજીઓનલ ગાઈડને, ૨૧૯૪ સર્વિસ પ્રોવાઈડરોને તાલીમ આપવામાં આવી. આ તાલીમો અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન અને ઈન્સ્ટીટ્યુટ ઓફ હોટલ મેનેજમેન્ટના ઉપક્રમે યોજવામાં આવેલ.

૭ પ્રવાસન ઉદ્યોગના ઉત્તેજન માટે સતત માર્કેટીંગ કરવામાં આવ્યું. પ્રવાસી સ્વાગત કેન્દ્રો, પ્રવાસી માહિતી કેન્દ્રો, રોડ શો વગેરેના આયોજન કરવામાં આવ્યા.

---------

**મહુવા તાલુકામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાની લોકભાગીદારી દ્વારા ચેકડેમો**

૩૩૬૪ **ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાની લોકભાગીદારી દ્વારા મોટી નદીઓ સિવાયના કેટલા ચેકડેમો બન્યા છે, અને

(૧) ૮ ચેકડેમો બનેલ છે.

(૨) આ ચેકડેમો પાછળ કુલ કેટલો ખર્ચ થયો છે ?

(૨) કુલ ખર્ચ રૂા. ૧૩.૯૬ લાખનો થયેલ છે.

---------

**તાલાળા ગામમાંથી પસાર થતી કેનાલની સફાઈ કરવા બાબત**

૨૮૪૪ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાળા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાના તાલાળા તાલુકામાં આવેલ કમલેશ્વર ડેમ આધારીત બે રીવર સિંચાઈ યોજના આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૧) હા જી.

(૨)જો હા, તો તે પેકી તાલાળા ગામમાંથી પસાર થતી કેનાલ અતિ બિસ્માર થઈ ગયેલ છે જેની સફાઈ કરી અને લાઈનીંગ કરવા રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) કેનાલની ચાલુ વરસે સફાઈ કરેલ છે તાલાળા ગામમાંથી પસાર થતી મુખ્ય કેનાલની કુલ લંબાઈ ૫.૪૯ કિ.મી.માંથી ૦.૫૦ કિ.મી. માં જરૂરીયાત મુજબના અને વધુ ઝરણવાળા ભાગમાં લાઈનીંગ કરવામાં આવેલ છે.

---------

**બનાસકાંઠા જિલ્લાના (સરહદી વિસ્તાર) સુઈ ગામના પી.એચ.સી. કેન્દ્રને સી.એચ.સી. માં ફેરવવા બાબત**

૩૩૯૧ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તારના સુઈ ગામના પી.એચ.સી. કેન્દ્રને સી.એચ.સી. માં ફેરવવા કોઈ વિચારણા છે કે કેમ ?

ના, જી.

--------

**આણંદ જિલ્લામાં તાલુકાવાર હેન્ડપંપ પાવર પેકેજ પાણીની યોજના**

૩૬૧૨ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા હેન્ડપંપ-પાવર પેકેજ પાણીની યોજનાઓ મંજૂર કરવામાં આવી,

(૧) તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ હેન્ડપંપની સંખ્યા | મંજૂર કરેલ પાવર પેકેજની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૦ | ૧૬ |
| ૨ | ઉમરેઠ | ૫૨ | -- |
| ૩ | આંકલાવ | ૩૭ | -- |
| ૪ | બોરસદ | ૧૮ | -- |
| ૫ | પેટલાદ | ૯ | -- |
| ૬ | સોજીત્રા | ૪ | -- |
| ૭ | ખંભાત | ૨૯ | -- |
| ૮ | તારાપુર | ૨ | -- |
| | કુલ | ૧૬૧ | ૧૬ |

(૨) તે પેકી કેટલા કામ પૂર્ણ થયેલ છે, કામ અધુરા રહેવાના કારણો શા છે, અને

(૨) અને (૩)
૧૫૦ હેન્ડપંપના કામો પૂર્ણ થયેલ છે. ૧૧

(૩) કેટલા સમયમાં પૂર્ણ થશે?

હેન્ડપંપના કામો પ્રગતિ હેઠળ છે. જે માર્ચ-૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. ૧૬ પાવર પેકેજ યોજનાના કામોના ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે. જે જૂન-૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.
બન્ને કામોમાં કામ અધૂરા રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ઉકાઈ (સિવીલ) વર્તુળ હસ્તકની વેર-૨ યોજનામાં ગેરરીતિઓ**

૩૫૭૯ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઉકાઈ (સિવીલ) વર્તુળ હસ્તકની વેર-૨ યોજના વિભાગની કામગીરી અને વહીવટ અંગે ગેરરીતિઓ તેમજ ભ્રષ્ટાચારની કેટલી ફરિયાદો મળી,

(૨) ગુજરાત તકેદારી આયોગ તરફથી આવી ફરિયાદોની તપાસ કરવાની કેટલી ભલામણો મળી, અને

(૩) આ બધી ફરિયાદો બાબતે સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) કુલ-૬ (છ)

(૨) ૧ -(એક)

(૩) ગુજરાત તકેદારી આયોગ તરફથી મળેલ એક (૧) ભલામણ અન્વયે આક્ષેપિતોની સામે શિસ્તવિષયક કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. જ્યારે ભ્રષ્ટાચાર અંગેની અન્ય પાંચ (૫) રજુઆતો મળેલ છે. જેમાં તપાસ કરતાં કોઈ તથ્ય જણાયેલ નથી.

---------

**સાબરકાંઠા વિસ્તારમાં માઝુમ, મેશ્વો અને વાત્રક જલાગાર યોજનામાં નર્મદા નદીનું પાણી**

૩૩૯૨ **શ્રી ઉદેસિંહ પું.ઝાલા (બાયડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં માઝુમ, મેશ્વો અને વાત્રક જલાગાર એસ.કે. ૨ યોજનામાં નર્મદા નદીના પાણી ભરવાનું આયોજન સરકારે છેલ્લા બે વર્ષમાં શરૂ કરેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ જલાગારોની યોજના ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે, અને

(૩) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં કેટલો ખર્ચ કર્યો?

**જવાબ**

(૧), (૨) તથા (૩)

ઉત્તર ગુજરાતને ફાળવેલ નર્મદાના ૧ મી. એકર ફીટ પાણી પૈકી સાબરકાંઠા જિલ્લાના હાથમતી, ગુહાઈ, માઝમ, મેશ્વો અને વાત્રક જળાશયમાં પાણી ભરવાનું આયોજન કરેલ છે. હાથમતી અને ગુહાઈનું કામ પ્રગતિમાં છે, જ્યારે બાકીના ત્રણ જળાશયો માટેનું કામ તબક્કાવાર હાથ ધરવાનું આયોજન છે. સાબરકાંઠા જિલ્લાના જળાશયો ભરવાના ઉપરોક્ત કામ પાછળ રૂા. ૨૮૬.૪૯ કરોડ ખર્ચ થયેલ છે.

---------

**ધંધુકા, બરવાળા અને રાણપર તાલુકાની જમીનો પિયત હેઠળ**

૨૮૩૭ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાનાં ધંધુકા, બરવાળા અને રાણપર તાલુકામાં સિંચાઈની સુવિધા નહિંવત છે તે સરકાર જાણે છે, તાલુકાવાર કુલ કેટલી જમીન પિયત હેઠળ અને બિનપિયત હેઠળ છે.

(૨) તાલુકાવાર સિંચાઈ સુવિધા વધારવા કોઈ મોટા માધ્યમ કે નાની સિંચાઈ ડેમો બનાવવા સરકારે સર્વેક્ષણ કર્યુ છે કે કેમ, અને

**જવાબ**

(૧) અને (૨) હકિક્ત સાચી નથી.

અમદાવાદ જિલ્લાનાં ધંધુકા, બરવાળા અને રાણપર તાલુકામાં સિંચાઈની સુવિધા સામેલ પત્રક મુજબ છે.

(૩) કેટલા સમયમાં આ તાલુકાઓને પિયત હેઠળ આવરી લેવામાં આવશે?

(૩) સમગ્ર તાલુકાના વિસ્તારને પિયતમાં આવરી લેવો શક્ય નથી પરંતુ પિયત વિસ્તારમાં વધારો કરવાનું આયોજન છે.

પત્રક

| અમદાવાદ જિલ્લામાં ધંધુકા, બરવાળા અને રાણપર તાલુકામાં સિંચાઈની વિગતો | | | |
|---|---|---|---|
| અ.નં. | તાલુકાનું નામ | ખેડાણ લાયક વિસ્તાર (હેકટર) | સિંચાઈ યોજના હેઠળ કુલ પિયત વિસ્તાર (હેકટર) |
| ૧. | ધંધુકા | ૧૦૩૯૧૧ | ૧૨૨૮૮ |
| ૨. | બરવાળા | ૨૫૧૭૬ | ૯૦૫૯ |
| ૩. | રાણપર | ૪૩૭૭૧ | ૭૩૯૩ |
| | **કુલ** | **૧૭૨૮૫૮** | **૨૮૭૪૦** |

---------

**રાજકોટ જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પી.પી. યુનિટનું મહેકમ**

૩૪૫૦ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પી.પી. યુનીટમાં સંવર્ગ મુજબની કેટલી જ્ગ્યાઓ ભરાયેલી છે, અને

(૧)

| **સામુહિક આરોગ્ય કેન્દ્ર સંવર્ગવાર ભરાયેલ જ્ગ્યા** | **પી.પી.યુનીટ સંવર્ગવાર ભરાયેલ જ્ગ્યા** |
|---|---|
| અધિક્ષક, વર્ગ-૧ ૨ | ગાયનોકોલોજીસ્ટક ૪ |
| તબીબી અધિકારી, વર્ગ-૨ ૨૭ | મેડીકલ ઓફીસર,વર્ગ-૨ ૨ |
| વહીવટી અધિકારી, વર્ગ-૨ ૨ | સીની.મેડીકલ ઓફીસર વર્ગ-૧ ૧ |
| સીનીયર આસીસ્ટંટ, વર્ગ-૩ ૧૧ | |
| સીનીયર ક્લાર્ક, વર્ગ-૩ ૨ | સ્ટોરકીપર કમ ક્લાર્ક વર્ગ-૩ ૩ |
| લેબોરેટરી ટેક્નીશીયનવર્ગ-૩ ૫ | |
| એક્સ રે ટેક્નીશીયન, વર્ગ-૩ ૧૧ | હેલ્થવિઝીટર, વર્ગ-૩ ૪ |
| જુનીયર ફાર્માસીસ્ટ, વર્ગ-૩ ૧૦ | લેબો. ટેક્નીશીયન, વર્ગ-૩ ૩ |
| સ્ટાફનર્સ, વર્ગ-૩ ૭૯ | |
| ઓપ્થલ્મિક આસીસ્ટંટ, વર્ગ-૩ ૫ | ફિમેલ હેલ્થ વર્કર/ એ.એન.એમ. વર્ગ-૩ ૯ |
| ડ્રાઈવર, વર્ગ-૩ ૧૩ | |
| ડ્રેસર, વર્ગ-૪ ૭ | ઓ.ટી.નર્સ, વર્ગ-૩ ૬ |
| પ્યુન વર્ગ-૪ ૧૩ | ઓ.ટી.એન્ટેન્ડન્ટ, વર્ગ-૩ ૬ |

| | |
|---|---|
| વોર્ડ સરવન્ટ, વર્ગ-૪ ૨૨ | ડ્રાઈવર, વર્ગ-૩ ૫ |
| આયા, વર્ગ-૪ ૧૦ | એનેસ્થેટીસ્ટ ૧ |
| કુક, વર્ગ-૪ ૧ | |
| સ્વીપર વર્ગ-૪ ૧૨ | |
| ચોકીદાર, વર્ગ-૪ ૨ | |
| (પાર્ટ ટાઈમ-ફિક્સ) સ્વીપર વર્ગ-૪ ૧૨ | |
| (પાર્ટ ટાઈમ-ફિક્સ) ચોકીદાર, વર્ગ-૪ ૨૦ | |
| કુલ.. ૨૬૬ | કુલ.. ૪૪ |

(૨) કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શું પગલાં લીધા?

(૨) સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાલી જગ્યા *પરિશિષ્ટ-અ
પી.પી.યુનીટ ખાલી જગ્યા *પરિશિષ્ટ-બ
ખાલી જગ્યા ભરવા સરકારે લીધેલ પગલાંની વિગત *પરિશિષ્ટ-ક

(* પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**રાજ્યમાં સરકારી હોસ્પિટલમાં તબીબી ક્ષેત્રે અદ્યતન સારવાર ઉપલબ્ધ કરાવવા**

૩૩૨૬ **ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં સરકારી હોસ્પિટલોમાં તબીબી ક્ષેત્રે અદ્યતન સારવાર ઉપલબ્ધ કરાવવા તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અદ્યતન ક્યા ક્યા સાધનો ખરીદ કરવામાં આવ્યા ?

**જવાબ**

સામેલ પત્રક-૧ અને પત્રક-૨ મુજબ

( * પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ભાવનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટેની કામગીરી**

૩૧૬૬ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં સન ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમ્યાન તા. ૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે શું કામગીરી હાથ ધરવામાં આવી, અને

(૨) આ માટે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ આપી છે, અને તે માટે જિલ્લા તંત્રએ કેટલો ખર્ચ કર્યો ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે કુલ-૪૮ કામો હાથ ધરવામાં આવેલ છે. જેની વિગતો પત્રક-૧ મુજબ છે.

(૨) આ માટે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કલેક્ટરશ્રીને નીચે મુજબની ગ્રાંટ ફાળવેલ છે.

| અ.નં. | વર્ષ | આપેલ ગ્રાંટ | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૦૬-૦૭ | ૨૦૦ લાખ | ૧૪૫.૧૨ લાખ |
| ૨ | ૦૭-૦૮ | ૧૧૫ લાખ | |

**પત્રક-૧**

**ભાવનગર જિલ્લામાં સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮માં પ્રવાસન સ્થળોના કામની વિગત**

| ક્રમ | પ્રવાસન સ્થળ અને કામની વિગત |
|---|---|
| ૧ | સાઇનેઝીસ બોર્ડ નંગ-૫ |
| ૨ | ગુંદી કોળીયાપક રસ્તાને પહોળો તથા મજબુતીકરણ સાથે ડામર સપાટીનું કામ |
| ૩ | પીકિંગ ઓપન કોળીયક-કુંડા |
| ૪ | ગોપનાથ સમુદ્ર તટે બેસવા માટે બાંકડા |
| ૫ | ગોપનાથ પાર્કીંગ |
| ૬ | પાલીતાણા ખાતે ટોઇલેટ નંગ-૨ની કામગીરી માટે |
| ૭ | પાલીતાણા ખાતે કર્બિંગ તથા રેલીંગ તળેટીથી ભેરવનાથ ચોકની કામગીરી અંગે |
| ૮ | કોળીયાક ખાતે પ્રવાસન સ્થળે આવેલ નાળા રીપેરીંગ બાબત |
| ૯ | કોળીયાક ખાતે પીવાના પાણીની સુવિધા |
| ૧૦ | દરિયા કિનારે બેસવાના બાંકડા, બેંચોની સુવિધા |
| ૧૧ | શોચાલય બ્લોક (પુરૂષો માટે) |
| ૧૨ | શોચાલય બ્લોક (સ્ત્રીઓ માટે) |
| ૧૩ | જાહેર મુતરડી (પુરૂષો માટે) |
| ૧૪ | જાહેર મુતરડી (સ્ત્રી માટે) |
| ૧૫ | ક્તપર ભાવની બીચ ખાતે પીવાના પાણીની વ્યવસ્થા માટે |
| ૧૬ | કોળીયાક મેળા નિમિત્તે નાળાનું મેટલીંગ તથા શોચાલય માટે |
| ૧૭ | કોળીયાક કિનારાથી શરૂ કરી ધોધા - કુંડા - હાથબ-કોડીયા મીઠી વિરડીને જોડતો એડવેન્ચર ટ્રેક રૂટ |
| ૧૮ | ભાવની બીચ સમુદ્ર તટે બેસવા માટે બાંકડા વન કુટીર વગેરે |
| ૧૯ | ભાવની બીચ સમુદ્ર તટે સ્થાઈ ક્ચરા પેટીઓ |
| ૨૦ | ભવાની બીચ સમુદ્ર તટે પે એન્ડ યુઝ ટોઈલેટ |
| ૨૧ | ભવાની બીચ સમુદ્ર તટે સોલાર લાઈટ |
| ૨૨ | ગોપનાથ ખાતે સ્થાઈ ક્ચરા પેટીઓ |
| ૨૩ | ગોપનાથ સમુદ્ર તટે પે એન્ડ યુઝ ટોઈલેટ |
| ૨૪ | વિકટોરીયા પાર્ક ભાવનગર ખાતે એબોરેટમ બનાવવા માટે |
| ૨૫ | વિકટોરીયા પાર્ક ખાતે વન ભોજન સ્થળનું અપગ્રેડેશન, ભોજન શાળા |
| ૨૬ | વિકટોરીયા પાર્ક ખાતે વોચ ટાવર |
| ૨૭ | વિકટોરીયા પાર્ક ખાતે ચેન લીંક ફેન્સીંગ |
| ૨૮ | વિકટોરીયા પાર્ક ખાતે ઈન્ટર પ્રિટેશન સેન્ટર તથા એક્ઝીબીશન સાધન સામગ્રી |
| ૨૯ | વિકટોરીયા પાર્ક ખાતે રીસેપ્સન સેન્ટર અને જરૂરી સાધન સામગ્રી તેમજ ફર્નિચર |
| ૩૦ | ગોપનાથ ખાતે પીવાના પાણીની ટ્રસ્ટ દ્વારા વ્યવસ્થા કરવા બાબત. |
| ૩૧ | સોતમેશ્વર તળાવ પર બેસવાના બાંકડા, પીવાના પાણીની સગવડ, લાઈટ સુશોભન બગીચા માટે સફાઈ વગેરે કામગીરી |
| ૩૨ | ગંગાજળીયા તળાવને ફરજ બાઉન્ટ્રી વોલ બનાવવા બાબત. |
| ૩૩ | ગોપનાથ, તલાજા ખાતે શુધ્ધ પીવાના પાણી માટેનો આર.ઓ. પ્લાન્ટ |
| ૩૪ | ગોપનાથ, તળાજા ખાતે સોલર લાઈટ |
| ૩૫ | ગોપનાથ, તળાજા ખાતે પ્રવાસી નિવાસમાં સુવિધાઓમાં સુધારો વધારો કરવા માટે |
| ૩૬ | ગોપનાથ, તલાજા ખાતે દરિયા કિનારે બેઠક વ્યવસ્થા, બેન્ચીંગ, પેવિંગ વગેરે માટે |
| ૩૭ | ભવાની મંદિરથી મહુવા શહેરને જોડતા રસ્તાનું કામ |
| ૩૮ | ભવાની મંદિર ખાતે પ્રવાસી સુવિધાઓમાં વધારો કરવા અંગે |
| ૩૯ | હાથબ બંગલા ખાતે પ્રવાસી સુવિધાઓનું અપગ્રેડેશન, સોલાર લાઈટ, પીવાના પાણી માટે આર.ઓ. |

| ક્રમ | પ્રવાસન સ્થળ અને કામની વિગત |
|---|---|
| | પ્લાન્ટ વગેરે માટે |
| ૪૦ | વિક્ટોરીયા પાર્ક, ભાવનગર ખાતે ટ્રેકર્સ, વોકર્સ, નેચર ક્લબના બાળકો માટે પીવાના પાણી, યુરિનલ ટોઈલેટ બેઠક વ્યવસ્થા માટે |
| ૪૧ | સોલાર લાઈટ - ૧૦ માટે |
| ૪૨ | કાળીયાર માટેના રેઈઝ પ્લેટ ફોર્મ માટે |
| ૪૩ | તખ્તેશ્વર મંદિર, ભાવનગર ખાતે સુશોભન માટેની લાઈટીંગ વ્યવસ્થા |
| ૪૪ | તખ્તેશ્વર મંદિર, ભાવનગર ખાતે ગ્રીલ, વનીકરણ, પથ્થર લાઈનીંગ, કલરકામ સુશોભન માટે |
| ૪૫ | પાલીતાણા શહેરમાં સાઈનેઝીસ માટે |
| ૪૬ | પાલીતાણા ખાતે તળેટી રોડ ઉપર સુશોભીત લાઈટ વ્યવસ્થા માટે |
| ૪૭ | નગર પાલિકા પાલીતાણા માટે ગાર્બેજ વિન્સ, સોલીડ વેસ્ટના સાધનો માટે |
| ૪૮ | પાલીતાણા ખાતે હાઈમાસ્ટ લાઈટીંગ વ્યવસ્થા માટે |

---------

**સરકારી આયુર્વેદિક દવાખાનામાં દવાનો પુરવઠો**

૩૧૮૪ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં આવેલ સરકારી આયુર્વેદિક દવાખાનાઓમાં દવાઓનો પુરવઠો નિયમિત રીતે પુરો પાડવા સરકારે તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) હા, જી

રાજ્યની સરકારી આયુર્વેદ ફાર્મસી રાજપીપળા તથા વડોદરા તેમજ સરકારી વનસ્પતિ એકત્રિકરણ કેન્દ્રો તથા સરકાર માન્ય ફાર્મસી ગુજરાત આયુર્વેદિક વિકાસ મંડળ ફાર્મસી તેમજ ડાંગ જિલ્લા આયુર્વેદ સહકારી ફાર્મસી મારફતે દવાઓનું ઉત્પાદન કરી સરકારી આયુર્વેદ દવાખાનાઓ અને હોસ્પિટલોને તેમની જરૂરીયાત મુજબની દવાઓનો પુરવઠો નિયમિત રીતે પુરો પાડવાનું સરકારશ્રી દ્વારા આયોજન કરવામાં આવેલ છે તેમજ ભારત સરકારની સહાય મેળવી રાજ્યની સરકારી આયુર્વેદ ફાર્મસી રાજપીપળા તથા વડોદરાનું G.M.P. ના નોર્મ્સ મુજબ આધુનિકરણ કરી ઓષધોના ઉત્પાદનમાં વધારો કરવામાં આવેલ છે તથા ભારત સરકારની સહાય દ્વારા પણ દવાઓ સરકારી દવાખાનાઓને પૂરી પાડવામાં આવે છે.

(૨) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી આયુર્વેદ દવાઓ પાછળ રૂા. ૭ કરોડ ૨૧ લાખનો ખર્ચ કરેલ છે.

---------

**શહેરી ગરીબો માટે વ્યક્તિગત શોચાલયોના નિર્માણ કાર્યનું આયોજન**

૩૧૭૯ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં શહેરી ગરીબો માટે રાજ્ય સરકારે વ્યક્તિગત શોચાલયોનું નિર્માણ કાર્યનું આયોજન થયેલ છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં કેટલા વ્યક્તિગત શોચાલયોનું નિર્માણ કાર્ય પૂર્ણ થયેલ છે, અને

(૩) હજી વધારે કેટલા વ્યક્તિગત શોચાલયોનું નિર્માણ કાર્ય હાથ પર લેવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં કુલ ૭૬,૮૮૩ વ્યક્તિગત શોચાલયોનું નિર્માણ કાર્ય પૂર્ણ થયેલ છે.

(૩) ૪૦,૫૪૧ વ્યક્તિગત શોચાલયોનું નિર્માણ કાર્ય હાથ પર લેવામાં આવેલ છે.

**ધનસુરા તાલુકાના ગામોમાં આરોગ્યની સુખાકારી માટે પગલાં**

૨૮૩૯ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મેઘરજ-માલપુર બાયડ અને ધનસુરા તાલુકાના ગામોમાં આરોગ્યની સુખાકારી માટે તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શા શા પગલાં ભરવામાં આવ્યા છે,

**જવાબ**

(૧) આરોગ્યના સુખાકારી માટે નીચે મુજબ પગલાં ભરવામાં આવ્યા છે.

૧. કેન્દ્રોમાં ઓપીડી/ઇન્ડોર દ્વારા સારવાર અને દવા વિતરણ.
૨. મેલેરીયા અટકાયત પગલાં.
૩. બાળકોને ચેપી રોગ સામે રક્ષણ આપવાની રસીકરણની કામગીરી.
૪. ચિરંજીવી યોજના હેઠળ સગર્ભા માતાઓની તપાસ એન્ટીનેટલકેરની કામગીરી દ્વારા પ્રસુતિ વિષયક સારવાર, જનની સુરક્ષા યોજના દ્વારા ડીલીવરી સમયે નિયત કરેલ લાભાર્થીઓને લાભ આપવાની કામગીરી.
૫. તમામ કાર્યક્રમો અંગે આરોગ્ય શિક્ષણની પ્રવૃત્તિ શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ બાળકોની મેડીકલ ચેકઅપની કામગીરી.
૬. આરોગ્ય કેન્દ્રોમાં રોગી કલ્યાણ સમિતિઓની રચના કરી દર્દીઓને સુખાકારી વધે તેવા પ્રયો.
૭. મકાનોના બાંધકામ, સુધારણા તથા સ્વચ્છતા અંગે જરૂરી કાર્યવાહી કરેલ છે.

(૨) ગામોની નિયમિત મુલાકાતો લેવામાં આવેલ છે કે કેમ, કઇ કઇ શાખા દ્વારા આવી મુલાકાતો લઇ શી શી કામગીરી કરવામાં આવે છે, અને

(૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, બ્લોક હેલ્થ લેવલે, જિલ્લા કક્ષાના અધિકારીઓ દ્વારા સંબંધિત તાલુકાના ગામોની નિયમિત રીતે મુલાકાત લઇ આરોગ્ય વિભાગના વિવિધ કાર્યક્રમોના અમલીકરણ, મોનીટરીંગ તેમજ સુપરવીઝન દ્વારા નાગરિકોની સુખાકારી માટે જરૂરી પગલાં ભરવામાં આવે છે.

(૩) અનિયમિત મુલાકાતો અંગે સરકારને કોઇ ફરિયાદો મળી છે કે કેમ, આ ફરિયાદો બાબતે શા શા પગલાં ભરવામાં આવ્યા ?

(૩) અનિયમિત મુલાકાત અંગે કોઇ ફરિયાદ મળેલ નથી. જેથી પગલા લેવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી.

---------

**ભરુચ જિલ્લામાં સ્વનિર્ભર મેડીકલ અને ડેન્ટલ કોલેજો**

૩૨૨૦ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૪-૦૫ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં ભરૂચ જિલ્લામાં સ્વનિર્ભર મેડીકલ તથા ડેન્ટલ કોલેજોને ક્યાં ક્યાં મંજૂરી આપી,

**જવાબ**

(૧) નવી કોલેજો માટે રાજ્ય સરકાર મંજુરી આપતી નથી પરંતુ ભારત સરકાર મંજુરી આપે છે. રાજ્ય સરકાર એસેન્સ્યાલીટી સર્ટીફીકેટ આપે છે. આ સમય ગાળા દરમ્યાન આવું સર્ટીફીકેટ આપેલ નથી.

(૨) તે પૈકી કેટલી મેડીકલ અને ડેન્ટલની સંસ્થાઓ ઉપલબ્ધ છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ કોલેજોને કેટલી ફી ઉઘરાવવાની મંજૂરી આપેલ છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**દાહોદ અને ઝાલોદ તાલુકાના હેન્ડપંપોની સંખ્યા**

૨૭૪૦ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ દાહોદ અને ઝાલોદ તાલુકામાં કુલ કેટલા હેન્ડ પંપો હયાત છે,

**જવાબ**

(૧) દાહોદ ૩૬૪૩
ઝાલોદ ૫૨૯૬

(૨) આ હેન્ડ પંપો પૈકી કેટલા હેન્ડ પંપો ચાલુ છે, અને

(૨) દાહોદ ૨૬૬૨
ઝાલોદ ૪૯૦૫

(૩) રીપેરીંગના અભાવે કેટલા હેન્ડપંપો બંધ છે ?

(૩) દાહોદ ૯૮૧
ઝાલોદ ૩૯૧
બંધ પડેલ હેન્ડ પંપો પૈકી આશરે ૮૦ ટકા હેન્ડ પંપો, તા. ૧૦-૦૩-૦૮ સુધીમાં ચાલુ કરવામાં આવેલ છે અને બાકી રહેતા હેન્ડપંપો તા. ૩૧-૦૩-૦૮ સુધીમાં ચાલુ કરવાનું આયોજન છે.

---------

**રાજ્યના શહેરોમાં આવાસ સુવિધાઓ માટે ઈન્ટીગ્રેટેડ ટાઉનશીપ પોલીસી હેઠળ યોજના**

૩૩૭૯ **શ્રી આત્મારામ મ.પરમાર (ગઢડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યના શહેરોમાં આવાસ સુવિધાઓ માટે ઈન્ટીગ્રેટેડ ટાઉનશીપ પોલીસી હેઠળ રાજ્યનાં કેટલા શહેરોમાં આવી યોજના માટેની ૨૦૦૭ માં આવી દરખાસ્તો આવી છે, અને

(૧) રાજ્યના શહેરોમાં આવાસ સુવિધાઓ માટેની ઈન્ટીગ્રેટેડ ટાઉનશીપ નીતિ હેઠળના ધોરણો (નોર્મ્સ) તેમજ નિયત નમૂનાના અરજી પત્રકો બનાવીને તેની જાહેર પ્રસિધ્ધિ કરવામાં આવેલ છે. તે અન્વયે જાહેર સુચનો મેળવ્યા બાદ તે આખરી થયેથી ઈન્ટીગ્રેટેડ ટાઉનશીપ પોલીસી હેઠળની દરખાસ્તો પ્રોત્સાહીત કરવામાં આવશે.

(૨) હાલની આવેલ દરખાસ્તો મુજબ કેટલી ટાઉનશીપો બનશે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત પાઈપ લાઈન નાખવાનું કામ**

૨૯૩૨ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ સુજલામ સુફલામ યોજના અંતર્ગત પાઈપ લાઈન નાંખવાનું ક્યાંથી ક્યાં સુધી કેટલું કામ પૂર્ણ થયું,

(૧) નર્મદા મુખ્ય નહેર ઉપરના જુદા જુદા સ્થળેથી નિકળતી ધરોઈ ડેમ સુધીની બે પાઈપ લાઈન, સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ સુધીની ચાર પાઈપ લાઈન અને સરસ્વતી જંકશન સિધ્ધપુર સુધીની એક પાઈપ લાઈન પુર્ણ થયેલ છે. તથા હાથમતી અને ગુહાઈ ડેમ સુધીની એક પાઈપ લાઈન પુર્ણતાના અંતિમ તબક્કામાં છે.

(૨) તેનો કેટલો ખર્ચ થયો, અને

(૨) રૂા. ૧૫૩૩.૬૦ કરોડ.

(૩) લીફ્ટ કરી પાણી પાઈપ લાઈનમાં વહાવવા માટે તા. ૧-૧-૨૦૦૭થી તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં કેટલું વીજળી બીલ આવ્યું ?

(૩) રૂા. ૨૪.૫૨ કરોડ.

---------

**રાજ્યની સરકારી હોસ્પિટલો અને આરોગ્ય સંસ્થાઓમાં અપાતી દવાઓ**

૩૩૩૫ **શ્રી અનિલકુમાર પટેલ(મહેસાણા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

રાજ્યની સરકારી હોસ્પિટલો અને આરોગ્ય સંસ્થાઓમાં દર્દીઓને દવાઓ પૂરી પાડવા માટે સરકારે શી વ્યવસ્થા ઉભી કરી છે ?

રાજ્ય સરકાર હસ્તકની જિલ્લા/તાલુકા કક્ષાની હોસ્પિટલો, સામૂહિક, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે દર્દીઓને દવાઓ પૂરી પાડવા માટે સરકારે તા. ૨૨-૧૨-૧૯૭૮થી મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્રની રચના કરી છે. મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર દ્વારા મુખ્યત્વે રાજ્ય સરકાર હસ્તકની જિલ્લા/તાલુકા કક્ષાની હોસ્પિટલો, સામૂહિક, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ઉપરાંત રાજ્ય સરકારની તબીબી કોલેજો અને અન્ય આરોગ્ય ક્ષેત્રનું શિક્ષણ આપતી શૈક્ષણિક સંસ્થાઓને વાજબી ભાવે દવા મળી રહે તે માટે દવા ઉત્પાદક પેઢીઓ સાથે ભાવકરાર કરવામાં આવે છે. ઉક્ત સંસ્થાઓની જરૂરીયાત સંકલિત કરી મધ્યસ્થ ખરીદી

કરી, સંગ્રહ કરી વિતરણ કરવામાં આવે છે. આ માટે ગાંધીનગર ખાતે મધ્યસ્થ ડેપો સ્થાપવામાં આવેલ છે.

દવાઓ ઈન્ડેન્ટ, સંગ્રહ, વિતરણની કામગીરી વધુ સુદૃઢ અને ઝડપી કરવા અમરેલી, જામનગર, પાટણ અને સુરત ખાતે ચાર સબ ડેપો કાર્યાન્વિત કરવાના છે.

---------

**દેવગઢ બારીઆ તાલુકાના ગ્રામ્ય તળાવો ઉંડા કરવા બાબત**

૨૪૫૯ **શ્રી તુષારસિંહ ક.મહારાઉલ (દેવગઢ બારિયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવગઢ બારીઆ તાલુકામાં સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ કેટલા ગ્રામ્ય તળાવો ઉંડા કરવામાં આવ્યા છે, | (૧) ૨૮ |
| (૨) આ તળાવો કઈ યોજનામાં ઉંડા કરવામાં આવ્યા છે, અને | (૨) સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનામાં અને ન્યુ ગુજરાત પેટર્ન યોજના |
| (૩) ઉંડા કરેલ તળાવોનો કામવાર ખર્ચ કેટલો થયેલ છે ? | (૩) કુલ રૂા. ૮૧.૦૩ લાખ (પત્રકમાં દર્શાવ્યા મુજબ) |

**પત્રક**

| અ. નં. | ગામનું નામ | તળાવનું નામ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | વીપ્લોદ | ગોવિંદીયા તળાવ | ૩.૨૩ |
| ૨ | વીપ્લોદ | વણભેલા તળાવ | ૩.૪૭ |
| ૩ | વંચેલા | મંદીર પાસેનું તળાવ | ૩.૫૭ |
| ૪ | વચેલા | નિશાળ પાસેનું તળાવ | ૩.૪૩ |
| ૫ | રેબારી | ગામ તળાવ | ૩.૦૭ |
| ૬ | દુધીયા | ગામ તળાવ | ૩.૭૧ |
| ૭ | વાંડોદરા | ગામ તળાવ | ૩.૬૪ |
| ૮ | અંતેલા | ગામ તળાવ | ૩.૩૪ |
| ૯ | તોયણી | ગામ તળાવ | ૩.૧૩ |
| ૧૦ | ભરવાડા | ગામ તળાવ | ૩.૫૨ |
| ૧૧ | ગુંધા | ગામ તળાવ | ૩.૨૯ |
| ૧૨ | સાલીયા | ગામ તળાવ | ૨.૬૬ |
| ૧૩ | રેઢાણા | ગામ તળાવ | ૩.૦૨ |
| ૧૪ | દેણાવાડા | ગામ તળાવ | ૨.૪૧ |
| ૧૫ | કાળી ડુંગરી | અનુશ્રવણ તળાવ | ૫.૫૨ |
| ૧૬ | કાળી ડુંગરી | ગામ તળાવ | |
| ૧૭ | અભલોડ | ગામ તળાવ | |
| ૧૮ | મોટીઝરી | અનુશ્રવણ તળાવ | ૫.૫૨ |
| ૧૯ | કાલીયા કોટા | ગામ તળાવ | |
| ૨૦ | હિંડોલીયા | ગામ તળાવ | |
| ૨૧ | બામરોલીના મુવાડા | ગામ તળાવ | ૯.૦૦ |
| ૨૨ | મોટી મંગોઈ | ગામ તળાવ | |
| ૨૩ | સાગટાલા | ગામ તળાવ | |
| ૨૪ | ભુવાલ | ગામ તળાવ | ૭.૫૦ |
| ૨૫ | કોલીના મુવાડા | ગામ તળાવ | |
| ૨૬ | દેંગાવાડા | ગામ તળાવ | |
| ૨૭ | ડાંગરીયા | ગામ તળાવ | ૮.૦૦ |
| ૨૮ | રૂવાબારી | અનુશ્રવણ તળાવ | |
| | | **કુલ :** | **૮૧.૦૩** |

--------

## સરકારી દવાખાનાઓમાં દવાઓના જથ્થાની વ્યવસ્થા

૩૩૩૯ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રોગચાળો, અતિવૃષ્ટિ જેવા તાકીદના સંજોગોમાં સરકારી દવાખાનાઓમાં આવશ્યક દવાઓનો જથ્થો ઉપલબ્ધ કરાવવા સરકારે શું વ્યવસ્થા ઉભી કરી છે ?

**જવાબ**

તાકીદની પરિસ્થિતિમાં આવશ્યક દવાઓનો જથ્થો ઉપલબ્ધ કરાવવા

(૧) એન. આર. એચ. એમ. અતર્ગત જરૂરી જોગવાઈ રાખવામાં આવેલ છે.

(૨) મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર મારફતે પાછલા વર્ષોના અનુભવ મુજબ રોગચાળાના સમય દરમ્યાન જરૂરી દવાઓનો જથ્થો ઉપલબ્ધ કરાવવા આગોતરું આયોજન કરવામાં આવે છે.

(૩) રોગી કલ્યાણ સમિતિ અને વિલેજ હેલ્થ એન્ડ સેનીટેશન કમિટિ દ્વારા સ્થાનિક કક્ષાએ ઉપસ્થિત થતી તાકીદની જરૂરિયાત માટે જરૂરી સત્તા તેમજ ફંડ આપવામાં આવે છે.

--------

## નાના પોંઢાના સામુહિક આરોગ્ય કેન્દ્રના નવિનીકરણ માટેનું આયોજન

૩૨૪૫ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં નાના પોંઢા સામુહિક આરોગ્ય કેન્દ્રને નવિનીકરણ કરવા માટે કોઈ નક્કર આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ આયોજનની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા.

(૨) વર્ષ ૨૦૦૮-૦૯માં ચાલુ બાબત હેઠળ સામુહિક આરોગ્ય કેન્દ્ર, નાના પોંઢા, જી. વલસાડ માટે રૂા. ૭૦.૦૦ લાખની જોગવાઈ બજેટમાં સૂચવવામાં આવેલ છે.

--------

## અમદાવાદ શહેર રેવડી બજારની કોટની રાંગ પાસે ટી. પી. સ્કીમ

૩૪૦૨ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

અમદાવાદ શહેરમાં રેવડી બજારની કોટની રાંગ પાસે તા. ૩૧-૦૧-૨૦૦૮ની સ્થિતિએ ટી. પી. સ્કીમ મંજૂર થયેલ છે કે કેમ ?

**જવાબ**

હા, જી.

--------

**વડોદરા જિલ્લાના પી.એચ.સી. અને સી.એચ.સી. કેન્દ્રોનું સંચાલન સંસ્થાઓને સુપરત**

૩૫૮૨ **શ્રી મોહસિંહ છો.રાઠવા(જેતપુર પાવી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ વડોદરા જિલ્લાના ક્યા ક્યા તાલુકાના પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોનું સંચાલન કરવાનું કઈ કઈ સેવા ભાવી સંસ્થાઓને સુપરત કરવામાં આવ્યા,

(૨) સેવા-ભાવી સંસ્થાઓને કેટલા વર્ષ માટે અને કઈ કઈ શરતોને આધિન રહી ચાર્જ સુપરત કરવામાં આવ્યો, અને

(૩) સેવા-ભાવી સંસ્થાઓ સામે કોઈ ગંભીર પ્રકારની ફરિયાદ રાજ્ય સરકાર સમક્ષ મળી છે ખરી ?

**જવાબ**

(૧) અને (૨)

| **તાલુકો** | **સેવાભાવી સંસ્થાનું નામ** | **પ્રા. આ. કેન્દ્ર/ સા. આ. કેન્દ્રનું નામ** | **સોંપણીની મુદત વર્ષ** | **શરશતો આ.પ.ક.વિ.ના નીચેના ઠરાવો મુજબ** |
|---|---|---|---|---|
| પાદરા | બોચાસણવાસી અક્ષરપુરષોત્તમ ચેરીટેબલ ટ્રસ્ટ અમદાવાદ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાણસદ | ૧૦ | તારીખ ૨૦-૬-૨૦૦૦ |
| શિનોર | શક્તિકૃપા ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા | સા.આ. કેન્દ્ર મોટા ફોફડીયા | ૧૨ | તારીખ ૧૬-૭-૧૯૯૬ ૭-૧૦-૧૯૯૮ |
| સંખેડા | મંગલ ગ્રામ સેવા નિધી ટ્રસ્ટ વડોદરા | સા. આ. કેન્દ્ર ગોલાગામડી | ૬ | તારીખ ૬-૪-૨૦૦૨ ૨૩-૭-૨૦૦૪ ૪-૮-૨૦૦૫ |

(૩) ના, જી.

**હળવદ તથા મૂળી તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સી.ટી. સ્કેનની અદ્યતન સુવિધા**

૩૬૦૯ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ હળવદ તથા મૂળી તાલુકાના સા.આ.કેન્દ્રમાં સી.ટી.સ્કેનની અદ્યતન સુવિધા ગ્રામીણ દર્દીઓને મળી રહે તેવું સરકાર આયોજન કરવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં આ સુવિધા ચાલુ કરવામાં આવશે?

**જવાબ**

(૧) ના, જી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ચોટીલા અને સાયલા તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને અન્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ**

૩૬૦૧ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકાના ક્યા ક્યા સામુહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, જિલ્લા પંચાયત સંચાલિત દવાખાનાઓ, મીડવાઈફ સબ સેન્ટરો, મેલેરિયા સહિતના અન્ય આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી હાજર મહેકમ કેટલું છે,

(૩) આ જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૪) આ જગ્યાઓ ન ભરવાના કારણો શા છે, અને

(૫) કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ મંજૂર મહેકમ

| તાલુકાનું નામ | સા.આ.કેન્દ્ર | પ્રા.આ.કેન્દ્ર | મીડ વાઈફ સબ સેન્ટર | મેલેરિયા વિભાગ |
|---|---|---|---|---|
| ચોટીલા | ચોટીલા-૪૩<br>પી.પી.યુનીટ-૯ | બામણબોર-૯<br>થાનગઢ-૯<br>આણંદપુર-૯ | ૯<br>૯<br>૮ | ૧<br>૧<br>૨ |
| | આયુર્વેદિક દવાખાનું-કાળાસર-૧ (સરકાર હસ્તક) | | | |
| સાયલા | સાયલા-૨૮ | સુદામડા-૯<br>ડોળીયા-૯ | ૮<br>૮ | ૧<br>૨ |
| | આયુર્વેદિક ડીસ્પેન્સરી ધજાળા-૧ (જીલ્લા પંચાયત) | | | |

(૨) હાજર મહેકમ નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | સા.આ.કેન્દ્ર | પ્રા.આ.કેન્દ્ર | મીડ વાઈફ સબ સેન્ટર | મેલેરિયા વિભાગ |
|---|---|---|---|---|
| ચોટીલા | ચોટીલા-૨૪<br>પી.પી.યુનીટ-૨ | બામણબોર-૨<br>થાનગઢ-૬<br>આણંદપુર-૨ | ૫<br>૬<br>૬ | ૧<br>૧<br>૨ |
| | આયુર્વેદિક દવાખાનું-કાળાસર-૧ (સરકાર હસ્તક) | | | |
| સાયલા | સાયલા-૧૪ | સુદામડા-૨<br>ડોળીયા-૨ | ૫<br>૭ | ૧<br>૧ |
| | આયુર્વેદિક ડીસ્પેન્સરી ધજાળા-૧ | | | |

(૩) પત્રક-અ, બ અને ક મુજબ

(૪) બઢતીથી કર્મચારીને મુકવામાં ફીડર કેડરમાં કર્મચારીઓ ઉપલબ્ધ ન થવાથી તેમજ લાયકાત ધરાવતા ઉમેદવારો ન મળવાના કારણે ભરી શકાયેલ નથી.

(૫) લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ.

**પત્રક-અ**
**સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્રની ખાલી જ્યાની વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | સંવર્ગનું નામ | ખાલી જ્યાની સંખ્યા | સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ | |
|---|---|---|---|---|
| | | | ચોટીલા તાલુકો | સાયલા તાલુકો |
| | | | કઈ તારીખથી ખાલી | કઈ તારીખથી ખાલી |
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૩૦-૬-૦૬ | -- |
| ૨ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૧ | -- | ૧-૯-૦૭ |
| ૩ | વહીવટી અધિકારી | ૧ | ૪-૨-૦૮ | -- |
| ૪ | ઓપ્થલ્મીક આસીસ્ટન્ટ | ૨ | ૩૦-૫-૦૭ | ૧૪-૭-૦૬ |
| ૫ | એક્સ-રે ટેક્નીશીયન | ૨ | ૨૧-૫-૦૭ | ૧-૯-૦૭ |
| ૬ | લેબોરેટરી ટેક્નીશીયન | ૧ | -- | ૨૮-૬-૦૬ |
| ૭ | જુની. ફાર્માસીસ્ટ | ૦ | -- | -- |
| ૮ | સ્ટાફ નર્સ | ૮ | ૧૦-૫-૦૬<br>૧૯-૬-૦૬<br>૧૩-૧-૦૪ | ૩૧-૫-૦૭ (૩) જ્યા<br>૩-૫-૦૭<br>૨૦-૧-૦૮ |
| ૯ | સીનીયર ક્લાર્ક | ૨ | ૬-૭-૦૬ | ૩૧-૧૧-૦૨ |
| ૧૦ | ડ્રાઈવર | ૦ | -- | -- |
| ૧૧ | પટાવાળા | ૦ | -- | -- |
| ૧૨ | વોર્ડ સરવન્ટ | ૯ | ૮-૬-૦૪ (૪) જ્યા<br>૭-૬-૦૬ (૪) જ્યા | ૨-૭-૦૨ |
| ૧૩ | સ્વીપર | ૩ | ૧૧-૧૧-૦૨ (૨) જ્યા | ૯-૧-૦૨ |
| ૧૪ | ડ્રેસર | ૨ | ૧૯૮૮ | ૧૯૮૯ |
| ૧૫ | આયા | ૦ | -- | -- |
| ૧૬ | પાર્ટ ટાઈમ સ્વીપર | ૧ | -- | ૧૮-૩-૦૩ |
| ૧૭ | પાર્ટ ટાઈમ ચોકીદાર | ૦ | -- | -- |

**પત્રક-અ**
**સામુહિક આરોગ્ય કેન્દ્ર, ચોટીલા જી. સુરેન્દ્રનગર, પી.પી.યુનીટ વર્ગ-૧ થી ૪ની વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | સંવર્ગનું નામ | ખાલી જ્યાની સંખ્યા | પી.પી.યુનીટ, ચોટીલા |
|---|---|---|---|
| ૧ | ગાયનેકોલોજીસ્ટ વર્ગ-૧ | ૧ | ૩૧-૧૨-૯૮ |
| ૨ | બાળ રોગ નિષ્ણાંત વર્ગ-૧ | ૧ | ૩૧-૧૨-૯૮ |
| ૩ | લેબોરેટરી ટેક્નીશીયન | ૧ | ૩૦-૬-૯૬ |
| ૪ | સ્ટાફ નર્સ | ૧ | ૯-૪-૯૬ |
| ૫ | હેલ્થ વીઝીટર | ૧ | ૩-૩-૦૪ |
| ૬ | સીનીયર ક્લાર્ક | ૧ | ૪-૧૦-૦૪ |
| ૭ | ઓટી એટેન્ડન્ટ | ૧ | ૮-૨-૦૪ |

**પત્રક-બ**
**સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ખાલી જ્યાની વિગત દર્શાવતું પત્રક**

| **અ.નં.** | **સંવર્ગનું નામ** | **ખાલી જ્યાની સંખ્યા** | **પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું નામ** | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | **ચોટીલા તાલુકો** | | | **સાયલા તાલુકો** | | |
| | | | **બામણબોર** | **થાનગઢ** | **આણંદપુર** | **સુદામડા** | **ડોળીયા** | **આર્યુ.ડીસ્પે.** |
| ૧ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૧ | -- | -- | -- | ૫-૮-૦૭ | -- | -- |
| ૨ | લેબોરેટરી ટેક્નીશીયન | ૧ | -- | -- | ૨૧-૭-૦૭ | -- | -- | -- |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ફાર્માસીસ્ટ | ૩ | ૩૧-૮-૦૫ | -- | -- | ૩૧-૮-૦૭ | ૧૦-૧-૦૧ | -- |
| ૪ | ડ્રાઈવર | ૩ | ૨૭-૯-૦૫ | -- | ૨૫-૬-૦૨ | -- | ૨૦૦૩ | -- |
| ૫ | વોર્ડ સરવન્ટ | ૪ | ૧-૩-૯૫થી | -- | ૧-૪-૯૫ | ૧-૪-૯૫ | ૧-૪-૯૫ | -- |
| ૬ | આયા | ૪ | ૧-૩-૯૫ | -- | ૧-૩-૯૫ | ૧-૩-૯૫ | ૧-૩-૯૫ | -- |
| ૭ | પાર્ટ ટાઈમ સ્વીપર | ૧૦ | ૧-૩-૯૫ (૨) | ૧-૩-૯૫ (૨) | ૧-૩-૯૫ (૨) | ૧-૩-૯૫ (૨) | ૧-૩-૯૫ (૨) | -- |

૫ સીનીયર ક્લાર્કની જ્ગ્યાઓ તા. ૧-૪-૦૫થી બ્લોક હેલ્થ કચેરીમાં તબદીલ કરેલ છે.

**પત્રક-ક**

**સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકાના સબ સેન્ટર/મેલેરીયાની ખાલી જગ્યાની વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | સંવર્ગનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | સબ સેન્ટર | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | ચોટીલા તાલુકો | | | સાયલા તાલુકો | |
| | | | બામણબોર | થાનગઢ | આણંદપુર | સુદામડા | ડાળીયા |
| ૧ | ફીમેલ હેલ્થ વર્કર્સ | ૧૩ | ૨૨-૮-૦૫<br>૧૪-૧૧-૦૬<br>૧-૧૧-૦૬<br>૧૭-૧૨-૦૬ | ૬-૭-૦૭<br>૧૦-૭-૦૬<br>૧૮-૭-૦૫ | ૧-૨-૦૫<br>૧-૨-૦૫ | ૧-૯-૦૭<br>૩૧-૧-૦૭<br>૧-૩-૦૩ | ૧-૮-૦૭ |
| | | | **મેલેરીયા** | | | | |
| ૧ | મેલેરીયા સર્વેલન્સ ઈન્સ્પેક્ટર | ૦ | -- | -- | -- | -- | -- |
| ૪ | લેબોરેટરી ટેક્નીશીયન | ૧ | -- | -- | -- | -- | ૩૦-૪-૦૬ |

---------

**શહેરી ગરીબો માટે વ્યક્તિગત શોચાલયોનું નિર્માણ કાર્ય**

૩૧૭૮ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં શહેરી ગરીબો માટે રાજ્ય સરકારે વ્યક્તિગત શોચાલયોનું નિર્માણ કાર્યનું આયોજન કરેલ છે કે કેમ, | (૧) હા, જી |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કેટલા વ્યક્તિગત શોચાલયોનું નિર્માણ કાર્ય પૂર્ણ થયેલ છે, અને | (૨) તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં કુલ-૮૮,૧૬૧ વ્યક્તિગત શોચાલયોનું નિર્માણ કાર્ય પૂર્ણ થયેલ છે. |
| (૩) હજી વધારે કેટલા વ્યક્તિગત શોચાલયોનું નિર્માણ કાર્ય હાથ પર લેવામાં આવેલ છે? | (૩) ૪૦,૫૪૧ વ્યક્તિગત શોચાલયોનું નિર્માણ કાર્ય હાથ પર લેવામાં આવેલ છે. |

---------

**બોરસદ અને આંક્લાવ તાલુકાના કાંઠા વિસ્તારના ગામોમાં પીવાના પાણી**

૩૩૪૫ **જયોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બોરસદ અને આંક્લાવ તાલુકાના કાંઠા વિસ્તારના ગામોમાં પાણી પીવા લાયક નથી તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ શું આયોજન કરવામાં આવ્યું? | (૨) પાણીમાં ગુણવત્તાની અસરવાળા કુલ ૪૨ ગામો પૈકી ૨૪ ગામોનાં કામો પૂર્ણ કરેલ છે તથા બાકી રહેતા ૧૮ ગામોના કામો વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**પંચમહાલ જિલ્લામાં નાની સિંચાઈ દ્વારા ઉંડા કરવામાં આવેલ તળાવો**

૩૫૯૧ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં નાની સિંચાઈ દ્વારા ઉંડા કરવામાં આવેલ તળાવો પાછળ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) રૂા. ૫૮૬.૭૧ લાખ |
| (૨) તે અન્વયે કેટલા તળાવો તુટી ગયા છે, ક્યા ક્યા તળાવો તુટી ગયા છે, અને | (૨) આ અન્વયે બે તળાવો તૂટી ગયેલ છે વાંદરીયા ગામ તળાવ તા. સંતરામપુર તેમજ લપાણીયા તા. કડાણાના તળાવો તૂટી ગયેલ છે. |
| (૩) આ કામોમાં ગેરરીતીઓ થઈ છે તે અન્વયે તપાસની કામગીરી હાલ ક્યા તબક્કે છે? | (૩) ગેરરીતીની ફરિયાદ મળતા ગુણવત્તા નિયમન વિભાગ, ગાંધીનગરને તપાસ સોંપેલ છે. તપાસની કાર્યવાહી પ્રગતિમાં છે. |

---------

**ઉમરગામ તાલુકામાં યાત્રાધામ તરીકેનું સ્થળ**

૩૪૪૭ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉમરગામ તાલુકામાં ૨૦૦૭ના વર્ષમાં યાત્રાધામ તરીકે કોઈ સ્થળની પસંદગી કરી છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ સ્થળ ક્યું, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેનો વિકાસ ક્યારે કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ઉત્તર ગુજરાતમાં ભુગર્ભજળ સ્ત્રોત દ્વારા અપાતું પીવાનું પાણી**

૨૯૦૮ **શ્રી અનિલકુમારઅ.માળી(દીઓદર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉત્તર ગુજરાતમાં ભુગર્ભજળ સ્ત્રોત દ્વારા અપાતા પીવાના પાણીમાં હાનિકારક ક્ષારોનું પ્રમાણ ઉંચુ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) દિયોદર તથા ભાભર તાલુકાના ક્યા ક્યા ગામોમાં આવું પાણી આપવામાં આવે છે જેમાં મુખ્યત્વે ક્યા હાનિકારક ક્ષારોનું કેટલું પ્રમાણ છે, | (૨) અને (૩) |
| (૩) આ સમસ્યા દૂર કરવા સરકારનું શું આયોજન છે, અને | દિયોદર તથા ભાભર તાલુકાના ભૂગર્ભ જળસ્ત્રોતમાં ખારાશનું પ્રમાણ નિયત મર્યાદા કરતા વધારે છે આ મુશ્કેલીને ધ્યાને રાખીને સરકાર દ્વારા નર્મદા કેનાલ આધારિત જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા શુધ્ધ પીવાનું પાણી આપવાનું આયોજન કરેલ છે. જેમાં આ બન્ને તાલુકાના તમામ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. |
| (૪) કેટલા સમયમાં આયોજન મુજબનું કાર્ય પૂર્ણ થશે ? | (૪) શક્ય તેટલું ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**સરકારે કરેલ દવાઓ અને તબીબી સાધનોની ખરીદી**

૩૩૪૮ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૦૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી દવાઓ અને તબીબી સાધનોની ખરીદીમાં પારદર્શક્તા લાવવા શું પગલાં ભર્યા છે ?

**જવાબ**

તા. ૩૧-૦૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી દવાઓ અને તબીબી સાધનોની ખરીદીમાં પારદર્શક્તા લાવવા દવાઓ અને તબીબી સાધનોની ખરીદીની પ્રક્રિયા ફરજિયાત ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી શરૂ કરવામાં આવેલ છે. ઈ-ટેન્ડરીંગ સીસ્ટમ દાખલ થતાં સરકારી દવાઓ અને તબીબી સાધનોની ખરીદીમાં પારદર્શક્તા આવેલ છે.

---------

**સાવરકુંડલા તાલુકામાં વસ્તી વધારાના કારણો**

૩૧૯૨**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા તાલુકામાં વસ્તી વધારાના કારણે તાલુકાના ગાધકડા ગામે, ગામની અને આજુબાજુની વસ્તી ખૂબ મોટી સંખ્યામાં છે, છતાં ત્યાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સરકાર નિયમ મુજબ ગાધકડા ગામને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આપવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સર્વગ્રાહી વિચારણા સમયે ભવિષ્યમાં આ અંગે ગુણદોષ અનુસાર નિર્ણય લેવામાં આવશે.

---------

**વડોદરા જિલ્લાના તાલુકામાં પાણી પુરવઠા દ્વારા પાણીની ટાંકી**

૩૫૯૬ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર પાણી પુરવઠા વિભાગ દ્વારા કેટલી પાણીની ટાંકીઓ મંજૂર કરવામાં આવી,

(૨) આ પૈકી કેટલી પાણીની ટાંકીઓના કામ પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) જો કામ પૂર્ણ ન થયેલ હોય તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | મંજૂર થયેલ પાણીની ટાંકીઓ |
|---|---|---|
| ૧ | વડોદરા | ૧૨ |
| ૨ | વાઘોડિયા | ૩ |
| ૩ | ડભોઈ | ૮ |
| ૪ | સાવલી | ૧૩ |
| ૫ | કરઝણ | ૮ |
| ૬ | શિનોર | ૬ |
| ૭ | પાદરા | ૪ |
| ૮ | છોટાઉદેપુર | ૨૦ |
| ૯ | નસવાડી | ૧૪ |
| ૧૦ | જેતપુરપાવી | ૨૧ |
| ૧૧ | સંખેડા | ૮ |
| ૧૨ | ક્વાંટ | ૩૨ |

(૨) આ પૈકી ૩૪ પાણીની ટાંકીઓના કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) (૧) લોકભાગીદારીના સિધ્ધાંત અન્વયે કામગીરી સ્થાનિક સોર્સ દ્વારા કરવાની થતી હોવાથી.

(૨) ટાંકીના બાંધકામમાં, જમીન પરીક્ષણ આલેખ- અંદાજ વિ. બાબત જટીલ હોઈ તેમાં સમય લાગે છે અને ત્યારબાદ નિયમોનુસાર ટેન્ડરની કાર્યવાહી કરવામાં સમય જતો હોવાથી.

**સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાના કામો**

૩૩૪૪ **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાના કામો શરૂ કરવા માટે ભારત સરકાર તરફથી પૂરતી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો ના, તો તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે શું પ્રયત્નો કર્યા?

**જવાબ**

(૧) ના, જી.
ભારત સરકાર તરફથી સ્વજલધારા યોજના બંધ કરવામાં આવી છે.

(૨) રાજ્ય સરકાર દ્વારા આ કાર્યક્રમ અંતર્ગત વધુ ફંડ ફાળવવા માટે અગાઉ ભારત સરકારને પત્રોથી રજૂઆતો કરવામાં આવેલ. આ ઉપરાંત વધારાની માંગને પહોંચી વળવા રાજ્ય સરકારે ૨૦૦૪-૦૫થી સ્વજલધારા સિધ્ધાંતને અનુરૂપ સેકટર રીફોર્મ (રાજ્ય) યોજના અમલમાં મૂકી છે. આ માટે રાજ્ય સરકારે વર્ષ ૦૭-૦૮ માં રૂા. ૯૪૦૦.૦૦ લાખનું ફંડ ફાળવેલ છે.

--------

**વાવ અને થરાદ તાલુકામાં નર્મદા યોજનાનું પીવાનું પાણી આપવાનું આયોજન**

૩૩૪૩ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ(પાલનપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાનું પીવાનું પાણી વાવ અને થરાદ તાલુકામાં ક્યારે આપવાનું આયોજન છે,
(૨) આ યોજનાનું કામ કઈ રીતે હાથ કરવામાં આવેલ છે, અને
(૩) આ કામો ક્યારે શરૂ થશે?

**જવાબ**

(૧) નાણાકિય જોગવાઈ અનુસાર ક્રમશઃ માર્ચ-૨૦૧૦ સુધીમાં પાણી આપવાનું આયોજન છે.
(૨) ટેન્ડર પધ્ધતિથી ઈજારદાર નક્કી કરી તેમના દ્વારા કામ હાથ ધરવામાં આવશે.
(૩) યોજનાઓના કામોના ટેન્ડરને મંજૂરી મળ્યા બાદ કરાર ખત થયેથી કામો શરૂ કરવાનું આયોજન છે.

---------

**જામનગર જિલ્લામાં નર્મદા કેનાલ આધારિત પીવાનું પાણી**

૩૬૦૩ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં બાકી રહેનાર વિસ્તાર માટે નર્મદા કેનાલ આધારિત પીવાના પાણીની યોજના ક્યારે શરૂ કરી,

(૨) આ યોજનાનું કેટલુ કામ તા. ૩૧-૧-૦૮ સુધીમાં કરવામાં આવેલ છે, અને

(૩) બાકીનું કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

(૧) બાકી રહેતા ૨૭ ગામોને નર્મદા કેનાલનું પાણી આપવા માટે ઉન્ડ-૧ ગ્રુપ યોજના બનાવવામાં આવી રહેલ છે.

(૨) યોજનાના નકશા અને અંદાજો બનાવેલ છે જે હાલ ચકાસણી હેઠળ છે.

(૩) નાણાકિય જોગવાઈ અનુસાર ક્રમશઃ હાથ ધરી પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**અંબાજી મંદિરમાં આવક**

૩૫૫૧ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય દેવસ્થાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૬-૦૭માં અંબાજી મંદિરમાં કેટલી આવક થઈ,

(૧)રૂા. ૧૮,૯૩,૨૫,૧૨૪/- (અંકે રુપિયા અઢાર કરોડ ત્રાણુ લાખ પચ્ચીસ હજાર એકસો ચોવીસ)

(૨) મંદિર માટે ખરીદવામાં આવતી ચીજવસ્તુઓ ભાવપત્રકથી ખરીદવામાં આવે છે કે કેમ, અને

(૨) હા, ચીજવસ્તુઓ ભાવપત્રકથી ખરીદવામાં આવે છે.

(૩) ભાવપત્રકથી ખરીદવામાં ન આવતી હોય તો જવાબદાર સામે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ છે કે નહિ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વાજપાઈ નગર વિકાસ યોજના ધ્રોલ નગરપાલિકાને ફાળવેલ ગ્રાન્ટ**

૩૩૩૧ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વાજપાઈ નગર વિકાસ યોજના માટે ધ્રોલ નગરપાલિકાને તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે?

વાજપાઈ નગર વિકાસ યોજના માટે ધ્રોલ નગરપાલિકાને તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ રૂા. ૫૩,૩૪,૦૮૭/-ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

----------

**સરકારી હોસ્પિટલોમાં ખાલી જ્ગ્યાઓ**

૨૮૫૦**શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) રાજ્ય સરકાર હસ્તકની હોસ્પિટલો-સીવીલ હોસ્પિટલોમાં એમ.બી.બી.એસ., ફીઝીશીયન અને બાયોમેડીકલ એન્જીનીયરની જ્ગ્યાઓ ઘણા સમયથી ખાલી છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૧) હા, જી.
સીવીલ હોસ્પિટલોમાં બાયોમેડીકલ એન્જીનીયરની જ્ગ્યાઓ મંજુર થયેલ નથી.

(૨) છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં આવી નોકરીઓ મેળવવા કેટલી અરજીઓ મળી, અને

(૨) - એમ.બી.બી.એસ. માટે ૬૯
- ફીઝીશીયન માટે ૮

(૩) આ અરજીઓ અન્વયે સરકારે શી કાર્યવાહી હાથ ધરી ?

(૩) એમ.બી.બી.એસ.ની ૫૪ અને ફીઝીશીયનની ૮ અરજીઓ અન્વયે નિમણૂંક આપતા હુકમો કરવામાં આવેલ છે.

---------

**વલસાડ તાલુકામાં આવેલ કાંજણહરિ ડાબા ફાંટાને જોડતી પૂર્વ-પશ્ચિમ દિશાના કાંકરાપાર નહેરનું કામ**

૩૫૯૭ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) વલસાડ તાલુકામાં આવેલ કાંજણહરિ ડાબા ફાંટાને જોડતી પૂર્વ પમિ દિશાના કાકરાપાર નહેરનું કામ તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૧) કાંજણહરિ ડાબા કાંઠાને જોડતી પૂર્વ-પમિ દિશાના કાકરાપાર નહેરનું કોઈ કામ આયોજન હેઠળ કે ચાલુ નથી.

(૨) આ કામમાં વિલંબ થયો હોય તો તેના માટે કોણ જવાબદાર છે,

(૩) તેમની સામે શા પગલાં લેવામાં આવેલ છે,

(૪) આ નહેરનું સરકારે મંજૂર કરેલ નકશા મુજબનું કામ ક્યારે ચાલુ કરવામાં આવશે, અને

(૫) તે ક્યારે પૂરૂં કરવામાં આવશે ?

(૨), (૩), (૪) અને (૫)

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**મહુવા તાલુકાના ગામોમાં પીવાના પાણી માટે નર્મદા આધારિત પસ્વી ઝોન હેઠળ પાઈપ લાઈન યોજના**

૩૩૬૫ **ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાનાં ગામોને પીવાના પાણી માટે નર્મદા આધારિત પસ્વી ઝોન હેઠળ પાઈપ લાઈન યોજના માટે ક્યારે ટેન્ડર

(૧) પ્રથમ ટેન્ડર તા. ૨૧-૧૧-૨૦૦૧ના રોજ અને બીજુ ટેન્ડર તા. ૧-૦૮-૨૦૦૭ના રોજ

બહાર પાડવામાં આવ્યા,

(૨) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ તે અંગેની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૨) પ્રથમ ટેન્ડરની કામગીરી પૂર્ણ થયેલ છે અને બીજા ટેન્ડરની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૩) કેટલા સમયમાં આ યોજના પૂર્ણ થનાર છે ?

(૩) જૂન-૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**જૂનાગઢ જિલ્લામાં યાત્રાધામ-દેવસ્થાનોને રસ્તાઓથી સાંકળવા રકમ ફાળવણી**

૨૮૪૫ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાળા) : માનનીય યાત્રાધામ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) એક વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ યાત્રાધામ વિકાસ અન્વયે જૂનાગઢ જિલ્લામાં છેલ્લા ક્યા ક્યા યાત્રાધામ-દેવસ્થાનોને રસ્તાઓથી સાંકળવા ક્યા સ્થળને કેટલી રકમ ફાળવી,

(૧) કોઈ રકમ ફાળવવામાં આવી નથી.

(૨) ફાળવવામાં આવેલ રકમ પેકી ક્યા ક્યા કામો શરૂ કરવામાં આવ્યા, અને

(૩) શરૂ ન થયા હોય તો તેના કારણો શા છે ?

(૨) અને (૩)
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ઉકાઈ (સિવિલ) વર્તુળ હસ્તકની વેર-૨ યોજનાના ચેકડેમ**

૩૫૮૦ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ઉકાઈ (સિવિલ) વર્તુળ હસ્તકની વેર-૨ યોજના વિભાગ દ્વારા તેઓના કાર્યક્ષેત્રમાં આવતા તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા,

(૧) ૮૧ ચેકડેમો

(૨) તે પૈકી ક્યા ક્યા ચેકડેમોના નબળા બાંધકામ અંગે સરકારને કેટલી ફરિયાદો મળી,

(૨) માંગરોળ તાલુકાના ભીલવાડા ગામે એક ચેકડેમનાં બાંધકામ અંગે ફરિયાદ મળેલ હતી.

(૩) આ ફરિયાદો પરત્વે સરકારશ્રીએ શાં પગલાં લીધાં, અને

(૩) ગુણવત્તા નિયમન વિભાગ મારફતે ચકાસણી કરવામાં આવેલ.

(૪) ફરિયાદોમાં તથ્ય જણાયું હોય તેવા કિસ્સાઓમાં જવાબદારો સામે સરકારે શા પગલાં લીધા ?

(૪) ફરિયાદમાં તથ્ય જણાયેલ નથી.

**જસદણ તાલુકાના સોમલપર ગામ પાસે આવેલ ધેલોડેમની કેનાલ**

૩૪૫૧ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના સોમલપર ગામ પાસે આવેલ ધેલોડેમની કેનાલનું કામ (ભાવનગર ડીવીઝન મારફતે) રાજ્ય સરકારે ક્યારે મંજૂર કર્યું, અને

(૧) તા.૧૬-૪-૨૦૦૭ ના રોજ વહીવટી મંજૂરી આપેલ છે.

(૨) આ કામ હાલમાં ક્યા તબક્કે છે ?

(૨) ટેન્ડર માંગવાના તબક્કે છે.

-----------

**કૂતરા કરડવાથી લેવાતા એ.આર.વી. ઈન્જેકશનની વ્યવસ્થા**

૩૩૩૩ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

મોટા શહેરોમાં કૂતરા કરડવાના સમયે એ.આર.વી. ઈન્જેકશન માટે શું વ્યવસ્થા કરવામાં આવેલ છે ?

રાજ્યના મોટા શહેરોમાં કૂતરા કરડવાના સમયે જરૂરી એ.આર.વી. ઇન્જેકશનો રાજ્ય સરકાર દ્વારા જરૂરીયાત મુજબ પુરા પાડવામાં આવે છે અને શહેરોમાં કાર્યરત હોસ્પિટલો તથા શહેરી આરોગ્ય કેન્દ્રો મારફતે બી.પી.એલ. ના દર્દીઓને વિના મૂલ્યે તથા એ.પી.એલ. ના દર્દીઓને રાહત દરે ઈન્જેકશન ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

## સાબરકાંઠા જિલ્લામાં સિંચાઈની સુવિધા

૨૮૪૦ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં સિંચાઈની સુવિધા નહિવત છે તે સરકાર જાણે છે, તાલુકાવાર કુલ કેટલી જમીન પિયત હેઠળ અને બિનપિયત હેઠળ છે,

**જવાબ**

(૧) હકીકત સાચી નથી. સાબરકાંઠા જિલ્લામાં સિંચાઈની સુવિધા સામેલ પત્રક મુજબ.

**પ ત્ર ક**

સાબરકાંઠા જિલ્લાની તાલુકાવાર પિયત તથા બિનપિયત જમીનનો વિસ્તાર દર્શાવતું પત્રક.

(વિસ્તાર હેકટરમાં)

| અ.નં. | તાલુકો | ખેડાણ લાયક વિસ્તાર | સિંચાઈ યોજનાઓ હેઠળનો કુલ પિયત વિસ્તાર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | હિંમતનગર | ૫૨૦૪૨ | ૩૧૯૦૧ |
| ૨ | ઈડર | ૫૬૪૫૫ | ૨૨૩૮૦ |
| ૩ | વડાલી | ૨૫૧૦૮ | ૯૮૭૫ |
| ૪ | ખેડબ્રહ્મા | ૩૩૫૮૨ | ૧૦૪૧૮ |
| ૫ | ભિલોડા | ૩૬૪૩૭ | ૧૦૨૬૪ |
| ૬ | વિજ્યનગર | ૧૧૬૫૨ | ૪૨૨૫ |
| ૭ | માલપુર | ૨૧૮૯૮ | ૪૧૭૨ |
| ૮ | મેઘરજ | ૩૨૪૯૭ | ૭૧૮૮ |
| ૯ | ધનસુરા | ૩૧૭૨૫ | ૭૬૮૮ |
| ૧૦ | મોડાસા | ૩૯૨૭૪ | ૧૬૧૪૭ |
| ૧૧ | બાયડ | ૪૮૯૧૫ | ૨૧૧૯૧ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧૨ | તલોદ | ૩૧૯૩૦ | ૬૩૧૪ |
| ૧૩ | પ્રાંતિજ | ૩૦૨૩૦ | ૧૧૬૧૩ |
| | **કુલ :** | **૪૫૧૭૪૫** | **૧૬૩૩૭૬** |

(૨) તાલુકાવાર સિંચાઈ સુવિધા વધારવા કોઈ મોટા કે મધ્યમ ડેમો બનાવવા સરકારે સર્વેક્ષણ કર્યુ છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) કેટલા સમયમાં આ તાલુકાઓને પિયત હેઠળ આવરી લેવામાં આવશે ?

(૩) સમગ્ર તાલુકાઓને પિયત વિસ્તાર હેઠળ આવરી લેવા શક્ય નથી, પરંતુ પિયત વિસ્તારમાં વધારો કરવાનું આયોજન છે.

-----------

## નાની સિંચાઈ યોજના પાછળ ફાળવેલ ગ્રાન્ટ

૨૭૪૧ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૩-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા ૩ (ત્રણ) વર્ષમાં તાલુકાવાર અને વર્ષવાર નાની સિંચાઈના કામોની મરામત અને જાળવણી હેઠે કેટલી રકમ ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧) જિલ્લા પંચાયત હસ્તક તાલુકાવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ જિલ્લામાં નીચે મુજબ કુલ રૂા.૨૭.૦૬ લાખની ગ્રાંટ ફાળવવામાં આવેલ છે.

| વર્ષ | ફાળવેલ રકમ |
|---|---|
| ૨૦૦૪-૨૦૦૫ | ૨૨.૦૬ લાખ |
| ૨૦૦૫-૨૦૦૬ | -- |
| ૨૦૦૬-૨૦૦૭ | ૫.૦૦ લાખ |

(૨) ફાળવેલ ગ્રાન્ટમાંથી કેટલી રકમનો ક્યા કામ માટે ખર્ચ થયેલ છે ?

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં ફાળવેલ ગ્રાંટમાંથી નીચે મુજબનો ખર્ચ થયેલ છે.

| અનં. | વિગત | થયેલ ખર્ચ (રૂા.લાખમાં) | |
|---|---|---|---|
| ૧ | સિંચાઈ તળાવોના ગેટ રીપેરીંગ તથા ઓઈલીંગ, ગ્રીસીંગ વગેરે | ૨૦૦૪-૦૫ | ૧.૦૧ |
| | | ૨૦૦૫-૦૬ | ૦.૧૨ |
| | | ૨૦૦૬-૦૭ | ૦.૦૦ |
| | | | |
| ૨ | મીના ક્યાર સિંચાઈ તળાવના એચ.આર.વેલના કુવાના બોરીંગ કામ માટે | ૨૦૦૪-૦૫ | ૦.૦૦ |
| | | ૨૦૦૫-૦૬ | ૦.૯૩ |
| | | ૨૦૦૬-૦૭ | ૦.૦૦ |
| ૩ | દાહોદ જિલ્લાના ચેકડેમોના ગાળા બંધ કરવાના કામોનો ખર્ચ | ૨૦૦૪-૦૫ | ૦.૦૦ |
| | | ૨૦૦૫-૦૬ | ૧.૬૦ |
| | | ૨૦૦૬-૦૭ | ૧.૦૮ |
| ૪ | વર્કચાર્જ તથા રોજમદારોનો પગાર ખર્ચ | ૨૦૦૪-૦૫ | ૨.૩૫ |
| | | ૨૦૦૫-૦૬ | ૦.૦૦ |
| | | ૨૦૦૬-૦૭ | ૦.૦૦ |
| ૫ | સિંચાઈ માટેના ફોર્મ્સનો ખર્ચ | ૨૦૦૪-૦૫ | ૦.૦૦ |
| | | ૨૦૦૫-૦૬ | ૦.૦૦ |
| | | ૨૦૦૬-૦૭ | ૦.૦૯ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૬ | પાછલા વર્ષની આ સદરની નેગેટીવ અનસ્પેન્ટ બેલેન્સ સરભર કરવાનો ખર્ચ | ૨૦૦૪-૦૫ | ૧૪.૬૭ |
| | | ૨૦૦૫-૦૬ | ૦.૦૦ |
| | | ૨૦૦૬-૦૭ | ૦.૦૦ |
| | કુલ : | ૨૦૦૪-૦૫ | ૧૮.૦૩ |
| | કુલ : | ૨૦૦૫-૦૬ | ૨.૬૫ |
| | કુલ : | ૨૦૦૬-૦૭ | ૧.૧૭ |
| | | સમગ્ર કુલ : | ૨૧.૮૫ |

-----------

## રાજ્યમાં આયુર્વેદિક દવાખાના

૩૩૮૦ **શ્રી આત્મારામ મ.પરમાર (ગઢડા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૭-૦૮ના વર્ષમાં રાજ્યમાં કેટલા નવાં આયુર્વેદિક દવાખાના શરૂ કરવાનું નક્કી થયેલ છે,

(૨) આ પેકી ભાવનગર જિલ્લામાં કોઈ આયોજન છે, અને

(૩) જો હા, તો ક્યા સ્થળે ?

**જવાબ**

(૧) ૨૦૦૭-૦૮ના વર્ષમાં રાજ્યમાં કોઈ નવા આયુર્વેદિક દવાખાના શરૂ કરવાનું નક્કી થયેલ નથી.

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## દમણગંગા યોજનાની નહેરનું મુખ્ય કેનાલનું મરામત

૩૨૪૬ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં આવેલ દમણગંગા યોજનાની નહેરનું મુખ્ય કેનાલનું મરામત કામ છેલ્લે ક્યારે કરવામાં આવ્યું,

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો, અને

(૩) આ મરામત પછી ફરીથી મરામત કામગીરીની જરૂર ઉભી થઈ છે કે કેમ ?

**જવાબ**

(૧) મુખ્ય નહેરનું મરામત છેલ્લે ફેબ્રુઆરી-૦૮માં કરવામાં આવ્યું.

(૨) રૂા.૨૧.૪૩ લાખનો ખર્ચ થયો.

(૩) મરામત કરેલ સ્થળે ફરીથી મરામત કામગીરીની જરૂર ઊભી થયેલ નથી.

-----------

## સાપ કરડવાના લેવાતા એ.એસ.વી ઈન્જેક્શનની વ્યવસ્થા

૩૩૨૨ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાપ કરડવાના સમયે લેવાતા એ.એસ.વી. ઇન્જેકશન માટે શું વ્યવસ્થા કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર દ્વારા રાજ્યની સરકારી હોસ્પીટલો/આરોગ્ય સંસ્થાની માંગણી મુજબ એ.એસ.વી. ઈન્જેકશન ખરીદ કરી તેનું યોગ્ય વિતરણ કરવામાં આવે છે. વળી, મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર દ્વારા એ.એસ.વી. ઇન્જેકશનના ભાવ કરાર પ્રસ્થાપિત

| | |
|---|---|
| | કરવામાં આવે છે. ક્યારેક અનિવાર્ય અને આકસ્મિક સંજોગોમાં અગ્રતાના ધોરણે પણ એ.એસ.વી. ઇન્જેક્શન ખરીદીને વિના મૂલ્યે પુરા પાડવામાં આવે છે.<br>વિશેષ જરૂરીયાતના પ્રસંગે હોસ્પીટલો/આરોગ્ય સંસ્થાઓ દ્વારા પોતાના સ્થાનિક કે આયોજન હેઠળના બજેટમાંથી પણ એ.એસ.વી. ઈન્જેક્શન ખરીદી કરી દર્દીઓને વિના મૂલ્યે પુરા પાડવામાં આવે છે. |
| (૨) રાજ્યમાં સરકારી હોસ્પીટલોમાં આ ઈન્જેક્શનો મળી રહે છે કે કેમ ? | (૨) હા, જી. |

**પંચમહાલ જિલ્લામાં નાની સિંચાઈ દ્વારા ઉંડા કરવાના કામો**

૩૫૯૨ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં નાની સિંચાઈ દ્વારા તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, | (૧) પંચમહાલ જિલ્લામાં નાની સિંચાઈ દ્વારા છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કુલ ૨૧૫ તળાવો ઉંડા કરવામાં આવ્યા. |
| (૨) તે પૈકીના કેટલા કામો પૂર્ણ થયા, કેટલાના કામો બાકી છે, અને | (૨) તે પૈકીના બધાજ કામો પૂર્ણ થયેલ છે. |
| (૩) આ તળાવોના કામ એજન્સી દ્વારા કરાયા છે કે અન્ય રીતે ? | (૩) એજન્સી દ્વારા. |

-----------

**ઉમરગામ તાલુકાની ૪૦ ગામ પાણી પુરવઠાની યોજના**

૩૪૪૮ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઉમરગામ તાલુકાની ૪૦ ગામ પાણી પુરવઠા યોજના ક્યારે પૂરી કરવાની સમય મર્યાદા હતી, | (૧) ફેબ્રુઆરી-૨૦૦૬. |
| (૨) તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ ક્યા તબક્કામાં છે, અને ક્યારે પૂરી થશે, અને | (૨) ટેસ્ટીંગ સિવાયના કામો પૂર્ણ થયેલ છે. ટેસ્ટીંગની કામગીરી પ્રગતિમાં છે અને એપ્રિલ-૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) વિલંબ થવાના કારણો શાં છે ? | (૩)<br>(૧) જંગલ ખાતાની જમીનની મંજૂરીમાં થયેલ વિલંબ.<br>(૨) નેશનલ હાઈવે ક્રોસીંગની મંજૂરીમાં થયેલ વિલંબ.<br>(૩) ઠેકેદારશ્રી દ્વારા થયેલ વિલંબ.<br>(૪) રેલ્વે ક્રોસીંગની મંજૂરી મળવામાં થયેલ વિલંબ (અંદાજે - ૨ વર્ષ)<br>(૫) એક્સપ્રેસ ફીડર દ્વારા વીજપ્રવાહ મેળવવામાં થયેલ વિલંબ. |

-----------

**મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર દ્વારા દવાઓની ખરીદી માટે કરેલ ભાવ કરાર**

૩૩૫૦ **શ્રી અનિલકુમારઅ.માળી(દીઓદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર દ્વારા દવાઓની ખરીદી માટે કેટલી અને કઈ કઈ દવાઓના ભાવ કરાર ચાલુ વર્ષે કરવામાં આવેલ છે, અને ખરીદ કરવામાં આવી ? | મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર દ્વારા ચાલુ વર્ષે કુલ ૩૧૯ દવાઓના ભાવ કરાર કરવામાં આવેલ છે, રૂા.૩૯,૬૭,૫૫,૭૦૯/- ની દવાઓની ખરીદી કરવામાં આવેલ છે.<br>દવાઓનો જથ્થો, કિંમત અને દવાઓની યાદી પરિશિષ્ટ - અ મુજબ.* |

(* પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**સાવરકુંડલા તાલુકાના ગામોમાં સબ સેન્ટર**

૩૧૯૩ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાવરકુંડલા તાલુકામાં કેટલા ગામોમાં સબ સેન્ટર આવેલા છે અને કેટલા ગામોમાં સબ સેન્ટર આવેલા નથી, અને | (૧) ૮૧ ગામો પૈકી ૩૬ ગામોમાં સબ સેન્ટર છે. જ્યારે ૪૫ ગામોમાં સબ સેન્ટર નથી. |
| (૨) બાકી રહેતા ગામોમાં સબ સેન્ટરની સુવિધા ક્યારે આપવા માંગે છે ? | (૨) હાલ નવા સબ સેન્ટર મંજૂર કરવાનું આયોજન નથી, ભવિષ્યમાં ભારત સરકારની ગાઈડલાઈન્સ અનુસાર વિચારવામાં આવશે. |

-----------

**જામનગર જી.જી. હોસ્પિટલમાં એસોસીયેટ પ્રોફેસરની ખાલી જગ્યા**

૩૬૦૨ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જી.જી. હોસ્પિટલમાં તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષથી એસોસિયેટ પ્રોફેસર અને ન્યુરો-સર્જનની કેટલી જગ્યા ખાલી છે, અને | (૧) જામનગર જી.જી. હોસ્પિટલમાં તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષથી, (૧) ફીઝીયોલોજીના એક સહપ્રાધ્યાપક (૨) સી.ટી. સર્જરીના એક સહપ્રાધ્યાપક (૩) ન્યૂરો સર્જરીના એક સહપ્રાધ્યાપક અને (૪) ન્યૂરોલોજીના એક સહપ્રાધ્યાપક મળી કુલ ૦૪ (ચાર) સહપ્રાધ્યાપકની જગા ખાલી છે.<br>ન્યૂરો-સર્જનની જગા મંજૂર થયેલ નથી પરંતુ ન્યૂરો સર્જરીના પ્રાધ્યાપકની ૦૧, ન્યૂરો સર્જરીના સહપ્રાધ્યાપકની ૦૧ અને ન્યૂરો સર્જરીના મદદનીશ પ્રાધ્યાપકની ૦૧ જગા મંજૂર થયેલ છે. જે અનુક્રમે તા.૧૮-૧-૦૩ થી તા.૨૧-૯-૯૯ થી અને તા.૭-૯-૦૬ થી ખાલી છે. |
| (૨) કેટલા સમયમાં જગ્યાઓ ભરવાનું આયોજન છે ? | (૨) ગુજરાત જાહેર સેવા આયોગને માંગણીપત્રક મોકલેલ છે. ઉમેદવારોની ભલામણ મળ્યેથી સત્વરે નિમણૂંક આપવામાં આવશે. આ ઉપરાંત વર્ષમાં બે વખત એડહોક ઈન્ટરવ્યુ યોજવામાં આવે છે. તેમાં ઉમેદવાર ઉપલબ્ધ થયેથી સત્વરે જગ્યા ભરી શકાશે. |

-----------

**ધ્રોલ, જોડીયા અને જામનગર તાલુકાના ચેકડેમોને નુક્સાન**

૩૩૩૨ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં જુલાઈ-૨૦૦૭ ના ચોમાસાની સીઝનમાં અતિવર્ષા તથા રેલથી ધ્રોલ જોડીયા અને જામનગર તાલુકામાં ચેકડેમો તથા કેનાલોને કેટલું નુક્સાન થયેલ છે, અને | (૧) રૂા.૪૬૩.૮૮ લાખ. |
| (૨) જે પૈકી થયેલ નુક્સાનને રીપેરીંગ કરવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) નહેરોને આંશિક થયેલ નુક્સાનનું રીપેરીંગ રવિ સીઝન પહેલા પૂર્ણ કરેલ છે. ભારે નુક્સાનનું રીપેરીંગ નહેરોમાં પાણી બંધ થયે હાથ ધરવાનું આયોજન છે. ચેકડેમના રીપેરીંગ આવતા ચોમાસા પહેલા કરવાનું આયોજન છે. |

-----------

**ટ્રાયબલ તાલુકામાં જંતુરહિત મચ્છરદાનીઓનું વિતરણ**

૩૬૧૦ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ટ્રાયબલ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અને તાલુકા પ્રમાણે જંતુરહિત કરેલી કેટલી મચ્છરદાનીઓનું વિતરણ | (૧) અને (૨) :<br>સામેલ પત્રક-ક અને ખ પ્રમાણે. |

કરવામાં આવ્યું, અને કેટલી ખરીદ કરવામાં આવેલ છે, અને

(૨) મચ્છરદાનીઓ પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**પત્રક--ક**
**વર્ષ--૨૦૦૬**

| ક્રમ | જિલ્લાનું નામ | ટ્રાયબલ તાલુકાનું નામ | ખરીદ કરવામાં આવેલ મચ્છરદાની | દવા યુક્ત કરી વિતરણ કરેલ મચ્છરદાની | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૧ | **બનાસકાંઠા** | અમીરગઢ | ૨૦૦ | ૨૦૦ | ૨૦૨૨૪ |
| | **કુલ :** | | **૨૦૦** | **૨૦૦** | **૨૦૨૨૪** |
| ૨ | **દાહોદ** | ફતેહપુરા | ૧૧૫૦ | ૧૧૫૦ | ૧૦૭૫૩૧ |
| | | ઝાલોદ | ૨૧૦૦ | ૨૧૦૦ | ૧૯૬૭૦૭ |
| | | ગરબાડ | ૧૧૦૦ | ૧૧૦૦ | ૧૦૩૦૩૭ |
| | | દાહોદ | ૧૪૦૦ | ૧૪૦૦ | ૧૩૧૧૩૮ |
| | | લીમખેડા | ૧૫૦૦ | ૧૫૦૦ | ૧૪૦૫૦૫ |
| | | ધાનપુર | ૧૦૦૦ | ૧૦૦૦ | ૯૩૬૭૦ |
| | | દે.બારીયા | ૧૭૫૦ | ૧૭૫૦ | ૧૬૩૯૨૩ |
| | **કુલ :** | | **૧૦૦૦૦** | **૧૦૦૦૦** | **૯૩૬૫૧૧** |
| ૩ | **નર્મદા** | નાંદોદ | ૭૧૧ | ૭૧૧ | ૭૪૪૭૧ |
| | | સાગબારા | ૮૯ | ૮૯ | ૯૩૬૯ |
| | **કુલ :** | | **૮૦૦** | **૮૦૦** | **૮૩૮૪૦** |
| ૪ | **સુરત** | માંડવી | ૧૪૫૩ | ૧૪૫૩ | ૧૫૩૨૩૦ |
| | | ઉમરપાડા | ૮૪૭ | ૮૪૭ | ૮૯૭૪૪ |
| | | બારડોલી | ૨૦૦ | ૨૦૦ | ૨૧૯૨૭ |
| | **કુલ :** | | **૨૫૦૦** | **૨૫૦૦** | **૨૬૪૯૦૧** |
| ૫ | **આહવા-ડાંગ** | આહવા | ૩૯૧૦ | ૩૯૧૦ | ૪૧૧૬૮૫ |
| | **કુલ :** | | **૩૯૧૦** | **૩૯૧૦** | **૪૧૧૬૮૫** |
| | | **રાજ્યનું કુલ :** | **૧૭૪૧૦** | **૧૭૪૧૦** | **૧૭૧૭૧૬૧** |

**પત્રક--ખ**
**વર્ષ--૨૦૦૭**

| ક્રમ | જિલ્લાનું નામ | ટ્રાયબલ તાલુકાનું નામ | ખરીદ કરવામાં આવેલ મચ્છરદાની | દવા યુક્ત કરી વિતરણ કરેલ મચ્છરદાની | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૧ | **વડોદરા** | છોટાઉદેપુર | ૪૧૫૦ | ૪૧૫૦ | ૩૮૦૨૪૧ |
| | | પાવી જેતપુર | ૨૦૦૦ | ૨૦૦૦ | ૧૮૩૩૪૦ |
| | | નસવાડી | ૧૨૦૦ | ૧૨૦૦ | ૧૧૦૦૦૪ |
| | | ક્વાંટ | ૩૬૦૦ | ૩૬૦૦ | ૩૩૦૦૧૨ |
| | | **કુલ :** | **૧૦૯૫૦** | **૧૦૯૫૦** | **૧૦૦૩૫૯૭** |
| ૨ | **દાહોદ** | ફતેહપુરા | ૧૪૧૭૬ | ૦ | ૧૨૪૫૬૪૫ |
| | | ઝાલોદ | ૨૪૧૫૯ | ૦ | ૨૧૨૨૮૫૧ |
| | | ગરબાડ | ૫૫૭૧ | ૦ | ૪૮૯૫૨૪ |

| ક્રમ | જિલ્લાનું નામ | ટ્રાયબલ તાલુકાનું નામ | ખરીદ કરવામાં આવેલ મચ્છરદાની | દવા યુક્ત કરી વિતરણ કરેલ મચ્છરદાની | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| | | દાહોદ | ૧૩૪૪૩ | ૦ | ૧૧૮૧૨૩૬ |
| | | લીમખેડા | ૧૧૧૦૪ | ૦ | ૯૭૫૭૦૮ |
| | | ધાનપુર | ૫૩૬૭ | ૦ | ૪૭૧૫૯૮ |
| | | દે.બારીયા | ૫૩૪૩૦ | ૦ | ૪૭૯૦૦૪૮ |
| | | **કુલ :** | **૧૨૭૨૫૦** | **૦** | **૧૧૨૭૬૬૧૦** |
| ૩ | **ભરૂચ** | વાલીયા | ૧૦૦૦ | ૦ | ૯૦૫૦૦ |
| | | ઝઘડીયા | ૪૦૦૦ | ૦ | ૩૬૨૦૦૦ |
| | | **કુલ :** | **૫૦૦૦** | **૦** | **૪૫૨૫૦૦** |
| ૪ | **સુરત** | ઓલપાડ | ૨૦૬૫ | ૦ | ૧૮૮૯૪૮ |
| | | બારડોલી | ૫૮૬૧ | ૦ | ૫૩૬૨૮૨ |
| | | કામરેજ | ૨૦૫૭ | ૦ | ૧૮૮૨૧૬ |
| | | માંડવી | ૬૧૩૧ | ૦ | ૫૬૦૯૮૭ |
| | | માંગરોળ | ૫૯૯ | ૦ | ૫૪૮૦૯ |
| | | ઉમરપાડા | ૫૮૫ | ૦ | ૫૩૫૨૮ |
| | | સોનગઢ | ૯૬૭૪ | ૦ | ૮૮૫૧૭૧ |
| | | વ્યારા | ૨૯૬૭ | ૦ | ૨૭૧૪૮૧ |
| | | ઉચ્છલ | ૧૬૦૧ | ૦ | ૧૪૬૪૯૨ |
| | | નિઝર | ૧૨૫૨ | ૦ | ૧૧૪૫૫૮ |
| | | મહુવા | ૨૪૪ | ૦ | ૨૨૩૨૪ |
| | | **કુલ :** | **૩૩૦૩૬** | **૦** | **૩૦૨૨૭૯૬** |
| ૫ | **ગોધરા** | ગોધરા | ૨૬૨૦ | ૦ | ૨૩૮૮૮૮ |
| | | મોરવાહડફ | ૪૬૨૦ | ૦ | ૪૨૧૭૫૭ |
| | | શહેરા | ૩૨૫ | ૦ | ૨૯૨૭૭ |
| | | સંતરામપુર | ૧૩૨૮૯ | ૦ | ૧૨૦૯૬૬૦ |
| | | કડાણા | ૨૬૩૭ | ૦ | ૨૩૮૮૨૧ |
| | | જાંબુઘોડા | ૪૮૨૨ | ૦ | ૪૩૭૭૩૬ |
| | | હાલોલ | ૨૦૯૩ | ૦ | ૧૯૦૭૩૯ |
| | | ઘોઘંબા | ૧૭૬૩૫ | ૦ | ૧૬૦૮૧૧૯ |
| | | **કુલ :** | **૪૮૦૪૧** | **૦** | **૪૩૭૪૯૯૭** |
| **રાજ્યનું કુલ :** | | | **૨૨૪૨૭૭** | **૧૦૯૫૦** | **૨૦૧૩૦૫૦૦** |

-----------

# આરોગ્ય મંત્રીશ્રીનું નિવેદન

**તા.૧૮-૩-૨૦૦૮ના રોજ માગણીઓ પરની ચર્ચા દરમ્યાન સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોરે કરેલ ઉલ્લેખો સંબંધે સ્પષ્ટતા કરતું માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું નિવેદન**

**શ્રી જયનારાયણ ન. વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતી માગણીઓના સંદર્ભમાં તા. ૧૮ માર્ચ, ૨૦૦૮ના રોજ માન. સભ્ય શ્રી જગદીશભાઈ ઠાકોર (દહેગામ) દ્વારા નીચે મુજબનું અવલોકન કરવામાં આવ્યું હતું.

"અને એ દવા જે કંપનીઓને ફાળવ્યા હતા એની કોઈ જ વિગતો મળતી નથી. **Thebaine** ૭૫૦ કિલો રાજયને ફાળે આવતો જથ્થો બે કંપનીઓને કુલ ૭૫૦ કિલો જથ્થો ફાળવ્યો અને વપરાશ થયો. જથ્થો કઈ દવામાં વપરાયો તેનો તંત્રએ જવાબ માગ્યો તો એ જથ્થો કયાં ગયો અને કયાં વપરાયો છે એની કોઈ વિગતો આવતી નથી. એક ગ્રામનો ઈન્ટરનેશનલ માર્કેટ ભાવ એક કરોડ રૂપિયા છે, તો ૭૫૦ કરોડ રૂપિયાનો માલ કે જે દવા કે પ્રોડકશનમાં વાપરવામાં આવે છે એ કયાં જાય છે એ પૂછવા માગું છું. "

આ અવલોકન સંદર્ભે હું નીચે મુજબનું નિવેદન કરું છું. -

ભારત સરકારના ડ્રગ્સ કંટ્રોલર જનરલ (ઈન્ડિયા) દ્વારા રાજય સરકારના ખોરાક અને ઔષધ નિયમન તંત્રને વર્ષ ૨૦૦૬-૦૭માં થીબેન (**Thebaine**) તથા ફેન્ટાનીલ (**Fentanyl**) ની ફાળવણી કરવામાં આવેલ. તેના આધારે રાજયના દવા ઉત્પાદકોને આ બંને નારકોટીક દ્રવ્યોની તંત્ર દ્વારા કરવામાં આવેલ ફાળવણીની વિગતો નીચે મુજબ છે.

વર્ષ ૨૦૦૬માં રાજય સરકારને થીબેન (**Thebaine**) નો ૮૨૫ કિલોગ્રામ જથ્થો ફાળવવામાં આવેલ હતો. જેના આધારે રાજયના દવા ઉત્પાદકો પૈકી મેસર્સ રૂસાન ફાર્માને ૩૦૦ કિલોગ્રામ તથા મેસર્સ સન ફાર્માસ્યુટીકલ ઈન્ડસ્ટ્રીઝને ૩૦૦ કિલોગ્રામ તેઓની માગણીના આધારે ફાળવણી કરવામાં આવેલ. આમ કુલ ૬૦૦ કિલોગ્રામ થીબેનના જથ્થાની ફાળવણી વર્ષ ૨૦૦૬માં રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ. વર્ષ ૨૦૦૭માં રાજય સરકારને થીબેનનો ૧૨૦૦ કિલોગ્રામ જથ્થો ફાળવવામાં આવેલ હતો, જેના અનુસંધાને રાજયના દવા ઉત્પાદકો પૈકી મેસર્સ રૂસાન ફાર્માને ૨૦૦ કિલોગ્રામ તથા મેસર્સ માઈક્રો ઓર્ગોકેમને ૧૦૦ કિલોગ્રામ તેઓની માગણીના આધારે ફાળવણી કરવામાં આવેલ છે. આમ કુલ ૩૦૦ કિલોગ્રામ થીબેનના જથ્થાની ફાળવણી વર્ષ ૨૦૦૭માં રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ છે. થીબેનનો ભાવ પ્રતિ કિલો રૂા. ૪૫,૦૦૦/- જેટલો હોય છે.

વર્ષ ૨૦૦૬માં રાજય સરકારને ૭૫૦ કિલોગ્રામ ફેન્ટાનીલ (**Fentanyl**)નો જથ્થો ફાળવવામાં આવેલ હતો, પરંતુ કોઈ ઉત્પાદકની માગણી આવેલ ન હોઈ આ જથ્થાની રાજય સરકાર દ્વારા ફાળવણી કરવામાં આવેલ ન હતી. વર્ષ ૨૦૦૭માં રાજય સરકારને ૯૦૫ ગ્રામ (**Fentanyl**) નો જથ્થો ફાળવવામાં આવેલ હતો, પરંતુ કોઈ ઉત્પાદકની માગણી આવેલ ન હોઈ આ જથ્થાની રાજય સરકાર દ્વારા ફાળવણી કરવામાં આવેલ ન હતી. ફેન્ટાનીલનો ભાવ પ્રતિ ગ્રામ આશરે રૂા. ૬૦૦૦/- હોય છે.

આ બધી જ રકમ ગણીએ તો પણ કુલ પાંચ કરોડની આસપાસ કિંમત થાય. આમ રકમ તથા જથ્થો બન્ને રીતે માનનીય સભ્યશ્રી જગદીશભાઈ દ્વારા કરવામાં આવેલ ઉલ્લેખને હકીકતોનું સમર્થન સાંપડતું નથી.

ભારત સરકાર દ્વારા ગુજરાત રાજયના ખોરાક અને ઔષધ નિયમન તંત્રને નારકોટીક દ્રવ્યોનો ફીઝીકલી જથ્થો આપવામાં આવતો નથી, પરંતુ પત્રકના સ્વરૂપમાં ફાળવણી કરવામાં આવે છે. આ ફાળવણીના આધારે રાજયના દવા ઉત્પાદકોની માગણીના આધારે તેઓને પત્રકના રૂપમાં ફાળવણી કરવામાં આવે છે. જેના આધારે દવા ઉત્પાદકો કેન્દ્ર સરકારની માન્ય સંસ્થાઓ/ઉત્પાદકો પાસેથી સંબંધિત ડિપાર્ટમેન્ટના એન.ઓ.સી., રોડ ટ્રાન્સપોર્ટની પરમિટ વગેરે મેળવીને આ જથ્થો મેળવતા હોય છે. આવા નારકોટીક દ્રવ્યોને લોક એન્ડ કીમાં રાખવામાં આવે છે તથા આવા નારકોટીક દ્રવ્યોનું સંપૂર્ણ નિયંત્રણ નશાબંધી અને આબકારી વિભાગના અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે. તેઓની હાજરીમાં જ તેઓની સહી અને સીલ દ્વારા નારકોટીક દ્રવ્ય અને તેના રજીસ્ટરોનું કડક નિયંત્રણ કરવામાં આવે છે. આમ આવા દ્રવ્યોના નિયંત્રણ માટે ભારત સરકારના અને રાજય સરકારના અન્ય વિભાગો દ્વારા પણ કડક નિયંત્રણ રાખવામાં આવે છે, જેથી કરીને આવા નારકોટીક દ્રવ્યોનો દવા સિવાયના અન્ય વપરાશમાં ઉપયોગ ન થાય.

**શ્રી જગદીશભાઈ ઠાકોર :**માનનીય અધ્યક્ષી, મેં માનનીય મંત્રીશ્રીને ગઈકાલે વાત કરી હતી કે હું શૂન્યકાળમાં મુદ્દો ઉભો કરવા માગું છું. મેં ભરૂચની સિવિલ હોસ્પિટલમાં નસબંધીમાં માણસો મરી ગયા છે તે અંગેની માહિતી માટેની વાત કરી હતી.

**શ્રી જયનારાયણ વ્યાસ:** માનનીય અધયક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ગઈકાલે મારી પાસે રજૂઆત કરી હતી અને મેં એ બાબતે માહિતી પણ માગી હતી, પરંતુ એ માહિતી આવી નથી. એટલે મેં માનનીય સભ્યશ્રીને પણ કહયું હતું કે મેં માહિતી મંગાવી છે અને એના માટેની જે કાંઈ કાર્યવાહી કરવાની હોય એ કરાવીશું.

**અધ્યક્ષશ્રી:** રિસેસ સુધીમાં જો એ માહિતી મળી જાય તો મારી પાસેથી સમય મેળવી લેજો, પછી એ વાત કરજો. નેકસ્ટ...

**સચિવશ્રી:** વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો....

# પોઈન્ટ ઓફ ઓર્ડર

### બજેટ રજૂ થયા પછી અઠવાડિયામાં ઓડિટ રિપોર્ટસ રજૂ કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૬૦ થી ૧૯૮૪ના પાના નંબર ૨૯ ઉપર નિર્ણય ક્રમાંક ૩૨ને આધારિત હું ઉપસ્થિત કરવા માગું છું. પાના નંબર ૨૯ ઉપર નિર્ણય ક્રમાંક ૩૨નો રિલેવન્ટ પેરેગ્રાફ હું વાંચું છું. એમાં પહેલા ફકરામાં છેલ્લેથી બીજી લાઈનમાં લખ્યું છે કે-

"માગણીઓ ઉપરની ચર્ચાની શરૂઆત પહેલાં ઓડિટ રિપોર્ટ આપવામાં આવ્યો નથી.' ત્યારે માનનીય અધ્યક્ષશ્રીએ એની ઉપર નીચે પ્રમાણેનો નિર્ણય આપેલ છે-

"એટલું સૂચન કરી શકાય કે મંત્રી બજેટ રજૂ કરે ત્યારપછીના અઠવાડિયામાં આ રિપોર્ટ એ ગૃહ આગળ રજૂ કરે એવી જાતનો રિવાજ એમણે રાખવો જોઈએ. બજેટ રજૂ થયા પછીના એક અઠવાડિયામાં"

માનનીય અધ્યક્ષશ્રી, તો તે વખતના માનનીય અધ્યક્ષશ્રીનો આ જાતનો સ્પષ્ટ નિર્ણય છે અને આપશ્રી પણ મારી વાત સાથે સંમત થશો કે માનનીય સભ્યશ્રીઓએ જયારે ચર્ચામાં ભાગ લેવો હોય, આ પક્ષ કે તે પક્ષ એમને જે રિલેવન્ટ મટિરિયલ્સ હોય અને આ બજેટની ચર્ચા ગઈકાલે પૂરી થઈ ગઈ છે. સામાન્ય ચર્ચા, માગણીઓ ઉપરની ચર્ચા બધું જ પૂરું થઈ ગયું છે અને આજે ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૫-૦૬ ના વર્ષનો ઓડિટ અહેવાલ, નાણાકીય હિસાબો, વિનિયોગ હિસાબો, ઓડિટર જનરલનો ૨૦૦૬-૦૭ના વર્ષનો ઓડિટ અહેવાલ અને ઓડિટર જનરલનો વાણિજિયક ઓડિટ અહેવાલ આ બધી જ આઈટમો આજે ગૃહના છેલ્લા દિવસે મેજ ઉપર મૂકવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે તે સમયના માનનીય અધ્યક્ષશ્રીએ દોહરાવીને કહેલ છે કે 'એક અઠવાડિયામાં જ' તો આપની મારફતે પણ ભવિષ્યમાં આ બાબતે પૂરતી કાળજી લેવાય અને અમને મળેલ અધિકારનો બરાબર ઉપયોગ કરી શકાય એ માટે રક્ષણ અપાય, આ બાબતનો આદેશ આપવા વિનંતી છે.

**શ્રી જયનારાયણ ન. વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી એક કાબેલ ધારાશાસ્ત્રી છે. તેમણે માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોના પુસ્તકમાંથી જે શબ્દો ટાંકયા છે એમાં માનનીય અધ્યક્ષશ્રીએ એમના નિર્ણયમાં જે શબ્દ વાપર્યો છે એ 'આ જાતનો રિવાજ રાખવો જોઈએ.' તો રિવાજ એટલે કે કસ્ટમ, It is not mandatory that it can not be construed to be mandatory. એ પ્રણાલિકા પાડવા અંગેની માનનીય અધ્યક્ષશ્રીની ચિંતા સમજી શકાય તેવી વાત છે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીની વાત પણ સમજી શકાય તેવી છે કે શકય હોય ત્યાં સુધી આ પ્રકારનો રિવાજ એ કસ્ટમ તરીકે રાખવો જોઈએ.It is not mandatory that it is must. It should be provided, આ એક વસ્તુ અને બીજું કે આ જે અહેવાલ છે તે અગાઉના વર્ષોના ઓડિટ અહેવાલ છે અને જેનો આ વખતે ઉપયોગ થઈ શકે તેમ આગળ પણ આ અહેવાલનો ઉપયોગ થઈ શકતો હોય છે. ત્રીજું કે આ અહેવાલ છે તે અહેવાલ વિધાનસભામાં ચર્ચા માટે સામાન્ય રીતે ઉપલબ્ધ હોતો નથી કારણ કે જે સમિતિઓને એ મોકલવામાં આવે છે અને સમિતિ પણ એની ચર્ચા કરતી હોય છે એટલે સમિતિના માધ્યમ થકી પણ આ મુદ્દો સમિતિના સભ્યો લઈ શકે છે. તો આપના સભ્યો પણ આ સમિતિમાં હોય છે એ આ મુદ્દો ચચાર્મા લઈ શકે છે. એટલે આ એક રિવાજ હોવો જોઈએ, આદર્શ એ મર્યાદાઓ નકકી કરે છે, પરંતુ આદર્શ એને હંમેશાં અમલમાં મૂકાય એવું વહીવટી કારણોસર શકય ના હોય ત્યારે આ મુદ્દો રિવાજ પૂરતો મર્યાદિત રાખવો જોઈએ, એ મેન્ડેટરી બનતો નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજીએ ખૂબ જ ગંભીર પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે અને જે મારા અગાઉના અધ્યક્ષશ્રીએ રૂલિંગ આપ્યું છે અને એ જ રૂલિંગનો આધાર શકિતસિંહે લીધો છે. હું પણ એ જ રૂલિંગને ફરી એક વાર વાંચું છું, "એટલું સૂચન કરી શકાય કે", પહેલું જ રૂલિંગ આપતા કહ્યું છે, કે "એટલું સૂચન કરી શકાય કે, પછી આગળ છે કે, અથવા એક અઠવાડિયામાં એ રિપોર્ટ ગૃહમાં રજૂ કરે તેવી જાતનો રીવાજ એમણે રાખવો જોઈએ, બજેટ રજૂ થયા પછીના એક અઠવાડિયામાં," આ રૂલિંગ છે, અને એ રૂલિંગમાં બે વસ્તુ ચોક્કસ નીકળે છે, જે જયનારાયણભાઈએ કહ્યું તે વાતનો પણ હું સ્વીકાર કરું છું, એમણે કહ્યું છે કે "સૂચન છે", સરકારને સૂચન કરી શકાય, "કરી શકાય" શબ્દ છે, અને સરકારે એ રૂલિંગનો, એ વાતનો અને એ હાર્દનો સ્વીકાર કરવો જોઈએ. કે એક અઠવાડિયાની અંદર, બજેટ બેઠકના પહેલા અઠવાડિયાની અંદર રજૂ કરી શકાય, આ બે શબ્દો આ રૂલિંગમાંથી નીકળે છે, જયનારાયણભાઈએ જે વાત કરી તે વાત, ઓડિટ રિપોર્ટ એ બજેટ પ્રવચનની અંદર, બજેટ ઉપરના આલેખમાં કેટલા ઉપયોગી થઈ પડે છે, તે એટલા માટે ઉપયોગી છે કે કયા સભ્યની કેટલી અભ્યાસની રુચી છે, સૌથી મોટી વસ્તુ આ છે અને તેમણે કયા આલેખનો કરવા છે, અવલોકનો કરવા છે તે માટે તે ઉપયોગી થઈ પડે. બજેટ બેઠકને ખૂબ જ ગંભીરતાપૂર્વક આપણે લઈએ છીએ, આ પક્ષના હોય કે આ પક્ષના હોય, બજેટ બેઠક એ આપણા માટે ગંભીર છે, કારણ કે રાજયના બધા ખર્ચા કરવાના છે, રાજયના આયોજનો છે તેની સંપૂર્ણપણે ચર્ચા આપણે આ ગૃહની અંદર ગંભીરતા પૂર્વક કરીએ છીએ ત્યારે એ અંગેનું જે કંઈ સાહિત્ય હોય તે સાહિત્ય આપણને મળે, અને અગાઉના રૂલિંગને પણ આપણે ધ્યાનમાં રાખીએ તો એવું સૂચન કર્યુ છે સરકારને કે આ પ્રકારે જો વહેલો એટલે, એક અઠવાડિયામાં મળે તે સૂચન છે અને હું એ સૂચનને, અગાઉના રૂલિંગને રાખીને નાણા વિભાગને અને સરકારને કહું છું કે હવે પછીના વર્ષોની અંદર ઓડિટ રિપોર્ટ બજેટ બેઠકમાં રજૂ કરવાના હોય તો એ પહેલા હપતાની અંદર આવે તો રાજયની નાણાકીય ચર્ચાઓની અંદર તેની ઉપયોગીતા છે તેમાં તેનો ઉપયોગ થઈ શકે. હું એ વાત પણ જયનારાયણભાઈની છે તેનો સ્વીકાર કરું છું કે ઓડિટ રિપોર્ટસમાં મોટાભાગે મૂલ્યાંકન, સમીક્ષાઓ એ સમિતિઓની અંદર થતી હોય છે અને એ ખૂબ લાંબા ગાળાની પ્રક્રિયા છે, અને ખૂબ જીણું કાર્ય સમિતિઓ ઓડિટ રિપોર્ટસ ઉપર કરતી હોય છે, એટલે તે ઓડિટ રિપોર્ટસ એ સતત ચાલતી જરૂરિયાત છે. પરંતુ આ ગૃહના અભ્યાસુ સભ્યો માટે આ ગૃહની અંદર જેમને નાણાકીય અભ્યાસો કરવા છે અને અવલોકનો કરવાં છે

તેને બજેટ બેઠક શરૂ થાય તેના એક અઠવાડિયામાં આ રજૂ કરવામાં આવે તે પ્રકારની પ્રણાલિકા પાડવાની આપણે શરૂઆત કરીશું તો મને લાગે છે કે એક ઉચ્ચ પ્રણાલિકા તરફ આપણે જઈશું.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## ઑડિટ અહેવાલ અને નાણાકીય તથા વિનિયોગ હિસાબો

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું,

(ક) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૫-૦૬ના વર્ષનો ઓડિટ અહેવાલ (મહેસુલી આવક) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ખ) ગુજરાત સરકારના સન ૨૦૦૬-૦૭ના વર્ષના નાણાકીય હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી)

(ગ) ગુજરાત સરકારના સન ૨૦૦૬-૦૭ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી)

(ઘ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૬-૦૭ના વર્ષનો ઓડિટ અહેવાલ (મુલ્કી) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ચ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનોસન ૨૦૦૬-૦૭ના વર્ષનો ઓડિટ અહેવાલ (વાણિજિયક) (અંગ્રેજી તથા ગુજરાતી) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**સી.એ.જી.ના સન ૨૦૦૫-૨૦૦૬નો ઓડિટ અહેવાલ (મહેસૂલી આવકો) તથા સન ૨૦૦૬-૨૦૦૭ના નાણાકીય હિસાબો અને ઓડિટ અહેવાલો (મૂલ્કી અને વાણિજયક) મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૦૫-૦૬નો વાર્ષિક અહેવાલ

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૦૫-૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## સન ૨૦૦૬-૨૦૦૭નો ગુજરાત લઘુ ઉદ્યોગ કોરપોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના કુટિર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રીમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત લઘુ ઉદ્યોગ કોરપોરેશન લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## સન ૨૦૦૬-૨૦૦૭નો ગુજરાત રાજય મૂડી રોકાણ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય મૂડી રોકાણ લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## સન ૨૦૦૫-૨૦૦૬ અને સન ૨૦૦૬-૨૦૦૭નો આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડના વાર્ષિક અહેવાલો

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડના સન ૨૦૦૫-૨૦૦૬ અને સન ૨૦૦૬-૨૦૦૭ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઑડિટ અહેવાલ ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા સન ૨૦૦૫-૨૦૦૬ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## સન ૨૦૦૬-૨૦૦૭નો ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો વાર્ષિક વહીવટી અહેવાલ

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો**

**સન ૨૦૦૪-૨૦૦૫ અને સન ૨૦૦૫-૨૦૦૬ના ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના વાર્ષિક વહીવટી અહેવાલો**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા (સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના સન ૨૦૦૪-૨૦૦૫ અને ૨૦૦૫-૨૦૦૬ના વાર્ષિક વહીવટી અહેવાલો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો, નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૬-૨૦૦૭નો વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીનો વાર્ષિક વહીવટી અહેવાલ**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા (સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૦૮-૨૦૦૯નું ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનું અંદાજપત્ર**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનું સન ૨૦૦૮-૨૦૦૯નું અંદાજપત્ર તથા સન ૨૦૦૭-૨૦૦૮નું સુધારેલ અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના નશાબંધી અને આબકારીમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગની-

(ક) સન ૧૯૪૯ના મુંબઈ નશાબંધી અધિનિયમ અન્વયેની-

(૧) તા. ૫-૮-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક: જીજી/૭૬/૨૦૦૬/એએફએન/ ૨૦૦૫/આઈ-૭ /ઈ.૧
(૨) તા. ૬-૯-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક: જીજી/૯૫/૨૦૦૬/વીડીઆર/૨૦૦૧/૬૪૧/ઈ.૧
(૩) તા. ૬-૯-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક: જીજી/૯૬/૨૦૦૬/વીડીઆર/૨૦૦૪/૩૮૪૩/ઈ.૧
(૪) તા.૧-૧૨-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક: જીજી/૧૨૯/૨૦૦૬/એફએલઆર/૨૦૦૫/૧૬૦૩/ઈ.૧
(૫) તા.૩૦-૧૧-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક: જીજી/૧૩૧/૨૦૦૬/એમડીકે/૨૦૦૪/સીએમ૧૭૨/ઈ.૧
(૬) તા.૧૬-૧૨-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક: જીજી/૧૩૩/૨૦૦૬/વીડીઆર/૨૦૦૬/૨૯૫૦/ઈ.૧
(૭) તા.૨૧-૧૨-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક: જીજી/૧૩૭/૨૦૦૬/વીડીઆર/ ૨૦૦૬/૨૯૫૨/ઈ.૧
(૮) તા.૨૮-૧૨-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક: જીજી/૧૩૯/૨૦૦૬/વીડીઆર/૨૦૦૬/૨૯૯૬/ઈ.૧
(૯) તા.૩-૩-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: જીજી/૧૪/૨૦૦૭/વીડીઆર/૧૦૯૮/૧૪૪૯/ઈ.૧
(૧૦) તા.૧૩-૪-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: જીજી/૨૧/૨૦૦૭/એફએલઆર/૨૦૦૫/૧૬૦૩/ઈ.૧
(૧૧) તા.૮-૬-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: જીજી/૨૬/૨૦૦૭/બીપીએ/૨૦૦૬/એમઓએસ/૪૦/ઈ.૧
(૧૨) તા.૧૦-૧૦-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: જીજી/૫૨/૨૦૦૭/ એમએલએસ/ ૨૦૦૩/૮૧૦/ ઈ.૧
(૧૩) તા.૧-૧૧-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: જીજી/૭૬/૨૦૦૭/એમડીપી/ ૨૦૦૭/૧૩૪૯/ ઈ.૧
(૧૪) તા.૫-૧૨-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: જીજી/૮૪/૨૦૦૭/એમડીકે/૨૦૦૬/ ૧૫૨૧/ ઈ.૧

(ખ) સન ૧૯૫૬ના ઔષધીય અને પ્રસાધન બનાવટો (આબકારી જકાત) અધિનિયમ અન્વયેની -

(૧) તા. ૨૯-૮-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક: જીજી/૯૦/૨૦૦૬/એમટીપી/૨૦૦૩/ ૨૦૦૬/ઈ.૧
(૨) તા.૧-૧૧-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: જીજી/૭૭/૨૦૦૭/એમટીપી/ ૨૦૦૩/ ૨૦૦૬/ઈ.૧
(૩) તા.૧-૧૧-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: જીજી/૭૮/૨૦૦૭/ એમટીપી/ ૨૦૦૩/૨૦૦૬/ ઈ.૧

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની અધિસૂચના**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની સન ૨૦૦૦ના ગુજરાત લિફટસ અને એસ્કેલેટર્સ અધિનિયમ અન્વયેની તા.૨૭-૧૨-૨૦૦ની અધિસૂચના ક્રમાંક:જીએચયુ-૨૦૦૭-(૨૦૮) એલઆઈએફટી-૨૦૦૬-૨૧૮૬-ક સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૫૭૭ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહ, પોલીસ આવાસ, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૧૨-૩-૨૦૦૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી માનસિંહ ચૌહાણના "નિયામક, રાજય સૈનિક પુન:વસવાટ કલ્યાણની કામગીરી અંગે" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫૭૭ (અગ્રતાક્રમ-૧૧)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (નર્મદામંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૧૨-૩-૨૦૦૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્ય ડો. અનિલભાઈ જોષીયારાના "ટ્રાયબલ વિસ્તારના તાલુકાઓમાં થયેલ નર્મદા યોજનાનું કામ" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૨૦૨૭ (અગ્રતાક્રમ-૧૩)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૨૨૨(અગ્રતા ક્રમ-૧૦)ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૧૦-૩-૨૦૦૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી મોહનસિંહ રાઠવાના "આદિજાતિ જિલ્લાઓની માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૨૨૨ (અગ્રતાક્રમ-૧૦) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૨૯૯૨(અગ્રતા ક્રમ-૧૨)ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૨૪-૩-૨૦૦૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી દિલીપસિંહ પરમારના "ચાણક્ય વનનું નિર્માણ" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૨૯૯૨ (અગ્રતાક્રમ-૧૨) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૪૬૨(અગ્રતા ક્રમ-૧૩)ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૨૪-૩-૨૦૦૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી ભાવનાબેન મકવાણાના "ભાવનગર જિલ્લામાં વૃક્ષોનું વાવેતર" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૪૬૨ (અગ્રતાક્રમ-૧૩) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૨૮૨૧(અગ્રતા ક્રમ-૬)ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૨૪-૩-૨૦૦૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી માનસિંહ ચૌહાણના "નિર્મળ ગ્રામ યોજના નીચે ખેડા, આણંદ અને પંચમહાલ જિલ્લાના ગામો પસંદ કરવા બાબત" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૨૮૨૧ (અગ્રતા ક્રમ-૬) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૨૬૭૫(અગ્રતા ક્રમ-૯)ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૨૫-૩-૨૦૦૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળીયાના "રાજયમાં તળાવો ઉંડા કરવા પાછળ ખર્ચ" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૨૬૭૫ (અગ્રતાક્રમ-૯) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ અનુમતિ મળેલ વિધેયક**

**સચિવશ્રી:** માનનીય અધ્યક્ષશ્રી, હું ૧૨મી ગુજરાત વિધાનસભાના ચાલુ સત્રમાં સભાગૃહમાં પસાર કરેલ અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવું વિધેયક ક્રમાંક-૬ને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલ વિધેયક સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**શ્રી આર.સી. ફળદુ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસના કામકાજમાં ૮ વિધેયકો છે એટલે આજના દિવસના કામકાજમાં બે કલાકનો સમય વધારવાની હું દરખાસ્ત કરું છું.

**અધ્યક્ષશ્રી** : આપણે નક્કી કરેલું જ છે કે કામ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહ..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપણે એવું કરીએ, કારણ કે બિલો ઉપર બોલવામાં મર્યાદા નહીં કરીએ, કામ પૂરું કરીશું પણ જેટલા સમયની વધારાની જરૂરિયાત પડે, બને તો ૧-૦૦ વાગ્યે અડધા કલાકનો રીસૅસ

રાખીને માનનીય સભ્યશ્રીઓની લાગણી હશે તો કામ પૂરું કરવામાં સહકાર આપીશું પણ સમયની બાબતમાં આખો દિવસ આપણી પાસે અવેલેબલ છે. સભ્યશ્રીઓને બોલવું હોય ત્યાં સુધી ઑન ફાયનાન્શીયલ બિલ આપણે લિમિટ કરવાનો પ્રયત્ન નહીં કરીએ. સાંજ સુધીમાં કામ પૂરું કરીશું.

**અધ્યક્ષશ્રી** : કામકાજ સલાહકાર સમિતિએ ખૂબ વિચાર કરીને નિર્ણય કરેલો જ છે કે આ કાર્ય ૨૬મી તારીખે સાંજ સુધીમાં પૂરું કરવું એટલે અત્યારે બે કલાક સમય વધારવાનો પ્રસ્તાવ લાવવાની જરૂર નથી. જેમ જેમ જરૂર પડશે તે પ્રમાણે કરીશું અને સમયાંતરે મધ્યાંતરે સભ્યશ્રીઓને વિરામનો પૂરતો સમય મળે, એ ભોજન કરીને પાછા આવી શકે તે પ્રમાણેનું રીસૅસનું આયોજન કરીશું. એટલે ૧૦-૩૦ વાગ્યાની રીસૅસ નિયમ પ્રમાણે રાખીશું પરંતુ ત્યાર પછી જરૂર પડશે તો બીજો એક વિરામ પણ ૧-૦૦ વાગ્યાની આસપાસ રાખીને ૨-૦૦ વાગ્યે ફરીથી મળીશું અને જે પ્રમાણે બિલોની ચર્ચા ચાલે એ પ્રમાણે આપણે સમયનો વિચાર કરતા જઈશું.

# સરકારી વિધેયકો

### દાખલ કરવાના, પહેલાં, બીજાં અને ત્રીજા વાચન માટેના વિધેયકો

### સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૨

# ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા (સુધારા) વિધેયક, ૨૦૦૮

### ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા અધિનિયમ, ૨૦૦૧ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, • રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૨, સન ૨૦૦૮નું ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ ઉપર વેરા (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૨, સન ૨૦૦૮નું ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ ઉપર વેરા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એન્ટ્રી ટેક્સ એમેન્ડમેન્ટનું આ બિલ છે. એન્ટ્રી ટેક્સ એ બેઝીકલી બીજા રાજયોમાંથી જે માલ આપણા રાજયમાં આવે છે, એના ઉપર લેવામાં આવતો હોય છે. ઈમ્પોર્ટસ્ ઉપર એન્ટ્રી ટેક્સ લાદવામાં આવતો નથી. બીજું એક અગત્યનું છે દરેક આઇટમ છે જે રાજયની અંદર આવે છે એ બધી આઇટમ ઉપર એન્ટ્રી ટેક્સ લાદવામાં આવતો નથી. એન્ટ્રી ટેક્સ માત્ર જે સ્પેશિફાઈડ ગુડસ્ કર્યા હોય છે એ ગુડસ્ ઉપર લેવામાં આવે છે અને આ ગુડસ્ જે રાજયના વેપાર ઉદ્યોગ છે એને બેઝીકલી રક્ષણ આપવા માટે એન્ટ્રી ટેક્સ લાદવામાં આવતો હોય છે. અને એ પણ કહી શકીએ કે Level Playing Field હોય એ Level Playing Field એ એન્ટ્રી ટેક્સ લગાવતા આવતા હોઈએ છીએ. આ બિલની અંદર ૨ મુખ્ય સુધારા છે. એક સુધારો એ છે કે ' Increase in Rates 'નો સુધારો છે અને બીજો સુધારો એ છે કે એડિશનલ નવી આઇટમ નાખવા માટે રાજય સરકારે પાવર્સ લીધેલા છે. આ બે મુખ્ય સુધારા છે. હવે જે સ્પેશિફિક રેટ છે એ રેટ વેટના આધારે જ રેટ રહેશે. એટલે એન્ટ્રી ટેક્સના જે રેટ હશે એ રાજયના વેટના આધારમાં જ રાખવામાં આવશે અને બીજું કે, એ એન્ટ્રી ટેક્સના જે રેટ છે એ વેટેબલ રેટ હશે. એટલે કોઈ એડિશનલ ટેક્સ નાખવામાં આવતો નથી. એ વેટેબલ જે વેટના રેટ હશે એ જેમ વેટેબલ છે એમ એડિશનલ એન્ટ્રી ટેક્સના પણ વેટેબલ રહેશે. એટલે જે સત્તા લીધી છે એ મેકસીમમ ૨૦ ટકાની સત્તા બિલની અંદર જોગવાઈ કરી છે. એનો અર્થ એ નથી કે, રાજય સરકાર ૨૦ ટકા લગાડવાની છે. રાજય સરકાર વેટના જે દર ગુજરાતમાં એ પ્રોડકટ ઉપર હશે એ દર એન્ટ્રી ટેક્સ ઉપર લગાડશે. એટલે એ વધારાનું બર્ડન નથી એ વેટેબલ છે. એટલે કોઈ તકલીફ પણ નથી અને માત્રને માત્ર બીજો જે સુધારો છે એ સુધારો એવો છે કે, નવી આઈટમ્સ નાખવી હોય તો બિલની અંદર નહીં પણ રાજય સરકારે સત્તા રાખી છે. એનું મુળ કારણ એ છે કે, અત્યારે ટ્રેડની અંદર ઘણા બધા ચેન્જીસ થતા જાય છે. ગઈ વખતે આપણે યાર્નની અંદર ઑર્ડિનન્સ દ્વારા એન્ટ્રી ટેક્સ લાવવામાં આવ્યો હતો. વિધાનસભા હતી નહીં અને એનું મુખ્ય કારણ એ છે કે, દા.ત. સુરતના yarn texturising industries માંથી આ yarn texturising ને બચાવવા માટે આ સૌથી મોટો ખતરો આ લોકોને સિલ્વાસામાંથી આવતો હતો અને સિલ્વાસામાંથી yarn texturising અને સુરતના texturising ટેક્સમાં તફાવત પડતો હતો. એટલે textile ઉદ્યોગો સિલ્વાસામાંથી માલ ખરીદતા હતા અને સુરતમાંથી ખરીદતા નહોતા અને એના કારણે આપણે જેટલો વેટનો દર texturisingh yarn ઉપર કે yarn ઉપર ગુજરાતમાં હતો એટલો એન્ટ્રી ટેક્સ આપણે તાત્કાલિક નાખવો પડે અને તાત્કાલિક ઑર્ડિનન્સ નાખવો પડ્યો

• વિધેયક તા.૧૪મી માર્ચ-૨૦૦૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

અને પરમિશન લેવામાં ઘણો બધો સમય લાગી ગયો. એના કારણે ટ્રેડરોને ઘણું બધું નુકસાન થયું હતું. એટલે સત્તા લેવાનું મુખ્ય કારણ એ છે કે, નવી આઇટમ કોઈ બાબત હોય એ આની અંદર ઉમેરી શકીએ. બીજું જે કોઈ ઉમેરીશું એ એનું જે ટેક્સ સ્ટ્રકચર નક્કી થશે. એ વેટના આધારે ટેક્સ સ્ટ્રકચર થશે. માત્રને માત્ર આ ગુજરાતના વેપારીઓને રક્ષણ આપવા માટે આ એન્ટ્રી ટેક્સ નાંખવામાં આવશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખૂબ સરળતાથી વાત કરી દીધી. જે પરિસ્થિતિ નિર્માણ થવાની છે, મારો પહેલો વાંધો એ છે કે, આ વિધાનસભાગૃહની સર્વોપરિતાને સૌએ સ્વીકારવી પડે. આ વિધેયક લાવીને આપણે શું કરવા માગીએ છીએ? આ સુધારા વિધેયકથી જે વિધાનસભાગૃહના નાણાકીય અંકુશના અધિકારો છે એ આપ એ નાણાકીય અંકુશો, નવી વસ્તુ એડ કરવાના પાવર્સ આપના હાથમાં લઈ લેવા માગો છો? બહુ જ સમજપૂર્વકના પ્રોવિઝન્સ, પાવર્સ આપણને મળતા હોય છે. આપે કહ્યું કે ઑર્ડિનન્સ, આપણી આવડતથી તાત્કાલિક ૨૪ કલાકમાં પણ જરૂરિયાત હોય તો ઑર્ડિનન્સ આવી શકે.ઓર્ડિનન્સથી આપ નવી વસ્તુ લાવી શકો પણ પછી ૬ મહિનામાં as accountability towards the House, આપે ઓર્ડીનન્સને રીપ્લેસ કરતું બિલ આ વિધાનસભા ગૃહમાં લાવવું પડે. જેથી આખરે આ પક્ષના સભ્યશ્રીઓ હોય કે આ પક્ષના સભ્યશ્રીઓ હોય, આખરે પ્રજાનું નાણાકીય અંકુશ રાખતું સર્વોપરી ગૃહ એ નક્કી કરશે કે આપે આ નવી આઇટમો ઉમેરી છે એ વ્યાજબી છે, એનું વ્યાજબીપણું નથી. પરિસ્થિતિ શું છે? લોકોનો રીસ્પોન્સ શું છે? લોકોની માગણી શું છે? આખરે નિર્ણય ગૃહ કરતું હોય છે. ઓર્ડીનન્સ લાવવામાં કોઈ મુશ્કેલી ના હોઈ શકે. આપના અધિકાર છે, આપ લાવી શકો પરંતુ ઓર્ડિનન્સ લાવવો નથી, આ વિધાનસભાગૃહને ફેસ કરવું નથી. આ વિધાનસભા ગૃહની સામે આવવું નથી અને માટે વિધાનસભા ગૃહના પાવર્સ અમને આપી દો, અમે જ હવે નકકી કરી લઈશું કે કઈ આઈટમોનું શું કરવું, અને એમાં કેવું કેવું, કેમ કેમ, ક્યારે ક્યારે શું શું ચાલે છે એ કયાં અને કેમ શું રંધાશે એના ઉપર આ ગૃહના કોઈ સભ્યશ્રીઓનો પછી કંટ્રોલ નહીં રહેવાનો. આપણે અહીંયા આવવા માટે શા માટે ખચકાટ રાખવો જોઈએ? હું માનું છું કે હજી પણ અવકાશ છે. આ મુદ્દો, આ સુધારા વિધેયક આટલા પૂરતું પડતું મૂકવું જોઈએ, કારણ કે આ પરંપરા અને કોઈપણ "યાવત ચંદ્રો દિવાકરો" હોતું નથી. પરિસ્થિતિઓ પલટાય છે અને જ્યારે પરિસ્થિતિ પલટાશેને ત્યારે અહેસાસ એ ચચળાટનો પણ થશે કે અરે રે આ શું કર્યુ હતું આપણે? એટલા માટે આ બાબત ના સ્વીકારી શકાય તેવી છે. બહુ સરસ રીતે માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે આ કંઈ અમે બહુ વધારે ટેક્સ બેકસ નથી નાખી દેવાના. વેલ્યુએડેટ ટેકસ છે એને અનુરૂપ અમારું બધું થવાનું છે. બહારથી આવે એને બેલેન્સ કરવા માટે. નાણા કેવી રીતે પ્રજા પરના કર નખાય છે, આ આપના એન્ટ્રીટેકસના વધારાઓ કોને અસર કરશે? માનનીય મંત્રીશ્રીને એક એસોસીએશન, કોટા સ્ટોન અને માર્બલ વેપારી એસોસીએશન મંત્રીશ્રીને મળ્યું હતું એમણે એમને રજૂઆત કરી, અમને પણ એની નકલ મોકલાવી છે. મને ખબર નથી માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આ આવેદનપત્રને કેટલું ધ્યાનથી વાંચ્યું હશે. આ જે મુદ્દાઓ એમાં ઉપસ્થિત કર્યા છે એ આપના મારફત એમની વાતની જે વ્યાજબીતા મને લાગી છે એ હું આ ગૃહ સમક્ષ મૂકવા માગું છું. એમાં લખ્યું છે એમણે, "The problem I am going to describe is not my problem, but it is a problem of whole of stone and marble merchants and industries before implementation of VAT, the Sales Tax of Gujarat i.e. GST, on Kota Stone was ૬%. આપ વેટ ના લાવ્યા એ પહેલા કોટાસ્ટોન પર આપનો જે જી.એસ.ટી. હતો એ ૬ ટકા હતો. Now it is ૧૨.% plus ૨૦% surcharge which is equal to ૧૫%. સાહેબ અત્યારે આપે જે ૬ ટકા હતો એના પર ૧૨.૫ ટકા અને વત્તા ૨૦ ટકા સરચાર્જ એટલે ૧૫ ટકા થયો. એ આપ અત્યારે લગાડો છો. In Rajasthan also, earlier tax before this Budget was ૧૨.૫%. આપણા આ બજેટ પહેલા ૧૨.૫ ટકા રાજસ્થાનમાં પણ હતો. નાણા વિભાગની મોટી જવાબદારી એ પણ હોય છે કે આજુબાજુના રાજ્યોના ટેક્સ સ્ટ્રકચરને પણ આપણે સ્ટડી કરવા પડે. કારણ કે આપણે ત્યાં ઘણી નાણામંત્રીશ્રીઓની કૉન્ફરન્સો થઈ. આપણે ત્યાં ઘણી ચર્ચાઓ થઈ પરંતુ હજી આપણા દેશમાં રાજ્યો વચ્ચેની ટેક્સ વોરને આપણે કન્ટ્રોલ કરવા માટેના કોઈ નક્કર પરિણામો લાવી શક્યા નથી. આજે પણ આપણા કન્ટ્રોલ બહાર છે. એટલા માટે આપણા પડોશી રાજ્યોના ટેક્સ સ્ટ્રકચરને આપણે સ્ટડી કરવો જ પડે. જ્યારે જ્યારે એમાં થાપ ખાઈએ છીએ ત્યારે શું થાય છે? ત્યારે ત્યારે ટેક્સની ચોરીઓ વધે છે. આપણે ભારણો વધારીએ છીએ. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આમ કરે છે એટલે મને એમ થયું કે હું થોડો કાચો પડું છું તો ઊંડા ઊતરીને વાત કરું, આખો દિવસ છે. આપના મારફત માનનીય મંત્રીશ્રીના અંદર પરક્યુલેટ કરાવવા માટેનો પ્રયત્ન કરું અને જો હું સકસેસ થાઉ તો મારી ડ્યૂટી જે પરફોર્મ કરવાની છે એમાં મને થોડું સેટીસફેકશન મળે. મારું લેવલ એટલું બધું નથી, પણ પ્રયત્ન કરું છું માનનીય સૌરભભાઈ સુધી આપના માધ્યમથી પહોંચવાનો અને એમાં આમ માથું કૂટે તો એમ થાય કે હું ક્યાંય...(અંતરાય) ભાવના નગરના છીએ, ભાનવગરના નહીં એટલે કોઈ ચંચૂપાત કરે ત્યારે અમને બન્નેને એવું લાગે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરવા માગતો હતો કે રાજસ્થાનની અંદર જે ટેક્સ હતો, કારણ કે આપ વેટની સાથે આને સાંકળવાના છો એમ આપે જ કહ્યું અને મારા પણ ગઈ કાલે હું વાંચતો હતો ત્યારે બિલને સમજવામાં બે પ્રશ્નાર્થો હતા. એમાંનો એક પ્રશ્નાર્થ આ હતો. આપ અહીં ૨૦ ટકા ૧૨ ટકાના કરો છો પણ એનું સ્ટાન્ડર્ડ શું રાખવાના? આપના પ્રવચનમાં કહ્યું કે, That will be equivalent to the VAT. આપ વેટની સાથે

આને રાખવાના છો. રાજસ્થાનમાં હતું એ in Rajasthan also, earlier the tax before this budget was ૧૨.૫ %. So we had no complaint. ત્યારે સમજી શકાય કે ૧૨.૫ ટકા ત્યાં પણ હતા અને આપણે પણ ૧૨.૫ ટકા હતા. But now the tax on marble and Kota stone in Rajasthan has been reduced to ૪%. રાજસ્થાનમાં જે ૧૨.૫ ટકા હતા એ એમણે રીડ્યુશ કરીને ૪ ટકાએ લઈ આવ્યા છે. I must say that it is the very well calculated wise step taken by Rajasthan Government. આપના જ પક્ષની સરકાર છે. એમણે આ પગલું ભર્યું છે. Now becouse of unbalanced taxation - હવે અનબેલેન્સ થઈ ગયું. કેમ કે ૧૨.૫ ના બદલીને ત્યાં ચાર ટકા થઈ ગયા. આપનું proposition આપના આજના સુધારામાં જુદા પ્રકારનું છે. ગુજરાતમાં પરિસ્થિતિ એ થવાની કે આપણે ત્યાંથી જે ખરીદ કરવાના છે એમાં direct purchase of stone or marble without involving Gujarat Stone Merchant Association has been there. ત્યાંથી જો સીધી ખરીદી કરશે વચ્ચે અહીંના વેપારીને રાખ્યા વગર તો એ ખરીદીની પરિસ્થિતિ શું થશે? આપણે ત્યાં મારફત તે ખરીદશે તો એની પરિસ્થિતિ શું થશે? ૩૦ ટકા સસ્તી ખરીદી ડાયરેક્ટ ત્યાંથી ખરીદશે એને થશે. એનું નુકસાન કોને આવશે? આપણી ટ્રેઝરીને આવશે. I would like to give you the calcuation. આપણે આપણો business loose કરવાના. ૩૦ ટકા ફરક હશે એ શું કામ અહીંથી ખરીદશે? એ તો રાજસ્થાન જશે. માનનીય અધ્યક્ષશ્રી, આ calculation પણ આપના મારફત સમજવા માગું છું. Direct purchase of stone or marble from Rajasthan, the cost of truck, જે ટ્રકનો ખર્ચો થશે એ અને બીજા calculation કર્યા પછી પણ suppose આપણે ૪૦,૦૦૦નો સ્ટોન ત્યાંથી ખરીદીએ. ત્યાંનો જે R.S.T. રાજસ્થાનનો સેલ્સ ટેકસ છે એ ૪ ટકા લાગશે. રાજસ્થાનથી ડાયરેકટ ખરીદી થાય. જે R.S.T. લાગે એ ૪ ટકા લાગશે. એટલે ૧૬૦૦ રૂપિયા લાગે. frieght જે થશે એ ૨૦,૦૦૦ થશે. અહીંયા જે પડતર છે એ ૬૧,૬૦૦ રૂપિયાની. એના બદલે જો આપણે અહીંથી ખરીદી કરીશું તો શું પરિસ્થિતિ થશે? In the same case, ૪૦,૦૦૦ની આપણે અહીંથી ખરીદી કરીએ તો આપણો જે RGST લાગશે એ ૮૦૦ રૂપિયા લાગશે. freight about ૨૦,૦૦૦ લાગશે. merchant profit about ૫% ગણીએ તો ૩૨૦૦ થશે એ ૬૪,૦૦૦ના માલ ઉપર આપણો value added tax that will be ૧૨.૫% એટલે ૮૦૦૦ રૂપિયા એ લાગશે. surcharge at the rate of ૨૦% on VAt એ ૧૬૦૦ રૂપિયા લાગશે. અહીંથી ખરીદીમાં costing જે છે ૭૩,૬૦૦ રૂપિયા થશે. Difference જે થવાનો એ ૭૩,૬૦૦ અહીંથી ખરીદીએ એનું અને ત્યાંથી ખરીદીએ તો ૬૧,૬૦૦. ૧૨,૦૦૦ રૂપિયાનો ફરક ઊભો થશે. Now pleae think. Prudent business or એક સામાન્ય માણસ હશે. જેણે આટલી ખરીદી કરવાની છો એ કયાં ખરીદી કરશે? Impact કયાં આવવાની? આપે tax structure રાજસ્થાન કરતાં વધારે રાખ્યું હોવા છતાં આપણી તિજોરી ઉપર આવકના સ્ત્રોતમાં વધારો નહિ થાય. આપણી આવકો ઘટશે અને suffer કોણ કરશે? જે માણસે એટલી નાની ખરીદી કરવાની છે કે જે રાજસ્થાન થઈ શકે તેમ નથી, જે ત્યાં જઈને ત્યાંથી ખરીદી કરી શકવાના નથી. જે એકદમ નાના માણસો છે. બહુ મારબલવાળાની ચિંતામાં નહિ, પણ કોટા સ્ટોન સામાન્ય માણસ વાપરતો હોય છે. એ કોટા સ્ટોન કોણ વાપરશે? એ નાનો માણસ જે છે એ કોટા સ્ટોન વાપરનાર માણસ છે અને એને રાજસ્થાન જવાનું સૂજશે પણ નહિ અને એને પોષાશે પણ નહિ એના પર આપણા ટેકસનો કોરડો પડવાનો અને મોટા લોકો છે એ તો પેલો ૪ ટકાવાળો લાભ ત્યાંથી લઈ લેશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ રજૂઆતો હું માનું છું કે માનનીય મંત્રીશ્રી પાસે પણ આવી હશે. આપને હજી પણ સમય છે. આપનું calculation જો ત્યાં રાજસ્થાને ટેકસ ના ઘટાડ્યો હોત અને આ બિલ લઈને આવ્યાં હોત તો બહુ તકલીફવાળું ના થાત, પણ રાજસ્થાનના tax structures study કર્યા પછી જો આપણે આ ભૂલ કરીશું અને આ રાખવા જઈશું તો આપ લખી રાખજો કે આવક ઘટવાની છે અને મુશ્કેલીઓ વધવાની છે. આપણે વાત કરીએ છીએ developmentની, progressની આપણે વાત કરીએ છીએ. આ વપરાતી વસ્તુઓ શેના માટેની છે? This is the material which is necessary for the development of the State અને વિકાસની ભૂખ ઉઘડી હોય ગુજરાતીઓના જીન્સમાં જ્યારે વિકાસ છે.આખા વિશ્વમાં આપણી પ્રતિભા ઉભી કરી શકીએ છીએ. તો એ સંદર્ભમાં આ ટેકસ સ્ટ્રકચરને માર્બલ અને કોટા સ્ટોનની બાબતમાં ખૂબ ગંભીરતાથી અભ્યાસ માગ્યા પછી હું માનું છું કે જે પ્રપોઝલ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એ સ્વીકારી શકાય તેમ નથી. સાડાબાર ટકા હતા જુના માર્બલ અથવા ગ્રેનાઈટના હવે આ વેલ્યુએડેડ સાથે એન્ટ્રી ટેકસમાં કયાં સુધી લઈ જવા માગો છો? યોર મેકસીમમ લીમીટ ઈઝ ૨૦% આપ કહો છો કે અમે વેટની સાથે એને સાંકળી લેવાના છીએ એટલે હું એ દલીલ નથી કરતો કે ૨૦% થઈ જવાનો છે. આઈ નો માઈ લીમીટેશન્સ કે ૨૦% હું નહીં કહું પણ વેલ્યુએડેડ ટેકસની સાથે તો આપ સાંકળવાના જ છો. ત્યારે વેલ્યુએડેડ ટેકસને જો યોગ્ય રીતે આપણે રાજસ્થાનની સાથે મુલવી નહીં શકીએ અને આપણે ૨૦%ની મર્યાદા અને આપણું અહીંનું વેલ્યુએડેડ ટેકસનું સ્ટ્રકચર એની આંટીઘુંટીને સમજયા વગર જો આગળ વધીશું તો અહીંનો વેપારી તો માર ખાશે, તૂટશે પણ વેપારીથી વધારે ચિંતા મને જો કોઈની હોય તો બે વસ્તુની છે એક આપણી રાજય સરકારની તિજોરીની આવક છે એ બહાર ઢસડાઈ જશે. આની સાથોસાથ ચોરીનું પ્રમાણ પણ વધશે અને બીજી મારી ચિંતા એ છે કે જે રાજસ્થાન જઈ શકવાનો નથી, નાની જરૂરિયાતવાળો માણસ છે, જેને પાંચ બાય સાતની ઓરડી બનાવવાની છે અને નીચે કોટાસ્ટોન નાખવાનો છે એ માણસને આપણો આ ટેકસ સ્ટ્રકચર થર્ટી પર્સન્ટ ઈન્ક્રીઝ થશે એનાથી વધારે લોસ જવાનો છે. એલ.ડી.ઓ. કોણ વાપરે છે? બીજા

રાજયોએ શું કર્યું છે? પેટ્રોલિયમ પ્રોડકટસના અંદર જયાંથી આવે ત્યાંથી હું તો કહું છું એલ.ડી.ઓ. વાપરનારો માણસ એ મોટાભાગે ખેડૂત છે. મોટાભાગે નાનો કારીગર છે. આપણા રાજકોટમાં બનતા એન્જીનો છે, ભલે કહેવાય ડિઝલ એન્જીન પણ વપરાય છે એમાં એલ.ડી.ઓ. ક્રુડ વપરાય છે. આપ શું કરવા માગો છો? એલ.ડી.ઓ.માં આ બહારથી આવશે તો આપણા ટેકસ સ્ટ્રકચરમાં સાડાબાર ટકાથી વીસ ટકા Again, same thing will be applicable - equivalent to value added tax, એક નાના માણસો, આપ પકડો તો મોટા મગરમચ્છને પકડો. ત્યાં આપણે છુટા દોર આપીએ અને અહીંયા ટેકસ વધે. માનનીય નાણામંત્રીશ્રી પણ સૌરાષ્ટ્રમાંથી આવે છે, જાણે છે કે જે પરિસ્થિતિ સૌરાષ્ટ્રના ખેડૂતોની છે આજે એમને કોમ્પીટીશનમાં ચાલવાનું છે. એક તરફ સીધું કાંઠા પર પાણી અને લઈને ચલાવવાનું અને બીજી તરફ પાતાળમાંથી પાણી કાઢવાનું. વીજ જોડાણો મળે નહીં. ઓઈલ એન્જીન મૂકે અને એમાં ક્રુડ વાપરે, એલ.ડી.ઓ. વાપરે. એમાં તો હું માનું છું કે જેટલી છુટ આપીએ તેટલી ઓછી છે. સબસીડી કેન્દ્ર સરકાર આપે છે પણ એનો વધારે લાભ લઈ શકે ખેડૂત એના માટેની ચિંતા આપણે કરવી પડશે. મને સમજાતું નથી કે આપણે આ નેપ્થા, નાઈલોન યાન, પોલીયેસ્ટર્સ, કોટનયાન એ સિવાયના તમામ પ્રકારના યાન એને આમાં સાંકળી લેવામાં આવે છે. મને હતું કે માનનીય મંત્રીશ્રી આ અંગેની વધારે છણાવટ કદાચ શરૂઆતમાં જ કરે કે જેથી મારી જેવા સભ્યો જે વધારે ઊંડાણથી આ માયાજાળ જે હોય નાણાની એમાં ન ઉતરી શકતા હોય તો એને કંઈક સમજ પડે.જે આપણા ૪ ટકા હતા, એને આપ કયાં લઈ જાઓ છો. બહુ સરસ શબ્દ મૂકી દીધો છે. will not increase ૨૦% લખી નાખ્યું છે, પરંતુ અમે વેલ્યુ એડેડ ટેક્સની સાથે સાંકળીને ચાલીશું. એટલિસ્ટ એટલું અપેક્ષિત તો હોય કે આપ જ્યારે આ ગૃહ પાસે નાણાકીય મંજૂરી માટે ટેક્સ લોકો ઉપર નાખવાના છો ત્યારે એની પાસે આવો ત્યારે ઉદ્દેશ અને કારણોની સાથે પુરવણી પણ આપી દો. ભૂતકાળના રજૂ થતા બિલો કે મંત્રીશ્રીઓ જ્યારે મૂવર ઑફ ધ બિલ. આ હાઉસની અંદર બિલ મૂવ કરે ત્યારે, નો પૉલિટિકલ ઓબ્ઝર્વેશન કશું જ નહીં. આ ગૃહ પાસે નાણાકીય બિલો આવે, ત્યારે એની ક્લેરિટી એવી હોય કે ખૂબ ગણતર સાથે ભણીને આવેલ અહીના માનનીય સભ્યશ્રી છે એ કદાચ કોઈ એકાઉન્ટસનો એક્સ્પર્ટ ભલે ન હોય, પણ એ દોઢ-બે લાખ, અઢી લાખ મતદારોની વચ્ચેથી ચૂંટાઈને આવતો માણસ છે, ગણતરવાળો માણસ છે. પ્રજાના સામાન્ય મતોથી આવેલ પ્રજાનો પ્રતિનિધિ છે. એને સરળતાથી સમજી શકાય કે અત્યારે મારો વેલ્યુ એડેડ ટેક્સ છે, એ આ આઇટમમાં આ છે. હું આ દરખાસ્ત લઈને આવું છું. ૪ ટકા હતા, એનું મેક્સિમમ લિમિટ અપર લિમિટ એ હું ૨૦ ટકા તરફ લઈ જાઉ છું. વેલ્યુ એડેડ ટેક્સ આ છે. ચર્ચામાં ભાગ લેનાર સભ્યો માટે એ એક ક્લિયર વિઝન સામે હોય, એક ચાર્ટ હોય, આમાં એવું કશું નથી. રાજ્ય સરકાર રાજ્યપત્રમાં નિર્દિષ્ટ કરે તેવો બીજો માલ. આપે જ્યારે બિલ રજૂ કર્યુ ત્યારે પણ ઓરિજનલ ૨૦૦૧ સુધારા વિધેયક. આજના વિધેયક અને નિર્દિષ્ટ માલ ઉપર પ્રવેશ પર વેરા વિધેયક-૨૦૦૧. ૨૦૦૧ ની એ સરકાર જ્યારે એ સમયે જે વિભાગના લોકોએ પણ આ સૂચવ્યું હશે. એમણે એમની મર્યાદાને સમજવાનો પ્રયત્ન કર્યો હશે. એમણે નથી કહ્યું આ આપ માત્ર પ્રસિદ્ધ કરી દેશો, એટલે આઇટમ ઉમેરાઈ જશે. Every time you will have to come before the House અને આપની એક્સ્ટ્રિમ જરૂરિયાત, તાત્કાલિક પરિસ્થિતિ ઊભી થાય તો ઑર્ડિનન્સના અધિકારો આપની પાસે ઉપલબ્ધ છે. એ નહિ, મારે તો હવે જેને જ્યાં ફટકારવો હશે, જે કરવું હશે તે માત્ર એક નોટિફિકેશનથી કરી દઈશ. હું માનું છું કે આ વસ્તુ તો કયારેય કોઈપણ ન સ્વીકારી શકે તેવી બાબત છે અને આપના મારફત મંત્રીશ્રીને વિનંતી કરીશ કે ઑર્ડિનન્સ કરવામાં કદાચ દોડધામ કરવી પડે તો ક્યારેક કરવી પડે. સાહેબ it is part of the game અને આપણે જો આટલું પણ ન કરાવી શકીએ. એક ઑર્ડિનન્સની પરિસ્થિતિ અને એનાથી દૂર ભાગવા માટે વિધાનસભા ગૃહના અધિકાર લેવાનો પ્રયત્ન કરીશું, તો મુખ્ય હાર્દ છે, તે હાર્દ ટકશે નહીં. જે મોટર વાહનોની ચેસિસ ઉપર બંધાયેલ બોડી સહિતની મોટર વાહનો. આપણા રાજ્યમાં આપણે વિકાસની દિશામાં આગળ વધવા માગીએ છીએ, ત્યારે એની સાથે સાથે કેટલાક સ્કીલવાળાં કામ હોય છે. નાના ટ્રાન્સપૉર્ટ કે બસ ઉદ્યોગ સાથે જોડાયેલ માણસ કદાચ બહાર બોડી બંધાવીને કે બહાર કામ કરાવીને આવ્યો, તો એના ઉપર આપ કેટલું ધોરણ લઈ જવા માગો છો. ૨૦ ટકા આપની મેક્સિમમ લિમિટ છે અને વેલ્યુ એડેડ ટેક્સ કયાં જઈને અટકશે એ મને ખબર નથી. આ બધા સંજોગોમાં મારા પક્ષના બીજા માનનીય સભ્યશ્રીઓ પણ આ ચર્ચામાં ભાગ લેવાના છે. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને જરૂર વિનંતી કરીશ આ જે સુધારા વિધેયક આવ્યું છે. આપે બરાબર અભ્યાસ કર્યા વગર જો અમલીકરણમાં આગળ વધવાનું નક્કી કરશો અને આપની બહુમતી છે, આ બિલ પાસ કરાવી લેવાના. Its a duty of opposition કે અમારે આપને સિગ્નલ બતાવવું પડે. પોલીટીકલ આબ્ઝર્વેશન નથી. આ રાજયના નાણાંની તિજોરીની ચિંતા અને સામાન્ય માણસની મુશ્કેલીઓની ચિંતાનો માત્ર અવાજ રજૂ કર્યો છે. કોઈ રાજકીય અવલોકન વગર કર્યો છે. Scope when there is a bill બહુ લિમિટેડ હોય છે અને હું સ્કોપ બહાર ગયો નથી. પરંતુ માનનીય મંત્રીશ્રી આ બાબતમાં વિચારીને, એક તો જે પાવર્સ આપણા પાસે લેવાની વાત કરીએ છીએ તેમાંથી બહાર નીકળી જઈએ. રાજસ્થાનના ટેક્સ સ્ટ્રકચરને રાખીને આપ હજી પણ વિધેયક પસાર કરતાં પહેલાં આને રોકીને અથવા આમાં જ સુધારો આપ કરીને તેને અનુરૂપ આ સુધારા વિધેયક લાવો એટલી જ વાત કરીને વિરમું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર (ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા (સુધારા) વિધેયક ક્રમાંક:૧૨ સન ૨૦૦૮ જે માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે, તેમાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની સાથે દેશમાં એવા અનેક રાજયો છે જેમાં આ ટેક્સ ઑફ એન્ટ્રી ઓન સ્પેશીફાઈસ ગુડસ અમલમાં છે. તે રાજયોમાં ગુજરાત તો છે અને તેની સાથે રાજસ્થાન, મધ્યપ્રદેશ, આસામ, કેરાલા, મહારાષ્ટ્ર પણ છે. આના પાછળનો મુખ્ય કન્સેપ્ટ એ છે કે બાજુના રાજયોના ઉત્પાદન સામે આપણા રાજયના ઉત્પાદકોને રક્ષણ આપવાનો છે. જેથી કરીને આપણા રાજયમાં રોજગારી વધે અને લેવલ પ્લેઈન ફિલ્ડ પણ મળી શકે. પરિસ્થિતિ એ સર્જાઈ છે કે અન્ય રાજયોમાં સસ્તા માલના ઉત્પાદનને લીધે આપણા રાજયમાં ઉત્પાદિત થયેલ માલ બજારમાં ટકી શકે નહીં કે વેચાય પણ નહીં. રાજયના સ્થાનિક વિસ્તારોમાં જે ઉદ્યોગો છે તેમાં ઉત્પાદિત થતો માલ ઘણી વખત એવું થાય છે કે અન્ય પ્રાંતોમાં અથવા પડોશી રાજયોમાં કોઈ ટેક્સ બેનીફીટ હોય, એના સ્થાનિક કારણો અલગ અલગ હોઈ શકે, ટેક્સ બેનીફીટ હોય ત્યારે કાં તો કોઈ ઇલેક્ટ્રિક સબસીડી હોય, સસ્તુ લેબર હોય એના પરિણામે જે ચીજવસ્તુઓ અન્ય પ્રાંતમાં ઉત્પાદિત થાય છે તે ચીજવસ્તુઓ આપણા પ્રાંતમાં ઉત્પાદિત થતી ચીજ વસ્તુ કરતાં સસ્તી હોય છે અને તે ગુડસ આપણા રાજયમાં પ્રવેશે ત્યારે સ્વાભાવિક છે કે કોઈપણ વેપારી સસ્તુ ગુડસ, સસ્તી ચીજવસ્તુ મળતી હોય તો મોંઘી ખરીદે નહીં. પણ એવા સંજોગોમાં સરકારની પણ એક ફરજ થઈ પડે છે કે પડોશી રાજયને સાથેના ઉદ્યોગની સરખામણીમાં આપણા ઉદ્યોગોને ટકાવવા હશે તો એવી જે સ્પેશીફાઈડ ગુડસ છે તેની ઉપર એન્ટ્રી ટેક્સ નાંખવામાં આવે છે. આ મેં કહ્યું તે પ્રમાણે અનેક પ્રકારની સુવિદ્યાઓ રાજયમાં મળે છે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. ૧૧ વાગ્યે ફરી મળીશું. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**(વિરામ ૧૦.૩૦ થી ૧૧.૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી આત્મારામ મ. પરમાર** : (ક્રમશ:) માનનીય અધ્યક્ષશ્રી, ટૂંકમાં આ વિધેયક લાવવા પાછળનો જે ઉદ્દેશ છે એ રાજય બહારના કોઈ સ્થળેથી સ્થાનિક વિસ્તારોમાં વપરાશ, ઉપયોગ અથવા તેમાં વેચાણ કરવા માટે જે માલ પ્રવેશે છે અને રાજયમાં ઉત્પાદિત કરેલા અને બનાવેલા માલ વચ્ચે વાજબી અને સમાન તકની પરિસ્થિતિ પૂરી પડાય એ માટેનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે જે વાત કરવી હતી તે વાત એ હતી કે, અહીંયાં જે ચીજવસ્તુઓમાં નિર્દિષ્ટ માલનો ઉલ્લેખ થયો છે એ પૈકી એક નાયલૉન યાર્ન છે એનો એક ખાલી દાખલો આપું તો સુરતની આખી ટૅક્સટાઈલ ઇન્ડસ્ટ્રીઝ છે, એ પાવરલુમ્સ હોય, ડાઈંગ હાઉસ હોય કે હોય કે પ્રિન્ટીંગ મિલ હોય આ તમામ ઉદ્યોગો આ યાર્ન ઉપર આધારિત છે, પરિસ્થિતિ એ છે કે, કેન્દ્રીય પ્રદેશો છે એમાં દાદરાનગર હવેલી, સેલવાસ અને મહારાષ્ટ્રમાં ભીવંડી, મહારાષ્ટ્રના આ ભીવંડીનો ઉલ્લેખ એટલા માટે હું કરવા માગું છું કે, મહારાષ્ટ્રમાં ભીવંડીમાં જે માલ બનાવવામાં આવે છે તેને લાઈટ બિલમાં સરકારનો જે બેનીફીટ છે ત્યાં એક લુમ્સ દીઠ ૧૭૫ રૂપિયા લાઈટનું બિલ ફીકસ છે એ ગમે તેટલી લાઈટ વાપરે પણ બિલ ફીકસ છે જ્યારે આપણા ત્યાં પરિસ્થિતિ એવી છે કે મીટર ફરે એટલું લાઈટ બિલ આવે, તો એની વચ્ચેનો જે તફાવત છે એ એક હજાર- બારસો રૂપિયાની આસપાસનો થાય છે અને જે પરિસ્થિતિ પેદા થાય છે એ આ ઉત્પાદિત માલમાં એક મીટરે સુરત કરતાં દોઢ રૂપિયે સસ્તું કાપડ પડે છે, તો આ પરિસ્થિતિમાંથી જો ગુજરાતના ઉદ્યોગોને બચાવવા હોય તો એક ડાઈંગ ઇન્ડસ્ટ્રીઝમાં રોજનું ત્રીસ હજારથી માંડીને એક લાખ મીટર સુધીનું કાપડ જાય તો એ દોઢ રૂપિયો ભાવ તફાવત કરીએ તો મોર ધેન વન લેક્સ અને આ પરિસ્થિતિમાંથી ગુજરાતના ઉદ્યોગોને બચાવવા માટે આ એન્ટ્રી ટેક્સ નાખવાનું આ વિધેયક છે. એના પરિણામે ગુજરાતના ઉદ્યોગો ટકશે, નહીં તો પરિસ્થિતિ એવી પેદા થાય કે જો ટેક્સ ના નાખવામાં આવે તો આપણું કાપડ મોંઘું રહે અને અન્ય પ્રાંતની સરખામણીએ આપણી પ્રાપ્તિ કિંમત વધારે હોવાના કારણે ગુજરાતનો વેપાર ઉદ્યોગ પડી ભાંગે, અને વેપાર ઉદ્યોગ પડી ભાંગે, તો ઉદ્યોગો પડી ભાંગે અને ઉદ્યોગો પડી ભાંગે તો કારખાનાં બંધ થાય અને કારખાનાં બંધ થાય એટલે બેરોજગારી વધે અને બેરોજગારી વધે એટલે કામદારો બેકાર બને, અને એની સાથેસાથે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પણ પેદા થાય, અને આર્થિક રીતે પણ અંધાધૂંધી ફેલાય તો આ પ્રકારની પરિસ્થિતિમાંથી ગુજરાતને બચાવવા માટે જે લોકોએ કરોડો રૂપિયાનું રોકાણ ઉદ્યોગોમાં કર્યું છે એ લોકોને બચાવવા માટે, અને મજૂરોને મળતી રોજગારી ચાલુ રાખવા માટે આ એન્ટ્રીટેકસ નાખવો પડે છે અને એન્ટ્રીટેકસ નંખાયા પછી અન્ય જે જગ્યા છે એ જગ્યાએ એન્ટ્રીટેકસની પૂરેપૂરી રકમ ગુજરાતમાં ટેક્સ ક્રેડિટ મળે છે, આ એક મોટામાં મોટો બેનીફીટ બીજા બધા રાજયોની સરખામણીમાં છે અને એ એન્ટ્રિટેકસને આપણે વેટેબલ બનાવે છે અને એટલા માટે વેપાર ઉપર કોઈ ભારણ પડવાનું નથી ત્યારે આ પ્રકારનું સરળીકરણ પણ આ વિધેયક મારફત લાવવાનો પ્રયત્ન થયો છે ત્યારે આવી જે વિસંગગતા ઉભી થાય એ વિસંગતતાને રોકવા માટે સ્થાનિક ઉદ્યોગોને ઉત્પાદકોને અને સ્થાનિક ઉદ્યોગો ઉત્પાદન વધારે તે માટે પ્રોત્સાહન આપવા માટે અને રોજગારી વધારવા માટે અને એ રીતે ગુજરાતમાં વેપાર ઉદ્યોગોને વિકસાવવા માટે આ સરકાર જે ધ ગુજરાત ટેક્સ ઑન એન્ટ્રી ઑફ સ્પેશિફાઈડ ગુડ્સ ઈન ટુ લોકલ એરિયા બિલ લઈને આવી છે તેને હું મારું સમર્થન આપું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી ધ ગુજરાત ટેક્સ ઓન એન્ટ્રી ઑફ સ્પેસિફાઈડ ગૂડસ ઈન ટુ લોકલ એરિયા (અમેન્ડમેન્ટ) બિલ ૨૦૦૫ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિરોધ પક્ષના નેતા જે વાત કરતા હતા એમાં બિલ લાવવાનો જે હેતુ છે એ હેતુ પારદર્શક રીતે દર્શાવવો જોઈએ. એને બદલે મૂળ હેતુ એના ઈમ્પ્લીકેશન શું થવાના છે એ દર્શાવ્યા વગર આ બિલ લાવવામાં આવ્યું છે. અટપટી ભાષામાં લોકોને સમજાવીને પાછળથી આ વિધાનસભા ગૃહ પૂરું થાય એના પછી સરકારની ઇચ્છા મુજબના ટેક્સ સ્ટ્રકચરમાં ફેરફારો કરી શકાય એ પ્રકારના અધિકારો મેળવનારું આ બિલ છે. જે સૌથી વાંધાજનક કલોઝ છે આની અંદર એ રાજય સરકાર ગેઝેટમાં નિર્દેષ્ટ કરે ત્યારથી આ સ્ટ્રકચરની અંદર ફેરફાર કરી શકશે. વિધાનસભાની અંદર આપણે સૌએ અને સમગ્ર દુનિયાની અંદર જ્યાં પાર્લામેન્ટરી સિસ્ટમ છે ત્યાં પાર્લામેન્ટનો કે વિધાનસભાનો એક્ઝિક્યુટિવ ઉપરનો જે અંકુશ છે એ પ્રસ્થાપિત કરવા માટે વારંવાર ભાર દેવામાં આવ્યો છે અને એનો અંકુશ એટલા માટે જરૂરી છે કે, કોઈ પણ નાણાકીય ઈમ્પ્લીકેશન છે પ્રજા ઉપર હોય કે ટ્રેઝરી ઉપર હોય એની પારદર્શક રીતે પ્રજાને અને ગૃહને જાણકારી મળવી જોઈએ. એના માટેનો ભલે રાજય સરકારનો એ અધિકાર છે કે કયા પ્રકારના ટેક્સ લેવાના અને કેવી રીતે લેવાના એનો નિર્ણય આ હાઉસમાં કરાવી શકે છે, પણ એની જાણ વ્યવસ્થિત રીતે થવી જોઈએ. પણ આ બિલ લાવ્યા પછી રાજય સરકાર આ ધારાસભા ગૃહના જે અધિકારો છે એ અધિકારો એ લઈ લે છે અને એના માટે સામાન્ય રીતે આપણે જોયું છે કે, રાજય સરકાર પાસે કોણ રજૂઆત વધારે કરવા આવે છે? ગ્રાહક તો બિચારો છેલ્લે ઉભો હોય છે. ગ્રાહકને રજૂઆત કરવી છે પણ એણે તો સાત કોઠા વીંધી અહીંયા મંત્રીશ્રીઓની ચેમ્બર સુધી પહોંચવાનું હોય છે. પણ જે પહોંચતો માણસ છે, સક્ષમ માણસ છે એ કોઈ પણ હિસાબે એ પોતાના દુ:ખ દર્દની વાત ભલે એમાં એનો નફો જ થોડો ઓછો થતો હશે એ એને મન સૌથી મોટા દુ:ખની વાત હશે એ સૌથી પહેલા અને બહુ સારી રીતે પહોંચાડી શકે છે. એટલે સરકારના નિર્ણયો ઉપર હંમેશા આવા પહોંચતા લોકોની અસર રહેવાની છે અને એના કારણે સૌથી વધારે ગ્રાહક દંડાય છે અને જ્યારે દંડાય અને પછી મહિનાઓ પછી એની અસર થાય ત્યાં તો ગ્રાહક લૂંટાઈ ચૂક્યો હોય છે. અહીંયા વાત કરતા હતા આત્મારામભાઈ કે, આપણા રાજયમાં ઉત્પાદકોની આપણે ચિંતા કરવી જોઈએ. ઉત્પાદકો છે એની ચિંતા એ એની જાતે જ કરી લેતા હોય છે. આપણે ચિંતા કરવી જોઈએ ગુજરાતના પ્રજાજનોની કે એનાથી હાર્ડશીપ કેટલી વધવાની છે? અહીંયા તો કલાસિફાઈડ ગૂડસ છે એ આઠ આઈટેમ આપી છે પણ નવમી આઈટેમ બતાવી છે એમાં તો તમામ આઈટેમ આવી જાય છે એ કોણ નક્કી કરશે કે આ રેશનલ છે કે નથી રેશનલ? એ પેરિટીમાં છે કે નહી? ગુજરાતના સામાન્ય લોકોને એનાથી કેટલું નુકસાન જવાનું છે? એ માત્ર રાજય સરકારનું એક વિભાગ જ નક્કી કરી અને આપી દેવાનું છે, અને એટલા માટે જ્યારે વેટના અમલીકરણ પછી આખા દેશનું ટેક્સનું સ્ટ્રક્ચર લગભગ સરળ અને સમાન બનાવવાની વાત થાય છે ત્યારે આ એન્ટ્રી ટેક્સ છે એ ગ્રાહકના અધિકારો ઉપર સૌથી વધારે તરાપ મારે છે અને એમાં કદાચ એવો કલોઝ રાખ્યો હોત કે નિર્ણય કરતાં પહેલાં, ગ્રાહકોની ફરિયાદ છે એ પહેલાં સાંભળીશું અને પછી નિર્ણય કરીશું તો કંઈ વાંધા જેવું નહોતું, પરંતુ આ તો કોઈ હિયરીંગના અધિકારો પણ નથી આ બિલની અંદર કે જેને અસરકર્તા છે એ લોકોને સાંભળવા જરૂરી હતા પણ એનો કોઈ જગ્યાએ આની અંદર નિર્દેશ કરેલો નથી. આઠ આઈટેમો મૂકી છે અને નવમી આઈટેમની અંદર જેનો વેપાર થતો હોય, જેનું ઉત્પાદન થતું હોય એ તમામ ઉત્પાદનોને આ બિલ હેઠળ હવે આવરી લેવાયેલ છે. ભૂતકાળમાં અનુભવો કર્યા છે કે જુદા જુદા લોકો કાર્ટેલ કરીને પ્રજાને કેવી રીતે લૂંટતા હોય છે. સિમેન્ટ કંપનીઓએ કાર્ટેલ કરી અને આપણા કરતા પડોશના રાજયોની અંદર લગભગ આપણા કરતા પચીસથી ત્રીસ ટકા નહિ પણ ચાલીશ ટકા ઓછાં ભાવેથી સિમેન્ટ મળે, પણ આપણા રાજયની અંદર કાર્ટેલ કરી દીધી એટલે આપણે એના કરતાં સવા ગણા, દોઢ ગણા રૂપિયા આપવા પડે.

**સભાપતિશ્રી શંકરભાઈ દે. વાઘેલા અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, એટલે જે ફાયદો બાજુના રાજયની અંદર સસ્તા ભાવે કોઈ વસ્તુ મળતી હોય તો એનો ફાયદો ગ્રાહકને મળે તો આપણને એમાં કોઈ વાંધો નહિ હોવો જોઈએ. કોમ્પીટીટીવનેસ છે એ જળવાવી જોઈએ. એમ ઘણી વખતે આપણા રાજયની વસ્તુ પડોશના રાજયમાં સસ્તી પડતી હશે. ગ્રાહકનો અધિકાર છે કે કયાંથી કઈ વસ્તુ લેવી. એ વાત સાચી છે કે, એનાથી રાજયની તિજોરીને નુકસાન ન જવું જોઈએ. એ વાતની અંદર પણ હું સંમત છું પણ એનો નિર્ણય કરતાં પહેલાં તમામ પક્ષોને સાંભળીને નિર્ણય લેવાવો જોઈએ એ આ બિલની અંદર કોઈ જગ્યાએ જોગવાઈ નથી. શકય છે કે આ કાર્ટેલ કરનારા લોકો છે એ આવનારા દિવસોની અંદર કાર્ટેલ કરી અને સરકારની નીતિ અને નિર્ણયો પર એ અસર કરી શકે તેમ છે. એટલે આ બિલ ઉપર આપણે સંમત થઈ શકીએ તેમ નથી. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને જરૂર વિનંતી કરીશ કે આ ટેક્સ સ્ટ્રક્ચરની અંદર ફેરફાર જ્યારે જ્યારે થાય અને એન્ટ્રી ટેક્સ જે જે ગુડ્સ ઉપર લગાવવાનો થાય ત્યારે સંબંધિત વાપરનારા લોકો સહિતના તમામ લોકોને એનું હિયરીંગ આપવાની, સાંભળવાની અને નિષ્ણાતો મારફતે ચકાસણી કરવાની જોગવાઈ જો કરવામાં આવી હોત આ બિલની અંદર તો હું માનત કે એનાથી રાજયને, રાજયની પ્રજાને અને રાજયની તિજોરીને ફાયદો જરૂર થાય, પણ આ બિલની અંદર એવી જોગવાઈઓ કોઈ રાખવામાં આવી નથી અને એનો ફાયદો, મોટા ઉત્પાદકોએ જે રીતે ભૂતકાળની અંદર કાર્ટેલ કરી અને એ ફાયદો ઉઠાવ્યો છે એ પ્રકારનો

ફાયદો આ મોટા ઉત્પાદકો, મોટા વેપારીઓને એનો લાભ મળવાનો છે નાના લોકોને લાભ મળવાનો નથી અને જે અનુસૂચિ છે એની જે નવમી આઈટેમ છે કે રાજય સરકારને બધા અધિકારો ગેઝેટની અંદર પ્રસિદ્ધ કરી અને એન્ટ્રી ટેક્સની અંદર ફેરફાર કરવાનો લગાવવાનો જે અધિકાર મળે છે એ આ વિધાનસભાનો અધિકાર છે એ અધિકાર કોઈપણ સંજોગોમાં એક્ઝિક્યુટિવને આપી શકાય નહિ એટલે આ બિલની સાથે હું સંમત થઈ શકતો નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ (૨૧૫૨)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૨ માનનીય નાણામંત્રીશ્રી લાવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું. આ બિલ રજૂ કરતી વખતે માનનીય સૌરભભાઈએ કહ્યું કે, આ બિલ લાવવાનો હેતુ ગુજરાતના ઉદ્યોગોને ઉત્પાદન થતાં માલસામાન ઉપર પડોશના રાજયોમાંથી જે જે રાજયમાં ડમ્પીંગ થાય છે અને એમને જે હરીફાઇનો સામનો કરવો પડે છે એ હેતુસર મુખ્ય હતો એન્ટ્રી ટેક્સનો હોય છે અને સન ૨૦૦૧માં આ એન્ટ્રી ટેક્સ નાંખવામાં આવ્યો અને ત્યારે તેની ઘણી વખતથી આપણે માગણી કરતા હતા કે પડોશમાં સેલવાસા, દમણ, રાજસ્થાન વગેરેમાંથી આપણે ત્યાં જે ગુડસનું ડમ્પીંગ કરવામાં આવે છે ખાસ કરીને સિમેન્ટ હોય તે રાજસ્થાનમાંથી અહીં આપણે ત્યાં તે સિમેન્ટનું ઉત્પાદન પૂરતા પ્રમાણમાં હોય, બહાર એક્સપર્ટ કરતાં હોઈએ અને તેમ છતાં સિમેન્ટ રાજસ્થાનની અંદર ઉત્પાદનનો અહીં ગુજરાતની અંદર આવે અને તે આપણાં ચેક પોસ્ટો ઉપરથી કે બીજા કોઈ રસ્તા ઉપરથી તે વગર બિલે આપણે ત્યાં વેચાતો હોય અને વિરોધ પક્ષના નેતાશ્રીએ કહ્યું તે પ્રમાણે તેનો કન્ઝયુમર્સ જે છે તે તેનો ભોગ સીધો બનતો હોય છે. જે વેપારીઓ પાસેથી તેમણે માલ ખરીદવો પડતો હોય સીધે સીધો ત્યાં ખરીદી શકે એટલી તેમની ખરીદી નથી હોતી અને એટલે તેને નાછૂટકે અહીંયાથી માલ ખરીદવો પડે છે તેને કોઈ સસ્તા ભાવે માલ મળતો નથી અને આ જે દૂષણ જે છે તે આપણે ઘટાડવા માટે હંમેશા રાજયનું નાણાં ખાતું અને તેને મળતાં સૂચનોને આધારે આપણે એન્ટ્રી ટેક્સ તેના ઉપરથી અહીંથી બ્રાન્ચ ટ્રાન્સફર જે થાય તેને પણ રોકવા માટેના આપણા હંમેશા પ્રયાસો હોય છે.

અગાઉના જે વક્તાઓએ કહ્યું ખાસ કરીને શ્રી અર્જુનભાઈએ કે તેની અંદર આપણને બેફામ સત્તા મળી જતી હોતી નથી. જેટલો ટેક્સનો વધારો થાય એટલે ટેક્સની ચોરી જરૂર વધુ થતી હોય છે. ભૂતકાળની અંદર કેટલીય આઈટમો જ્યારે રાજયે ટેક્સ ઘટાડ્યો ત્યારે તે આઈટમ ઉપરની આવકો વધેલી છે. માનનીય નાણામંત્રીશ્રીએ પણ ગયા ટમમાં કોઈ જવાબમાં કહ્યું હતું કે અલંગની અંદર ચાર ટકાનો ટેક્સ આપણે બે ટકા કર્યો તો તેના પછી આવકો વધેલી હતી અને આ સૂચનો તે વ્યાપારી એસોસિએશનના હોય, જાહેર જીવનના લોકોના હોય અને તે વખતે આ સૂચન માનનીય શકિતસિંહજીનું આવેલું કારણકે ભાવનગરનો વિસ્તાર અને જે વિટંબણા હતી તે આપણે દૂર કરી ઓછો ટેક્સ કર્યો હતો તો તેની ટેક્સની આવકો વધી. માનનીય સૌરભભાઈ પાસે લાકડાંના વેપારીઓ ગયેલાં અને કોલર ચડાવીને કહેતા હતા કે સૌરભભાઈ સાથે અમે તો ભણેલાં છીએ અને સૌરભભાઈ આ લાકડાનો ટેક્સ ૧૨ ટકામાંથી ૪ ટકા કરી દેવાના છે. આ સાડા બાર ટકાના પંદર ટકા થઈ ગયા. ટેક્સ ઓછો કરવાની થિયરી જે છે તે વેટની કમિટીની અંદર આપણને છૂટ મળતી. આજુબાજુના પડોશના રાજયો જો આપણને નુકસાન થાય એવી નીતિ રીતિ અપનાવતા હોય તો વેટની કમિટીમાં પણ રજૂઆત કરી શકાય છે. પડોશના રાજયોની અંદર ટેક્સ ઓછો હોય એટલે સ્વભાવિક રીતે સીધે સીધા વાપરનારા હોય તો ત્યાંથી લઈ આવે અને હમણાં શકિતસિંહજીએ હિસાબ ગણાવ્યો તે પ્રમાણે મોટી ખરીદીમાં તેમને લાભ થાય અને રાજયને નુકસાન થાય. તો આપણા વેપાર ઉદ્યોગમાં ઉત્પાદન થયેલો માલ કે બીજા રાજયોમાંથી આવેલો માલ આપણને વેલ્યુએડેડ ટેક્સ ચૂકવીને તે ખરીદનારને જાય તો રાજયની તિજોરીમાં બે પૈસા આવે આ સાવ સીધી સાદી વાત છે પણ તેને માટે આપણે ચૂસ્તતા જાળવવી ખૂબ જરૂરી છે. આપણાં કાયદામાં જે છટકબારીઓ છે તેના જે છિદ્રો છે તેને રોકવા માટેની આ બિલ રજૂ કરતી વખતે નાણામંત્રીશ્રીએ કોઈ નક્કર વાત કરી નથી. સેલવાસાની અંદર હોય કે દમણની અંદર હોય રાજયના સહકારી ક્ષેત્રના ઉત્પાદકોની આઈટમો કન્સાઈનમેન્ટથી બ્રાન્ચ ટ્રાસ્ફરથી ત્યાં દમણ જાય અને ત્યાંથી તે વેચવા માટે થઈને ભુજ આવે અને વગર બિલે વેચતા હોય એવી કેટલીય બાબતો મારા ધ્યાનમાં આવેલી છે. તેમના ઉપર ટેક્સનું ભારણ આપણે ઓછું કર્યુ તે છતાં આ છટકબારીઓ જે છે તે બંધ નથી થઈ તે બંધ થવી જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણા ડીઝલ અને હાઈ સ્પીડ ડીઝલ અને લો સ્પીડ ડીઝલનો પણ ઉલ્લેખ થયો. મોટા ભાગની રીફાઈનરીઓ ગુજરાતમાં છે. ગુજરાત બહારથી એવી કઈ આયાતો પેટ્રોલિયમ પ્રોડકટમાં થાય છે? જો થતી હોય તો એની પણ તપાસ થવી જરૂરી છે. કારણ કે આયાતી આઈટમો ઉપર આ એન્ટ્રી ટેકસ લેવાનો નથી એવું કહ્યું, તો બીજા રાજયોમાંથી કયાંથી કઈ રીતે આવે છે? કદાચ એમ બને કે અહીંથી ત્યાં જાય અને ત્યાંથી બીજી રીતે અહીં આવતું હોય. ભૂતકાળમાં ગુજરાતની રીફાઈનરીમાંથી કોઈ ફોર્મ આપીને ટેકસ મજરે લેવામાં આવે છે એવી વાત મેં નાણા વિભાગને કરેલી છે. વર્બલી કદાચ કહ્યું હશે, જરૂર હોય તો લેખિત મોકલાવું, પણ એની તપાસ કરે, કારણ કે કોઈ ફોર્મ આમાં પેટ્રોલિયમ પ્રોડકટમાં લેવાનું કે આપવાનું હોતું નથી. એ સ્પષ્ટતા હોવા છતાં પણ આ બાબત બનેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની મુખ્ય આવકો જયારે સેલ્સટેકસ અને વેટ દ્વારા આપણને થતી હોય ત્યારે આ ગૃહના તમામ સભ્યોની એ ચિંતા હોય અને માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ પોતાના વિચારો વ્યકત કરતા ખૂબ વિદ્વતાપૂર્ણ રીતે અને બહુ વિગતવાર વાત કરી છે. જે સમગ્ર ગૃહની ચિંતા હોય, કદાચ બહુમતિએ આ બિલ પસાર થાય, પણ એના ઉપર અહીં સભ્યો પોતાની ફરજ બજાવીને ધ્યાન દોરે એ ખૂબ જરૂરી છે. આ બિલની અંદર જે સ્પષ્ટતા કરવાની જરૂરી હોય એ જવાબ આપતી વખતે માનનીય નાણામંત્રીશ્રી કરે એ ખૂબ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વેટના કારણે જે સરળતા થવી જોઈએ એના બદલે કોઈ વિટંબણા ઉભી ન થાય એ ખૂબ ખ્યાલમાં રાખે એ ખૂબ જરૂરી છે. કારણ કે આમાં કેટલીક બાબતોમાં "રાજય સરકાર રાજપત્રમાં નિર્દિષ્ટ કરે તેવો બીજો માલ." તો આ બીજો માલ એટલે કયો? આમાં **specified goods** એના સિવાયની આઈટમો કઈ છે? કે જે બીજા રાજયોમાંથી અહીં ડમ્પ થાય અને એને રોકવા માટે એન્ટ્રી ટેકસની કલમ નીચે ઓળખવી જરૂરી છે. એની એક પારદર્શિતા માનનીય નાણામંત્રીશ્રી આપે એ ખૂબ જરૂરી છે. આ બિલ ઉપર રીપીટેશન ન થાય અને એન્ટ્રી ટેકસ બીજા રાજયોમાંથી જે કરચોરીને ઉત્તેજન મળે એ પ્રકારના કેટલાક છાપેલાં કાટલાંઓ રાજયમાં ચોમેર ફેલાયેલાં છે એના પર સેલ્સટેકસ અને વેટ ડિપાર્ટમેન્ટ નજર રાખે, કારણ કે રાજયમાં સ્ટેનલેસ સ્ટીલ એ પહેલા મેલ્ટીંગની સંખ્યા બંધ રોલીંગ મિલો હતી એ મોટા ભાગની રાજસ્થાનમાં છે. કારણ કે ત્યાં ટેકસ ઓછો છે અથવા તો નથી. આપણે ત્યાં ૪ % વેટ થઈ ગયો છે. એટલે રોલીંગ મિલો મોટા ભાગની રાજસ્થાનમાં છે. એમનો બધો જ માલ અહીં કે મહારાષ્ટ્રમાં વપરાશમાં જતો હશે, તો એના ઉપર પણ માનનીય નાણામંત્રીશ્રી જરા ધ્યાન આપે અને આ બાબતની તપાસ કરે કે આપણે ત્યાં સ્ટેનલેસ સ્ટીલની રોલીંગ અને રી-રોલીંગ મિલો હતી, સ્ક્રેપમાંથી પટ્ટા. એના ઉત્પાદનમાં ઘટાડો થયો છે કે વધારો થયો છે. આખરે તો આ ઉદ્યોગનું રાજયમાં વિસ્તૃતીકરણ થાય એના માટે રાજય સરકારની નીતિ છે. સમય સમય ઉપર એમને **tax benefits** પણ આપેલા છે. બેનિફિટ્સની સાથે માફી યોજનાઓ પણ છે. તેમ છતાં આ માફી યોજનાઓ અને ડિફોલ્ટ યોજનાઓ ઉપરાંતના રસ્તાઓ પણ એ લેવા માગતા હોય તો એની સામે કડક હાથે કામ થવું જોઈએ. આટલી વાત સાથે આ બિલની ચર્ચા પર માનનીય નાણામંત્રીશ્રીને આપના મારફતે મારી વાત કહીને વિરમું છું.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, જે એન્ટ્રી ટેકસનું સુધારણા બિલ લઈને હું આવ્યો છું એની ઉપર ઘણીબધી ચર્ચા થઈ છે. જયારે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પોતાની વાત રજૂ કરતા હતા ત્યારે હકીકતમાં મેં માથા ઉપર હાથ મૂકયો હતો અને મંત્રીશ્રી અમીતભાઈને મેં પૂછયું કે આપણે ગુજરાત વિધાનસભામાં બેઠા છીએ કે રાજસ્થાનની વિધાનસભામાં બેઠા છીએ? આપણે ગુજરાતના ઉદ્યોગોને બચાવવા માગીએ છીએ કે રાજસ્થાનના ઉદ્યોગોને લાભ આપવા માગીએ છીએ એવી ચર્ચા હું તેમની સાથે કરતો હતો.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, મારે બહુ સ્પષ્ટપણે કહેવું છે કે એન્ટ્રી ટેકસ એ ગુજરાતના વેપાર અને ઉદ્યોગોને રક્ષણ આપવા માટેનો ટેકસ છે. મારે ફરીથી કહેવું છે કે ઉદ્યોગ અને વેપાર ઉપર કોઈ એડિશનલ બર્ડન નથી. ત્રીજું કે આ એન્ટ્રી ટેકસ એ લિમિટેડ આઈટમો ઉપર છે, બધી આઈટમો ઉપર નથી. જે આઈટમો ઉપર આપણે ટેકસ નાંખીએ છીએ એમાં રાજય સરકારને લાગ્યું હોય કે આ સેન્સેટિવ ગૂડઝ છે અને આની ઉપર ખૂબ મોટા પ્રમાણમાં ટેકસની ચોરી થવાની શકયતા છે. એની રજૂઆતો આવી હોય તો એનો અભ્યાસ કરીને એન્ટ્રી ટેકસ લગાવવામાં આવે છે. માર્બલ ઉપર અને એની ઉપર બધી વાત કરી. મારે સાદો દાખલો આપવો જોઈએ કે જેના ઉપરથી સ્પષ્ટ ખ્યાલ આવશે કે લાભ થાય છે કે ગેરલાભ આનાથી થાય છે? દા.ત.રાજસ્થાનમાં કોઈ માર્બલનું મેન્યુફેકચરીંગ યુનિટ હોય એ માર્બલ યુનિટ ૧૦૦ રૂપિયામાં માલ વેચતું હોય અને ગુજરાતના ઘર આંગણે વેચે તો ૪ ટકાના ધોરણે એની ઉપર ટેકસ લાગતાં ગુજરાતના ગ્રાહકોને એ માલ ૧૦૪ રૂપિયે મળે. હવે ગુજરાતમાં કોઈ માર્બલ મેન્યુફેકચરિંગ યુનિટ હોય એ ૧૦૦ રૂપિયે ઉત્પાદન કરે અને વેટના આધારે એને માલ વેચવો પડે તો ૧૧૫ રૂપિયે વેચે. તો હવે મને કહો કે ગુજરાતના ઉદ્યૌગ વેપારની એની પડતર કિંમત હોય એ ૧૧૫ રૂપિયા અને રાજસ્થાનમાંથી માલ લાવે તો એની કિંમત ૧૦૪ રૂપિયા હોય તો આપણો ઉદ્યોગ એની સામે ટકી શકે? તો એ ના ટકી શકવાના કારણે આપણે આ એન્ટ્રી ટેકસની જોગવાઈ કરી છે કે બહારના ઉદ્યોગો બહારથી માલ લાવે તો આ ૧૦૪ રૂપિયા ઉપર આપણે એન્ટ્રી ટેકસ ૧૫ ટકા લગાવીએ તો કુલ ૧૧૯ માં પડે અને આપણા લોકોનો ૧૧૫ માં પડે. તો આ ૧૧૫ વાળો વેચાય અને ૧૧૯ વાળો ના વેચાય. એના કારણે આપણે એન્ટ્રી ટેકસ નાંખીએ છીએ. આજની તારીખમાં માનનીય બાબુભાઈએ હમણાં સિમેન્ટ ઉદ્યોગની વાત કરી તો આપણે જો સિમેન્ટ ઉદ્યોગમાં એન્ટ્રી ટેકસ ના નાખીએ તો રાજસ્થાન અને મધ્ય પ્રદેશ અને આખા દેશમાંથી સિમેન્ટ આવે અને ગુજરાતની કચ્છથી માંડીને બધી સિમેન્ટ ફેકટરીઓ બંધ થઈ જાય.એટલે આ એન્ટ્રી ટેકસ એ પોતાના ઉદ્યોગોને રક્ષણ આપવા માટેનો ટેકસ છે અને બીજી મારે ખાસ જોગવાઈ કરવી છે કે આ ટેકસ એટલો ખરાબ હોત તો બંધારણમાં આ એન્ટ્રી ટેકસ નાંખવાની રાજય સરકારને સત્તા કેન્દ્ર સરકારે કેમ આપી હોત? રાજય સરકારને કેન્દ્ર સરકારે સત્તા આપી છે કે તમે એન્ટ્રી ટેકસ નાંખી શકો છો અને એન્ટ્રી ટેકસ ગુજરાતની પ્રેકિટસ છે એવી રીતે કેન્દ્ર સરકાર દેશના ઉદ્યોગ અને વેપારને બચાવવા માટે સીવીડી નાંખે છે તો આ સીવીડી શું છે? એ એડિશનલ એકસાઈઝ ડયુટી છે. ઈમ્પોર્ટ ઉપરનો જે માલ આવતો હોય એની ઉપર સીવીડી નાંખો એટલે એકસાઈઝ ડયુટી જેટલું હોય એ પ્રમાણે આવી જાય. એટલે ગુજરાતના અને દેશના ઉદ્યોગ એકસાઈઝ ડયુટી ભરતા હોય અને બહારથી માલ આવતો હોય એની ઉપર ઈમ્પોર્ટ અને સીવીડી નાંખે તો સરખું થઈ જાય. એટલે જયારે કેન્દ્ર સરકાર સીવીડી નાંખે અને દેશના વેપાર અને ઉદ્યોગને રક્ષણ આપી શકે ત્યારે ગુજરાતની રાજય સરકાર એન્ટ્રી ટેકસ નાંખતી હોય તો એ ખોટું થઈ ગયું? ગજરાતના વેપારીઓ અને ઉદ્યોગને બચાવવા માટે જ આ એન્ટ્રી ટેકસ નાંખ્યો છે, ભારણ બિલકૂલ નથી અને જે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ વાત કરી કે ૪ ટકા વેટ કર્યો છે તો એ વાત સાચી છે ૪

ટકા વેટ કર્યો પરંતુ ગુજરાત એ ડિસિપ્લીનરી સ્ટેટ છે અને એમ્પાવર કમિટીએ ફલોરેટ નકકી કર્યો છે કે આ ફલોરેટથી નીચે કોઈએ જવું નહીં, એનાથી ઉપર જઈ શકો છો. તો રાજસ્થાને ૧૨.૫ ટકાના ૪ ટકા કર્યા અને ફલોરેટથી નીચે ગયા છે તો એનો વિરોધ અમે આવતી એમ્પાવર કમિટીમાં કરવાના છીએ.હજુ એમ્પાવર કમિટી એના પછી મળી નથી, અમે એમનો કહેવાના છીએ કે તમે ફલો રેટથી નીચે ગયા છો, તમે ભૂલ કરી છે, તમે એમ્પાવર કમિટીએ જે લાઈન દોરી છે તેનાથી નીચે ગયા છો, એટલે અમે સવાલ પૂછવાના છીએ, પણ એનો અર્થ એ નહીં, કે ડિસિઝન લઈ લીધાં હોય તેમને સાંભળ્યા વગર આપણે આપણા ફલો રેટથી નીચે જતા રહીએ. એમ્પાવર કમિટીએ આખા દેશની અંદર સમાનતા સાથે ફલો રેટ નકકી કર્યો હોય તેનો પહેલો જ આપણે ભંગ કરવાનો? એ ભંગ નથી કરવો, અને તેના માટે વેટના ૧૨ા ટકા નકકી કર્યા છે તે આપણે ચાલુ રાખ્યા છે અને રાજસ્થાને ૪ ટકા કર્યા છે તેમાં અમે ચોકકસ એમને પૂછીશું કે આ ૪ ટકા કરવાનું કારણ શું છે, બીજી વાત કરું, ટેકસ ઘટાડવો એ બહુ સહેલી વસ્તુ છે, પણ ટેકસના ઘટાડવાથી repercussion ઘણી જગ્યાએ આવે છે, પહેલું repercussion એ આવે છે કે રાજયની આવક ઘટે છે, બીજું કે સીમીલીયારીટી જે પ્રોડકટસ હોય, તે લોકોની પણ તરત માગણી ઉભી થાય છે કે તમે અમારો વેટ ટેકસ ઘટાડો, દા. ત. મારબલ ઉપર ટેકસ ઘટાડીએ તો ઈમીડીયેટલી સીરામીક ઉપર પણ માગણી આવે, સીરામીકસની માગણી આવે તો હાર્ડવેરમાંથી પણ આવે, હાર્ડવેરમાંથી આવે તો સિમેન્ટમાં પણ આવે, કન્સ્ટ્રકશન એકટીવીટીઝના બધી જ રીલેટેડ પ્રોડકટસ ઉપર ટેકસ ઘ ટાડવાનો વારો આવે, એટલે આ ચિંતા અમે કરીએ છીએ, એટલે સહેલો રસ્તો કરવા માટે અમે લોકોએ એન્ટ્રી ટેકસ નાખ્યો છે જેના દ્વારા અમે લોકો રક્ષણ આપી શકીએ, માત્ર ગુજરાતના ઉદ્યોગોને રક્ષણ આપવા માટે કરેલું છે.

માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ઓર્ડિનન્સની વાત કરી, ઓર્ડિનન્સ એટલે it is against the healthy practice of democracy. કોઈ નિષ્ણાંતોને પૂછો કે ઓર્ડિનન્સ લાવવો સારો છે, તો તરત જ કહેશે કે ના, ઓર્ડિનન્સ ઈઝ નોટ એ ગુડ સાઈન, અને ઓર્ડિનન્સ શું બતાવે છે? ઓર્ડિનન્સ એ બતાવે છે કે રાજય સરકારની નીતિમાં કોઈ સ્ટેબિલીટી નથી, રાજય સરકારે વારંવાર કાયદા બદલવા પડે છે, એ કાયદા કયારે ન બદલવા પડે, કાયદા સરસ રાખો તો બદલવા ન પડે, માનનીય અધ્યક્ષશ્રી, હું આપને દાખલો આપું કે છેલ્લા ચાર વર્ષની અંદર રાજય સરકારે ૨૦૦૭માં ફકત બે જ ઓર્ડિનન્સ કર્યા હતા, ૨૦૦૬ માં ૩ કર્યા હતા, ૨૦૦૫માં એક પણ નહોતો કર્યો, આ શું બતાવે છે? આ બતાવે છે કે સ્ટેટની સ્ટેબિલીટી કેટલી છે, અને તેની સામે ૧૯૯૬માં ૨૧ ઓર્ડિનન્સ થયા છે, એક જ વર્ષમાં ૨૧, એ વખતે માનનીય મુખ્ય મંત્રીશ્રી શંકરસિંહજી વાઘેલાના નેતૃત્વમાં ૨૧ ઓર્ડિનન્સ કર્યા હતા, એવી જ રીતે ૧૯૯૭માં ૧૫ કર્યા હતા., વિચાર તો કરો, કે પંદર પંદર ઓર્ડિનન્સ થાય, અને માનનીય અધ્યક્ષશ્રી, ચાલો ૯૫-૯૬-૯૭ની વાત જવા દો, ૧૯૮૫ માં ૨૨ અને ૧૯૮૬ માં ૧૬ ઓર્ડિનન્સ થયા હતા, એ શું બતાવે છે? તમે કોઈ પણ એકસ્પર્ટને પૂછશો, અને આ ગૃહમાં એમ વાત કરીએ કે ઓર્ડિનન્સ દ્વારા કાયદો લાવવો જોઈએ, તો એ શરમજનક વસ્તુ છે, એટલે ઓર્ડિનન્સ તો લાવવો જ ન જોઈએ, કાયદાની અંદર જ જોગવાઈ કરવી જોઈએ.

એ જ રીતે મેકસીમમ રેટની જે વાત કરી, મેકસીમમ રેટ પ્રીસ્ક્રાઈબ કરવાનું આ પહેલી વખત વિધાનસભામાં નથી આવતું, વર્ષોથી આવે છે, વર્ષોથી આવે છે અને તે પ્રમાણે લાવ્યા છીએ, આ પહેલી વખત નથી આવ્યું, એટલે સભ્યશ્રીઓએ આખી જે વાત કરી કે રાજયને નુકસાન થશે, રાજયની આવકમાં ઘટાડો થશે, રાજયને તકલીફ થશે, પ્રજા હેરાન થશે, આ બધું કંઈ થવાનું નથી, એટલે માનનીય સભ્યશ્રીઓને મારે એટલું જ કહેવું છે કે એન્ટ્રી ટેકસ એ રાજયના ઉદ્યોગ અને વેપારનું રક્ષણ છે, કોઈ ભારણ છે નહીં, અમે એન્ટ્રી ટેકસનો દર એટલો જ રાખશું, જેટલો વેટ પ્લસ એડિશનલ ટેકસ છે, અને જે કોઈ એન્ટ્રી ટેકસ ભરશે, અને એન્ટ્રી ટેકસ નાકા ઉપર નથી ભરવાનો હોતો, તેના રિટર્નમાં ભરવાનો હોય છે, એટલે એને જ આવતા મહિને તરત જ વેટેબલ થાય છે, એટલે તેને કોઈ તકલીફ નથી થતી, એટલે આ એન્ટ્રી ટેકસ જે આપણે લાવ્યા છીએ તેને સંપૂર્ણ પણે સ્વીકારે એટલી મારી વિનંતી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબતો જાણવા માગું છું એક તો ફ્લૅટ રેઈટ કરતાં એમણે કહ્યું કે ૪ ટકા ટેક્સ કર્યો છે. લઘુત્તમથી નીચે રાજસ્થાને કર્યો છે. આપ એની ફરિયાદ એમ પાવર કમિટીમાં કરવાના છો. એ ફરિયાદ કરો ત્યાં સુધી એની બરાબરીમાં કરીને ત્યાં કર્યો એટલે અમને પણ ફરજ પડી છે. રાજસ્થાને ૧૨.૫ ટકા કરશે ત્યારે અમે પણ કરીશું પરંતુ અત્યારે અમને પણ કરવાની ફરજ પડી છે. તેથી અત્યારે ૧૨.૫ ટકા રાખવાના બદલે ચાર ટકા કરવા માગો છો કે કેમ?

બીજું બહારથી માલ લાવીને અહીંયા ગુજરાતમાં સસ્તો પડતો હોય એને રોકવા માટે એન્ટ્રી ટેક્સ નાખો છો. ગુજરાતના ઉત્પાદકોને રક્ષણ આપવા માટે બહારથી માલ આવે છે એના ઉપર વધારાનું ભારણ નાખવાના બદલે ગુજરાતમાં તમારું ટેક્સનું જે ભારણ છે એમાં ઘટાડો કરીને બહારથી માલ આવે છે એના ઉપર ટેક્સ નાખવાને બદલે ગુજરાતના ઉત્પાદકોને વધારાની રાહત આપવા વિચારો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : મેં પહેલા કહ્યું એન્ટ્રી ટેક્સ જ્યારે બૉર્ડર ક્રોસ કરે અને મટિરિયલ લાવે પછી એન્ટ્રી ટેક્સ ભરવાનો હોય છે. એન્ટ્રી ટેક્સ ભરે એની ચોક્કસપણે ચકાસણી ધ્યાને રાખીશું. જો વ્યકિત એન્ટ્રી ટેક્સ ભરશે તો ગુજરાતના ઉદ્યોગ ઉપર કોઈ ભારણ આવતું નથી. એટલે ટેક્સ ઘટાડવાનો વિષય આવતો નથી.ટેક્સ ઘટાડવાનું

ક્યારે આવે કે દરેક રાજય એમ. પાવર કમિટીમાં સામૂહિક નિર્ણય લે કે આજની તારીખમાં હવે ફ્લૅટ રેઈટ ૧૨.૫ ટકાને બદલે ચાર ટકા કરવો છે ત્યારે ટેક્સ ઘટાડવાનો વારો આવશે એટલે ત્યાં સુધી કંઈ વિચારવામાં આવશે નહિ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય નાણામંત્રીશ્રીએ જવાબ આપતી વખતે શંકરસિંહજી વાઘેલાની સરકાર વખતે આવા વટહુકમો દ્વારા ટેક્સ ઓછો કરવાનું કહ્યું એટલા માટે એ વખતે આ જે જરૂરી હતું અને કર્યુ હતું એમાં ટેક્સની કેટલી આવક ઘટી હતી અને આપની સરકાર દ્વારા સી.એન.જી.માં ૨૦ ટકાના ૧૨ ટકા કરવામાં આવ્યા એની અંદર કેટલી રકમ ઘટી હતી એ આંકડા મેળવીને આપે એટલી મારી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, આપનો પ્રશ્ન અપ્રસ્તુત છે. માનનીય મંત્રીશ્રીએ તો ઓર્ડિનાન્સની વાત કરી હતી. માનનીય શકિતસિંહજીએ ઓર્ડિનાન્સ લાવવાનું સૂચન કર્યુ હતું એના જવાબમાં કહ્યું હતું એટલે હવે હું પ્રસ્તાવ મત માટે મૂકીશ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૨ સન ૨૦૦૮નું ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૪, અનુસૂચિ કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકિટંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૨ સન ૨૦૦૮નું ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા (સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૨નું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૪

## ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયક, ૨૦૦૮

### ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, * રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૪, સન ૨૦૦૮નું ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયકના અંગ્રેજી નકલના પૃષ્ઠ-૬ ઉપરના ખંડ-૧૧(૧)થી દાખલ કરવા ધારેલા એન્ટ્રી ક્રમાંક-૫૪-એ માં 'ગુડ્ઝ' શબ્દ પછી અલ્પવિરામ તથા વિધેયકની ગુજરાતી નકલના પૃષ્ઠ-૬ પરના ખંડ-૧૧(૧)થી દાખલ કરવા ધારેલા એન્ટ્રી ક્રમાંક ૫૮(ક)માં ' સિવાયનો ' શબ્દમાંથી 'નો' દૂર કરી અલ્પવિરામ દાખલ કરવાના સુધારા સહિત વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૪, સન ૨૦૦૮નું ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, થોડા એમેન્ડમેન્ટસ બિલની અંદર લઈને આ વિધાનસભા ગૃહમાં આવ્યો છું. મુખ્ય ચાર એમેન્ડમેન્ટસ આ બિલમાં છે. પહેલું તો એડીશનલ ટેક્સનું પ્રોવિઝન કરવામાં આવ્યું છે. બીજું, એસ.ઈ.ઝેડ.માં ઝીરો રેટીંગનું અમલીકરણ કરવા માટેનું, ત્રીજું, અનરજિસ્ટર્ડ ડીલર અને lump sum ડીલરને લાભો મળે તે માટે સુધારા અને ચોથું, વર્કસ કૉન્ટ્રેક્ટના ટી.ડી.એસ.ના રેટની સાથે સરખામણી કરવાની.

માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં વેટના રેટ ૪ ટકા અને ૧૨.૫ ટકા છે. નાણામંત્રીશ્રીના બજૅટ પ્રવચનમાં એડીશનલ ટેક્સ અઢી પૈસા અને એક પૈસા રૂપિયાની અંદર નાખવાનું બિલ પસાર થયું છે. શું કારણ નાખવાનું એ બધી જ ચર્ચા તેની અંદર આવી ગઈ છે. ખૂબ લાંબી ચર્ચા હાઉસે કરી છે એટલે હું એ વિષયમાં પડવા માગતો નથી. પણ ખાલી એટલું જ કહેવું છે કે અગત્યની પ્રોડકટ્સ, દા.ત. પેટ્રોલ છે, ડિઝલ છે, મેટલ્સ છે, ડીકલેર ગુડ્ઝ છે, કોલ, કૉટન અને બીજું એકઝમટેડ ગુડ્ઝ છે તેના એડીશનલ ટેક્સની અંદર કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. એટલે ભારણ એ પ્રમાણે ઓછું થયું છે અને ઓલરાઉન્ડ ડૅવલપમૅન્ટ માટે રીસોર્સીસ અને ઈન્કલુસીવ ગ્રોથ માટે જે રીસોર્સીસ જોઈએ છીએ તેના માટે આ એડીશનલ ટેક્સની જોગવાઈ આ બિલમાં સુધારા તરીકે લાવવા માગું છું.

---

* વિધેયક તા.૧૫મી માર્ચ-૨૦૦૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

બીજું છે, ઝીરો રેટીંગ, આપણે જાણીએ છીએ કે એસ.ઈ.ઝેડ., ગુજરાત એ એસ.ઈ.ઝેડ.નું કેપીટલ છે અને એસ.ઈ.ઝેડ.નો કાયદો કેન્દ્ર સરકાર લાવી છે અને કેન્દ્ર સરકારે એસ.ઈ.ઝેડ.ને ઘણાં બધા લાભો આપ્યા છે. ઈન્કમટૅક્સથી માંડીને અન્ય બધા લાભો આપ્યા છે. ઈન શોર્ટ એસ.ઈ.ઝેડ. આપણે એમ કહી શકાય કે it is like a deamed foreign trade અને ઘણાં બધા નાણાકીય જે ડી.ટી. એરિયા એટલે કે ડોમેસ્ટીક ટૅરિફ એરિયાની અંદર ટેક્સ લેવાના છે એ એસ.ઈ.ઝેડ.માં લાગતા નથી અને ગુજરાતનું જો ટેક્સ સ્ટ્રકચર જોઈએ તો વેલ્યુએડેડ ટેક્સ, વેટ એ આ એસ.ઈ.ઝેડ.માં બનાવનારા વ્યકિતઓ જો એકસપોર્ટ કરે તો તેના ઉપર લાગતો નથી. એવી જ રીતે ડૅવલપર અને એસ.ઈ.ઝેડ.ની પ્રોસેસીંગ એરિયાની અંદર જે યુનિટો છે એ પણ જ્યારે માલની ખરીદી કરે ત્યારે ઝીરો રેટીંગ લાવવાની આ એકટમાં જોગવાઈ કરવામાં આવી છે. હાલની વ્યવસ્થા શું છે તે સમજાવું કે હાલમાં એસ.ઈ.ઝેડ. ડૅવલપર અને એસ.ઈ.ઝેડ. કો-ડૅવલપર આ એક ભાગ છે. બીજું, પ્રોસેસીંગ યુનિટમાં યુનિટો જે ઉભા થવાના છે તે બીજો ભાગ છે. આજે જ્યારે એસ.ઈ.ઝેડ. ડૅવલપર ગુજરાતમાંથી માલ ખરીદે છે, પોતાનો એસ.ઈ.ઝેડ. બનાવવા માટે તો તેને વેટ રેટ લાગુ થાય છે અને એ વેટ રેટ લાગુ થયા પછી તેને સંપૂર્ણપણે રિફંડ મળે છે. એટલે નાણાકીય બોજો ગુજરાત સરકારને પડતો નથી પરંતુ તકલીફ એ પડે છે કે આખો ટેક્સ ઉઘ ારાવવાનો અને આખો ટેક્સ રિફંડ કરવાનો એ પ્રક્રિયા ખૂબ લાંબી છે. એટલે એ પ્રક્રિયા અટકાવવા માટે આપણે આવતા દિવસોમાં ડૅવલપર જ્યારે ગુજરાતમાંથી પોતાનો એસ.ઈ.ઝેડ. ડેવલપ કરવા માટે માલ ખરીદે. તો એની અંદર ઝીરો રેટીંગ એટલા માટે કોઈ ટેક્સ લાગ્યા વગરની ખરીદી થાય છે. આ એક વસ્તુ છે. બીજી વસ્તુ જ્યારે યુનિટોની સ્થાપના થાય છે ત્યારે બે ટાઇપનો એરિયા થાય છે, એક પ્રોસેસીંગ એરિયા અને બીજો નૉન પ્રોસેસીંગ એરિયા. પ્રોસેસીંગ એરિયા કે જ્યાં મેન્યુફેકચરીંગ ગુડસ્ થશે એટલે એ પ્રોસેસીંગ એરિયા જ્યારે માલ ખરીદે, ગુજરાતમાંથી ખરીદે તો એને ઝીરો રેટીંગ ઉપર ખરીદે એટલે કોઈ બિલની અંદર ટેક્સ લાગે નહીં. એ પ્રમાણે આપણે બિલની અંદર જોગવાઈ કરી છે. એવી જ રીતે નૉન પ્રોસેસીંગ એરિયા છે એ એસ.ઈ.ઝેડના બહાર ગણાય એટલે એને આપણે ઝીરો રેટીંગની છૂટ આપતા નથી. એ માત્રને માત્ર પ્રોસેસીંગ એરિયાને, આ કરવું કેમ જરૂરી છે એના ખાસ કારણ એ છે કે, એસ.ઈ.ઝેડમાં સ્થાપિત ઉદ્યોગો અથવા તો એસ.ઈ.ઝેડ ડેવલપર આખા દેશમાં ગમે ત્યાંથી માલ ખરીદી શકે એવું જરૂરી નથી કે ગુજરાતમાંથી જ માલ ખરીદે. કેન્દ્રએ એ લોકોને આઈ ફૉર્મની સુવિધા આપી છે. એટલે મહારાષ્ટ્રમાંથી પણ માલ ખરીદે અને એસ.ઈ.ઝેડના ડેવલપર, ગુજરાતના ડેવલપર આઈ ફૉર્મ આપી દે એટલે એમને કોઈપણ ટેક્સ ભર્યા વગર માલ મળતો હોય તો આપણા ૧૨.૫ ટકાનો વેટ આધારિત ટેક્સ ભરી એના રિફંડ લેવાની પ્રક્રિયામાં એ લોકો જાય નહીં. એટલે ગુજરાતમાંથી માલ ન ખરીદે એવા બનાવો બને એના માટે ઝીરો ટેક્સ સ્ટ્રકચર કરીએ છીએ. જેથી ગુજરાતના ઉદ્યોગો અને વેપારીઓને નુકસાન ન થાય. એટલે હાલમાં કેન્દ્રએ આઈ ફૉર્મની ઓલરેડી જોગવાઈ કરી છે અને એના કારણે આજની તારીખે ગુજરાતમાં એસ.ઈ.ઝેડ મોટા પાયા પર ઊભા થઈ રહ્યા છે, યુનિટો પણ ઊભા થયા છે અને ડેવલપરો અને કો ડેવલપરો એસ.ઈ.ઝેડ બનાવે છે ત્યારે સ્ટીલની ખરીદી અને સિમેંટની ખરીદી એ રાજય બહાર કરવા ઇચ્છે છે. એ એટલા માટે ઇચ્છે છે કે, એના રિફંડની પ્રક્રિયામાં જવું ન પડે અને એના માટે આ વેટ કાયદાની અંદર સુધારા લઈને ઝીરો રેટીંગ કરવા માગીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે, આ જે અન રજીસ્ટર્ડ ડીલર એટલે કે, જેનો ૫ લાખથી ઓછો વેપાર થયો હોય એને અન રજીસ્ટર્ડ ડીલર તરીકે આપણે ઓળખીએ છીએ. ત્યારે હવે અન રજીસ્ટર્ડ ડીલર જ્યારે માલ ખરીદે છે ત્યારે એ ટેક્સ પેઈડનો માલ ખરીદે છે. હવે જ્યારે ૫ લાખનો શેર વધી થાય છે ત્યારે એનું રજીસ્ટર્ડ કરવાનું ફરજિયાત બને છે. ત્યારે એણે માલ ખરીદી કરેલી હોય છે એ ખરીદી ઉપર એને વેટ માફી મળતી નથી. એટલે એના કારણે એને ડબલ ટેક્સેસન થાય છે. એટલે ટેક્સેસનનો સુધારો આપણે લાવ્યા છીએ કે એની પાસે માલ પડેલ હોય તો એ જ્યારે રજીસ્ટર્ડ ડીલર થાય ત્યારે એના ઉપર ટેક્સ બેનીફીટ મળે એ સુધારો લાવ્યા છીએ. આ માત્રને માત્ર નાના ઉદ્યોગો, નાના વેપારીઓને લાભ થાય અને ડબલ ટેક્સેસન ન થાય એનાની એને લાભ આપીએ છીએ. એવી જ રીતે જ્યારે લમ્પસમ ટેક્સ હોય છે એ લમ્પસમ ટેક્સ આજે ૫૦ લાખથી ઉપર ક્રોસ કરે ત્યારે એ રજીસ્ટર્ડ ડીલર બનતો હોય છે અને જ્યારે લમ્પસમ ભાવે માલ ખરીદે છે અને ટેક્સ ભરેલો હોય છે એટલે એને પણ આવું નુકસાન થાય અને એનાથી લાભ મળે એના માટે એવી જોગવાઈ કરીને સુધારો કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી બીજી પણ જોગવાઈ છે કે, આજની તારીખે એક નાની જોગવાઈમાં થોડોક સુધારો કરીને લાવ્યા છીએ કે, A lump sum dealer is not allowed to make inter-state purchase or imports. આજની તારીખમાં લમ્પસમ નથી કરી શકતા પણ એક એવું જજમૅન્ટ આવ્યું છે કે,previous year ની અંદર જો લમ્પસમ ડીલેર માલ ખરીદ્યો હોય તો અહીંયાં ઓછા ભાવે માલ વેચી શકે એટલે એનો અર્થ એ થાય કે, રાજયની બહારથી માર્ચની ૨૦મીએ ખૂબ મોટા પાયા પર કોઈ માલ લેવામાં આવે અને અડધા ટકામાં પહેલી એપ્રિલે વેચે એ previous year ની ખરીદીમાં પણ સુધારો કરીને એકટની એટલે કલેરીટી માટે, લો માટે આમાં સુધારો લાવ્યા છીએ. બીજું વર્કસ કોન્ટ્રાકટ અને ટી.ડી.એસ., ટી.ડી.એસ.નો રેટ અત્યારે ૨ ટકા છે પણ રાજય સરકારની અંદર ઘણા બધા વર્કસ કોન્ટ્રાકટની અંદર ૨ ટકાથી ઓછા રેટ છે અને એના કારણે સિવિલ વર્કસ કોન્ટ્રાકટ હોય તો ૦.૬ ટકા છે એના કારણે બને છે એવું કે, ૨ ટકા કપાય છે અને ૦.૬ ટકા રિફંડ આપવું પડે છે. એટલે રિફંડ આપવું ન પડે એના માટે આપણે જે ટી.ડી.એસ.નો રેટ સરખો રાખીએ તો ઈકવલ ટુ વર્કસ

કોન્ટ્રાકટસ રેટ એવી એક જોગવાઈ કરવામાં આવી છે. જેથી રિફંડની પ્રક્રિયામાંથી કાયમ માટે બહાર નીકળી જઈએ. આના કારણે કોઈ revenue implication થવાના નથી. અને એના કારણે ખાલી એટલો જ ફાયદો થશે કે સરકારની કરવાની કામગીરી બહુ ઘટી જશે. બીજું એક મશીનરીની વ્યાખ્યા, એમાં પણ સ્પષ્ટતા કરીએ છીએ. મશીનરીનું ડેફીનેશનની અંદર જે પ્રોડકશન પરપઝના ગુડઝ બનતા હોય અને મશીનરીનો ઉપયોગ થતો હોય એને આપણે મશીનરીમાં ગણીએ છીએ. આપણે ડોમેસ્ટીક એમ્પલાયન્સીસ લાઈક મિક્સર ગ્રાઈન્ડર આને આપણે મશીનરીની વ્યાખ્યામાં ગણતા નથી એટલે એનો ખુલાસો કરીએ છીએ કે એના કારણે કાલ ઉઠીને કોઈ કવેરીઝ આવે નહીં અને ખોટું અર્થઘટન ના કરવામાં આવે કે જેથી કાલ ઉઠીને પ્રજા હેરાન થાય એટલે એનું પણ પ્લાન્ટ અને મશીનરીની ડેફીનેશન પણ આપણે સ્પષ્ટ કરીએ છીએ. એવી જ રીતથી એક બીજો સુધારો છે એ Fire wood and wood લીમડા, પીપળા, બાવળ અને વડનું લાકડું sold in the form other than fire wood. ફાયરવુડ ઉપર તો આપણે જે પ્રમાણે કાયદાની અંદર જે જોગવાઈ છે એ પ્રમાણે જ રાખીએ છીએ એમાં કોઈ ફેરફાર કરતા નથી અને એ ટેકસફ્રી જ રહેશે પણ એના સિવાય, દા.ત. લીમડા પીપળા અને એ બધું ટીમ્બરમાં ગણાશે,એ વ્યાખ્યા એટલે કાલ ઉઠીને લીમડા, પીપળા અને બાવળનો ખોટી રીતથી ઉપયોગ ના થાય અને આજની તારીખમાં ટીમ્બરવુડ જયારે આવતું હોય ત્યારે ખોટા બિલો બનાવવામાં આવે છે અને આના નામે માલ વેચાય છે એ માલ વેચાવાનું બંધ થાય એટલા માટે એ સ્પષ્ટતા થાય કે ફાયરવુડ અને બાકીની આઈટમો એ ટીમ્બરમાં ગણાય. એ પ્રમાણે વ્યાખ્યા કરવામાં આવી છે. એટલે આ પ્રમાણે વેટના કાયદાની અંદર સુધારા લાવ્યા છીએ અને હું સભ્યશ્રીઓને વિનંતી કરું કે આ વેટના કાયદા વેપારીઓને ખૂબ લાભાર્થી છે તો એને બધાય સ્વીકારી લે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સુધારા વિધેયક લઈને આવ્યા છે. મુખ્ય જયારે અધિનિયમ આવ્યો ત્યારે જે આશય જે ભાવના એને અનુરૂપ આ સુધારા વિધેયક નથી. હું જોતો હતો ઉદ્દેશ અને કારણો. શબ્દો વાપરવામાં આવ્યા છે માનવ સંશોધન વિકાસની માળખાકીય વિકાસની પ્રક્રિયા ઝડપી બનાવવા માટે સરકારની તિજોરીમાં વધારાના નાણાકીય સ્ત્રોત જરૂરી છે. એ સ્ત્રોત કયાંથી ઉભા કરવા? એ સ્ત્રોત ઉભા કરવાના આપના ધોરણો શું? નાણાકીય સ્ત્રોત ઉભા કરવા માટે કહેવાય છે ચાણકયની નીતિએ કે જે તમારો મોટો સોર્સ ઓફ ઈન્કમ જયાં જે ધનપતિઓ પાસે વસ્તુઓ વપરાય છે એના પર ટેકસનું સ્ટ્રકચર તમારું કેવું છે અને સામાન્ય માણસ માટેનું કેવું છે? આપ જે વધારા લઈને આવ્યા છો એ સામાન્ય વધારા નથી. ચાર પૈસાના પાંચ પૈસા આપણે કહીએ, એટલે ચાર ટકા હતા ત્યાં પાંચ ટકા થાય, એકઝીસ્ટીંગ ટેકસ સ્ટ્રકચરમાં પચ્ચીસ પૈસાનો વધારો કરો છો તમે. પચ્ચીસ ટકાનો વધારો થયો. ચારના પાંચ આમ લાગે આપણને કે અમે એક પૈસાનો વધારો કર્યો, એ એક પૈસાનો વધારો નથી. પચ્ચીસ ટકાનો વધારો છે. જ્યાં સાડા બાર હતા ત્યાં અઢી ટકા વધારવાની દરખાસ્ત લઈને આવ્યા છો. વેલ્યુ એડેડ ટેકસ જયારે ઇન્ટ્રોડ્યૂસ કરવામાં આવ્યો ૧૯૯૯માં કેન્દ્રીય નાણામંત્રીશ્રીની અધ્યક્ષતામાં આપણે તમામ રાજયોના મુખ્યમંત્રીશ્રીઓ નાણામંત્રીશ્રીઓના સંમેલનમાં જે રાજયના વેચાણવેરાના કાયદાઓ હતા એના બદલે મૂલ્યવર્ધિત વેલ્યુએડેડ ટેકસ અમલ કરવાનો નિર્ધાર કયો. આની ચર્ચાઓ અગાઉ ૮-૯-૧૦ વર્ષથી ચાલતી હતી. કેટલાક મહારાષ્ટ્ર જેવા રાજયો પણ નિકળ્યા કે જેમણે રાજયનું હિત જોયું, રાજયની જનતાનું હિત જોયું, વેલ્યુ એડેડ ટેકસમાં બેઝીકલી એ વાત સ્વીકારવામાં આવી કેન્દ્ર સરકાર દ્વારાકે આપના જે સેલ્સ ટેક્સના નાણાકીય સ્ત્રોત છે અને આપની આવકો છે એમાં જો ઘટાડો થશે તો એને કેન્દ્ર સરકાર સરભર કરી આપશે. પેટ્રોલિયમ પેદાશોમાં આપણા પેટ્રોલ અને ડિઝલના ભાવો વિશ્વની માર્કેટમાં વધે એ વધારો થતો હોય તો કન્ઝયુમરને કેમ બેનિફીટ આપી શકાય? એમણે પોતાના ટેક્સ સ્ટ્રકચરમાં ખાસ ફાયદો આપ્યો. પોતાની જનતા ઉપર ભારણ ન નાખ્યું. આવકો ઘટવાના આંકડા જ્યારે આવ્યા ત્યારે કેન્દ્ર સરકાર પાસેથી એ નાણાનો લાભ લીધો. આપણે શું કરીએ છીએ? આપણે તો આપણા લોકો પર ટેક્સ વધારે નાખીએ છીએ. આપણે એમને બીજા રાજ્યોની સરખામણીમાં પણ નથી પડતા. હમણાં જ એન્ટ્રી ટેક્સની વાત કરી, જેને આપ વેટ આધારિત રાખવાની વાત કરો છો. આ બિલ અને પહેલું બિલ એક બીજા સાથે ઈન્ટરકનેકટેડ છે. ત્યાં ૨૦ ટકાની વાત કરી પણ આપે કહ્યું કે એ વેટને આધારિત હશે. ત્યારે વેટમાં જો આપનો મિનિમમ એક સ્લેબ નક્કી કરેલો હોય એનાથી નીચે ન જઈ શકો એમ આપ કહેતા હોય અને કોઈક એક રાજ્ય નીચે જાય છે, રાજસ્થાન જેવું તો આપણે એમ કહીએ છીએ કે અમે એની ફરિયાદ કરીશું. આપની ફરિયાદનો નિકાલ વાજબી છે કે નથી, આપની ફરિયાદ વાજબી છે કે નથી અને એમણે કરેલો ઘટાડો એ પાછું ચાર ટકાથી ૧૨.૫ ટકાએ જશે કે નહિ એ વચ્ચેના પિરિયડનું શું? આપે પણ એ વસ્તુઓ સ્ટડી કરીને એની સાથે આપનો વેટ નીચે લાવવો જોઈએ. બહુ સહેલું છે કે અમે અમારે ત્યાં રક્ષણ આપવા માટે અમે જ્યાં ૧૨.૫ ટકા લઈએ છીએ એટલે એન્ટ્રી ટેક્સ પણ ૧૨.૫ ટકા કરી નાખીશું. જેથી જે માણસને ટેક્સના ભારણથી દબાવવું પડે છે એ જેથી બહારનું રાજ્ય લાભ આપતું હોય તો એ પણ ન લઈ શકે. એનો એન્ટ્રી ટેક્સ પણ બરાબર કરી દેશો. શા માટે સિક્કાની બીજી બાજુ, જનતાના હિત માટે છે, ચાલો ત્યાં ૪ ટકા કર્યા છે, મારે અહીંયા રક્ષણ આપવું છે. હું અહીંયા પણ ૪ ટકા કરી આપીશ. હું ૧૨.૫ ટકા નહીં લઉં. મારે એન્ટ્રી ટેક્સનું ભારણ નાખવાની જરૂર નથી. મારે વેટને નીચે લઈ આવવો છે જેથી બહારના રાજ્યમાંથી માલ લાવીને મારી નાણાંની તિજોરી ઉપર અસર ન પડે. ટેક્સ વધવાથી આવક વધે એવું કોઈ કારણ નથી. માનનીય બાબુભાઈ કહેતા હતા એ રીતે નાણા વિભાગના શાણપણભર્યા નિર્ણયો થયા હોય ભૂતકાળમાં અને ટેક્સ ઘટે અને આવકો વધે આવું પણ બને છે. કારણ કે એના

કારણે ચોરીનું પ્રમાણ ઘટે છે. એના કારણે બીજા રાજ્યોમાં માત્ર એક પાટિયું રાખીને જે કામ કરવામાં આવે છે ત્યારે પરિસ્થિતિ એવી થાય કે આપનું રાજસ્થાન, દીવ, દમણ કે મહારાષ્ટ્ર કે મધ્યપ્રદેશની બોર્ડર ઉપર શું થાય છે? વેટ આપણો વધારે હશે અને ત્યાં વેટ ઓછો હશે એટલે પહોંચેલા લોકો છે એ એમને માત્ર એક દેખાવ પૂરતી ઑફિસ આપણી બૉર્ડરની બહાર ખોલશે. અહીંથી માત્ર માલ બહાર જાય છે એ કાગળ ઉપર જાય છે. આપ એને રોકી શકતા નથી. એ માલ ત્યાં ગયા પછી ત્યાંથી વેચાણ થાય છે અને વેચાણ થઈને પાછો આપણા રાજ્યમાં આવે છે અને આપના વેટમાં ઠેંગા સિવાય કશું મળે નહિ. કારણ કે આપણા રાજયમાં વેચાણ થયું નથી. વેચાણ બહાર થયું છે અને તંત્રમાં એવી ગોઠવણ ચાલે છે કે માત્ર બિલીંગ ત્યાં થાય છે. ફિઝિકલી માલ ટ્રાન્સપૉર્ટ થતો જ નથી. આપ જોશો તો આપના આઇસ્ક્રીમમાં, આપની અનેક આઇટમોમાં એમની ઑફિસો હશે એ આપણી બૉર્ડર બહાર હશે. બિલ ત્યાંથી ફાટશે. માલ physicaly transfer નહિ થાય અને છતાંય એને પકડવું અને રોકવું આપના માટે મુશ્કેલ બનશે. આપ ટેકસ વધારે જશો કે નાણાકીય સ્ત્રોતની વધારે જરૂરિયાત છે અને એ આપનો નાણાકીય સ્ત્રોત વધારવાના કારણ વધારેલો ટેકસ છે એનો માર નાના માણસને પડશે કારણ કે એને પોષાશે નહિ. એનું transaction એવડું મોટું નથી કે બહાર સુધી લઈ જઈ શકે યા આ વહીવટ કરી શકે, પણ પેલો મોટો વેપારી છે એ આપણા સ્ટેજના ૧૨.૫ ટકા કે ૧૫ ટકાના બદલે ત્યાં ૪ ટકા ભરશે. એટલે ૪ ટકાનો ફાયદો પણ બીજા રાજ્યોને થશે. આપ આપના ૧૨.૫ ટકા અને ૧૫ ટકા લેવાની લાલચમાં ૪ ટકા ગુમાવો છો. એના બદલે આપ ટેકસ ૪ ટકા રાખો જે બીજા રાજ્યોએ રાખ્યો છે, એની બરાબરી કરીને આપ ટેકસ રાખશો, એનો અભ્યાસ કરીને રાખશો. અરે બીજાને ફરિયાદનો મોકો આપોને કે ગુજરાત લેવલ કરતાં ઓછો ટેકસ નાખે છે. valu added taxની condition ને violate કરે છે. ચાલો ટેકસનો વધારે ફાયદો તમે ગુજરાતીઓને આપી દીધો છે. બીજા રાજ્યો ફરિયાદ કરે, ઓહો આ તો નંબર વન છે. ટેકસ બહુ ઘટાડી દીધો. એના બદલે આપણે ઉંધું કરીએ છીએ કે રાજસ્થાન જેવું રાજ્ય, આપના પક્ષની સરકારવાળું રાજ્ય એ ૪ ટકા કરી દે છે અને આપણે સહેજ પણ ટસમસ થવા માગતાં નથી. time being તો થઈ જાય, આપ સાચા છો હું માની હું માની લઉં. આપ એને રોકીના શકો ત્યાં સુધી તો આપનો ટેકસ એટલા પુરતો ૪ ટકા કરી દો. જ્યારે રાજસ્થાનમાંથી આપની જીત થાય અને આપે એને ૪ ટકાથી ૧૨.૫ ટકાએ લઈ જાય એ દિવસે આપણે ૧૨.૫ ટકાએ લઈ જઈશું. આજે શા માટે? અને ખાસ કરીને જ્યાં આપ ૪ ટકાના ૫ ટકા કરો છો એ ૨૫ ટકાનો વધારો કરો છો ત્યાં કોણ વાપરનાર માણસ છે?

માનનીય અધ્યક્ષશ્રી, શ્રીમંતે અસર થાય અને ગરીબને અસર ના થાય એવો Tax structure નથી આપના. આપનો આ વધારો એ એક દંડે બધાને ફટકારવા માટેનો છે. સામાન્ય માણસ જે છે, આપ જે જોગવાઈઓ કરવા માગો છો, હું આવકારું S.E.Z. થાય. આપનો S.E.Z. માટેનો પ્રેમ ઉભરાય બધી જ વાત સાચી, પણ એની એક મર્યાદા કેન્દ્ર સરકાર પણ સમજે છે. કેટલાક રાજ્યોમાં તો S.E.Z. સામે ઘણાં બધા problems અને આંદોલનો ચાલે છે. આપણે વિકાસને માનનારા ગુજરાતીઓ છીએ. આંદોલનથી, નુકસાનકારક પદ્ધતિથી દૂર રહેનારા ગુજરાતીઓ છીએ. આપણો ઔદ્યોગિક વિકાસ એનું એક કારણ એ પણ છે કે બીજે જે મજૂર આંદોલન થઈને જે ઉદ્યોગપતિઓ ઉપર દબાણ ઊભું થાય છે. આપણો મજૂરભાઈ, મહેનતકસભાઈ એ સામાન્ય રીતે નુકસાસનકારક એવા આંદોલનો નથી કરતો કે જેથી ઉદ્યોગકાર ગુજરાતમાં આવતો ડરે. પરંતુ S.E.Z. જે આપના થાય છે એમાં આપનો પ્રેમ જે છે એ વિકાસ માટેનો હોય, માનનીય મંત્રીશ્રી જરૂર સૌનો હોય. પરંતુ એમાં જ્યાં જયાં Red Singles છે એને આપે ઓળખવા પડશે. કદાચ આ મૂઠ્ઠીભર લોકોની વાત આપણી પાસે આવે એને પ્રાધાન્ય મળી જાય. એમનો અવાજ એ ધનપતિઓનો અવાજ છે એટલે સરકારના કાન ઉપર પછડાય એટલું જ નહિ એ સરકારના કાનમાંથી સરકારના મગજમાં પસાર થઈને પેન પર આવે કે ફાયદો આપી દો કારણ કે એ ધનપતિનો અવાજ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે બિલમાં Propasal લઈને આવ્યા છીએ આપણે અત્યારે S.E.Z.માં Infrastructure માટે જે વસ્તુ જાય છે એના ઉપર આપનો VAT લાગે છે. આપ એ પૈસા લઈ લો છો. આપની તિજોરીમાં નાણા આવે છે એ પછી એ set off માટે આપની પાસે આવે છે. આપની ચકાસણી કર્યા પછી આપ એને પૈસા પાછા આપો છો. વગર વ્યાજના વાપરવા પૈસા મળે છે એ રાખોને પાછા દેવાની શું ઉતાવળ છે? આપની પાસે પૈસા આવે છે. આપ કહો છો સરળીકરણ કરવું છે. ઘણા એવા રસ્તા સરળીકરણના જરૂરી છે જે નાના વેપારીને ઉપયોગી છે. આ લોકો માટે બહુ સરળીકરણમાં એસ.ઈ.ઝેડવાળા માટે પડવાની જરૂર નથી. એક તો નાણા આપણી પાસે રહેવાના. ચકાસણી વ્યાજબી થવાની. માણસ ખોટું કરવા પ્રેરાય નહીં એના માટેનું અત્યારે પ્રાવધાન છે. હું એસ.ઈ.ઝેડમાં કંઈ ડેવલપમેન્ટ કરતો હોઉં અને માલ ખરીદતો હોઉં તો મને સીધો ફાયદો નથી મળતો. I will have to pay value added tax and than I will have to prove that કે મેં જે માલ લીધો છે એ મેં એસ.ઈ.ઝેડમાં જ વાપર્યો છે. આપની ચકાસણીમાં હું પાર ઉતરું એ પછી મને આપ પૈસા પાછા આપો છો. એના બદલે આપ શું કરવા જઈ રહયા છો. મુળમાંથી જ અમે નહીં લઈએ. તો શું આના કારણે આપના તંત્રનું સરળીકરણ થશે ખરું? એનો જવાબ છે ના અને જવાબ ના એટલા માટે છે કે હું એમ કહીશ કે હું આ વસ્તુ મારા એસ.ઈ.ઝેડના ડેવલપમેન્ટમાં વાપરું છું અને હું લઈશ એ જો હું ટેક્સ ફ્રી લઈશ તો આપે એની ચકાસણી નહીં કરવી પડે? આપના તંત્રએ એની ચકાસણી તો કરવી જ પડશે અને એ ચકાસણી કરવાની વાતની વચ્ચે એક temptation ઉભું થશે. મારે મારા ઘરની ઉપયોગી વસ્તુઓ જોઈએ છે એમાં મને સાડાબાર અને હવે વધારેલા અઢી

એટલે પંદર અને ચાર અને હવે વધારેલો એક એમ પાંચટકા જો મારે વધારેલો વેલ્યુએડેડ ટેક્સ ભરવાનો હોય અને એની ચોરી પ્રારંભમાં જ થઈ શકતી હોય તો હું શરૂઆતમાં એ ચોરી કરવા માટે પ્રેરાવાનો કારણકે શરૂઆતથી જ મને આપ માફી આપો છો. પેલામાં તો પહેલા મારા પૈસા રોકાય છે અને મારે મારી જાતને પ્રુવ કરવાની છે કે હા આ વેલ્યુએડેડ ટેક્સ મેં ભર્યો છે પણ આ માલ જે છે એ મેં એસ.ઈ.ઝેડમાં જ વાપર્યો છે. મને લાગે છે કે આ જે પ્રોવિઝન છે એ કોના કહેવાથી, કેમ, કેવી રીતે આવ્યું છે એ મને ખબર નથી. પરંતુ માનનીય મંત્રીશ્રીને આપની મારફત વિનંતી કરવા માગું છું કે આમાં ઉતાવળ કરવા જેવું નથી આપ આ બાબતોમાં વધારે હજી ઉંડા ઉતરજો અને કદાચ એસ.ઈ.ઝેડવાળાના નાણા વેલ્યુએડેડ ટેક્સમાં આપને વગર વ્યાજે વાપરવા મળે છે. ચકાસ્યા પછી પાછા આપવાના થાય છે તો એના માટે આટલી બધી ઉદારતા દેખાડીને બેઈઝમાંથી, મુળમાંથી એને માફી આપવાની વાત છે એ નાણાકીય સ્ત્રોતના આપના ઉદ્દેશો અને કારણો, આપના objects and reasons થી વિપરીત પરિસ્થિતિ છે. આપને વચગાળામાં પણ આપની તિજોરીમાં પૈસા આવે એમાં આપણને શું વાંધો છે? એમને પ્રુવ કરવું અઘરું પડશે અને એ પડે છે કારણકે એમાં અત્યારની આપણી વ્યવસ્થામાં એસ.ઈ.ઝેડના નામે ટેકસની ચોરી કરવી એ સહેલું નથી. પહેલા તો એમણે ભરવા જ પડે અને પછી સેટ ઓફ લેવા આવવું પડે એટલે આ બાબતમાં માનનીય મંત્રીશ્રી પહેલા વિચાર કરે. આપ જે ટેકસનું ભારણ વધારો છો એ ટેકસનું ભારણ વધવાથી આપના જે અંદાજો છે એમાં આપ ૮૦૦કરોડ રૂપિયા કહો છો. આપ અત્યારે નાણાકીય સ્ત્રોતો વધારવા માટે વેલ્યુએડેડ ટેકસમાં વધારાની વાત કરો છો. આપનો બેઈઝ એ છે કે માનનીય નાણામંત્રીશ્રીએ એમના પ્રવચનમાં કહયું કે વિકાસ માટે આપને ૮૦૦કરોડ રૂપિયા વધારાની જરૂર છે. એ ૮૦૦કરોડ રૂપિયા વધારાના આપ કયાંથી લાવવાના છો? આપ ચાર ટકાના પાંચ ટકા કરશો, આપ સાડાબાર ટકાના પંદર ટકા કરશો અને આપનો અંદાજ એવો છે કે આપને ૮૦૦કરોડ રૂપિયા વધારે મળશે.આપે જ્યારે અહિયા એ પ્રવચન રજૂ કર્યુ ત્યારે કેન્દ્ર સરકારમાં બજેટ રજૂ થયું નહોતું. આપે એક અંદાજ મૂકવો પડે. આપની જગ્યાએ કોઈપણ માણસ હોય તો એને અંદાજ મૂકવો પડે. કેન્દ્ર સરકારનું બજેટ રજૂ ન થયું હોય ત્યાં સુધી કેન્દ્રનો હિસ્સો રાજ્યને કેટલો મળશે, એનો માત્ર અંદાજ આપની પાસે હોય. આપનું બજેટ રજૂ થયા પછી કેન્દ્ર સરકારનું બજેટ રજૂ થયું. આપનો અંદાજવામાં આવેલો આંકડો અને કેન્દ્ર સરકારે આપને આપવાનો આંકડો એ બંનેનો સાચો ફિગર એ બજેટ રજૂ થયા પછી આપને મળ્યો. આપે કેન્દ્ર સરકાર પાસેથી જે આવક અપેક્ષિત રાખી હતી, એના કરતાં ૬૨૫ કરોડ રૂપિયા ગુજરાત રાજયને કેન્દ્રના હિસ્સાના વધારે મળવાના છે. આપે અંદાજ કરેલ હતો, એના કરતા વધારે એ ફિગર આજે અવેઈલેબલ છે. આપના પર્ફોર્મન્સના ૨૦૦ કરોડ રૂપિયા બીજા આવી શકે તેમ છે, એટલે ઓવર ઑલ આપની જે અપેક્ષિત આવક હતી, એના કરતા ૮૨૫ કરોડ રૂપિયા વધારે મળવાના છે. માત્ર બેની વચ્ચે, નાણા મંત્રીશ્રીએ રજૂ કરેલ બજેટનો અંદાજ, એમની કેન્દ્ર પાસેથી અપેક્ષિત આવક એ પછી કેન્દ્ર સરકારનું બજેટ રજૂ થયું, એમાં ગુજરાતને મળવાની હિસ્સાની ખરેખર આવક અને એ બંનેની કમ્પેર કરીએ તો આપને ૮૨૫ કરોડ વધારે મળે છે. આપનો અંદાજ એમ છે કે અમારા આ કામથી ૪ ટકાના ૫ ટકા અને ૧૨.૫ ટકાના ૧૫ ટકા કરવાથી અમને ૮૦૦ કરોડ રૂપિયા વધારે જોઈએ છીએ અને આ આનાથી મળવાના છે. જે દિવસે કહ્યું ત્યારે નહોતા ધારેલા એવા ૮૨૫ કરોડ જો વધવાના હોય તો હવે શા માટે વધારો છો ટેક્સ? એનાં બે કારણો હોઈ શકે? કાં તો આપણી પહેલેથી જે અન્ડરસ્ટેન્ડિંગ હતી કે આપણે બજેટમાં એમ કહીએ છીએ કે હવે અમે માત્ર ૮૦૦ કરોડના નવા કરવેરા નાખીએ છીએ. હકીકતમાં ૮૦૦ કરોડ નથી થતા. આ વધારે રૂપિયા થાય છે અને આ વધારે રૂપિયા જે થાય છે, તે સીધા બતાવવા નથી. આપણે સીધા નથી બતાવવા કે અમે ટેક્સ ગુજરાતની જનતા ઉપર બહુ મોટો નાખ્યો છે. આપણો અંદાજ ૮૦૦ કરોડનો બતાવો છો. At the end of the year, and you take it from me, કે ૮૦૦ કરોડનો આ કરબોજ નથી. હું આવતા વર્ષે આ જ ગૃહમાં બજેટના પ્રવચન વખતે આંકડા બતાવીને કહીશ કે આપના આ વધારાના કારણે આ વેલ્યુ એડેડે ટેક્સની આવક એ આપની ૮૦૦ કરોડ નહિ, પણ અનેકગણી વધારે આવવાની છે. આપનો જે કરબોજ છે એ વધારે આપ નાખો છો અને વધારે ન નાખતા હોય તો મે કહ્યું તેમ ૮૨૫ કરોડ રૂપિયા વધારે મળે છે, તો પછી આ નાખવાની જરૂર જ નથી. એ દ્રષ્ટિથી આને મૂલવો. આપની નાણાકીય જવાબદારીથી મુખ્ય જવાબદારી એ છે કે to build the bridge between the haves and have nots- જેની પાસે ખૂબ છે અને જેની પાસે કાંઈ નથી. આ બે વચ્ચે સેતુ બનાવવાનું કામ એ આપનું કામ છે. આનાથી શું થશે? There will be a big gap between the haves and have nots. આપ એસ.ઈ.ઝેડ ને માટે ઉદારતા રાખો, એનો મારો વિરોધ ન હોઈ શકે. વિકાસની જરૂરિયાત છે, પરંતુ આપણા ઈન્ફ્રાસ્ટ્રકચર, આપણા રિસોર્સિસ એ યુટિલાઈઝ થાય, એના સામે આપણું શું? આપણી ગુજરાતની જનતાનું શું? આપણા ગુજરાતના વિકાસનું શું? આપની મારફત માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે આજે ઘણા દેશો એવા છે કે જે મોટું આર્થિક નુકસાન ભોગવે છે, પરંતુ અમૂક પ્રકારની પ્રોડકટ એમને ત્યાં નથી થવા દેતા. એ બહારના દેશમાં અવિકસિત દેશમાં અને વિકાસશીલ દેશોમાં મોકલે છે, કે તમારા એસ.ઈ.ઝેડમાં બનાવો અને અમારા દેશમાં અમે પાછી લાવીશું. અમારે ત્યાં આ પ્રોડકટ અમારે નથી કરવી. કારણકે તે પ્રોડકશન દરમ્યાન જે એન્વાયરમેન્ટને નુકસાન જાય છે, જે રિસોર્સીસને નુકસાન જાય છે, એ એટલું બધુ આગામી દિવસોમાં ખરાબ હોય છે કે પોતાના દેશની ચિંતા એ વિકસિત દેશને છે એટલે એ નથી કરતા. We are developing country. આપણે અમૂક રીસ્ક લેવા પટે અને એટલા માટે કેટલાક જોખમ હોવા છતાં આપણે તે વસ્તુ કરીએ છીએ અહીંયાં. જે કેમિકલ્સ બીજે નથી થતા તે આપણે ત્યાં કરવા પડે

છે. આપણા જોખમના ભોગે કરવા પડે છે. પણ તે જોખમ અને રાજય સરકારનો ફાયદો તેના વચ્ચે કંઈક બેલેન્સ તો આપણે કરવું પડશે. તે બેલેન્સ અહીંયાં જે આપ વાત લઈને આવ્યા છે તેમાં ક્યાંક તૂટે છે અને તે જોવાનું કામ કારણકે આપ અત્યારે જો વેલ્યુ એડેડ ટેક્સ તેનો લઈ લો છો તો એટલીસ્ટ થોડા મહિના માટે વાપરો છો, આપનો ચેક તો તેના પર પ્રોપર છે. કારણકે એક વખત પૈસા ભરી દેવા પડે છે એસ.ઈ.ઝેડ માટે વપરાતી વસ્તુઓના પણ. તે સંજોગોમાં હું માનું છું કે માનનીય નાણા મંત્રીશ્રીની જે જાહેરાતો રાહતો આપવાની બાબતમાં હોવી જોઈએ તેમાં ઉદારતા દાખવે, બીજા કોઈ રાજયોએ આ પ્રકારના વેલ્યુ એડેડ ટેક્સમાં વધારા કરવાનું ટાળ્યું છે અને આપ સ્ટડી કરજો. દેશમાં વેલ્યુ એડેડ ટેક્સ આવ્યો તે માટે એક સ્લેબ નક્કી થયો છે કે ઓછામાં ઓછા આટલા દર રાખવા પડે અને મીનીમમ અને તે દર રાખ્યા પછી જો આપણી એકસપેકટેડ સેલ્સ ટેક્સની આવકમાં ઘ ટાડો થાય તો કેન્દ્રે ભરપાઈ કરવાના હતા. તે એશ્યોરન્સના કારણે વેલ્યુ એડેડ ટેક્સ જે બેઈઝ નક્કી થયો છે તેનાથી ઉપર ઉઠવાનું કામ અય રાજયો નથી કરતા. આપે કહ્યું એમ કેટલાક રાજયો તો એ બેઈઝથી નીચે ઉતરવાનું કામ કરે છે. સાડા બાર ટકા રાખવા જોઈએ છતાં કહે છે કે અમે ચાર ટકા રાખીશું અને આપને ફરિયાદનો મોકો આપે છે કે જાઓ તમે ફરિયાદ કરવી હોય તો કરજો અમારે સાડાબાર ટકા નથી રાખવા અમારે ચાર ટકા રાખવા છે. અમારે અમારા રાજયની જનતાની પાસેથી ઓછો કર લેવો છે.આપ જાઓ ફરિયાદ કરજો. આપણે શું કરીએ છીએ. બીજા રાજયો મેં સ્ટ્રકચર વેલ્યુ એડેડ ટેક્સના જોયા છે. સાડાબાર ટકા અને ચાર ટકાની સૂચી છે એમાં વધવાનો પ્રયત્ન કેટલા રાજયોએ કર્યો. નાણામંત્રીશ્રી કદાચ એનો અભ્યાસ કરશે તો એમને પણ લાગશે કે ના કોઈ રાજયો એમાં આપણા શાસિત રાજયો પણ છે, કૉન્ગ્રેસ શાસિત રાજયો પણ છે. વેલ્યુ એડેડ ટેક્સ જે છે એનું જે મીનીમમ બેઈઝ છે તે મીનીમમ કરતાં અડધો ટકો પણ વધારે ટેક્સ નથી રાખ્યો. આપણે શાના માટે આ કરીએ છીએ. એટલા માટે હજી પુન:વિચારણા કરવામાં આવે અને વેલ્યુ એડેડ ટેક્સમાં વધારો ન કરવામાં આવે જે બેઈઝ જ્યારે આપે ૨૦૦૩માં મુખ્ય વિધેયક રજૂ કર્યુ તે મુખ્ય વિધેયક રજૂ કરતી વખતે આપણે જે એશ્યોરન્સ આપેલું હતું વેપારી મહામંડળોને, આપે જે પબ્લિકને એશ્યોરન્સ આપેલું હતું, આપ આપનું પ્રવચન ૨૦૦૩નું, આપ આપના કમિટમૅન્ટ, આપ આપની પ્રેસ કોન્ફરન્સો એ આપ વાંચી લેજો. મેં આપના શબ્દો વાંચી લીધા છે. તે શબ્દોમાં આપે આપેલા એશ્યોરન્સમાં પણ આ મીનીમમ ટેક્સ સ્ટ્રકચરથી ઉપર નહીં વધીએ તેવી વાતો આપે કરી છે. ત્યારે તે સંજોગોમાં વેલ્યુ એડેડ ટેક્સમાં જે વધારો કરવામાં આવે છે તે કોઈ સંજોગોમાં સ્વીકારી શકાય નહીં તેવો વધારો છે. એસ.ઈ.ઝેડને મૂળમાંથી ફાયદો આપવાને બદલે આપણી પાસે પૈસા આવે અને આપણે ચકાસણી કરીએ તે વાત વ્યાજબી છે તેને ચાલુ રાખવી જોઈએ. પૅટ્રોલિયમ પ્રોડકટસ અને બીજી બાબતોમાં જેટલી રાહતો હજુ વધારે આપી શકાય તેને આપવી જોઈએ. બહારના રાજયોમાંથી આવતી વસ્તુઓ ઉપર આપ એન્ટ્રી ટેક્સ નાખીને અહીંયાં બરોબરી કરવા માગો છો એના બદલે આપનો વેલ્યુ એડેડ ટેક્સ ઘટાડો કે જેથી બહારથી આવતી વસ્તુઓ છે એ વસ્તુઓ આપણા ઉદ્યોગકારોને નુકસાન ના કરે. આપે ઊંધું કર્યુ છે કે અમારો વેલ્યુ એડેડ ટેક્સ વધારી દઈશું અને સાડા બાર ટકાના પંદર ટકા કરીએ અને અમારો મારબલવાળો કારીગર છે એ પંદર ટકા ભરીને મારબલ વેચતો હોય અને રાજસ્થાનમાંથી ચાર ટકામાં કોટાસ્ટોન કે મારબલ હોય, હું મારબલને બદલે વધારે ચિંતિત કોટાસ્ટોન માટે છું કે જે સામાન્ય માણસની વપરાશની વસ્તુ છે અને આપ તો સંસ્કૃતિની વાત કરતા હોવ તો મારબલ તો મોટા ભાગે મંદિરોમાં વપરાય છે એ જો રાજસ્થાનથી ચાર ટકાએ આવતો હોય અને આપણે ત્યાં પંદર ટકા હોય તો આપણે આપણા માણસને રક્ષણ આપવા સસ્તો વેચે એને અમે મોંઘો કરી દઈશું એ નીતિના બદલે વેલ્યુ એડેડ ટેક્સ ઘટાડો અને એ કરભારણ આપણું અહીંયાં વેલ્યુ એડેડ ટેક્સનું ઘટાડો એટલે પેલો એન્ટ્રિટેકસ નહીં નાખવો પડે, આપણા વ્યકિતને એ રીતે રક્ષણ આપો કે જેથી સામાન્ય માણસને સસ્તી વસ્તુ મળે એટલું જ નહીં પણ આપણી આવક એનાથી વધશે, આપ લખી રાખજો, આપ અખતરો કરી જુઓ, માનનીય બાબુભાઈ કહેતા હતા એ એમનો અનુભવ છે, સરકારના નાણા ખાતાનો અનુભવ છે, ટેક્સ ઘટે અને આવક વધે, એ રીતે ટેક્સ ઘટે એટલે ચોરી ઘ ટશે, બહારના રાજયોમાંથી લાવવાની વસ્તુઓમાં પણ ઘટશે અને પ્રુડેન્ટ માણસ હશે એ પછી એ પેલામાં નહીં પડે, ટેક્સની ચોરીની બાબતમાં કે બીજા માર્ગે બહારના રાજયોમાં વેચાણ થયું છે અને આપણો સેલ્સ ટેક્સ જાય એવું ન થાય માટે વેલ્યુ એડેડ ટેક્સમાં આપ જ્યાં જેટલું નીચે ઊતરી શકાય ત્યાં નીચે ઊતરવાના બદલે ઉપર ચડવાનો જે પ્રયત્ન કરો છો જે દેશના બીજા રાજયો નથી કરતા, સાડા બાર ટકાને ચાર ટકાથી ઉપર જવાનો કોઈ રાજયએ પ્રયત્ન નથી કર્યો ત્યારે આ પ્રયત્ન એ ખાસ કરીને ગુજરાતની સાડા પાંચ કરોડની જનતાને માટે નુકસાનકારક સાબિત થઈ રહ્યો છે અને એટલા માટે આ વિધેયકનો હું વિરોધ કરીને વિરમું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, વેટનું જે સુધારા વિધેયક માનનીય નાણા મંત્રીશ્રી લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતા પ્રવચન કરતા હતા એ વખતે એમણે સામેની બૅન્ચને એમની જૂની ખાતરીઓ અને ભાષણો એ બધા યાદ કરાવ્યા અને કહ્યું કે તમે આ પ્રકારનાં વચનો આપ્યાં હતાં એમાં આટલો ફેરફાર થયો છે અને એનાથી લોકો દુ:ખી થાય છે પણ પાંચ વર્ષના ગાળા પછી માનનીય શકિતસિંહ આવ્યા એટલે બહારના પ્રવચન નહીં પણ જે અહીયાં પ્રવચનો થયાં છે અને ખાતરીઓ અપાઈ છે એ ખાતરીઓનું પાલન થયું નથી એવી એક નવી સંસ્કૃત્તિ વિકસી છે કારણકે વેટ જ્યારે દાખલ થયો અને એ વખતે કેન્દ્રમાં એ જ સરકાર હતી એ સરકારના નાણા મંત્રીશ્રી યશવંતસિંહાના અધ્યક્ષપદ નીચે અનેક મીટિંગો થઈ, એમપાવર કમિટી

બની અને તમામ રાજયોને એ વેટનો અમલ કરવાનું સ્વકાર્યુ, એ વખતે નાણાં મંત્રીશ્રી વેટ અમલ કરવા માટેનું વિધેયક પણ લાવ્યા હતા અને કહ્યું કે અમે આ વેટ છે એ રાજયના હિતમાં છે આપણું પ્રોગ્રેસિવ રાજય છે અને એને કારણે આપણે વેટ દાખલ કરીએ છીએ અને ત્યારે થોડું રિઝર્વેશન કર્યુ હતું કે ભાઈ, વેપારીઓને વિશ્વાસમાં લઈને કરવું જોઈએ અને છતાં વેટનું બિલ પાસ થઈ ગયું, આપણને એમ કે હવે વેટ આવવાનો અને રાજયની આવક વધવાની પણ કેન્દ્રમાં સરકાર બદલાઈ અને સરકાર બદલાય એટલે બધાં વચનો ભુલાઈ ગયાં. અને ત્યાં ભારતીય જનતા પાર્ટીના રૂલિંગ જે સ્ટેટ હતા એ બધાએ નક્કી કર્યું કે, આપણે વેટમાં જોડાવું નથી. એટલે આપણો પણ જે અવાજ હતો એ બદલાઈ ગયો અને કહ્યું કે અમે વેટ દાખલ કરવાના નથી અને બે વર્ષ સુધી વેટ મોડું દાખલ કર્યું. એટલા માટે કે વેટના નામે ત્યાં રાજકારણ કરવું હતું અને એ રાજકારણમાં ગુજરાતની પ્રજાને કેટલું નુકસાન થયું? પહેલે જ વર્ષે નવ હજાર કરોડની જે આવક હતી વેટની એમાંથી સાડા બાર હજાર કરોડ થઈ, એ જો આગળના બે વર્ષ આપણે કર્યું હોત તો સાડા છ હજાર કરોડ આપણને વધારે મળ્યા હોત. એટલે એક દિવસ એમ કહેવું વેટ સારું છે અને બીજે દિવસે એમ કહેવું કે વેટ બરોબર નથી અને હવે એમ કહેવું કે વેટ બરોબર છે. આ બિલ લઈ આવવાનું કારણ પણ એવું હતું કે, ઓકટ્રોયની મહાનગરોમાંથી નાબૂદી કરવી છે. દસ વર્ષથી વચનો આપતા હતા અનેક ચૂંટણીઓમાં જાય ત્યારે એમ કહે કે અમે ઓકટ્રોય નાબૂદ કરી દેવાના છીએ એટલે મત આપો. વિધાનસભામાં આવે એટલે એમ કહે  કે વિકલ્પ મળી જાય એ પછી અમે ઓકટ્રોય નાબૂદ કરીશું. અને ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ બહાર નીકળીને એમ કહે કે, આપણી ઓકટ્રોય છે એ મહાનગરોની મોટી આવક છે, ૧૮૦૦ કરોડ રૂપિયા છે. વિકાસ કરવો છે એટલે અમે ઓકટ્રોય નાબૂદ કરવાના નથી. (અંતરાય) પણ માનનીય અધ્યક્ષશ્રી, આ વેટની અને ઓકટ્રોયની ચર્ચા છે માનનીય જયંતીભાઈ, એટલે જ્યારે વેપારીઓ એના પગ તળેથી જાજમ ખેંચી લે ત્યારે જાહેરાત કરે કે અમે ઓકટ્રોય નાબૂદ કરીશું.  પણ ક્યારે? જાહેરાત કર્યા પછીના છ મહિને ઇલૅક્શન પહેલા એક મહિના પહેલા, નવૅમ્બર મહિનામાં. શા માટે કે ત્યાં સુધી પેલો માણસ પાણી માગતો હોય અને તરસ્યો હોય એની તરસની ક્રેવિંગ છે એ વધી જાય અને એટલી બધી વધી જાય કે એને અહેસાસ થાય કે પાણી પિવડાવ્યું છે. એટલે છ મહિના સુધી રાહ જોવડાવી ઇલૅક્શન પહેલા એક મહિના પહેલા પાંચમી નવૅમ્બરે એનો અમલ થાય. જાહેરાત એવી થાય કે અમે એના બદલામાં કોઈ વૈકલ્પિક કરની વ્યવસ્થા નહીં કરીએ. મારે માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત પૂછવું છે. આપને કદાચ એવું હશે કે હું વિષયાન્તર કરું છું પણ હું વિષયાંતર નથી કરતો આ હું એટલા માટે કહું છું કે, જાહેરાત એવી થાય કે અમે કોઈ વૈકલ્પિક આવક ઉભી નહીં કરીએ, કરનું ભારણ નહીં નાંખીએ. પણ પેલા ૧૮૦૦ કરોડ હતા અને આ ઓકટ્રોયના બદલામાં કહ્યું નથી કે અમે વૈકલ્પિક આવક માટેની આ વ્યવસ્થા કરી રહ્યા છીએ. એમ કહ્યું, માનનીય નાણામંત્રીશ્રીએ, માનનીય નાણામંત્રી છે એ તો બહુ હોંશિયાર મંત્રી છે. પહેલું પ્રવચન હતું એટલે વેપારીઓને પણ ખબર ન પડી કે ચાર પૈસાના પાંચ પૈસા કર્યા અને  આઠ પૈસા હતા અને સાડા બાર પૈસા હતા એમાં માત્ર અઢી પૈસા જ વધાર્યા છે એટલે કંઈ આવક વધારી નથી. ૮૮૦ કરોડ જ. કશું આપણે ભારણ નથી મૂક્યું કોઈ ટેક્સ વગરનું બહુ સારું બજેટ છે. એટલે ચાર પૈસાના પાંચ પૈસા કર્યા એનો હિસાબ કર્યો ત્યારે ખબર પડી વેપારીઓને કે આ તો પચ્ચીસ ટકાનું ભારણ. જે ટેક્સ ભરતી હતી ગુજરાતની પ્રજા એના કરતા પચ્ચીસ ટકા વધારે ટેક્સ ભરવો પડશે. અને બીજે દિવસે માનનીય જયનારાયણભાઈએ વાત કરી કે નાણા મંત્રીશ્રીનું કામ તો ભ્રમર જેવું છે. ભમરા જેવું છે ભમરાની વાત હવે મારે રિપિટ નથી કરવી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આ બધું જ તમે નાણા વિભાગની ચર્ચામાં તો બોલી જ ગયા છો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ના સાહેબ, હું આ નથી બોલ્યો. ભમરાની વાત કરી હતી પણ તે દિવસે તો એક જ (અંતરાય)  પોપટનો અર્થ તો જુદો કરો છો, પોપટ તો અંતરાત્માની વાત છે, મારો પોપટ તો તમારા બધાનો અંતરાત્મા છે એટલે મને એની વ્યાખ્યા ન કરાવો.

**અધ્યક્ષશ્રી** : ફકીરભાઈ, અર્જુનભાઈ પોપટનો પેટન્ટ લઈ લે એ પહેલાં તમારે કંઈ કહેવું હોય તો કહો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અહીંયા અંતરાત્મા જેવું કંઈ રહ્યું નથી એટલે મારે કંઈ કહેવું નથી. મેં તો અંતરાત્માની વાત કરી હતી,

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ પોપટનો પેટન્ટ લઈ લે એ પહેલાં જેટલીવાર જેટલું બોલવું હોય એટલું બોલી લો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે તો મને એમ હતું કે, માનનીય નાણામંત્રીશ્રી, 'ભમરા' તો હું નહિ કહું કારણકે ભમરા તો બહુ હિંસક હોય છે. વજુભાઈ એવા નથી. ભમરા બહુ જ હિંસક હોય છે.

**અધ્યક્ષશ્રી** : આ કહેવાઈ ગયું છે એટલા માટે આપને રિપિટ કરવાનું ના કહું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એટલા માટે કે એકાદ વખત જો ભમરાએ દંશ દીધો હોતને તો વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : બિલની ચર્ચામાં અર્જુનભાઈ પુનરોકિત બહુ ઓછી થાય તો વધારે સારું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આજે જે બિલો લઈ આવ્યા છે એમાં આ નાણાંમંત્રીએ છૂટો કરેલો ભમરો છે, એ કેટલી વખત કરડેલો છે એ આપણે જોઈએ તો ખ્યાલ આવે.  આજે ત્રણ બિલો એવા લઈ આવ્યા છે કે પ્રજાને ખંખેરી લે.  આપણને એમ હતું કે એ ખંખેરી લેવાની અંદર એમણે સમાનતા રાખી હશે, પણ એમાંય

સમાનતા નહિ. ૮૮૦ કરોડ રૂપિયાની આવક થાય છે એમ કહેવાનું અને રાજય સરકાર પાછું બજૅટ બુકમાં એમ કહે કે ચાલુ વર્ષની આપણી વેટની જે આવક છે એ ૧૫,૦૦૦ કરોડ થવાની છે. આ પચીસ ટકા વધારો થાય. એમાં એમ કહે કે થોડાક કલાસીફાઈડ ગુડ્સ અને નિર્દિષ્ટ ગુડ્સને આપણે બહાર કાઢી નાંખીએ છીએ. તો પણ આ જે આવક છે એ ઓછામાં ઓછી બે હજાર કરોડ રૂપિયાની વધારાની આવક આ એકજ કરથી ઊભી થવાની છે. સામાન્ય વેપારીઓને જે બીઝનૅસનું વોલ્યુમ વધવાનું છે એ તો જુદું અને જ્યારે આવતું વર્ષ આવશે ત્યારે એમ કહેવાશે કે અમે ટેક્સથી નહિ પણ એફિશિયન્સીથી વધારે કર કલેકટ કર્યો છે. અમે તો એમ માન્યું હતું કે આ ૮૮૦ કરોડ રૂપિયાની આવક થવાની છે એની જગ્યાએ અમને ૨૦૦૦ કરોડ રૂપિયાની વધારાની આવક મળી છે. આવી જાહેરાતો માટે થઈ અને એનું, ગુજરાતની પ્રજાને અત્યારે ખબર ન પડે કેટલા કરોડ રૂપિયાનું નુકસાન જવાનું છે, કેટલા કરોડ રૂપિયાનો એને ટેક્સ આપવો પડવાનો છે અને એમાં પેરિટી કોઈ નહિ. હમણાં એન્ટ્રી ટેક્સની વાત કરી ત્યારે એમ કહ્યું કે રાજસ્થાનની અંદર ૪.૫ ટકા છે અને આપણે ૧૨.૫ ટકા છે એટલે એ ડિફરન્સની અંદર એ ત્યાંના લોકોને બહુ ફાયદો ન થાય અને ગુજરાતની તિજોરીને નુકસાન ન થાય એટલા માટે આપણે અહીંયા એન્ટ્રી ટેક્સ નાંખ્યો છે. ચાલો એક દલીલ તમારી સ્વીકારી લીધી. પણ એની સામે એસ.ઈ.ઝેડ ને, આ સામાન્ય લોકોને પેલામાં નુકસાન જાય છે પણ એસ.ઈ.ઝેડ માટે એનાથી ઊલટી જોગવાઈ થાય. એમ કહેવાય કે એસ.ઈ.ઝેડ. એટલે 'જસ્ટ લાઈક કે ફૉરેન આઈલેન્ડ' બરોબર છે એમાં પ્રોસેસીંગ યુનિટ માટેની વાત કદાચ બરોબર હશે પણ જે ડેવલપર છે, જે કો-ડેવલપર છે જે જમીનના ત્યાં પ્લોટ વેચીને એમાંથી કમાણી કરવાનો છે અનેકગણો એને ફાયદો થવાનો છે એને શેના માટે ફાયદો અપાય. એમ કહેવાયું કે, આપણા રાજયને બદલે એને આઈ ફોર્મ મળે છે એટલે બીજા રાજયોમાંથી ખરીદી કરી આવે અને એ ઝીરો ટેક્સ પણ હોય અને ૪.૫ ટકા પણ હોય એ સ્ટીલ સિમેન્ટ ત્યાંથી લઈ આવે, એટલે આપણી આવક જાય અહીંયાથી, તો પેલો સામાન્ય વેપારી જે છે, સામાન્ય ગ્રાહક છે એ ૪.૫ ટકાના દરથી રાજસ્થાનમાંથી લઈ આવે તો એને સરભર કરવા માટે આપણે એન્ટ્રી ટેક્સ લગાવીએ છીએ. તો આ એસ.ઈ.ઝેડ ઉપર એન્ટ્રી ટેક્સ શું કરવા નથી લગાવતા. કારણ શું છે કે, કારણકે એ આ સરકારને પણ.. હમણાં વાત કરતાં હતા અમારા વિરોધપક્ષના નેતા કે ભાઈ હેવ એન્ડ હેવ્ઝ નોટની વચ્ચે બ્રિજ બનવાનું કામ કરવું જોઈએ. આ બજૅટમાં તો હેવ્ઝ નોટ માટેની તો કોઈ વાત જ નથી. બ્રિજ બનાવવાની વાત છે, હેવ્ઝ એન્ડ ગવર્નમૅન્ટમાં બેઠેલા બેયની વચ્ચે, એ બ્રિજ અને બૉન્ડ વધારે મજબૂત કરવા માટે આવા ફાયદાઓ અપાય છે અને એમાં નાણાંકીય સ્ત્રોતને રાજય સરકારને નુકસાન જાય છે એટલું જ નહિ પણ સામાન્ય ગ્રાહક છે એના બદલે માત્ર એસ.ઈ.ઝેડ ના ડેવલપર્સને ફાયદો મળે છે. એસ.ઈ.ઝેડ કોઈપણ આવે એ આવકાર્ય છે એને જે વ્યાજબી, એને જે રાહતો આપી છે એ ભલે અપાય.ેન્દ્ર સરકારે આપેલ છે ઘણી બધી અને તેમાં એસ.ઈ.ઝેડના પ્રોસેસીંગ યુનિટ માટેની વાત હજુ બરાબર છે પણ ડેવલપીંગ યુનિટ માટે જે લોકો બહારથી લઈ આવતા હોય ગુડસ અને તેનો લાભ લેતાં હોય તો તેની ઉપર એન્ટ્રી ટેક્સ નાંખવો જોઈએ અને તેમાં તો તેના ઉપર સરકાર ઉદાર થઈ જાય અને શકિતસિંહજીએ કહ્યું તેમ કોઈ મંદિરમાં લઈ આવતો હોય માર્બલ્સ કે પોતાનું ઘર બનાવવા કવોટા સ્ટોન લઈ આવતો હોય તેના ઉપર આપણે વરસી જઈને ૨૦ ટકા સુધીનો એન્ટ્રી ટેક્સ નાંખીએ. મારે આપના મારફતે તે લોકોને કહેવાનું છે કે મત છે તે તો સામાન્ય લોકોએ આપ્યાં છે. તેને આપણને અહીંયા બેસાડ્યા છે પણ એસ.ઈ.ઝેડ ડેવલપરોની ઉપર વરસી જવાનું કારણ શું છે ? કારણો શું છે તે પ્રજા જ્યારે જાણશે ત્યારે શેરીઓમાં નીકળવાની તકલીફ પડવાની છે. આ એન્ટ્રી ટેક્સ છે તેને કારણે એક આવક આપણે વધારે મેળવી શક્યા હોત. આ એસ.ઈ.ઝેડ ડેવલપર્સ જે આઈ ફોમ ઉપર બહારથી લઈ આવે છે તેનાં ઉપર પણ તે આવક આપણે જતી કરીએ છીએ અને સામાન્ય ગ્રાહક છે, સામાન્ય વેપારી છે તેના ઉપર તેને કારણે આપણને નુકસાન જવાનું છે. નાણાંકીય સ્ત્રોત ઉઘરાવવાની અંદર પ્રજાને ખબર પડવી જોઈએ કે કયાંથી, કેવી રીતે નાણાં આવે છે. વર્ષ આખરે ખબર પડે કે અમારી પાસેથી આટલા નાણાં ઉઘરાવી લીધાં છે. રાજય સરકાર તે કરી શકે નહીં. રાજય સરકારે તો કહેવું પડે પારદર્શક રીતે કે અમે આ ટેક્સ નાખીએ છીએ તેની આટલી આવક થવાની છે અને આમાં વપરાવાની છે. ઓકટ્રોયના બદલાની અંદર ટેક્સ નાંખવાનો છે અને અહીંયા બતાવવાનું શું? તો કહે કે માનવ સંશાધન વિકાસ અને માળખાકીય વિકાસની પ્રક્રિયા ઝડપી બનાવવા માટે વૈકલ્પિક ટેક્સ નાંખવાનો આખા રાજયની અંદર. આ રાજયનો ટેક્સ છે. આ વધારાના દર પછી આખા દેશમાં સૌથી વધારે ટેક્સ ધરાવનારું આપણું રાજય છે. સામાન્ય લોકો માટે અને એસ.ઈ.ઝેડ ડેવલપર્સો છે કે મોટાં ઉત્પાદકો છે તેના માટેનું સ્વર્ગ બનવાનું છે. પ્રજાને આની પ્રતીતિ જરૂર થવાની છે. એટલે જે દરખાસ્તો આવી છે તે દરખાસ્ત અન્યાયકારી છે. એટલું જ નહીં અગાઉ આ સરકારોએ જેટલી વખત પ્રજાને ખાતરી આપી છે તેનો ભંગ કરનારી છે. મોટાં ઉત્પાદકો, ઉદ્યોગપતિઓ તેને ફાયદાકારક છે. સામાન્ય ગ્રાહકને માર પડનારો છે, રાજયના વિકાસને અવરોધનારી છે, વેપારને અવરોધનારી છે એટલે આ દરખાસ્તો સાથે સંમત થઈ શકતાં નથી.

**અધ્યક્ષશ્રી** : શ્રી બાબુભાઈ, આપણે સમયની મર્યાદા કયાંય બાંધવા માંગતા નથી પરંતુ વિષયની અંદર પુનરોકિતને વધુ સ્થાન ના મળે તો વધારે સારું છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક:૧૪ માનનીય સૌરભભાઈ પટેલ સાહેબ લઈને આવ્યાં છે તેના માટે હું મારી વાત કહેવા માટે ઉભો થયો છું. નાણાં મંત્રીશ્રી નહીં પણ સૌરભભાઈ પટેલ.

આ બિલ ઇન્ટ્રોડ્યૂસ કરતી વખતે સૌરભભાઈએ સ્પેશ્યલ ઈકોનૉમિકની વાત કરતાં તેમણે ટેક્સ ભરવો પડે અને પછી આપણે તેને શેટ ઓફ રિફંડ આપવું પડે અને અડચણ દૂર કરવા માટેનો તેમનો હેતુ છે તેનું ક્યારેક સમર્થન કરવા માટેનો વિચાર પણ મને ઓવલો કારણકે હમણાં જ આ દેશનું સૌથી પહેલું ફ્રી ટ્રેડ ઝોન કચ્છના કંડલા વિસ્તારમાં આવેલું સ્કાર્પ અને તેની હમણાં કંઈક ૫૦ વર્ષની ઉજવણી જ્યારે થઈ ત્યારે આ વાત ત્યાંના જે ઉદ્યોગો આવેલા એમણે પણ કરી હતી. એના કમિશનરે પણ વાત કરી હતી, પણ કંડલા ફ્રી ટ્રેડ ઝોન અને અત્યારે આવતા આ **SEZ**ની અંદર જમીન આસમાનનો તફાવત છે. એ વખતના તત્કાલિન કેન્દ્રીય વાણિજય મંત્રી શ્રી લાલ બહાદુર શાસ્ત્રીના સ્વપ્નનું એ કંડલા ફ્રી ટ્રેડ ઝોન અનેક અડચણો વચ્ચે થયેલું અને રાજય સરકારે પણ આ ઝોન ગુજરાતમાં આવેલું છે એને કારણે ભૂતકાળની સરકારોએ એના પ્રત્યે ખૂબ હકારાત્મક વલણ રાખેલું. અત્યારે જે **SEZ** ની એક જુદી જ દુનિયા આ દેશના અર્થતંત્ર પર આવતા દિવસોમાં નાણાકીય નુકસાન કરશે એવું કેન્દ્રનું નાણા ખાતું પણ માને છે ત્યારે રાજય સરકારે પણ આ બાબતે બહુ ચિંતિત રહેવું પડશે.

**SEZ** જેવું જ એક ભૂકંપ પછી કેન્દ્ર સરકારે એકસાઈઝ બેનિફિટ આપ્યા અને રાજય સરકારે એને સેલ્સટેકસની માફી કે ડીફોલ્ટ પેમેન્ટની સગવડો પણ કરી આપી. આ મુદત પૂરી થયા પછી **UPA** સરકારે એક વર્ષનો સમય વધારી આપ્યો. અમે બધાએ અને માનનીય અર્જુનભાઈએ દિલ્હીમાં રજૂઆત કરી અને એક વર્ષની મુદત વધારી આપી. ૫૦૦૦ કરોડના ઉદ્યોગો કચ્છમાં શરુ કરી શકયા. પણ એનું તારણ જોઈએ તો એ પછીના માત્ર ૧૩ દિવસમાં ૧૨૭ કરોડનો ઉદ્યોગ ઉભો થઈ શકે એવી હકીકત મારા ધ્યાનમાં આવી છે. આ જ ગૃહે ભૂકંપ પછીના એક વર્ષની અંદર એક કારખાનાનું ઉદ્દ્ઘાટન આ રાજયના મુખ્યમંત્રીશ્રી ત્યાં હેલિકોપ્ટરથી જાય અને ૨૯મી તારીખે કચ્છના માતમનો દિવસ હોય એ દિવસે ઉદ્દ્ઘાટન કરે, એની વિગતો પણ આ ગૃહમાં મેં માગેલી. આટલી ઝડપથી કઈ રીતે ઉભું થઈ શકે? એ તો માત્ર ૩૨ કરોડનું યુનિટ હતું પરંતુ આ ૧૨૭ કરોડનું યુનિટ તો માત્ર ૧૩ દિવસની અંદર ઉભું થાય અને કેન્દ્ર સરકારના એકસાઈઝના લાભો મેળવે અને સાથે રાજય સરકારના સેલ્સટેકસના લાભો પણ એને મળે છે. એની ચકાસણી થાય તે જરૂરી છે. આપ પરમિશન આપો તો ઉદ્યોગનું નામ લેવા માટે....

**અધ્યક્ષશ્રી** : આપ બિલ ઉપર બોલી રહ્યા છો. આપ બિલની મર્યાદા જાણો છો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : **SEZ**ને આપણે સગવડો કરાવવા જઈએ છીએ ત્યારે રાજયને આવતા દિવસોમાં આર્થિક નુકસાન ન થાય એની કાળજી માનનીય નાણામંત્રીશ્રી લે એના માટે બિલ ઉપર સ્કોપમાં જ બોલું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, આપ નાણાકીય બાબતોના ખૂબ જાણકાર છો, તો બિલની મર્યાદામાં રહીને બોલો તો વધારે સારું. વ્યકિતગત અવલોકનો અત્યારે બિલની ચર્ચામાં ન લો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : મારા માટે જ રિસ્ટ્રિકશન શા માટે રાખવામાં આવે છે એ મને સમજાતું નથી.

**અધ્યક્ષશ્રી** : આપના માટે રિસ્ટ્રિકશન નથી. હું જે વાત કરું છું એ આપને અનુરોધ કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : ૪ ટકાના ૫ ટકા થાય એમાં બોલી શકાતું હોય. આ રાજયની પ્રજાને કોઈપણ પ્રકારનો ટેકસનો બોજો વધાર્યા વગર રાજયની આવક વધારી શકાય એવા વિચાર હું માનનીય નાણામંત્રીશ્રીને આપના મારફત કહેવા માગું છું. જેમ **SEZ**માં સગવડો છે એવી જ ટેકસ માફીની સગવડો કચ્છની અંદર જે આપવામાં આવેલી છે, એનો દુરૂપયોગ થતો હોય, રાજયની આવકોને નુકસાન થાય. એક મલ્ટિ નેશનલ કંપની, હિન્દુસ્તાન લીવર કંપનીની પ્રોડકટ ગોવામાં એ હિન્દુસ્તાન લીવર બનાવે અને કચ્છમાં એ જ પ્રોડકટ એ એકવાઝેલ બનાવે. એવી પરમિશન કઈ રીતે મળે? માત્ર ટેકસના લાભો મેળવવા માટે એકવાઝેલ કંપની જો લકસ સાબુ બનાવે અને એને રાજયના સેલ્સટેકસના બેનિફિટ મળતા હોય તો રાજયના નાણા વિભાગે એમાં ચિંતા કરવી જોઈએ. મેં અગાઉ પણ નાણા વિભાગનું ધ્યાન દોર્યુ છે કે આમાં શું થયું એની મને હજુ સુધી કોઈ જાણ કરવામાં આવેલ નથી. રાજયની ૧૫૦૦૦ કરોડની હાલની જે વેટની આવક છે. એ ૨૫ હજાર કરોડ રૂપિયા સીધેસીધા પહોંચાડી શકાય એવી ક્ષમતા રાજયનું નાણા ખાતું જો કાર્યરત રહે, વેટ ડિપાર્ટમેન્ટ કાર્યરત રહે તો રાજયના ઉદ્યોગ છે એનું સપ્રમાણ વધતું જશે અને આ વાત હું અત્યારે નહીં, પરંતુ ૧૯૯૩ ના ભાષણમાં મેં કહયું છે કે ગુજરાતમાં ઉદ્યોગોનું રોકાણ છે એનું વેચાણ થાય અને એના આધારે ૪ ટકા સેલ્સ ટેકસ, આપણે ૮ ટકા કે ૧૨ ટકા નહીં, પરંતુ માત્ર ૪ ટકાના ધોરણે ગણીએ તો રાજયની આવક સાવ સરળતાથી સરકારને ૨૦ હજાર કરોડ રૂપિયા થઈ જાય. આવતા દિવસોમાં જયારે સેલ્સ ટેકસનું પ્રમાણ ઘટતું જવાનું છે ત્યારે આપણા રાજયની આવક વેટનું ધોરણ છે એની અંદર ઉપર વસૂલાતનો આધાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા કોઈ રાજયમાંથી ઈ-ફોર્મના આધારે માલ લઈ આવે અને એને એ પરવડે એ વાત પણ બહુ સરળ નથી. આ ગૃહના સભ્યશ્રી વાસણભાઈ આહીર કે જેઓ ટ્રાન્સપોર્ટ એસોસિએશનના પ્રમુખ છે અને એ ટ્રાન્સપોટેશનમાં આ માલ સામાન લાવવો એ કેટલું બધું ખર્ચાળ છે એનો વિચાર એ કરવાના અને આપણને એમ કહે કે બીજા ઠેકાણેથી લઈ આવો તો કોણ ના કહે છે. કેન્દ્ર સરકારે સવલતો આપી હોય એ ઉપરાંત નવાજી જવાનું કોઈ કારણ રહેતું નથી. કંડલા ફ્રી ટ્રેડ ઝોનની વાત ઉપરથી હું પણ આને સમર્થન આપવાનો વિચાર કરતો હતો, પરંતુ આજે માનનીય નાણામંત્રીશ્રીને આ બિલ ઈન્ટ્રોડયુસ કરતી વખતે તેમણે આ સમગ્ર સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન રાજયમાં આવાવના છે અને કદાચ મહારાષ્ટ્ર પછીનું બીજું રાજય ગુજરાત છે. ગુજરાતમાં ઔદ્યોગિક શાંતિ છે એના કારણે અને સરળતાથી જમીન મળી જાય છે. અહીં ઘણા મિત્રોએ એમ કહયું કે રાજયમાં

એકપણ જમીન મેળવવામાં કયાંય લિમિટ નથી. તો કયાંથી હોય કારણ કે સરકારી જમીન જ આપણે આપીએ છીએ. અહીં સીરાચા અને કોડાગરામાં ૬ રૂપિયે જમીન અપાતી હોય અને એનાથી પણ દરિયામાં જગલ ખાતાની જમીન હોય એ ૯૦ રૂપિયાના ભાવે દરખાસ્ત થઈ હોય, આ એટલા માટે કે આ સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન ઉપર શામાટે આપણે નવાજી જઈએ છીએ એનો દાખલો છે. તળની જમીનના ૬ રૂપિયા અનેદરિયાની જમીનને ૯૦ રૂપિયે આપતા હોય તો આ ૬ રૂપિયાની જમીન પાણીના મૂલ્યે ગણાય કે નહીં? આ બધું જ એસઈઝેડ ને.....

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ એસ.ઈ.ઝેડ. માં આ બધી વાતો જયારે માનનીય મંત્રીશ્રી વેટની વાતમાં સુધારો લઈને આવ્યા છે. તો આ જમીનના ભાવ અને એ જમીન કઈ રીતે અપાય છે આ બધું કયાંથી આવે? મને લાગે છે કે..

**અધ્યક્ષશ્રી** : માનનીય શ્રી બાબુભાઈ, આપ ખૂબ જ સરસ સંસદીય કલાના જાણકાર છો, પરંતુ આજે આપણે જે કામ લઈને બેઠા છીએ એની અંદર હું સમયની કોઈ મર્યાદા મૂકવા માગતો નથી, પરંતુ આપની બધી વાતો છેલ્લા દિવસે જ કહી દેવાની હોય તો આપ પોતે જ આપને નિયમિત કરજો. આપને ઘણું બધું પાંચ વર્ષમાં કહેવાનું છે અને એ વસ્તુ ઘણી કહી ચૂકયા છો. હું આને પોઈન્ટ ઓફ ઓર્ડર તરીકે લેતો નથી, પરંતુ હું ફરીથી આપને અનુરોધ કરું છું કે આપની અથવા કોઈપણ સભ્યશ્રીની ચર્ચામાં એ પોતે પોતાનું પ્રવચન પણ વાંચી જશે તો એમાં એમને સમજ પડશે કે કેટલી પુનરોકિત થાય છે. વિગતોની ચર્ચામાં મુદ્દો ઉપસ્થિત કરીને, વિસ્તૃત કરીને કહેવાનો આ સભાગૃહમાં સૌનો અધિકાર છે, પરંતુ પોતે કરેલ વાત એ વારંવાર કહેવાય તો એ બીજા સભ્યો ઉપર એનક્રોચમેન્ટ જેવું થાય છે. એટલે હું ફરીથી કહું છું કે જે વસ્તુ બિલની મર્યાદામાં છે, એસ.ઈ.ઝેડ શબ્દ છે પરંતુ એ એસ.ઈ.ઝેડની જમીન કઈ રીતે અપાઈ એની વિગતો અત્યારે નથી એ વાત આપ જાણો છો અને છતાં પણ આપે એ કહેવી છે માટે કહો છો. તો એમાં મર્યાદા રાખો તો સારું.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, બિલની અંદર બોલવાનો સ્કોપ છે અને આપે જે કહયું એ આદેશને હું સ્વીકારું છું, પરંતુ મારે જે કહેવું છે એ સ્પષ્ટતા એટલા માટે કરવાની છે કે મારો જે મુદ્દો છે કે રાજયના નાણાકીય સ્ત્રોતોને માર ના પડે અને એટલા માટે હું આ થડ બાંધું છું.

**અધ્યક્ષશ્રી:** એના માટેનો હું આપને બીજો પણ રસ્તો બતાવું કે આ અંગેનો પત્ર આપ માનનીય નાણામંત્રીશ્રીને લખજો.

**શ્રી બાબુભાઈ મે. શાહ:** ચોકકસ, આ એટલા માટે કે માત્ર એસ.ઈ.ઝેડ પૂરતું નહીં, પરંતુ આ ઠેકઠેકાણેથી રજૂઆતો આવે છે અને એને કારણે આ રીફંડ મેળવવાની બાબતમાં અનેક કોન્ટ્રાવર્સી ઉભી થયેલી છે, અનેક ફોર્મ ઉપર માલ લેવાય અને પછી તેની ચકાસણી થાય અને ફોર્મ ખોટા નીકળે, અને તેના કારણે નાણાકીય જવાબદારી વધે, આવું ન થાય એટલા માટે એની આવી એક માગણી, એ સ્કાર્પ સીરપ તરફથી સૌથી પહેલા વહેલા તેના મેમ્બરો તરફથી આવેલી હતી અને એના માટે આ બિલ લાવવામાં આવ્યું હોય તો તેની સામે મને વાંધો હોઈ શકે નહીં, પરંતુ આવતા દિવસોમાં જે સ્પેશિયલ ઈકોનોમિક ઝોન દ્વારા આ રાજયની નાણાકીય આવકોનું કોઈ ધોવાણ ન થાય, એની પણ કાળજી રાખવામાં આવે અને મેં કહ્યું તે પ્રમાણે હમણાં જ ૮૦૦ કરોડ રૂપિયાના બોજા લાવવામાં આવ્યા, જે રીતે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કેન્દ્ર સરકારની જે આવકો આપણે ધારેલી તેના કરતા પણ વધેલી બતાવેલી છે કારણ કે ૬૩૦૦ કરોડ રૂપિયા આપણને કેન્દ્ર સરકાર તરફથી મળવાના છે, આપણે બજેટમાં એટલા પૈસા ધારેલા નહોતા, પરંતુ રાજયની અંદર હજુ પણ આપણી આવકો, આપણા પોતાના જ સ્ત્રોતમાંથી, કેન્દ્ર સરકારની પાસેથી મળે કે ન મળે, પણ રાજયની અંદરના જે છીદ્રો છે, લુપોલ્સ છે, અને તેના જે બાયલોઝ છે તેનો દૂરૂપયોગ થાય છે તે દૂરુપયોગ રોકાવો જોઈએ, એટલી વાત મારે આપના મારફતે નાણા મંત્રીશ્રીને કહેવાની છે, હંમેશા મારા ઉપર એક પ્રહાર થતો હોય છે કે હું નાણા મંત્રી હતો અને એ કાળની અંદર આ થયું, તે થયું, અને એટલા માટે કહું છું કે અમારા કાળની અંદર કોઈ ઓવરડ્રાફટ લેવામાં નહોતો આવ્યો એટલી સ્પષ્ટતા કરવી છે, ટેકસના સ્લેબ ઓછા કરતી વખતે કોઈ ટેકસ વધાર્યો પણ નહોતો અને એના માટે આપણે જયારે શું કર્યુ છે, આપણે જયારે એક આંગળી ચીંધતા હોઈએ છીએ ત્યારે ત્રણ આગળી આપણી સામે હોય છે તે વાતનો મને પણ ખ્યાલ છે એટલા માટે થઈને મારે આ વાત કરવી પડી છે.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, જે સુધારા બિલ લઈને હું આ વિધાનસભા ગૃહની અંદર આવ્યો છું તેના ઉપર ઘણાં બધા સભ્યશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા છે. એડિશનલ ટેકસ ઓન વેટ, આ વિષય ઉપર ચાર દિવસ આ હાઉસમાં ઘણી બધી ચર્ચા થઈ છે, આપે જે સૂચન કર્યુ કે, એક વખત આ હાઉસમાં વાતચીત થઈ ગઈ હોય તે બીજી વાર રીપીટ ન કરવી જોઈએ, તે ધ્યાનમાં રાખી અને મેં એ વખતે જે રજૂઆતો પ્રવચનમાં કરી હતી તે બહુ સ્પષ્ટ હતી, એ પ્રવચનમાં જે બોજો એડિશનલ ટેકસના કારણે કેટલો, કેન્દ્ર દ્વારા છેલ્લા ૩ વર્ષમાં કેટલો, એ બધી બહુ સ્પષ્ટપણે મેં વાત કરી હતી. એટલે એ વિષય ઉપર, એડિશનલ ટેકસ ઉપર હું વધારે રજૂઆત કરવા માગતો નથી. ફકત સભ્યશ્રીએ જે વાત કરી કે પેટ્રોલીયમ પ્રોડકટસ, એ વિષય મેં ટચ નહોતો કર્યો, ફકત એટલું જ ધ્યાન દોરું, કે કેન્દ્રની નીતિમાં પેટ્રોલીયમ પ્રોડકટસ ઉપર ઘણાં બધા ટેકસીસ છે. એમની સત્તામાં એ ટેકસીસ નાખે છે, રાજયસરકારની સત્તામાં રાજય સરકાર ટેકસીસ નાખે છે, ફયુઅલ ઉપર ગુજરાત સરકારને દરેક રીતે અન્યાય થાય છે, એક દાખલો આપું છું, કે જેના કારણે, હું આ કેમ કહેવા માગું છું કે કેન્દ્ર સરકારે, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ વાત કરી કે, ૬૦૦ કરોડ રૂપિયાનો એડવાન્ટેજ

થયો એવી એમણે વાત કરી, એટલે હું આ રજૂ કરું છું, અને પેટ્રોલિયમ પ્રોડકટ ઉપર એમણે બીજી વાત કરી, એટલે કહું છું, કે પેટ્રોલીયમ પ્રોડકટ ઉપર જે કંડલા માલ ઉતરે છે અને ગુજરાતની રીફાઈનરીઓમાં જાય છે, અને કંડલા માલ ઉતરે છે અને પંજાબમાં જાય છે એમાં ફ્રેટ ઈકવલાઈઝેશનના કારણે ગુજરાતની પ્રજાને નુકસાન થાય છે પણ કોલસામાં સ્થિતિ ઉલટી છે. કોલસાની અંદર નજીકના ડિસ્ટન્સમાં, ઓરિસ્સા બિહારથી કોલસો આપણે ત્યાં આવે તો આપણને ફ્રેટ વધારે લાગે, અને નજીકના વિસ્તારમાં તે ઓછો હોય, એટલે જો ફ્રેટ ઈકવલાઈઝેશનનો વિષય આપણે રજૂ કરીએ તો ચોકકસ પણે રાજયને ફાયદો થાય તેવું મારું માનવું છે. એટલે આ અન્યાય જો દૂર કરવામાં આવે તો વધારે ફાયદો થાય, બીજું જે એમણે વાત કરી કે ૬૦૦ કરોડ રૂપિયાનો ફાયદો થયો, હજુ વિગતમાં ગયા નથી, એટલે કેટલો ફાયદો થશે, એ આવતા દિવસોમાં ખબર પડશે, પણ એક વસ્તુની ચોકકસ ખાતરી અને જાણકારી આપું કે આ ૮મી તારીખે એમ્પાવર કમિટીની મિટીંગ રાખી છે અને પછી યુનિયન ફાઈનાન્સ મિનિસ્ટર જોડે ચાર વાગ્યે બેઠક રાખી છઈ. આનું કારણ શું છે કે જે સી.એસ.ટી.ના ૩ ટકાના બે ટકા કરવાનો નિર્ણય બજેટમાં કર્યો છે તેનું કમ્પેન્સેસન કેન્દ્ર આપશે કે કેમ તે નિર્ણય કરવા માટે મિટીંગ રાખી છે. એનું કોમ્પેનસેશન કેન્દ્ર આપશે કે કેમ એ નિર્ણય માટે મિટિંગ રાખી છે. એટલે જો ત્રણ ટકાના બે ટકા નક્કી થાય તો ૭૦૦ કરોડ રૂપિયાની આવક ઘટે પણ એ આવકની સામે કોમ્પેનસેશન ન મળે તો આપણને સીધુ ૭૦૦ કરોડ રૂપિયાનું નુકસાન જાય એટલે આવતા દિવસોમાં એનો ખ્યાલ આવશે. ગયા વખતે પણ કોમ્પેનસેશન આપવાની વાત કરી હતી. ચાર ટકાનો ત્રણ ટકા કર્યો એ ત્રણ ટકાની અંદર એમણે ડી ફોર્મ કાઢવા માટે ૧૫૫ કરોડ રૂપિયા ગુજરાતના ખાતે ડેબીટ કર્યા. હવે ૧૫૫ કરોડના ડબલ advantage ને કારણે ગુજરાતને રૂપિયા મળ્યા નહિ અને ગુજરાતને નુકસાન થયું એટલે આ વખતે પણ કેટલું નુકસાન આવતા દિવસોમાં ગુજરાતને પડશે એ આઠમી તારીખે ખ્યાલ આવશે, એટલે એના આધારે નિર્ણય લેવાય નહિ એટલું જ મારે જણાવવું છે.

એસઈઝેડની વાત કરી. એસઈઝેડ ઘણા વિચારો કર્યા પછી આ કાયદો આવ્યો અને યુ.પી.એ. સરકારની અંદર ઘણી બધી બેઠકો થઈ હશે. એસઈઝેડની ચિંતા કરીએ છીએ ત્યારે ખાલી મારે થોડુંક બ્રેક ગ્રાઉન્ડ આપવું છે. એસઈઝેડ જ્યારે બન્યો હતો ત્યારે મુખ્ય હેતુ શું હતો? મુખ્ય હેતુ એ હતો કે it is basuically a foreign exchange earner. એટલે ઈમ્પોર્ટ મફત આવે અને બેઝિકલી ત્યાંથી એકસપોર્ટ કરી શકીએ એટલે માલ ઈમ્પોર્ટ કસ્ટમ ડ્યૂટી ભર્યા વગર કોઈપણ માલ લો ગુજરાત domestic tariff area માંથી કોઈપણ માલ લો આ બધાની ટેક્સ ફ્રી માલ લેવાનો, ટેક્સ ફ્રી માલ લઈને એને એકસપોર્ટ કરવાનો જેથી ફૉરેન એકસચેઈન્જ રિઝર્વ વધે એ મૂળ હેતુ હતો. એ હતો એટલે બધાએ સ્વીકાર્યું, ગુજરાતે પણ સ્વીકાર્યુ. કમનસીબી એ રહી કે આ કાયદાની અંદર ફેરફાર કર્યો અને ફેરફાર એ કર્યો કે પાંચ વર્ષ સુધી પાંચ વર્ષની અંદર એણે ફૉરેન એકસચેઈન્જમાં વધારો કરવાનો એટલે એક રૂપિયાનો ફોરેન એકસચેઈન્જમાં ઈન્કમ આપીએ પાંચ વર્ષની અંદર તો એસઈઝેડના કાયદાની અંદર જે કંઈ મૂક્યા છે એમાં એ પાસ ગણાય. એટલે થશે શું, થશે એ કે જે બેઝિકલ પ્રોટેકશન D.T.A AREA જે મળવું જોઈતું હતું એ કેન્દ્રમાં જે નીતિ બદલાઈ એ નીતિને કારણે એસઈઝેડની અંદર જે માનનીય બાબુભાઈ શાહે ચિંતા વ્યક્ત કરી એ હકીકતમાં આવતા દિવસોમાં ચિતા રહેશે. એટલે બૈઝિક ફાઉન્ડેશન કેન્દ્રે બદલવું પડે એ રાજયની અંદર બદલાય નહિ. જો કેન્દ્રની અંદર ન બદલાય તો રાજય ચોક્કસપણે એના ડોમેસ્ટીક ટૅરિફ એરિયાને પ્રોટેકશન આપવું પડે. ડોમેસ્ટીક ટૅરિફ એરિયાને પ્રોટેકશન આપવા માટે વિભાગે ચોક્કસપણે કાળજી રાખી છે અને હું ચોક્કસ ખાતરી આપું છું કે બને એટલી કોશિશ કરીશું કે ડોમેસ્ટીક ટૅરિફ એરિયામાં ઉદ્યોગો છે જે ધંધો થઈ રહ્યો છે એને એસઈઝેડથી નુકસાન ન થાય એ પ્રમાણે કાળજી રાખવા વિભાગ એલર્ટ રહેશે.

હવે વાત રહી સભ્યશ્રીએ કહ્યું કે આની અંદર તમે ડેવલપરને શું કામ ફાયદો આપો છો. માનનીય અર્જુનભાઈએ વાત કરી કે એસઈઝેડ પ્રમોટરને ફાયદો શા માટે આપો છો. કોના માટે આપો છો. અત્યારે આપણે ઝીરો રેઈટ લાવ્યા છીએ. ઝીરો રેઈટ કેમ લાવ્યા છીએ, હું એક સાદો દાખલો આપું કે ગુજરાતમાં સો રૂપિયાની ખરીદી કરે અને વેટના ૧૨.૫ કે ૧૫ ટકા લાગે એટલે ૧૧૫ રૂપિયાનો હિસાબ લેવો પડે. આ ૧૫ રૂપિયાનો હિસાબ લે એટલે એને લિકવિટીમાં કેસ વર્ક થાય ત્યારે જો કેન્દ્રની નીતિ આઈ ફોર્મની છે એટલે મહારાષ્ટ્રમાંથી એ ડેવલપર માલ ખરીદે તો એ ડેવલપરની સો રૂપિયા અને આઈ ફોર્મ આપીને સીધી ખરીદી કરે તો ગુજરાતના ઉદ્યોગો પાસેથી પછી શું કામ ખરીદી કરે. ગુજરાતની સિમેન્ટ શું કામ વાપરે અને એના માટે આ ઝીરો રેટીંગ કરવાનું કર્યુ છે. જો આઈ ફોર્મની પદ્ધતિ નીકળી જાય અને બહારથી પરચેઈઝ વેટેબલ રેઈટ ઉપર લાગે તો ચોક્કસપણે આ જોગવાઈ ઝીરો રેટીંગ કરવાની જરૂર નહોતી પણ આ એટલે કરવું પડે કારણ કે બહારથી મહારાષ્ટ્ર હોય કે રાજસ્થાન હોય ત્યાંથી આઈ ફોર્મની અંદર પરચેઈઝ કરીને લાવે અને આઈ ફોર્મ સેન્ટ્રલે માનીતો નિર્ણય કર્યો છે એના આધારે થાય એટલે આપણે એને રક્ષણ આપવા માટે આપણા ઉદ્યોગોને refund process માંથી બહાર નીકળવા માટે ઝીરો રેટીંગ કરવામાં આવ્યું છે. એટલે આ મેઈન કારણ છે એટલે મારે સ્પષ્ટપણે કહેવું જોઈએ કે એસઈઝેડની અંદર અને ઈન્કમટેક્સના કાયદાનો લાભ આપીને ....

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થાય છે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ બપોરના ૧.૦૦ થી ૨.૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી સૌરભ પટેલ** : (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, હું એક જ વાત કરીને મારી વાત પૂરી કરું છું. જે એસ.ઈ.ઝેડમાં ટેક્સેશનની, ઝીરો રેટીંગની વાત થઈ એ આજની તારીખમાં ચાર રાજયોમાં અમલીકરણ થઈ ગયું છે. આંધ્રપ્રદેશ, વેસ્ટબેંગાલ, દિલ્હી અને ઓરિસ્સા. આ ચારેય રાજયોએ કરી લીધું છે. હવે ગુજરાત કરવા જઈ રહ્યું છે. એટલે મારી વિરોધપક્ષના સભ્યશ્રીઓને વિનંતી છે કે મને સહકાર આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૪, સન ૨૦૦૮નું ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨થી ૧૧, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકિટંગ ફૉર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૪, સન ૨૦૦૮નું ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૪, સન ૨૦૦૮નું ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૫**

# ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક, ૨૦૦૮

**ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬ વધુ સુધારવા બાબત વિધેયક.**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, * રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૫, સન ૨૦૦૮નું ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૫, સન ૨૦૦૮નું ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રોફેશનલ ટેક્સમાં સુધારા લઈને હું આ વિધાનસભા ગૃહમાં સભ્યશ્રીઓને માહિતી આપવા ઉભો થયો છું. પ્રોફેશનલ ટેક્સ એ ડાયરેક્ટ ટેક્સ છે અને ટ્રેડ, પ્રોફેશન અને એમ્પ્લોયમેન્ટમાં હોય તેઓને ટેક્સ ભરવાનો હોય છે. પ્રોફેશનલ ટેક્સ વર્ષોથી આવે છે. ચાલુ જ છે અને હાલની જે સિસ્ટમ છે તે અને જે નવી સિસ્ટમ આપણે કરવા માગીએ છીએ તેમાં શું ફેરબદલી કરવા માગીએ છીએ એ સભ્યશ્રીઓને માહિતી આપવા માગું છું. જે હાલની સિસ્ટમ છે તેમાં ટેક્સ લેવી કરવાનો રાજય સરકારનો અધિકાર છે. ગઈ સાલ સુધારા કરી પ્રોફેશનલ ટેક્સમાં કલેકશનનો પાવર્સ આપણે લોકલ બોડીઝને આપ્યો હતો. એટલે આજની તારીખમાં પણ લોકલ બોડીઝ પાસે જે રાજય સરકારે ટેક્સ નક્કી કર્યો છે એના આધાર ઉપર એ લોકો ટેક્સ કલેકટ કરે છે. કલેકશન કર્યા પછી એ લોકો રાજય સરકારના Consolidated Fund માં જમા કરાવે છે અને ૧૦૦ ટકા જમા કરાવ્યા પછી એ લોકોને ખર્ચ કરવો પડે, રાજય સરકાર જેટલી જેટલી લોકલ બોડીઝે પૈસા ઉઘરાવ્યા હતા એ પૈસા પાછા આપે છે એટલે એ લોકો વિકાસના કામમાં ખર્ચ કરી શકે. હવે આ ટેક્સમાં સુધારો કર્યો છે. કેન્દ્રના બંધારણની જોગવાઈ પ્રમાણે મેકસીમમ રૂ.૨૫૦૦/- ટેક્સ આખા દેશમાં લઈ શકાતો હોય છે. રૂ.૨૫૦૦/- થી વધારે ટેક્સ કલેકશન કરી શકે નહીં. એ પ્રમાણે બંધારણમાં જોગવાઈ છે. હવે સુધારો કર્યો છે. આ લોકલ બોડીઝ દ્વારા Powers to collect and levy એટલે કે એ લોકો અત્યારે સીધું કલેકટ કરી શકતા હતા એ લેવી નહોતા કરી શકતા. એટલે એમને લેવી કરવાની સત્તા આપી છે. એના માટે આ એમેન્ડમેન્ટ લાવ્યા છીએ. મુળ વસ્તુ અગત્યની એ છે કે, મિનિમમ ટેક્સ એ રાજય સરકાર નક્કી કરશે. મેકસીમમ ટેક્સ માટે કેન્દ્ર સરકારે બંધારણમાં જોગવાઈ કરી છે. એટલે લોકલ બોડીઝ મિનિમમ ટેક્સ અને મેકસીમમ ટેક્સ શું લેવો એ નક્કી કરશે. એ નક્કી કર્યા પછી એ ટેક્સ કલેકટ કરશે અને પોતાના વિકાસ માટે પોતાની પાસે રાખશે અને વાપરશે. આ લોકલ ટેક્સ તરીકે ઓળખાશે. પંચાયત હોય, નગરપાલિકા હોય કે કૉર્પોરેશન હોય. એમાં પંચાયતનો ટેક્સ પંચાયત રાખશે, નગરપાલિકાનો ટેક્સ નગરપાલિકા રાખશે, કૉર્પોરેશનનો ટેક્સ કૉર્પોરેશન રાખશે અને લોકલ ડૅવલપમૅન્ટ

* વિધેયક તા.૧૫મી માર્ચ-૨૦૦૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

માટે આ ટેક્સ સંપૂર્ણપણે લોકલ ટેક્સ તરીકે નોટિફાઈડ એરિયા કે ઓથોરીટિ હશે એને સોંપવાનો નિર્ણય કર્યો છે. આ સુધારો લઈને આ વિધાનસભાગૃહમાં આવેલો છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે એનાથી ઘણી બધી પરિસ્થિતિઓ નિર્મિત થવાની છે. રાજય સરકારની કેટલીક જવાબદારીઓ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટેની હોય છે. આપણે આપણી પાસેના કલેકશનમાંથી એના પૈસા આપીએ છીએ અને પ્રોફેશનલ ટેક્સ ઉઘરાવીએ છીએ. એ આપણી પાસે આવ્યા પછી પાછા મોકલવામાં આવે છે. એ હવે ત્યાં રાખીએ એવી સરળતાભરી વાત થઈ. આનાથી આ અટકતું નથી. આજે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ છે એમને ખરા અર્થમાં મદદરૂપ થવાનું કામ એ આપણે જે દિશામાં કરવાનું હતું, આપણે પ્રોમિસ કર્યું હોય, ઑક્ટ્રૉય નાબૂદી પછી તમને અમે પૈસા આપવાના છીએ એ આપી શકતા નથી, એમાં આપણે ઉણા ઊતર્યા છીએ. આ જ કલમ-૨માં સુધારો કર્યો છે. એ સુધારાથી જે પરિસ્થિતિ નિર્માણ થવાની છે એમાં આપે ટેક્સેસનના પાવરને પણ ટચ કર્યો છે. એ કહેવાયું કે, પ્રોફેશનલ ટેક્સ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ઉઘરાવતી હતી અને રાજય સરકારને મોકલતી હતી. રાજય સરકાર એનો શેર એને પાછો આપતી હતી એમાં સરળીકરણ કરવા માગીએ છીએ અને આ ઉઘરાવેલો ટેક્સ ત્યાંને ત્યાં રહે. મુવર ઑફ ધ બિલ, મંત્રીશ્રીએ વાત પૂરી કરી. પરિસ્થિતિ કલમ-૨ના સુધારાથી થાય છે. એ ત્યાંથી અટકતી નથી. એનાથી આગળ વધે છે. ગુજરાત રાજય વ્યવસાય વેપાર ધંધા અને રોજગાર અધિનિયમ ૧૯૭૬માં હવે પછી મુખ્ય અધિનિયમ તરીકે ઉલ્લેખ કર્યો છે. તેમાં દીર્ઘ સંજ્ઞામાં રાજય એ શબ્દના બદલે પંચાયતો, નગરપાલિકા, મ્યુનિસિપલ કૉર્પોરેશન અને રાજય એ શબ્દો મૂકવા. આ સુધારાની ઈમ્પેકટ શું થવાની? આપ તો રાજય તરીકે પ્રોફેશનલ ટેકસ નાખો છો એના સાથોસાથ જે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ છે જેમને આપણે મદદ કરવાની હોય છે જ્યાં એમાં આપણે ઉણા ઉતરીએ છીએ એટલે એમને ટેકસ નાખવાના આપણે પાવર્સ આપીએ છીએ કે પ્રોફેશનલ ટેકસ જે છે એ એમને ઉઘરાવવાના પાવર્સ મળશે. એના કારણે જે નાણાકીય યાદી છે આપણી એનો પેરેગ્રાફ -૨ વાચું છું. કલમ -૧૨માં દાખલ કરેલ પેટા કલમ (૧) ના ખંડ -ક ક થી મૂકરર સત્તા મંડળના અધિનિયમોના હેતુ પાર પાડવા માટે વ્યવસાય વેરાના અધિક કમિશનર વ્યવસાય વેરાના નાયબ કમિશ્નર, વ્યવસાય વેરા અધિકારીઓ અને બીજા અધિકારીઓ અને વ્યકિતઓને નીમવાની સત્તા મળે છે. આ સત્તા મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકાઓ અને પંચાયતો અથવા યથા પ્રસંગ રાજય સરકારમાં નીહીત કરવાનું થાય છે. સરકાર તેના નિયમિત મહેકમના અધિકારીઓનો ઉપયોગ કરશે જયારે મૂકરર સત્તામંડળો પોતાના કર્મચારીગણનો ઉપયોગ કરશે અને તે અંગેનો ખર્ચ સંબંધિત મૂકરર સત્તામંડળે ભોગવવાનો રહેશે. આપ માત્ર પ્રોફેશનલ ટેકસ ઉઘરાવે છે અને એ ત્યાં જ રહે એટલું નથી કરતા. નવા ટેકસીસ અને કલેકશન અને એની નાણાકીય અને ધારાકીય સત્તાઓ એ પણ આપ નીચે ટ્રાન્સફર કરો છો. આ જે વિધેયકની કલમ-૨ છે આપના ઓબ્જેકશન રીઝન્સ આપના ઉદ્દેશ અને કારણોમાં આપે કહ્યું છે. વિધેયકની પેટા કલમ-૨ થી અધિનિયમની દીર્ઘ સંજ્ઞા સુધારવા ધાર્યુ છે. અત્યાર સુધી રાજયના હિત માટે વેરો લેવામાં અને વસૂલ કરવામાં આવતો હતો. હવે એવો ઈરાદો રાખવામાં આવ્યો છે કે રાજય સરકાર અથવા યથાપ્રસંગ પંચાયતો નગરપાલિકાઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશનો દ્વારા પોતાના હિત માટે વેરો લેવામાં અને વસૂલ કરવામાં આવશે. હું માનુ છું કે આપણે એક આદર્શ વ્યવસ્થા તરફ આગળ વધવાનું વિચારીએ છીએ. સરળીકરણ, બેવડાતા ટેકસ, વારંવારના વેરાઓ, સ્થાનિકનો વેરો, રાજયનો વેરો આ આંટીઘૂંટીમાંથી બહાર નીકળવા માટે એક તરફ આપણે કહીએ છીએ કે વેલ્યુએડેડ ટેકસ નાખ્યા પછી અમે બીજા ટેક્સોમાંથી બહાર નીકળી જવાના છીએ. પ્રોફેશનલ ટેક્સના પાવર્સ સ્ટેટ ગવર્નમૅન્ટ, પંચાયતો, નગરપાલિકાઓ અને કૉર્પોરેશન આ બધાને આપણે આપવાનો વધારો કરીએ છીએ. એટલે બેવડાય છે. અત્યાર સુધી માત્ર રાજય સરકારના અધિકારો હતા એટલે સરલીકરણ કરવાના બદલે ભારણ પણ વધશે અને એ ભારણ વધશે એટલા માટે હું કહું છું કારણ કે મુખ્ય અધિનિયમની કલમ -૬ પેટા કલમ-૩માં જે રૂપિયા મૂકવામાં આવ્યા એ ૫ રૂપિયા હતા. આપ આ પાંચ રૂપિયામાંથી દસ રૂપિયા કરો છો. ડબલ કરો છો. મુખ્ય અધિનિયમ કલમ-૫ની પેટા કલમ-૨માં પણ જ્યાં પાંચ રૂપિયા હતા એના ડબલ કરીને આપ દસ રૂપિયા કરો છો. જે જગ્યાએ અધિક વ્યવસાય વેરા કમિશ્નર અને સંયુકત વ્યવસાય કમિશ્નરો હતા એ જ જગ્યા બદલાવીને આપ અધિક વ્યવસાય વેરા કમિશ્નરોને એ શબ્દના પાવર્સ પણ આપ ઉમેરો છો ત્યારે સામાન્ય માણસ માટે આપ ખાલી માત્ર એટલો સુધારો લઈને આવ્યા હોત કે અત્યારે જે વ્યવસાય વેરો અસ્તિત્વમાં છે એમાં આપ વધારો નથી કરવાના, એ પૈસા ઉઘરાવીને જે રાજય સરકારની તિજોરીમાં જમા થયા પછી શેર જાય છે એના બદલે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ત્યાં અને ત્યાં રાખે એટલા પૂરતું મર્યાદિત એમેન્ડમેન્ટ આપનું નથી. અને હજી પણ જો માનનીય મંત્રીશ્રી એ સુધારો કરી લેવા માગતા હોય તો એટલા સુધારા પૂરતું મને કે મારા પક્ષને પણ વાંધો નહીં હોય પરંતુ આ સુધારો જે છે એ વ્યવસાય વેરાના નાખવાના પાવર્સ અને એની એમાઉન્ટ એ બંને વસ્તુમાં ફેરફાર થાય છે. ત્યારે આ બિલને સમર્થન આપી શકતો નથી. કારણ કે આનાથી વ્યવસાય વેરાનું ભારણ પણ સામાન્ય પ્રોફેશનલ ઉપર પડવાનું છે અને જે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને આપણે નાણાકીય મદદ કરવાની છે એમાં ઉણા ઊતર્યા છીએ એની સામે તમે એમને, તમે ત્યાંથી ઉઘરાવી લો તમને પાવર છે, તમે પ્રોફેશનલ ટેક્સ નાખો, મને લાગે છે કે આ વાત વાજબી નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રોફેશનલ ટેક્સનું જે એમેન્ડમેન્ટ બિલ માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આટલા વિશાળ વર્ગને અસર કરતું બિલ છે અને માનનીય મંત્રીશ્રીએ ઉદ્દેશો અને કારણો બહુ ટૂંકમાં સમજાવી દીધા. ઉપરથી કદાચ સરળ લાગતું હશે પણ પાંચ-સાત વર્ષ પહેલા મારા ગામની અંદર મુંબઈથી એક કુટુંબ એમના દીકરાના લગ્ન કરવા આવ્યા. બહુ સંપન્ન કુટુંબ હતું. મેં એમને પૂછ્યું કે તમે લગ્ન કરવા અહીંયા શા માટે આવ્યા? એમણે કહ્યું કે, ત્યાં એક તોફાન કરતી રાજકીય પાર્ટી છે. હું નામ નહીં આપું બધાને ખબર છે. એ જો લગ્ન મોટાપાયે કરીએ તો લગ્ન ઉપર ટેક્સ નાખે છે. તમે મોંઘી ગાડી લઈ આવો તો ગાડી ઉપર ટેક્સ લાગે, સારો બંગલો બનાવો તો એના ઉપર ટેક્સ, બાળકો સારી શાળામાં જતા હોય તો એના ઉપર ટેક્સ લાગે. લગ્ન કરો તો ટેક્સ લાગે. એની પહોંચી ન આપે. એટલે આ પ્રકારની વ્યવસ્થા ત્યાં છે. માનનીય મંત્રીશ્રીએ ક્યાંથી પ્રેરણા લીધી એની મને ખબર નથી. ગઈ કાલે માનનીય મંત્રીશ્રી વાત કરતા હતા કે અમે એલ.એન્ડ ટી.ને કામ આપેલ છે. પોરબંદરની કંપનીને કામ નથી આપ્યું. કઈ કંપની અને કોની કંપની એની વાત નથી કરતો. મારે એમાં પડવું નથી. પણ પોરબંદરના પ્રભારી મંત્રી રહ્યા છે અને મારા વડીલ મિત્ર વજુભાઈ જાણે છે કે સૌરાષ્ટ્રમાં એક જમાનો એવો હતો કે જ્યારે બહુ માથાભારે લોકો હતા એ પિત્તળ ઑફિસ ચલાવતા હતા. મારા ગામમાં હજુ ચાલુ છે. માનનીય મંત્રીશ્રી પ્રભારી રહી ગયા છે તો પણ ચાલુ રહી. એટલે કદાચ પ્રોત્સાહન મળ્યું હોય.

**અધ્યક્ષશ્રી** : બિલની મર્યાદાની બહાર નહીં જાઓ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : બિલની મર્યાદામાં જ બોલું છું. એ લોકો પિત્તળ વેરો લગાવતા. ગામની અંદર જે કાંઈ ધંધો કરો એ બધાયની અંદર એમનો ટેક્સ લાગે. રાજાઓ કરતાં પણ એમનો ટેક્સ વધારે હતો. આજે સરકાર કરતાં એમની આવક વધારે છે. મને એવું લાગે છે કે રાજ્ય સરકારે (અંતરાય) હું એનો પીડિત માણસ છું. બધી એની વાત કરીશું બધાની આંખ ખુલી જશે એટલે મારે એમાં પડવું નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમને ઉશ્કેરો નહીં. મારું કામ અઘરું બને છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારી પાસે આની વિગતો પણ છે પણ મારે એમાં નથી પડવું તમે ભલે પડ્યા હોય. હું સમય આવશે ત્યારે આપીશ. અત્યારે નથી આપવી.

**અધ્યક્ષશ્રી** : તમે મર્યાદામાં જ આવી જાઓ. ભલે ટ્રેક બદલવાનો પ્રયત્ન કરે પણ બદલો નહીં.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, નીતિનભાઈ હમણાં નવા આવ્યા છે એમને ખબર નથી. મને ઉશ્કેરે નહીં તો હું મર્યાદામાં જ બોલું છું. બધાને ખબર છે કે, કોઈ કાંઈ ન બોલે તો હું એકદમ સ્કોપની અંદર બોલું છું. એટલે આ જે પિત્તળ વેરો ઉઘરાવતા હતા. હવે કોઈપણ કામ તમે કરતા હોવ, એ કામની અંદર હવે રાજ્ય સરકારનો ટેક્સ આપવો જ પડે. હું પેલાની સૂચિ જોતો હતો, સૂચિ જે છે એની અંદર પ્રોફેશનલ ટેક્સ છે એ ૨૦ રૂપિયાથી શરૂ થતો હતો. મેં નોકરી કરી છે અને પ્રોફેશનલ ટેક્સ ભરેલો છે. માણસ ખમી શકે એટલો હોવો જોઈએ. ૩૦૦૦ થી ૬૦૦૦ નો પગારદાર માણસ હોય એવા માટે ૨૦૦ રૂપિયાનો વેરો આપવો પડશે. માસિક, વાર્ષિક નહિ. ૨૦૦ રૂપિયાનો કોઈએ વિચાર કર્યો છે કે નથી આ નાખતી વખતે. એક રેકડી ઉપર તમે ત્રણ માણસો લઈને વ્યવસાય કરતા હશે તો રેકડીદારોએ આપવાનો. ગામડાંની અંદર નાનકડી નિશાળ બે શિક્ષકોથી ચલાવીને કામ લેતા હશે એમણેય ટેક્સ આપવાનો. એ સિવાય કોઈપણ વ્યવસાય કરતા હોય એણે ૨૦૦ રૂપિયાથી શરૂ કરીને ૨૫૦૦ સુધી વ્યવસાયવેરો ફરજિયાત આપવાનો. રાજ્ય સરકારની નેટમાંથી જેમ પહેલા પિતળવેરામાં કોઈ બચી શકતું નહિ એ રીતે આમાં પણ કોઈ બચી શકવાનું નથી. તમામ લોકો એ ખમી શકતો હોય કે ના ખમી શકતો હોય એ તમામ લોકોને આ ટેક્સ આપવાનો અને પાછું આપણે એમ કહીએ કે આપણું રાજ્ય ખૂબ સક્ષમ છે, ખૂબ આવક છે તો થોડી ઘણી આવકો આપો. નાગરિક ઉપર કેટલો વેરો વધારીશું? આ વખતે જે વેરો વધાર્યો એક વર્ષની અંદર વાત કરું છું. શહેરમાં રહેતા મધ્યમવર્ગના માણસ હોય એને પીવાના પાણીનો વેરો વધાર્યો, લાઈટ, પાણી અને સ્ટ્રીટ લાઈટનો વેરો વધાર્યો, માસિક બિલ આપવા માંડ્યા છે. બાકી રહેતું હતું તો હવે તમામ નગરપાલિકા ઉપર કારપેટ એરિયા આધારિત હાઉસ ટેક્સ આવ્યો. લગભગ પાંચથી છ ગણો ટેક્સ આમાંથી જવાનો. એનાથી આગળ કોઈએ કાંઈ લેવાનું હશે તો જંત્રી આવવાની. આમાંથી જે કોઈ બાકી હતા એ બધાને વ્યવસાય વેરામાં આવરી લીધા અને એ પણ ખમી શકાશે કે નહિ એ વ્યવસાય કરનાર માણસ એ કાંઈ વિચાર્યા વગર થયું છે. હમણાં માનનીય મંત્રીશ્રી જવાબ આપતા હતા અને કહેતા હતા કે ગુજરાતને કંડલાની અંદર ઓઈલ આવે એમાં આપણે distance equalizationના કારણે નુકસાન જાય અને કોલસાની અંદર એનાથી ઊંધું થાય તો આમાં શું કર્યુ? માણસનો વિચાર કોઈ જગ્યાએ કર્યો ખરો? ઘણાં વેરા એવા હોય જેને આપણે કયારેય પેલું નથી કરતા હોત. આ લોકોને તકલીફ પડે એનો વિચાર હંમેશા પાયાની અંદર કરવો જોઈએ. પેટ્રોલ-ડીઝલની અંદર વાત કરતા હતા લોકોને પણ પેટ્રોલ-ડીઝલની અંદર કેટલો ફાયદો થાય એ વધારો જોતા નથી. જે ભાવ ૩૯ ડોલર બેરલના હતા એ આજે ૧૦૮ ડોલર થયા. કેટલા ગણા ભાવો વધ્યા? ત્યાં પણ પેટ્રોલ પ્રોડકટના ભાવ વધવા દીધા નથી અને એના કારણે ભલે રિલાયન્સ, એસ્સારના પેટ્રોલપંપ બંધ થાય. કારણ કે એને નુકસાન જાય છે પણ કેન્દ્ર સરકાર ભોગવે છે તો થોડોક તમે તમારા બજેટમાંથી આ સામાન્ય માણસનો થોડોક વિચાર કરીને એને જો થોડાક બાકાત રાખ્યાં હોત તો મને લાગત કે આપણે રાજ્યની સેવા કરી ગણાય.

માનનીય અધ્યક્ષશ્રી, જે ટેક્સનો દંડ છે, જે દંડો છે એ આ સમય દરમિયાન અને આ બજેટની અંદર જે મારવામાં આવ્યો છે એને ખરેખર ઇતિહાસની અંદર કાળા અક્ષરે નોંધ થવાની છે. જેટલી જગ્યાએથી જેટલો ટેક્સ

લેવાય એટલો લઈ લેવાનો. વચનો આપવામાં આવ્યા હતા. એકેય વચનનું પાલન નહિ કરવાનું અને ટેક્સ લગાવવાનો અને છૂટ નહિ. જે યાદી આપી છે એ કેટલા લોકોને ટેક્સ આમાંથી ભરવો પડવાનો છે. ૨૦ રૂપિયાથી શરૂ કરીને વધુમાં વધુ ૧૦૦૦ રૂપિયા સુધી Professional Tax હતો એની જગ્યાએ ૨૦૦ રૂપિયાથી શરૂ કરીને ૨૫૦૦ એટલે લગભગ minimum જે દર હતો એમાં ૧૦ ગણો વધારો થયો અને maximumની અંદર અઢી ગણો વધારો થયો છે. લોકોની આવક એટલી વધી નથી એના વ્યવસાયનો વિચાર આ ટેક્સ નાખતી વખતે કરવો જોઈતો હતો. હજીપણ હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે રેશનલાઈઝેશન કરે. ટેકસની અંદર ખમી શકાય એ પ્રકારે એ ટેકસના દરો નકકી કરે અને સાથે આ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને જે આપવાનું નકકી કર્યું છે એ મુદ્દાને તો હું પણ આવકારું છું કારણકે ઓકટ્રોય નાબુદ થયા પછી એમને આવકોની વધારે જરૂર હતી કારણકે સરકારને જે પ્રોમિસીસ કર્યા હતા એને ગ્રાન્ટ આપવાના એ પૂરેપૂરા કર્યા નથી એટલે એ ભલે એની પાસે જાય પણ એનું રેશનલાઈઝેશન થાય અને ૨૦ ના બદલે ભલે ૪૦ થાય અને હજાર જે હતા એના ૧૨૦૦ થાય આવી દરખાસ્તો સુધારા સાથે માનનીય મંત્રીશ્રી લઈ આવશે તો જરૂરથી અમે ટેકો આપીશું પણ આ દરખાસ્ત સાથે અમે સંમત થઈ શકતા નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૫ ઉપર હું બોલવા ઉભો થયો છું. આ બિલ ઉપર હું બોલવા ઉભો થયો ત્યારે મને જૂનાં સંભારણાં થોડાંક તાજાં થયાં છે. ૨૦૦૭માં આ વ્યવસાય વેરાનો સ્લેબ ૧૦૦૦ રૂપિયાથી શરૂ થતો હતો અને આપણે ૩૦૦૦ રૂપિયા કરેલો હતો અને આ જે આવકો ઓછી થઈ હતી એ વધુ ખમતીધર લોકો જે છે એના ઉપર નાખીને રાજયની આવકો સરભર કરવાનો એ વખતે મેં પ્રયાસ કર્યો હતો પણ એ વખતે પણ કોઈ પાંચ કુવા મહાજનના પ્રતિનિધિઓનું પ્રતિનિધિ મંડળ આવ્યું હતું અને ત્યારે મેં એમને કીધેલું કારણકે મારા જૈન આગેવાનો હતા અને મેં એમને કીધું કે તમે ઘીની બોલી કેટલી બોલો છો ત્યારે કેમ તમને વાંધો નથી આવતો અને રાજયની તિજોરીમાં ૫૦૦ રૂપિયા જેવી રકમ જાય એ તમને કેમ નડે છે? પણ એ પછી તો અહીં ઘણા પાણી વહી ગયા છે અને આજે વિશ્વભરની અંદર અને માત્ર ગુજરાતની અંદર પણ ટેકસેસનનું જયારે સરળીકરણ થતું હોય ત્યારે આ આવકો અને જયારે ઓકટ્રોય નાબુદ કરી છે ત્યારે આ નવો જે વ્યવસાય વેરાનો જે સ્લેબ અને વધારો આ બધું ઘડિયાળના કાંટા આપણે પાછળ મૂકી રહયા છીએ એટલું મને કહેવાનું મન થાય છે. હમણાં જ અર્જુનભાઈએ કહયું એ પ્રમાણે કે ૨૦ રૂપિયાનો દર હતો એ ૨૦૦ રૂપિયાએ પહોંચ્યો અને ૨૦૦નો વધારો જે છે એ ૨૫૦૦ રૂપિયાની લીમીટે અટકી જાય. કેન્દ્ર સરકારમાં પણ સર્વીસ ટેકસ એ કોઈ યુ.પી.એ. સરકારે નાખેલો ટેકસ નથી. અગાઉની સરકારે નાખેલો ટેકસ છે અને હંમેશા જયારે ટેકસ નખાય ત્યારે એની આવકનું પ્રમાણ ઓછું હોય છે અને આવક કોને ન ગમે? દરેક નાણામંત્રીને એડવેલોરમ ટેકસ છે એને કારણે ભાવો વધતા હોય એટલે ઓટોમેટિકલી આવકો રાજય સરકારની વધે અને વેટની અંદર પણ આપણો ૨૩ટકાનો વધારો પેટ્રોલિયમના ભાવો વધ્યા એને કારણે આપણને વધુ આવકો થઈ એને કારણે છે મોંઘવારી જયારે વધતી જતી હોય ત્યારે ફીકસ ઈન્કમ ગૃપના જે લોકો હોય છે ખાસ કરીને સરકારી કર્મચારીઓ એમને પગાર વધારો અને હમણાં પાંચમા પગાર પંચ પછી દસ વર્ષે હમણાં છઠ્ઠા પગારપંચની જે દરખાસ્તો આવશે અને એ તો આવે ત્યારે પરંતુ અત્યારે જે ૩૦૦૦ રૂપિયાનો જે સ્લેબ હતો અને એમાં જો ૬૦૦૦નો સ્લેબ કર્યો હોતને તો ૧૦ વર્ષ પછી એમને કંઈક રાહત આપી શકાય. આ તો દસ વર્ષ પહેલા એ વખતે રા.જ.પા.સરકાર કોંગ્રેસના ટેકાની હતી એ વખતે ૧૦૦૦ના ૩૦૦૦ કરેલા. પછી કોઈ સ્લેબની અંદર કોઈ ફેરફાર થયેલ નથી અને હવે તો આ વ્યવસાય વેરો ઉઘરાવવાની સત્તા જ્યારે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને આપવાનું બિલ આવેલું, ત્યારે પણ મેં મારા વિચારો આ જ સન્માનનીય ગૃહમાં વ્યક્ત કરેલ અને ત્યારે પણ એના ભયસ્થાનો કહેલ હતા. આજે આ સંસ્થાઓને આ પૈસા ઉઘરાવવા માટે થઈને અને એના એજન્ટ રાજ્ય સરકારની અનુમતિ લઈને નીમવામાં આવશે, તેવો પણ આની અંદર ઉલ્લેખ કરેલ છે, એટલે કોઈપણ ગ્રામ પંચાયત કે નગરપાલિકા પોતાની રીતે નહિ, પણ એમણે નામદાર સરકારશ્રી પાસે એ મંજૂર કરાવવું પડશે. આમાં આવતા દિવસોની અંદર કારણ કે હવે તો વિરોધ કરવાનું નામશેષ થઈ ગયું છે. એ વખતે કેટલાક એવા નેતાઓ હતા, આગેવાનો હતા, કાર્યક્રમો હતા કે નામનો પણ જો ભાવવધારો થાય, ટેક્સ આવે તો એના માટે થઈને આંદોલનો થતા. આજે બધુ એબસોર્બ થતું જાય છે, પણ આખરે તો એનો બોજો છેવાડાના માણસ ઉપર પહોંચે છે અને એટલા માટે આ બિલની અંદર ખૂબ વિગતો આપવામાં આવેલી, એમાં ઓટોમોબાઈલ, કેબલ, ટીવી ઓપરેટર્સ પણ આવે. ૩,૦૦૦ રૂપિયાની આવક એટલે ૧૦૦ રૂપિયાની આવકવાળા કુટુંબમાં એક જણ કમાતા હોય અને ૪ જણા ખાતા હોય એના ઉપર ૧૦૧ કમાય, એટલે એના ઉપર ૨૦૦ રૂપિયાનો મહિને ટેક્સ લાગી જાય. આનું ગામડામાં એનું કઈ રીતે ક્લાસિફિકેશન કરી શકો?

માનનીય વજુભાઈ શ્રમ મંત્રી પણ છે. ગુમાસ્તા ધારાનો અમલ આપણે ત્યાં બિલકુલ થતો નથી. એમના શ્રમજીવી વર્ગનું શોષણ પણ થાય. આ બધાની વચ્ચે જ્યારે મોંઘવારીમાં પીસાતો વર્ગ હોય, ત્યારે સૌથી પહેલા આ ૩,૦૦૦ નો જે સ્લેબ છે, એને ૬,૦૦૦ કે ૮,૦૦૦ સુધીની મુક્તિ આપવાનું નાણામંત્રી ગૃહમાં કરે તો આ બિલને સમર્થન આપીએ, સ્વીકાર કરી શકીએ તેમ છીએ, તેમ છતાં તેના ભયસ્થાનો છે. એના એજન્ટ નીમવાની કઈ પ્રથા હશે? એનું ઉઘરાણું કરવા માટે થઈને કોને કઈ રીતે નીમવામાં આવશે? અગાઉ નગરપાલિકામાં આ ઑકટ્રૉય ઉઘરાવવા માટે થઈને ઇજારાઓ આપવામાં આવતા હતા. જાહેર હરાજી પણ કરવામાં આવતી હતી.

હવે કઈ પદ્ધતિ આવશે અને ગ્રામ પંચાયત સુધી આ તો છે, ત્યારે આની અંદર જે ભ્રષ્ટાચાર વધવાનો છે, એના ભયસ્થાનો તરફ હું આપના મારફત આનું સરળીકરણ થાય, આ વ્યવસાય વેરા મારફત કેટલીક આવકો મેળવવાના છો, તેની કોઈ સ્પષ્ટતા માનનીય નાણા મંત્રીશ્રીએ પોતાના પ્રવચનમાં ઈન્ટ્રોડયુસ કરી નથી. આમાં બહુ મોટી આવક ન હોય તો સમગ્ર વ્યવસાય વેરાની જવાબદારી રાજ્ય સરકારે પ્રજાના હિતમાં લેવી જોઈએ, એટલા મારા વિચારો હું વ્યક્ત કરું છું.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીઓએ ઘણી બધી ચર્ચા કરી. મારે ખાલી એક જ ધ્યાન સભ્યશ્રીઓનું દોરવાનું છે કે પ્રોફેશનલ ટેક્સ એ જુદા જુદા કેટેગરીઝથી વર્ષોથી ચાલે છે. આપણે આ પ્રોફેશનલ ટેક્સની અંદર કોઈ મોટા સુધારા નથી લાવતા. આપણે જે મુખ્ય સુધારા એ લાવીએ છીએ કે આ જે પ્રોફેશનલ ટેક્સ રાજય સરકારના કોન્સોલીડેટેડ ફંડમાં આવતું હતું, એ આવતા દિવસોની અંદર નગરપાલિકા અને પંચાયતના પોતાના ફંડમાં આવશે. એ લોકો કલેક્ટ કરશે અને આ લોકો વાપરશે. એ ચિંતા વ્યક્ત કરી. ટેક્સિસના સ્લેબ વધી જશે, આ વધી જશે, પણ કઈ થવાનું નથી. જે બંધારણના કન્સ્ટિટ્યુશનમાં જોગવાઈ છે. તે જોગવાઈમાં સ્પષ્ટપણે લખ્યું છે કે ૨૫૦૦ રૂપિયાથી કયારેય આખા વર્ષનો ટેક્સ ઉઘરાવવામાં આવશે નહીં. જુદી જુદી કેટેગરીમાં જુદો જુદો ટેક્સ છે. પણ મેકસીમમ કેટેગરી ૨૫૦૦ રૂપિયા છે. એટલે બહુ સ્પષ્ટ છે કે સૌથી વધારે આવક ધરાવનારા હોય અને એ પ્રોફેશ્નલ હોય તેને ૨૫૦૦ રૂપિયાથી વધારે માસિક બોજો આવતો નથી. આ પ્રમાણેની જોગવાઈ કરેલી છે. બીજું સભ્યશ્રીએ વાત કરી કે રાજય સરકારની જવાબદારી છે કે અર્બન ડૅવલપમેન્ટમાં રૂપિયા આપે. મારે એટલી જ માહિતી આપવી છે કે રાજય સરકારે એના વચનો પાળ્યા હતા અને તેના આધારે ઑકટ્રૉય નાબૂદી કરી અને આજની તારીખમાં ઑકટ્રૉય નાબૂદી કર્યા પછી એમને ધ્યાનમાં નહીં હોય પણ પાંચે કોર્પોરેશનો ભાજપની સત્તામાં છે એટલે તેમને ખ્યાલ નહીં હોય, પણ આજની તારીખમાં કોઈ ફરિયાદ નથી. તેમને સંપૂર્ણપણે જરૂરિયાત પ્રમાણે રૂપિયા આપવામાં આવે છે. આ વર્ષમાં ૨૦૦૮-૦૯ના બજૅટની વાત કરીએ તો તે બજૅટમાં જે જોગવાઈમાં પ્લાન અને નૉન પ્લાનમાં જે જોગવાઈ કરી છે તે ઈતિહાસમાં કયારેય જોગવાઈ નહોતી કરી એટલી કરી છે. કદાચ હું એમ પણ કહી શકું કે કોંગ્રેસના ૨૦-૨૫ વર્ષના શાસનનો સરવાળો કરીએ એટલી એક વર્ષમાં જોગવાઈ થઈ છે. આટલી મોટી જોગવાઈ કરી છે. અમે ચિંતા કરીએ છીએ, નગરપાલિકાની કરીએ છીએ, પંચાયત અને કોર્પોરેશનની ચિંતા કરીએ છીએ અને તે આવતા દિવસોમાં ચાલુ રહેશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કહે છે કે માત્ર નાણાં રાજયના કોન્સોલિડેટેડ ફંડમાં આવતા હતા તેના બદલે ત્યાં જ રહેશે અને કોઈ ટેક્સ વધારો નથી તે સંજોગોમાં મારે જાણવું છે કે તો પછી આપે કહ્યું કે ટેક્સ વધતો નથી,

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કહું છું કે મેકસીમમ ટેક્સ આપેલા છે અને મીનીમમ ટેક્સ નોટિફિકેશન દ્વારા રાજય સરકાર જાહેર કરશે અને મીનીમમ ટેક્સ અને મેકસીમમ ટેક્સની વચ્ચે તે લોકો લેવી કરશે અને કલેકટ કરશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ટેક્સ વધે છે તો ખરો ને? એટલું જ જાણવું છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે મીનીમમ ટેક્સનું નોટિફિકેશન આવતા દિવસોમાં રાજય સરકાર કરશે અને મીનીમમ ટેક્સ અને મેકસીમમ ટેક્સની વચ્ચે જે ડીફરન્સ છે તે પ્રમાણે જિલ્લા પંચાયત, નગરપાલિકા અને કોર્પોરેશન લેશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** :માનનીય અધ્યક્ષશ્રી, મારો માત્ર પ્રશ્ન એટલો જ છે કે હું એવું સમજયો હતો અને હાઉસમાં ઈમ્પ્રેશન એવી થઈ કે ટેક્સ વધતો નથી. મારે એ જાણવું છે કે ટેક્સનું ધોરણ આ એમેન્ડમેન્ડ થી પાંચ રૂપિયા હતા ત્યાં દસ રૂપિયા એટલે ડબલ થાય છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં મીનીમમ ટેક્સ રાજય સરકારે નક્કી કર્યો નથી. એટલે આજની તારીખમાં હું કહી ના શકું. હું સ્પષ્ટ કહું છું કે આવતા દિવસોમાં મીનીમમ ટેક્સ સ્ટ્રકચરનું નોટિફિકેશન આવશે પણ મેકસીમમ ટેક્સનું નોટિફિકેશન અપાઈ ગયું છે. એટલે હું બહુ જ કલીયર છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** :માનનીય અધ્યક્ષશ્રી, મને આપનું પ્રોટેકશન જોઈએ છે. હું એટલું જ કહું છું કે આમાં એમેન્ડમેન્ડ છે અને તેમાં પાંચ રૂપિયાની જગ્યાએ દસ રૂપિયા થાય છે. એટલે ટેક્સ જે છે તે પાંચ રૂપિયાની જગ્યાએ અને મુખ્ય અધિનિયમ મારી પાસે હાથ ઉપર છે. મુખ્ય અધિનિયમની કલમ-૬ પેટા કલમ-૩ એ જે મુખ્ય અધિનિયમમાં જે પાંચ રૂપિયા હતા.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તે પૅનલથી છે. પાંચથી દસ રૂપિયા જે છે તે પૅનલથી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** :માનનીય અધ્યક્ષશ્રી, એટલે એ જ કહું છું કે આ રેઈટ વધતો નથી એમ કહો છો, એટલે વધે છે, ડબલ થાય છે કે નહીં એટલું જ? જે રેઈટ પૅનલથી રેઈટ અને ટેક્સેસનના રેઈટમાં કોઈ વધારો નથી માત્ર કોન્સોલિડેટેડ ફંડના બદલે સ્થાનિક સ્વરાજય પાસે રહેશે એમ કહે છે. હું સ્પષ્ટતા એટલી ઈચ્છું છું કે આ સુધારાથી આ દરોમાં વધારો થાય છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પૅનલથી રેટ જુદુ છે અને રેગ્યુલર પ્રોફેશ્નલ ટેક્સ જુદુ છે. પૅનલથી રેટમાં પાંચ રૂપિયાથી દસ રૂપિયાનો વધારો થાય છે અને એકજીસ્ટીંગ સ્ટ્રકચર છે તેમાં આજની તારીખમાં મીનીમમ ટેક્સ સ્ટ્રકચર નક્કી કર્યુ નથી. આવતા દિવસોમાં નોટિફિકેશન જાહેર કરવામાં આવશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી થોડી સ્પષ્ટતા કરવી છે કે મંત્રીશ્રીએ જે બિલ આપ્યું છે તેમાં ૨૫ મા પેઈજ ઉપર અનુસૂચિ-૧ આપેલ છે તેની અંદર જૂના દર આપેલ છે. તે જૂના દરની અંદર વેરાનો દર લખ્યો છે તે વેરાના દરની અંદર ત્રણ હજાર સુધી કશું નથી પણ ત્રણ હજારથી છ હજાર સુધી ૨૦ રૂપિયા છે તે રીતે આખેઆખું મેકસીમમ વેરો છે મિનિમમ ૨૦ રૂપિયાથી શરૂ કરીને ૧૦૦૦ રૂપિયા સુધીનો છે. જ્યારે અત્યારે જે સુધારા માટેની ૧૯મી કલમ છે એમાં અનુસૂચિ એક દર્શાવી છે જે જૂના અનુસૂચિનું સ્થાન લેવાનું છે એમાં ત્રણ હજારથી છ હજાર રૂપિયા છે એના બસો રૂપિયા છે અને એકોર્ડીંગલી વધારેમાં વધારે પચીસો રૂપિયા છે તો માનનીય મંત્રીશ્રી સ્પષ્ટતા કરે કે આ દર વધ્યો ગણાય કે નહીં?

**શ્રી સૌરભ પટેલ** : હું ફરીથી કહું છું કે, રાજય સરકારે હજુ નોટિફિકેશન બહાર પાડ્યું નથી, નોટિફિકેશન બહાર પાડશું ત્યારે સ્પષ્ટતા થશે. આજની તારીખમાં જે એકઝીસ્ટીંગ સ્લેબ છે જે પગારના ધોરણો છે એ જ પગારના ધોરણો ઉપર આપણે ચાલુ રાખીએ છીએ અને ફરીથી હું બોલું છું. કે, આજની તારીખમાં જે ત્રણ હજારથી માંડીને છ હજાર કે જે સ્લેબ નક્કી કરેલા છે એ સ્લેબ ઉપર આજની તારીખમાં પ્રોફેશનલ ટેક્સ લેવાય છે અને આવતા દિવસોમાં મીનીમમ ટેક્સનું જે નક્કી કરવાનું એ નોટિફિકેશન રાજય સરકાર બહાર પાડશે અને મેકસીમમનું જે આવી ગયેલો સ્લેબ એ બેની વચ્ચે નગરપાલિકા કે પંચાયતો એ નક્કી કરી પોતે ટેક્સ કલેકટ કરશે અને ટેક્સ લેવી અને કલેકટ કરી અને પોતે વાપરશે.

**અધ્યક્ષશ્રી** : એમણે કહ્યું કે રાજય સરકારને પૂછ્યા વિના પંચાયતો કરી નથી શકવાના.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મીનીમમ દર છે એ અત્યારના દર કરતાં વધારશે નહી એવી ખાતરી આપે છે કે નહીં.?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હાલના વિપક્ષના નેતાશ્રી અને માજી વિપક્ષના નેતાશ્રીની હરીફાઇમાં હું ફસાયો છું, મેં ત્રણ વાર સ્પષ્ટ કહ્યું કે,...

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, એ કોમેન્ટ ન કરો, આપ સીધો જવાબ આપો. જે જવાબ આપવો હોય તે કહો, શું જવાબ આપવો એ હું કહી નથી શકતો.

**શ્રી સૌરભ પટેલ** : જવાબ મેં આપી દીધો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તેઓશ્રી ખાતરી આપવા માગે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : એમણે કહ્યું તમે સમજી લો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હા કે ના કહે, એમાં વાંધો શું છે?

**અધ્યક્ષશ્રી** : એમણે વારંવાર કહ્યું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પણ ખાતરી આપવા માગે છે કે નહીં, ના કહેવું હોય તો ના કહે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપે કંઈ કહેવું છે?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ખાતરી ના આપવી હોય તો ના કહે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપે કંઈ કહેવું હોય તો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું બહુ સ્પષ્ટ છું, મેં અનેક વખત એકની એક વસ્તુની વાત કરી છે, હું એને વળગી રહું છું અને મારે આવતા દિવસોમાં રાજય સરકાર નક્કી કરશે એ પ્રમાણે અમે જાણ કરશું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક ૧૫નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૧૯, અનુસૂચિઓ, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અનેઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી સૌરભ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક ૧૫નું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક ૧૫નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૧૬**

# ગુજરાત જિલ્લા આયોજન સમિતિ વિધેયક, ૨૦૦૮

**જિલ્લામાં પંચાયતો અને નગરપાલિકાઓએ તૈયાર કરેલી યોજનાઓના એકત્રીકરણ માટે અને સમગ્રપણે જિલ્લા માટે વિકાસ યોજનાનો મુસદો તૈયાર કરવા માટે જિલ્લા સ્તરે જિલ્લા આયોજન સમિતિઓની રચના કરવાની જોગવાઈ કરવા બાબત વિધેયક**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના આયોજનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક ૧૬ સન ૨૦૦૮, ગુજરાત જિલ્લા આયોજન સમિતિ વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના આયોજનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧૬, સન ૨૦૦૮, ગુજરાત જિલ્લા આયોજન સમિતિ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ બિલ અંગે માહિતી આપવા માગું છું. મને ચોક્કસપણે ખાતરી છે અને મને વિશ્વાસ છે કે, આ બિલ અંગે જે માહિતી આપવા માગું છું એમાં વિરોધ પક્ષના માનનીય સભ્યશ્રીઓ વિના વિરોધે સંમતિ આપશે એનું કારણ છે કે, ગુજરાત એ પ્રગતિશીલ રાજય છે. ગુજરાતમાં ડિસ્ટ્રિક્ટ પ્લાનિંગ બોર્ડની વર્ષોથી રચના થયેલી છે. આ ડિસ્ટ્રિક્ટ પ્લાનિંગ બોર્ડ દ્વારા જિલ્લાના કામોમાં આપણે ગતિશીલતા પકડી શક્યા. નાના મોટા કામો હોય, ગામડાના હોય, તાલુકાના હોય, જિલ્લાના હોય એ આ બોર્ડની રચના કર્યા પછી ત્યાં મંજૂરી આપ્યા ત્યાં રૂપિયા આપણે આપતા હતા એના આધારે આ કામોમાં પ્રગતિ આવતી હતી. પણ આપણે એમાં ઘણા આગળ નીકળી ગયા પણ દેશના બીજા રાજ્યો આમાં પાછળ રહી ગયા. આ પંચાયતી રાજયમાં ગુજરાતે જેટલી સફળતા મેળવી હતી એટલી બીજા રાજયો મેળવી ન શક્યા એટલે કેન્દ્ર સરકારે બંધારણમાં ફેરફાર કર્યો, ફેરફાર કરીને એમ કહ્યું કે દરેક રાજયમાં પોતાના દરેક જિલ્લામાં એના ડેવલપમેન્ટ માટે એક ડિસ્ટ્રિક્ટ પ્લાનિંગ કમિટીની રચના કરવામાં આવશે. એના આધારે બંધારણની અંદર જે ફરજ પડી એટલે આપણે પણ ડિસ્ટ્રિક્ટ પ્લાનિંગ કમિટીની રચના કરવાનું નક્કી કર્યું. આ અંગેનું બિલ વિધાનસભા ગૃહમાં રજૂ કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ડિસ્ટ્રિક્ટ પ્લાનિંગ કમિટીમાં જે ચેરપર્સન હશે એ સ્ટેટ નોમીનેટેડ હશે અને પ્રમુખ, જિલ્લા પંચાયતના એ વાઈસ ચેરમેન હશે, કલેકટર, એ કો-વાઈસ ચેરમેન હશે, ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ ઑફિસર હશે અને D.P.O. will be the Member Secretary. આ મુખ્ય હોદાઓ છે પણ સૌથી જે મહત્ત્વનો હોદો જે ફરજિયાત કર્યો છે કે, ૪/૫th of the total members of the Commiittee shall be elected from the elected members of the District Panchayat. એટલે એનો અર્થ એ થયો કે ૩૦માંથી રાજય સરકાર ૬ વ્યકિતઓને મૂકે એ ૬ વ્યકિતમાં પ્રભારી મંત્રી હોય, કલેકટર હોય ડી.ડી.ઓ. ડી.પી.ઓ. હોય, અને બે નિષ્ણાતને મૂકે. તો આ ૬ વ્યકિતઓને મૂકે તો ૨૪ વ્યકિતઓ એમાં જિલ્લા પંચાયતના સભ્યોમાંથી, નગરપાલિકાના સભ્યોમાંથી કે કોર્પોરેશનમાંથી લેવા પડે. એટલે ૨૪ જણને લેવા માટે ઇલૅક્શન થવાનું. એટલે કમિટીની સાઇઝ ગમે તેટલી હોય પણ ફોરફીફ્થ ઑફ ધ મેમ્બર્સ ઈલેકટેડ હોવા જોઈએ અને આના સભ્યો હોવા જોઈએ. એટલે આ ફોરફીફ્થ મેમ્બર્સ દ્વારા ઇલૅક્શન થવાનું અને ઇલૅક્શનની જવાબદારી સંપૂર્ણપણે કલેક્ટરને આપવામાં આવી છે. આ કમિટી પાંચ વર્ષની હશે અને જો વ્યકિત પંચાયતમાંથી રાજીનામુ આપે, કૉર્પોરેશનમાંથી રાજીનામું આપે તો ઓટોમેટિકલી આના સભ્ય રહેતા નથી. એની જગ્યાએ બીજા કોઈ સભ્યો બને. અગત્યનો વિષય એ છે કે આના જે ફંકશન્સ છે એ મૂળભૂત આયોજનના ફંકશન છે, કે કયાં શું જરૂર છે, નગરપાલિકાને શું અગત્યની જરૂર છે, તાલુકાને શું અગત્યની જરૂર છે અને એના આધારે એ લોકો ડ્રાફ્ટ ડૅવલપમેન્ટ પ્લાન બનાવશે અને એ ડ્રાફ્ટ ડૅવલપમેન્ટ પ્લાન આખા ડિસ્ટ્રિક્ટનો બન્યા પછી એ રાજય સરકારને મોકલશે અને રાજય સરકાર એ અભ્યાસ કર્યા પછી એ પ્રમાણે નાણાકીય જોગવાઈ કરશે. એટલે મુળ હેતુ એ છે કે, નીચેની જરૂરિયાત પ્રમાણે કામ થાય, છેવાડાના માનવીને રૂપિયા પહોંચે અને ડિસ્ટ્રિક્ટ પ્લાનિંગ કમિટી, જે નીચે ઈલેકટેડ સભ્યો છે એ સભ્યોના સૂચનો પ્રમાણે રાજય સરકાર જોગવાઈ કરે એના આધારે જે બંધારણમાં ફેરફાર કર્યા છે કેન્દ્રના એ બંધારણના ફેરફારના કારણે ગુજરાત સરકારે આ કમિટીની રચના કરવા માટે આજે વિધાનસભાની અંદર આ બિલ મૂક્યું છે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર (ઠાસરા)** : માનનીય અધ્યક્ષશ્રી, આયોજન મંત્રી, ગુજરાત જિલ્લા આયોજન સમિતિ, વિધેયક લઈને આવ્યા છે એની ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. રાજયનો વિકાસ

* વિધેયક તા.૧૫મી માર્ચ ૨૦૦૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

પંચાયતી રાજના બંધારણ પ્રમાણે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, વિધાનસભા અને લોકસભા. જે રચના થઈ છે એ રચનાને કારણે ગામડાનો કઈ રીતે વિકાસ થાય અને છેવાડામાં છેવાડા સુધી એને વિકાસનો પૂરેપૂરો લાભ મળે એના માટે માનનીય મંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે જિલ્લા આયોજન સમિતિની રચનાની બાબત લાવ્યા છે. મંત્રીશ્રીએ કહ્યું કે ૩૦ થી ઓછા નહિ અને ૪૦ થી વધારે નહિ એટલા સભ્યની સમિતિ બનશે. મને વાંધો નથી એમણે જે વાત કરી એ પ્રમાણે અધિકારી મિત્રો પણ મોટાભાગે એના સભ્યો બનશે, અધ્યક્ષ બનશે, જિલ્લા પંચાયતના પ્રમુખ ઉપાધ્યક્ષ બનશે, એ બધી વાત બરાબર છે પણ ત્રણ લાખ વસતિની અંદરથી ચૂંટાયેલો ધારાસભ્ય, લોકસભાનો સભ્ય, પોતાના કોન્સ્ટીટ્યુશનની અંદર, પોતાના તાલુકાની અંદરથી, વધારેમાં વધારે વસતિની અંદરથી એ જ્યારે ચૂંટાઈને આવ્યો હોય ત્યારે એ આયોજન સમિતિનો કાયમી આમંત્રિત મહેમાન રહેશે. અધિકારી મિત્રો એ સભ્ય કાયદેસરના બને અને ધારાસભ્યો આ બાજુના હોય કે પેલી બાજુના હોય એ કાયમી આમંત્રિત બનશે. માનનીય અધ્યક્ષશ્રી, આમંત્રિત મહેમાન સભ્ય એટલે શું? અધ્યક્ષશ્રીને યોગ્ય લાગે તો બોલાવે અને યોગ્ય ના લાગે તો ના પણ બોલાવે. લોકશાહી ઢબની અંદર પ્રજાએ જ્યારે અમારી પર વિશ્વાસ મૂક્યો હોય અને સમિતિમાં અમારે જ્યારે બેસવાનું હોય ત્યારે એક આમંત્રિત સભ્ય તરીકે અમારે બેસવાનું હોય તો અમને શરમ આવે. ચૂંટણીની પણ વાત કરી. તો ચૂંટણી કદાચ થાય તો અમને કોઈ અધિકાર મળતો નથી. અમે તો આમંત્રિત મહેમાન છીએ. આમાં અમને મત આપવાનો અધિકાર મળતો જ નથી. એમાં માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે કાયમી આમંત્રિત નહિ પણ એક સભ્ય તરીકે, દરેક ધારાસભ્યનો આમાં સમાવેશ કરે.

જિલ્લા આયોજન સમિતિ જે બનશે એની જે વાત કરી પણ એમાં હું મારા થોડાંક સૂચનો કરવા માગું છું. જિલ્લા આયોજન સમિતિની અંદર તાલુકા આયોજનના જે કામ નક્કી થાય, જે ગ્રાન્ટ મંજૂર થઈને તાલુકાને એમ કહેવામાં આવે કે આટલા પચાસ લાખની અંદર જુદા જુદા હેડે એનું આયોજન મંગાવી લેવામાં આવે છે. એ આયોજન તાલુકાનું જિલ્લા આયોજનની અંદર મૂકવામાં આવે છે અને જિલ્લા આયોજન જ્યારે મંજૂર કરે ત્યારપછી તાલુકા પંચાયત એનું અમલીકરણ કરતી હોય છે. એની અંદર મેં જોયું છે એ પ્રમાણે જિલ્લાનું આયોજન મંજૂર થયા પછી તાલુકાનું અમલીકરણ કરવાનું હોય ત્યારે તાલુકાની જે ગ્રાન્ટ હોય અને જે હેડે મંજૂર થઈ હોય એ હેડનું અમલીકરણ ટોટલી તાલુકા વિકાસ અધિકારી મારફતે થવું જોઈએ. ઘણી જગ્યાએ મેં જોયું છે કે જિલ્લા આયોજનની અંદર તાલુકાની ગ્રાન્ટની અંદર જો હેન્ડ પંપ કરવાના હોય તો એ હેન્ડ પંપ તાલુકા અધિકારી કરી શકતો નથી, તાલુકા અમલીકરણ કરી શકતો નથી અને બારોબાર પાણી પુરવઠાને પધરાવી દેવામાં આવે છે. એક તાલુકા પંચાયત કરવા સંમત હોય છતાં પણ તેને પાણી પુરવઠાને પધરાવી દેવામાં આવે તેમાં શું થાય, પાણી પુરવઠાની એસ.ઓ.આર.ના ભાવ જુદા છે. તાલુકા પંચાયતના એસ.ઓ.આર.ના ભાવ જુદા છે. પાણી પુરવઠાના ભાવ એટલા બધા ઉંચા છે કે અમારે એક હેન્ડ પંપ ગ્રામ્યની અંદર કરવો હોય તો દોઢ લાખ રૂપિયા થાય. જ્યારે તાલુકાના એસ.ઓ.આર.પ્રમાણે જો એક હેન્ડ પંપ અમારે કરવો હોય તો ૩૦ હજાર, ૪૦ હજાર કે ૫૦ હજાર તેની ઉંડાઈના પ્રમાણમાં હેન્ડ પંપ થઈ શકે. પાણી પુરવઠા એક હેન્ડ પંપ કરે તેમાં તો અમારા બે હેન્ડ પંપ થઈ શકે માટે તાલુકાનું જ અમલીકરણ હોવું જોઈએ તે પણ મારી માનનીય મંત્રીશ્રીને નમ્ર વિનંતી છે. જિલ્લાની સમિતિ ઘણી વખત નિયમસર જે રેગ્યુલર રીતે બોલાવવી જોઈએ તે નથી બોલાવાતી તેને કારણે કામની અંદર વિલંબ થાય અને ચોમાસું નજીક આવતું જાય અને ચોમાસાની અંદર કામ નથી કરી શકતાં એટલે તેને કારણે પણ ગ્રાન્ટ પડી રહે છે અને તેનો વિકાસ થતો નથી. મેં કહ્યું કે જિલ્લાની અંદર ગ્રાન્ટ તાલુકાને ફાળવવામાં આવે છે. તેમને ૫૦ લાખનું જુદા જુદા હેડે નક્કી કર્યુ હોય તો તાલુકાની અંદર આયોજન નક્કી થાય, સભ્ય નક્કી કરે. જિલ્લા પંચાયતનો સભ્ય હોય, પ્રમુખ હોય, ન્યાય સમિતિનો અધ્યક્ષ હોય, ધારાસભ્ય હોય બધું આયોજન કમ્પલીટ કરીને જ્યારે જિલ્લામાં મોકલે ત્યાં મંજૂર થાય અને મંજૂર થયા પછી ૧૫ દિવસે, ૨૦ દિવસે કે એક મહિનાની અંદર પાછો બીજો પરિપત્ર આવે કે ૫૦ લાખની તમને ગ્રાન્ટ આપી હતી પણ પૂરતી ગ્રાન્ટ આવી નથી માટે તમારે ૩૦ હજારનું જ આયોજન કરવાનું. એટલે ફરી વખત અમારે સમિતિ બોલાવવી પડે અને જે તે વિસ્તારનો સભ્ય હોય તો તેના વિસ્તારમાં તેને જાહેરાત કરી દીધી હોય કે આટલા કામ અમે મંજૂર કરી આપ્યાં છે તેની જાહેરાત થઈ ગયા પછી ગ્રાન્ટ કાપી નાંખે તેને કારણે ઘણી વખત બહુ મુશ્કેલી પડે છે. તો જેટલી ગ્રાન્ટ મળવાપાત્ર હોય એટલી જ ગ્રાન્ટનું આયોજન કરવા માટેનું આયોજન મંગાવે તેની પણ હું તેમને વિનંતી કરું છું. જિલ્લા આયોજનના અધ્યક્ષ સરકાર નક્કી કરે તે પ્રમાણે અધ્યક્ષ તો નીમવાના છે. જે અધ્યક્ષ તરીકે બેસે તે હંમેશા હું માનું છું ત્યાં સુધી આ પક્ષના કે પેલા પક્ષના તેમાં પડ્યાં વગર જિલ્લાનો વિકાસ કેવી રીતે થાય, તાલુકાનો વિકાસ કેવી રીતે થાય અને તાલુકાનું આયોજન આવ્યું હોય તે પ્રમાણે જિલ્લાની અંદર મંજૂર કરવું જોઈએ. હું આણંદ તાલુકાની જો વાત કરું તો ગયા વખતે.

**અધ્યક્ષશ્રી** : હું વચ્ચે નથી પડતો પણ આ એક આયોજનનું વૈદ્યાનિક સ્વરૂપ કરવાનું છે ત્યારે તેની મર્યાદા તમે જાણો છો. તે મર્યાદાની અંદર રહીને વાત કરશો નહીંતર તો ઘણી બધી વાતો આવશે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, તેમની જે ફરજ છે તેમની અંદર જ હું વાત કરું છું. એડવાન્સ કામ થઈ ગયા છે આ કામ બરાબર થયા નથી અને જિલ્લા આયોજન એક વર્ષ સુધી બંધ રહ્યું, કામ ના થયું તેને કારણે વિકાસ રૂંધાયો એટલા માટે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે જે તાલુકાનું આયોજન આવે તેમાં આ પક્ષ કે પેલો પક્ષ કર્યા વગર તેને મંજૂર કરે તેને માટે પણ હું તેમને સૂચન કરું છું. જે મારાં સૂચન મેં રજૂ કર્યા છે અને તે સૂચન જો સ્વીકારે તો અમે બધા ભેગા થઈને અનુમોદન કરવા માટેની અમારી તૈયારી છે.

**શ્રી હીરાભાઈ હ. પટેલ (લુણાવાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા હું માનનીય મંત્રીશ્રી જે જિલ્લા આયોજન સમિતિ વિધેયક ૨૦૦૮ ક્રમાંક: ૧૬ લઈને આવ્યા છે તે અંગે મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું. જિલ્લા આયોજન મંડળની જે શરૂઆત થઈ તે વિકેન્દ્રીત આયોજનના એક ભાગરૂપે થઈ છે અને આયોજન નીચલી કક્ષાએથી થાય, ગ્રામ્ય કક્ષાએથી જેથી કરીને જે બંધારણની અંદર જોગવાઈ છે.કે સમગ્ર દેશની અંદર સંતુલિત પ્રાદેશિક વિકાસ લાંબા ગાળે થાય અને એના પરિણામે જે અસમાનતાઓ છે એ પણ દૂર થાય. જયારે આટલું મહત્વનું એક આયોજન કરવા માટેની સમિતિનું ગઠબંધન થતું હોય ત્યારે મુરબ્બી શ્રી રામસિંહભાઈએ કહ્યું તેમ દરેક જિલ્લાના ચૂંટાયેલા વિધાનસભાના સભ્યશ્રીઓ અને લોકસભાના સભ્યશ્રીઓ એ સમિતિના કાયમી આમંત્રિત સભ્ય રહેશે એવી જે જોગવાઈ છે એમાં સુધારો કરવામાં આવે.

બીજી મારી એક વાત એ છે કે તાલુકા પંચાયત અને નગરપાલિકા શહેર સુધરાઈના સભ્યનો પણ એમાં સમાવેશ કરવાની જોગવાઈ છે અને જરૂર પડે તો ચૂંટણીને પણ અવકાશ છે. એ સંજોગોમાં એકતરફી સભ્યોનું એક જૂથ એમાં આવે તો પણ સંતુલિત વિકાસને નુકસાન થાય, હાનિ થાય. એટલે એમાં પણ મારું સૂચન છે કે દરેક વિસ્તારના પ્રતિનિધિને પ્રતિનિધિત્વ મળે એ જોવામાં આવે.

સાથોસાથ એક બીજું મારું સૂચન એ પણ છે કે આમાં પણ દરેક એસ.સી., એસ.ટી., માઈનોરિટી જે હોય, એની લાગણીઓને પણ પ્રતિનિધિત્વ મળે એવી પણ વ્યવસ્થા કરવામાં આવે, એ પણ મારું એક સૂચન છે. અસ્તુ.

**અધ્યક્ષશ્રી** : માનનીય ઈકબાલભાઈ. (અંતરાય) માનનીય બાબુભાઈ, હું આપને ના નથી પાડતો, પણ આપણા નવા સભ્યો જો બોલતા હોય તો એને પહેલો ચાન્સ આપવો જોઈએ એવું તમે માનો છો કે નહીં, એટલો જ મારો આપને પ્રશ્ન છે. (અંતરાય) હા.

**શ્રી ઈકબાલ પટેલ (વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૮ના ગુજરાત વિધેયક ક્રમાંક ૧૬, ગુજરાત જિલ્લા આયોજન સમિતિ વિધેયક ૨૦૦૮ પર હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે ૧૯૮૧થી ૧૯૯૩ સુધી આયોજન સમિતિનો જે અનુભવ છે તેના આધારે હું વાત કરીશ. ૧૯૮૦માં વિકેન્દ્રીત આયોજન માટે ખાસ કરીને સનત મહેતાના વિચારોને લઈને એક આકાર લઈ રહેલા જિલ્લા આયોજન મંડળના ભાગરૂપે ગુજરાતે આખા દેશમાં વિકેન્દ્રીત આયોજનનો પ્રારંભ કરેલો. ૨૬ વર્ષ સુધી આયોજન મંડળના ખૂબ જ સારા પરિણામો આપણને મળેલા છે. દેશની અંદર બીજા રાજયોના પ્રમાણમાં પંચાયતના ક્ષેત્રે ગુજરાતે ખૂબ સારો વિકાસ કરેલો છે, ત્યારે જિલ્લા આયોજન મંડળને બદલે ગુજરાત જિલ્લા આયોજન સમિતિ વિધેયક ૨૦૦૮ જે આવેલું છે એ કેન્દ્રની યુનિફોર્મ રચનાના ભાગરૂપે આજે મંત્રીશ્રી લાવેલા છે ત્યારે મારા કેટલાક વિચારો અને કેટલાક ઈન્ડીકેશન્સ આપું છું.

ખાસ કરીને નવી રચનાથી પંચાયતો અને નગરપાલિકાઓના સભ્યો આ સમિતિના સભ્યો બનશે. માનનીય અધ્યક્ષશ્રી, સમિતિના સભ્યો ૩૦ થી ૪૦ જેટલા રહેશે, પરંતુ એમાં સૌથી મહત્વની વાત એ છે કે અત્યારે આયોજનમાં તાલુકા આયોજન સમિતિ કામોની સ્ક્રુટીની કરે છે. એમાં જિલ્લા પંચાયતના સભ્યો તો હોય જ છે, તાલુકા પંચાયતના પ્રમુખ હોય છે અને અધિકારીઓ પણ એમાં હોય છે. એ તાલુકા આયોજન સમિતિની એપ્રુવલ પછી જિલ્લા આયોજન સમિતિની બેઠકમાં કાર્યવાહકમાં પ્રથમ કામને બહાલી આપવામાં આવે છે. કાર્યવાહકના કામો પછી જિલ્લા આયોજન બોર્ડમાં એને એપ્રુવલ આપવામાં આવે છે. માનનીય પ્રભારી મંત્રીશ્રી એના ચેરમેન તરીકે આવે છે. કલેકટરશ્રી આવે છે અને ઉપાધ્યક્ષ તરીકે જિલ્લા પંચાયતના ચેરમેન હોય છે. આ નવા વિધેયકથી સૌથી મહત્વની બાબત એ છે કે જિલ્લા આયોજન મંડળના બોર્ડમાં કોઈપણ જગ્યાએ તાલુકા પંચાયતના પ્રમુખનો અવાજ નથી. તાલુકા પંચાયતનો પ્રમુખ કે નગરપાલિકાનો પ્રમુખ એ બન્ને આ મહત્વનાં કામોના અમલીકરણ માટેના ફન્ડામેન્ટલ યુનિટનાં મહત્વનાં અંગ છે. ધારાસભ્ય કે સંસદ સભ્યની ગ્રાન્ટ કે જિલ્લા આયોજન મંડળની ૧૫ ટકા ગ્રાન્ટ હોય, ૫ ટકા પ્રોત્સાહક ગ્રાન્ટ હોય, ખાસ અંગભૂતની ગ્રાન્ટ હોય કે બક્ષીપંચની ગ્રાન્ટ હોય એ તમામે તમામનું અમલીકરણ જે કરવામાં આવે છે એ લોકલ બોડી એટલે કે તાલુકા પંચાયતની બોડી કરે છે. આ બિલમાં તાલુકા પંચાયતના પ્રમુખશ્રીને કોઈપણ જગ્યાએ કોઈ આમંત્રિત તરીકે પણ ઉલ્લેખ કરેલ નથી. હું માનનીય મંત્રીશ્રીનું બીજું પણ ધ્યાન દોરવા માગું છું કે ૨૦૦૮ ના ગુજરાત જિલ્લા આયોજન સમિતિના વિધેયકમાં ધારાસભા જેને બહાલી આપે, ધારાસભ્યો જેને બહાલી આપે એ જ ધારાસભ્યોને માત્ર આમંત્રિત સભ્ય તરીકે રાખવામાં આવેલ છે. This is one kind of great insult and this is one kind of cut power of M.L.A.આજે જયારે અમે જિલ્લા આયોજન મંડળની મિટિંગમાં જઈએ છીએ ત્યારે આપણે એક સભ્ય તરીકે બેસતા હોઈએ છીએ.We are member of the આયોજન મંડળ, આપણે કમિટીના એક સભ્ય છીએ, અધિકારીઓની સત્તાઓ ઉપર કાપ મૂકવા માટે, એમને કંટ્રોલ કરવા માટે, એમને બેલેન્સ કરવા માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓનો અવાજ હોવો ખૂબ જરૂરી છે, પરંતુ સામાન્ય રીતે મેં જોયું છે કે આ ગૃહમાં જયારથી આ બધું ચાલે છે ત્યારથી સૌથી વધારે કોઈને નુકસાન થયેલ છે તો એ ધારાસભ્યોને થાય છે કારણ કે ધારાસભ્યોના અધિકારો ઉપર કાપ મૂકવામાં આવ્યો છે એને ડિમોરલાઈઝ કરવામાં આવે છે, એના અધિકારો ઉપર કંટ્રોલ કરવામાં આવે, સેન્ટ્રલાઈઝ કરવામાં આવે, અહીંયાં સેન્ટ્રલાઈઝને બદલે ડિ-સેન્ટ્રલાઈઝ કરવાનો મુદ્દો છે, વિકેન્દ્રીકરણનો મુદ્દો છે, જુદા પાડવાનો અને વિભાજન કરવાનો મુદ્દો છે તેને બદલે આમંત્રિત સભ્ય તરીકે રાખીને માત્ર તમે સૂચનો કરી શકો, ઓન્લી યુ કેન સજેસ્ટ, અગર આઈ.એ.એસ. કે કોઈ પણ અધિકારી આ તો તમારું સૂચન છે એમ કહેશે તો તમે કાંઈ નહીં કરી

શકો. મને વિશ્વાસ છે કે માનનીય મંત્રીશ્રી આને કોઈપણ બીજી રીતે નહીં લેતાં આમાં તો બધા જ સભ્યોનો સવાલ છે, બધાજ સભ્યોની સત્તાનો સવાલ છે. This is question of dignity, this is question of power and this is the question of M.L.A.આ મુદ્દા ઉપર કાયમી આમંત્રિતને બદલે એક સભ્ય તરીકે જો પ્રોવિઝન કરવાનું જો ઉદાર દિલ અપનાવશે તો મને વિશ્વાસ છે કે આવનાર દિવસોમાં જેમ ૧૯૮૦ માં સનત મહેતાના અધ્યક્ષપણાએ જિલ્લા આયોજન મંડળની રચના કરી હતી અને આજે પણ જવાબ આપી રહેલ છે. તો આ સન ૨૦૦૮ ના બિલમાં ધારાસભ્યની કાયમી આમંત્રિત તરીકે પરિસ્થિતિ એવી થશે કે કલેકટર કે ડી.ડી.ઓ. વાત નહીં કરવા દે અને તમે કોઈ વાત કરશો તો એને સૂચન ગણી લેશે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય ઈકબાલભાઈ, મને ખબર છે, તમારી એકની એક વાત ચાર ચાર વાર આવે છે અને હજુ દસેક જેટલા સભ્યો આની ઉપર બોલવા માગે છે એટલે આપ પુનરોકિત ના કરો. ધારાસભ્યોની આમંત્રિત સભ્યોની વાત આપે ચાર જેટલી વખત કહી છે. તમારી વાત પૂરેપૂરી પહોંચી છે અને બીજા સભ્યો બોલવાના છે એટલા માટે.(અંતરાય) હું આ ચર્ચાને મર્યાદિત કરવા માગતો નથી, તમને બેસાડી દેતો નથી, પરંતુ ધારાસભ્યોને આમંત્રિત કરવા કે નહીં, કાયમી કરવા એ મુદ્દા ઉપર વારંવાર વાત ના કરો.

**શ્રી ઈકબાલ પટેલ** : સર, ઈટ વીલ નોટ બી રિપિટ, એ જ પ્રમાણે જિલ્લા પંચાયતના સભ્યમાંથી જે લેવાનું નકકી કરેલ છે એમાં કોઈ વાંધો હોઈ શકે નહીં. જિલ્લા પંચાયતના સભ્ય સાથે ૩૦ થી ૪૦ જેટલા સભ્યોની બનેલી આટલી વિશાળ કદની જે આયોજન સમિતિ કહેવાય એ આયોજન સમિતિમાં ઘણાબધા મુદ્દા એવા પણ છે કે જેને સ્કુટીનાઈઝ કરવા જરૂરી છે. પેટા કમિટીની બાબતમાં પણ માનનીય મંત્રીશ્રી ખુલાસો કરશે કે ગ્રાસરૂટ ઉપર ગ્રામ સ્તરે ગ્રામ પેટા સમિતિ બનાવવા માગીએ છીએ, તાલુકા કક્ષાએ તાલુકા આયોજન સમિતિની પેટા સમિતિ બનાવવા માગીએ છીએ. એના મોનિટરિંગ માટે કાર્યવાહક સમિતિની કાર્યવાહક સમિતિ બનાવવા માગીએ છીએ અને કાયવાહક સમિતિ પછી જિલ્લા આયોજન સમિતિ બનાવવા માગીએ છીએ. આ સભાગૃહ જયારે આટલું મહત્વનું વિધેયક પસાર કરતું હોય ત્યારે નીચલા લેવલ ઉપર કયાં સ્કુટિની થશે? કામો કેવી રીતે મૂકશે અને એ કામને કોણ બહાલી આપશે? Who will approve the work? Whether District Committee wil approve it or taluka committee will aopprove. Here explanation of the work is necessary. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે તાલુકા પંચાયતના પ્રમુખ, ધારાસભ્ય અને જિલ્લા પંચાયતના સભ્યોની બનેલી આ સમિતિ એ સિવાયના તજજ્ઞો એક થી પાંચ જેટલા દર્શાવેલા છે, અર્થશાસ્ત્ર, આયોજન, નાણા, ઈજનેરી અને વહીવટમાં વિશેષ એવા પાંચ તજજ્ઞો દર્શાવેલા છે, ચૂંટાયેલા પદાધિકારીઓ કરતા અધિકારીઓ વધારે ન થાય અને બેલેન્સ રહે, સમતોલ રહે તે પણ આ સમિતિની રચનાની જોગવાઈમાં જોશે, અને ચૂંટાયેલા પ્રતિનિધિઓનો વોઈસ રહેશે તેવા સજેશન સાથે માનનીય મંત્રીશ્રીને હું આયોજન સમિતિ અંગેના આ સૂચનોનો સમાવેશ કરવા અને થોડુંક ઉદાર દિલ રાખવા વિનંતી કરું છું.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા (બોરસદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત જિલ્લા આયોજન સમિતિ વિધેયક ૨૦૦૮ લઈને આવ્યા છે એમાં મારા સૂચનો અને વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. અગાઉ મારા સાથી સદસ્યશ્રીઓએ કહ્યું એમ, ભૂતકાળમાં જેમ સત્તાનું વિકેન્દ્રીકરણ થાય અને ગ્રામ્ય કક્ષાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ હોય એમનો રોજ બરોજનો પ્રજાની વચ્ચેનો જે અનુભવ હોય તેનો સમાવેશ કરીને આયોજન થાય તે માટે તાલુકા આયોજન સમિતિ અને જિલ્લા આયોજન મંડળની રચના કરવામાં આવી હતી. કેન્દ્ર સરકાર દ્વારા આ જ વાતને આગળ લઈ જઈને બંધારણમાં સુધારો કરી, દરેક રાજયોમાં જિલ્લા કક્ષાએ આવી સમિતિઓમાં નવેસરથી તેની પુનઃરચના કરવા માટે સૂચના આપવામાં આવી અને તેના અનુસંધાને આ વિધેયક લાવવાની જરૂરિયાત ઉભી થઈ. આ બાબતમાં માનનીય મંત્રીશ્રીને બે ત્રણ સૂચનો કરવા છે, અગાઉ પણ મારા મિત્રોએ કહ્યું તેમ સંખ્યા ૩૦ કે ૪૦ રાખી છે એમાં લગભગ દરેક જિલ્લામાં છ, સાત કે દસ થી વધારે ધારાસભ્યો કોઈ જગ્યાએ નથી, અને આ સમિતિમાં ધારાસભ્યશ્રીઓને આમંત્રિત તરીકે લેવાને બદલે જે બહુમતિ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, ધારાસભ્યો અને સંસદસભ્યો છે તેમનો ખરેખર આ સમિતિમાં સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવે, કારણ કે જયારે કાયમી આમંત્રિત તરીકે લેવામાં આવે, કોઈ બાબતમાં કદાચ વિચારોથી મતભેદ થાય, અને મતદાનની જરૂરિયાત ઉભી થાય ત્યારે આ ધારાસભ્ય કક્ષાના ચૂંટાયેલા જે પ્રતિનિધિ છે, એ પોતાનો મત ન આપી શકે, ત્યારે ખરેખર એની અવમાનના સમાન કહેવાય, બીજી બાબતમાં જે જિલ્લા પંચાયતના અને નગરપાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ લેવાની વાત છે, માનનીય ઈકબાલભાઈએ કહ્યું એમ, કે મોટા ભાગની યોજનાઓનું અમલીકરણ તાલુકા પંચાયત મારફત થતું હોય છે, જિલ્લા આયોજન સમિતિમાં, તાલુકા આયોજન સમિતિ તેના તાલુકાનું આયોજન કરીને મોકલે છે તે બાબતનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, એ બાબતનો કોઈ મતભેદ ઉભો થાય ત્યારે તાલુકા પંચાયતનો પ્રમુખ જે હાલમાં જિલ્લા આયોજન મંડળનો સભ્ય છે, એ જ રીતે તાલુકા પંચાયતના પ્રમુખનો પણ આમાં સમાવેશ કરવામાં આવે તો આ બાબતની હેલ્ધી ચર્ચા થાય અને તેનું સારી રીતે નિરાકરણ લાવી શકાય, અમારું એ પણ સૂચન છે કે આ સમિતિમાં તાલુકા પંચાયતના પ્રમુખશ્રીને પણ સ્થાન આપવામાં આવે, સાથે સાથે આમાં વાત કરવામાં આવી છે કે રાજય સરકાર નકકી કરે તેવા અર્થશાસ્ત્ર, આયોજન, નાણા, ઈજનેરી અથવા વહીવટમાં વિશેષ જ્ઞાન ધરાવતી વ્યકિત અથવા વ્યકિતઓનો સમાવેશ કરવામાં આવે. એમનો સમાવેશ કરવામાં આવે, એમના અનુભવો, એમના જ્ઞાનનો લાભ લેવામાં આવે તેની સાથે આપણી કોઈ ના હોઈ શકે નહીં,

પણ એમને કાયમી સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવે, અને આટલા મોટા બહુમતી પ્રજાના પ્રતિનિધિઓ, ધારાસભય કે સંસદ સભ્ય કે તાલુકા પંચાયતના પ્રમુખ હોય તેને આમંત્રિત તરીકે લેવાની વાત કરવામાં આવે તો એ ખરેખર એ વિચારવા લાયક બાબત છે, જ્ઞાન ધરાવતી વ્યકિત કે જે આપણને માર્ગદર્શન સલાહ સૂચન આપવાના છે તેમને કાયમી આમંત્રિત તરીકે લેવામાં આવે, અને એમના સ્થાને ચૂંટાયેલા પ્રતિનિધિઓને સભ્ય તરીકે લેવામાં આવે તેવી અમારી લાગણી છે. સાથે સાથે એ પણ વાત કહેવામાં આવી છે કે, જિલ્લા આયોજન સમિતિની ચૂંટણી સંબંધી કોઈ તકરાર ઉભી થાય, તો આ તકરાર માટે ચૂંટણી કમિશનરશ્રીને અપિલ કરી શકાશે, પણ જો ચૂંટણી કમિશનરના કોઈ નિર્ણયની સામે આગળ કોર્ટમાં જવું હોય તો એના ઉપર આમાં સંપૂર્ણ બાધ રાખવામાં આવ્યો છે, અને કહેવામાં આવ્યું છે કે ચૂંટણી કમિશનરનો નિર્ણય આખરી ગણાશે અને તેની સામે કોઈ પણ કોર્ટમાં વાંધો ઉઠાવી શકાશે નહીં, આ રાજયમાં અને આખા દેશમાં આપણને બંધારણ દ્વારા જે વ્યકિતઓના અધિકાર આપવામાં આવ્યા છેઆમાં પણ તરાપ મારવાનો પ્રયત્ન છે. સાથે સાથે આમાં જે હક્ક ધરાવતા મત આપવાનો અધિકાર ધરાવતી વ્યકિત અપીલ કરવાને લાયક હોય એને રોકવામાં આવે તો ખરેખર એ દુ:ખદ બાબત છે. હકૂમતની કોર્ટો છે, દીવાની કોર્ટો પણ કેસ નહિ લઈ શકે તેવી વાત બિલમાં લાવવામાં આવી છે એનો પણ મંત્રીશ્રી જવાબ આપશે. સાથે સાથે આમાં પાંચ વર્ષ માટે કમિટી બનાવવામાં આવશે ત્યારે એમાં કયા પ્રકારના કામોનો મુસદ્દો નક્કી કરવામાં આવશે, કેટલા સમય માટેના પિરિયડનો મુસદ્દો નક્કી કરવામાં આવશે એ બાબતનો પણ માનનીય મંત્રીશ્રી ખુલાસો કરે તેવી વિનંતી છે.

સાથે સાથે માનનીય સભ્યશ્રી હીરાભાઈએ કહ્યું તેમ આ સમિતિમાં સમાજના નબળા વર્ગનો અવાજ સંભળાય એમની પણ લાગણી જળવાય એમને અન્યાય ન થાય અને બંધારણની જોગવાઈ અનુસાર એસ.સી., એસ.ટી., બક્ષી તથા મહિલા પ્રતિનિધિઓને યોગ્ય સ્થાન આપવામાં આવે તેવી મારી નમ્ર વિનંતી છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૦૮નું ગુજરાત જિલ્લા આયોજન સમિતિ વિધેયક લઈને આવ્યા છે એમાં હું પણ મારા થોડાક સૂચનો કરવા માટે અને માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર એક બે વાત મૂકવા માટે ઉપસ્થિત થયો છું.

મારા પૂર્વ વક્તા માનનીય સભ્યશ્રીઓએ વાત કરી તેમ જિલ્લા આયોજન મંડળમાં એમ.એલ.એ. અને એમ.પી. સદસ્યો છે. તેમાં જિલ્લા આયોજન સમિતિની રચના કરવાની છે એમાં પણ આ બંને સદસ્ય તરીકે એનો સમાવેશ થાય તેવી મારી આપની મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

બીજું સૂચન એ છે કે રાજય સરકાર મારફતે જે જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યો છે એમાંથી પસંદ કરવાના છે અથવા ચૂંટીને મૂકવાના છે એમાં મારું એક સૂચન છે કે જિલ્લા પંચાયતની કુલ સંખ્યા હોય એ સંખ્યાને ધ્યાને લઈને એમાં સત્તાધારી પક્ષ હોય કે સામેનો પક્ષ હોય એ સંખ્યાને ધ્યાને રાખીને રેશિયા પ્રમાણે જાળવીને એ સંખ્યાનો એમાં સમાવેશ કરવામાં આવે તો જે વિસ્તારમાંથી જે જિલ્લા પંચાયતના સભ્યો ચૂંટાઈને આવતા હોય એને અન્યાય ન થાય, કુલ સંખ્યાને ધ્યાને રાખીને રેશિયો નક્કી કરીને જિલ્લા પંચાયતના સભ્યોનો સમાવેશ થાય તેવી મંત્રીશ્રીને મારી વિનંતી છે.

ખાસ કરીને નગરપાલિકાની અંદર પણ આજ પરિસ્થિતિ ઊભી થવાની છે. તાલુકા પંચાયતની અંદર આખા તાલુકાની જે કંઈ રજૂઆતો કામ અંગેની કે વિકાસના કામો અંગેની બાબતો આવતી હોય છે. જેમાં જે તે નગરપાલિકાના પ્રમુખશ્રી હોય છે એમની પાસે પણ નગરજનોની વાત વિકાસની વાત એમની પાસેથી જતી હોય છે ત્યારે આમાં નગરપાલિકા અને તાલુકા પંચાયતના એમ બંને પ્રમુખોનો પણ સમાવેશ થાય તેવી મારી આ તકે મંત્રીશ્રીને વિનંતી છે.

સાથે સાથે રાજય સરકારમાંથી જે આયોજનમાં અર્થ શાસ્ત્રી, નાણા વિભાગમાંથી ઈજનેર કે વહીવટી જ્ઞાન ધરાવતા વ્યકિત મૂકવાના છે. એમાં મારી વિનંતી છે કે એમાં ફક્ત એવી વ્યકિત પસંદ કરવામાં આવે કે સીધી રીતે કોઈ પાર્ટી સાથે સંકળાયેલા ન હોય કે જેનામાં વિકાસની દૃષ્ટિ હોય ત્યાંની લોકલ પરિસ્થિતિ જાણતા હોય તેને ત્યાંના સૂચનોનો ખ્યાલ હોય તેવી વ્યકિતને પસંદ કરીને મૂકવામાં આવે તો ત્યાંની સાચી પરિસ્થિતિનો ખ્યાલ આપી શકે. એની સાથે સાથે ખાસ કરીને જે જિલ્લા પંચાયતની અંદર જુદી જુદી સમિતિઓ હોય છે એ સમિતિઓમાં ખાસ કરીને હમણાં પૂર્વ વક્તાએ કહ્યું તેમ તાલુકાકક્ષાએથી કે નગરપાલિકા કક્ષાએથી નહિ પણ જિલ્લા કક્ષાએથી ન્યાય સમિતિના અધ્યક્ષને આ સમિતિના સભ્ય તરીકે લેવામાં આવે. તેને આ સમિતિના સભ્ય તરીકે લેવામાં આવે એવી પણ આ તકે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે, સૂચન છે. બીજું ખાસ કરીને ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિના અધ્યક્ષ હોય છે તેનો પણ આમાં એક સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવે એવી આ તકે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. અમારાં જે સૂચનો છે એ માનનીય મંત્રીશ્રી માન્ય રાખે તો ચોક્કસ અમે આ બિલમાં પણ સમર્થન આપીશું. આભાર.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૬ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

ગુજરાતનું પંચાયતીરાજ સમગ્ર દેશમાં વખણાયેલું છે અને તેના આયોજનની ચિંતા માટેની જ્યારે આયોજન સમિતિ બનતી હોય ત્યારે માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા બે-ચાર સૂચનો કરવા માગું છું. મારા અગાઉના બધા જ સભ્યશ્રીઓએ જે વાત ઉપર ભાર મૂક્યો છે કે ધારાસભ્યને, લોકસભાના સભ્યોને આમાં કાયમી સભ્ય લેવા

જોઈએ એ વાત ફરીથી એટલા માટે દોહરાવું છું કે વિવિધ વિધાનસભાની કમિટીઓનો અભ્યાસ, વિધાનસભામાં બજૅટથી માંડીને તમામ પાસાંઓનો અભ્યાસ, તમામ નિયમોનો અભ્યાસ, પરિપત્રોનો અભ્યાસ અને જે કાયદાઓ ઘ ડચા છે એ તમામ કાયદાના અભ્યાસુ જ્યારે ધારાસભ્યો બન્યા હોય ત્યારે આ આયોજન સમિતિના સભ્ય તરીકે ધારાસભ્યને રહેવાનું ખૂબ જ અગત્યનું લાગે છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ચૂંટાયેલા પ્રતિનિધિઓ જે છે તેનાથી મોટો બાયોડેટા શું હોય આપણી પાસે. આપણે તજજ્ઞ અને જે વિશિષ્ટ વ્યકિતઓની વાત કરીએ છીએ તો આપણે કયાંથી લેવા માગીએ છીએ? એમાં ઉલ્લેખ છે કે ગુજરાતની આ વિશિષ્ટ વ્યકિતઓ, જિલ્લાની આ વિશિષ્ટ વ્યકિતઓ. અનુભવો થયા છે. ઘણાં અખતરા કર્યા તેના અનુભવો થયા છે. કેટલીક એન.જી.ઓ. દ્વારા કામો કરાવવાની શરૂઆત કરી. બધા મારા ધારાસભ્યો બેઠાં છે. પૂછે પોતાની જાતને, તેના અનુભવો આપણને ખૂબ ખરાબ થયા છે અને માત્ર અધિકારીઓ દોરે એમ દોરાવાની જે પ્રણાલિકા છે તેમાંથી બહાર આવવું પડશે. ધારાસભ્ય તાકાતથી રજૂઆત કરી શકે, પ્રશ્નોનું સોલ્યુશન લાવી શકે. એટલે માત્ર ધારાસભ્ય અને લોકસભાના સભ્યને આ કમિટીમાંથી બાકાત રાખવાની વાત છે એમાં માનનીય અધ્યક્ષશ્રી, સરકાર કંઈક વિચારે. આ એટલા માટે કહેવું પડે છે કે વિકાસ કોનો થાય છે? જિલ્લા આયોજન સમિતિ કામો મંગાવે તાલુકા પાસેથી, તો જે કામો જે ગામોમાં થઈ ગયા હોય તેને જ દરવર્ષે રિપીટ કરવામાં આવે. અમારા અનિલભાઈ સાહેબ બેઠાં છે. અમારા આયોજન સમિતિના વડા હતા. સાહેબ, આ સમિતિને કોઈ એવી સત્તા ખરી કે એ સમિતિઓમાં એ અધિકારીઓ પાસે જ્યારે આ સમિતિ એ કામનો હિસાબ માગે અને વારંવાર તેના અધ્યક્ષ હિસાબ માગે કે કામ થઈ ગયું, કમ્પ્લીશન સર્ટિફિકેટ કેમ નથી આવતા, એવું દસ વખત માગે અને દસે દસ વખત ન મળે ત્યારે એ અધિકારીને સજા કરવાની કોઈ જોગવાઈ આમાં ન આવે. કારણ કે આ બિલ માત્ર અધિકારીઓ તૈયાર કરે છે અને એટલા માટે આ સમિતિને એવો પાવર હોવો જોઈએ કે તાલુકા અને જિલ્લાની આયોજન સમિતિ જ્યારે ગ્રાન્ટ વાપરવાના નીતિ-નિયમો નક્કી કરીને પૈસા ફાળવે ત્યારે એ પૈસા કેમ નથી વપરાયા, હા, સાહેબ, આર.સી.સી. રોડમાં પહેલાં વપરાશે. પાણીનું કામ સૌથી છેલ્લું રહેશે. હેન્ડપંપ તો બનશે જ નહીં. કેટલાક ગરીબ વિસ્તારોના જે કામો આવે તેના વર્ક ઑર્ડર થશે જ નહીં અને જ્યારે ગ્રાન્ટ પૂરી થઈ જાય ત્યારે એવા ૫૦થી ૧૦૦ કામો રહી જાય છે કે જે જરૂરિયાતવાળા લોકોના હતા, ત્યારે જે કામો આયોજન સમિતિ મંજૂર કરે છે એવા કામો પણ જે વંચિતો છે, છેવાડાના માનવીઓ છે એવાના કામો રહી જતા હોય ત્યારે એ કોના આધારે રહ્યા, કોના હિસાબે કામ રહી ગયા એવા અધિકારીઓને પણ કડકમાં કડક સજા કરવાના પાવર્સ આ કમિટી પાસે રહેવા જોઈએ. નહીંતર વાત એ થશે કે ચૂંટાયેલો પ્રતિનિધિ બહાર જતો જાય અને તાકાત તંત્ર પાસે રહેશે. અધિકારીઓ પાસે રહેશે અને જે બોલકા લોકો છે એવાનું થોડું-ઘણું સાંભળીને આ પંચાયતી રાજ સમગ્ર દેશમાં વખણાય છે તેને ક્યાંકને ક્યાંક તોડવાની પ્રવૃત્તિ તરફ આપણે આગળ વધી રહ્યા છીએ એવું ચોક્કસ કહેવાશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, બિલનો ઉદ્દેશ છે અને માળખું છે એ સુધારા-વધારા સાથે જો પસાર થાય તો આ આવકારપાત્ર બિલ લઈને આવ્યા છે. કારણ કે, ગુજરાત દરેક બાબતની અંદર ખાસ કરીને પંચાયતી રાજય વ્યવસ્થા છે એની અંદર આપણે શરૂઆત કરનાર હતા. એમ કહેવાય છે કે, જ્યારે પંચાયતી રાજયનો કાયદો નહોતો ત્યારે વ્યવસ્થા હતી એ આના કરતાં પણ વધારે સારી વ્યવસ્થા હતી. એના પછી વિકેન્દ્રીકરણનો તબક્કો શરૂ થયો. એની અંદર આપણે પાછળ રહ્યા છીએ. હું છ વર્ષ પહેલાં મધ્યપ્રદેશ ગયો હતો અને એના સચિવાલયમાં ગયો તો સચિવાલયની અંદર એકપણ અરજદાર જોયો નહીં, મંત્રીશ્રીના બંગલા ઉપર એકપણ અરજદાર જોયો નહીં ત્યારે મને આશ્ચર્ય થયું. એનું કારણ શું છે? જે તે વખતના મુખ્યમંત્રીશ્રી દિગ્વીજયસિંહે જિલ્લા ગવર્નમૅન્ટનું ફોમ કર્યું હતું. જિલ્લાનું બજૅટ અલગ બનતું હતું અને જિલ્લા સચિવાલયમાં મોટા ભાગના પ્રશ્નોનો નિકાલ થતો હતો. અને એ પ્રકારની આદર્શ વ્યવસ્થા દરેક જગ્યાએ થઈ જતી હતી. આ પહેલું પગલું છે. બીજા પગલા તરીકે જિલ્લા વિકેન્દ્રીકરણની દિશામાં આગળ જઈને, મર્યાદાના કારણે વધુ સમય નથી લેતો પણ જે સૂચનો આવ્યા છે, એમાં બીજી કોઈ તકલીફ ન હોય તો ધારાસભ્ય, સંસદસભ્યોને લેવા જોઈએ. બીજી વાત છે. ચૂંટાયેલી બોડી છે, નગરપાલિકા હોય કે તાલુકા પંચાયત હોય એમાં બન્ને પક્ષના સાંસદોમાં જે હોય એના પ્રમુખ અને વિરોધપક્ષ જે નેતા હોય એ હોદ્દાના રૂએ આ બોર્ડમાં જવા જોઈએ જેથી ત્યાં બેલેન્સ વ્યૂલ્સ લઈ શકે. એ સિવાય એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. અને મહિલાઓના જે પ્રતિનિધિ હોય એને પણ આના અંદર પ્રતિનિધિત્વ મળે એના માટે જોગવાઈ કરવી જોઈએ. અને તજજ્ઞ સભ્યો નીમવાની વાત છે એમાં ઓબ્જેકટીવ જે નિમણૂકની અંદર રહેવું જોઈએ. કારણ કે, ઘણા લોકો એવા હોય છે કે, ખરેખર એમની આવી સમિતિઓમાં જરૂર હોય છે. એના માટે હું એક દાખલો આપીશ. મારા ગામની બાજુમાં જામનગરનું જામરાવલ ગામ છે. જામનગરના મિત્રો છે એ નામથી કદાચ ઓળખતા હશે. એમાં મુળજીભાઈ નામના એક વ્યકિત છે. એમની ૮૦ વર્ષની ઉંમર છે. એ પોસ્ટકાર્ડ લખે છે. એમાં એ આઠ-દસ સૂચનો કરતા હોય છે. આપણે સૌ કાયમી ફરતા હોઈએ છીએ પણ જે ધ્યાનમાં નથી આવતું એ એમના ધ્યાનમાં હોય છે. એમના આઈડિયાની જરૂર પડે, એવા ચેકડેમ, એવા રસ્તા, એવી રેલવેની લાઈન, એવા બાયપાસ રસ્તાઓ, એવા વીજળીના ટ્રાન્સફર્મરના સેન્ટરો માટેના એ આઈડિયા આપતા હોય છે. આવા લોકોનો સમાવેશ થવો જોઈએ. નિષ્પક્ષ રીતે, કોઈપણ પક્ષ આવતો હોય તો એ ધોરણે એનો સમાવેશ કરવો જોઈએ. બીજું એક ભયસ્થાન છે. હમણાં હમણાં જે ઓવર એકસપોઝર થયું છે એના કારણે વિકાસની દૃષ્ટિમાં પણ રાજનીતિ રાખવામાં આવે છે અને એમાં થોડાક સિનિયર સભ્ય હોય, ધારાસભ્યો હોય, સંસદસભ્યો

હોય, મંત્રીશ્રી હોય એમાં બેલેન્સ કરવાના પ્રયાસો થતા હોય છે. અધિકારીઓનો અભિગમ પણ એ હતો એને હું બિરદાવું છું. એ બેલેન્સ રાખવાની શરૂઆત કરતા હોય છે. પણ આ એકતરફી ન થઈ જાય. સરકાર કોઈ દિવસ આ પક્ષની હોય કે તે પક્ષની હોય, નગરપાલિકા આ પક્ષની હોય કે પેલા પક્ષની હોય તો પણ તેની અંદર ઓબ્જેકટીવ છે એ તમા વિસ્તારનો બેલેન્સ વિકાસ થાય એવું રહેવું જોઈએ અને એના માટે સભ્યશ્રીઓએ જે કોઈ સુધારા વધારા કર્યા છે એનો સમાવેશ થાય એવી વિનંતી સાથે આ બિલના મુખ્ય હાર્દ સાથે સંમત થાઉં છું અને આ સુધારા વધારા સાથે આ બિલ પસાર થાય એવી આશા રાખું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (૨૧૫૨)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વિધેયક ક્રમાંક-૧૬ લઈને આવ્યા છે એમાં હું મારા સૂચનો કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત જિલ્લા આયોજન સમિતિ વિધેયક જિલ્લા આયોજન મંડળની રચનાનું નવ સંસ્કરણ કરવાનું આ બિલ જ્યારે ૧૯૮૧માં પંડિત જવાહરલાલ સાથે વિકેન્દ્રીત આયોજનની વ્યાખ્યા નક્કી થઈ ત્યારે,

ત્યારે માત્ર નવ સભ્યોના વિરોધપક્ષની અંદર પણ અમે આને આવકારેલું અને એના ફળ જે છે મારા અગાઉના વકતાશ્રી ઈકબાલભાઈએ જે પ્રમાણે કહ્યું એ પ્રમાણે સનત મહેતા જેવા એક દીર્ઘદ્રષ્ટીવાળા નાણામંત્રી ગુજરાતમાં હતા એમણે આ વિકેન્દ્રીત આયોજનની વ્યાખ્યાને બહુ સરળ અને સમજપૂર્વક ગૃહ સમક્ષ મૂકેલી અને એના કારણે એના સૅમિનાર થતા કે આવતી પંચવર્ષીય યોજના, સાતમી પંચવર્ષીય યોજનાનો કઈ રીતે એનો ઢાંચો બનાવવો જોઈએ એના સેમીનાર્સ પણ થતા હતા આ બધું બંધ થઈ ગયું છે. આયોજન મંત્રીશ્રીને મારે આપના મારફતે એ કહેવાનું છે કે આપ જે આ બિલ લઈ આવ્યા છો પણ સાથે જિલ્લા આયોજનની વ્યાખ્યામાં વિકેન્દ્રિત આયોજનની જે વ્યાખ્યા છે એને આપ ન્યાય આપી શકો છો ખરા? એટલા માટે કે વિકેન્દ્રિત આયોજનમાં રાજયના આયોજનની અંદર પ્લાનીંગની અંદરની કેટલી રકમ હોવી જોઈએ એને માટેની માર્ગદર્શકતા એક નક્કી કરવામાં આવી છે, નક્કી રાખવામાં આવી છે. ૧૫ ટકા વિવેકાધીન અને ૫ ટકા પ્રોત્સાહક ગ્રાન્ટ એ રાજયના આયોજનના ત્રીજા ભાગની જે ફાળવણી છે એમાંથી આપણે કરીએ છીએ તો રાજયના આયોજનમાંથી ૭ ટકા આના માટે ફાળવી શકાય એવી સ્પષ્ટતા તત્કાલિન નાણામંત્રીશ્રી મનોહરસિંહજી જાડેજા પાસેથી મેળવી અને એમણે આયોજન વિભાગને એ મોકલાવી હતી કે આ પ્રકારની તમે દરખાસ્તો મોકલાવો એ દરખાસ્તોનો માનનીય નાણામંત્રીશ્રી કોઈ પ્રતિભાવ આપી શકે એમ છે ખરા? કારણ કે દરખાસ્ત જોઈ છે કે કેમ અને જોવા માગે છે કે કેમ એની સ્પષ્ટતા થાય એ પછી આ જિલ્લા આયોજન મંડળની નવરચના જે છે એના માટેની કંઈક આપણે નકકર કામગીરી કરી શકીએ, એની અંદર ધારાસભ્યો, સંસદસભ્યો ના હોય તો હું જે જિલ્લામાંથી આવુ છું ત્યાં બોર્ડર એરિયા પ્રોજૅકટ જે છે એની પણ જિલ્લાની આયોજન સમિતિ જે છે એની દરખાસ્તો તૈયાર કરીને ત્યાં મોકલાવે છે. જે ધારાસભ્યો કે સંસદસભ્યો આ સમિતિમાં નહીં હોય તો આ બૉર્ડર એરિયાનો જે પ્લાન જે છે એ કોણ નક્કી કરી શકશે કારણ કે જિલ્લા પંચાયતના તમામ તાલુકાઓ તમામ સભ્યો જે છે એ બૉર્ડર એરિયાના તાલુકાઓમાં નથી આવતા. કચ્છના ૫ તાલુકાઓ હોય, પાટણ જિલ્લાના અને બનાસકાંઠાના તાલુકાઓ હોય એના પૂરતી વાત કારણ કે એની અંદર જિલ્લા આયોજન સમિતિની અંદર આમંત્રિત સભ્યો એ ધારાસભ્યો હોય તો એને એના કરતા પણ વિશેષ વી.આર.એસ. કૈલગી કમિટીએ જે વિકાસશીલ તાલુકાની જે વ્યાખ્યા કરી છે એ તાલુકાની વ્યાખ્યામાં પણ જિલ્લાની સમિતિના પ્રમાણે જ તાલુકા સમિતિની તમે રચનાનો ઢાંચો આપવાનું માર્ગદર્શકતા તમે આપશો ત્યારે ત્યારે તાલુકાનો ધારાસભ્ય જો એ સમિતિમાં ના હોય કારણ કે આની અંદર તમે ધારાસભ્યોને ગ્રાન્ટ વધારવાની વાત જે છે એનો કયાંય ઉલ્લેખ નથી. દરેક લોકોની રજૂઆત હોય છે છતાં કંઈ એનો ઉલ્લેખ થતો નથી હોતો અને જો વિકેન્દ્રિત આયોજનની વ્યાખ્યામાં ૭ ટકાની માર્ગદર્શકતા જો નકકી કરવામાં આવે તો ૧૫હજાર કરોડને સાત ટકાએ જો એને ભાગવામાં આવેને તો લગભગ ૧૨૦૦ કરોડ રૂપિયા કરતાં વધુ રકમ તમે વિકેન્દ્રિત આયોજન માટે રાખી શકો. આજે ૩૦૦ કરોડની પણ રકમ રાખવામાં આવતી નથી એના બદલે ચાર ગણી રકમ જો વિકેન્દ્રિત આયોજન માટે રાખવામાં આવે તો તમે ધારાસભ્યોની ગ્રાન્ટ નિશ્ચિત પ્રમાણમાં વધારી શકો અને ધારાસભ્યોની ગ્રાન્ટ વધારવી એટલે ધારાસભ્યોને આ પૈસા ઘરે નથી લઈ જવાના એને તો માત્ર કામની ભલામણ કરવાની છે. આજે એસ.ઓ.આર.ની અંદર ભાવ વધતા જતા હોય, સિમેન્ટ લોખંડના ભાવ વધતા જતા હોય એના વિસ્તારની અંદરની જે માર્ગદર્શકતા છે એને એવા કામોની ભલામણ જો ધારાસભ્યોને કરવાની હોય તો એ કયાંથી કરે ૫૦ લાખ રૂપિયાની? આજે એક કિલોમીટર રસ્તો જો બનાવવાની હોય તો એની અંદર ૧૦ લાખ રૂપિયાનો એપ્રોચ રોડ કયાંથી બનાવી શકે. એટલે આ વાત જે છે એ માનનીય આયોજન મંત્રી સમજે એટલી જ મારે વાત કરવાની છે. અન્ય સભ્યોએ પોતાના વિચારો વ્યકત કર્યા છે એટલા માટે સમય નહીં લઉ પણ ધારાસભ્યોની ગ્રાન્ટ વધારવા માટેની જે માર્ગદશકિતા છે અને એનો અભ્યાસ માનનીય આયોજન મંત્રી કરી અને આયોજનમંત્રી નાણા ખાતા પાસે આ દરખાસ્ત કરે કારણ કે રાજય આખાનું આયોજન જે કરવાનું છે એ આયોજન વિભાગે કરવાનું છે.એમાં નાણામંત્રીશ્રીનું કંઈ ચાલે નહીં. દરેક વિભાગ આયોજન વિભાગ પાસે જાય અને અમારા ખાતા માટે આટલા પૈસા તમારે આપવાના છે એ વાત તમે કરી શકો છો. અત્યારે આ ધારાસભ્યની વાત પણ તમે કરી અને ખાસ કરીને આપણા સંસદીય બાબતોના મંત્રીશ્રી છે એ પણ મારી વાત સાથે સહમત થયા હોય એવું એમના પ્રતિભાવ ઉપરથી લાગે છે. આ ગૃહના સભ્યોના પ્રતિભાવો પણ સાનુકૂળ છે ત્યારે હું ફરી એક વખત આયોજન

મંત્રીશ્રીને આ બિલની જે કોઈ ખામીઓ હોય એ દૂર કરે અને ખાસ કરીને પ્રજાના પ્રતિનિધિત્વને સમકક્ષ ગણવામાં આવે એટલી વાત કહેવા માગું છું.

**શ્રી નિરંજન પટેલ (પેટલાદ)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૬, ગુજરાત જિલ્લા આયોજન સમિતિ વિધેયક લઈને આવ્યા છે એમાં જે બધી ચર્ચાઓ થઈ ગઈ છે એની અંદર નહીં પડું. પણ ૧૦-ખ જે કલમ છે એમાં રાજ્ય સરકારના હુકમથી નિર્દેશ કરે તેવી સંસ્થા અને સંગઠન સાથે વિચાર-વિમર્શ કરવો જોઈએ એમ જણાવ્યું છે. ઘણી સંસ્થાઓ અને સંગઠનો હોય છે એ ખાલી નામના હોય છે. એની અંદર જે પણ ટ્રસ્ટીઓ બેઠા હોય છે તે એક જ ઘરના હોય છે અને ઘણા ટ્રસ્ટી મંડળો રાજકીય હેતુ સાથે સંકળાયેલા હોય છે. એમની સાથે વિચાર-વિમર્શ કરવાની અંદર એ બાર્ગેનીંગ કરે એવું મારું માનવું છે. કોઈ ટ્રસ્ટ હોય એ કહે મારું કામ લઈ લેજો તો અમે સંમતિ આપીશું. તો એ જે સંગઠન અને સંસ્થાઓ છે એના માટેની વિચારણા કરે. કારણ કે બાર્ગેનીંગ ન થાય. ઘણી વખત નકલી સંગઠન હોય છે, રાજકીય સંગઠન હોય છે અથવા કૌટુંબિક સંબંધીઓ આખા ટ્રસ્ટી મંડળમાં હોય છે એટલે આયોજન મંડળના કામમાં એની સાથે વિચાર વિમર્શ કરવાનો સમય બગડે અને એ કહે એ કામ લેવા પડે. આના માટે કંઈ વિચાર કરે એવું મારું અંગત માનવું છે. આમાં ખાસ વસ્તુ એવી છે કે કોઈ અધિકારીએ એવું લફરું ઘાલી દીધું છે કે, "કતલ કરતે હૈ તો પતા ભી નહીં ચલતા" જેવું આપણા ૧૮૧ ની કતલ કરવાની વાત આવી ગઈ. સરકારમાં આપણે પ્રતિનિધિ અને આપણે જ નહીં એવી વાત આવી ગઈ છે.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના આયોજનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના સભ્યશ્રીઓએ બિલ ઉપર જે વિચારો રજૂ કર્યા એમાં દરેક સભ્યશ્રીની એક તીવ્ર લાગણી દેખાતી હતી. એ સભ્યશ્રીઓની લાગણી હતી કે આ સમિતિમાં તેઓ સભ્ય તરીકે અંદર આવે, પરમેનન્ટ ઈન્વાઈટી તરીકે નહીં. વ્યકિતગત જોવા જાઉં તો હું એમની સાથે સંમત છું કે આવવા જોઈએ. પણ કમનસીબે રાજ્ય સરકાર પાસે કોઈ સત્તા નથી કે ધારાસભ્યશ્રીને અંદર લાવી શકે. હું આપને કારણ કહું કે આપણે નક્કી કરવાનું છે કે કેટલા લોકોની સમિતિ બનાવવી? આ બંધારણની અંદર કેન્દ્ર સરકારે જે કોન્સ્ટિટયૂશનમાં ફેરફાર કર્યો છે અને આ સમિતિ રચવા માટેની જે જોગવાઈ કરી છે એમાં સ્પષ્ટ જણાવ્યું છે. હું પેરેગ્રાફ વાંચીશ તો વધારે માહિતી મળશે. Provided that not less then ૪/૫th of the total number of the members of the committee shall be elected by and from amongst the elected members of the district panchayat and of the municipalities in the district in proportion to the ratio between the population of the rural areas and of the urban areas in the district. એટલે આ સ્પષ્ટ કહ્યું છે કે પાંચમાંથી ચાર સભ્યો જિલ્લા પંચાયત અને મ્યુનિસિપાલિટીના હોવા જોઈએ. હવે આપણે જો ૬ જણાની નિમણૂંક રાજ્ય સરકાર કરે એમાં ચાર અધિકારીઓ, પ્રભારી મંત્રી હોય, કલેકટર હોય, ડી.ડી.ઓ. અને ડી.પી.ઓ હોય. આ ચાર અગત્યના અને વત્તા બે વ્યક્તિ નિષ્ણાંત હોય એમ ૬ જણાની જગ્યાએ ૨૪નું સિલેકશન કરવું પડે. ધારાસભ્યશ્રી અને તાલુકા પંચાયતના પ્રમુખશ્રીને એડ કરીએ તો ૧૫ સભ્યો એડ થાય તો એ પ્રમાણે સમિતિ ૧૦૦ થી ૧૨૫ જણાની બને. હવે આ ૧૦૦ છે. ૪/૫$^{th}$ member વધારે લેવા પડે.

માનનીય અધ્યક્ષશ્રી, એટલે આ બંધારણની અંદર, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરું મારી વાત ધ્યાનથી સાંભળો. આ બિલની અંદર બહુ સ્પષ્ટપણે જોગવાઈ છે કે ૪/૫$^{th}$ of the total members of the committee એટલે ૪/૫$^{th}$ member elected હોવા જોઈએ અને ૧/૫$^{th}$ member રાજ્ય સરકારના nominate હોવા જોઈએ. હવે રાજ્ય સરકાર પોતાની ૧/૫$^{th}$ની સત્તાની અંદર ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી, પ્રમુખશ્રીની appointment કરે તો એનાથી ચોથો ભાગ electedનો વધવો જોઈએ. એટલે આના આધારે આપણને તકલીફ પડે છે. જે વાત સભ્યશ્રીએ કરીને એ રાજ્ય સરકારની અંદર ઘણાં વખતથી આ ચિંતા વ્યકત કરતા હતા. કેન્દ્રએ જ્યારે આ કાયદો બનાવ્યો એની માહિતી તરત આપી આપણને અને આપણે આ કાયદો એક વર્ષ ને આઠ મહિના મોડો લાવીએ છીએ. આપણે ૬-૮ મહિના મોડો કેમ લાવીએ છીએ, કારણ કે આપણને આ જે કલમ મૂકી હતી કેન્દ્રએ એ કેન્દ્રની કલમ આપણને digest નથી થતી. આપ જેવું વિચારતા હતાને એવી સરકારમાં વિચારણા હતી કે ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી નહિ હોય તો એવી કમિટીની રચના કરવાનું કેવી રીતે આયોજન કરવું? એના માટે આજે ૨૩ રાજ્યોએ આ કમિટીની રચના કરી નાંખી છે, બે જણે કાયદાકીય જોગવાઈ કરી નાખી છે. હવે માત્ર આસામ, ઝારખંડ, ત્રિપુરા, પોંડીચેરી અને જમ્મુ અને કાશ્મિર આ પાંચ જ બાકી છે અને આપણે ગુજરાત આજે જ્યારે આ બિલ પસાર કરીશું એટલે પાંચ જ બાકી છે અને બધાની સમિતિની સભ્યોની strength જોઈએને તો દરેક સમિતિની strength કોઈને ૧૫ છે, કોઈને ૨૦ છે, કોઈને ૨૫ છે, કોઈને ૩૦ છે એવા સભ્યશ્રીઓની strength છે માત્ર West Bengalમાં ૧૦૦ સભ્યોની સમિતિની strength છે. હવે આના સિવાય બાકીના બધાએ એ પ્રમાણે જોગવાઈ કરી છે અને M.L.A., M.P.ને એ લોકો permanent સ્થાન એટલે સભ્યનું સ્થાન નહિ પણ આપણે એટલે permanent સ્થાન આપ્યું છે. આપણે શું નક્કી કર્યુ કે district planning existing છે એને આપણે ચાલુ રાખીશું અને district committeeની જે નવી રચના કરી છે એને ધીમે ધીમે આપણે પાટા ઉપર લાવીશું અને આવતા દિવસોમાં બંધારણમાં સુધારો કરવા માટે કેન્દ્રમાં રજૂઆત કરીશું અને આનો બીજા રાજ્યોને અનુભવ નથી. ગુજરાતને આનો અનુભવ છે. આ અનુભવનો લાભ કેન્દ્રએ લેવો જોઈએ. એટલે આપણે આવતા દિવસોમાં કેન્દ્રને બંધારણમાં જે આ સુધારા કરવો પડે એના માટે આપણે ચોક્કસપણે આપીશું અને આનો લાભ

ધારાસભ્યશ્રીઓને રાખવાના એની અંદર સુધારો એવો પણ કરી શકાય કે ૪/૫[th] member ધારાસભ્યશ્રી include થઈ જાય તો પ્રશ્ન હલ થઈ જાય. પણ કમનસીબે આપણાં સૂચનો એ લોકોએ મંગાવ્યા નહિ જો સૂચનો મંગાવ્યા હોત તો આજે આ હાઉસમાં ચર્ચાનો વિષય આવ્યો જ ના હોત, પણ મંગાવ્યા નહોતા એટલે કેન્દ્રએ બંધારણમાં ફેરફાર કર્યા. ફેરફાર કર્યા એટલે આટલું મોટું discussion ચાલ્યું. હું સભ્યશ્રીઓને વિનંતી કરીશ કે આટલો બધો ગંભીર પ્રશ્ન છે. કેન્દ્રમાં પણ આપણી સરકાર છે. વિરોધપક્ષના નેતા એક joint delegation લઈને જાય. તમારાં અને અમારાં ભેગા લઈને જઈએ. અમે તૈયાર છીએ અને આવતા દિવસોની અંદર બંધારણમાં સુધારો લાવીએ અને સુધારો લાવી આની અંદર, ૪/૫[th] સમિતિની અંદર ધારાસભ્યશ્રી, તાલુકા પંચાયતના પ્રમુખ અને M.P.નો સમાવેશ થાય એટલેજ જોગવાઈ કરવાની છે. એટલે હું આપની લાગણી જોડે સંમત છું પણ મારા હાથ બંધાયેલા છે. હું કાંઈ કરી શકતો નથી અને આપ મને મદદ કરો એવી મારી આપને નમ્ર વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એટલે જે મેં કહ્યું કે હાલનું district planning board છે. Existing monitoring જે કામ કરી રહ્યું છે એ ચાલુ રાખશે અને આ જે કમિટી છે એ basically planning નું કામ પહેલા ધોરણે હાથમાં લઈશું. બીજી રીતથી જે મેં વાત કરી કે રૂલ્સ બનાવવાના બાકી છે. આના રૂલ્સ બનાવીશું અને જે કાંઈ સૂચનો અહીંથી આવ્યાં છે. આ સૂચનો લેવાય એનો અમે વિચાર કરીને રૂલ્સની અંદર બને એટલો સમાવેશ થાય એ પ્રમાણે અમે ગોઠવણ કરીશું. તાલુકા લેવલની પણ સમિતિ બને અને એ સમિતિમાં ધારાસભ્યશ્રી રહે એ પ્રમાણેની આપણે જોગવાઈ કરીશું એટલે એકસપર્ટ તરીકેની પણ વાત કરી જે જિલ્લાઓને કાયમ માટે લાભ અપાતો હોય એવા લોકોનો પણ આપણે અંદર સમાવેશ કરવાની કોશિષ કરીશું અને જે બેકવર્ડ તાલુકાની વાત થઈ. મારે એટલું જ જાણવું છે કે પહેલા જે ૫૬ તાલુકા બેકવર્ડ ગણાતા હતા એને આશરે ચારકરોડની ગ્રાન્ટ મળતી હતી. ૩૦ તાલુકા જે હવે આપણે ભા.જ.પા.ની સરકારમાં આઈડેન્ટીફાઈ કર્યા છે એને આ વર્ષે આપણે ૬૦કરોડની ગ્રાન્ટ આપી છે એટલે આટલી મોટી ગ્રાન્ટ બેકવર્ડ તાલુકાને આ વર્ષમાં આપી છે એટલે બાબુભાઈ શાહ ચોકકસ ખુશ થશે અને એની અંદર રાપર, બાબુભાઈ મેઘજીભાઈ શાહને ખાસ ચિંતા હતી રાપર તાલુકાને બેકરોડ રૂપિયાની ગ્રાન્ટની જોગવાઈ આ વર્ષે ફાળવવામાં આવી છે અને જે એમણે ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટની વાત કરી એ જાણે છે. માનનીય બાબુભાઈ શાહ ખૂબ સારી રીતે જાણે છે કે પહેલા દસ લાખ મળતા હતા, એમના સમયમાં ૧૫લાખ મળતા હતા ધારાસભ્યશ્રીને અને અત્યારે ૫૦લાખ મળે છે પણ તમારું સૂચન અમે ધ્યાનમાં રાખીશું અને આવતા દિવસોમાં કોશિષ કરીશું. જયારે આટલા બધા રાજયોએ, ૨૩ રાજયોએ બિલ પસાર કરી નાખ્યું છે અને કેન્દ્રના નીતિ નિયમોના આધારે કર્યું છે. અમે લોકોએ ઘણી કોશિષ કરી કે સુધારા લાવીએ પણ કમનસીબે ધારાસભ્યશ્રીઓનો એમાં સમાવેશ કરી શકીએ એવી પોઝીશનમાં નથી તો મારી વિનંતી છે કે સર્વાનુમતે પસાર કરે અને આવતા દિવસોમાં જે રજૂઆત હશે એ આવતા દિવસોમાં આપણે જોઈન્ટલી રજૂઆત કરીશું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગું છું. એક તો માનનીય ધારાસભ્યશ્રીઓની જે લાગણી છે એને અનુરૂપ ધારાસભ્યશ્રીઓનું મહત્વ રહે એ રીતે સુધારો કરીને ભલે પાછું આવે આપણે બિલ મોકલવાનો એક રસ્તો હોઈ શકે. બીજું આજે આ પસાર કરવાના બદલે આપણે સંયુકત રીતે કેન્દ્ર સરકાર પાસે જઈએ અને રજૂઆત કરીએ. આ બેમાંથી એક ઓપ્શન કહો આપ જે. કાં તો આજે ધારાસભ્યોની લાગણી મુજબ બિલ પસાર કરીએ ભલે પાછું આવે ત્યારે જોઈશું અને બીજો રસ્તો એવો છે કે આજે આપણે આ કરવાના બદલે ધારાસભ્યશ્રીઓની લાગણી મુજબ સુધારા માટેની રાજય સરકાર દરખાસ્ત કરે. એ દરખાસ્તને લઈને આપણે સર્વપક્ષીય રીતે સાથે રજૂઆત કરવા જઈએ. આ બેમાંથી આપ કોઈ એક ઓપ્શન સ્વીકારો છો?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ચિંતા એ છે કે આપણને જે બેકવર્ડ તાલુકાઓને જે ગ્રાન્ટ મળવાની છે એ ગ્રાન્ટ અટકી ન જાય એ માટે મને ચિંતા છે. આ બંધારણની અંદર, ના હું બહુ સ્પષ્ટ કહું છું કે બંધારણની અંદર એવી જોગવાઈ કરી છે કાલ ઉઠીને ઈલેવન્થ ફાઈનાન્સના રૂપિયા પણ આપણને મળતા બંધ થાય એટલે કહું છું કે ડીલે કર્યું છે એટલે ડીલે એટલે કર્યું છે કે અમે લોકો પણ એક વર્ષ સુધી નથી આવ્યા નહીંતર પંચાયતના રાજયમાં ગુજરાત શ્રેષ્ઠ રાજય છે અને પ્રથમ રાજય છે આપણે એક કામ કરીએ આ બિલ સર્વાનુમતે પસાર કરીએ અને સર્વપક્ષીય એક કમિટી લઈ, દિલ્હીની અંદર જઈને રજૂ કરીએ કે આ બંધારણની અંદર તમે ફેરફાર કરો એ જ સારામાં સારો રાજયના હિતમાં નિર્ણય ગણાશે(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હવે હું પ્રસ્તાવ મત માટે મૂકીશ પ્રશ્ન એ છે કે (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપની મારફત વિનંતી કરવી છે કે આ બિલને પ્રવર સમિતિને સોંપવામાં આવે અને ફરી પાછા આની અંદરથી શું રસ્તો નીકળે, બધાની લાગણી છે પ્રવર સમિતિને સોંપાય એ દરમિયાન કાંઈક રસ્તો નીકળતો હશે તો એને કાઢીએ આપણે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપ નિયમના જાણકાર છો. આ પહેલા વાંચનમાં ન આવે. પહેલા વાંચનમાંથી પસાર થાય પછી જ પ્રવર સમિતિનો પ્રશ્ન આવે છે.(અંતરાય)

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર પોતાના ફંડમાંથી આપવાની છે એવી અમારી સમજ છે તો વિકાસશીલ તાલુકાની ગ્રાન્ટ એ કેન્દ્ર સરકાર અટકાવી દેશે એવી જે વાત કરી એ વાતની અંદર માનનીય મંત્રીશ્રી સ્પષ્ટતા કરે. પછાત તાલુકા અને વિકાસશીલ તાલુકા એ બેની વચ્ચેની કઈ ભેદરેખા છે?

વિકાસશીલ તાલુકાની ૩૦ તાલુકાની ૬૦કરોડ રૂપિયાની ગ્રાન્ટ એ રાજય સરકાર પોતાના બજેટમાંથી આપવાની છે. અને પછાત તાલુકાની ગ્રાન્ટ માત્ર ૪ કરોડ રૂપિયાની છે, તો આ બેની ભેદરેખા હોય એની સ્પષ્ટતા માનનીય મંત્રીશ્રી કરે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બેકવર્ડ ૩૦ તાલુકાની વાત કરી. આપ એની જ વાત કરો છો ને. કોલગી સમિતિએ જે ૩૦ તાલુકા આઈડેન્ટીફાઈ કર્યા છે, એ એના ઈન્ફ્રાસ્ટ્રકચર માટે એ તાલુકાને વધારે સારી રીતે ડેવલપ થાય એના માટે રાજય સરકારે પોતાના બજેટમાંથી ૨ કરોડ રૂપિયા ફાળવ્યા છે, એટલે ૬૦ કરોડ રૂપિયા આ વખતના બજેટમાં જોગવાઈ કરી છે અને તાલુકાદીઠ ૨ કરોડ રૂપિયા આપ્યા છે. (અંતરાય) આ રાજ્ય સરકારના પૈસા છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, એમણે જે પ્રશ્ન પૂછ્યો છે, એની સ્પષ્ટતા આપી દો. સ્પષ્ટતા માગવાનો એમનો અધિકાર છે. તમે સ્પષ્ટતા કરો પછી મત માટે મૂકીશ.

**શ્રી સૌરભ પટેલ** : આ ૬૦ કરોડ રૂપિયા જુદા છે. જે પ્રોબ્લેમ છે, એ ૬ તાલુકા ૮ જિલ્લા આઈડેન્ટીફાઈ કર્યા છે. મારી પાસે અત્યારે માહિતી નથી. એને કેન્દ્ર સરકાર ડાયરેક્ટ જિલ્લાને ૮-૮, ૧૦-૧૦ કરોડ રૂપિયા એક વર્ષના વાપરવા આપવાની છે. આ બેકવર્ડ જિલ્લા છે. એટલે આપણા બેકવર્ડ જિલ્લાના રૂપિયા ન જાય એની ચિંતા વ્યક્ત કરવી જોઈએ. એના પૈસા કયારે મળે કે જ્યારે આપણે આ બિલ પસાર કરીએ તો મળે, નહિતર આ બેકવર્ડ ૬ જિલ્લા માટે જોગવાઈ કરી છે, ૮૦-૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે, એ ન મળે. એની ચિંતા હું વ્યક્ત કરું છું. આ ૬૦ કરોડ રૂપિયા આપી દીધા છે. બજેટ પસાર થઈ ગયું છે. જે કેન્દ્રમાંથી આવવાના છે. આ બિલ પસાર કરવું અગત્યનું છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૬ સન ૨૦૦૮નું ગુજરાત જિલ્લા આયોજન સમિતિ વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ તબક્કે મારું સૂચન છે કે આ બિલ છે એ પ્રવર સમિતિને સોંપવામાં આવે. પ્રવર સમિતિએ બંધારણની જે જોગવાઈ છે, એને અનુરૂપ આ જે સભ્યએ સૂચન કર્યાં છે, એ સૂચનોનો કેવી રીતે સમાવેશ કરી શકાય, એનો અભ્યાસ કરે અને જરૂર લાગે તો પ્રવર સમિતિ જ્યાં સુધી અભ્યાસ કરે એ દરમ્યાન જો સુધારો કરવા માટેની દરખાસ્ત આપણે પાર્લામેન્ટમાં જો ઈનેક્ટમેન્ટ જરૂરિયાત લાગતી હોય તો ત્યાં પણ જઈને આવે એ દરમ્યાન આ બંને કાર્યવાહી સાથે થાય તો આપણો બંને હેતુ સચવાઈ જાય અને રાજય સરકારનો ઈરાદો બતાવી શકાય, એટલે આપના મારફત વિનંતી કરું છું કે આ બિલ પ્રવર સમિતિ બનાવીને સોંપવામાં આવે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીની લાગણી સમજી શકું છું, પણ ડાંગ જિલ્લો, દાહોદ, પંચમહાલ, બનાસકાંઠા, નર્મદા અને સાબરકાંઠા આ ૬ જિલ્લાને નુકસાન જાય એ માટે મંજૂરી નથી.

**અધ્યક્ષશ્રી** : અત્યારે એ સ્પષ્ટતાનો પ્રશ્ન નથી. આપ પ્રવર સમિતિનો પ્રસ્તાવ સ્વીકારો છો કે નથી સ્વીકારતા?

**શ્રી સૌરભ પટેલ** : નથી સ્વીકારતા.

**અધ્યક્ષશ્રી** : ના નથી સ્વીકારતા.

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : ૬ જિલ્લાની વાત કરી છે. તાપી જિલ્લો નવો બનાવવામાં આવ્યો છે, એના માટે શું આયોજન કરવામાં આવ્યું છે?

**અધ્યક્ષશ્રી** : એના માટેનો પ્રશ્ન અત્યારે ઉપસ્થિત થતો નથી. બીજા વાંચનમાં હું પહોંચી ગયો છું. અત્યારે પ્રશ્ન નથી થતો. હવે પ્રવર સમિતિનું આપ સ્વીકારતા નથી, એટલે બીજા વાંચન માટે મત માટે મૂકું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૧૨, અનુસૂચિઓ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકિંટગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૬ સન ૨૦૦૮નું ગુજરાત જિલ્લા આયોજન સમિતિ વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

## સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક: ૧૩

# ગુજરાત મ્યુનિસિપલ નાણા બોર્ડ અધિનિયમ,૧૯૭૯ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક-૧૩ સન ૨૦૦૮ ગુજરાત મ્યુનિસિપલ નાણા બોર્ડ (સુધારા) વિધેયકને હું આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક-૧૩ સન ૨૦૦૮ ગુજરાત મ્યુનિસિપલ નાણા બોર્ડ (સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમારી રાજય સરકારે સ્ત્રી સશકિતકરણ વહીવટમાં, આયોજનમાં અને જુદા જુદા કામોની અમલવારીમાં મહિલાઓની ભાગીદારીને વધારવા માટે અને જ્યાં જયાં રાજય સરકારની કામગીરી થાય છે તેવા બોર્ડ, કોર્પોરેશનો, નિગમો અને વિવિધ એકમોમાં જ્યાં આગળ જુદા જુદા પ્રકારના સભ્યશ્રીઓ જુદી જુદી કેટેગરીમાંથી જે તે બોર્ડમાં પ્રતિનિધિ તરીકે સરકારના અધિકારી તરીકે અથવા સરકાર નિયુક્ત પ્રતિનિધિ તરીકે બોર્ડમાં આવે છે ત્યાં આગળ મહિલાઓનું વહીવટમાં અને સરકારની કામગીરીની ભાગીદારીમાં પ્રમાણ વધારવું અને મહિલાઓને પણ રાજયના વિકાસમાં સાથે જોડવી અને મહિલાઓની શકિતનો પણ રાજય સરકાર રાજયના વિકાસમાં જે ઉપયોગ કરવા માગે છે તેની અનેક રીતો, પદ્ધતિઓ રાજય સરકારે અત્યાર સુધી શિક્ષણથી માંડીને અનેક ક્ષેત્રોમાં અમલમાં મૂકી છે. ત્યારે સ્વાભાવિક રીતે અમારા વિભાગ હસ્તકના ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ કે જે ફાઈનાન્સ બોર્ડ દ્વારા રાજ્ય સરકારની અને કેન્દ્ર સરકારની જુદી જુદી જે ગ્રાન્ટો નગરપાલિકાઓના વિકાસના કામ માટે ફાળવવામાં આવે છેએ મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડમાં મહિલા સભ્યોની પણ ભાગીદારી થાય, મહિલા સભ્યો પણ રાજયના વિકાસમાં નગરપાલિકાના વિકાસમાં જોડાય

**સભાપતિશ્રી મહેન્દ્રભાઈ મશરૂ અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, એમની શકિતઓનો અને અનુભવનો ઉપયોગ રાજય સરકાર કરી શકે એ માટે આયોજન કર્યુ છે અને આ બિલમાં મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડમાં અત્યારે જે ડાયરેક્ટરો છે એ ડાયરેક્ટરોમાં બે મહિલા ડાયરેક્ટરો ફરજિયાત રીતે ઉમેરવા એ પ્રમાણેની જોગવાઈ સૂચવવામાં આવી છે. આ બે મહિલા ડાયરેક્ટરોમાં એક સરકાર નિયુક્ત અધિકારી એ અત્યાર સુધી સરકાર એમના કવોટામાંથી પુરૂષ અધિકારીને નીમે તો ચાલતું હતું પણ હવે આ કાયદામાં સુધારો કરીને ફરજિયાત એક મહિલા અધિકારી બોર્ડમાં મૂકવાના અને સરકાર નિયુક્ત બિન સરકારી જે ડાયરેક્ટર છે એમાં પણ એક ફરજિયાત રીતે મહિલા સભ્યને નીમવા એ પ્રમાણેની જોગવાઈ કરતું બિલ આજે હું સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારી મંડળીઓમાં ગામડાંમાં દૂધ સહકારી મંડળી હોય કે સેવા સહકારી મંડળી હોય ત્યાંથી માંડીને દેશની સંસદ સુધી મહિલાઓનું પ્રતિનિધિત્વ વધે અને સમાજની ૫૦ ટકા વસતિ દેશમાં મહિલાઓની છે એમની શકિતઓનો દેશના વિકાસમાં સદ્ઉપયોગ થાય એ માટે ખૂબ દીર્ઘદ્રષ્ટિ વાપરીને અમારી સરકારે આ નિર્ણય કર્યો છે અને આપણે સૌ બધા જ ઇચ્છીએ છીએ કે રાજકીય ક્ષેત્ર હોય કે વહીવટી કામગીરીનું ક્ષેત્ર હોય એ દરેક ક્ષેત્રમાં મહિલાઓ એ સમાજમાં જે આગળ પડતી હોય, અનુભવી હોય, પ્રતિષ્ઠિત હોય, જાહેરજીવનમાં કામ કરવાની ધગશ ધરાવતી હોય એવી બહેનોને અને આવી મહિલાઓને સમાજમાંથી આવા જુદા જુદા ક્ષેત્રોમાં આપણે જો અગ્રેસર બનાવીએ તો એમની શકિતનો આપણે લાભ લઈ શકીએ અને એના એક ભાગરૂપે આ જે મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ છે એ દર વર્ષે અંદાજે ૬૦૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટ આ મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા નગરપાલિકાઓને જુદી જુદી યોજનાઓ હેઠળ વાપરવા માટે આપવાના હોય છે એટલે એવી વાત નથી કે કોઈ નાનું બોર્ડ કે નાની કામગીરીમાં બેનોને મૂકીને મહિલાઓને પ્રાધાન્ય આપે છે. આ માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ભાજપની સરકારમાં એવું નથી પણ જેનો ૬૦૦ કરોડ રૂપિયાનો વહીવટ છે અને જે શહેરી વિસ્તારો છે, નગરપાલિકા ક્ષેત્રો છે, એ ગુજરાતની બે કરોડ કરતાં વધારે પ્રજાને ૪૦ ટકા કરતાં વધારે પ્રજાને આવરી લેતું સેવાઓ પૂરી પાડતા બોર્ડમાં મહિલાની નિમણૂક માટે એક સરકારી અધિકારી ફરજિયાત મહિલા અને બિન સરકારી મહિલાની નિયુકિત માટેની કાયદાકીય રીતે ફરજિયાત જોગવાઈ કરતું આ બિલ લઈને હું આવ્યો છું ત્યારે હું આશા રાખું છું કે, અગાઉ જુદી જુદી ચર્ચાઓમાં અહીંયાં બેઠેલા સભ્યશ્રીઓએ મહિલાઓના સામાજિક દરજ્જાને વધારવા માટે, એમની શકિતનો અને એમની સેવાઓનો રાષ્ટ્રના-સમાજના હિતમાં ઉપયોગ

* વિધેયક તા.૧૫મી માર્ચ ૨૦૦૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું.

કરવા માટે અવારનવાર ચર્ચાઓ દ્વારા જે ખૂબ સુંદર ભાવના અહીં બતાવી છે એ ભાવનાને અનુરૂપ થઈ તમામ માનનીય સભ્યશ્રીઓ સર્વાનુમતે આ બિલ સ્વીકારે એવી હું વિનંતી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (ભાવનગર શહેર (દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં આ બિલનો સ્કોપ મહિલા સભ્ય દાખલ કરવા કે નહીં એટલા પૂરતો છે. પરંતુ માનનીય મંત્રીશ્રીએ જે ભૂમિકા બાંધી એ પછી આ વિધેયક ક્રમાંક ૧૩ જ્યારે ઓરિઝિનલ બિલ પસાર થયું ત્યારે એના ઓબ્જેકટ એન્ડ રિઝન્સ જે હતા એના અંદર રાજયના મ્યુનિસિપલ કોર્પોરેશનો તથા નગરપાલિકાઓ એના પોતાના નાણાકીય ભંડોળનો વધુ સારો વહીવટ કરે અને રાજય સરકાર દ્વારા તે મંડળોને ગ્રાન્ટ અને લોન આપવા બાબતના નિયમોની જોગવાઈ કરવા મ્યુનિસિપલ નાણાં બોર્ડ સ્થાપવાનું જરૂરી જણાયું છે.આ એના મુખ્ય ઉદેશ અને કારણો હતા. માનનીય મંત્રીશ્રીને પત્રો લખાય છે ત્યારે એની નકલો પણ અમને આવે છે. આજે મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ જે નાણાકીય સવલતો પૂરી પાડવાની બાબતમાં ઉણા ઉતરવાના કારણે સફાઈ કામદારોને પણ પગાર નથી થઈ શકતો એવા પત્રો આપને લખાયેલાની નકલો મને મળી છે. એટલે આપણે એ વહીવટની જો ચર્ચામાં ઉતરીશું તો અને બિલના સંદર્ભમાં માનનીય મંત્રીશ્રીએ બાંધેલી ભૂમિકામાં જો બોલવા જઈશું તો રાત્રિના ૧૨ વાગશે એટલે એ સ્કોપને નહીં ગણતા આ બિલનો જે સ્કોપ છે હું મારી વાતને એમાં મર્યાદિત કરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, ભાગ્યે જ આવું બનતું હોય છે આમ તો ગૃહના નેતા, અત્યારે માનનીય અધ્યક્ષશ્રીની ખુરશીમાં અને હું આપણે ત્રણ જેટલું મહિલાઓ વિશે કહી શકીએ બીજા આ ગૃહના માનનીય સભ્યશ્રીઓ નહીં કહી શકે. કારણ કે, જેના જીવનમાં પત્ની સિવાયની મહિલાઓને જોવાનો જે રોલ હોય છે એ વધારે સારી રીતે જોઈ શકતા હોય છે અને આવા યોગો ભાગ્યે જ થતા હોય એવો ત્રિવેણી સંગમ આજે થયો છે અને આ બિલ જ્યારે આવ્યું છે ત્યારે જે ભૂમિકા મહિલાની એક માતા તરીકે, એક બહેન તરીકે અને સમાજમાં જન્મ થયોને નામ પાડનારી એક ફઈ તરીકેથી લઈને આખા કુંટુંબ વ્યવસ્થા જાળવવામાં અને હા, મિત્ર તરીકેની પણ એ જે ભૂમિકા હોય છે એમાં સમગ્ર કુટુંબ વ્યવસ્થાને કોઈ ટકાવી રાખતી હોય તો એ મહિલા છે. ઘરે મહેમાન આવે તો પોતાનું ઘરેણું વેચીને પણ એને જો ખવરાવતી હોય તો એ મહિલા છે. અને એવો વહીવટ કરનારી મહિલાઓને, માત્ર એ મહિલા છે એ બોર્ડ રૂમ કે બ્યુટિપાર્લર પૂરતી સીમિત નથી. એ મહિલા ડિસિસન મેકિંગ પ્રોસેસનો ભાગ બને એ અત્યંત આવશ્યક છે. કોઈ કોઈ જગ્યાએ હજુ આપણે કોઈ વ્યવસ્થા કરીએ તો થોડી મુશ્કેલીઓ શરૂઆતમાં આવે. આપણે મહિલા સરપંચની વ્યવસ્થા કરી તો એ સરપંચ બહેન હોય અને સરપંચ તરીકે પતિ ભૂમિકા ભજવતા હોય એવું થોડું ચાલે પણ એની મર્યાદા હોય છે પણ એક દિવસ એ એસ.પી.માંથી બહાર આવીને એમ.એસ. થાય, મહિલા સરપંચ એ ભૂમિકામાં પણ આવતી થઈ છે. એમની ક્ષમતાઓ વિશે વર્તમાન સમયમાં દેશના સર્વોત્તમ હોદા પર આ દેશમાં બહેન બેઠી છે.અને ઈતિહાસમાં પણ જોઈએ તો રામાયણમાંથી સીતાજી અને મહાભારતમાંથી દ્રૌપદીજીને હટાવી દો તો એ રામાયણ કે મહાભારતનું અસ્તિત્વ કેટલું રહે એની શંકાઓ ઉભી થાય એટલો મહત્ત્વનો રોલ એ ત્યારથી લઈને આજ સુધી મહિલાનો છે.હું અને મારો પક્ષ, અમારા પક્ષના સર્વોત્તમ હોદા પર એક મહિલાને બેસાડીને એના હાથ નીચે કામ કરનારા લોકો છીએ ત્યારે આ બિલને હું સમર્થન આપું છું અને આ બિલ સર્વસંમતિથી પસાર થાય એ માટે સમર્થન આપવાના છીએ પણ મંત્રીશ્રીએ જે ભૂમિકા બાંધી છે એમાં વધારે નથી પડતો પણ વિનંતી કરું છું કે, આ બોર્ડ દ્વારા જે એનો મુખ્ય ઉદેશ હતો એ આજે ફળીભૂત થયો નથી એમાં પૉઝિટીવ વલણ રાખીને જે આ સફાઈ કામદારને પણ પગાર નથી ચૂકવી શકાતો એવી જગ્યાઓમાં એની નાણાકીય સધ્ધરતા કેમ વધે એના માટે વિચારે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સુધારા વિધેયક લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું. ભૂમિકા બાંધતા હતા અને પછી અમારા નેતા બોલતા હતા એમાં પૈસાની વાત થઈ કે આટલા કરોડનો વહીવટ કરીએ છીએ. સફાઈ કામદારને પૈસા તો ના મળે, પણ સ્ટ્રીટ લાઈટોના મહિનાઓ સુધી કનેકશનો કપાઈ જાય અને અંધારામાં રહેવું પડે, પાણીના કનેકશનો કપાઈ જાય, પીવાના પાણી માટે બહેનોને લાઈનમાં ઊભા રહેવું પડે એ વ્યવસ્થા આદર્શ વ્યવસ્થા નથી. ભલે આપ સુધારા લઈને આવ્યા, પણ એના વહીવટમાં પણ આપ સુધારો કરજો એવી વિનંતી કરું છું અને આપે શરૂઆત કરી છે, મહિલાઓના સશકિતકરણની આ એક સભ્ય નીમવાથી, પણ એનાથી સશકિતકરણ થવાનું નથી, બાકી આપ ત્યાં બેઠા છો એટલે આપના વિશે તો નહિ કહું પણ અમારા નેતા અને એમના •(xxxxx)

**સભાપતિશ્રી** : આ શબ્દો સભાગૃહની કાર્યવાહીમાંથી રદ કરવામાં આવે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એમના વિશે, એમને કહ્યું છે, એમણે વાંધો નથી લીધો,

**સભાપતિશ્રી** : આ શબ્દો કાઢી નાંખો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહને હું કહેવા જતો હતો કે આપણી સંસ્કૃતિ તો બહુ ભવ્ય રહી છે પણ એવો સમય પણ આવ્યો કે આપણી સંસ્કૃતિએ મહિલાઓનું શોષણ પણ ખૂબ કર્યુ છે અને એના માટે અનેક કહેવતો હું ટાંકવા નથી જતો, પણ એની આત્મખોજ કરીને જે શરૂઆત આપે અહીંયાથી કરી છે એ પરંપરા પણ આપ ચાલુ રાખજો અને બધી જ જગ્યાએ મહિલાઓનો સમાવેશ થાય, એ નોકરીઓનું ક્ષેત્ર હોય, એ એડમિશનનું ક્ષેત્ર હોય, કે જ્યાં જ્યાં આપણા પરયુમાં આવતું હોય ત્યાં કરી શકતા હોય ત્યાં થાય એ ખૂબ

---

• (xxxx') માનનીય સભાપતિશ્રીના આદેશ અનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

જરૂરી છે, રાષ્ટ્રીય લેવલે પણ આ બાબતની ચિંતાઓ દરેક જગ્યાએ આપણે સેવી છે અને જેમ અમારા નેતાશ્રીએ વાત કરી એ પ્રમાણે મહિલાઓ જે છે એનો હેતુ બર આવે, એ તો જ શકય બને કે ચૂંટાયેલી મહિલાઓ જે આપણી છે એને ખરા અર્થમાં એ જે પદ માટે ચૂંટાયા હોય એના માટે એમને અધિકારો આપવામાં આવે, એમાં આપણે સૌએ સહિયારો પુરૂષાર્થ કરવો પડે તેમ છે કારણકે પંચાયતોમાં જોયું છે કે મહિલાઓના બદલે એમના પતિ એમનું શાસન કરતા હોય છે એટલે ઘણી વખત આપણે જતા હોઈએ છીએ કે સરપંચોનું આપણે સન્માન કરવા જવું હોય તો બધાજ પુરુષો આવી જાય અને પછી ખબર પડે કે આ તો પ્રમુખ સ્વામી હતા, જેનું આપણે સન્માન કર્યુ છે એ તો એમના પતિ હતા, આ વાસ્તવિકતા કહુ છું કોઈ પક્ષાપક્ષીની વાત નથી કરતો ગામડાઓની અંદર હજી પણ આ સ્થિતિ છે. એ સ્થિતિની અંદર સુધારો લાવવા માટે આપણે આગ્રહ કરવો જોઈએ, હું તો એક જગ્યાએ ગયો હતો અને સરપંચોના સન્માન કરવાની વાત આવી તો મેં કહ્યું કે જે સરપંચ હશે એમનું સન્માન થશે, બહેનોને લઈ આવવી જોઈએ, બહેનો નથી આવી તો હું એમના પતિનું સન્માન નહિ કરું, આ ભાવ દરેક જગ્યાએ આપણે પણ જઈએ તો કહીએ કે મહિલાઓને જ્યાં સરપંચો છે એને ખરેખર એનું ડયુ રિસ્પેકટ મળે એ ખૂબ જરૂરી છે એની શરૂઆત પણ આપણે બધાજ જ્યાં જ્યાં સમાજ જીવનની અંદર જવાનો મોકો મળે ત્યાં જઈને કરીએ એવી ભાવના સાથે આ બિલને આવકારીએ છીએ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતા અને માનનીય સભ્યશ્રી અર્જુનભાઈનો આભાર માનું છું કે એમણે આ બિલને સમર્થન આપ્યું છે. એક સ્પષ્ટતા કરી લઉં કે જેથી કોઈ ગેરસમજ ના રહે કે આ મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ એ રાજય સરકારની એક નોડલ એજન્સી તરીકે કામ કરે છે, સફાઈ કામદારોના પગાર, અથવા વીજળી બિલ સ્ટ્રીટ લાઈટના એ ભરવાની જવાબદારી જે તે સ્થાનિક નગરપાલિકાની છે એનો સ્થાનિક વહીવટ, એની આવક અને એની ખર્ચ કરવાની કેપેસીટી ઉપર આ બધા સ્થાનિક પ્રશ્નો ઉદ્ભવે છે. અહીંયાથી તો ગ્રાન્ટ આપવાના તમામ પ્રકારના સુનિશ્ચિત સમય મર્યાદાના આયોજનો છે એટલી જ મારે સ્પષ્ટતા કરવાની છે અને આપે આ બિલને સ્વીકાર્યુ છે અને સમર્થન આપ્યું છે માટે આપનો હું આભાર માનું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક:૧૩નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨, કલમ ૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક :૧૩નું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક:૧૩નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૭

# સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (બોન્ડની પરત ચૂકવણીની સત્તા આપવા બાબત) વિધેયક, ૨૦૦૮

### સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડને તેણે બહાર પાડેલા ડીપ ડિસ્કાઉન્ટ બોન્ડની જાહેર હિતમાં પરત ચૂકવણીની સત્તા આપવા બાબત વિધેયક

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( નર્મદામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, • રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૭, સન ૨૦૦૮નું સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (બોન્ડ પરત ચૂકવણીની સત્તા આપવા બાબત ) વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૭, સન ૨૦૦૮નું સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (બોન્ડ પરત ચૂકવણીની સત્તા આપવા બાબત) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

• વિધેયક તા.૧૫મી માર્ચ-૨૦૦૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( નર્મદામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ કે જે રાજય સરકારની માલિકીની કંપની છે, એનો એક અગત્યનો વિષય લઈને આ બિલ સ્વરૂપે કાયદાકીય સુધારો કરવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાનું કામ અમલમાં મૂકવા માટે રાજય સરકારે સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ નામની કંપની સ્થાપી છે અને એ કંપની દ્વારા નાણાકીય જરૂરિયાત પ્રમાણે રાજય સરકારના બજેટમાંથી અને જરૂર પડે તો બોન્ડ દ્વારા અથવા જાહેર ભરણું લઈને નાણાં ઉભા કરવાની આ કંપનીને સત્તા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ ૧૯૯૩માં જયારે કામની શરૂઆત હતી ત્યારે જે તે વખતે રાજય સરકારની મંજૂરીથી નિગમ દ્વારા ડીપ ડિસ્કાઉન્ટ બોન્ડનો ઈસ્યુ જાહેર કરવામાં આવેલો. એ વખતે ૩,૬૦૦ રૂપિયાની કિંમતના બોન્ડ એ ૨૦ વર્ષે પાકે તો એના ૧,૧૧,૦૦૦ રૂપિયા પરત ચૂકવવાના. એ પ્રમાણેની એમાં જોગવાઈ હતી. જે તે વખતે ગુજરાત રાજયના નાગરિકોએ નર્મદાના હિત માટે, ગુજરાત રાજયના હિત માટે અને નિગમને નાણાકીય ઉપલબ્ધી કરાવવા માટે આ બોન્ડ ખરીદેલા. એ વખતે આખા દેશની અંદર જે નાણાકીય વ્યવસ્થાઓ હતી. જે નાણા ઉભા કરવાના જુદા જુદા સ્ત્રોતો હતા, એમાં બેંકો અને અન્ય જાહેર ક્ષેત્રની ફાયનાન્સિયલ સંસ્થાઓનો વ્યાજનો દર જે તે વખતે લગભગ ૧૮ ટકા પ્રમાણે ચાલતો હતો. એટલે સ્વાભાવિક એ વખતે જયારે બોન્ડ ઈસ્યુ કર્યા ત્યારે આનું જે ચૂકવણું કરવાનું થશે ત્યારે કેટલી રકમનો બોજો રાજય સરકાર ઉપર આવશે, એટલે કે કંપની ઉપર આવશે એની ગણતરી જે તે વખતના વ્યાજના દર ઉપર આધારિત હતી.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે આર્થિક વાતાવરણ દેશની અંદર ફાયનાન્સિયલ સેકટરમાં પ્રવર્તમાન છે, એમાં અગાઉના કરતા લોનો ઉપર વ્યાજનો દર છે એ ઘણો ઘટયો છે. એવી જ રીતે ડિપોઝીટ મૂકીએ તો એના ઉપરનો વ્યાજનો દર પણ ઘટયો છે, ત્યારે જે તે વખતે આપણે બોન્ડ ઈસ્યુ કર્યા તે વખતે કુલ ૨૫૬.૮૬ કરોડ રૂપિયાની રકમ આપણે એમાંથી મેળવેલી. એ વખતે કુલ ૬,૬૯,૩૭૧ બોન્ડનું વેચાણ થયેલું. એ વખતે બોન્ડની જે શરતો હતી, એમાં ૪ તબકકા દરમયાન બોન્ડ ધારક જો ઈચ્છે તો નિગમને બોન્ડ પરત આપી એની રકમ પરત મેળવી શકે એવી વ્યવસ્થા હતી. એમાં પહેલો તબકકો ૧૧/૧/૨૦૦૦ ની પ્રથમ પાકતી મુદતનો તબકકો હતો. એ વખતે બોન્ડ ધારક જો નિગમને બોન્ડ પરત આપે તો ૧૨,૫૦૦ રૂપિયા મળવાપાત્ર હતા. ૧૧/૧/૨૦૦૫ નો બીજો તબકકો જે છે, એમાં ૩,૬૦૦ ના બોન્ડની પાકતી રકમ ૨૫,૦૦૦ રૂપિયા અને ૧૧/૧/૨૦૦૯ ના રોજ એટલે કે આવતા વર્ષે આ બોન્ડ પરત ચૂકવે તો ૩,૬૦૦ રૂપિયાના બોન્ડની કિંમતના ૫૦,૦૦૦ રૂપિયા અને મૂળ પાકતી મુદત એટલે કે ૨૦ વર્ષ ૨૦૧૪માં થાય ત્યારે ૧,૧૧,૦૦૦ રૂપિયા એમાં ચૂકવવાના હતા. :માનનીય અધ્યક્ષશ્રી, આ બોન્ડમાં શરત એવી હતી કે બોન્ડ ધારક ઈચ્છે તો મેં કહયું એ પ્રમાણેના ચાર તબકકામાં એ ઈચ્છે ત્યારે સમયમર્યાદામાં પરત આપે તો નિગમ એ બોન્ડ પરત લેવા બંધાયેલ છે, પરંતુ એ બોન્ડમાં એવી કોઈ જોગવાઈ નહોતી કે બોન્ડ જો ઈસ્યુ ધારક પાસેથી પરત લેવાના હોય, રિકોલ કરવાના હોય તો નિગમ કરી શકે અને એના કારણે આજે જે વ્યાજના દર ઘટયા છે એ ઘટેલા વ્યાજ દરનો લાભ આ નિગમને મળતો નથી અને એના કારણે જે રકમનો બોજો આપણે ચૂકવવાપાત્ર ૨૦૧૪ માં ગણીએ તો જયારે આ બોન્ડ ૨૦ વર્ષની મુદતે પાકવાના છે ત્યારે ૨૫૬.૮૬ કરોડ રૂપિયા એની મૂળ રકમ હતી અને એની પરત ચૂકવણી ૨૦ વર્ષે વ્યાજ સાથે ૨૦૧૪ માં ૭૪૩૦ કરોડ રૂપિયાની થાય છે. જયારે તમામ ક્ષેત્રમાં વ્યાજના દર ઘટયા હોય તો એ ઘટેલા વ્યાજના દરનો લાભ લેવા માટે અને નર્મદા નિગમ ઉપર ૨૦૧૪ માં એક સાથે આ ૭૪૩૦ કરોડ રૂપિયાનો બોજો આવવાનો છે એને કાયદાની મર્યાદામાં રહીને હળવો કરવા માટે આપણે રાજય સરકાર અને નિગમને આ બિલ દ્વારા સત્તા આપવા માગીએ છીએ કે નિગમ આ બોન્ડનો ઈસ્યુ કટ કરી શકે અને નિગમ નકકી કરે એ તારીખે જે રકમ પરત કરવાની થાય છે એ અત્યાર સુધી જે વ્યાજ આપણે લગભગ ૧૯ ટકા પ્રમાણે આમાં ચૂકવવાનું થાય છે, ચક્રવૃદ્ધિ વ્યાજ સહિત એ ગણીએ તો ૧૯ ટકા એના ઉપર વ્યાજ ઉપજે છે.આપણે કોઈપણ ઈસ્યુ ધારકને એક ટકો પણ આ કટ ઓફ ડેટ વખતે ચૂકવતી વખતે ઓછું કરવા માગતા નથી. એટલે કે હું દાખલો આપીને સમજાવું કે મૂળ આયોજન પ્રમાણે૨૦૦૫ માં જેના બોન્ડની મુદત પૂરી થતી હોય અને પાછા આપવા માગતા હોય અને જેણે પાછા આપ્યા હશે તો એને ૨૫ હજાર મૂળ શરત પ્રમાણે પાછા આપવાના થતા હતા, ૨૦૦૯ માં તા.૧-૧-૨૦૦૯ ના રોજ મૂદત પૂરી થતાં વચલા ગાળાના અને બોન્ડ ધારક પાછા આપે તો ૫૦ હજારના હક્કદાર મૂળ શરત પ્રમાણે હતા. તો આપણે એમાં સહેજ પણ રકમ ઓછી કરતા નથી. આપણે જે કટ ઓફ ડેટ નકકી કરીએ એમાં અત્યાર સુધીનું મૂળ શરત પ્રમાણેનું વ્યાજ ચૂકવવા માગીએ છીએ, પરંતુ આવી વધારે વ્યાજની મોટી રકમ જરૂર વિના પોતાને જયારે નર્મદા નિગમને ઓછા વ્યાજની લોન એટલે કે ૧૦ થી ૧૧ ટકા વ્યાજે અને કોઈ મોટી સંસ્થા દ્વારા જો આયોજીત કરવામાં આવે જેમ કે ભારત સરકારના માધ્યમથી કે અન્ય રીતે અથવા તો વિશ્વબેંક દ્વારા તો એ ૮ ટકાની આજુબાજુ પણ આપણને એમાંથી ફાઈનાન્સ મળી શકે તેમ છે. આપણને ૮ થી ૧૦ ટકાના વ્યાજે જો મોટી રકમની લોન મળતી હોય તો શા માટે નર્મદા નિગમ ૧૯ ટકા વ્યાજની રકમ એના હસ્તક રાખે? તો આ જે નુકસાન થાય છે તેમાંથી એ નુકસાનને હળવું કરવા માટે વ્યાજનો બોજો હળવો કરવા માટેની નિગમને જે સત્તા આપવાની છે એ આપવા માટેનું આ બિલ માનનીય સભાગૃહમાં હું લાવ્યો છું. હું બોન્ડ ધારકોને ખાતરી આપવા માગું છું કે જયારે કટ ઓફ ડેટ નકકી કરીશું ત્યાં સુધી જે વ્યાજ નિશ્ચિત છે, જે ઓફર વખતે નકકી કરેલ છે એ નિશ્ચિત વ્યાજમાં સહેજ પણ ઓછું કરવાના નથી. આટલી મારી પૂર્વભૂમિકા છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે આ બિલને મંજૂરી આપ્યા બાદ નિગમ તરફથી એની જે કટ ઓફ ડેટ નકકી કરવામાં આવશે એ પ્રમાણે ઈસ્યુ ધારો સાથેની આગળની કાર્યવાહી કરવામાં આવશે. હું આ ગૃહના સૌ સભ્યોને વિનતી કરવા માગું છું કે આ નર્મદા યોજના એના માટે આપણે સૌએ વારંવાર કહયું છે કે આપણા સૌની યોજના છે, ગુજરાતની યોજના છે, ગુજરાતની પ્રગતિ અને સમૃદ્ધિ માટેની યોજના છે. તો આ બિલને આપણે બધા સર્વાનુમત્તે સમર્થન આપીએ અને મંજૂર કરીએ એવી મારી વિનંતી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બાબત લઈને આવ્યા છે એમાં જે બોન્ડ બહાર પાડવામાં આવ્યા હતા તે સમયે આપણી આ જીવાદોરીની અત્યંત જરૂરિયાતને ધ્યાને રાખીને જયારે બહાર પડાયા ત્યારે માનનીય વિરોધપક્ષના નેતા શ્રી કેશુંભાઈ સાથે, મુખ્ય મંત્રીશ્રી સાથે, નર્મદા વિભાગના મંત્રીશ્રી સાથેની જોઈન્ટ મિટિંગ પછી, અને સહુએ સહિયારો પુરૂષાર્થ કર્યો, એકે એક સ્ટેજે નર્મદા યોજનાનું કામ જયારે ચાલતુ હતું ત્યારે વિરોધપક્ષને નાનામાં નાની પ્લસ અને માઈનસની બાબતો આપવામાં આવતી હતી. અને એ રીતે જેમણે પૈસા ત્યારે આપ્યા તેમનો પણ આભાર માનવો પડે, કારણ કે એ સમયે જો આપણે હાઈટ ન વધારી શકયા હોત તો અલ્હાબાદ, મહારાષ્ટ્ર અને દિલ્હી, ત્રણ જગ્યાએ હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટની વચ્ચે મેટર એવી અટવાયેલી હતી કે ચોકકસ હાઈટે ન પહોંચીએ તો કદાચ આજે નર્મદા યોજનાના નીરના દર્શન આપણે ન કરી શકયા હોત, ધસમસતા પુરમાં સ્લુઈઝ ગેઈટ બંધ કર્યા, બોમ્બે હાઈમાંથી લાવેલા ત્રણ મરજીવા શહિદ થયા, છતાં આપણે સ્લુઈઝ ગેઈટ બંધ કર્યા અને નર્મદા યોજનાનું કામ આપણે આગળ ધપાવ્યું, આજે માનનીય અધ્યક્ષશ્રી, આ થવાથી જે આપણું ભારણ છે એ ઘટે અને ઓછા દરે પૈસા મળવાના હોય તો નર્મદા યોજનાને લાગે વળગે છે ત્યાં સુધી અમારો પક્ષ સંપૂર્ણપણે આ યોજનાને સમર્થન આપવા માટે હંમેશા તત્પર રહેવાનો છે. માનનીય મંત્રીશ્રીએ જે વાતો કરી છે એમાં હું આશા રાખું છું કે ભવિષ્યમાં પણ પોલીટીકલ ઓબ્જરવેશનોમાંથી બહાર નીકળીએ, આ યોજનાને લાગે વળગે છે ત્યાં સુધી ફિલ્ડ ચેનલો અને કેનાલો બનવાની બાબતમાં પણ આગળ વધીએ, અને યોજનાનો સાચો લાભ એ ખેડૂતના ખેતરમાં પાણી પહોંચે ત્યારે મળવાનો છે. એમાં જયાં જેવી જરૂરિયાત પડે, કોઈની વાણી નર્મદાનું પાણી નહીં તાણી લાવી શકે, આપણે ભેગા થઈને આ યોજનાને સમર્થન આપીએ અને સાથે મળીને સંઘર્ષ કરીએ, અને આ યોજના પુરી થવાથી ગુજરાતનું જે હિત થવાનું છે, યોજનાના જે પોઝીટેવ પોઈન્ટસમાં જયાં અટકતું હોય તે કામ પણ આગળ લઈને જઈએ, આ થવાથી રાજય સરકારના નાણા એ આખરે પ્રજાના નાણા છે, એનું ભારણ ઘટવાનું હોય અને સાથે સાથે જેમણે આપણા કપરા સમયમાં આપણા માટે પૈસા આપ્યા છે એમને જે આપણે પ્રોમિસ આપ્યું છે એમાં કયાંય સહેજ પણ એમને મુશ્કેલી ન આવે, કારણ કે આવતી કાલે કોઈ પણ સરકાર હોય, પણ એ સરકારનું આપેલું પ્રોમીસ છે તેમાં કયાંય આંચ ન આવે તેની કાળજી રાખીને વિતરણ થાય તે માનનીય મંત્રીશ્રી પણ જુએ, અને જયારે પરત આપવાની બાબત આવે તેમાં પણ એક સિમ્પલ સિસ્ટમ એવી ઉભી કરવામાં આવે કે જયારે એ બોન્ડમાં જેમણે નાણા રોકયા છે તેમને પરત મેળવવાની બાબતમાં કયાંય કોઈ ખોટી હેરાનગતિ ન થાય, કારણ કે આપણા મુશ્કેલીના સમયમાં આપણી પડખે, ગુજરાતની યોજનાની પડખે આવીને ઉભા રહેલા મિત્રોએ આમાં પૈસા રોકેલા છે, ઘણી સંસ્થાઓએ પણ પૈસા રોકેલા છે તો એ રીતે આમાં આગળ ચાલવામાં આવે. આ વિધેયકને લાગે વળગે છે ત્યાં સુધી અમે તેને સમર્થન આપીએ છીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે તેને સમર્થન આપવા માટે ઉભો થયો છું. જેમ અમારા નેતાએ વાત કરી એ પ્રમાણે એ વખતના માર્કેટ ફોર્સીસને ધ્યાનમાં લઈ અને એ વખતે આ ડિપ ડિસ્કાઉન્ટ બોન્ડ બહાર પાડવામાં આવ્યા, અને એ વખતે, અત્યારે ભલે આપણને નાણા ઓછા લાગતા હોય, પણ એ જમાનાની અંદર આટલા પૈસાની અંદર આપણું ઘણું મોટું કામ થયેલુ છે. એટલે એ વખતે આ યોજનાને સમર્થન આપનાર જે નિવેષકો છે, રોકાણ કરનારાઓ છે તેનો પણ આપણે આભાર માનીએ છીએ. એ રોકાણ કરનારાના નામે રાજ નીતિ કરવી હોય તો થઈ શકે, પણ રાજયનું હિત સમાયેલું છે, અને નર્મદા યોજનાનું હિત સમાયેલું છે, એટલા માટે આ બિલને અમે પણ ટેકો આપીએ છીએ. અત્યાર સુધીની પરંપરાઓમાં કોઈક વખત ચૂક આવી હશે. મોટે ભાગે નર્મદા યોજનાની વાત આવે છે ત્યારે આપણે સૌએ એક થઈને ઊભા રહ્યા છીએ. હું આપને એક દાખલો આપવા માગું છું. ધ્રોળ જોડિયાની પેટા ચૂંટણી ચાલતી હતી અને એ વખતે સ્વ. અમરસિંહભાઈ વિરોધપક્ષના નેતા હતા એમની સાથે હું જોડાઈને અમે એક નાનકડા મકાનની અંદર સાથે રહેતા હતા એ વખતે સુપ્રીમ કોર્ટનો ચૂકાદો નર્મદા યોજનાની હાઈટ વધારવા માટેનો આવ્યો હતો અને બીજા દિવસે બકેટ નાખવાનું હતું. સ્વ. અમરસિંહભાઈને માનનીય કેશુંભાઈએ ફોન કરીને કહ્યું કે આવતી કાલે બકેટ નાખવાનું છે એ પહેલા આપ અહીંયા પહોંચી જાવ આપને માટે હૅલિકૉપ્ટર મોકલું છું. આ પ્રકારની પરંપરા અને ભાવના રહેલી એ ભાવનાને આગળ વધારીએ અને જે ખેડૂતો નર્મદાના પાણી માટે રાહ જોઈને બેઠા છે એ સૌને એના પાણી મળે, ગુજરાત એનાથી સમૃદ્ધ થાય અને આપણા વડવાઓએ આ યોજના પૂરી કરવાની કલ્પના કરી હતી એ પૂરી થાય કારણ કે પર્યાવરણના નામે આખા વિશ્વમાંથી ખાસ સ્થાપિત હિત ધરાવનાર લોકોએ ઘણી અડચણો ઊભી કરી હતી પરંતુ સૌ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીઓ હોય, ભારતના વડાપ્રધાન હોય કે પડોશી રાજયના મુખ્યમંત્રીશ્રી હોય તમામે સાથે મળીને તમામ રાજકીય પક્ષોએ જે રીતે સમર્થન આપ્યું છે એજ ભાવના સાથે આ બિલ લઈને આવ્યા છે એને સમર્થન આપું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૭ સન ૨૦૦૮નું સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (બૉન્ડ પરત ચૂકવણીની સત્તા આપવા બાબત) વિધેયક લાવ્યા છે એ ઉપર મારી વાત કહેવા માગું છું.

અમારા વિરોધપક્ષના નેતાશ્રીએ અને માનનીય અર્જુનભાઈએ વાત કહી એમાં હું પણ આ બિલને સમર્થન આપું છું. એ વખતે શ્રી સનત મહેતા આ નિગમના ચેરમેન હતા. વિશ્વબેંકે નાણા આપવાની ના કહી દીધી હતી આપણે આપણું સ્વમાન જાળવવું હતું, નર્મદાનું કામ કરવાનું હતું અને માનનીય સનતભાઈએ એમના પરિચિતમાં હોય તેવી જાહેર જીવનની વ્યકિતઓને પત્ર લખેલો એમાંનો એકાદ બૉન્ડ મારી પાસે પણ છે. નર્મદા યોજનાનું કામ આગળ વધે એમાં એક ઈંટ જેની હોય એનો સંતોષ લઈ શકાય તેમના ઘણા લોકોએ આ ગૃહમાં પણ હશે અને એ વખતે આ પૈસા લેવાયેલા અને એ પૈસાનું વ્યાજ ખૂબ મોંઘું પડે છે એ વાત માનનીય નીતિનભાઈએ કહી છે. એ વાત પણ વજૂદવાળી છે. આની પહેલાના નાણા ખાતાના કેટલાક અધિકારીઓ સાથે વાતો થતી અને ત્યારે એને વિકૃત રીતે રજૂઆતો કરવામાં આવતી ત્યારે હું પણ વિરોધ કરતો કારણ કે બ્યુરોક્રશી લાગણીશીલતાને કેટલું સમજી શકે એનું માપ ન લેવાનું હોય પણ આપણે જાહેર જીવનના લોકોએ આજે કૉર્પોરેટ ક્ષેત્રમાં પબ્લિક ઇસ્યુ આવતો હોય એમાં અત્યારે આઈ.પી.ઓ. નું ચલણ આવ્યું. દસ રૂપિયાનો શેર એની ફેઈસ વેલ્યુ હોય અને એના ૫૦ ગણી કિંમત ભરવાની, સેબી એને અનુમતિ આપે. દસ રૂપિયાનો શેર ૫૦૦ રૂપિયામાં લોકો હોંશે હોંશે લે. હમણાં તો ગુજરાતના એક ઉદ્યોગગૃહનો આઈ.પી.ઓ. ૧૧૬ ગણો ભરાયો અને એ વખતે આ ૩૨૦૦ કે ૩૬૦૦નો શેર છે, બૉન્ડ છે એનું મહત્ત્વ ઓછું ન અંકાય. વોલેન્ટરી જે લોકોએ રોકાણ કર્યુ છે એમના વીલ ઉપર આ વાત મૂકી શકાઈ હોત પરંતુ ભૂતકાળમાં આના માટે પ્રયત્નો થયા ત્યારે કોઈ લોકો દસ કે સાડા દસ ટકાનું વ્યાજ ચાલે છે ત્યારે ૧૯ ટકાનું વ્યાજ જતું કરવા માટે તૈયાર પણ ન હોય. અને તે વખતે આપણે નિગમને જે સગવડ કરી આપવાની વાત જે છે તેમાં કેટલું વ્યાજબીપણું છે એ તો આવતા દિવસોમાં કહેવાશે. કારણ કે આ એક સરખા સુખના દિવસો કોઈના જતા નથી. આ જો નર્મદા યોજનામાંથી આવકો શરૂ થઈ હોત તો આપણે હોંશે હોંશે ૭,૦૦૦ કરોડ રૂપિયા ભરી દેત. તેમાં ૪,૦૦૦ કરોડ રૂપિયાની નુકસાની જવાની છે તેના બદલે તેમાં એકાદ એકડો ચડી જાત એટલી આવક નર્મદા યોજનાથી રાજયની તિજોરીમાં ભરી શકત પણ એક યા બીજા કારણે બધા સંમત હોવા છતાં પણ આપણે નર્મદા મૈયાના નીર છે એ ધારેલા આપણે ૧૭ લાખ હેકટરની સિંચાઈ શકિતના ૫ ટકાએ માત્ર પહોંચાડી શક્યા છીએ. ૧૦ ટકાએ આ વર્ષમાં પહોંચાડો તો અમને આનંદ થશે અને તમારા આ પાંચ વર્ષના કાળમાં ૧૭ લાખ હેકટરમાં આ પાણી પહોંચાડો એવી શુંભેચ્છા આપના મારફતે હું સિંચાઈ મંત્રીશ્રીને આપું, પણ એ નર્મદાના ફળ ગુજરાતની પ્રજાને મળે અને આપોઆપ ગુજરાતની તિજોરીમાં સમૃદ્ધિ વધે એ દિવસનો પાયો જે છે, આ જે ૩૦૦ કરોડ રૂપિયાની અંદરના બૉન્ડ તે વખતે લેવાયેલા તે પાયાની જે મજબુતાઈ છે તેના ઉપર આ ચણતર થયું છે એ આપણે ભૂલીએ નહીં એટલી જ મારે વાત કહેવાની છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહજી, માનનીય અર્જુનભાઈ, માનનીય બાબુભાઈએ આ બિલને સમર્થન આપ્યું છે એ બદલ તેમનો અને તેમના પક્ષનો આભાર માનું છું. સભ્યશ્રીઓની જે લાગણી છે કે નર્મદા યોજના આપણાં સૌની યોજના છે. માનનીય બાબુભાઈએ કહ્યું તે પ્રમાણે પાણી ખેતરો સુધી પહોંચે, તેના કામો ઝડપથી થાય તે માટે નાણાકીય જરૂરિયાતો સ્વાભાવિક છે. હજુ પણ આવનારા સમયમાં પૂરતી ઉપલબ્ધિ કરાવવી પડશે. નર્મદા યોજનામાંથી આર્થિક ઉપાર્જન કરવાનું કામ તો આપણા સૌના સહિયારા પ્રયાસથી જળ વિદ્યુતનું જે ૩૫૦ મેગાવોટનું ઉત્પાદન શરૂ કરી દીધું છે. તેમાંથી આપણા ભાગની વીજળીનો લાભ પણ આપણે મેળવતા થયા છીએ. જે મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં નર્મદાનો કમાન્ડ એરિયા વિકસિત કરવા તરફ આપણે લગભગ કામ પૂરું કર્યું છે. તેનું ઈરીગેશન અને ખેડૂતોને તેનો ખેતીમાં લાભ એ પણ આપણે વહેલી તકે આપી શક્યા છીએ અને આવનારા સમયમાં ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને પછી માનનીય બાબુભાઈનું કચ્છ, ત્યાં સુધી પાણી પહોંચાડવાનું કામ રાજય સરકાર ગંભીરતાથી, ઝડપથી હાથ ઉપર (અંતરાય) કમાન્ડ એરિયા જ્યાં છે ત્યાં જ કહું ને બાબુભાઈ, બીજે તો આપણી ઈચ્છા હશે તો પણ નહીં લઈ જઈ શકીએ. ત્યાં આપણે પહોંચાડવા પૂરા પ્રયત્નશીલ છીએ. મેં અગાઉ પણ અહીં આમંત્રણ આપ્યું હતું કે કાલે બનાસકાંઠામાં જે ૪૫૮ કિલોમીટરની મેઈન કેનાલ છે એ પાણી પહોંચાડવાનું મુખ્ય કામ આપણે પૂરું કર્યું છે. રાજસ્થાનને આવતી કાલે પાણી પહોંચાડીએ છીએ પણ તબક્કાવાર આપ સૌના સહકારથી ગુજરાતની સર્વ પ્રજાના સહકારથી આ કામ આપણે આગળ વધારીએ છીએ, એટલે ચોક્કસ આપની લાગણીઓ પૂરેપૂરી ગંભીરતાથી સરકારના ધ્યાન ઉપર છે જ. આપે સમર્થન આપ્યું તે બદલ આપ સૌ માનનીય સભ્યશ્રીઓનો આભાર માનું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૭, સન ૨૦૦૮નું સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (બૉન્ડ પરત ચૂકવણીની સત્તા આપવા બાબત) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨**

**સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક-૧૭માં કલમ-૨માં, પેટા કલમ- (૧)નો સુધારો**

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ-૨ ઉપરનો નીચે મુજબનો મારો સુધારો રજૂ કરું છું.

In clause ૨, in sub-clause (૧), for the words "the Government of Gujarat " substitute the words, " the Legislative Assembly of Gujarat."

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ-૨ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૩ અને કલમ-૧ દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૭ સન ૨૦૦૮નું સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (બોન્ડ પરત ચૂકવણીની સત્તા આપવા બાબત) વિધેયકનું સુધારેલા સ્વરૂપમાં ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૭ સન ૨૦૦૮નું સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (બોન્ડ પરત ચૂકવણીની સત્તા આપવા બાબત) વિધેયકનું સુધારેલા સ્વરૂપમાં ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૧

# મુંબઈ દુકાન અને સંસ્થા (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૮

### ગુજરાત રાજયને લાગુ પડતો હોય તેટલા પૂરતો, મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી વજુભાઈ વાળા (શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય પત્રમાં *અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૧ સન ૨૦૦૮નું મુંબઈ દુકાન અને સંસ્થા (ગુજરાત સુધારા) વિધેયક આપની અનુમતીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૧ સન ૨૦૦૮નું મુંબઈ દુકાન અને સંસ્થા (ગુજરાત સુધારા) વિધેયક્નું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ એકદમ ટૂંકું છે. ભૂતકાળની અંદર માનનીય સભ્યશ્રી ટપુભાઈ લિંબાસીયાએ એમ કહ્યું હતું કે જે શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એકટ નીચે જે દુકાનદારોના શોપ્સના લાયસન્સ ૩ વર્ષે રીન્યૂ થાય છે એના બદલે ૧૫ વર્ષની મુદત કરવી. ત્યારે ચાર કોર્પોરેશનના કમિશનરશ્રીઓની એક કમિટિ નિમવામાં આવી અને એ લોકોનો અભિપ્રાય લેવામાં આવ્યો અને એમણે કહ્યું કે, ૧૫ વર્ષનો ગાળો બહુ લાંબો સમય કહેવાય. ત્યારે ત્રણ વર્ષના બદલે ૫ વર્ષે લાયસન્સ રીન્યૂ કરવું. એટલે આ બિલની અંદર જે કલમમાં જયાં ૩ વર્ષ છે એના બદલે ૫ વર્ષ કરવા. જેના કારણે વેપારીઓને ૩ વર્ષના બદલે ૫ વર્ષ આપે. એટલે પોતાની શોપ્સનું લાયસન્સ રીન્યૂ કરાવે. હું કાંઈ બીજું નથી કહેતો.

**અધ્યક્ષશ્રી** : શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા..

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું કાંઈ બીજું નથી કહેતો પરંતુ આ બિલ હતુને, એની અંદર જે જે ભાઈઓએ, ધારાસભ્યોએ ભૂતકાળમાં ભાગ લીધો હતો, એક શ્રી ટપુભાઈ લિંબાસીયા હતા, બીજા શ્રી હરેશકુમાર ભટ્ટ હતા અને ત્રીજા શ્રી ધનરાજભાઈ કેલા હતા. જેણે ભાગ લીધો એ કુદરતી રીતે આજે ભાગ નથી લઈ શકતા. એટલે આ રીસ્ક સાથે ભાગ લેવો હોય એ લઈ શકે છે. (સભાગૃહમાં ખડખડાટ હાસ્યનું મોજું ફેલાયું.)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, બિલની ચર્ચામાં મારે જરૂરથી ભાગ લેવો છે એટલા માટે કે આ બિલને એક તો ટેકો આપવો છે. પેલા ત્રણ સભ્યો પણ ટેકો આપતા હતા અને એમને લોકોથી જોખમ થયું એના કરતાં આપના તરફથી વધારે જોખમ થયું છે એટલે મને આપનો કોઈ ડર નથી અને મારા મિત્રોનો મને ટેકો છે એટલે મને કોઈ ચિંતા નથી. એટલે જે સુધારા માટેનું બિલ લઈ આવ્યા છે એને અમે પણ આવકાર આપીએ છીએ પણ સાથેસાથે અપેક્ષા એવી હતી કે આ બિલની સાથે જો ગુમાસ્તા ધારાનું જે પાલન થતું નથી અને હમણાં ગેઝેટમાં પ્રસિધ્ધિ કરાવી અને મોટા જે મોલ બને છે એના માટે જે છૂટછાટો આપી છે એ છૂટછાટો પાછલા દરવાજેથી એક પ્રકારનું શોષણ ઉભું કરવાની વ્યવસ્થા ઉભી થઈ છે. સાતે સાત દિવસ આ

* વિધેયક તારીખ- ૧૪મી માર્ચ ૨૦૦૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સંસ્થાઓ જે છે અમૂક અમૂક સંસ્થાઓને ચલાવવાની મંજૂરી અપાય પણ નાના દુકાનદારોને એમ કહેવામાં આવે કે તમે બંધ કરો એટલે બંધ કરવું એટલા માટે જરૂરી છે કે ગુમાસ્તાઓને એક દિવસની રજાઓ મળવી જોઈએ. આ ચોકકસ આ સ્કોપમાં નથી આવતું પણ જો આ સુધારા કરી અને આ વ્યવસ્થા વધારે કડક બનાવાયા એવું જો લઈ આવ્યા હોત તો વધારે આવકાર મળેત છતાં આટલા સૂચન સાથે આ બિલને અમારું સમર્થન છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈએ એક જ વાત કરી કે દુકાન કેટલા વાગ્યા સુધી ખુલ્લી રહે એ સવાલ નથી પણ કર્મચારી પાસેથી એના વર્કીંગ અવર્સ હોય અને એના જેટલા રજાના દિવસ આપવા જોઈએ એનું પાલન કરવું જોઈએ, ચોકકસ આપ કહો છો એમ મોલની અંદર અને બીજી જગ્યાએ પણ જઈ અને કોર્પોરેશન કે નગરપાલિકામાં તો લગભગ નથી, કોર્પોરેશનવાળા વિસ્તનારની અંદર આ પ્રકારની ચોકકસ એને સૂચના આપીશું જેના કારણે કોઈ કર્મચારીનું શોષણ ન થાય અને એને મળતી વીકલી ઓફ એને બરાબર મળી રહે એ રીતે વ્યવસ્થા કરાવીશું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સને ૨૦૦૮ના વિધેયક ક્રમાંક:૧૧- સન ૨૦૦૮નું મુંબઈ દુકાન અને સંસ્થા ( ગુજરાત સુધારા ) વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ અને કલમ-૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિના વિરોધે વિધેયકનો ભાગ બની.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સને ૨૦૦૮ના વિધેયક ક્રમાંક:૧૧- સન ૨૦૦૮નું મુંબઈ દુકાન અને સંસ્થા (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિનાવિરોધે વિધેયક પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૦**

# ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૦૮

**સન ૨૦૦૯ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમૂક રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, * રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક: ૨૦- સન ૨૦૦૮નું ગુજરાત વિનિયોગ વિધેયક આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક: ૨૦- સન ૨૦૦૮ના ગુજરાત વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, વિનિયોગ વિધેયક માટે હાઉસમાં ખૂબ જ વિગતવાર ચર્ચાઓ થઈ છે અને એના માટેની જે માગણીઓ છે એ માગણીઓ પણ બધી મંજૂર થઈ હતી. બાકી માગણીઓ હતી એ ગિલોટીન દ્વારા પણ મતપાત્ર તમામ માગણીઓ મંજૂર થઈ હતી. આ પ્રમાણે જે આ બિલ છે એ કુલ રૂા. ૫૦,૨૧૫,૭૨,૯૫,૦૦૦/- (પચાસ હજાર બસો પંદર કરોડ, બોંતેર લાખ, પંચાણું હજાર)નું આ બિલ હું લઈને આવ્યો છું. માનનીય સભ્યશ્રીઓને આ બિલ મંજૂર કરવા હું વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રી** : મારી પાસે નિયમ ૨૩૮ અન્વયે ૧૨ સભ્યોના નામો વિનિયોગ વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટે આવ્યા છે. શ્રી ચંદુભાઈ ડાભી.

**શ્રી ચંદુભાઈ ડાભી (કરજણ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે વાજતે ગાજતે ગ્રામમિત્ર યોજનાની જાહેરાતો કરી હતી અને ગ્રામમિત્રોની નિમણૂંકો કરી હતી. ગ્રામમિત્રની કામગીરી હકીકતમાં અતિ મહત્ત્વની હતી. તેમણે સરકારની જે સરકારી યોજનાઓ છે તેની સમજ અને અમલીકરણમાં લોકોને મદદરૂપ થવાનું હતું. પરંતુ તેના બદલે આજે તો આ યોજના માત્ર કાગળ ઉપર જ રહી છે. ગ્રામમિત્ર માટે કોઈ માપદંડ કે ધારા-ધોરણો પણ નક્કી થયા નથી. પાંચ ગ્રામમિત્રની નિમણૂંક કરવામાં આવી હતી અને તેમને શિક્ષણ, આરોગ્ય, પંચાયત અને ખેતીવાડી વિગેરેની ગ્રામ્ય કક્ષાની જે પણ મહત્ત્વની બાબતો હતી એમાં પ્રજાને મદદરૂપ થવાની કામગીરી હતી. પરંતુ આ કામગીરી સદંતર નિષ્ફળ ગઈ છે. એની પાછળના પણ કેટલાંક કારણો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ વિકાસ એજન્સી દ્વારા આ ઉમેદવારોને પસંદ કરવામાં આવે છે અને આ ઉમેદવારો માટે અરજી મગાવવામાં આવે છે. ગ્રામ વિકાસ એજન્સીમાં તેની નિમણૂંક તેની કાર્યશક્તિ, તેની સમજ છે એના આધારે કરવામાં આવે છે. મને લાગે છે કે આ જે ગ્રામમિત્રની નિમણૂંક છે એ રાજકીય રીતે જ કરવામાં આવી હતી અને તેના કારણે ગ્રામમિત્રો દ્વારા જે કામગીરી થવી જોઈએ એ કામગીરી થઈ ન હતી. આથી એ સદંતર નિષ્ફળ ગઈ છે. એટલું જ નહીં પણ ચૂંટણી પછી તુરત જ આ ગ્રામમિત્રોને છૂટા પણ કરી દેવામાં આવ્યા

* વિધેયક તા.૨૫મી માર્ચ, ૨૦૦૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

હતા અને તેને છેલ્લા ચાર-ચાર મહિનાથી પગાર પણ આપવામાં આવેલ નથી. એટલું જ નહીં પરંતુ આ ગ્રામ મિત્રો દ્વારા લોકોને જે જુદા જુદા ક્ષેત્રે મદદ કરવાની હતી તેના બદલે આ ગ્રામમિત્રોને સરકારી સંમેલનો અને સરકાર ઉત્સવો છે એમાં જોડ્યા. જેના કારણે જે કામગીરી હતી એ થઈ શકી નહીં. આ કામગીરીની કોઈ સમીક્ષા કરવામાં આવતી નથી. ખરેખર એની સમીક્ષા કરેલ હોત અને એની શું જવાબદારી છે એનું મોનિટરીંગ કરેલ હોત તો આ પરિસ્થિતિ ન થતી. ખાસ કરીને લઈએ તો ગ્રામ્ય વિસ્તારમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચના લોકો છે એ લોકોને સરકારની યોજનાઓની પૂરતી માહિતી હોતી નથી. આવા ગ્રામમિત્રો દ્વારા આની પૂરતી સમજ આપવાની હતી. તેવી સમજ નહીં આપી શકવાના કારણે સરકારની યોજનાના જે લાભો છે એ લાભો એમના સુધી પહોંચ્યા નહીં. એની પૂરતી સમજ ન હોવાના કારણે આ લાભ લેવા માટે માટેની જે અટપટી કામગીરી હતી એ કામગીરી આ ગ્રામમિત્રોને મદદરૂપ થવાની હતી. કામગીરીમાં આ જે ગ્રામમિત્ર છે એમાં મદદરૂપ થવાનું હતું, પરંતુ હકીકતમાં એમાં સદંતર નિષ્ફળ ગયેલ છે. મારે તો એટલું જ કહેવાનું છે કે આ યોજનાના મૂળમાં જે નિષ્ફળતા હતી અને જેના કારણે સરકારના જે નાણા અને સમયનો વ્યય થયો છે ત્યારે મારે તો સરકારશ્રીને એટલી વિનંતી કરવાની છે કે આ પ્રજાના નાણાનો વ્યય ના થાય અને આ જે ગ્રામમિત્ર છે એની કામગીરી ચેતનવંતી બને એવું મારું સૂચન છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વાસ્થ્ય માટે પોષડોડાની ભલામણ હોવા છતાં પરમિટ આપવામાં તંત્રની નિષ્ફળતા.

માનનીય અધ્યક્ષશ્રી, આના પરની એક તારાંકિત બુકની અંદર મેં તારાંકિત પ્રશ્નના એક જવાબમાં અમારા રાજકોટ જિલ્લાની અંદર છેલ્લા એક વર્ષમાં લગભગ અરજદારોની ૫૦૦ જેવી પરમિટ આપવામાં આવી. જે સ્વાસ્થ્ય માટે પોષડોડાની ભલામણ જ્યારે મોટી ઉંમરની વ્યકિત હોય એને ડૉકટરની ભલામણ મારફત સામાન્ય રીતે પરમિટની ડૉકટરો ભલામણ કરતા હોય છે. તમે થોડું દરરોજ આનું સેવન કરો તો શ્વાસ વગેરેની તકલીફ હોય તો શ્વાસમાં અનુકૂળતા રહે. છેલ્લા લગભગ બે-એક વર્ષથી જે આવી મોટી ઉંમરની વ્યકિત હોય એ એક તો માંડ કરીને ત્યાં હોસ્પિટલ સુધી ડૉકટર પાસે જઈ શકતી હોય છે અને એના સ્વાસ્થ્ય માટેની જ્યારે ડૉકટર તપાસ કર્યા પછી દર માસે કિલો અથવા દોઢ કિલો પરમિટની ભલામણ એના મારફત કરવામાં આવે છે. જ્યારે એ નશાબંધી વિભાગમાં જાય છે ત્યાં એમને પરમિટો આપવામાં આવતી નથી જેના કારણે એક તો ડૉકટર પાસે જે કાંઈ ખર્ચો થાય એ અલગ. નશાબંધી વિભાગની અંદર જ્યારે પરમિટ લેવા જાય છે ત્યારે એને પરમિટો આપવામાં આવતી નથી અને એવું કહેવામાં આવે કે આ પરમિટ પ્રથા બંધ છે. નાછુટકે એમને વગર પરમિટે કયાંકથી આ પોષડોડાનો જથ્થો લેવો પડતો હોય છે. આ પરમિટ ઉપર લેવા જાય છે તો ૩૦૦ રૂપિયા ભાવ છે. જ્યારે બજારની અંદર જે સામેનો દુકાનદાર છે એ એને મનફાવે એટલો ભાવ લે છે. કોઈની પાસે પાંચસો, હજાર રૂપિયા આ એક કિલો પોષડોડાની રકમ લે છે ત્યારે મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીના ધ્યાન પર મૂકવું છે કે જેને ડૉકટર ભલામણ કરી આપે અને ખરેખર સ્વાસ્થ્ય માટે જરૂરી છે અને મોટી ઉંમરની વ્યકિત હોય એવી વ્યકિતઓને પોષડોડાની પરમિટ નશાબંધી વિભાગ મારફત મળે એવી વ્યવસ્થા કરવી જોઈએ. એની સાથે સાથે જે પોષડોડાનો જથ્થો રાખવાની સગવડતા છે એ પરમિટોને ધ્યાને રાખીને તાલુકા મથકે અથવા તો નજીકમાં મળી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ, જેથી કરીને પરમિટવાળા વૃદ્ધ વ્યકિતને દૂર સુધી એ જથ્થો લેવા જવું ના પડે. દૂર લેવા જાય છે તો રસ્તામાં કયાંક પોલીસખાતા તરફથી કનડગત થતી હોય છે એને ખોટી રીતે રકમ પડાવી લેવામાં આવે છે અને કયાંક એને જુદાજુદા પ્રકારના બહાના હેઠળ એના પર ગુનો લગાવીને એની ધરપકડ કરવામાં આવે છે. એટલે આ પોષડોડાના પરમિટની ડૉકટરની ભલામણ મુજબ આ જરૂરિયાતવાળી મોટી ઉંમરની વ્યકિત હોય એને મળવા જોઈએ. સાથે સાથે એને નજીકના સ્થળે ઉપલબ્ધ થાય એવી વ્યવસ્થાનું આયોજન કરે એવી માનનીય મંત્રીશ્રીને આપના મારફત વિનંતી છે.

**શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના કુલ બજેટના ૧૭.૫૭ ટકા બજેટનો હિસ્સો આદિજાતિ વિકાસ માટેનો હોવા છતાં આ નાણાનો પૂરતો અને યોગ્ય ઉપયોગ કરવામાં સરકારની નિષ્ફળતાને કારણે આદિવાસી સમાજને ઘણું મોટું નુકસાન થાય છે. આજની તારીખમાં પણ ઘણી મોટી યોજનાઓ હોવા છતાં ગામડાંના છેવાડાના ઝૂંપડા સુધી હજુ આપણે અજવાળું નથી કરી શક્યા. કેટલાક લોકો આદિવાસી વિસ્તારમાં હજુ રોજી-રોટી માટે ભટકી રહ્યા છે, ખરેખર આ લોકોનું જીવન એ દયાજનક સ્થિતિમાં જીવી રહ્યા છે. સતત ભાવ વધારો હોવા છતાં આદિજાતિ ખેડૂતોને જે કાંઈ સહાયની યોજના છે એમાં હજુ જે સબસિડીના ધોરણો છે એ હજુ આગળ વધ્યા નથી, એટલે એમાં પણ આજે વિચારવાનો સમય પાકી ગયો છે. આજે ગરીબ વધુ ગરીબ બની રહ્યો છે અને અત્યંત તવંગર છે એ વધુ તવંગર બન્યો છે એટલે એમાં પણ જે યોજનામાં ખામી છે એમાં સુધારો થાય. આદિવાસીના બાળકો હજુ પણ વિજ્ઞાન અને ટેકનોલોજીના ઉચ્ચ અભ્યાસક્રમમાં જઈ શકતા નથી.હજુ પણ રોજીરોટી માટે આદિવાસીઓમાં સૌથી વધારે સ્થળાંતર થઈ રહ્યું છે અને જે રીતે યોજનાઓનું અમલીકરણ થાય છે ખરેખર તો ગામડાંના વિસ્તાર અને પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને એના સ્થળે ખરેખર કઈ જરૂરિયાત છે અને એ રીતે સ્થળ ઉપર પરિસ્થિતિ ધ્યાનમાં રાખીને જ આયોજન થવું જોઈએ. એની જગ્યાએ હજુપણ એરકન્ડીશનમાં બેઠા બેઠા આયોજન થાય છે. આને પરિણામે સાચા માનવી સુધી ખરેખર આ સરકારની યોજનાઓના લાભ હજુ સુધી આદિવાસીઓના ઝુંપડા સુધી પહોંચી શકયા નથી હજુ પણ જે લોકો શિક્ષિત થયા છે

એ લોકોને, બેરોજગારોને રોજીરોટી આપવામાં પણ આપણે નિષ્ફળ ગયા છીએ અને જે સરકારશ્રીએ ખાતરી આપી છે અને બેકારોને માનદ વેતન આપવાની વાત છે એમાં પણ સરકાર હજી સુધી જોગવાઈ કરી શકી નથી.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા (જંબુસર)** : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લાના જંબુસર વિસ્તારમાં પાકા રોડની સુવિધાના અભાવે ગ્રામજનોને પડતી મુશ્કેલી નિભાવવામાં તંત્રની નિષ્ફળતા. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષો પહેલા પાકા રસ્તા મરામત ન થવાને કારણે ખાસ કરીને પંચાયત વિભાગના રસ્તાઓમાં ખૂબ જ ગેરરીતિઓ આચરવામાં આવે છે. એમને આપણે પાકા રસ્તા ગણવા કે કાચા રસ્તા ગણવા. જંબુસર-ગજેરા-કારેલી વર્ષો પહેલા બનેલો રોડ છે. વારંવાર રજૂઆતો કરવા છતાં સાઈડની ધારો પૂરવામાં આવતી નથી. બે-બે ફુટ ઊંડા ખાડા પાડવામાં આવેલા છે અત્યારે એકસીડન્ટ ઝોન તરીકે ઓળખાય છે તેમછતાં પણ તંત્ર એ બાબતે નિષ્ક્રિય છે. એક બીજો જે રોડ કહેવામાં આવે છે કે ઈસ્લામપુર-કપુરીયા અને અસરસા થઈને જાય છે. જુન મહિલા પહેલા પહેલાં જ કરોડો રૂપિયાના ખર્ચે એ રોડ તૈયાર કરવામાં આવેલો છે. આજની તારીખે જોવામાં આવે તો એ રોડ પાકો છે કે કાચો એ પણ આપણે જોઈ શકીએ તેમ છીએ. માનનીય મંત્રીશ્રીને ભલામણ છે કે આવા જે રસ્તાઓ બનાવ્યા છે એ જે એજન્સી છે એને કસુરવાર ઠેરવી અને યોગ્ય દંડની જોગવાઈ કરવામાં આવે.

**શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષોથી આદિવાસીઓ જંગલોની જમીનો ખેડે છે. આ રાજય સરકારે સનદો આપી. રાજય સરકારે સનદો આપ્યા પછી આ ફોરેસ્ટ ખાતાએ આ આદિવાસીઓને હજી સુધી જમીનો આપી નથી. આદિવાસીઓ વર્ષોથી જંગલની અંદર રહે છે અત્યારે હાલ મારા વિજયનગર તાલુકાની અંદર વર્ષોથી જંગલની જમીન ખેડતા આદિવાસીઓ જયારે પોતાના હકકો માટે લડતા હતા ત્યારે આ સરકારના ઈરાદે, આ સરકારના ઈશારે આદિવાસીઓ ઉપર ગોળીબાર થયો. ગોળીબારને કારણે પાંચ આદિવાસીઓ મૃત્યુ પામ્યા અને ત્રણ આદિવાસીઓ ઘાયલ થયા. હાલની પરિસ્થિતિમાં એમના ઉપર કેસો કરવામાં આવ્યા છે. ૨૪-૨૪ આદિવાસીઓ ઉપર કેસો કરવામાં આવ્યા છે. ૨૫ દિવસોથી જેલની અંદર આ આદિવાસીઓ સબડે છે. આદિવાસીઓ જે ૨૦-૨૦ દિવસથી જેલની અંદર છે એની કોઈ સારસંભાળ લેવા માટે તૈયાર નથી એટલે મારી વિનંતી છે કે જે આદિવાસીઓ મૃત્યુ પામ્યા છે એમને વળતર મળવું જોઈએ. જેમની સામે કેસો થયેલા છે એમની સામેથી કેસો ખેંચી લેવા જોઈએ અને ગરીબ કુટુંબ, આદિવાસીઓને યોગ્ય વળતર મળવું જોઈએ અને નોકરીની પણ વ્યવસ્થા કરવી જોઈએ એવી હું આપના મારફત વિનંતી કરું છું.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા (જેતપુર-પાવી)** : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિની વસ્તીના પ્રમાણમાં આશ્રમશાળાઓ અને છાત્રાલયોની મંજૂરી આપવામાં તંત્રની નિષ્ફળતા. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં લગભગ ૭૫લાખ જેટલા આદિવાસીઓની વસ્તી છે. ૧૩ જિલ્લા, ૪૩ તાલુકા અને ૫૮૮૪ જેટલા ગામો છે. આ ગામોની અંદર હાઈસ્કૂલોની સુવિધા વધતી જાય છે.અત્યાર સુધી દિલખુશભાઈ દિવાનજી જુગતરામભાઈ દવે, છોટુભાઈ નાયક, રતનસિંહભાઈ મહીડા, ચંદુભાઈ પટેલ, પંચમહાલમાં ઠક્કરબાપા, ડાહ્યાભાઈ ભીલ, સાબરકાંઠામાં મિ. ભાવસાર અને બનાસકાંઠામાં અકબરભાઈ ચાવડા આ લોકોએ પૂર્વ પટ્ટીના વિસ્તારની ચિંતા કરીને લગભગ ૬૫૯ જેટલી આશ્રમશાળાઓ અને ૪૫૨ જેટલી છાત્રાલયો ખોલી હતી, પરંતુ છેલ્લા ઘણા સમયથી હવે છાત્રાલયો અને આશ્રમશાળાઓ આદિવાસી વિસ્તારમાં ખોલાતી નથી. મારે મંત્રીશ્રીને એટલી જ વિનંતી છે કે જ્યારે શિક્ષણનો વ્યાપ વધતો જાય છે, તેવા વખતે આ તમામ જુદી જુદી સંસ્થાઓવાળા આ આશ્રમશાળા અને છાત્રાલયોની માગણી કરે છે, ત્યારે ખાસ કરીને અમદાવાદ, સુરત, વડોદરા અને વલ્લભવિદ્યાનગર આણંદ જેવા શહેરોમાં આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે જે તે સંસ્થામાં દાખલ થાય છે, પણ તેમને રહેવા માટેની કોઈ સુવિધા નથી, તો આ તમામ વિદ્યાર્થીઓ ત્યાં ભણી શકે, એટલા માટે આદિવાસી છાત્રાલયો શરૂ કરવા માટે પણ મારી મંત્રીશ્રીની વિનંતી છે.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા (ઉમરેઠ)** : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લાની અંદર બી.પી.એલ. કાર્ડધારકોને નિયમિત અને પૂરતું કેરોસીન મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા અંગે મારું મંતવ્ય આપવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા આણંદ જિલ્લાની અંદર કેરોસીનનું લાઈસન્સ કોનું હોય અને કોના દ્વારા આ કેરોસીનના વિતરણનું કામ થતું હોય છે. મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવાની છે કે જે સ્થાપિત હિતો દ્વારા વિતરણ થઈ રહ્યું છે, તેના કરતાં લાઈસન્સ ધારક હોય એના દ્વારા જ કેરોસીનનું વિતરણ થાય અને આની ઘણી બધી ફરિયાદો અમારા વિસ્તારમાંથી આવી છે, તો તે તરફ મંત્રીશ્રી ધ્યાન આપે તે માટે વિનંતી છે. બીજું કે એક રૅશનિંગની દુકાન ધારો કે કોઈ કારણસર બંધ થાય તો ૩ કિ.મી.થી પણ વધારે અંતરના ગામે જઈ અને જે કેરોસીન કે બીજી વસ્તુ લેવાની વાત છે, તો પ્રજા ખૂબ તકલીફ અનુભવે છે, તો એનું નિવારણ થાય અને જે તે ગામમાં આ વસ્તુ કે કેરોસીન મળે તેવી વ્યવસ્થા થાય તેવી વિનંતી છે. ત્રીજું કે અમારે ત્યાં ઘણા લોકો એવા છે કે રીક્ષાની અંદર રૅશનિંગની દુકાને દુકાને ફરીને કેરોસીન ભેગું કરે છે અને ટ્રકવાળાને કેરોસીન પૂરું પાડે છે, તો અમારી વિનંતી છે કે ટ્રકની ટાંકીમાં નહિ, પણ પ્રાઈમસની ટાંકીની અંદર ગરીબોના ઘરે કેરોસીન જાય તે માટેની ચિંતા કરવામાં આવે તો અમે મંત્રીશ્રીના આભારી થઈશું. બીજું કે જે ગરીબ લોકો રોજનો ૧૦-૧૦ રૂપિયાનો રિલાયન્સ કે સેલનો પ્રાઈવેટ ગેસ લે છે. એમને પણ પેલો ગેસ સબસિડીવાળો મળતો હોતો નથી, છતાં કેરોસીન કાપી નાખવામાં આવે છે, કેરોસીન નથી આપવામાં આવતું, એની જગ્યાએ જે સબસિડી વગરના ગેસના

ગરીબો ૧૦ રૂપિયાના હપ્તાથી ગેસ લાવ્યા હોય એને કેરોસીન આપવામાં આવે એ માટે જે કંઈ હુકમ કરવાની જરૂર પડે એ માટેની વિનંતી છે.

**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી કર્મચારીઓને જેમને રહેણાંકના પ્લોટ નથી મળ્યા તેઓને જે ખાલી મકાનો અત્યારે ગાંધીનગરમાં સરકારી વસાહત છે, તે જગ્યા ફાળવવામાં આવે તેવી આપના દ્વારા મંત્રીશ્રીને વિનંતી કરું છું. ૫૦ ટકા કરતાં વધારે સરકારી કર્મચારીઓ અત્યારે મકાન વિહોણા છે. છેલ્લા ૧૦ વર્ષથી રાજ્ય સરકારે પ્લોટ કે મકાન ફાળવ્યા નથી. નહિ ફાળવવાના કારણે બદલી પાત્ર અને બીન બદલીપાત્ર જેવા અસંખ્ય પરિપત્ર કરી સરકારી કર્મચારીઓને પ્લોટ કે મકાન ફાળવવામાં આવતા નથી. જે તે વખતે ૧૬,૦૦૦ કરતાં પણ વધારે જુદા જુદા ટાઈપના મકાન ગાંધીનગરમાં બનાવવામાં આવ્યા છે. આમાના ખાસા મકાનો અત્યારે ખાલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે માહિતી છે તે મુજબ કલાસ-૩ અને કલાસ-૪ ના આશરે ચારેક હજાર મકાનો ખાલી છે. એનો અર્થ એ થયો કે કાં તો આ જગ્યાઓ ખાલી છે એટલે મકાનો લેવાવાળા કોઈ નથી. અથવા મકાનો છે પણ આપતા નથી. બેમાંથી એક કારણ ચોકકસ દેખાય છે. આપવાની નીતિ છે, સરકારી કર્મચારીઓ માગે છે, અને ભૂતકાળમાં અપાયા છે તે મુજબ અત્યારે આપવા જોઈએ. કલાસ-૩ અને કલાસ-૪ની ચિંતા આ સરકાર કરતી નથી તેવું મને દેખાય છે. સરકારી કર્મચારીઓને કર્મયોગી બનાવવા, ઉછાળવા, તેના વખાણ કરવા, એની વાતો કરવાથી પેટ ન ભરાય? એ જયારે જગ્યા માગે ત્યારે નથી મળતી પણ રાહેજા, ડી.એલ.એફ., ટાટા કન્સલટન્સી, પુરી ફાઉન્ડેશન અને બીજા જે ઔદ્યોગિક ગૃહો છે તેને દસ લાખ કરતાં વધારે ચો.મી. જગ્યા મળી આ જગ્યા સરકારી કર્મચારીઓને આપી હોત તો ૨૦ હજાર કુટુંબો થાળે પડયા હોત. સરકારી કર્મચારી પાસે આપવા માટેનું કંઈ નથી અને પેલા લોકો પાસે કંઈક છે એટલે એનું સંભળાય છે અને સરકારી કર્મચારીનું સંભળાતું નથી. આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આજે પણ સરકારી ખાલી મકાનો પડયા છે તે સરકારી કર્મચારીઓને ફાળવે તેવી વિનંતી છે.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, ભિલોડા તાલુકાના રસ્તા બિલકુલ તૂટી ગયેલા છે તેને વહેલામાં વહેલી તકે રીપેર કરવા માટે મારી મંત્રીશ્રીને વિનંતી છે. ગયા વર્ષે ૨૦૦૭-૦૮માં બજેટ ૨૩૩૫ કરોડનું હતું. માર્ગ અને મકાન વિભાગ માટે ટ્રાયબલ તાલુકાઓ માટે સ્પેશ્યલ બજેટ ૨૬૧ કરોડનું હતું. વનબંધુ કલ્યાણ યોજનામાં આપણે કહયું હતું કે ૨૫૦ ની વસ્તીએ રસ્તો આપવાની વાત કરી હતી. મારે તો વિનંતી કરવી છે કે જે ઈન્ટર સ્ટેટ રસ્તાઓ અમારે તો બોર્ડરનો તાલુકો છે તો ટાટાટૂકા થી ટોરડા એવો ખરાબ રસ્તો છે બંને રાજયો વચ્ચેનો રસ્તો છે અને ભિલોડાથી વિરપુરનો રસ્તો બે તાલુકાનો જોડતો રસ્તો આવા રસ્તાઓ રીપેર થતા નથી. એ રસ્તાઓની બંનેની સાઈડો જે પછાત તાલુકા છે તે રસ્તા ત્રણ ત્રણ મીટરના છે અને તેની સાઈડો તૂટી જાય એટલે અઢી મીટરનો રહે છે અને તેના લીધે પરિસ્થિતિ એ થાય છે કે સામેથી વાહન આવે એટલે ઉભા થઈ રહેવું પડે છે. બાજુમાં વધુમાં બાવળીયા ઉગી ગયેલા હોય છે કે જેનાથી વાહન વ્યવહારને ખૂબ મુશ્કેલી પડે છે. મંત્રીશ્રીને વિનંતી છે કે આ બધી મુશ્કેલીઓ છે તે મુશ્કેલીઓ આ રસ્તાઓ વહેલી તકે રીપેર કરીને પૂર્ણ કરે. અમૂક વિસ્તારમાં આના લીધે બસો બંધ થઈ ગઈ છે. તેના લીધે ચાલુ થઈ શકે અને સરકારની જાહેરાત છે કે કોલેજમાં અને હાઉસ્કૂલમાં છોકરીઓ જાય છે તેને મફત બસ પાસ પણ બસ આવી શકતી નથી તો મારે મંત્રીશ્રીને વિનંતી છે કે આ રસ્તાઓ સારા થાય અને તેના લીધે બસો ચાલુ થાય તેવી વિનંતી છે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા (બોરસદ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં લગભગ ૬૦ ટકા વસ્તી બક્ષીપંચની છે. ૧૪૫ જ્ઞાતિઓનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ રાજયની સ્થાપનાથી આજદિન સુધી આ સમાજનો વિકાસ થાય, પ્રગતિ થાય તેના માટે ઘણા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. આટલી બહુમતી વસ્તી ધરાવતા હોય તેના માટે બજેટની ફાળવણી કરવામાં આવે છે તે એક ટકાથી પણ ઓછી કરવામાં આવે છે. એસ.સી., એસ.ટી. માટે વસ્તીના ધોરણે બજેટની ફાળવણી કરવામાં આવે. બક્ષીપંચ સમાજની વસ્તી ૬૦ ટકા હોય તો ભલે આપણે ૬૦ ટકા બજેટ ફાળવે નહીં પણ ફકત પાંચ ટકા ફાળવણી બજેટની કરવામાં આવે તો પણ આ સમાજ માટે ચિંતા કરી કહેવાય. જે રાજયના મુખ્યમંત્રીશ્રી આ સમાજમાંથી આવતા હોય, નાણામંત્રીશ્રી આ સમાજમાંથી આવતા હોય અને બહુમતી સભ્યો આ સમાજમાંથી આવતા હોય તેનો વિકાસ કરવા માટે અને તેના ઉત્થાન માટે ચિંતા કરવામાં ન આવે અને તેના માટે રકમ ફાળવવામાં ન આવે તે દુ:ખદ બાબત કહેવાય. એક બે બાબતો ધ્યાન પર લાવું કે જે સમાજને વિકાસની આજે જરૂર છે તેવા સમાજના બાળકો માટે રવિશંકર મહારાજના સમયમાં જે છાત્રાલયો ખાસ જાતિ છાત્રાલયો શિક્ષણ વિભાગ દ્વારા સ્થાપવામાં આવેલ જે છાત્રાલયો છે તેના બાળકોને પ્રતિ મહિને ૩૫૦ રૂપિયા ગ્રાન્ટ આપવામાં આવે છે જયારે અન્ય છાત્રાલયોને ૬૦૦ રૂપિયા આપવામાં આવે છે. આટલો ભેદભાવ અને અન્યાય થતો હોય તો આ સમાજનો કયારેય વિકાસ થઈ ન શકે. બીજી એ પણ વિનંતી છે કે અનુસૂચિત જાતિઓ માટે સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં શિક્ષણ લેવા માટે તેને પૂરેપૂરી ફીની રકમ છે તે સરકાર તરફથી ચૂકવવા માટેના પરિપત્ર થયા છે તો એ મુજબ જ પરિપત્ર અને એ જ મુજબ જોગવાઈ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓ માટે, કન્યાઓ માટે પણ થાય, એવું પણ ચોક્કસ આયોજન થાય તો આ સમાજને ચોક્કસ બહોળો લાભ મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે બક્ષી પંચ સમાજની બહુમતી ધરાવતા તાલુકાઓમાં આવાસ યોજના હોય જેમકે ઈન્દિરા આવાસ યોજના (અંતરાય) સાહેબ, એક જ મિનિટ થઈ છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, ત્રણ થઈ, હવે માનનીય મંત્રીશ્રી,...

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓએ એમના જે મુદ્દા આપેલા છે એના વિશે એમણે પોતાના મંતવ્ય રજૂ કર્યા છે એના માટે હું થોડીક સ્પષ્ટતા કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી ચંદુભાઈએ વાત કરી કે ગ્રામ મિત્રોની યોજના છે એ નિષ્ફળ ગઈ છે, એનો પૂરી રીતે ઉપયોગ નથી થતો, એની સમીક્ષા થતી નથી, ગ્રામ મિત્રોને પૂરતી સમજ આપવામાં નથી આવતી કે જેથી કરીને એ બીજાઓને સમજાવી શકે. માનનીય અધ્યક્ષશ્રી, એ માટે તાલુકા કક્ષાએ આ લોકોને વારંવાર બોલાવીને અને નવી નવી યોજનાઓની વિગતવાર માહિતી આપવામાં આવે છે, અને હજુ તો ગ્રામ મિત્રોનું પહેલું વર્ષ છે, ગયા વર્ષથી છે, આ તા. ૧૦-૧૧-૦૬ના ઠરાવથી ગ્રામ મિત્રોની યોજના અમલમાં આવી, શહેરોમાં જે સુખ સુવિધા મળે છે એની પૂરી જાણકારી ગામડાંમાં થાય અને ગામડાંનો વિકાસ થાય, એ દૃષ્ટિથી ૧૩૬૯૩ ગ્રામ પંચાયતોમાંથી ગ્રામ મિત્રોની રીતે ૬૮૪૬૫ ગ્રામ મિત્રોને નીમવાના હતા એમાંથી ૬૮૪૬૫માંથી ૬૫૯૩૮ એટલે જેની અંદર ૧૬૨૦૧ સ્ત્રી ગ્રામ મિત્રોનું, એનું પણ આયોજન કરેલું છે, ગ્રામ મિત્ર માટે પાંચ વિભાગો પાડ્યા છે. કૃષિ વિભાગ, શિક્ષણ વિભાગ, આરોગ્ય વિભાગ, વિકાસ માટેની વાત અને જન કલ્યાણ માટેની વાત, અંદાજે તમામ લગભગ ૧૩૦૦૦ની આજુબાજુ આ બધા વિભાગોની અંદર ગ્રામમિત્રો આ રીતે ગામડાંની વિવિધ પ્રવૃત્તિઓમાં એ મદદરૂપ થાય એટલા માટે લગભગ યંગસ્ટર જ હોય છે અને મને તો એનો અનુભવ છે કે જે બેઠકો કરી તેમાં તેઓ નવાં સૂચનો પણ કરે છે પોતાના ગામ માટે થઈને પોતે કંઈક કરી છૂટવું જોઈએ એવી ભાવનાથી એ લોકો કામ કરે છે અને છતાં પણ કોઈ નૅગેટિવ જો ફરિયાદ આવતી હોય તો ચોક્કસ ધ્યાન દોરજો તો તાલુકા કક્ષાએ આપણે એના માટે નિરાકરણ કરશું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કુંવરજીભાઈ બાવળીયાએ પોષ ડોડાની વાત કરી, તેઓ અત્યારે ગૃહમાં હાજર નથી પણ....

**અધ્યક્ષશ્રી** : જે ગેરહાજર હોય એને જવાબ ન અપાય તો પણ ચાલે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ તો રેકર્ડ ઉપર લે અને એમના આત્માને સંતોષ થાય જવાબથી એટલા માટે, માનનીય અધ્યક્ષશ્રી, પોષ ડોડા છે એ અફીણના બીજા ડોડવા હોય છે, એ આ લોકો ઉકાળીને પીતા હોય છે, હવે આ મૅડિકલના હિસાબે એ રીતે એ મળતું હોય છે. રાજય સરકારે તા.૩૦-૬-૦૭થી ઠરાવ કરીને નકકી કર્યુ છે કે આપણે જે આવા પીણાઓ છે એને માટે થઈને પરમીશન ન આપવી જોઈએ અને કેન્દ્ર સરકાર પણ આ જે એને ઉત્તેજન આપતી નથી, કેન્દ્રમાં પણ ૧૯૮૫થી નારકોટીક્સ ડ્રગ્સ એન્ડ સાઈકોટોપીક સબસ્ટન્સમાં આને આવરી લીધું છે જેથી આને ઉત્તેજન ન મળે, પણ જે જૂના છે એ બધાને આપવાનું ચાલુ છે. ૨૦૦૨-૦૩-૦૪-૦૫-૦૬-૦૭ની અંદર જેટલા લોકો છે એટલા લોકોને અત્યારે એને આ ડોડા આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બચુભાઈ કિશોરીએ વાત કરી કે આદિવાસીઓને માટે પૂરતી રકમ ફાળવવામાં આવતી નથી અને એ વપરાતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષથી આપણે કૂદકેને ભૂસકે આદિવાસીઓ માટે વધારેને વધારે રકમની ફાળવણી કરતા જઈએ છીએ, એના શિક્ષણ ક્ષેત્રે, આરોગ્યના ક્ષેત્રે, ત્યાં એમને રોજગારી પ્રાપ્ત થાય એ દૃષ્ટિએ આપણે એને એ રીતે વધારેને વધારે કરીએ છીએ અને છતાં પણ કોઈ તાલુકામાં જે જગ્યાએ પૂરતી એને શિક્ષણ કે રોજગારી કે પાણીની દૃષ્ટિએ ન મળતી હોય તો એ વાત ચોક્કસ રીતે કહેજો, આ જે વિભાગ છે એ જુદો છે એના માટે થઈને મંત્રીશ્રી પણ જુદા છે, અને સચિવશ્રી પણ જુદા છે. ચોક્કસ આપણે આ દિશામાં પણ યોગ્ય કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી કિરણકુમાર મકવાણાએ જે વાત કરી કે જંબૂસરમાં પાકા રોડની સુવિધા નથી. જંબૂસર તાલુકાના તમામ ગામના રસ્તાઓ છે એ પાકા રસ્તાથી જોડાયેલા છે પણ રસ્તાની આ પ્રક્રિયા છે એ કન્ટીન્યુસ ચાલતી હોય છે એટલે કયાંય ભાંગતૂટ થઈ હોય તો રિપેરીંગ એનું વારંવાર થતું જ હોય છે.

માનનીય શ્રી અશ્વિનભાઈએ વાત કરી કે, જંગલની જમીન જે આદિવાસીઓ ખેડતા હતા એને આપવામાં તંત્રની નિષ્ફળતા છે. વન સંરક્ષણ ધારા નીચે જંગલની જે જમીન છે એ બિન જંગલ તરીકે વાપરવા માટે ભારત સરકારની મંજૂરી લેવી પડે છે. ૧૯૭૨ પ્રમાણે જે હતી એમાં ૧૧૧૬૬ ઈસમોને ૧૦૯૦૦ હેકટર જમીન આપી, ૧૯૯૨ પ્રમાણે ૩૪૪૪૧ લોકોને ૨૧૦૮૨ હેકટર જમીન છે એ આપણે આપી દીધી છે અને ૩૩૩૫ વ્યકિતઓને ૨૨૬૬ હેકટર જમીન આપવા માટે ૨-૧૨-૦૫ના પત્રથી કેન્દ્ર સરકારને પણ આપણે જણાવેલ છે. કેન્દ્ર સરકારે પણ એમાંથી અમૂક જમીનો મંજૂર કરેલી છે. પરંતુ સુપ્રીમ કોર્ટની અંદર આ અંગે સ્ટે હોવાથી એની આપવાની વિધિ હતી એ અત્યારે અટકી ગઈ છે. સુપ્રીમ કોર્ટ જો એનું ડિસિસન આપશે તો કેન્દ્ર સરકારે જેટલી મંજૂરી આપી છે એ તમામ લોકોને આપણે જમીન સુપરત કરી દઈશું.

માનનીય અધ્યક્ષશ્રી, એજ પ્રમાણે આદિજાતિ વસતિના પ્રમાણમાં છાત્રાલયો અને આશ્રમશાળાઓની મંજૂરી બાબત માનનીય સભ્યશ્રીએ વાત કરી એમાં એમને કહેવાનું કે, જે અત્યારે ૪૫૪ આશ્રમશાળાઓ છે અને ૬૧૪૭ વિદ્યાર્થી એની અંદર આજે અભ્યાસ કરે છે. ૯૬ માધ્યમિક અને ઉંચ માધ્યમિક જે શાળાઓ છે એમાં ૧૨૮૨૨ વિદ્યાર્થી અત્યારે છે, ૯૨૯ છાત્રાલયો છે એમાં ૪૩૩૫૩ વિદ્યાર્થી છે અને ૧૦૦૦ નવા વિદ્યાર્થીઓ માટે થઈને

૨૦૦૭-૦૮માં આપણે પરવાનગી પણ આપેલ હતી અને આદિવાસી વિસ્તારમાં અત્યારે પહેલા કયાંય શાળાની સગવડ ન હતી પણ આપણે ત્યાં આદિવાસી વિસ્તારમાં પ્રાથમિક શાળાઓ મળે, એને જોઈતા પ્રમાણમાં માધ્યમિક શાળાઓ મળે એની પણ આપણે સગવડ કરી દઈશું. પરંતુ આ સરકારનો અને આપણા હાઉસનો તમામના સહકારની જરૂર છે કે આપણા રાજયમાં જે કચડાયેલો વર્ગ હોય કે જે ઉપેક્ષિત હોય એ આદિવાસી વર્ગ છે તો એની ઉપેક્ષા ન કરવામાં આવે અને એને વધુમાં વધુ કેમ સગવડ મળે એના માટે રાજય સરકાર ચોક્કસ એ દિશામાં પ્રયત્ન કરે છે અને આ હાઉસમાં રહેલા આદિવાસી વિસ્તારમાંથી ચૂંટાઈને આવતા માનનીય સભ્યશ્રીઓને પણ કહીશ કે પોતાના તાલુકા અને જિલ્લામાં જે રકમની ફાળવણી કરી છે એનો તમે પૂરેપૂરો ઉપયોગ કરો અને હું એટલું કહીશ કે એ રકમ તમે વહેલામાં વહેલી તકે વાપરી બતાવો તો પુરવણી બજેટમાં તમને વધુ ફાળવણી માટેનો પૂરેપૂરો અવકાશ છે. એટલે પૂરી તાકાતથી આદિવાસીના જનકલ્યાણ માટે થઈને ખૂબ રકમ વાપરો એવી હું સૌને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય લાલસિંહભાઈએ જે વાત કરી કે, આણંદ જિલ્લામાં કેરોસીનની મુસીબત છે. કયાંય કોઈની પરફેકટ ફરિયાદ હોય તો ચોક્કસ કહેજો બાકી આપણે ગઈ કાલે જ જે જવાબ આપ્યો એ પ્રમાણે કેન્દ્રમાંથી આપણને જેટલું કેરોસીન મળે છે એ કેરોસીનમાં ૧ થી ૩ વ્યકિતને ૫ લિટર અને ૪ કરતાં વધુ વ્યકિત હોય તો ૧૦ લિટર અને લગભગ ૧ થી ૧૦ તારીખની અંદર ૬૦ ટકા કેરોસીનનું વિતરણ આપણે કરી દઈએ છીએ, બાકી ૪૦ ટકા છે એ ૧૧ તારીખથી ૨૨ તારીખમાં આપણે આપી દઈએ છીએ અને તેમ છતાં પણ કોઈ જગ્યાએ જે લાયસન્સદાર હોય ઈજારેદાર હોય એમાં કોઈ મુસીબત હોય તો ચોક્કસ કહેજો. ગેસ જેની પાસે નથી એવા તમામ લોકોને કેરોસીન મળે એની વ્યવસ્થા રાજય સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જગદીશભાઈ ઠાકોરે વાત કરી કે, કર્મચારીઓને ગાંધીનગરમાં રહેણાંકના પ્લૉટ મળ્યા નથી તેઓને સરકારી મકાનો વેચાણથી આપવામાં તંત્રની નિષ્ફળતા. તો મારે કહેવાનું કે સરકારની યોજના છે એ પ્લોટ આપવાની છે મકાન આપવા માટેની આપણી કોઈ યોજના નથી. મકાન બનાવવા માટે થઈને આપણે પ્લોટ આપીએ છીએ. એમાં પણ એના નોમ્સ નક્કી કર્યા છે કે, સચિવાલયમાં જે લોકો નોકરી કરે છે એ લોકોને કેવી રીતે જમીન આપવી અને જે અન્ય સરકારી કર્મચારી છે એને પોતાના જિલ્લાના સ્થાન ઉપર કેવી રીતે આપવી. એ પણ નક્કી કર્યું છે. મેકસીમમ એને સુવિધા આપવામાં આવે છે અને આપણે ઈચ્છીએ છીએ કે તમામ કર્મચારી છે એ વહેલામાં વહેલીતકે પોતે પોતાનું મકાન બનાવે એના માટે થઈને કારણકે દરેક માણસને એવી અપેક્ષા હોય છે કે, મારું પોતાનું મકાન હોવું જોઈએ, મારું પોતાનું ઘરનું ઘર હોવું જોઈએ. એની અપેક્ષા પૂર્ણ થાય એ દિશાની અંદર, બાકી જે આપે મોટા મોટાના નામ લીધા, એ કદાચ સાંજે તમને ખીચડી ખાવાની મળશે કે નહિ એ તમારા નસીબ જાણે પણ આપણે નાના- નાના નામ લેવા, મોટાને બહુ યાદ ન કરવા. આપણે આટલા દિવસો સુધી બહુ કરી છૂટ્યા છીએ.

અહીંયા માનનીય અનિલભાઈએ ભીલોડાની વાત કરી કે ત્યાં રસ્તાઓની સાઈડો તૂટી ગઈ છે. રસ્તાઓ ચોક્કસ સારા હોવા જોઈએ. સામાન્ય રીતે બસ ચાલતી હોય અને એ ન ચાલી શકે એવા કોઈ રસ્તા, તમે હમણાં જે કહ્યું કે ત્રણ મીટરનો રસ્તો હોય અને તૂટી ગયો હોય અને બે મીટર કે અઢી મીટર રહ્યો હોય અને એના કારણે બસ ચાલતી ન હોય આવા કોઈ રસ્તા હોય તો ચોક્કસ લિસ્ટ આપજો કે જેના કારણે આપણે વહેલામાં વહેલી એ જે વાહનની અવરજવર થઈ શકે એના માટે થઈને આપણે પૂરેપૂરા પ્રયત્ન એ રીતે કરીશું,

એ જ પ્રમાણે માનનીય અમીતભાઈએ જે વાત કરી કે સામાજિક અને શૈક્ષણિક રીતે, આપણા બંધારણની અંદર શિડ્યુલ કાસ્ટ અને શિડ્યુલ ટ્રાઈબ એને બંધારણથી હક્ક આપ્યા છે, અને શિડ્યુલ કાસ્ટ અને શિડ્યુલ ટ્રાઈબ એના કરતાં બેકવર્ડ ક્લાસના લોકો થોડાક ઉપર છે, સાવ ઉપર છે એવું નથી, સવર્ણ વર્ગ જેટલા છે એ રીતે પણ નથી પણ એમને જે બંધારણમાં અધિકાર આપ્યા છે એના કારણે એની વસતિના પ્રમાણની અંદર, એને બજૅટની અંદર ફાળવવાનું હોય છે, એમાં શૈક્ષણિક રીતે આપણે જોઈ શકીએ કે ગુજરાત રાજયની અંદર પર ટકા લોકો આ શૈક્ષણિક અને પછાત વર્ગના.. ભૂતકાળની અંદર ઓ.બી.સી. અધર બેકવર્ડ ક્લાસ કહેતા, આજે બક્ષીપંચ કહીએ છીએ એવા લોકો છે પણ જો ૨૨ ટકા બજૅટ એને આપો, ૧૫ ટકા બજૅટ આમને આપો, શિડ્યુલ કાસ્ટને ૭ ટકા આપો એટલે ૧૫ અને ૭ કુલ ૨૨ અને આ ૫૨ ટકા એટલે ૭૪ ટકા તો એ થઈ જાય, પાછળથી આપણે જે અહીંયા બેઠા છીએ એ જ વધીએ આપણે કાંઈ .. પણ એ ૫૨ ટકા લોકો છેને એના માટે થઈને, તમામ પ્રકારની સુવિધા માટે થઈને દિવસેને દિવસે આપ જોઈ શકશો કે શિડ્યુલ કાસ્ટ અને શિડ્યુલ ટ્રાઈબને જે સગવડતા અપાતી હતી, ધીમે ધીમે શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત વર્ગના લોકોને પણ આપણે એ જ દિશાની અંદર એને સગવડતાઓ એ રીતે આપવાની વાત છે આપની એટલી વાત સાચી કે આને થોડીક લિફ્ટ આપવામાં આવે, થોડીક લિફ્ટ જ, તો એ બીજાના સમકક્ષ બની શકે, એના માટે થઈને પણ આ વર્ષે બજૅટની અંદર આપ જોશો કે, ૨૦૦૪-૦૫ની અંદર ૨૪૪ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો, ૨૦૦૫-૦૬ની અંદર ૧૬૦ કરોડ રૂપિયા, ૨૦૦૬-૦૭ની અંદર ૨૨૩ કરોડ રૂપિયા અને ૨૦૦૭-૦૮ની અંદર ૨૩૪ કરોડ રૂપિયા અને આ વખતે આપણે ૨૦૦૮-૦૯ના બજૅટની અંદર ૨૯૯ કરોડ એટલે અંદાજે ૩૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ આપણે આની અંદર કરેલી છે, આ રીતે જે હું મારું આ બિલ લઈને આવ્યો છું એ બિલ આપ સૌ મંજૂર કરો એવી આપ સૌને વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક-૨૦નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ અને કલમ-૩, અનુસૂચિ કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેક્ટિંગ ફૉરમ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક-૨૦નું ત્રીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૮ના વિધેયક ક્રમાંક-૨૦નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

# અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો

## પુરુષ નસબંધીથી થયેલ મૃત્યુ અંગે

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે અમારા ધારાસભ્યશ્રી કિરણભાઈ મકવાણાએ અમારા નેતાનું ધ્યાન દોર્યુ. અમે માનનીય મંત્રીશ્રી પાસે ગયા ખૂબજ પૉઝિટીવ માનનીય મંત્રીશ્રીએ ત્યાં અમારી હાજરીમાં જ બનાવને લીધો, અમારી હાજરીમાં જ તેમના પી.એસ.ને બોલાવીને ઈ-મેઈલ ઉપર ગૃહમાં મારે તાત્કાલિક માહિતી આપવાની છે, તેમ સૂચના આપી, ખાતાના વડાની પાસેથી માહિતી લઈને, તેની તાત્કાલિક તેમણે વ્યવસ્થા કરી તે બદલ માનનીય મંત્રીશ્રીનો આભારી છું. અમારી જાણ માટે જે માહિતી આવી છે કે એક હજારથી બારસો નસબંધીના ઓપરેશનો થયાં છે તેમાં એકાદ બે વ્યકિતઓના મૃત્યુ પણ થયાં છે. અપરિણીત હોય એવા લોકોની પણ નસબંધી થઈ ગઈ છે એવી વિગતો છે. એટલે માનનીય મંત્રીશ્રીએ પણ આ વાતને ખૂબ ગંભીર લીધી છે ત્યારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આ બાબતમાં સરકારે જે પગલાં ભર્યા હોય અને જે કામગીરી કરવાની હોય તેનાથી ગૃહને અને અમને માહિતગાર કરે.

**શ્રી જયનારાયણ ન. વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ગઈકાલે જે બાબતે મારું ધ્યાન દોર્યુ તેમાં જે મુદ્દાઓ ઉભા થયા છે તેની જે માહિતી મારી પાસે ઉપલબ્ધ થઈ છે તે આપના થકી માનનીય સભ્યશ્રીઓને હું આપવા માગું છું.

નસબંધી દરમિયાન મરણ થવાની જે વાત છે તે અત્યાર સુધીમાં ભરૂચ જિલ્લામાં બે થયાં છે. એક ચંપકભાઈ ડાહ્યાભાઈ મનોહરભાઈ વસાવા, ઉં.વર્ષ ૪૦ તે ૧૬-૧૦-૨૦૦૭ના રોજ તેમણે સામૂહિક આરોગ્ય કેન્દ્ર હાંસોટ ખાતે પુરૂષ નસબંધી ઓપરેશન કરાવ્યું હતું. તેઓ પરિણીત હતા અને બે બાળકો ધરાવતા હતા. તા.૨૨-૧૦-૨૦૦૭ના રોજ તેમનું મૃત્યુ થયેલ અને આ મૃત્યુ થયા બાદ તેમને તાત્કાલિક અસરથી રૂપિયા દશ હજાર આર્થિક મદદ આપવામાં આવી છે અને ઓરીએન્ટલ ઇન્સ્યુરન્સ કંપની, નવી દિલ્હીને પરિવાર નિયોજન વીમા યોજનાના હક્ક દાવા માટેની દરખાસ્ત ૧૭-૧૨-૨૦૦૭ના રોજ મોકલવામાં આવી છે. જે તાજેતરમાં મૃત્યુ થયું છે તે ધીરજભાઈ છગનભાઈ વસાવા ઉં.વર્ષ.૪૪ તેમનું ૨૨-૨-૨૦૦૮ના રોજ સિવિલ હોસ્પિટલ ખાતે N.S.V. ઓપરેશન કરાવેલ. જ્યારે તેઓની ૧૭-૩-૨૦૦૮ના રોજ તબિયત બગડતાં સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે દાખલ થયેલ જ્યાં તેમનું નિદાન chronic alcoholism, એટલે દારૂ વધારે પીવાના કારણે ઉભી થતી, બિમારી તે કરવામાં આવ્યું હતું અને તેમને વધુ સારવાર અર્થે વડોદરા ખાતે રીફર કરવામાં આવ્યા હતા. પણ તેઓ ત્યાં નહોતા ગયા અને ઘરે ગયા અને તા.૧૯-૩-૨૦૦૮ના રોજ રાત્રેના ૨-૩૦ કલાકે તેમનું મૃત્યુ થયું છે. એટલે આ મરણને નસબંધી સાથે કોઈ સંબંધ નથી.

બીજો મુદ્દો જે ઉપસ્થિત કરવામાં આવ્યો કે અપરિણીત વ્યકિતઓના કિસ્સામાં પણ ઓપરેશન થયા છે કે કેમ? તો આવો એક કિસ્સો જગદીશભાઈ કાંતિભાઈ રાઠોડ તેનો ધ્યાન ઉપર આવ્યો છે અને તેમના જે મોટીવેટર છે શ્રીમતી હંસાબેન રાણા તેમને તાત્કાલિક અસરથી community voluntary માંથી દૂર કરવામાં આવ્યાં છે અને એ કિસ્સામાં આગળની કાર્યવાહીના ભાગરૂપે બે જાતની સૂચનાઓ અમારા તંત્રને આપવામાં આવી છે. એક કે જે કોઈ હવે ઓપરેશન કરવાના હોય આ પ્રકારના તે ઓપરેશન તે દરેક વ્યકિતને જિલ્લામાં શિક્ષણ માહિતી અને પ્રસારણ અધિકારી જે હોય તે વ્યકિતગત રીતે મળે અને તેને સમજાવે કે આ પ્રકારનું જે ઓપરેશન છે તે ફાઈનલ ઓપરેશન છે irreversible ઓપરેશન છે.અને આ કરાવતા પહેલા તમારી સંપૂર્ણ જાણ ખાતર તમને ફરી એકવાર માહિતગાર કરવામાં આવે છે. એ એના સ્ક્રીનીંગમાંથી પસાર થાય મોટિવેટર પાસેથી આવ્યા પછી, ત્યારપછી આજે જ બધા ડોકટરોને લેખિત સૂચના આપવામાં આવી છે કે જે કોઈ આ રીતે દર્દી તેમની પાસે આવે તેમણે એડિશનલ ચેક તરીકે સાવધાની વર્તીને દર્દી પરિણિત છે અને તેને સંતાનો છે તેમજ પોતાની સ્વેચ્છાએ આ ઓપરેશન કરાવે છે તેવું એની પાસેથી કબૂલાતનામું મેળવ્યા બાદ જ ઓપરેશનની કાર્યવાહી હાથ ધરવી એ પ્રકારની સૂચના આપવામાં આવી છે.

સાથોસાથ મારે માનનીય સભ્યશ્રીઓને એ પણ કહેવું છે કે આ રાજયમાં અત્યારસુધી જે વર્ષે દહાડે લગભગ ૩ લાખ જેટલા વ્યંધીકરણના ઓપરેશનો થતા હતા. એમાંથી પુરુષ નસબંધીના માત્ર ૧ ટકાથી પણ ઓછા ઓપરેશન થતા હતા. જે ડ્રાઈવ રાજયના આરોગ્ય ખાતાએ હાથમાં લીધો એના કારણે ૨૦૦૭-૦૮માં આ સંખ્યા

૧૯,૦૦૦ સુધી પહોંચી છે. એ લગભગ ૭ ટકા જેટલી થાય છે. એને કારણે આવા એકલ દોકલ બનાવને કારણે આ ઝૂંબેશ જે ચાલે છે એને આડ અસર કે અવળી અસર પડે એ ઈચ્છનીય નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સભ્યશ્રીઓને એ પણ કહેવા માગું છું કે આ જે ૨૦૦ ડોકટરો છે, જેઓને **non scalple vasectomy** એટલે કે એન.એસ.વી. માં ટ્રેનિંગ આપવામાં આવી છે. એને આ દેશના સારામાં સારા ડોકટર મૌલાના આઝાદ મેડિકલ કોલેજના જે ડોકટર કાઝા છે, એમણે પોતે પણ ચકાસ્યા છે. એમણે પોતે પણ આ આખીયે ઝૂંબેશની મુલાકાત લીધી છે. એમણે પણ આ સંબંધમાં પોતાનો સંતોષ વ્યકત કર્યો છે. એટલે એકાદ કોઈ આવો કિસ્સો બને તો એની સામે સાવધાની ચોકકસ વર્તવી જોઈએ. હું માનનીય સભ્યશ્રીઓનો આભારી છું કે એમણે આ બાબત અમારા ધ્યાને મૂકી અને એને પૂરી ગંભીરતાથી લઈને આ પ્રકારની પ્રીવેન્ટીવ સૂચનાઓ પણ હવે પછી સાવધાની વર્તવા માટે આપી છે. એટલે ભવિષ્યમાં આ પ્રકારની ઘટના બનવાની શકયતા હવે ઉભી થશે નહીં એવું મને લાગે છે. હું આશા રાખું છું કે અમારા ખાતાએ માનનીય સભ્યશ્રીઓએ જે રજૂઆત કરી એના ઉપર આધારિત જે ત્વરીત કાર્યવાહી કરી છે, એનાથી એમને સંતોષ થયો હશે.

## નિયમ-૧૦૧ નો પ્રસ્તાવ>

### નવા ઉદ્યોગોને સ્થાનિક યુવાન બેરોજગારોને રોજગારી આપવા ફરજ પાડવા અંગે

**શ્રી શૈલેષ મ. પરમાર (શહેર કોટડા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો પ્રસ્તાવ રજૂ કરું છું કે,

" રાજયમાં ઉદ્યોગોનો વિકાસ થાય તે જરૂરી છે, પરંતુ આવા ઉદ્યોગો રાજયના સ્થાનિક બેરોજગાર યુવાનોને રોજગારી આપતા નથી. ઉદ્યોગો સ્થપાયા પછી બીજા રાજયોના બેરોજગારોને બોલાવી રોજગારી અપાય છે અને સ્થાનિક બેરોજગારોને હડધૂત કરાય છે. આમ થવાથી અસલામતિનું વાતાવરણ ઉભું થાય છે અને વારંવાર ઘર્ષણના બનાવો બને છે. રાજય સરકાર આવા ઉદ્યોગોને ખૂબ જ રાહત દરે જમીન-વીજળી-પાણી આપે છે અને વેરામાં રાહતો પણ આપે છે, પરંતુ આના બદલામાં રાજયની આમ જનતાને કોઈ ફાયદો થતો નથી. રાજય સરકાર આવો ખર્ચ ગ્રામીણ વિસ્તારોમાં વીજળી-પાણી અને ખેતી પાછળ કરે તો રાજયના બેરોજગાર યુવાનોને સ્થાનિક કક્ષાએ રોજગારી મળી રહે અને રાજયનો વિકાસ પણ થાય તથા અસલામતિનું વાતાવરણ દૂર થઈ શકે. તો આ હેતુ સિદ્ધ કરવા રાજયમાં નવા આવતા ઉદ્યોગોને સરકારની નીતિ મુજબ સ્થાનિક યુવાન બેરોજગારોને રોજગારી આપવાની ફરજ પાડવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે."

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** મારી પાસે દંડકશ્રીની એક વાત આવી હતી કે આ પ્રસ્તાવ માટે એક કલાક ફાળવેલો છે, પરંતુ ૩૦ મિનિટમાં પૂરું થાય તો પણ તૈયારી છે. તો આ બાજુ પણ એ પ્રમાણે તૈયારી રાખે અને એ પ્રમાણે સભ્યશ્રીઓ અને મંત્રીશ્રી પણ ચાલે. ૧૦ મિનિટ આ બાજુ અને ૨૦ મિનિટ આ બાજુ, મંત્રીશ્રીના જવાબ સાથે.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, સમાજમાં જેનો જન્મ થાય છે એ રોજીરોટી અને મકાનની પહેલાં વાત કરતો હોય છે. પહેલામાં પહેલી વાત રોજીની આવતી હોય છે. આજે બેરોજગારીનું પ્રમાણ એટલા પ્રમાણમાં છે કે જો એને રોજગારી મળે તો એના માધ્યમથી એ પોતે પોતાનો રોટલો ખાઈ શકે અને જો રોજી મળે અને રોટી માટેની બચત થયેલ હોય તો એ બચતમાંથી એ પોતાનું મકાન બનાવી શકે. જે રીતે અમદાવાદ શહેરની વાત કરું તો અમદાવાદ શહેરમાં અસંખ્ય મિલો હતી અને એ મિલોમાં જે લોકો રોજીરોટી કમાતા હતા એ મિલો આજની તારીખે બંધ પડેલી છે અને એના માટેનાં નાણાં પણ મિલકામદારોને આજની તારીખે ચૂકવાયાં નથી. મિલોમાં નોકરી કરતા એ મિલ કામદારોના મનમાં એમ હતું કે હું મિલમાં નોકરી કરું છું અને હું મારા દીકરા કે દીકરીને ભણાવીશ તો એમને નોકરી મળશે તો એમને અમારી માફક આ કાળી મજૂરી કરવાની નહીં આવે. એવી જ રીતે ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતનો દીકરો ખેડૂત જ બને એવી નીતિ હતી અને એમાં આજે ખેડૂત પણ હવે તો વિચારતો થયો છે કે હું ખેતરમાં કાળી મજૂરી કરું છું છતાં પણ મારું ભરણપોષણ થતું નથી.એટલે એ પણ વિચારતો થયો છે કે હું મારા દીકરા દીકરીને ભણાવીશ અને એમને સારી નોકરી મળશે તો તેમણે ખેતરમાં કાળી મજૂરી નહીં કરવી પડે. આજે ગુજરાત રાજયમાં એવી પરિસ્થિતિ છે કે રોજગારી માટે જે લોકો મિલ કામદારો હોય, ખેડૂત હોય કે મધ્યમવર્ગનો માણસ હોય, એમણે પોતાનાં દીકરા દીકરીઓને ભણાવ્યાં અને પરિસ્થિતિ એ ઉભી થઈ છે કે એમને આજે રોજગારી મળતી નથી. જે રીતે અમદાવાદ શહેરમાં મિલો બંધ થઈ એના કારણે લગભગ ૧ લાખ કુટુંબોને એની અસર થઈ છે. પ્રદૂષણના નામે આજે ગુજરાત રાજયમાં ૧૫ હજાર કરતાં વધારે એકમો બંધ પડયાં છે. ગુજરાત રાજયમાં સારાં એકમો આવે અને લોકોને રોજી રોટી મળે એ માટે સરકારે જી.આઈ.ડી.સી.ની સ્થાપના કરી અને એ પછી સરકારે જે એકમો આવે એને સબસિડી આપવાનું નકકી કર્યુ હતું. સરકાર પાસેથી આ રીતે એકમો

**(સભાપતિશ્રી મહેન્દ્ર લી. મશરૂ અધ્યક્ષસ્થાને)**

સ્થાપીને સબસિડીની રકમ લીધા પછી આજે આપણે જોઈએ તો આવાં હજારો એકમો જી.આઈ.ડી.સી.ઓમાં બંધ પડેલાં છે. તો આ રીતે જે લોકોએ પોતાનાં દીકરા દીકરીઓને ભણાવેલ છે અને એમને નોકરી મળી નથી એનો સરકારી રેકર્ડ છે એના આધારે હું કહેવા માગું છું કે રાજયભરમાં જે ગ્રેજયુએટ થયા છે એવા બેકારોની સંખ્યા ૨

લાખ કરતાં વધારે છે, રાજય ભરમાં એસ.એસ.સી. અને પૂર્વસ્નાતક થયા છે એ લોકોની બેરોજગારોની સંખ્યા ૪ લાખ ૬૦ હજાર કરતાં વધારે છે, ડિપ્લોમા હોલ્ડર ગુજરાતભરમાં ૨૨ હજાર કરતાં વધારે લોકોને નોકરી મળી નથી અને વ્યવસાયિક સ્નાતકો પણ ૧૦ હજાર કરતાં પણ વધારે લોકોને રોજગારી મળી નથી એમ કુલ જોઈએ તો રાજયમાં ૭ લાખ ૮૦ હજાર કરતાં વધારે શિક્ષિત બેરોજગારો આજની તારીખમાં છે જેમને આપણે રોજીરોટી આપી શકયા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ વિભાગ દ્વારા ભરતી મેળા, લશ્કરી ભરતી મેળા તેમજ સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવે છે. સરકારનું માધ્યમ સારું છે એટલે રોજગારી માટે આવા ભરતી કાર્યક્રમો કરવા જોઈએ, પરંતુ એના પરિણામની વાત આવે તો આ જે મેળાઓ થાય છે એ ભરતી મેળા હોય, લશ્કરી મેળા હોય કે સ્વરોજગારીની યોજના હોય, પરંતુ એનું જે પરિણામ આવવું જોઈએ એમાં ઉમેદવારોની એટલી બધી લાઈન લાગી હોય છે કે ૧૦ હજાર માણસો આના માટે હાજરી આપવા આવે અને મારે દુઃખ સાથે કહેવું પડે છે કે એમાંથી રોજગારી ફકત ૯૦૦ કે ૧૦૦૦ ને જ મળે છે અને ૯ હજાર લોકોને નોકરીથી વંચિત રાખવામાં આવે છે અને આ નોકરી પણ સરકારી નહીં, સરકારી નોકરી તો ફકત ૫૦ કે ૧૦૦ ને આપવામાં આવે છે, અમૂકને અર્ધ સરકારી નોકરીઓ મળે છે અને બાકીના લોકોને રોજગારીની તક મળતી નથી,

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે આ બેરોજગારીનો યુવાનોનો ખૂબ જ મોટો પ્રશ્ન છે, વિધાનસભામાં બેઠેલા એકેએક સન્માનનીય ધારાસભ્યશ્રીના વિસ્તારનો પ્રશ્ન છે. તમારા વિસ્તારમાં યુવાનો શિક્ષિત અને અશિક્ષિત બન્ને હોય એમને રોજીરોટી આપવા માટેનો હું આ એક પ્રસ્તાવ લઈને આવ્યો છું ત્યારે મારે કહેવું છે કે સરકારશ્રી તરફથી ઉધોગો સ્થાપવા માટે એમને પહેલાં જમીન આપવામાં આવે છે અને એ જમીન પણ ટોકન ભાવે આપવામાં આવે અથવા બજારનો જે ભાવ હોય એના કરતાં ઓછી કિંમતે એ મલ્ટી નેશનલ કંપનીઓને એ જમીન આપવામાં આવે છે.જમીન આપ્યા બાદ એ પોતાનો ત્યાં ઉદ્યોગ સ્થાપે છે, ઉદ્યોગ સ્થાપ્યા બાદ સરકારશ્રી તરફથી તેને પાણી, વીજળી અને સબસિડી આપવામાં આવે છે. સબસિડીનું ધોરણ નકકી કર્યા બાદ જે રીતની સારી કોઈ મલ્ટિનેશનલ કંપની હોય, અને જેના લીધે ગુજરાતના વિકાસને ફાયદો થતો હોય તેવી મલ્ટીનેશનલ કંપની જે કોઈ હોય, કે નાની કંપનીઓ હોય તેના વેરા પણ માફ કરવામાં આવે છે, અને પરિસ્થિતિ શું થાય છે? કે આજે ગુજરાતની અંદર આવી મોટી કંપનીઓ જયારે આવે છે ત્યારે આવી કંપનીઓ આવ્યા બાદ ગુજરાતના યુવાન કે યુવતિને રોજી રોટી મળતી નથી. સરકારશ્રીએ એવી નીતિ ઘડવી જોઈએ કે જે નીતિના ધોરણે આપણે કોઈ બીજા રાજયમાંથી કોઈ રોજીરોટી કમાવા માટે ગુજરાતમાં આવતા હોય તો આપણે તેનો વિરોધ કરતા નથી, આપણે તેનું ગૌરવ કરીએ છીએ, કે અમારા રાજયમાં બહારના રાજયનો યુવાન કે યુવતિ નોકરી કરવા માટે આવે છે. ગુજરાત માટે બહુ મોટી ગૌરવની વાત છે, પણ જયારે ગુજરાતની અંદર જે આઠ લાખ કરતાં વધારે શિક્ષિત બેરોજગારો હોય, અને શિક્ષિત બેરોજગારોને જયારે નોકરી ન મળતી હોય, તો સરકારે એક નીતિ દાખલ કરવી જોઈએ, એ નીતિ એવી હોવી જોઈએ કે જે નીતિના આધારે આવી મલ્ટીનેશનલ કંપનીઓ હોય, કે નાના એકમો હોય કે મોટા એકમો હોય, ગુજરાતના હિતમાં જયારે ઉદ્યોગો સ્થાપતા હોય, ગુજરાતના વિકાસની વાત કરવા માટે ગુજરાતની સાથે જયારે જોડાતા હોય, ત્યારે ગુજરાત સરકારે એક નીતિ દાખલ કરી અને એવું નકકી કરવું જોઈએ કે શ્રમ ખાતામાં અને રોજગાર ખાતામાં ૮ લાખ કરતાં પણ વધારે જે શિક્ષિત બેરોજગારો છે તે શિક્ષિત બેરોજગારોને જો આ માધ્યમથી નોકરી આપવામાં આવે તો હું પોતે વ્યકિતગત માનું છું કે આના કારણે ગુજરાતની અંદર જે એકમો હશે તે એકમોની અંદર ગુજરાતીઓને નોકરીના પ્રમાણમાં સંખ્યા મળી રહેશે, અને બેરોજગારોની સંખ્યામાં ઘટાડો થશે, બહારના જે રાજયના લોકો આવે છે, ગુજરાત સરકારનો કાયદો છે કોઈ જગ્યાએ જયાં જયાં નોકરી કરવા જાય છે, તો ઓછામાં ઓછા વીસ થી પચ્ચીસ વર્ષ એ ગુજરાત રાજયમાં રહેલો હોય, અને ગુજરાત રાજયમાં રહ્યા પછી એનું પ્રમાણપત્ર રજૂ કરે છે, તે પ્રમાણપત્રના આધારે આપણે બીજા રાજયના લોકોને નોકરી આપીએ છીએ. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે કચ્છમાં જે ભૂકંપ આવ્યો, અને ભૂકંપ આવ્યા બાદ સરકારશ્રીએ ટેકસ હોલીડે જાહેર કર્યુ, અને ટેકસ હોલીડે જાહેર કર્યા બાદ કચ્છમાં જે રીતે ગઈ કાલે સ્વર્ગીય આપણા અધ્યક્ષશ્રી,

**સભાપતિશ્રી** : માનનીય ફારૂકભાઈ, આપ ગયા ત્યારે પણ બોલનાર સભ્યની અને મારી વચ્ચેથી ઉભા થઈને ગયા, અને આવ્યા ત્યારે પણ એ રીતે આવ્યા, આપ સિનિયર સભ્ય છો, પ્લીઝ, થોડો ખ્યાલ રાખજો.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની અંદર જે રીતે ટેકસ હોલીડે આપવામાં આવ્યું અને ટેકસ હોલીડેના આધારે, કચ્છની અંદર ગઈ કાલે જ સ્વર્ગીય અધ્યક્ષશ્રી ધીરૂભાઈ શાહને અંજલિ આપતા ઘણાં મિત્રોએ કહ્યું હતું કે ધીરૂભાઈ શાહની એવી ઈચ્છા હતી કે આ કચ્છ મારું સીંગાપોર બને, આજે કેન્દ્ર સરકાર હોય, ગુજરાતની સરકાર હોય કે બીજા કોઈ પણ એકમો હતા તે એકમોના માધ્યમથી કચ્છને આપણે આજે સૌ ઉભું કરી શકયા છીએ. પણ દુઃખ સાથે મારે કહેવું પડે છે, અહીં નામો આપી શકતો નથી, પણ જે કંપનીઓની અંદર દસ વર્ષનું હોલીડે પેકેજ આપવામાં આવ્યું હતું તે પેકેજના આધારે ટેકસ ફ્રી કરવામાં આવ્યા હતા, તે ટેકસ ફ્રી મળ્યા, નવા ઉદ્યોગો આવ્યા, પણ પરિણામ શું આવ્યું ? કચ્છના ધારાસભ્ય મિત્રો બેઠા છે તે જાણતા હશે. એ લોકોએ ટેકસ ફ્રીનો હોલીડે પેકેજમાં લાભ લીધો, અને લાભ લીધા પછી કચ્છના ઓછામાં ઓછા હું માનું છું ત્યાં સુધી ૨૫ થી ૩૦ ટકા લોકોને જ રોજી રોટી મળી શકી હશે, અને આ માધ્યમથી હું કહેવા માગું છું કે જયારે ગુજરાત સરકાર લોકો પર ટેકસ નાખે છે, અને ટેકસ નાખીને ગરીબ માણસ ઉપર એક બાજુ ટેકસ નંખાય અને

બીજી બાજુ કંપનીઓને આપણે સબસિડી આપીએ, અને એમને ટેક્સ ફ્રી આપીએ છીએ, એક બાજુ ગરીબોને લૂંટવાની વાત કરે છે અને બીજી બાજુ માલદારને વધુ માલદાર કરવાની જયારે વાત થતી હોય ત્યારે માનનીય મંત્રીશ્રીને હું કહેવા માગું છું કે આવી કંપનીઓની અંદર જે લોકોને ટેક્સનો બેનિફીટ આપીએ છીએ તે ટેક્સ બેનિફીટના આધારે ગુજરાતના ગુજરાતીઓને વધુ પ્રમાણમાં નોકરી મળવી જોઈએ અને તેના આધારે ગુજરાતમાં જે બેરોજગારીની અને બેકારીની સમસ્યા છે તે સમસ્યાનો ખૂબ મોટા પ્રમાણમાં હલ નીકળી શકશે. મારે કહેવું છે, કે જે રીતે ગુજરાતની અંદર કુદરતી આફતો આવે છે, ભૂકંપ હોય, સાયકલોન હોય, પુર આવે એવી જ રીતે ગુજરાતની અંદર જયારે ચૂંટણીઓ આવે છે ત્યારે અને મતદાર યાદી સુધારવાની વાત આવે છે ત્યારે પ્રાથમિક શિક્ષકોને આની કામગીરી સોંપવામાં આવે છે.અને પ્રાથમિક શિક્ષકોને આ કામગીરી સોંપવાના કારણે તે શિક્ષકો પોતાના વિદ્યાર્થીઓને ત્યાં ભણાવી શકતા નથી. એના આધારે જે રીતે ચૂંટણીઓ આવે છે એમાં સરકારી કર્મચારીઓ તથા શિક્ષકોની મદદ લેવામાં આવે છે. આ શિક્ષકોની મદદ લેવામાં આવતી હોવાથી તે ગાળા દરમિયાન સ્કૂલો બંધ રહેતી હોય છે. તેથી મારું માનનીય મંત્રીશ્રીને સૂચન છે કે આપણા ગુજરાતની અંદર આઠ લાખ જેટલા શિક્ષિત બેરોજગારો છે. જ્યારે પણ કુદરતી આફતો આવે, ચૂંટણી આવે કે મતદાર યાદી સુધારણાની કામગીરી હોય તેવે વખતે સરકારી કર્મચારીઓ કે શિક્ષકોને ન જોડવા જોઈએ અને બદલે રાજય સરકારે આવા જે બેરોજગાર શિક્ષિત યુવાનો છે એનો ફૉર્સ ઊભો કરવો જોઈએ અને એ ફૉર્સ આવી બધી સરકારી કામગીરી કરે. આ બેરોજગાર શિક્ષિતોનો ફૉર્સ છે એમને સરકારી નોકરી આપવામાં આવે અને એ પણ ફિક્સ પગારથી લેવામાં આવે તો એ ચોક્કસ નોકરી કરશે અને સરકારની કામગીરી થશે. આટલી વાત સાથે મારી વાત પૂરી કરું છું.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્ર શૈલેષભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એ હું બહુ જ ધ્યાનથી સાંભળતી હતી.

ગુજરાત છેલ્લા પાંચ વર્ષથી રોજગારીના ક્ષેત્રે આખા દેશની અંદર પ્રથમ ક્રમાંકે આવેલ છે. આ પ્રથમ ક્રમ આપણે નથી આપ્યો કેન્દ્ર સરકારે આપેલો છે, અને એ જે આંકડાઓ છે એ રોજગાર કચેરીઓમાંથી સીધા આંકડા લઈને પ્રથમ નંબર આપેલ છે. એ રીતે આપણે છેલ્લા પાંચ વર્ષથી પ્રથમ ક્રમાંકે આવેલા છીએ એવી રોજગારીની વિપુલ તકો આપણા રાજયમાં છે. વાયબ્રન્ટ ગુજરાત કરીને આ રાજયની અંદર જે ઔદ્યોગિક રોકાણ આવેલ એમાં માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિ છે કે મારા ગુજરાતના યુવાનો બેરોજગાર ન રહે એને સ્થાનિક રોજગારી પ્રાપ્ત થાય એવી એમની નેમ હતી. એ હેતુસર વાયબ્રન્ટ ગુજરાત કરવામાં આવ્યું એના લીધે ઔદ્યોગિક ક્ષેત્રે જંગી રોકાણ આવ્યું એ ઉદ્યોગોની અંદર રોજગારીની વાત કરવામાં આવી છે. સ્થાનિક લોકોને રોજગારી આપવાની બાબતમાં મારે અહીંયા એક વસ્તુ યાદ દેવડાવવી છે. ગુજરાતનો માણસ વિશ્વના દરેક ખૂણે પથરાયેલો છે. ત્યારે કોઈપણ વિશ્વના લોકોએ એમ નથી કહ્યું કે આ માણસ ગુજરાતી છે એ અમારા અમેરિકામાં ન જોઈએ, આ લંડનમાં ન જોઈએ, આ દિલ્હીમાં ન જોઈએ એવું નથી કહ્યું. ગમે ત્યાં જાવ દેશ વિદેશમાં આપણો ગુજરાતી ત્યાં પ્રભુત્વ ધરાવે છે. નાણાકીય રીતે પણ પ્રભુત્વ ધરાવે છે. આપણો ગુજરાતી જ્યાં પણ જાય ત્યાં સફળતા પ્રાપ્ત કરે છે. દેશ અને વિદેશના લોકોએ ગુજરાતીઓને પોતાને ત્યાં ઉંચું સ્થાન આપીને એનો સમાવેશ કરેલો છે ત્યારે આપણને તક મળી છે કે આપણે આંગણે લોકો પાછા આવી રહ્યા છે, ગુજરાતી લોકો પણ આવી રહ્યા છે. દેશ વિદેશના લોકો આપણા રાજયની અંદર રોજગારી પ્રાપ્ત કરવા આવી રહ્યા છે એ દેશ માટે અને આ રાજય માટે ગૌરવની વાત છે ત્યારે સ્થાનિકની વ્યાખ્યા શું? સ્થાનિક એટલે શું. જે વ્યકિત પંદર વર્ષથી એ જગ્યા ઉપર રહેતો હોય એને સ્થાનિક કહેવાય, આ સ્થાનિકની વ્યાખ્યા છે. આપણે ત્યાં રોજગારી આપવામાં આવે છે ત્યારે એના માટે પણ સરકારે નિયમો કરેલા છે. ૮૫ ટકા સ્થાનિક લોકોને રોજગારી આપવી અને ૬૦ ટકા મેનેજરીયલ સ્ટાફમાં સીઈઓ વગેરેમાં સ્થાનિક લોકોને લેવા એવા નિયમો કરેલા છે.

આપણે ત્યાં શિક્ષિત બેરોજગારો છે એમાં ઔદ્યોગિક ક્ષેત્રે જરૂરિયાત છે એ ટેકનિકલ શિક્ષણની જરૂર છે અને ટેકનિકલ શિક્ષણના નિષ્ણાંત યુવાધનનો આપણી પાસે અભાવ હોવાને કારણે એમને બહારથી લાવવા પડે છે. બહારની વ્યાખ્યા બીજી કરવી. જે ઉદ્યોગો અહીંયા રાજયમાં છે એમાંના ઘણા ગુજરાતી ઉદ્યોગપતિ પણ છે જેઓએ કચ્છમાં પણ ઉદ્યોગ સ્થાપ્યા છે. આવા ઉદ્યોગ ગૃહમાં તમે જાવ તો કચ્છીમાં વાત થતી હોય છે એ જોઈને અમને આનંદ થાય છે. અમારે ત્યાં એવા ઉદ્યોગો પણ આવ્યા કે જેની અંદર લોકો કચ્છીમાં વાત કરતાં હોય છે, ટેકનિકલ નિષ્ણાંત વ્યકિતઓ હોય એને પહેલો પ્રૅફરન્સ આપવામાં આવતો હોય છે. પરંતુ જ્યારે આપણી પાસે ટૅક્નીકલ સ્ટાફનો અભાવ હોય છે ત્યારે બીજાં લોકો બહારથી આવતા હોય છે, પણ આપણી સરકારે આપણું યુવાધન ટૅક્નીકલમાં નિષ્ણાત બને તેના માટે આઈ.ટી.આઈ. કૉલેજની વ્યવસ્થા કરી છે. આઈ.ટી. ક્ષેત્રમાં જબરજસ્ત પ્રગતિ કરી છે. આ વખતે શ્રમ અને રોજગારમાં ૫૮.૭૫ ટકાનો બજેટમાં વધારો કરવામાં આવ્યો છે કે આપણે આપણાં લોકોને ટ્રેઈન કરીને અહીંયા જ એ લોકો તાલીમબદ્ધ થાય એ જાતની વ્યવસ્થા, મારી પાસે ખૂબ વિગત છે પણ સમય ઓછો છે. શ્રમ અને રોજગાર વિભાગે તાલીમબદ્ધ કરવા માટે સરકારે કેટલી કેટલી વ્યવસ્થાઓ કરેલી છે. આપણું યુવાધન તાલીમબદ્ધ હશે તો ચોક્કસ તેને પહેલી પ્રાયોરિટી મળશે. કોઈ પણ માણસ એવો ન હોય કે બહારથી માણસો લાવીને પોતાને ત્યાં રોજગારી માટે રાખે. મારે એક દાખલો આપવો છે. અમારા શૈલેષભાઈને હું કહું છું એટલે બહુ તકલીફ થાય છે. મારે તેમને કલેરીફીકેશન કરવું છે, માનનીય અધ્યક્ષશ્રી,

અમારા ગાંધીધામના ચેમ્બરના પ્રમુખ તેમણે મિટિંગમાં કહ્યું કે અમે એકાઉન્ટન્ટ માટેની ત્રણ-ત્રણ વાર જાહેરાત આપી. કૉમ્પ્યુટરમાં નિષ્ણાત એકાઉન્ટન્ટની જરૂરિયાત છે. ત્રણ-ત્રણ વખત જાહેરાત આપવા છતાં કોઈ અરજી અમારે ત્યાં કચ્છના લોકોની આવતી નથી. એટલી બધી રોજગારી પ્રાપ્ત થઈ છે કે ખરેખર તાલીમબદ્ધ યુવાનો બેરોજગાર નથી. એ હું આવી બધી અનેક સાબિતીઓ સાથે કહી શકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક વાત પણ મારે કરવી છે કે આપણે ઘરની અંદર સર્વન્ટ રાખતા હોઈએ છે. રસોયા રાજસ્થાની હોય, નેપાળી હોય. ગુજરાતી લોકો રસોયા તરીકે કામ નથી કરતા. સ્ટીલ પ્લાન્ટમાં જે મજૂરો હોય છે એ આપણાં ગુજરાતી લોકો એ સ્ટીલ પ્લાન્ટમાં મજૂરી નથી કરી શકતા એટલે બિહાર અને યુ.પી.માંથી મજૂરો આવતા હોય છે. એ જે હેવી વર્ક છે એ નથી કરતા એટલા પૂરતા જ લોકો આવે છે. મેં પૂરેપૂરો અભ્યાસ કર્યો છે અને એટલા માટે હું આ સ્ટેટમેન્ટ અહીંયા કરું છું. સ્થાનિક લોકોને પૂરેપૂરી રોજગારી પ્રાપ્ત થાય છે. અહીં જે વાત કરવામાં આવી છે, સ્થાનિક લોકોને રોજગારી મળે તેને માટે શૈલેષભાઈની જે લાગણી છે એ લાગણી બરાબર છે, પરંતુ આ ૮૫ ટકાનું આપણું લેવલ છે એ પૂરેપૂરું જળવાય તેના માટે આપણે આપણાં યુવાનોને તાલીમબદ્ધ કરવા પડશે. ટૂંકમાં હું કહી દઉં, બંધ મિલોની અહીં વાત થતી હતી. ત્યારે બંધ મિલોની જે જમીનો બિન ઉત્પાદક પડી હતી ત્યાં એપેરલ પાર્કનું આયોજન સરકારે કર્યું છે. સુરત ખાતે જેમ્સ એન્ડ જવેલરી પાર્કનું આયોજન કરવામાં આવ્યું છે. ભાવનગર ખાતે બંધ મિલની જમીનમાં ડાયમન્ડ પાર્કનું આયોજન કરવામાં આવ્યું છે. આઈ.ટી. ક્ષેત્રમાં ખૂબ જ પ્રગતિ થઈ છે અને ૧૦ આઈ.ટી., એસ.ઈ.ઝેડ. સ્થાપવામાં આવ્યા છે. આમ તમામ રીતે આપણાં યુવાનોને રોજગારી મળે તેના માટે સરકાર પૂરેપૂરી કાર્યરત છે અને એ દિશામાં કાર્ય થઈ રહ્યું છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઈ પરમાર નિયમ-૧૦૧ નીચે રાજયમાં સ્થાનિક રોજગારીને પ્રાધાન્ય મળે એ હેતુસરનો જે પ્રસ્તાવ લાવ્યા છે તેને હું સમર્થન આપવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની અંદર જેમને સેલ્સ ટેક્સના બેનીફીટ અને રાજય સરકારના બેનીફીટસ મળતા હોય તેમણે શ્રમિકોને ૮૫ ટકા અને વહીવટી કે ટેકનોક્રેટના ક્ષેત્રની અંદર ૬૦ ટકા રોજગારી આપવાની બાંયધરી આપણે તેમની પાસેથી લઈએ છીએ. ભૂકંપ પછી કચ્છને બેઠું કરવા માટે થઈને તત્કાલિન વડાપ્રધાન બાજપાઈજીએ એકસાઈઝ એકઝમશન માટે કચ્છ જિલ્લાને પસંદ કર્યો. અન્ય ભૂકંપગ્રસ્ત વિસ્તારના લોકોએ પણ પોતાના વિસ્તારોને આવા બેનીફીટ્સ મળે તે માટેની રજૂઆત કરેલી. પરંતુ કચ્છ માટે જ આ યોજના સીમિત રહેલી. એટલે કચ્છના લોકોને આ ઉભું કરવા માટે રોજગારી માટે થઈને તેની સક્ષમતા ગણવાને બદલે ગુજરાત સરકારે રાજ્યભરના એ ૮૫ ટકામાં આવી જાય એ પ્રકારનું એક નોટિફિકેશન બહાર પાડ્યું અને તેના કારણે કચ્છમાં સ્થાનિક રોજગારીમાં ૧૦ ટકા યુવાનોને પણ આ રોજગારી મળી નથી અને ૮૫ ટકા ગુજરાતના, દેશના યુવાનો છે એ બધા આપણાં જ છે. પરંતુ રાજયના બેનીફીટ્સ જે મેળવતા હોય તેમણે ૮૫ ટકા સ્થાનિક રોજગારીનું ધોરણ જાળવવું જોઈએ, એ ન જળવાય, કોણે કોણે જાળવ્યું છે, કોણે નથી જાળવ્યું એવો મુદ્દો અમે કચ્છની સંકલન સમિતિમાં ને કલેકટરશ્રીએ આની માહિતી માગેલી. શ્રમ વિભાગે તેના આંકડાઓ એકત્રિત કરીને આપેલા. કેટલાકે આંકડા નહીં આપેલા. જેમણે આંકડા નહીં આપેલ એમને આ પ્રકારના બેનીફિટસમાંથી રદ કરવા એવું કચ્છ કલેક્ટરે પણ રાજય સરકારને લખ્યું છે. જેમણે માહિતી આપેલ હતી, એમાંના કેટલાક એકમો છે એ ધોરણો નહોતા જાળવતા એમને આ બેનીફિટસ ન મળે એ જાતની રજૂઆતો હતી. એમને પાઠ ભણાવવો. રાજય સરકારના બેનીફિટસ જે સેલ્સ ટેક્સમાં મળે છે એ ન મળે તો સ્થાનિક રોજગારી આપવાનું અનિવાર્ય બની જશે. અમે આ દેશના લોકો વચ્ચે ભેદભાવ કરનાર નથી. આ દેશમાં રહેનાર નાગરિક ગમે ત્યાં રોજગારી મેળવી શકે એના હિમાયતી છીએ. ભૂકંપ બાદ કચ્છને બેઠું કરવા માટે તત્કાલીન વડાપ્રધાનશ્રી બાજપાઈજીની લાગણી હતીને, આ કમસેકમ થઈ શક્યું નથી એટલું દુ:ખ સાથે કહેવું પડે છે. ૧૫ વર્ષે ખોટા ડોમીસાઈલ સર્ટિફિકેટ મેળવનારનું લિસ્ટ અમને મળેલ છે. ખોટા સર્ટિફિકેટ માટે લિટિગેશનમાં જવું એના કરતાં રાજય સરકારે આવા એકમોને નાણાકીય સહાય મળે છે, શ્રમ અને રોજગાર મંત્રીશ્રી એ પોતે જ નાણાંમંત્રીશ્રીનો હવાલો ધરાવે છે ત્યારે આમાં ચોકસાઈ કરવી. સ્થાનિક રોજગારીની અંદર ન માત્ર પણ ગુજરાતની અંદર જ્યાં જ્યાં ડીફર પેમેન્ટ કે એની વિલંબિત કે સેલ્સ ટેક્સ માફીની યોજના છે ત્યાં પણ આ ૮૫ ટકાનું ધોરણ છે એ જળવાય એ ખૂબ જરૂરી છે. એટલે શ્રી શૈલેષભાઈનો આ પ્રસ્તાવ આવ્યો છે એ સમયસરનો છે એને હું હાર્દિક સમર્થન આપું છું.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે (ભાવનગર શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષ મહોદય, શ્રી શૈલેષભાઈ જે દરખાસ્ત લઈને આવ્યા છે એમાં હું બિલકુલ સંમત થતી નથી. કારણ કે, ગુજરાત સરકારે તા.૩૧-૩-૧૯૯૫માં એક ઠરાવ કરવામાં આવ્યો છે. એ ઠરાવની અંદર સરકારે નક્કી કર્યું છે કે, સ્થાનિક લોકોને ૮૫ ટકા રોજગારી આપવાની એક નીતિ અમલમાં મૂકી છે અને એની અમલવારી થાય છે. રાજય સરકાર હસ્તકના જે જાહેર સાહસો છે એમાં ૯૮ ટકા જાહેર સાહસોએ આ નીતિનો અમલ કર્યો છે. ખાનગી સાહસો છે એમાં ૯૭ ટકાએ આ નીતિનો અમલ કર્યો છે. પરંતુ મને કહેતાં દુ:ખ થાય છે કે, કેન્દ્ર સરકાર હસ્તકના જે જાહેર સાહસો છે એમાં માત્ર ૨૪ ટકા જાહેર સાહસોએ આ નીતિનો અમલ કર્યો છે. એટલે કે સ્થાનિક લોકોને રોજગારી આપવા માટે રાજય સરકારે ખાનગી અને જાહેર ક્ષેત્રની અંદર તક પૂરી પાડેલ છે. એના માટે રાજય સરકાર કટિબદ્ધ છે અને એના માટે પગલાં લેવામાં આવ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં એક વાત રજૂ કરવા માગું છું કે, જે ખાનગી ક્ષેત્રમાં ૩ ટકા લોકો રોજગારી આપતા નથી. એના માટે થઈને સરકાર દ્વારા ખાનગી સાહસો સાથે બેઠક કરી માહિતી અને માર્ગદર્શન આપી આ ટકાવારી જાળવી રાખવા માટે પૂરતું માર્ગદર્શન આપવામાં આવે છે અને જે ખાનગી સાહસો છે જે સરકાર દ્વારા પ્રોત્સાહન મેળવતા હોય, જે પ્રોત્સાહિત થતા હોય એમાં કોઈપણ રીતે ખાનગી સાહસોની અંદર જો આવી ટકાવારી જાળવવામાં ન આવે તો રાજય સરકાર આવું પ્રોત્સાહન આપવાનું બંધ કરી દે છે અને એના માટે ઉદ્યોગ કમિશનરને જવાબદારી આપવામાં આવી છે. અને એવા સાહસો કે જે ૮૫ ટકા સ્થાનિક લોકોને રોજગારી આપતા ન હોય એને પ્રોત્સાહન આપવાનું સરકા બંધ કરે છે. જે નવા સાહસો શરૂ થતા હોય એની અંદર વેચાણ વેરામાં પ્રોત્સાહન મળતું હોય છે, વેચાણ વેરામાં પ્રોત્સાહન આપવામાં આવતું હોય છે એ આપતાં પહેલાં સરવે કરવામાં આવે છે. આ ખાનગી સાહસો જે તે વિસ્તારની અંદર ૮૫ ટકા લોકોને સ્થાનિક રોજગારી આપે છે કે કેમ? જો ન આપતા હોય તો આ માટે ફેરવિચારણા કરીને એને પ્રોત્સાહન આપવું કે નહીં એ નક્કી કરવામાં આવે છે અને પ્રોત્સાહન આપવાનું બંધ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિક મેળાઓ બાબતે કહેતાં મને આનંદ થાય છે કે ૨૦૦૭-૦૮ની અંદર કુલ ૩૩૨ ઔદ્યોગિક મેળાઓ કરી ૫૦૦૦૦ કરતાં વધારે સ્થાનિક યુવાનોને રોજગારી આપવાનો પ્રયત્ન કર્યો છે અને એમાં સફળતા પ્રાપ્ત કરી છે. મને કહેવાનું મન થાય છે કે, અગાઉના સમયમાં લશ્કરમાં અને સંરક્ષણ ક્ષેત્રે ગુજરાતને જે કવોટા ફાળવવામાં આવતો હતો એ ખાલી રહેતો હતો. પરંતુ જયારથી આપણા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાસન સંભાળ્યું છે અને એવા જવામર્દ મુખ્યમંત્રીએ એ સાબિત કરી આપ્યું છે કે ગુજરાતનો યુવાન ખમીર અને કૌવત ધરાવે છે અને લશ્કરમાં ભરતી કરવાની પાત્રતા પણ એમના પાસે છે. અને આ માટે લશ્કરના ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ લશ્કરના ભરતી મેળાઓ ૨૦૦૭ અને ૦૮ની અંદર કુલ ૧૧ ભરતી મેળાઓ કરવામાં આવ્યા છે અને એની અંદર ૮૯૦ યુવાનોની ભરતી કરાવી શક્યા છીએ. એટલું જ નહીં પરંતુ આ ભરતી મેળાઓની અંદર મૅડિકલ અને ફીઝીકલ પરીક્ષા પાસ કર્યા પછી જે લેખિત પરીક્ષા આપવાની હોય છે એ લેખિત પરીક્ષા આપવા માટે કદાચ યુવાનને કોઈ મુશ્કેલી પડતી હોય તો સરકાર દ્વારા એના માટેના સ્પેશિયલ તાલીમ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે અને આ તાલીમ વર્ગોની અંદર ૨૮ તાલીમ વર્ગો શરૂ કરી કુલ ૯૩૫ યુવાનોને લેખિત પરીક્ષા માટે પણ સક્ષમ બનાવી અને લશ્કરની અંદર, સંરક્ષણની અંદર પણ ગુજરાતના યુવાન ખમીર અને કૌવતથી આગળ વધી શક્યા છે. એ આ ગુજરાત સરકારનું ધ્યેય છે અને એમાં પણ આગળ વધી શક્યા છીએ. અધ્યક્ષ મહોદય, મને કહેતા આનંદ થાય છે કે ગુજરાતના ઇતિહાસની અંદર પહેલી વખત સ્પીપા દ્વારા તાલીમ અપાય અને આઈ.એ.એસ. અને આઈ.પી.એસ.ની અંદર ૧૪ યુવાન અને યુવતીઓ પહેલી વખત ગુજરાતની અંદર સિલૅક્ટ થયા છે અને આવો જ બીજો એક ઇતિહાસ રચાયો છે કે એસ.આર.પી.ની અંદર મહિલાની પ્લાટુનસ ઉભી કરવાનું આ સરકારે નકકી કર્યુ છે. મહિલાની પ્લાટુન ઉભી કરીને ૧૦૯ મહિલાઓને તાલીમ આપવામાં આવી છે અને એની અંદર એને નિમણૂક પણ આપી દેવામાં આવી છે. આ રીતે ગુજરાત સરકાર તમામ ક્ષેત્રે આગળ વધી રહી છે.

બીજી અગત્યની બાબત એ છે કે આ સરકારે ગુજરાતની અંદર મહિલા રોજગારીની અલગ કચેરી બે જગ્યાએ શરૂ કરી છે. અમદાવાદ અને જામનગરની અંદર મહિલાઓ માટેની રોજગાર કચેરી ઉભી કરી અને મહિલાઓને પણ રોજગારી આપવાનો, સ્થાનિક રોજગારી આપવા માટે પ્રયત્નશીલ છે અને એમાં પણ એ આગળ વધી રહ્યા છે. મારા આગળના વક્તાએ જે પ્રમાણે કહ્યું એમ ૨૦૦૨ થી ૨૦૦૬ની વચ્ચે આખા દેશની અંદર જેટલી પણ રોજગારી ઉભી કરવામાં આવી એમાં ૫૬ ટકા જેટલી રોજગારી માત્ર અને માત્ર ગુજરાતમાં પૂરી કરવામાં આવી છે. ૫૦ ટકાથી વધારે હિસ્સો ગુજરાતનો છે જ્યારે બીજા અને ત્રીજા ક્રમે રહેનાર મહારાષ્ટ્ર અને તામિલનાડુ, માત્ર ૭ થી ૧૦ ટકાની વચ્ચે છે. એના વચ્ચેનો ગેપ જોવો તો કયાં ૫૦ ટકા અને કયાં ૭ થી ૧૦ ટકા. આટલો બધો વિકાસ અને રોજગાર આ ગુજરાતે પૂરો પાડ્યો છે અને આવતા ૨૦૦૭ની અંદર રોજગાર કચેરીમાંથી પણ ૧ લાખ અને ૯૧ હજાર યુવાનોને રોજગારીની તક પૂરી પાડી અને રોજગારી પૂરી પાડવામાં આવી છે. ગુજરાત રોજગારી કક્ષાએ દેશમાં પ્રથમ છે. દેશમાં પ્રથમ કક્ષાએ આવવા માટેનું યુવાનોની અંદર જે કૌવત છે. ગયા વર્ષે એક નિર્ણય કરવામાં આવ્યો છે ઉંમર મર્યાદાનો. સરકારી નોકરીની અંદર ૫ વર્ષનો વધારો કરી અને સરકારે રોજગારી પૂરી પાડવામાં પૂરું ધ્યાન આપ્યું છે અને આ રીતે આખા ગુજરાતની અંદર રોજગારીની પૂરી તક ૮૫ ટકા સ્થાનિક યુવાનોને રોજગાર પૂરી પાડવા માટે, સ્થાનિક લોકોને રોજગારી આપવા માટે, સરકાર કટિબદ્ધ છે અને ૪ લાખ ૬૦હજાર કરોડના જે રોકાણો ઔદ્યોગિક એકમોને જે અહીંયા આમંત્રણ આપવામાં આવ્યું છે એનું મૂળ અને એકમાત્ર કારણ હોય તો ગુજરાતના ૧૩ લાખ યુવાનોને રોજગારી પૂરી પાડી શકાય એવી તાકાત આ ઉદ્યોગોમાં છે. એટલા માટે આ સરકાર સ્થાનિક લોકોને રોજગારી પૂરી પાડવા માટે કટિબદ્ધ છે. શૈલેષભાઈ પરમારના પ્રસ્તાવને હું વખોડું છું અને એનો હું વિરોધ કરું છું.

( આ તબક્કે શ્રી નટવરસિંહ ફુ. ઠાકોરે એમને બોલવા માટેની તક આપવા વિનંતી કરી. )

**સભાપતિશ્રી** : માનનીય મંત્રીશ્રી. નટવરસિંહ બે સભ્યોએ બોલી લીધું છે. એક પ્રસ્તાવ મૂકનાર સભ્યશ્રી બોલ્યા છે અને બાબુભાઈ બોલ્યા છે. બે સભ્યો આ બાજુથી બોલ્યા છે. બે આ બાજુથી બોલ્યા છે. આપણ પાસે સમય ઓછો છે. પ્લીઝ, સમય ઓછો છે.નટવરસિંહભાઈ એકાદ મિનિટમાં પૂરું કરો. ૫ મિનિટ નહીં.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા શૈલેષભાઈ પરમાર જે સંકલ્પ રોજગારી માટેનો લઈને આવ્યા છે, એમની વાત સાચી છે. કારણ કે આપણા ગુજરાતના કેટલાય યુવાનો બેકાર છે. ડીગ્રીવાળા છે, બી.એ., બી.એડ થયેલા છે, ટૅક્નીકલ રીતે આગળ છે પણ એ બધા બેકાર છે. આવા હજારો યુવાનો બેકાર છે. સામી પાટલીવાળા એમ કહે છે કે કોઈ બેકાર નથી. હજારોની સંખ્યામાં ભરતી મેળામાં યુવાનો આવે છે એમાંથી ૫૦૦-૧૦૦૦ ને લેતા હશે. બાકીના હજારો યુવાનોને રોજગારી મળતી નથી. કેટલાય બિચારા યુવાનોને ખાવાના સાંસા છે. અમારી સાથે આવો તો બતાવું. પેલા બેન બોલતા હતા કે ગુજરાત બહુ સારું થઈ ગયું છે. સાથે ફરો તો ખબર પડે. આ સરકાર કશું કરી શકતી નથી. વાહ વાહ અને શો કરે છે. હું વજુભાઈને કહું છું કે તમે હોંશિયાર છો એટલે રોજગારી મળે એવું કંઈ કરો. મેં એમને રોજગારી બાબતે એક વાત સમજાવી છે એ કરે તો રાજ્યના કેટલાય યુવાનોને રોજીરોટી મળે એવું છે. મેં તેમને સમજાવ્યું છે એ કરી જુએ. નાના નાના ઉદ્યોગો છે એ ઉદ્યોગોને આપણે સમજાવી શકતા નથી. અમે ઓછું ભણેલા છીએ એટલે ઓછી ખબર પડે પણ ભણેલાને ખબર પડતી નથી. એમને ખબર પડે તો સારું. આપણે ત્યાં એટલી બધી એકટીવિટી છે કે કોઈને તકલીફ ન રહે એ સમજવાની જરૂર છે. કોઈ બેકાર ન રહે એટલી બધી એકટીવિટી ગુજરાતમાં છે, એટલી બધી સંપત્તિ છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી વજુભાઈ વાળા (શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે એમાં એમણે પહેલી વાત કરી કે અમદાવાદમાં મિલો બંધ થવાથી અનેક કારીગરોને મુસીબત છે. આ દેશની અંદર જો કોઈ મોટામાં મોટી સમસ્યા હોય તો બે સમસ્યાઓ છે. એક ગરીબી અને બીજી રોજગારીની. આ બન્નેની દ્રષ્ટિએ કેન્દ્ર સરકાર હોય કે હિન્દુસ્તાનનું કોઈપણ રાજ્ય હોય એ પૂરી રીતે પ્રયત્ન કરે છે કે એમના રાજ્યમાંથી કેવી રીતે ગરીબી ઓછી થાય, બેરોજગારોને રોજગારી કેમ મળે એના માટેના પૂરતા પ્રયત્નો થતા હોય છે. બેરોજગારી અને ગરીબી દૂર કરવા માટે પહેલા તો ગ્રામ્ય વિસ્તારમાં જે ખેડૂતભાઈઓ છે એને જો પાણી આપવામાં આવે, એને સિંચાઈની સગવડતા આપવામાં આવે તો ગામડું છે એ ખેતી પ્રધાન વિસ્તાર હોવાથી ત્યાં એની બેરોજગારી ગ્રામ્ય વિસ્તારમાં લગભગ દૂર થઈ જાય. બીજું એ જ પ્રમાણે જે ઉદ્યોગો છે એ ઉદ્યોગોની અંદર આપણે જે એને પ્રોત્સાહનો આપીએ છીએ અને ઉદ્યોગકાર કેટલું કમાય છે એવી વાત નથી પણ કેટલા લોકોને રોજગારી આપે છે એની વાત છે. અમારા વખતની કે તમારા વખતની વાત કરવાની નથી. કોંગ્રેસના સમયમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે જામનગરમાં આજે પેટ્રોકેમિકલ્સ ફિલ્ડ વિકસાવ્યું એના કારણે આજે જુઓ તો ૨૫ હજાર કરતાં વધારે લોકોને ડાયરૅક્ટ રોજગારી આપે છે અને બાય-પ્રોડક્ટ રોજગારી મળતી હોય, વાહન વ્યવહારવાળા, દુકાનવાળા અને અન્યને રોજગારી મળતી હોય એ રોજગારી વધુ હોય છે. એટલે ઉદ્યોગો વધારે થાય એના માટે રાજ્ય સરકારે પ્રયત્નો કર્યા છે. આપ કદાચ કહેતા હશો કે મહોત્સવો કરીને કાર્યક્રમો કરે છે. આપણે જોઈ શક્યા છીએ કે નવરાત્રિ મહોત્સવ અને પતંગ મહોત્સવ દ્વારા આપણે આપણા ભારતીય અને બહારના લોકોને, જે ઉદ્યોગકારોને આકર્ષી શક્યા એના કારણે ૬.૬૬ લાખ કરોડ રૂપિયાના ઉદ્યોગો માટેના એમ.ઓ.યુ. થયા. એના કારણે આ બેરોજગારી છે એ મિટાવવા માટે પૂરેપૂરા પ્રયત્નો આ રાજ્ય સરકારે કર્યા છે. માનનીય બાબુભાઈએ વાત કરી કે જે લોકો સેલ્સ ટેક્સનો બેનિફિટ લે છે એના ઉપર બરાબર ચેકીંગ કરીએ. આપણે ત્યાં આપણો જે ઠરાવ થયેલો છે એમાં સુપરવિઝન કરનાર લોકો છે, કોઈપણ કારખાનામાં સુપરવાઈઝરી સ્ટાફ ૬૦ ટકા હોવો જોઈએ અને કારીગર અને કર્મચારી વર્ગ ૮૫ ટકા સ્થાનિક હોવો જોઈએ. આ ધોરણો જળવાય છે કે નહીં એના માટે મારે બાબુભાઈને એટલું જ કહેવાનું છે.કચ્છની અંદર ભૂકંપ આવ્યાં પછી કચ્છના લોકોને જે benefit આપ્યાં છે એ benefitના કારણે આપણે કચ્છના લોકોને જ રોજગારી મળવી જોઈએ આવું આપણે ના કરી શકીએ. કચ્છમાં ઉદ્યોગ સ્થપાયા એને directly અને indirectly સીધેસીધી રોજગારી ત્યાંના સ્થાનિક લોકોને જ મળવાની છે. બહારગામથી લોકો આવીને ત્યાં વસે એને વસવાનું અને બાકીની બધી રીતે મોંઘું પડે પણ મોટાભાગના લોકો સ્થાનિક લોકોને જ રોજગારી બધી જગ્યાએ મળતી હોય છે. જે આપણો ઠરાવ છે એ ઠરાવના આધારે આપણે કોઈપણ industries હોય એની અંદર supervisory staff એ ૬૦ ટકા એ ગુજરાતનો હોવો જોઈએ અને ૮૫ ટકા છે એ કારીગર કે કર્મચારી હોવા જોઈએ. ગુજરાતની અંદર જે બીજી, ડિસૅમ્બર ૨૦૦૭ સુધી જે ખાનગી ઉત્પાદનલક્ષી ૨,૮૫૪ ઉદ્યોગો છે. ૨,૮૫૪ ઉદ્યોગોમાંથી ૨,૭૬૦ ઉદ્યોગ એટલે ૯૪ ઉદ્યોગો સિવાયના બાકીના બધા ઉદ્યોગો એ ૬૦ ટકા અને ૮૫ ટકા અને એ બેયનો સરવાળો કરીને aggregate પણ ૮૫ ટકાનું ધોરણ જાળવી રાખે છે. આવા જે છે એ ઉદ્યોગો ૯૬.૭૦ ટકા એટલે કે લગભગ ૯૭ ટકા ઉદ્યોગો છે એ આ ૮૫ ટકા અને ૬૦ ટકાનું ધોરણ જાળવે છે અને જે ૯૪ ઉદ્યોગો છે જે આ ધોરણ નથી જાળવતા. એની અંદર પણ supervisory staff માં ૬૦ ટકાના બદલે ૬૭ ટકા છે. પરંતુ જે કારીગરની અંદર ૮૫ ટકા હોવા જોઈએ એના બદલે ૭૬ ટકા છે. એટલે આમ જોવા જઈએ તો આ ૬૦ ટકાની અંદર ૭ ટકા વધારો છે. ૭૬માં ૯ ટકા ઘટાડો છે એને બદલે ૭ના એરિયર્સની રીતે કરો તો પણ લગભગ ૯૦ ઉદ્યોગો છે એ પણ બરાબર આપણું ધોરણ જાળવે છે. સવાલ એ છે કે આપણો આ નિયમ છે એ કેન્દ્ર સરકારના ઉદ્યોગોને પણ આપણે ત્યાં છે એને પણ લાગુ પાડીએ છીએ, પણ કેન્દ્ર સરકારના ઉદ્યોગના અંદર ૩૭ પૈકી ૯ ઉદ્યોગો છે એની અંદર જ ૬૦ ટકા અને ૮૫ ટકાનું ધોરણ જળવાય છે, બાકી નથી જાળવી શકતા એનું કારણ એ છે કે એની આખા દેશની અંદરથી અરસપરસ બદલી થતી હોય છે અને એના માટે થઈ આપણે કોઈ compulsion ના કરી શકીએ. છતાં પણ એની સાથે

મિટિંગો કરીને કહીએ છીએ કે તમારો ઉદ્યોગો ગુજરાતમાં છે તો તમે ગુજરાતના વધુને વધુ લોકોને રોજગારી આપો એના માટે આપણે પ્રયત્ન કરીએ છીએ. રાજ્ય સરકારના જે ૪૭ બોર્ડ અને કોરપોરેશન છે એની અંદરથી ૪૬ બોર્ડ અને કોરપોરેશન એટલે ૯૮ ટકા બોર્ડ અને કોરપોરેશનો છે એની અંદર આ રેશિયો છે એ ૮૫ ટકા અને ૬૦ ટકાનો જળવાય છે. એક ફક્ત Gujarat State Petroleum Corporation Ltd. એની અંદર supervisory staff માં ૬૦ ટકા અને ૬૬ ટકા છે કામદારો છે એની અંદર ૭૫ ટકામાં કામદારોની સંખ્યા કેટલી છે એ ૧૬માંથી ૧૨ કામદારો છે, ૮૫ ટકાનો એટલો બધો મોટો વર્ગ નથી. આ એકજ institute સિવાય ગુજરાત રાજ્યની અંદર પૂરેપૂરા આપણા આ ધોરણોની જાળવણી કરીએ છીએ અને એજ રીતે જે મોટા ઉદ્યોગો છે એની અંદર પણ પૂરેપૂરી જાળવણી કરવામાં આવે છે. ૨૦૦૭-૦૮માં ઔદ્યોગિક ભરતીમેળાઓ આપણે કર્યા. એ ૩૩૨ ભરતીમેળા દ્વારા આપણે ૫૦,૨૪૦ લોકોને રોજગારી મળી. આપણે વારંવાર આ ભરતીમેળાના વધુને વધુ પ્રયોગો કરીએ છીએ અને જે ઉદ્યોગકારોના મેનેજરો અને supervisory staff ના લોકોને બોલાવીને તમારે કેવા પ્રકારના માણસોની જરૂર છે? કેવા પ્રકારના કામદારોની અને supervisory staff માં જરૂર છે? એ લોકો આવીને ત્યાંથી પસંદ કરીને જાય છે. જુદા જુદા જિલ્લાની ઔદ્યોગિક વસાહતોમાં ૯ આપણે Job Development Centres કાર્યરત છે. એમાં વટવા, મકરપુરા, હાલોલ, વિઠ્ઠલ ઉદ્યોગનગર, રાજકોટ, ચિત્રા, ગાંધીધામ, વાપી અને અંકલેશ્વર આ જે આપણા Job Development Centres છે એના દ્વારા પણ ૨૨,૦૪૪ લોકોને રોજગારી આપી છે. આ સિવાયના આ ઉદ્યોગોની રોજગારી અને પછી સ્વરોજગારી મેળવવા માટે થઈને આપણે Industrial Training Cetnres જે Government માન્ય છે. Industrial Training Institute અને Industrial Training Centres મારફત પણ આપણે અનેક લોકોને રોજગારી આપીએ છીએ. ગુજરાત રાજયની અંદર ૧૪૫ આઈ.ટી.આઈ. છે. જે રાજય સરકાર હસ્તક ચાલે છે. ૧૦૭ ગ્રાન્ટ ઈન એઈડ આઈ.ટી.સી. છે કે જેને સરકાર ગ્રાન્ટ આપે છે જેમ સ્કુલોને ગ્રાન્ટ આપે છે તેમ આઈ.ટી.સી.ને ગ્રાન્ટ આપીએ છીએ અને ૧૮૯ સ્વનિર્ભર આઈ.ટી.સી. છે. આ પ્રમાણે ૮૭૯૮૧ કુલ સીટો છે અને એમાં તાલીમ લેનાર જે વિદ્યાર્થીઓ છે એ ૭૫૫૭૪ લોકો છે એ આની અંદર ટ્રેનિંગ લઈ રહ્યા છે અને આ ૪૪૧ જે ઈન્સ્ટીટયૂટ છે એમાં આપણે આ વર્ષે નકકી કર્યું છે કે ગુજરાતના તમામ તાલુકાની અંદર આઈ.ટી.સી. કે આઈ.ટી.આઈ. હોવું જોઈએ. જે ૪૭ તાલુકામાં આઈ.ટી.આઈ. કે આઈ.ટી.સી. નથી એ જગ્યાએ આ વર્ષે સ્થાપવાનું આયોજન છે. રાજય સરકાર તરફથી પણ ૨૦ જગ્યાએ નવા આઈ.ટી.આઈ. આપણે સ્થાપીએ છીએ અને જે ૪૭ તાલુકામાં નથી ત્યાં સ્વનિર્ભર માટે થઈને આપણે અરજીઓ મંગાવી એમાં ૨૩ તાલુકાની અરજીઓ આવી છે અને જે ૨૪ તાલુકા બાકી રહી જાય છે એ ૨૪ તાલુકાની અંદર આઈ.ટી.આઈ. કે આઈ.ટી.સી. આપણે કેમ આપવી અને એકેએક તાલુકાની અંદર આઈ.ટી.આઈ. કે આઈ.ટી.સી. વગરનો કોઈ તાલુકો ન રહે એના માટે સરકારે પૂરેપૂરું આયોજન કર્યું છે. આ સિવાય જે આપણી આઈ.ટી.આઈ. છે એમાં કેન્દ્ર સરકાર તરફથી અમૂક પ્રકારના કોર્સને વધુ એકસપર્ટાઈઝ કરવા માટે થઈને એને સેન્ટર ઓફ એકસેલેશન એનું ડેઝીગ્નેશન આપીને કેન્દ્ર સરકાર પણ આપણને મદદ કરે છે કે જેમાં ૭૫ટકા કેન્દ્ર સરકાર આપે, ૨૫ ટકા આપણા હોય જેને કારણે વધુ સારી ક્ષમતાવાળા ઉદ્યોગોને ઉત્તેજન મળે એવા કારીગરો મળી રહે એના માટે થઈને આવા ૩૨ આઈ.ટી.આઈ. સેન્ટર છે. આગામી વર્ષની અંદર ૧૦ નવા આવા એકસલન્સ સેન્ટરો પણ થવાના છે. આ ઉપરાંત કેન્દ્ર સરકારની યોજના મુજબ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ એની નીચે ૨૨ આઈ.ટી.આઈ.ને દત્તક લઈને ઉદ્યોગગૃહો સાથે મળીને ખાસ જે ઉદ્યોગગૃહોને જેવા પ્રકારના કારીગરો જોઈએ છે એવું નિર્માણ કરવાનું એને શિક્ષણ પણ આપવામાં આવે છે. સમસ્ત દેશની અંદર આપણે એક તરફ એમ કહીએ કે પહેલો નંબર આપણો આવે છે પણ આપણને દુ:ખ થાય છે કે બીજા રાજયોની અંદર આટલું બધું ઓછું છે તો આટલા કારીગરોને કેમ નોકરી નથી મળતી, આટલા બેરોજગારોને કેમ નોકરી નથી મળતી. ૨૦૦૨ની અંદર જે એમ્પ્લોમેન્ટ એકસચેન્જની અંદર જે રજીસ્ટરો હતા એમાંથી આખા દેશની અંદર ૧,૫૩,૦૦૦ લોકોને નોકરી મળી એમાંથી ગુજરાતના ૭૦૭૦૦ હતા એટલે ૪૬ટકા લોકોને નોકરી મળી ગુજરાતની અંદર. આપણે એમાં પહેલો નંબર આવ્યા. ૨૦૦૩ની અંદર ૧,૫૪,૦૦૦માંથી ૬૪૯૦૦ લોકોને આપણે રોજગારી આપી એટલે ૪૨ટકા થયા. ૨૦૦૪ની અંદર ૧,૩૭,૭૦૦ લોકોને આખા દેશમાં રોજગારી મળી એમાં ગુજરાત રાજયની અંદર ૬૪૯૦૦ એટલે ૪૭ ટકાને મળી અને આ જ પ્રમાણે ૨૦૦૫માં ૧,૭૩,૨૦૦ને રોજગારી હતી એમાંથી ગુજરાતને મળી ૯૨૯૦૦ લોકો એટલે ૫૪ટકાને રોજગારી મળી. ૨૦૦૬ની અંદર ૧૭૭૦૦૦ને આખા દેશમાં રોજગારી મળી જેની અંદર ગુજરાતમાં ૯૯૦૦૦ લોકોને રોજગારી મળી એટલે ૫૬ટકાની અંદર ગુજરાત અને ૪૪ટકાની અંદર આખો દેશ. આપણે બીજા નંબરે જે મહારાષ્ટ્ર અને તામિલનાડુ છે એ જોઈએ તો આપણા જે ૪૨, ૪૭, ૫૪ અને ૫૬ ટકા હોય તો એના ૧૨ટકા, ૧૦ટકા, ૯ટકા અને ૭ટકા આટલો રેશિયો આવે છે અને આ વર્ષે ૨૦૦૭ની અંદર આપણે જે આપણી પાસે નોંધાયેલા હતા એમાંથી ૧૯૧૭૬૧ને આપણે રોજગારી પૂરી પાડી છે. પાંચ વર્ષથી આપણો પ્રથમ નંબર છે અને આ છઠ્ઠા વર્ષે પણ ગુજરાત રાજય રોજગારી આપવામાં પહેલા નંબરે આવવાનું છે. આ રીતે ગ્રામ્ય વિસ્તારના લોકોને ખેતીને પાણી મળે, ઉદ્યોગકારો મારફત એ તમામ લોકોને, બેરોજગારોને રોજી મળે અને ઉદ્યોગકારો સિવાય જે સર્વિસ સેકટર છે એ સર્વિસ સેકટરના લોકોને સ્વરોજગારીક્ષેત્રે પણ રોજી મળી રહે એ પ્રકારના તમામ જાતના પ્રયત્નો રાજય સરકાર તરફથી કરવામાં આવે છે અને હજુપણ હું તો અહિંયા કહું છું કે સ્વરોજગારીક્ષેત્રે કે બીજા કોઈપણ જાતના કોઈપણ માનનીય ધારાસભ્યશ્રીના સૂચન હોય કે અમારા વિસ્તારમાં

આઈ.ટી.આઈ. આ પ્રકારનું ચાલે છે એમાં આવા નવા પ્રકારના કોર્સીસની જરૂર છે તો તમે કહેજો આપણે ૧૧૮ કોર્સીસ અત્યારે ચાલુ કર્યા છે.આખા હિન્દુસ્તાનમાં કયાંય નથી. બહેનો માટે એર હોસ્ટેસના પણ કોર્સિસ ચાલુ કરાવ્યા છે. આજે વિવિધ આઈ.ટી. ની અંદર ઈન્ફોર્મેશન ટૅક્નૉલૉજીની દ્રષ્ટિએ આ બધા કોર્સિસની રીતે ચાલુ કરાવ્યા છે. હજુ પણ ઈન્ફોર્મેશન ટેકનોલોજી માટે થઈને તમામ જગ્યાએથી ડિમાન્ડ આવે છે. મેક્સિમમ આપણે બધી જગ્યાએ આઈ.ટી.ના ક્લાસ ચલાવવામાં આવે, એનો પૂરેપૂરો પ્રયત્ન કરવામાં આવશે. હું સભ્યશ્રીઓને વિનંતી કરીશ કે આઈ.ટી.આઈ. અને આઈ.ટી.સી. ની અંદર આપના વિસ્તારની અંદર નવા પ્રકારના કોર્સિસની જરૂર હોય તો આપ ચોક્કસ કહેજો. આપણું ત્યાં આઈ.ટી.આઈ. હશે તો આપણે એવા પ્રકારના કોર્સિસ ચાલુ કરીશું. સ્વનિર્ભર હશે તો એને વિનંતી કરીને એવા પ્રકારના કોર્સિસ ચાલુ થાય એના માટે પૂરો પ્રયત્ન કરીશું. આપણે સૌ સહિયારા પ્રયત્નથી ગુજરાત રાજ્યની અંદર બે વર્ષ પહેલા ૯ લાખ કરતા ઉપર બેરોજગારો જે હતા, એને આપણે ૭ લાખ કરતા વધારે, એટલે ૨ લાખ લોકોને ૨ વર્ષની અંદર આપણા એમ્પ્લોયમેન્ટ એક્સ્ચેઈંજની અંદર નંબર નોંધાયેલા હતા, એમાં ઓછા થયા છે. આ વર્ષે ૨૦૦૭ માં એનાથી ઓછા થવાના છે. આપણે ઇચ્છીએ કે ગુજરાત રાજ્યના એકેએક બેરોજગાર છે, એને રોજી કેમ મળે, એના માટે આ રાજ્ય પ્રયત્નશીલ છે અને ભવિષ્યમાં પણ રહેશે અને આપને જે કઈ સૂચન હશે તે રાજય સરકાર ચોક્કસ સ્વીકારીને બેરોજગારી મીટાવવા માટે થઈને પૂરેપૂરો પ્રયત્ન કરશે. સભ્યશ્રીને વિનંતી કરી છે કે આપનો પ્રસ્તાવ છે એ આટલી સ્પષ્ટતા પછી આપ પાછો ખેંચો એવી આપને વિનંતી છે.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે પ્રસ્તાવ લઈને આવ્યો હતો, એમાં સન્માનનીય ધારાસભ્યશ્રી ડો. નીમાબેન આચાર્ય, બાબુભાઈ શાહ, વિભાવરીબેન, નટવરસિંહભાઈ આ ૪ મિત્રોએ જે ભાગ લીધો. માનનીય મંત્રીશ્રી દુઃખ સાથે કહેવું પડે છે કે મારો હેતુ કોઈ મારા પ્રસ્તાવને રાજકીય રંગ આપવાનો નહોતો. હું પોતે યુવાન છું. જે વિસ્તારમાંથી હું ચૂંટાઈને આવું છું, ત્યાં રોજગારીનો બહુ મોટો પ્રશ્ન છે. મારો હેતુ યુવાનોને કઈ રીતે રોજી મળી શકે અને આ રોજગારીની વાત આમાં કોઈ રાજકીય પાર્ટીની વાત આવતી નથી. યુવાનોને રોજીરોટી આપવાની વાત આવે છે. આમાં ગુજરાત રાજય આજે ઔદ્યોગિક ક્ષેત્રે પ્રથમ નંબરે છે, પણ તેમ છતાં પણ ૭,૮૦,૦૦૦ લોકો શ્રમ રોજગાર ખાતાની કચેરીમાં નોંધાયેલ આજે પણ આ લોકો બેરોજગાર છે. માનનીય મંત્રીશ્રીએ ખૂબ લંબાણપૂર્વક મને જે સંતોષ થવો જોઈએ, એના કરતાં પણ જે જવાબ આપ્યો છે કે ૨૦૦૦ની વાત કરી, ૨૦૦૭ સુધીમાં રોજગારીની વાત કરી, તે રોજગારી આપવામાં ૨૦૦૨ માં ૭૦,૦૦૦, ૨૦૦૩ માં ૬૪,૦૦૦, ૨૦૦૪ માં ૬૪,૦૦૦, ૨૦૦૫ માં ૯૨,૦૦૦, ૨૦૦૬ માં ૯૯,૦૦૦ અને ૨૦૦૭ માં ૧,૯૧,૦૦૦ સમગ્ર દેશની અંદર રોજગારી આપવામાં ગુજરાતનો નંબર વન હશે. એવું માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં કહ્યું. જે રીતે મારા પ્રસ્તાવને રાજકીય રંગ આપ્યો છે. હું કોઈ ભેદભાવભરી નીતિથી કે આ પરપ્રાંતનો છે કે આ રાજ્યનો નથી એ હેતુથી પ્રસ્તાવ લઈને નથી આવ્યો. મારો પ્રસ્તાવ એ છે કે જ્યારે સાડા પાંચ કરોડ ગુજરાતીઓની વાત કરીને ગુજરાત વિધાનસભામાં બેઠા હોઈએ ત્યારે પહેલામાં પહેલી ચિંતા કરવાની વાત જો કોઈ આવતી હોય તો સાડા પાંચ કરોડ ગુજરાતીઓની આવતી હોય છે. મારા પ્રવચનમાં કહ્યું બહારના રાજ્યના બેરોજગારો આ રાજ્યમાં રોજગારી માટે આવે, તો ગુજરાત માટે ખૂબ ગૌરવની વાત છે. ગુજરાત બહારના લોકોને અહીયા રોજીરોટી આપીએ છીએ, નોકરી આપીએ છીએ એ તો આપણા સૌને માટે ગૌરવની વાત છે. પરપ્રાંતના લોકો અહીયા આવીને નોકરી કરે, અહીયા આવીને રહે અને ઘણા બધા લોકો રહે છે. એ લોકોને રહેવાનો અધિકાર છે. હિન્દુસ્તાનના નાગરિક છે. જે રીતે રાજકીય રંગ આપ્યો છે. કચ્છની જે રીતે વાત કરી. મારે આને રાજકીય રંગ નથી આપવો. હું એની ચર્ચા નથી કરતો. મારો હેતુ એટલો છે કે જે રીતે માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે રાજ્યની અંદર ૩૩૨ ભરતી મેળાઓ થયા. આમાં ગુજરાત રાજ્યની અંદર ૫૦,૦૦૦ કરતાં વધારે લોકોને રોજીરોટી મળી. આજે રોજગાર કચેરીની અંદર વિભાવરીબેન રોજગાર કચેરીની અંદર આજની તારીખમાં મારા આંકડા નહીં સરકારશ્રીના આંકડા મુજબ સાત લાખ એંશી હજાર કરતાં વધારે બેરોજગારો ગુજરાતની અંદર નોંધાયેલા છે. હવે તમે જે રીતે ભરતી મેળાની વાત કરી તો તમારે સાત લાખ એંશી હજાર લોકોને નોકરી આપવી હોય

**અધ્યક્ષશ્રી** : અડધો કલાક તો તેમણે કહયું હતું પણ કલાક ઉપર નથી ગયું. આપ ટૂંકું કરો.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, બે જ મિનિટમાં પૂરું કરીશ. બે મિનિટમાં મારી વાત પૂરી કરીશ.

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર ઓર્ડર, એક મિનિટ આપણે આ પ્રસ્તાવને ૬૦ મિનિટ આપી હતી પણ સભ્યોએ ચર્ચામાં ભાગ લેતાં ૬૦ મિનિટની મર્યાદાની અંદર જ ચર્ચાઓ કરી છે. પોતાને ફાળવેલા સમય પ્રમાણે કરી છે. ૬૦ મિનિટમાં જ પૂરું થાય છે. બે-ત્રણ મિનિટ બાકી છે એટલે આપ પૂરું કરો. ત્રીસ મિનિટ કહયું હતું પણ નથી થયું. કલાક તો એના માટે છે જ.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે ૩૩૨ ભરતી મેળા થયા તેના આધારે ગુજરાતની અંદર ૫૦ હજાર કરતાં વધારે લોકોને રોજીરોટી મળી. સાત લાખ એંશી હજાર લોકોને રોજીરોટી આપવી હોય તો ૨૬ હજાર ૫૦ કરતાં વધારે ભરતી મેળા કરો તો તમે આ લોકોને રોજીરોટી આપી શકો. એક જ સવાલ મંત્રીશ્રીને કરવો છે કે મેં મારા પ્રવચનમાં કહયું કે આ જે સાત લાખ એંશી હજાર બેરોજગારો છે તે રોજગારોને કોઈ રિઝર્વ

ફોર્સ દ્વારા ફીકસ પગારનું કોઈ ધોરણ નકકી કરીને સરકારશ્રી આ લોકોને રોજીરોટી આપવા માટે, નોકરી આપવા માટે કે બેકારી ભથ્થું આપવા માટે સરકાર આ માટે કંઈક વિચારે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : એ તો એમણે એમના જવાબમાં કહયું છે. આપે હવે તો પ્રશ્ન એટલો રહેશે કે પ્રસ્તાવ મત માટે મૂકવો છે કે પાછો ખેંચવો છે.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો પ્રસ્તાવ પાછો નથી ખેંચતો. ગુજરાતના યુવાનોની રોજીનો પ્રશ્ન છે.

**અધ્યક્ષશ્રી** : બસ. ઓ.કે.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

# છેલ્લા દિવસનો પ્રસ્તાવ નિયમ-૧૦૨

## જંત્રીના ભાવ વધારા અંગે

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ (કાલુપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, " રાજય સરકારે ૧લી એપ્રિલ-૨૦૦૮થી રાજયભરમાં નવી જંત્રીનો અમલ કરવાનું નકકી કર્યુ છે. આ નવી જંત્રીથી આશરે ૪૦૦ થી ૮૦૦ ટકા જેટલો તોતીંગ વધારો થવા પામેલ છે. જેના કારણે રાજયની મધ્યમ વર્ગની પ્રજાને અને રાજયના ખેડૂતોને ભારે નુકસાન થાય તેમ છે, વળી તે બજાર ભાવ સાથે સુસંગત નથી, તેના કારણે રીયલ એસ્ટેટ ભાંગી પડશે, ખેડૂતો દેવાદાર થઈ જશે અને મધ્યમવર્ગ ઘર વિહોણો બની જશે. આ જંત્રી તૈયાર કરવામાં બજાર કિંમત અને મિલકતના ફલોરના પરિબળોને, વિકાસ ખર્ચની રકમને, મિલકતના આયુષ્યને, મિલકત કયા વિસ્તારમાં આવેલી છે, આર.સી.સી. છે કે પતરાની, કોમર્શિયલ કોમ્પલેક્ષમાં છે કે કેમ? રોડ ઉપર છે કે ગલીમાં? મિલકતની આજુબાજુ વિકાસ થાય તેમ છે કે કેમ? વગેરે પરિબળો ધ્યાનમાં લેવાયા હોય તેવું જણાતું નથી. વળી આ નવી જંત્રીના અમલ બાબતે પ્રજાજનો પાસેથી વાંધા અરજીઓ મંગાવવાની મુદત પણ ઘણી ઓછી આપવામાં આવી છે અને વાંધા અરજીઓ મંગાવ્યા પછી તેના નિકાલ માટે બાકી રહેતો સમયનો ગાળો જોતાં એમ લાગે છે કે, વાંધા અરજીઓ માત્ર નામની જ મંગાવવામાં આવી છે, નવી જંત્રીની અસર બિલ્ડરોને અને જમીનોના ટ્રેડીંગ કરનારને થવાની નથી. પરંતુ મધ્યમવર્ગના લોકો તેમાં પિસાઈ જવાના છે. તોતીંગ જંત્રીનો વધારો વિધાનસભા પાસે બહાલ કરાવવો જોઈએ પરંતુ તેમ થયું નથી. આ જંત્રીને કારણે શહેરીજનો પાસેથી વસૂલાતા પ્રોપર્ટી ટેકસમાં પણ જંગી વધારો થાય તેમ છે. વધુમાં તેના કારણે પ્રજાજનો માટે ઘર એ હવે માત્ર સ્વપ્ન બની જાય તેમ છે અને તેથી પ્રજામાં ભારે રોષની લાગણી ફેલાઈ છે ત્યારે પ્રજાજનોનો આ રોષ દૂર કરવાના ઉપાયાત્મક પગલાં બાબતે અને જંત્રીના તોતીંગ વધારાને પાછો ખેંચી લેવા બાબતે આ સભાગૃહ ચર્ચા-વિચારણા કરે."

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ (કાલુપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ જંત્રી ગુજરાત રાજયમાં ૧૯૮૪થી અમલમાં આવી છે એ સમયે ગુજરાતમાં કોંગ્રેસની સરકાર હતી એ કોંગ્રેસની સરકારે દરેક પાસાંઓનો વિચાર કર્યો હતો, રોડ છે કે ગલી કે શું છે, જો ખાંચો હોય તો ત્યા પણ વિચાર કર્યો હતો કે એની કિંમત શું? એ સમયે માર્ગ અને મકાન વિભાગના કર્મચારી-અધિકારીઓ અને એમાં ખાસ કરીને ઈજનેરો એ દરેક આખા ગુજરાતમાં ફર્યા હતા અને એ લોકોએ આખી જંત્રી તૈયાર કરેલી પણ આ વખતે આ ૨૦૦૬માં જ્યારે આ જંત્રી તૈયાર કરી ત્યારે કશું જ જોવામાં નથી આવ્યું. ઑફિસમાં બેસીને જંત્રી તૈયાર કરવામાં આવી છે, બહાર ગયા નથી એટલે પ્રજાને ઘ ણું મોટું નુકસાન થવાનું છે, જંત્રીનો અમલ પહેલી તારીખથી કરવાનો છે એને મોકૂફ રાખો એવી પ્રજાની લાગણી છે, આજે આપ ગુજરાતના દરેક પેપરમાં કે ટીવીમાં જુઓ, ઝૂંપડામાં કે ચકલાંમાં જુઓ તો એક જ ચર્ચા પ્રજાની વચ્ચે ચાલે છે કે આ જંત્રી એ શું છે? આજે નવજવાન છોકરા-છોકરીઓ પણ પોતાના મા બાપને પૂછે છે કે આપણે પ્લૉટ લઈ શકશું કે કેમ, આ જંત્રીમાં કેટલો બધો ભાવ વધારો છે? આ તો વિચાર કરો, આવનારી પેઢી માટે વિચાર તો કરો, આપણી તો હવે જિંદગી પૂરી થઈ પણ આવનારી પેઢી માટે તો વિચાર કરો, તો માનનીય અધ્યક્ષશ્રી, મારી આપના દ્વારા સરકારને વિનંતી છે કે હવે આ જંત્રી માટે વિચાર કરે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજું એ કહેવાનું છે કે, અમદાવાદ મેગા સીટી થઈ છે પણ અમદાવાદ મેગા સીટીનો વિકાસ થતાં થતાં દશ વર્ષનો સમય લાગશે. હજુ તો એનો વિકાસ થવાનો બાકી છે, એનો વિકાસ દશ વર્ષમાં થઈ શકશે કે કેમ, એ એક સવાલ છે, કારણ કે આ વિકાસ કરવાનું કામ પણ તમારું છે એ તમે કરવાના નથી અને આમેય અમદાવાદના કોટ વિસ્તારમાં તો તમે કરવાના જ નથી, જે કોઈ ગ્રાન્ટ મેગા સીટીની આવે છે એ બધી તો બહારના વિસ્તારોમાં વાપરો છો. આ જંત્રીના કારણે હાઉસિંગના મકાનો, સરકારી આવાસો અને મ્યુનિસિપલ કોરપોરેશનના મકાનો એક બીજાને વેચવા હશે તો એ નહીં વેચી શકે કારણ કે એ તો મધ્યમવર્ગના લોકો હોય છે, ગરીબ લોકો હોય છે, ચાલીઓ જે છે એ ચાલીઓની અંદર હવે તો આખી ચાલીઓ વેચાતી નથી હવે તો એક એક રૂમ વેચાય છે, જે ભાડૂઆત હોય એને ચાલીની કિંમત નક્કી કરીને આપી દેવામાં આવે છે. આ વિચાર તો કરો, આ જંત્રી છે એ પાછી ખેંચી લો, આની ચર્ચા તો વિધાનસભામાં લાવવી જોઈએ પણ વિધાનસભામાં એની ચર્ચા લાવવામાં આવતી નથી અને જે વાંધા અરજીઓ મંગાવવામાં આવે છે એમાંય પૂરો

સમય આપવામાં આવ્યો નથી, સમય બહુ ઓછો છે, અને જે વાંધા અરજીઓ આવી છે એમાં પણ કોઈ ધ્યાન આપવામાં આવ્યું નથી એટલે હું તો વિનંતી કરું છું કે, આ જંત્રીનો અમલ કરવાનું મોકૂફ રાખો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (ભાવનગર શહેર (દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ફારૂકભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૯થી આ થોડાક જ વર્ષો દરમિયાન ચોથી વખત જંત્રીનો વધારો આવી રહ્યો છે, જે જંત્રીનો વધારો આવી રહ્યો છે એ અવાસ્તવિક છે એટલું જ નહીં પણ અન્યાયકર્તા અને સમજણ વગરની પરસ્થિતિ ઊભી થઈ છે એટલા માટે અસંતોષ ચારેતરફ ફેલાયો છે, જે ભાવો નક્કી કરવામાં આવે એમાં અહીંયાં ઘણા માનનીય મંત્રીશ્રીઓ અને માનનીય સભ્યશ્રીઓ ગ્રામ્ય વિસ્તારમાં ખેતીની પરિસ્થિતિથી માહિતગાર છે, આજ સુધી જંત્રીના ભાવમાં કયારેય ખેતીની જમીન સ્ક્વેર મીટરમાં જોવામાં નથી આવી, એ હેકટરથી જ માપવામાં આવે છે આ નવી જંત્રીમાં ભાવ વધારામાં પહેલી વખત હેકટર નહીં પણ ખેતીની જમીન છે એ સ્ક્વેર મીટરથી માપવામાં આવી, કયાં વાત જશે? માનનીય મંત્રીશ્રીઓ અને માનનીય સભ્યશ્રીઓ આ જોઈ જાય એવી હું એમને વિનંતી કરું છું. મારી પાસે જંત્રીના ભાવ વધારનો ડ્રાફ્ટ છે, એમાં ખેતીની જમીનમાં આપે સ્કવેર મીટર આપે એમાં બતાવ્યા છે. ચાર પ્રકારે ખેતીની જમીન વિભાજિત થતી આજ સુધી. પિયત, બિન પિયત, નવી શરત, જૂની શરત એ પ્રમાણે જોવાતું હતું. પિયત બાગાયત વૃક્ષની ખેતી એ પ્રમાણે વિભાજન કરીએ તો સારુ. એ ન કરીએ તો પણ એટલિસ્ટ પિયત-બિન પિયતની વાત તો ધ્યાને લેવી જોઈએ, નવી શરત-જૂની શરતની બાબત તો ધ્યાને લેવી જોઈએ. કશું જ નહીં. એરકન્ડિશનર ઑફિસમાં બેસીને માનનીય ફારૂકભાઈ કહેતા હતા એમ વાસ્તવિકતાને સમજ્યા વગર આ જંત્રીના દરો નક્કી કરવાની વાત છે. ત્યાં પણ ગોઠવાયું છે, નથી ગોઠવાયું એવું નથી. ભાવનગરના સરકીટ હાઉસ સુધી જતા રોડ પસાર થાય છે મુખ્ય રસ્તા ઉપરથી પસાર થાય છે. ઈસ્કોન બિલ્ડર્સની બાજુમાં રોડને ટચ જમીન આવેલી છે ત્યાં જત્રીનો ભાવ શું? ૧૦૦૦ રૂપિયા અને માનનીય દિલીપભાઈ માહિતગાર છે ભાવનગરથી, એની બાજુમાં જ એ જમીન પૂરી થાય ઈસ્કોન બિલ્ડર્સની એ પછી તુરત જ સ્વામિનારાયણ મંદિર પાસેની જે જમીન શરૂ થાય છે એ જમીનની જંત્રીના ભાવ શું? ૫૦૦૦ રૂપિયા. જે રોડ ટચ જમીન છે ઈસ્કોન બિલ્ડર્સની ત્યાં ૧૦૦૦ અને એની બાજુમાં જે જગ્યા આવે ત્યાં ૫૦૦૦ રૂપિયા જંત્રીના ભાવ ત્યાં પણ હજાર રૂપિયા કરો આપ પેલાને ૧૦૦૦ કરો એમાં મારે નથી પડવું. પણ બીજા જે છે એના ૫૦૦૦ ન હોય ત્યાં જો ૧૦૦૦ હોય તો પેલાના ૮૦૦ જ હોવા જોઈએ. પરંતુ ત્યાં જે અવાસ્તવિક પરિસ્થિતિ ઉભી થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે માણસ સામાન્ય રીતે ફલેટ લેવા જતો હોય નાનો માણસ હાઉસીંગ બોર્ડનો ફલેટ લે પણ એણે દસ્તાવેજ નથી કરાવ્યો પાવર ઓફ એટર્નીના નામે જ ચાલે છે પણ આપનો એક કલમનો ઝાટકો એને કયાં મૂકી આવે છે એ જોવાની જરૂર છે. હાઉસીંગ બોર્ડમાં રહેતા લોકોની અંદર એક પેનીંકી પરિસ્થિતિ ઉભી થઈ ગઈ છે, આપને જેમણે હમણાં થોડા જ વખત પહેલા ખૂબ ખોબલેને ખોબલે મતો આપીને ચૂંટીને મોકલ્યા હોય એ આપના મતદારો આપની ઓફિસમાં તોડફોડ કરવા આવે એના અવાજને સમજવો પડશે. આપણે સૌ આખરે પ્રજાના પ્રતિનિધિઓ છીએ. હાઉસીંગ બોર્ડના ફલેટમાં રહેનારો માણસ છે એ કોઈ મોટો માણસ નથી. એમણે જે મકાન કે ફલેટ માટે પાવર ઓફ એટર્ની કર્યા પછી દસ્તાવેજ નથી કરાવ્યો એનું કારણ હોય છે એની પાસે એટલા પણ પૈસા બચ્યા નથી. નહીં તો માણસ પાવર ઓફ એટર્નીના આધાર પર પોતાની આખી જિંદગીની પૂંજીનું લીધેલું મકાન પર ન જીવે. એમને આપણે એમ કહીએ કે પાવર ઓફ એટર્ની નહીં, સ્ટેમ્પ ડ્યૂટી ભરો, જાત વેંચો અને જે કરવું હોય તે કરો પણ અમને આપો આ શું સંવેદનશીલ તંત્ર કહી શકાય? આપણને શું એ ગરીબ માણસોની ચિંતા નથી? હાઉસીંગ બોર્ડ માટે માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે કયાંક ઉદારતા રાખજો. કેમ કે આ મધ્યમ વર્ગ અને લોઅર મિડલ કલાસનો માણસ છે. એના પર આપની કૃપા દૃષ્ટિ રાખો. એમણે રજિસ્ટ્રારની ઓફિસની બહાર સૂઈ રહેવું પડે છે આજે, ત્રણ ત્રણ ટકા વ્યાજે પૈસા લઈને એ માણસ કહે છે કે દસ્તાવેજ હું કરાવી લઉં જો દસ્તાવેજ પહેલી એપ્રિલ સુધીમાં નહીં કરાવું તો બે ડર છે. એક ડર એ વાતનો છે કે મારો પાવર ઓફ એટર્નીનો આધાર છે એને હવે કદાચ માન્ય નહીં ગણવામાં આવે અને બીજો એ ડર છે કે જો આ જંત્રીની કિંમતો આસમાને પહોચશે તો હું એ પૈસા કયાંથી લાવીશ, હું ક્યારે દસ્તાવેજ કરાવી શકીશ? આપના રજિસ્ટ્રારની ઓફિસમાં અમદાવાદમાં લિફ્ટ પણ ન હોય અને પગથિયે માણસ સૂઈ રહેતો હોય અને આપણા પેટનું પાણી ન હલે. જે ભાવ વધારો થયો છે હું એક બે નાના એ દાખલા આપવા માગું છું કે, જેથી વાસ્તવિક પરિસ્થિતિ કયાં જઈને અટકવાની છે એ આપના મારફતે આ ગૃહના અને ગુજરાતના લોકોના ધ્યાને મૂકવા માગું છું. એક દાખલો લઈએ તો શીલજમાં અત્યારે જે ભાવ છે રૂપિયા ૪૭૨ લેખે જો એક હજાર વારનો પ્લોટ હોય તો એના ૪ લાખ ૭૨ હજાર થાય. નવી જંત્રીમાં શું આપે દર્શાવ્યું છે? હજી આપે વાંધા માંગ્યા છે પણ આપે જે દર્શાવ્યું છે એ પ્રમાણે ૫૫ લાખ રૂપિયા થશે, એટલે પહેલાં જે ૨૭ હજાર રૂપિયાની સ્ટૅમ્પ ડ્યૂટી થતી હતી એ હવે ૩ લાખ ૩૦ હજાર રૂપિયાની સ્ટૅમ્પ ડ્યૂટી થશે. ૨૭ હજાર રૂપિયાની સ્ટૅમ્પ ડ્યૂટી આજે છે, આપ વાંધા ધ્યાને ન લો અને આપ આપની તાકાતના જોરે નવી જંત્રી સ્વીકારી લો તો જે ભાવ છે એ પ્રમાણે ૨૭ હજારની જગ્યાએ શીલજ ગામમાં ૩ લાખ ૩૦ હજાર રૂપિયા સ્ટૅમ્પ ડ્યૂટીના થશે, આ તો મેં માત્ર એક દાખલો આપ્યો છે. કારણકે એક કલાકના સમયમાં ઇચ્છીએ છીએ કે માનનીય મંત્રીશ્રી જાહેરાત કરે કે નવી જંત્રીના ભાવ નહિ અમલમાં આવે, કાલથી ગુજરાતની જનતા મુક્ત રહે, ચિંતામુક્ત રહે, અમે જંત્રીના કોઈ ભાવ વધારા કરવા

માગતા નથી, એ કરશે તો માનનીય મંત્રીશ્રીને આજના આ છેલ્લા દિવસે અમે અભિનંદન આપવા જઈશું અને એમને અભિનંદન આપીને આ ગૃહમાંથી બહાર નીકળશું અને નહિ તો નાછૂટકે પ્રજાના અવાજ માટે એક જવાબદાર રચનાત્મક વિરોધપક્ષ તરીકે જો બહેરા કાન સુધી અવાજ ન પહોંચતો હોય તો એ કાન ખેંચીને એમાં અવાજ મારવાનો પણ અમારો વિરોધપક્ષ તરીકેનો અધિકાર બજાવીશું.

માનનીય અધ્યક્ષશ્રી, જે પરિસ્થિતિ થઈ છે, સામાન્ય રીતે, વારસાગત રીતે જીવતો માણસ, બાપુજીની મિલકત દીકરા પાસે આવે તો એની પાસેથી, એને વારસામાં આવે એમાં પણ આપની નજર છે કે એમાં પણ અમને કંઈક પૈસા આપો, માનનીય દિલીપભાઈ ખેડૂતોના પ્રતિનિધિ છે, કઈ પરિસ્થિતિ ગામડામાં, જગતનો તાત કહેવાતો માણસ કેવી રીતે જીવે છે અને એની વારસાગત પ્રોપર્ટીમાં દસ્તાવેજ કરાવીને ફરજિયાત પૈસાની વાત જો આપણે લઈને આવીશું તો આપણે કયાં જઈને અટકશું. જે નાણાંના સ્ત્રોત ઊભાં કરવાની વાત હોય એમાં ચોક્કસ ધારાધોરણો રાખીને ચાલવું પડશે. એક હવા ચાલે છે. દસકાઓ ચાલે છે, આપણે એમ નહિ માનીએ કે 'હમ જીતે હમ સિકંદર'. હવે અમને કોઈ રોકે નહિ, અમારી તો આ ગૃહમાં બહુમતી છે અમારી તો સરકાર છે, જાઓ તમે વિરોધપક્ષ છો, જાઓ તમને પ્રજાએ હાંકી કાઢ્યા, તમે થાય તે કરો, અમને યોગ્ય લાગે તે અમે કરીશું એક જનતાની અંદર મુશ્કેલી ઊભી કરનારી આ પરિસ્થિતિમાં જે નામદાર હાઈકોર્ટે પણ જંત્રીના બાબતની એક સ્પેશ્યલ સિવિલ એપ્લિકેશનમાં ગાઈડ લાઈન આપી છે. કે હાઉ ધ ગવર્નમૅન્ટ કેન કેલકયુલેટ, એને પણ વાયોલેટ કરવામાં આવે છે. આજે હું નેટ ઉપરથી એ ડાઉનલોડ કરતો હતો ૪૫૦ પાના. અમદાવાદના રીતસરના બ્રેકઅપ આપીને એમાં જે વાત કરવામાં આવી છે એક મિનિટ માટે તો આંખો પર પણ વિશ્વાસ ન થાય કે શું આ વાંચીએ છીએ તે સાચુ છે, સરકાર શું આટલા બધા જંત્રીના ભાવ વધારા સાથે આવી છે પરંતુ એ વાસ્તવિકતા છે, અને કડવી વાસ્તવિકતા છે. ત્યારે અમારા છેલ્લા દિવસના અમારા પક્ષના ખાનગી સભ્યનો પ્રસ્તાવ જે ડ્રૉમાં લાગ્યો છે મને લાગે છે એ પણ એક કુદરતનો સંકેત હશે કે ડ્રૉના અંદર ૧૮૨માંથી ફારૂકભાઈનો પ્રસ્તાવ લાગ્યો ડ્રૉમાં અને એમનો ડ્રૉમાં આવેલો પ્રસ્તાવ એમાં જંત્રીનો મુદ્દો આવ્યો છે ત્યારે આપણે સાથે મળીને પ્રજાની આ મુશ્કેલીમાં, પોલિટિકલ ઓબ્ઝર્વેશનથી બહાર નીકળીને આપ જંત્રીનો ભાવ વધારો નથી કરવાના એ વાતની આપ જાહેરાત કરો, આપ ત્રણ ચાર મહિનાની મુદત વધારો આપવાથી, આજનું મોત કાલ પર ટાળવાથી, બહુ ઝાઝો ફરક નહિ પડે કે જુલાઇ સુધી જાઓ, જુલાઇ પછી, આજે મને મારવાનો મૂડ નથી જુલાઇ પછી, એનાથી ફરક નહિ પડે, આપે જંત્રીનો ભાવ વધારો નથી કરવાના કે આજે જાહેરાત થાય આ છેલ્લાં દિવસના સમયે આ સંકલ્પનો સ્વીકાર થાય માનનીય મંત્રીશ્રીને અમે સૌ અભિનંદન આપીશું જો એમ થાય તો.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા (ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના મારા પરમ મિત્ર ભાઈ ફારૂકભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં જે એમણે વાત કરી છે કે જંત્રી બાબતની.. ખરા અર્થમાં જે એમણે વાત કરી કે ૧૯૮૪માં કૉન્ગ્રેસની સરકાર હતી ત્યારે અમે જંત્રી બનાવી હતી. ત્યારે અમારા ટૅક્નીકલ અધિકારીઓ એક એક ગામડે જઈ, એક એક ખેતરોમાં જઈ, એક એક મહોલ્લામાં જઈ અને આ જંત્રી બનાવી હતી. મારે એમને કહેવું છે કે, ૧૯૮૪ની જે સરકાર હતી તે આ ત્યારના ધારાસભ્ય હતા તેને પણ સરકીટ હાઉસ સિવાય કાંઈ જોયું નહોતું. તેમાં અધિકારીઓ ના જાય ગામે ગામ ભટકવા. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે જ્યારે જંત્રી માટેનો જે વિચાર કર્યો ખરા અર્થમાં મારે એટલું કહેવું છે આ જંત્રીની તકલીફ ખાલી જે બિલ્ડરો છે, જે એક સામાન્ય ખેડૂતની જમીન તે પોતે પાવર ઓફ એટર્ની ઉપર લઈ અને તેને પૂરા પૈસા ચૂકવી અને તેના ઉપર બિલ્ડીંગ બનાવે, પ્લોટીંગ પાડે અને લેનાર પાર્ટીના સીધા જે દસ્તાવેજ કરતા હતા અને મલાઈ જે પોતે ખાઈ જતા હતા તેના માટેની આ તકલીફ છે. આ જંત્રીના કારણે મને એક બે મહિના પહેલાનો દાખલો યાદ આવે છે. મારા મત વિસ્તારના એક છોકરાને ચાઈના ભણવા જવા માટેનું એડમિશન મળ્યું. તેની પાસે નવ વીઘા જમીન હતી તેની લોન લેવા માટે અમે જ્યારે ડિસ્ટ્રિક્ટ બૅન્કમાં ગયા ત્યારે તેની જંત્રીના કારણે જમીનની કિંમત નીચી થવાના કારણે તેને લોન ના મળી. આ જ્યારે જંત્રીની વાત થઈ ત્યારે મને યાદ આવ્યું કે આની જમીનની વેલ્યુ વધવાના કારણે જ ગામડાંના ગરીબ ખેડૂતના પુત્રને વિદેશ ભણવા જવા માટેની લોન મળવાની છે. આ ગામડાંના ખેડૂતને જંત્રી સાથે વાંધો નથી. આપણી કહેવત છે ને કે વેંચનાર ગરીબ હોય છે અને લેનાર તવંગર હોય છે. ગામડાંના ખેડૂત પાસે જે જમીનો છે તે જમીન વેચવાની જ નથી. અત્યારે કોઈ પણ ગામડાંની અંદર કોઈ પણ ખેડૂતને એક વીઘો જમીન લેવી હોય તો મળે તેમ નથી. આ કારણે ગામડાંના ખેડૂતોને, આજે કોઈ પણ ચીજ-વસ્તુના ભાવ વધતાં ગયા. દશ વર્ષની અંદર આપણે કોઈ પણ વસ્તુની ૨૫ ટકા કિંમત વધે. આ કિંમત વધવાના કારણે આપણે માણસને રોજીની અંદર પણ પાંચ દશ વર્ષ પહેલાં જે રોજ હતું તેના કરતાં રોજ આજે ડબલ થયું છે અને આપણાં વખતની સરકારમાં જે સ્ટૅમ્પ ડ્યૂટીના ભાવ હતા આ ૧૨ ટકામાંથી ૩૦૦ ટકાનો ઘટાડો કરી અને પાંચ રૂપિયાની અંદર આ ભારતીય જનતા પાર્ટીની સરકાર લઈ ગઈ. જે ત્યારે દસ્તાવેજ એક ૧૦૦ રૂપિયાની કિંમતની મિલકત હોય અને દસ્તાવેજ કરવા માટે ૧૨ રૂપિયા સ્ટેમ્પ ડ્યૂટી લાગતી હતી. આજે તે મિલકતમાં ૩૦૦ ટકાનો વધારો થાય ૩૦૦ રૂપિયા થાય તો તેને દસ્તાવેજ કરવા આટલી સ્ટેમ્પ ડ્યૂટી લાગે અને ભારતીય જનતા પાર્ટીની સરકારે આ જમીનોના દસ્તાવેજ કરવા માટે આપણે ગામડાંની બહેનોના નામની જમીન થાય એટલા માટે આની રજીસ્ટ્રેશન ફી પણ માફ કરીને લાખો બહેનોના નામના દસ્તાવેજ થયાં. ખરાં અર્થમાં આપણે કહી ખેડૂત દેવાદાર બનશે જે આમાં લખ્યું છે ફારૂકભાઈએ કે ખેડૂત દેવાદાર બનશે. આ જંત્રીના કારણે ખેડૂત દેવાદાર નથી બન્યો મિલકતમાં વૃદ્ધિ થઈ

ગામડાંના ખેડૂતની. તો ખરાં અર્થમાં જે આ જંત્રીના ભાવ તેની જે વાંધા અરજીઓ લીધી છે તે વાંધા અરજીઓને સારી રીતે જાણી અને તેની અમલવારી કરવા માટે રાજય સરકાર તૈયાર છે અને કોઈ પણ વાંધા સૂચન માંગ્યા છે આ વાંધા સૂચનને જોયા પછી આના નિર્ણય થવાના છે. તો આ જે ફારૂકભાઈ બિલ લાવ્યા છે તેમાં તેને ૪૦૦ થી ૮૦૦નો વધારો એટલે તેને હમણાં અહીંયા વિરામમાં બેઠા હતા ત્યારે તેણે ૧૬૦૦ વર્ષ પહેલાંની વાત કરી હતી. મને તે વાત બહુ ગમી હતી. જો ફારૂકભાઈને ૧૬૦૦ વર્ષ પહેલાંની વાત આખી એ ટુ ઝેડ તેણે કહી ત્યારે મને થયું આ ભાઈમાં ઘણું જ્ઞાન છે. તો આજે આમાં પણ તે જ્ઞાનનો ટોટલ માર્યો હોત તો વાંધો ના આવે અને આ બિલ તમે લાવ્યાં તેમાં સંમત નથી.

**શ્રી બાબુભાઈ જ. પટેલ (દસક્રોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીના અનેક પ્રયત્નના લીધે દેશ અને દુનિયાની અંદર ગુજરાત પ્રગતિશીલ બન્યું છે ત્યારે ઈન્વેસ્ટરોની નજર ગુજરાત ઉપર પડી છે અને ત્યારે જંત્રીની વાત કરીએ ત્યારે સાચી જંત્રી હોવી જોઈએ. મારે સામેના મિત્રોને, આ જંત્રી તે લેનારના માથે હોય છે. આ ખેડૂતની વાત કરતા હોય ત્યારે મારે વાત કરવી છે કે અત્યાર સુધીની વાત કરીએ તો ૧૦૦ રૂપિયા દસ્તાવેજ થાય. ૧૦૦ રૂપિયા વારની તે જમીન વેંચી હોય પાંચ હજાર રૂપિયા વાર. આ પાંચ હજાર રૂપિયે વારના મારા ખેડૂતના પૈસા કયાં મૂકવા બે નંબરના તેની ચિંતા હતી. દસ્તાવેજ થાય ૧૦૦ રૂપિયાના. આજે ૫ હજાર રૂપિયાના દસ્તાવેજ થાય તો એના પણ વ્હાઈટ રૂપિયા મળશે અને ચેકથી મળશે. કોઈને ત્યાં મૂકવા નહીં જવા પડે. જંત્રી એ ભાવોનું પ્રતિનિધિત્વ કરે છે. જંત્રી એ જમીન અને મકાનના ભાવોનું પ્રતિબિંબ પાડે છે. આ જંત્રી એ ખરેખર બિન હિસાબી નાણા અને બે નંબરના રૂપિયાવાળાને માટે તકલીફરૂપ છે.

મારે એક વાત કરવી છે કે ૧૫, ૨૦ હજારના પગારદાર માણસ જયારે મકાન ખરીદવા જાય છે ત્યારે કોન્ટ્રાકટર કે બિલ્ડર એમ કહે છે કે ૬૦, ૪૦ થશે. તો પેલા ૪૦ એક નંબરના અને ૬૦ બે નંબરના એટલે કે બિન હિસાબી. પેલો ૨૫ હજારનો પગારદાર હોય, ૨૦ હજારનો પગારદાર હોય એ બે નંબરના રૂપિયા કયાંથી લાવે? ઓછી કિંમત આકારવાને લીધે એને લોન પણ ઓછી મળે. આ જંત્રીથી એની કિંમત પણ ઉંચી જશે અને એને લોન પણ ઉંચી મળશે જેનાથી એ માણસ સુખી થશે.

ફારૂકભાઈ વાત કરતા હતા કે ગરીબ માણસ અને ચાલીવાળાની શું દશા થશે? ગરીબ માણસ અને ચાલીવાળાને આ જંત્રી કયાંય હાથ અડાડતી નથી. ૨૫ થી ૩૦ મીટરના બાંધકામને આ જંત્રી લાગુ પડતી નથી. આ ચાલીમાં કેટલા વારનું બાંધકામ હોય? માનનીય ફારૂકભાઈને એની ખબર નથી કે આ જંત્રી કયાં હાથ અડાડે છે. આ જંત્રીથી ફકત સુખી માણસોને જ તકલીફ છે. આ જંત્રીનો કોઈએ વિરોધ કર્યો હોય તો એ રોકાણકારોએ, બિલ્ડરોએ જ વિરોધ કર્યો છે. કોઈ સામાન્ય પ્રજા કે ખેડૂત એ માટે બહાર આવ્યો નથી કે મને તકલીફ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી શીલજ ગામની વાત કરતા હતા. શીલજ એ મારા ગામની બાજુનું ગામ છે. આંબલી મારું ગામ છે. શીલજના ભાવ માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ કહ્યાં કે ૪૭૨ની જંત્રી હતી. ચોકકસ ૪૭૨ની જંત્રી હતી, પણ માનનીય મુખ્યમંત્રીશ્રીના અથાગ પ્રયત્નોને લીધે જે ભાવ ઉછળ્યા, જે ભાવ વધ્યા અને જે ભાવ ઉંચકાયા એને લીધે ૪૭૨ની જંત્રી હતી ત્યારે ૨ હજાર રૂપિયે વાર વેચાતી હતી. આ ગુજરાતના વિકાસને કારણે ભાવ ઉંચકાયા છે. આ ભાવ ગુજરાતના વિકાસને લીધે થયા છે. આજે આ જગ્યાનો ભાવ ૧૫ હજાર રૂપિયે વાર શીલજનો છે. જંત્રી ૪૭૨ ની લેવી અને એમાં ૧૫ હજાર રૂપિયા જ ખેડૂતના ઘરમાં આવે. એ બે નંબરના રૂપિયા મૂકવા કયાં જાય. આ બાબતની માનનીય વિરોધ પક્ષના નેતાને ખબર નથી કે ૪૭૨ અને ૧૫ હજાર એ તો મિનિમમ...

**અધ્યક્ષશ્રી** : આપના બધા પ્રવચનનું સંબોધન મને કહો.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ તો મિનિમમ વાત કહી. મોટા મોટા ૨૫, ૨૫ હજારના ભાવ ત્યાં ચાલે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરું તો જે જંત્રીની વાત કરી છે કે રોડ ઉપર ૩૦ હજારના ભાવ હોય અને અંદર ૫ હજારના ભાવ. પહેલા ટકે શેર ભાજીની જંત્રી હતી. રોડવાળાના પણ ૨ હજાર અને અંદરવાળાના પણ ૨ હજાર. હું આ જંત્રી બનાવનારાને અભિનંદન આપું છું કે એમણે એવી રીતે જંત્રી બનાવી છે કે રોડ ઉપરના ૨૦ ટકા ઘટાડો અને અંદર ૩૦ ટકા ઘટાડો. પહેલા તો ટકે શેર ભાજીની જંત્રી હતી. ફારૂકભાઈ જંત્રીની વાત કરતા હતા અને એમાં ખેડૂતોની વાત કરતા હતા. • ~~(xxxxx)~~

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, આપનું પ્રવચન પૂરું થયું. માનનીય અર્જુનભાઈ.

• ( xxxx ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

## શબ્દો રેકર્ડ પરથી દૂર કરવા અંગે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બાબુભાઈએ છેલ્લે માનનીય સભ્યશ્રી ફારૂકભાઈ માટે જે શબ્દો વાપર્યા છે એ આપ જોઈ લેજો. એ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવા યોગ્ય છે.

**અધ્યક્ષશ્રી** : શું કહ્યું એમણે?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એમણે એમ કહ્યું કે ~~(xxxxx)~~ માનનીય સભ્યશ્રી જયારે બોલતા હોય...

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, આપણે એકબીજા સભ્યો પ્રત્યે આદર જાળવીએ એવા આપણા સંસ્કાર છે. (અંતરાય) નહીં, નહીં. પ્લીઝ. એક સભ્યશ્રી જયારે બોલતા હોય ત્યારે (xxxx) એ શબ્દો તમે વાપર્યા છે. આપણે સભ્ય તરીકે બીજા સભ્ય માટે આદરથી કહેવું જોઈએ અને મને લાગે છે કે જે શબ્દો વપરાયા છે એ યોગ્ય નથી અને આપને પણ યોગ્ય ન લાગવા જોઈએ. એ શબ્દોને હું રેકર્ડ પરથી દૂર કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ જંત્રીની મોકાણ ઉપર ચર્ચાઓ ચાલે છે અને મને આશ્ચર્ય એ વાતનું થાય છે કે (અંતરાય)

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ 'મોંકાણ' શબ્દ તેમણે વાપર્યો છે એ બરાબર નથી. એ મોંકાણ શબ્દ અસંસદીય છે તો એ પાછો ખેંચી લેવો જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મેં આ જંત્રીની 'મોંકાણ' કહયું છે એમાં કોઈ સભ્યને ખરાબ લાગ્યું છે? (અંતરાય) અરે ભાઈ, હું જંત્રીના પ્રસ્તાવ ઉપર ચર્ચા કરું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપ તો સિનિયર છો, આ 'મોંકાણ' શબ્દ એ અસંસદીય શબ્દોની યાદીમાં નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જંત્રીની પ્રસંશા એટલા માટે થાય છે કે મને એવી વિનંતી કરવાની ઈચ્છા થાય કે મોહનભાઈએ કહયું કે આ જંત્રીથી તો ખેડૂતોની આવકમાં બહુ કમાણી થાય છે અને એનાથી વિદ્યાર્થી ચાઈનામાં ભણવા જઈ શકે એવી પરિસ્થિતિ થઈ છે. તો આ ભાષણ તમે તમારા વિસ્તારમાં જઈને કરજો અને બીજી વાત માનનીય બાબુભાઈએ વાત કરી કે આ જંત્રીથી બિલ્ડરોને અને બીજાઓને તકલીફ થાય છે, પરંતુ ખરીદનારને તો ફાયદોને ફાયદો જ છે. તો આજે હાઉસિંગ બોર્ડના મકાનોની મોંકાણ ચાલે છે તો ત્યાં માનનીય મંત્રીશ્રીને લઈને જવાની હિંમત કરજો. એટલે આ કયા પ્રકારની વાત છે? આમાં એટલો બધો બોજો પડે છે કે ૧૬૦૦ કરોડ રૂપિયાની અત્યારે આ જંત્રીની સરકારની આવક છે અને આ જયારે ભાવ વધારો થશે ત્યારે જ. હીડન આવક સરકારને બીજી થવાની છે એ વધારાનો ૧૬૦૦ કરોડનો બોજો નાખ્યો છે અને પછી એમ કહે કે લાભાર્થીને તો લાભ લાભ જ છે. તો શેમાં લાભ છે? એક બાજુથી એમ કહેવું કે કલ્યાણ રાજ છે, ખૂબ મજા મજા છે અને ફલેટ લેવાવાળા માણસ ઉપર જેમ અમારા નેતાશ્રીએ વાત કરી કે ૨૭ હજારની શીલજની જંત્રી પ્રમાણે સ્ટેમ્પડયુટી હતી એ ૩ા લાખની થઈ છે અને એમાં લેનાર કે અને ખરીદનારને આમાં આવક થવાની છે? બિલ્ડર કે જમીનના દલાલો છે એ કોઈ જંત્રી ભરતા નથી, એ તો ખરીદનાર કે શરતમાં હોયય તો બીજી જગ્યાએ હોય તો વેચનાર ભરતા હોય છે. તો એનો ફાયદો ગણતા હોય તો તમારું ગણિત સમજાતું નથી. હાઉસિંગ બોર્ડમાં જઈને સમજાવી આવ્યા કે આટલો ફાયદો થવાનો છે. એટલે મારી વિનંતી છે કે ગુજરાતની પ્રજામાં અને આજ સવારથી કહું છું કે જેટલાં બિલ આવ્યાં છે એ તમામે તમામ વિધેયકોમાં કોઈને કોઈ જગ્યાએ એનો ચાંદેલો લાગ્યો છે. હું એટલા માટે કહું છું કે સરકારે બોજો નાખતાં પહેલાં એની કમર એને ખમી શકે તેમ છે કે કેમ એ જરૂરથી વિચારવું જોઈએ. સરકારે જમીનની જાળવણી માટેની નીતિ નકકી કરી છે અને એમાંથી આવક પણ મળવાની છે એમાં વાંધો ના હોઈ શકે, પરંતુ વારસદારો પાસેથી પણ પૈસા લેવાના અને જે હાઉસિંગ બોર્ડ કે નાના નાના ફલેટવાળા હોય એના ઉપર ડબલ કે ત્રણ ચાર ગણો વધારો થાય એ કોઈપણ સંજોગોમાં ચલાવી શકાય નહીં અને મારી તો ફરીથી વિનંતી છે કે આ ભાષણ કર્યુ એવી જો હિંમત હોય તો મંત્રીશ્રીને સાથે લઈને ખાલી વિઝિટ કરવા તો જાય. એટલે આ પ્રસ્તાવને સમગ્ર ગૃહે સ્વીકારવો જોઈએ અને પ્રમાણિકપણે સ્વીકારવો જોઈએ અને બોજો વધારે છે એ ઘટાડવો જોઈએ, જેમ અમારા નેતાશ્રીએ કહયું એ પ્રમાણે..

**અધ્યક્ષશ્રી:** માનનીય કમાભાઈ...

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ (વિરમગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી પક્ષના ધારાસભ્યશ્રી ફારૂકભાઈ જે નવી જંત્રીનો ૪૦૦ થી ૮૦૦ ટકા જેટલો રાજય સરકારે કર્યો છે તેવો પ્રસ્તાવ લઈને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો અને જંત્રીના નવા મૂલ્યાંકનના સકારાત્મક પાસાં મૂકવા માટે ઉપસ્થિત થયો છું. હમણાં એક વાત થતી હતી કે ઓફિસમાં બેસીને આ જંત્રી બનાવી છે, ભૂતકાળમાં અને અત્યારે વર્તમાનમાં પણ આજ દિવસ સુધી ગુજરાતનો ખેડૂત ગામડાંમાં રહીને ખેતી કરતો હોય, એને ટ્રેકટરની જરૂર પડે, સિંચાઈ માટે પાણીના ટયુબવેલની જરૂર પડે, એ ખેડૂત બિચારો જયારે લોન લેવા માટે બેંકની ઓફિસે જાય ત્યારે બેંકના ઓફિસર સરવે માટે આવે, ત્યારે એક જ વાકય બોલાય, કે તમારી જમીનના ભાવ ખૂબ નીચા હોવાથી તમારા એક ખાતા ઉપર આ ત્રણ લાખના ટ્રેકટરની લોન નહીં મળે, તેમને ઘેર ઘેર ભટકવું પડે, બે ત્રણ નાના નાના ખેડૂતોની જમીન ઉઘરાવી અને તેમને ૫૦ થી ૬૦ વીઘા જેટલી જમીન જયારે મોરગેજ કરવામાં આવે ત્યારે તેમને માંડ એક ટ્રેકટર લેવા માટે બે લાખ રૂપિયાની લોન મળે, જયારે રીયલ હકીકત અત્યારે એવી છે કે અમારા મુખ્ય મંત્રીશ્રીના અથાગ પ્રયત્નોના

કારણે ગુજરાતની અંદર અર્બન સમીટ દ્વારા, વાયબ્રન્ટ ગુજરાત, નવરાત્રિ મહોત્સવ અને પતંગ મહોત્સવ દ્વારા દેશ અને દુનિયાના રોકાણકારો ગુજરાતમાં આવ્યા અને એ લોકોએ જે રોકાણ કર્યુ તે રોકાણ થકી ગુજરાતના તમામ જિલ્લાઓમાં જમીનો ખરીદાઈ, અને ગુજરાતના ખેડૂતને પહેલાં જે પાંચ હજાર રૂપિયામાં જમીન વેંચાતી હતી મારા નળ કાંઠામાં વિરમગામ મત વિસ્તારમાં, નળ કાંઠા એવો વિસ્તાર છે કે જે અતિ પછાત વિસ્તાર છે જયાં પાંચ હજારના મામૂલી ભાવે જે જમીનો વેંચાતી હતી તે આજે દોઢ થી બે લાખ રૂપિયાના રીયલ ભાવે વેંચાઈ રહી છે ત્યારે એ ખેડૂતના ઘરમાં અમારા માનનીય સદસ્યશ્રી બાબુભાઈ પટેલે જે વાત કરી, કે એ ખેડૂતના ઘરમાં જયારે સફેદ નાણું આ જંત્રીના ભાવ વધારાથી જશે ત્યારે એ કોઈ શાહુકારને ત્યાં પહેલાં જયારે મૂકવા જતાં ત્યારે એ શાહુકારની પેઢી જયારે દેવાળું ફૂંકે ત્યારે તેના પૈસાની કોઈ સલામતી નહોતી રહેતી, ત્યારે અત્યારે અમે ગર્વથી કહી શકીએ છીએ કે આ નવી જંત્રીના ભાવ વધારાથી જે જમીન પાંચ હજારના ભાવે વીઘો વેંચાતી હતી તે ૫૦ હજાર રૂપિયામાં વેંચાશે અને તેને જંત્રી મુજબના જયારે સફેદ નાણા મળશે તે બેંકમાં જમા કરાવી શકશે, અને તેની ભાવી પેઢી તે નાણા ઉપયોગમાં લઈ શકશે. અને સલામત નાણા રહેશે, તેનું વ્યાજ ઉત્તરોતર વધતું રહેશે. અને લાખો કરોડો રૂપિયા થશે ત્યારે ગરીબ ખેડૂતના ઘરમાં ખરેખર આબાદી થશે. ખેતીની જમીનની જયારે સ્કેવેર મીટરથી હમણાં વાત થઈ ત્યારે મને કહેતા દુ:ખ થાય છે કે અહીંયા તો બધા સભ્યશ્રીઓ અભ્યાસુ છે, સ્કવેર મીટરને જયારે આપણે હેકટરમાં કન્વર્ટ કરીએ અને તેનો પછી જયારે ભાવ ગણીએ તો ગામડાંમાં પણ મારા ગામમાં પણ ૪૦ થી ૫૦ હજાર રૂપિયા જ વીઘાનો ભાવ છે, આજે મારા ગામની જમીન એક લાખ રૂપિયાથી પણ વધારે ભાવે વેંચાઈ રહી છે ત્યારે મારે મારા સાથી મિત્ર જે પ્રસ્તાવ લઈને આવ્યા છે ત્યારે એમને એટલું જ કહેવું છે કે ભલા થઈ અને વિચાર કરજો, ભૂંડા પંથે પગ નવ ભરજો, બની શકે તો ભલું કરજો, ધ્યાન પ્રભુનું અંતર ધરજો, મારા ગરીબ ખેડૂતના દુ:ખમાં વધારો કરોમાં, અને નવી જંત્રીના ભાવ વધારાના વિરોધમાં પડોમાં. આ સાથે મારું વકતવ્ય પુરું કરું છું.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ (વિસનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ માનનીય શ્રી ફારૂકભાઈ શેખ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એ વાસ્તવિકતાથી દૂર અને રાજયની વિકાસની ગતિને રૂંધતો હોય તેવું લાગે છે. ફારૂકભાઈએ કહ્યું કે અમારા કોંગ્રેસી શાસન વખતે અમારી જંત્રી વખતે અધિકારીઓ ગલિઓમાં જતા, રસ્તાઓમાં જતા, દૂર દરાજના વિસ્તારોમાં જઈ અને જંત્રીનો ગામે ગામનો અભ્યાસ કરી, સરવે નંબરનો અભ્યાસ કરી અને પછી જંત્રી બનાવી, પરંતુ આપને અત્યારે હું યાદ દેવડાવું, લેટેસ્ટ જંત્રી જે પ્રથમ વખત ગુજરાતમાં જંત્રી ઈન્ટ્રોડયુસ થઈ તે ૧-૧૧-૯૯થી જ થઈ છે. એ પહેલા કોઈ જંત્રી નહોતી, એ પહેલા ફકત જે તે વિસ્તારમાં જે તે સરવે નંબરની અંદર જે પણ કોઈ ઉંચો ભાવ પડે અને રજિસ્ટ્રારને મન પડે તે રીતે એ દસ્તાવેજ નોંધી અને એને રિમાઈન્ડ, તૈયાર કરી અને તે પાછો સોંપતો અને જો પૈસા ન મળતા તો એ પછી ૩૨(ક)માં ડેપ્યુટી કલેકટર પાસે મોકલી આપતો.

**અધ્યક્ષશ્રી** : માનનીય જયંતિભાઈ અને ભગવાનભાઈ, તમને લાગે છે કે આપણા પક્ષના સભ્યશ્રી બોલતા હોય ત્યારે આપણાથી તેઓ ડિર્સ્ટબ થાય છે?

**શ્રી ઋષિકેશ ગ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભ્રષ્ટાચારને વેગ મળતો હતો. આ બધી અનિયમિતતાથી આ બધી પડતી તકલીફોને કારણે પહેલી વખત અમારી સરકારની અંદર જંત્રીની વિચારણા કરવામાં આવી. જે તે વિસ્તારોના જે તે સમયના ભૌગોલિક એરિયા પ્રમાણે ભાવો નક્કી કરવામાં આવ્યા અને ૧-૧૧-૯૯થી આ જંત્રી અમલમાં આવી જે આજસુધી ચાલુ છે અને આવી નવી ઉદ્દભવેલી પરિસ્થિતિમાં ભાવના ઉછળીને ૯-૯ વર્ષના વહાણા વહી ગયા છે તેવા સમયે ભાવો ફરીથી રિવાઈઝ કરીને નવી પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવું બહુ જ જરૂરી બની ગયું હતું તેવા સમયે રાજય સરકારે છેલ્લા એક દોઢ વર્ષથી અથાગ પ્રયત્નો કર્યા, આધુનિક વૈજ્ઞાનિક ઢબે જંત્રી બને અને ૧૯૯૯ની અંદર જે જંત્રી બની હતી એમાં રહી ગયેલ ત્રુટીઓ દૂર કરવા માટેનો સંપૂર્ણ પ્રયાસ કર્યો છે. ૧૯૯૯ની જંત્રીમાં અમૂક વિસ્તારો ભાવથી બાકાત રહી ગયા હતા. એકજ સર્વે નંબરમાં જુદા જુદા ઉપયોગ માટે એકજ ભાવ ખેતી અને બિન ખેતી એમ બે જ પ્રકારના ભાવ ટી.પી. સ્કીમ પ્લોટ દીઠ ભાવ, બાંધકામ ગણવા માટે અલગ અલગ પ્રકારના એસ.ઓ.આર. નવી ટી.પી. સ્કીમો અમલમાં આવતા એના ભાવો બાબતે ઊભા થતા પ્રશ્નોને લીધે ડિસ્ક્રીમીનેશનને લીધે ગેરરીતિ થવાના સંજોગો રહેતા. આજે પરિસ્થિતિ એ છે, આજે નવી જંત્રી બનાવી એ ૧૯૯૯માં બનેલી જંત્રીની તમામ ત્રુટીઓ દૂર કરી છે. સૂચિત જંત્રી વૈજ્ઞાનિક પદ્ધતિથી બનાવેલ છે. સરકારે દરેક વિસ્તારના નકશા પણ સામેલ કરેલ છે. વેલ્યુએશન પણ ઝોન પણ તૈયાર કરવામાં આવેલ છે જેથી કોઈ વિસ્તાર બાકાત રહેશે નહિ. દરેક સર્વે નંબર, સિટી સર્વે નંબર, ફાઈનલ પ્લોટ નંબરના ભાવો મળી રહેશે. વેલ્યુએશન ઝોન દીઠ ખુલ્લા બિન ખેતીના ભાવો, ઔદ્યોગિક તથા ખેતી વિષયક જમીનના ભાવો, ફ્લૅટ, ઑફિસ, દુકાન, પ્રકારના બાંધકામ, બાંધકામ સાથેના ભાવ દર્શાવવામાં આવ્યા છે. મૂલ્યાંકન માટેની ગાઈડ લાઈન પણ એમાં આપવામાં આવેલી છે.

હવે છેલ્લે આ જંત્રીથી મોટામાં મોટો ફાયદો ખેડૂતોને મકાન માલિકોને થવાનો છે. (અંતરાય) નવી જૂની શરતની અટપટી ગણવાની પ્રક્રિયા હતી અને કેટલાય કોઠા પાર કરીને પછી આપણે એને નવી શરતમાંથી જૂની શરતમાં કન્વર્ઝન કરીને આપણે રેસીડેન્શિયલ અથવા કોમર્શીયલ યુઝ માટે વાપરી શકતા હતા પરંતુ આ નવી જંત્રીના કારણે એટલી બધી સરળ પદ્ધતિના કારણે ખેડૂતો પોતે પોતાના ભાવો નક્કી કરી શકશે. કોઈપણ પ્રોપટી

ડીલર હોય બિલ્ડર હોય એ એને છેતરી નહિ શકે. માનનીય ફારૂકભાઈ શેખ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એ તદ્દન વાસ્તવિકતાથી દૂર છે અને નવી પરિસ્થિતિ પ્રમાણે સાનુકૂળ નથી તેથી હું એને ટેકો આપી શકતો નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીનો જવાબ શરૂ થાય એ પહેલા આપ સૌ સભ્યોએ આ સત્ર જ્યારથી શરૂ થયું ત્યારથી સભાગૃહના નેતાશ્રી, વિપક્ષના નેતાશ્રી, બંને પક્ષના દંડકશ્રીઓ અને સંસદીય બાબતોના મંત્રીશ્રી અને મંત્રીમંડળના સભ્યશ્રીઓ અને સભ્યશ્રીઓએ એક સંવાદિતા સ્થાપિત એક પ્રણાલિકા તરફ આગળ જવા માટેનો સંકલ્પ કર્યો. એકાદ બે પ્રસંગને બાદ કરતાં આપણે સૌ ૧૦૬ મા સત્રને ગૌરવવંતુ સત્ર બનાવ્યું એ બદલ હું આ સભાગૃહના સૌ સભ્યોનો આભાર માનું છું. હું અભિનંદન આપું છું કે સૌ સભ્યો સાથે મળીને સૌથી વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લે, પ્રશ્નોત્તરીમાં ભાગ લે એવી એક પ્રણાલિકા ફરી એક વખત પુનઃજીવિત કરી છે અને લગભગ ત્રણ થી ચાર જેટલા બિનસરકારી સંકલ્પો આપણે સર્વાનુમતે કર્યા છે અને આજે આઠ એમ કુલ મળીને ૧૨ બિલો આ સત્ર દરમિયાન લાવ્યા એમાં ત્રણેક બિલો તો વિના વિરોધે પાસ કર્યા છે એ જ પ્રતીતિ કરાવે કે આપણી વચ્ચે પ્રજાકીય કાર્યો માટે એક સંવાદિતા સર્જાતી જાય છે. એજ સંસદીય પ્રણાલિકાનું ઉચ્ચતમ ઉદાહરણ છે અને એટલા માટે જો કોઈને પણ યશ જતો હોય તો આ સભાગૃહના સૌ સભ્યોને જાય છે અને એ યશના આભારી આપ સૌ છો. માનનીય મંત્રીશ્રી....

. **શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૮નો આંકડો એ સેવા કરવા માટેનો આંકડો છે એટલે સારો છે.

**અધ્યક્ષશ્રી** : ૧૦૮મું સત્ર છે એ જ પવિત્રતા અને સત્ર પોતે જ સુંદર છે. આપની વાત સાચી છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ફારૂકભાઈના પ્રસ્તાવ ઉપર શકિતસિંહભાઈ, મોહનભાઈ, બાબુભાઈ, અર્જુનભાઈ, કમાભાઈ અને ઋષિકેશભાઈએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. તેમણે જે વિષયો ઉઠાવ્યા છે તેનો જવાબ પણ હું પાછળથી આપીશ પણ આ જંત્રી વિષે જાણવું બહુ અગત્યનું છે. તેના વિશે જ્યારે આપણે જાણીશું ત્યારે સમજાશે કે આ જંત્રી ખરેખર સાચા અર્થમાં સૌને ઉપયોગી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મિલકતની તબદિલી માટે દસ્તાવેજમાં દર્શાવેલી મિલકતની બજાર કિંમત નક્કી કરવા માટેની એક માત્ર ગાઈડલાઈન વેલ્યુ એટલે જંત્રી. જંત્રીની મદદથી દસ્તાવેજમાં નિર્દિષ્ટ મિલકતની બજાર કિંમત નક્કી કરી સરકારશ્રીના નિયમો અનુસાર તેના ઉપરથી સ્ટૅમ્પ ડ્યૂટી વસૂલ કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા વિભાગને કહ્યું હતું કે જંત્રી શબ્દ આવ્યો કયાંથી? અને જંત્રીનો અર્થ શું થાય? પણ કોઈ ડીક્ષનરીમાં આ જંત્રી જેવો શબ્દ દેખાયો જ નથી. એક વેલ્યુ છે, બજાર કિંમત છે. જે દસ્તાવેજો છે, મિલકત છે તેની બજાર કિંમત, તેની વેલ્યુ તેને આપણે જંત્રી તરીકે ઓળખીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : ફારસી ભાષાનો શબ્દ છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : હવે હું ફારસી ભાષાના શબ્દો પણ શોધવાનો પ્રયત્ન કરીશ. માનનીય અધ્યક્ષશ્રી, સરકારના મહેસૂલ વિભાગના તા. ૭-૫-૧૯૯૨ના ઠરાવથી જંત્રી તૈયાર કરવા માટે મૂલ્યાંકન તંત્રની રચના કરવામાં આવી અને ૧૯૮૪માં જંત્રી તૈયાર કરવામાં આવી. મુંબઈ સ્ટૅમ્પ અધિનિયમ ૧૯૫૮ની કલમ ૩૨ (ક)નો અમલ તા. ૧-૫-૧૯૮૪થી શરૂ તથા નામદાર હાઈકોર્ટના કલમ ૩૨(ક)ની જોગવાઈ અને જંત્રીઓની જોગવાઈ સામે રીટ પીટીશન દાખલ થઈ અને તેને કારણે નામદાર હાઈકોર્ટ દ્વારા જંત્રીના અમલ સામે મનાઈ હુકમ આપવામાં આવેલો. ત્યાર પછી નામદાર હાઈકોર્ટે તા. ૫-૫-૧૯૯૨થી મનાઈ હુકમ ઉઠાવી લીધો અને જંત્રીઓની કામગીરી તથા કલમ-૩૨(ક)ની જોગવાઈની કાયદેસરતાને યોગ્ય ઠરાવી, આ હાઈકોર્ટે યોગ્ય ઠરાવી છે. ત્યાર બાદ તા. ૧-૪-૯૯ની સ્થિતિએ બનાવેલ જંત્રી સરકારશ્રીએ તા. ૩૦-૧૦-૧૯૯૯થી મંજૂર કરીને અમલમાં મૂકી. જે હાલ અમલમાં છે. એટલે ૧૯૮૪માં જંત્રી, ત્યાર પછી ૧૯૯૯માં નવી જંત્રી આવી. આ ૧૯૯૯માં જે જંત્રી હતી તેમાં કેટલીક વિસંગતતાઓ હતી. કેટલીક ત્રુટિઓ હતી. તા. ૩૦-૧૧-૧૯૯૯ના હુકમથી મંજૂર થઈને જંત્રી અમલમાં છે. પરંતુ તેમાં અમૂક વિસ્તારના ભાવ બાકાત રહી ગયા છે જેવા કે અમદાવાદ જિલ્લાના અચેર, અસારવા, ખોખરા, મહેમદાવાદ, બાગેફીરદોસ, વસ્ત્રાપુર, બોડકદેવ જેના ભાવ જંત્રીમાં છે જ નહીં. વડોદરા જિલ્લાના ગોત્રી, નાગરવાડા, દંતેશ્વર, અકોટા, અટલાદરા તથા દંતેશ્વર અને માંજલપુરની ટી.પી. સ્કીમોનો વિસ્તાર તેનો પણ કયાંય જંત્રીમાં ઉલ્લેખ સુદ્ધાં નથી. સુરત જિલ્લાના અલથાણ, આંજણા, કતારગામ વગેરેના ભાવો રહી ગયા છે. એક જ સરવે નંબરમાં જુદા જુદા બિન ખેતી ઉપયોગ માટે એક જ ભાવ તથા ખેતી અને બિન ખેતી માટે બે જ ભાવ. ટી.પી. સ્કીમોના પ્લોટ દીઠ ભાવ, ખેતી વિષયક જમીનો માટે પણ ત્રણ અલગ-અલગ પ્રકારના જેવા કે ઉચ્ચતમ, મધ્યમ અને લઘુત્તમ ભાવ દર્શાવેલા પણ સરવે નંબરના કોઈ ઉલ્લેખ ન હોઈ વિસંગતતાઓ ઉભી થઈ. વધુમાં બાંધકામની કિંમત માટે અલગ-અલગ ૧૧ પ્રકારના એસ.ઓ.આર.ના દરના લીધે વિસંગતતાઓ અને બિન જરૂરી પ્રશ્નો ઉભા થયા અને સબ રજિસ્ટ્રાર કક્ષાએ ડીસ્કીમીનેશન પેદા થયું અને એવા અનેક પ્રશ્નો અત્યારે પ્રવર્તે છે. હવે નવી જંત્રીની જરૂરિયાત શા માટે ઉભી થઈ? તો છેલ્લા ઘણાં વર્ષોથી રહેણાંક, વાણિજિયક તથા ઔદ્યોગિક વિકાસ વધી રહ્યો છે. અદ્યતન ટૅક્નૉલૉજીના લીધે અદ્યતન પ્રકારના બાંધકામો વિકસી રહ્યા છે જેવા કે શોપીંગ મોલ, આર્કેડ, લકઝયુરીયસ બંગલોઝ, ફ્લેટ્સ, કૉર્પોરેટ હાઉસ, મલ્ટીપ્લેકસ પ્રકારના બાંધકામો થવા લાગ્યા છે. મહાનગરપાલિકા વિસ્તારો તથા તેને સંલગ્ન ઓથોરિટી વિસ્તારોમાં પણ નવી ટી.પી. સ્કીમો અમલમાં આવી છે. રીંગરોડ અમલમાં છે. નવી ટી.પી. સ્કીમોના લીધે પણ સુઆયોજિત વિકાસ ઝડપથી થઈ રહ્યો છે. જેથી

બજારમાં મિલકતોના ભાવો વધવા માંડ્યા છે. જ્યારે બજારમાં મિલકતોના ભાવો એકધારા ઉંચા જઈ રહ્યા છે, જિલ્લા મૂલ્યાંકન સમિતિ તથા રાજય મૂલ્યાંકન સમિતિ પણ દર વર્ષે મૂલ્યાંકનમાં ૧૦થી ૧૫ ટકાનો વધારો આપે છે. તે જોતાં ૧૯૯૯ની જંત્રીની ત્રુટિઓ  નિવારવા જંત્રી રિવિઝનની જરૂરિયાત ઉભી થઈ. આ જંત્રી જે તૈયાર કરવામાં આવે છે એ કોઈ ઘરમાં બેસીને અથવા તો એ.સી. રૂમોની અંદર બેસીને કરવામાં આવી નથી. માનનીય ફારૂકભાઈ, તમે જેમ કહેતા હતા કે અમારા અધિકારીઓ ગલીએ ગલીએ ગયા હતા એમ આ અધિકારીઓ પણ અનેક સ્થાનો ઉપર ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, જંત્રી બનાવવા માટે ૯૦ જેટલા હાઉસીંગ બોર્ડના એન્જિનિયરો, સર્વેયરો અને ટાઉન પ્લાનીંગના અધિકારીઓ સમગ્ર રાજયમાં ફરી વિવિધ પરિબળોને ધ્યાનમાં લઈને એનો આ જંત્રીમાં ઉપયોગ કરવામાં આવ્યો છે. સૌ પહેલાં પડોશી રાજયની જંત્રી છે એનો અભ્યાસ કરવામાં આવ્યો છે. નવી જંત્રી બનાવવા માટે અમદાવાદની સેપ્ટ નામની સંસ્થા અને ગાંધીનગરની બાયસેગ સંસ્થાની મદદ લઈને આ જંત્રીઓ બનાવવામાં આવી છે. શરૂઆત જ્યારે કરવામાં આવી ત્યારે સૌથી પ્રથમ ટૅક્નીકલ સ્ટાફ ઉપલબ્ધ કરી સેપ્ટ સંસ્થામાં તાલીમ આપવામાં આવી અને ત્યારબાદ શહેરી વિસ્તારોના નકશાઓ મેળવી સરવેની કાર્યવાહી હાથ ધરવામાં આવી. આ જંત્રી બનાવવામાં કયા કયા પરિબળો ધ્યાનમાં લીધાં છે એ પણ હું આપના ધ્યાને મૂકવા માગું છું. નવી જંત્રી માટે વેચાણ, જિલ્લા મૂલ્યાંકન સમિતિ તથા રાજય મૂલ્યાંકન સમિતિ દ્વારા નક્કી થયેલ કિંમતો, હરાજીની કિંમતો, નાણાકીય સંસ્થાઓ પાસેથી પ્રાપ્ત વિગતો તથા સ્થાનિક પૂછપરછની વિગતો એકત્ર કરી, વિસ્તારવાર નકશા ઉપર વિકાસ, રોડની વિગતો, હકારાત્મક પરિબળો તથા નકારાત્મક પરિબળો વગેરે બાબતો ધ્યાને રાખી વેલ્યૂ ઝોન તૈયાર કરવામાં આવ્યા. જેમાં ડેવલપ જમીનના ભાવો, ઔદ્યોગિક તથા ખેતી વિષયક ખેતીના ભાવો તથા સૌ પ્રથમવાર ફ્લૅટ, ઑફિસ અને દુકાન તમામ બાબત સાથેના સંયુક્ત દર સૂચવવામાં આવ્યા છે. સૂચિત જંત્રી સાથે નકશા સામેલ કરેલ હોવાથી કોઈ જમીનના ભાવ બાકાત નહીં રહે તેમજ તમામ પ્રકારના ભાવ વગેરે હોવાથી નવો વિકાસ થાય ત્યારે પણ કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, જંત્રી અંગેની સરવે કાર્યવાહી દરમિયાન મિલકતના મૂલ્યાંકન માટે લોકેશન આધારિત સ્પષ્ટતા, જુદા જુદા પરિબળોને ધ્યાને લઈ થતી અલગ અલગ કિંમતો ધ્યાનમાં આવતાં નવી જંત્રી સાથે લોકેશન આધારિત મિલકતોની બજાર કિંમત નક્કી કરવી. સંબંધિત ગાઈડલાઈન અમલમાં મૂકવામાં આવી. સને ૧૯૯૯ની જંત્રી સાથે આવી કોઈ ગાઈડલાઈન હતી નહીં. નવી સૂચિત જંત્રીમાં રોડની અંદરની દુકાન માટે ૨૦ ટકા, પ્રથમ માળની દુકાન માટે ૨૫ ટકા, ત્રીજા માળની દુકાન માટે ૩૦ ટકા, ભોંયરા માટે ૪૦ ટકા અને મેજનીન માટે ૩૦ ટકા ઘટાડાની જોગવાઈ પણ આપણે આની અંદર કરી છે. જૂના બાંધકામ માટે ઘસારો ગણવાની સરળ પદ્ધતિ કરી એમાં ૧ ટકા સૂચવવામાં આવી છે. બાંધકામમાં અલગ અલગ ૧૧ પ્રકારના એસ.ઓ.આર.ના દર ઘટાડી માત્ર ૫ પ્રકારના એસ.ઓ.આર.ના દર સૂચવવામાં આવ્યા છે. ૧૫ વર્ષથી જૂના ભાડૂઆતવાળા રહેણાંકનું મૂલ્યાંકન માટે ૨૦ ટકા ઘટાડો સૂચવ્યો છે. આર્થિક રીતે નબળા વર્ગના ૨૫ મીટર સુધીના રહેણાંક બાંધકામને નવી જંત્રીમાંથી બાકાત રાખવામાં આવી છે. આમ નવી જંત્રીમાં સામાન્ય વ્યકિત પોતાની મિલકતનું મૂલ્યાંકન જાતે કરી શકે તે પ્રકારની સરળ માર્ગદર્શિકા સામેલ કરવામાં આવી છે. અહીં હાઉસમાં જંત્રી પસાર થવી જોઈએ એ વાત અમારા વિરોધપક્ષના સભ્યો કરતા હતા ત્યારે મારે ધ્યાન ઉપર મૂકવું છે કે, ૧૯૮૪ અને ૧૯૯૯ની જંત્રી માટે જાહેર જનતાના વાંધા સૂચનો માટે પ્રસિદ્ધ કરવામાં જ નહોતી આવી, કોઈના સૂચનો જ લેવામાં આવ્યા નહોતા અને એનો વહિવટી અમલ કરી દેવામાં આવ્યો હતો. માનનીય અધ્યક્ષશ્રી, નવી જંત્રી તા.૨૬-૨-૨૦૦૮થી તા.૧૧-૩-૨૦૦૮ સુધી વાંધા સૂચનો મેળવવા માટે પ્રસિદ્ધિ કરવામાં આવી. જાહેર જનતાની માગણી આવી ત્યારે ફરીથી ૧૫ દિવસ લંબાવવામાં આવ્યા અને આમ એક માસ જેટલો સમય વાંધા સૂચનો મેળવવા માટે આપવામાં આવ્યો. આ એક માસ દરમિયાન વિભાગ પાસે ૩૬૦૦ જેટલા વાંધા સૂચનો જ્યારે જનતા તરફથી આપણને મળ્યાં છે. તેમાં પુરાવા સહિતના નહિવત્ વાંધા સૂચનો છે. આ ઉપરાંત જુદી જુદી સંસ્થાઓ જેવી કે ફેડાક એન્જિનિયર એસોસિએશન, ચેમ્બર ઑફ કૉમર્સ, કિસાન સંઘ વગેરે સંસ્થાઓએ પણ પોતાના વાંધા તથા સૂચનો રજૂ કર્યા છે. જેમાં થોડાં ઘણાં સૂચનો ગાઈડલાઈન સંદર્ભના છે. જે અન્વયે નિષ્ણાત સભ્યોની કમિટી બનાવવામાં આવી છે. આ કમિટી મળેલા વાંધા-સૂચનો અંગે યોગ્ય નિર્ણય લઈ અહેવાલ સરકારમાં સાદર કરશે અને ત્યારબાદ જંત્રીનો અમલ કરવામાં આવશે. અન્ય રાજયમાં પણ જંત્રી પ્રસિદ્ધ કરી વાંધા સૂચનો મેળવવામાં આવે છે. જેમાં રીયલ એસ્ટેટ, સ્ટેક હોલ્ડર વગેરેના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. નવી જંત્રી સ્ટેક હોલ્ડર્સની મિટિંગ બોલાવી સૂચનો મેળવવામાં આવ્યા હતા. જંત્રીમાં ૪૦૦થી ૮૦૦ ટકાનો તોતિંગ વધારો કરવામાં આવ્યો છે એ આપની વાત સાથે આપને જણાવવા માગું છું. નવી જંત્રીમાં તોતિંગ વધારો કરવામાં આવેલ નથી.  જૂની જંત્રીમાં   ઘણી જગ્યાએ ભાવો ન હોવાથી નવા ભાવ સામાન્ય રીતે ઊંચા જણાય છે.  તદ્ઉપરાંત ૧૯૯૯ પછી ઘણી જગ્યાએ નવી ટી.પી. સ્કીમો અમલમાં આવી જેથી ત્યાં સને ૧૯૯૯ની જંત્રીમાં ફક્ત ખેતી કે બીન ખેતીના લઘુતમ ભાવ હતા જેથી ત્યાં વધારો દેખાય. મધ્યમ વર્ગના લોકો માટેના ૧૦૦ થી ૧૫૦ ચોરસ વારના ફલેટ વગેરે માટે ગણતરી કરતા તેમાં કોઈ નોંધપાત્ર વધારો થતો નથી.  મારી પાસે પત્રક પણ છે.  જેથી મધ્યમવર્ગ માટે જંત્રીથી આર્થિક બોજો પડશે નહીં.  જેમ કે ઔડા ટી.પી. વિસ્તારોમાં ૨૧.૯૫ થી ૧૭૩.૬૫ ટકાનો વધારો થાય છે. કૉર્પોરેશન ટી.પી. વિસ્તારમાં ૫૧ થી

૨૮૧ ટકાનો વધારો. ગ્રામ્ય વિસ્તારોમાં ૪૦ થી ૧૬૭ ટકાનો વધારો જોવા મળે છે. ૧૦ વર્ષના સમયગાળાની અંદર આ વધારો આપણને જોવા મળે છે.

**અધ્યક્ષશ્રી** : ૬ મિનિટ બાકી રહે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : હજુ વાર છે સાહેબ ૭-૩૫ હું પૂરું કરી દઈશ. જંત્રી વિધાનસભા પાસે બહાલ કરાવવાની કોઈ કાયદાકીય જોગવાઈ નથી. ૧૯૯૯ની જંત્રી ફક્ત વહિવટી હુકમો આધારે જ અમલમાં આવેલી છે. ૧૯૯૯ની જંત્રી ૮-૨-૦૭ થી ૫૦ ટકાનો વધારો પણ વહિવટી હુકમોના આધારે જ થયેલો છે. ૧૯૯૯ની જંત્રીમાં ૧-૪-૨૦૦૦થી વધુ ૫ ટકાનો વધારો પણ વહિવટી હુકમોના આધારે જ કરવામાં આવ્યો છે અને એટલા માટે આ વિધાનસભાની અંદર લાવવાની આવશ્યકતા નથી. સ્ટૅમ્પ ડ્યૂટીમાંથી જે મુકિત આપવામાં આવી છે એની જાણકારી પણ માનનીય ધારાસભ્યશ્રીઓને હું આપવા માગું છું. ખેતી તથા જમીન વિકાસના હેતુ માટેના ધિરાણ લેખોમાં ખેડૂતોમાં સ્ટૅમ્પ ડ્યૂટી ભરપાઈ કરવામાંથી મુકિત આપવામાં આવી છે. નાના અને સીમાંત ખેડૂતો દ્વારા ખેતીની સંલગ્ન પ્રવૃત્તિ માટે લેવામાં આવતી લોન અંગેના ધિરાણ લેખોમાં સ્ટૅમ્પ ડ્યૂટીમાંથી પૂર્ણ મુકિત આપવામાં આવી છે. કૌટુંબિક વહેચણીના કિસ્સામાં સ્ટૅમ્પ ડ્યૂટીમાંથી મુકિત છે. રાજય સરકાર કે કેન્દ્ર સરકારની સ્વરોજગાર માટેની પુરસ્કૃત યોજના હેઠળ રુ. ૧ લાખ સુધીના ધિરાણના લેખમાં સ્ટેમ્પ ડ્યૂટીમાંથી મુકિત છે. સેલ્ફ એકટ ગૃપ દ્વારા થતા ૧ લાખની લોનની પરત ચૂકવણીના કિસ્સામાં ગ્રામ વિકાસ એજન્સી હેઠળની સ્કીમ માટે સ્ટૅમ્પ ડ્યૂટીમાંથી માફી આપવામાં આવી છે. વ્યકિતગત ગ્રામ્ય કારીગરો, નાના લેણદારો, દ્વારા કરવામાં આવતા ગૃહઉદ્યોગ એકમ બધી જાહેરક્ષેત્રની બેંકો સહકારી મંડળીઓ, બેંકોની તરફેણમાં રુ. ૨૫ હજાર કરતા વધારે નહીં તેટલી રકમની લોનના લેખમાં સ્ટેમ્પ ડયુટીમાંથી મુકિત આપવામાં આવી છે. શિક્ષિત બેરોજગાર યુવાનને વ્યકિતગત ૨૫હજારની રકમની ભારતીય સ્ટેટબેંક તથા રાષ્ટ્રીયકૃત બેંક દ્વારા અપાતી લોનમાં તેના લેખમાં સ્ટેમ્પડયુટીમાંથી માફી આપવામાં આવી છે. લેબર કમિશ્નર દ્વારા યોગ્યતા પ્રાપ્ત મજૂરોને યાંત્રિક વાહનો માટે, ઓટો રીક્ષા ખરીદવા માટે ૨૨,૪૦૦ની પરત ચૂકવણીના કિસ્સામાં પણ સ્ટેમ્પ ડયુટીમાંથી માફી આપવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારમાં જમીન વિહોણા ખેતમજૂરોને મફત ઘર માટે જગા આપવા માટે ગ્રામ પંચાયત, નગરપંચાયત દ્વારા ખરીદ થતી જમીનના કિસ્સામાં પણ સ્ટેમ્પ ડ્યૂટીમાંથી મુકિત આપવામાં આવી છે. ઉપરોક્ત હકીકતોએ નવી જંત્રી આવશ્યક છે આમછતાં મુંબઇ સ્ટૅમ્પ અધિનિયમની ૧૯૫૮ કલમ ૩૨-કના હેતુ માટે મર્યાદિત માર્ગદર્શિકા પૂરી પાડે છે જે મુજબના ભાવો દસ્તાવેજ કરાવનારને મંજુર હોય અને તે મુજબના બજાર ભાવે દસ્તાવેજ કરાવવા સંમત હોય તો દસ્તાવેજ રજૂ કરી પરત મેળવી શકે છે પરંતુ જો તે ભાવો મંજૂર ન હોય તો જંત્રીના ભાવ બંધનકર્તા નથી આવી વ્યકિત આવો લેખ મુંબઈ સ્ટૅમ્પ અધિનિયમની ૧૯૫૮ની કલમ ૩૧હેઠળ કલેકટરશ્રી સમક્ષ રજૂ કરી લેખમાં સમાવિષ્ટ મિલકતની ખરી બજાર કિંમત અંગેના પુરાવા રજૂ કરી તે મુજબ વાપરવાપાત્ર સ્ટૅમ્પ ડ્યૂટી અંગે અભિપ્રાય મેળવી શકે છે. અરજદાર આવો લેખ નોંધણી અર્થે સબરજીસ્ટારશ્રી સમક્ષ રજૂ કરી શકે છે. સબરજીસ્ટ્રારશ્રી આવો લેખ સ્વીકારી અધિનિયમની કલમ ૩૧-ક હેઠળ લેખમાં સમાવિષ્ટ મિલકતની બજાર કિંમત તથા તે મુજબ વાપરવાપાત્ર સ્ટૅમ્પ ડ્યૂટી નક્કી કરવા કલેકટરશ્રીને મોકલી આપે છે. ઉપરોક્ત વિગતે કલમ-૩૧ અને કલમ ૩૨-ક હેઠળ કલેકટરશ્રી સમક્ષ રજૂ થતા લેખમાં કલેકટરશ્રી સંબંધિત પક્ષકારને કંઈ કહેવું હોય તો તે કહી સાંભળવાની તથા પુરાવા રજૂ કરવાની વાજબી તક આપ્યા પછી અરજદાર દ્વારા રજૂ થયેલ રજૂઆત તથા મુંબઇ સ્ટૅમ્પ નિયમ ૧૯૮૪ની જોગવાઈઓ ધ્યાને લઈ લેખનો વિષય હોય તેવી મિલકતની ખરી બજાર કિંમત અને તેના ઉપર આપવાની યોગ્ય ડ્યૂટી નક્કી કરી શકે છે. આમ જંત્રીના ભાવો એ કલમ-૩૨- ક ના હેતુ માટે મર્યાદિત માર્ગદર્શિકા છે જે મુજબના ભાવે દસ્તાવેજ કરાવવો ફરજિયાત બનતો નથી. કે બંધનકર્તા નથી પરંતુ જંત્રીના ભાવો મંજૂર હોય તેવી વ્યકિતને દસ્તાવેજ તે દિવસે પરત કરી શકાય તે માટે સબરજીસ્ટાર દ્વારા બજાર કિંમત નક્કી ના થઈ શકે તે માટે જંત્રીના ભાવો નક્કી કરવા જરૂરી છે. અહીં શક્તિસિંહભાઈએ કહ્યું કે ભાવ ચોરસમિટરમાં ગણવામાં આવ્યા છે. આ તો એક માત્ર એકમ છે. ૧૦ હજારે ગણી નાખો એટલે બજાર કિંમત મળી જાય. આમાં પડવાની જરૂર નથી. ભારત સરકારની ગાઈડલાઈન છે કે મેટ્રિક યુનિટમાં ભાવ ગણવા. એટલા માટે આ કામ કરવામાં આવ્યું છે. હાઉસીંગ બોર્ડમાં ફર્સ્ટ એલોટમેન્ટ થાય ત્યારે એના ઉપર એની કિંમત નક્કી કરવામાં આવે છે. પરંતુ બીજીવાર વેચાણ થાય ત્યારે સ્ટૅમ્પ ડ્યૂટી ભરવામાં આવે છે. આ વાતનો ખુલાસો કરવાનો હતો. જે ભાવો નક્કી થયા છે એનું આખું પત્રક તૈયાર કરવામાં આવ્યું છે. બજારમાં ભાવો કેટલા છે, અત્યારે નવી જંત્રી કરીએ છીએ એના કારણે કેટલા ભાવો થશે, બજારમાં જે વેબસાઈટ ઉપર બિલ્ડરોએ મૂકેલા ભાવો જોઈએ ત્યારે લાગશે કે કેટલા ઊંચા ભાવોથી બજારમાં આની કિંમત થાય છે. એના પ્રમાણમાં રાજ્ય સરકારે જંત્રીમાં ઓછી કિંમત આંકી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું, કારણ કે એમણે પ્રવચનમાં કહ્યું કે ૧૯૯૯ થી ૨૦૦૭ દરમિયાનમાં ભાવ વધારો થતા થતા અત્યારે થાય છે. આપના કહેવા મુજબ ૪૦ ટકાથી ૧૭૮ ટકા શહેરી વિસ્તારમાં અને ૪૦ થી ૧૦૦ ટકા ભાવ વધારો કૃષિમાં આપના છેલ્લા ભાવ વધારા પછી આટલો ભાવ વધારો થયો છે ત્યારે લોકોની લાગણી છે એને માન આપીને આ ભાવ વધારો મોકૂફ રાખવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : ના, જી.

**અધ્યક્ષશ્રી:** ચર્ચા પૂરી થાય છે.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**વિધાનસભાના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો**

**સચિવશ્રી** : માનનીય અધ્યક્ષશ્રી, હું જેના લેખિત જવાબો સત્ર દરમિયાન મળ્યા છે અને સમયના અભાવે માનનીય સભ્યશ્રીઓને મોકલી શકાયા નથી, તેવા ૪ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

# અતારાંકિત પ્રશ્નો

**(નિયમ-૮૭ ક હેઠળના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો)**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે તા.૨૬મી માર્ચ, ૨૦૦૮ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલ તારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની યાદી

| ક્રમ | સભ્યશ્રીનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧. | શ્રી કિશોરકુમાર મકવાણા | ૩૬ | ૧ |
| ૨. | શ્રી ઈકબાલભાઈ પટેલ | ૫૭ | ૧ |
| ૩. | શ્રી બચુભાઈ કિશોરી | ૦૧ | ૧ |
| ૪. | શ્રી મોહનસિંહ રાઠવા | ૧૦ | ૧ |

### ભરૂચ જિલ્લામાં ગામતળની જમીનોની માંગણી

**અતારાંકિત : ૩૬ (૩-૩-૨૦૦૮) શ્રી કિશોરકુમાર મકવાણા (જંબુસર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-**

(૧) રાજયમાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં ભરૂચ જિલ્લામાં ગૌચર, સરકારી જમીન પડતર અને કોતરની કેટલી જમીન ફાળવણી કરવામાં આવી,

(૨) કઈ કઈ સંસ્થાઓને કે એજન્સીઓને સરકારી જમીન આપવામાં આવી, અને

(૩) કયા કયા અરજદારોની અરજીઓ કેટલા સમયથી પડતર છે ?

**મહેસૂલ મંત્રીશ્રી (૧૮-૩-૨૦૦૮)**

(૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં ભરૂચ જિલ્લામાં ગૌચર, સરકારી જમીન, પડતર અને કોતરની કુલ હે. ૧૭૮૧-૮૦-૯૫ ચો.મી. જમીનની ફાળવણી કરવામાં આવી,

(૨) સામેલ પત્રક-૧* મુજબ.

(૩) સામેલ પત્રક-૨* મુજબ.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે. )

### સેન્ટ્રલ રીઝર્વ ફંડમાંથી રસ્તાઓની સુધારણા કરવા બાબત

**અતારાંકિત : ૧૦ (૧૮-૨-૨૦૦૮) શ્રી મોહનસિંહ રાઠવા (પાવી જેતપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -**

(૧) રાજયમાં તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માર્ગ મકાન હસ્તકના રસ્તા સુધારણા કાર્યક્રમ હેઠળ સી. આર. એફ. ફંડમાંથી કયા કયા જિલ્લામાં કયા કયા રસ્તાઓ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવી, અને

(૨) મંજુર થયેલ કામો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી (૧૮-૩-૨૦૦૮) :**

(૧) સામેલ પત્રક* મુજબ.

(૨) કરારખતની જોગવાઈ મુજબ પૂર્ણ કરવાનું આયોજન છે.

તા.૨૬મી માર્ચ, ૨૦૦૮
અતારાંકિત પ્રશ્નો

**પત્રક**

**સને ૨૦૦૬-૦૭**
**રાજય રસ્તા**

**સેન્ટ્રલ રીઝર્વ ફંડમાંથી રસ્તાઓની સુધારણા કરવા (રાજય)**

| અ.નં. | જિલ્લો | રસ્તાનું નામ | અંદાજી રકમ રૂા. લાખમાં |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | અમદાવાદ | પીંપળી-ધોલેરા રોડ (ગોળાઈ સુધારણા) કી.મી. ૯૩/૮ થી ૧૩૨/૦ | ૧૦૦.૦૦ |
| ૨ | અમદાવાદ | ફેદરા-પીપળી રોડ કી. મી. ૦/૦ થી ૧/૦ તથા ૬/૦ થી ૧૨/૦ | ૨૩૯.૩૪ |
| ૩ | આણંદ | લીંગડા-ભાલેજ-આણંદ રોડ કી.મી. ૦/૦ થી ૧૭/૨ | ૨૦૦.૪૮ |
| ૪ | સાબરાકાંઠા | દહેગામ-બાયડ-સાઠંબા-ધોરીડુંગરી કી.મી. ૦/૦ થી ૧૩/૬૦૦ | ૨૨૪.૧૯ |
| ૫ | મહેસાણા | મહેસાણા-ખેરવા-ગોઝરીયા રોડ કી.મી. ૩૦/૦ થી ૩૪/૪૦૦ | ૨૦૧.૮૩ |
| ૬ | મહેસાણા | ગાંધીનગર-બાલવા-ગોઝારીયા રોડ કી.મી. ૩૦/૦ થી ૩૪/૪૦૦ | ૧૮૨.૮૦ |
| ૭ | પાટણ | સિધ્ધપુર-ચાટવાડા-સમોડા-નાગવાસણા-થલવાડા રોડ કી.મી.૦/૦ થી ૧૦/૯૯ | ૨૬૬.૫૦ |
| ૮ | બનાસકાંઠા | થરાદ-ધાનેરા રોડ કી.મી. ૧૨/૪ થી ૨૩/૦ | ૨૫૦.૧૧ |
| ૯ | કચ્છ | ભુજ-લખપત રોડ કી. મી. ૫૦/૦ થી ૫૬/૦ | ૨૩૩.૭૯ |
| ૧૦ | રાજકોટ | વાંકાનેર-જડેશ્વર-લજાઈ રોડ કી. મી. ૩/૦ થી ૧૩/૦ | ૨૫૪.૬૫ |
| ૧૧ | જામનગર | જામનગર-લાલપુર-પોરબંદર રોડ કી. મી. ૬/૦ થી ૧૮/૦ | ૨૦૦.૧૦ |
| ૧૨ | સુરેન્દ્રનગર | ધ્રાંગધ્રા-કુંડા-માલણીયાદ-ટીકર ધારીલા રોડ કી.મી. ૧૯/૦ થી ૨૯/૦ | ૨૫૦.૦૦ |
| ૧૩ | અમરેલી | અમરેલી-બગસરા-માણેકવાડા રોડ કી.મી. ૩૫/૦ થી ૪૯/૦ | ૧૫૦.૦૦ |
| ૧૪ | ભાવનગર | ગઢડા-નીંગાળા-રોહીશાળા રોડ કી.મી. ૦/૦ થી ૧૫/૦ | ૨૭૫.૩૧ |
| ૧૫ | જુનાગઢ | જુનાગઢ-ખડીયા-બિલખા-માણેકવાડા રોડ કી.મી. ૨૭/૭ થી ૩૫/૦ | ૧૪૯.૪૮ |
| ૧૬ | પોરબંદર | પોરબંદર-અડવાણા રોડ કી. મી. ૫/૦ થી ૧૮/૦ | ૧૭૪.૦૨ |
| ૧૭ | વડોદરા | સમીયાલા-ચાણસદ રોડ (મીસીંગ લીક) કી.મી. ૭/૫ થી ૧૫/૫ | ૩૨૪.૮૦ |
| ૧૮ | નર્મદા | નેત્રંગ-ડેડીયાપાડા-સાગબારા રોડ કી.મી. ૪૨/૦ થી ૫૫/૦ | ૨૧૯.૫૯ |
| ૧૯ | ભરૂચ | અંકલેશ્વર-વાલીયા-નેત્રંગ-ડેડીયાપાડા-સાગબારા રોડ કી.મી. ૩૨/૦ થી ૪૨/૦ | ૧૬૯.૮૯ |
| ૨૦ | પંચમહાલ | ગોધરા-બામરોલી-રીછીયા-અઠાલા દામાવાય રોડ કી.મી. ૦/૦ થી ૧૯/૦ | ૧૦૦.૦૦ |
| ૨૧ | દાહોદ | લીમખેડા-લીમડી-ચાકલીયા રોડ કી.મી. ૧૧૨/૫ થી ૧૧૪/૦ | ૬૦.૦૦ |
| ૨૨ | સુરત | ઈચ્છાપોર-જહાગીરપુરા રોડ કી.મી. ૩૬/૦ થી ૪૧/૫ | ૪૦૦.૦૦ |
| ૨૩ | સુરત | માલ્ધાખાંટ-ઉમરપાડા-સાગબારા રોડ કી.મી. ૮૭/૦ થી ૯૨/૦ થી ૧૦૦/૨ | ૧૩૫.૦૦ |
| ૨૪ | નવસારી | વેસ્મા-મરોલી-ઉભરાટ રોડ કી. મી. ૧૪/૭ થી ૨૦/૦ | ૨૦૦.૦૦ |
| ૨૫ | વલસાડ | ઉંમરગામ-સંજાણ-ભિલાડ રોડ કી.મી. ૧૦/૦ થી ૨૦/૦ | ૨૦૪.૬૯ |
| ૨૬ | ગાંધીનગર | દહેગામ-બાયડ રોડ કી.મી ૦/૦ થી ૧૮/૮૦ | ૨૦૦.૦૦ |
| ૨૭ | ખેડા | નડીયાદ-પીજ-વસો-પલાણા રોડ કી.મી. ૦/૦ થી ૬/૨ અને ૧૬/૦ થી ૨૬/૨નું સુધારણા કામ | ૨૦૨.૮૪ |

**સને ૨૦૦૭-૦૮**
**રાજય પંચાયત રસ્તા**

**સેન્ટ્રલ રીઝર્વ ફંડમાંથી રસ્તાઓની સુધારણા કરવા (રાજય પંચાયત)**

| અ.નં. | જિલ્લો | રસ્તાનું નામ | અંદાજી રકમ રૂા. લાખમાં |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| | | સને ૨૦૦૭-૦૮ દરમિયાન મંજુર સી. આર. એફ. ના કામો | |
| ૧ | અમદાવાદ | બરવાળા-સારંગપુર રોડ કી.મી. ૦/૦ થી ૧૨/૪ | ૩૯૮.૫૧ |
| ૨ | આણંદ | આણંદ-કરમદ-સોજીત્રા રોડ કી.મી. ૪૦/૦ થી ૫૬/૪ | ૩૦૨.૯૫ |
| ૩ | સાબરકાંઠા | હિંમતનગર-તલોદ-ઉજેડીયા રોડ કી.મી. ૨૦/૦ થી ૩૦/૮૦ | ૧૬૦.૯૨ |
| ૪ | મહેસાણા | કડી-થ્રોળ-સાણંદ કી.મી. ૨/૦ થી ૧૩/૮ | ૩૮૬.૯૭ |
| ૫ | બનાસકાંઠા | થરાદ-ધાનેરા રોડ કી.મી. ૨૩/૦ થી ૩૩/૦ | ૩૦૫.૬૫ |
| ૬ | ભરૂચ | અંકલેશ્વર-હાંસોટ-સાહોલ રોડ કી.મી. ૩૮/૮ થી ૪૭/૪ | ૨૪૦.૪૨ |
| ૭ | પંચમહાલ | અમદાવાદ-કુહા-કઠલાલ-બાલાશિનોર-લુણાવાડા-ઝાલોદ(૧૫૮/૨ થી ૧૭૨/૨) | ૨૨૫.૧૧ |
| ૮ | તાપી | તરસાડા-કાકરાપાડા-વ્યારા રોડ કી.મી. ૧૭/૦ થી ૨૫/૦ | ૨૧૧.૧૫ |
| ૯ | નવસારી | બીલીમોરા-ચીખલી-વાંસદા-વઘઈ રોડ કી.મી. ૪/૪ થી ૯/૦ | ૨૦૯.૮૮<br>૨૦૩.૪૬ |
| ૧૦ | ગાંધીનગર | ગાંધીનગર-વાવોલ-પુન્દ્રાસણ-ટીટોડા છત્રાલ રોડ કી.મી. ૭/૦ થી ૧૩/૦ | ૨૦૪.૩૮ |
| ૧૧ | ગાંધીનગર | રાષ્ટ્રીય ધોરી માર્ગ ૮-કને સમાંતર જમણી બાજુ સર્વીસ રોડ બાંધવાનું કામ ચીલોડા-ગાંધીનગર સેકશન કી.મી. ૮/૮ થી ૧૦/૪ અને ૧૩/૫ થી ૧૫/૫ | ૨૪૭.૫૪ |
| ૧૨ | ગાંધીનગર | ચીલોડા-ગાંધીનગર-સરખેજ રોડ રાષ્ટ્રીય ધોરી માર્ગ ૮-કને સમાંતર સર્વીસ રોડ બાંધવાનું કામ ૨૧/૦૫ થી ૨૬/૩૫ | ૪૧૬.૭૮ |
| | | **સેન્ટ્રલ રીઝર્વ ફંડમાંથી રસ્તાઓની સુધારણા કરવા (રાજય પંચાયત)**<br>**સને ૨૦૦૭-૦૮ દરમિયાન મંજુર સી. આર. એફ.ના કામો** | |
| ૧૩ | સાબરકાંઠા | ઈડર રતનપુર આડા ફીચોડ ફલાસણા રોડ કી.મી. ૦/૦ થી ૧૪/૦ | ૧૬૮.૯૨ |
| ૧૪ | પાટણ | બંધાવાડા અર્જનર ધારાવાડી રોડ કી.મી. ૦/૦ થી ૧૬/૨૫ | ૧૫૩.૩૨ |
| ૧૫ | પંચમહાલ | બેલા ખડોડી બાકોર રોડ ખાનપુર રોડ સુધીનો ચેઈનેજ ૦/૦ થી ૫/૬૦, ૭/૬૦ થી ૧૨/૫૦ | ૧૧૧.૩૪ |

| | | | |
|---|---|---|---|
| ૧૬ | દાહોદ | કઠલાલ અનાસ ઉંચવાણીયા રોડ ચેઈનેજ ૦/૦ થી ૧૭/૪ | ૯૫.૦૨ |
| ૧૭ | સુરત | ઉમરપાડા વડપાડા રોડ ચેઈનેજ ૦/૦ થી ૧૪/૮૮૦ | ૨૩૩.૪૪ |
| ૧૮ | નવસારી | ચીખલી ફડવેલ ઢોલુંબર ઉમરકુંઈ રોડ કી.મી. ૧૨/૦ થી ૨૧/૩૦ | ૧૬૬.૨૩ |
| ૧૯ | વલસાડ | પાનેરા-રાબડા નવેરા ઓઝર રોડ કી.મી. ૦/૦ થી ૧૬/૦ | ૧૯૭.૬૫ |
| ૨૦ | રાજકોટ | મોરબી પંચાસર નાગલપર મોટી વાવડી રોડ કી.મી. ૨/૦ થી ૧૯/૫૦૦ | ૧૭૨.૨૮ |
| ૨૧ | જામનગર | નવાગામ ધુંધોરાજી સડોદરા રોડ કી.મી. ૦/૦ થી ૯/૧૦૦ | ૧૦૭.૬૨ |
| ૨૨ | ભાવનગર | રામપર પીપલી વાવડી હળીયાદ નવાગામ લોલીયાણા રોડ કી.મી. ૦/૦ થી ૧૧/૧૦ | ૧૦૨.૫ |
| ૨૩ | અમરેલી | ટોડા અડતાલા ખીજડીયા જંકશન રોડ કી.મી. ૩/૫ થી ૧૪/૦ | ૯૫.૧૧ |

------------

## દાહોદ જિલ્લામાં વનબંધુ યોજનામાં ફાળવેલ રકમ

**અતારાંકતિ : ૧ (૧૧-૨-૨૦૦૮) શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-**

